(3) If any of the Muslim Holidays notified above does not fall onthe day notified the Muslim Government servants may be granted on optional Holidays on the day on which the holiday is actually observed

* In the list of the above Holidays 11th February 1998 Wednesday has been declared as Holidays on account of Mahasud Purnima Sakar Varsha Fair celebrated in Santram Mandir at Nadiad for the Courts established at Nadiad Head quarters only' and in lieu thereof the Courts at Nadiad Headquarter' 28th February 1998 (4th closed Saturday) shall be workin day.

Kheda at Nadiad, December 23rd 1997.

V. C. VYAS
District, Judge,
Kheda at Nadiad.

INDEX

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ની, કલમ-૩૭(૩) અન્વેય કાઢેલો.

ક્રમાંક એમએજી-વશી-૧૧૧૭૭.—ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાયું છે.

તેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ (સને ૧૯૫૧ નાં મુંબઈના ૨૨માં) ની કલમ-૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂએ હું, આર. કે. પરમાર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૨૨મી ડિસેમ્બર, ૧૯૯૭ નાં દિવસે સવારનાં ૦૦-૦૦ થી કલાકથી તારીખ ૫મી જાન્યુઆરી, ૧૯૯૮ના રોજ સાંજના ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સુધ્ધાં) ની મુદત માટે ભરૂચ જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી કે સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

અનુસૂચિ

વધુમાં હું આદેશ કરું છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને.
(૨) ફરજ ઉપર હોય એવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને.
(૩) કોઈ લગ્નના વરઘોડાને.
(૪) કોઈપણ સ્મશાનયાત્રાને.

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનારે મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ અને ભારતના ફોજદારી અધિનિયમ,૧૮૬૦ (સને ૧૮૬૦ નાં ૪૫માં) ની કલમ-૧૮૮ મુજબ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૦મી ડિસેમ્બર, ૧૯૯૭ સનેનાં રોજ મારી સહી કરી અને સક્કો કરી આપ્યો.

જાહેરનામું

ક્રમાંક એમએજી વશી ૧૪/૯૮.—ભરૂચ જિલ્લામાં આવેલ જાહેર માર્ગો તથા ગલીઓ તેમજ શેરીઓમાં રોડ ઉપર સ્ટંમ્પ ગોઠવી કેટલાંક લોકો છોકરાઓ બોલ બેટ ક્રિકેટ રમતા તથા જાહેર રસ્તા પર પતંગ ચગાવતાં હોય છે. આગામી તારીખ ૧૪માં જાન્યુઆરી ૧૯૯૮ ના રોજ મકર સંક્રાંતિનો તહેવાર આવતો હોઇ જેથી જાહેર રસ્તાઓ તેમજ શેરીઓમાં છોકરાઓ ઉભા રહી ક્રિકેટ રમતા હોય તે કે પતંગ ચગાવતા હોય તેના કારણે વાહન વ્યવહાર તથા અવર-જવર કરતાં લેકોને અવરોધ ઉભો થઈ અકસ્માતો થવાનો સંભવ રહે છે. તે ઉપરાંત બેટથી બોલ ઉછાળીને જતો હોય લોકોને વાગવાની તથા જાહેર માલ મીલ્કતને લાગવાથી નુકશાન થવાનો સંભવ રહે છે જેથી જાહેર સલામતી ખાતર રસ્તામાં તેમજ શેરીઓમાં ક્રિકેટ રમવા તથા પતંગ ચગાવવા, ઉડાવવા લુટવા ઉપર પ્રતિબંધ મુકવા જરૂરી જણાય જણાય છે.

આથી હું, આર. કે. પરમાર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૩ની પેટા કલમ (૧) (બી) અને કલમ-૧૧૩ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરું છું કે ભરૂચ જિલ્લાની હદમાં કોઈપણ વ્યકિતઓ જાહેર રસ્તા અથવા જગ્યાએ તથા શેરીઓમાં બોલબેટથી ક્રિકેટની રમત રમવા નહી તેમજ પતંગ ઉડાડવી નહી.

ઉપરોકત જાહેરનામાનો અમલ તારીખ ૧૦મી જાન્યુઆરી ૧૯૯૮ થી અને બન્ને દિવસો સહીત પ્રતિબંધ કરવામાં આવે છે. ઉપરના હુકમનો ભંગ કરનાર વ્યકિતને સદરહું અધિનિયમની કલમ-૧૩૧ મુજબ રૂા. ૫૦/ સુધી દંડની શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩જી જાન્યુઆરી ૧૯૯૮ ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો છે.

આર. કે. પરમાર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧).

નંબર પલસ-મજસ-વશી-૫૫૫ થી ૬૧૯.—આગામી તારીખ ૨૨મી ડિસેમ્બર, ૧૯૯૭ થી ૨૧મી જાન્યુઆરી, ૧૯૯૮ દરમ્યાન નાતાલ ઉત્તરાયણ તહેવારોની ઉજવણી થનાર હોઈ, જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે અને શાંતિમય વાતાવરણ રહે તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ ની કલમ-૩૭(૧) હેઠળ જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

જેથી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું શ્રી કે. એસ. મેણાંત અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, દાહોદ આથી ફરમાવું છું કે, સમગ્ર દાહોદ જિલ્લામાં તારીખ ૨૨મી ડિસેમ્બર, ૧૯૯૭ થી તારીખ ૨૧મી જાન્યુઆરી, ૧૯૯૮ (બંને દિવસો સહિત)—

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ધોકા, બંદુક, છરો, લાકડી, લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવો નહીં.

(ગ) પથ્થર અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તો વસ્તુઓ ફેંકવાની, ધકેલવાના યંત્રો, સાધનો સાથે લઈ જવા નહીં, એકઠા કરવા નહીં તથા તૈયાર કરવા નહીં. મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાં નહીં. અપમાન કરવાના અથવા જાહેરમાં બિભત્સ સૂત્રો પોકારવા નહીં. અશ્લીલ ગીતો ગાવાં નહીં.

(ઘ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં. તેવા હાવભાવ કરવા નહીં, તેવી ચેષ્ટા કરવી નહીં. તથા તેવા પત્રિકો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવી નહીં. બતાવવી નહીં કે તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમને ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં:

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિત જેના ઉપરી અધિકારીઓ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય

INDEX

અથવા આવું હથિયાર લઈ જવાની જેની ફરજ હોય પોલીસ સબ ઈન્સ્પેક્ટરશ્રીથી નીચેની પાયરી ના ન હોય તેવા અધિકારીએ જેને શારીરિક અશકિતના કારણે લાકડી, લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

આજરોજ તારીખ ૨૨મી ડિસેમ્બર, ૧૯૯૭ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપવામાં આવ્યો.

કે. એસ. મેણાત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
દાહોદ.

જાહેરનામું

સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) મુજબનો જાહેર હુકમ.

નં. ઉ/મકપ/પલસ/મજસ/વશી ૭૩૦૮ થી ૭૩૩૬.—પંચમહાલ જિલ્લાના પાવાગઢ ખાતે આવેલ ફાયરીંગ બટ વિસ્તાર સેનાપતિ રાજ્ય અનામત પોલીસ દળ જુથ-૧, વડોદરાના તાબા હેઠળના જુદા જુદા એસ. આર. પી. યુનીટો તથા જિલ્લા પોલીસ યુનીટો એન. સી. સી. યુનીટો, અરફોર્સની ફાયરીંગ પ્રેકટીસ માટે પસંદ કરવામાં આવેલ છે, આ ફાયરીંગ પ્રેકટીસ તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૮ થી ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૮ સુધીના સમય માટે ચાલુ, રહેનાર હોવાથી ફાયરીંગ પ્રેકટીસના સમય દરમ્યાન ઉપરોકત વિસ્તારની પ્રજાની સલામતી જાળવવા સારૂ સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) મુજબની પ્રતિબંધીત હુકમ પ્રસિધ્ધ કરવા માટે સેનાપતિ, રાજ્ય અનામત પોલીસ દળ જુથ-૧, વડોદરાએ તેઓના પત્ર ક્રમાંક : સીબી-૪/ફા. બટ/૧૧૦૦૨૫/૯૩ તારીખ ૨૪મી ડિસેમ્બર, ૧૯૯૭ થી વિનંતી કરેલ છે.

સબબ હું જે. એમ. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા સને-૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) મુજબ મને મળેલાં અધિકારની રૂએ ફરમાવું છું કે, પંચમહાલ જિલ્લાના પાવાગઢ ફાયરીંગ બટ ઉપર તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૮ થી ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૮ (બન્ને દિવસો સહ) સેનાપતિ રાજ્ય અનામત પોલીસ દળ જુથ-૧, વડોદરાના યુનીટો માટે તથા રાજ્યના અન્ય પોલીસ દળના ફાયરીંગ કરવા માટે રીઝર્વ રાખવું અને સદરહું જમીનમાં ઉપરોકત સમય દરમ્યાન બહારના કોઈપણ અનઅધિકૃત શખ્સે દાખલ થવું નહીં.

આ હુકમનો ભંગ કરનાર શખ્સ ઈ.પી.કો. કલમ-૧૮૮ મુજબની શિક્ષાને પાત્ર થશે.

ગોધરા, તારીખ ૩૦મી ડીસેમ્બર, ૧૯૯૭,

જે. એમ. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

કલેકટર દ્વારા

જાહેરનામું

ક્રમાંક કમકભ-૩-સ્ટેનો-બઢતી-વશી-૧૮૭૬.—ગુજરાતી સ્ટેનો કક્ષા ૩ માંથી ગુજરાતી સ્ટેનો કક્ષા ૨ માં બઢતી માટેની ખાતાકીય પરીક્ષા નિયમો ૧૯૮૦ ના નિયમ-૩ અન્વયે ખાતાકીય પરીક્ષા તારીખ ૧૫મી ઓકટોબર, ૧૯૯૭ ના રોજ લેવામાં આવી હતી. જેમાં નીચે જણાવેલ ગુજરાતી સ્ટેનોગ્રાફર કક્ષા ૩ને ગુણાંક પ્રમાણે ઉત્તીર્ણ થયેલા જાહેર કરવામાં આવે છે.

ગુણવત્તા ક્રમ	ગુજરાતી સ્ટેનો કક્ષા ૩નું નામ તથા બેઠક નંબર	જ્યાં કામગીરી બજાવતા હોય તે કચેરીનું નામ
૧	૨	૩
૧	શ્રીમતિ કે. સી. પ્રજાપતિ	મદદનીશ કમિશનરશ્રી, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ભરૂચ.

ભરૂચ, તારીખ ૨૨મી ડિસેમ્બર ૧૯૯૭.

એસ. અપર્ણા,
કલેકટર, ભરૂચ.

BY COMPETENT AUTHORITY AND DEPUTY COLLECTOR

Notification

THE URBAN LAND (CEILING AND REGULATION) ACT, 1976.

[Under section 10 (*1*) *read* with Rule 6.]

No. ULC/1076/1115-D/.401, 403, 414, etc. Nagarwada.—It is hereby notified that such vacant land as is described in the schedule below is to be acquired by the Government of Gujarat. The claims of all persons interested in such vacant land may be made by them personally or by their agents giving particulars of the nature of their interest. The claims will be received by the Competent Authority upto thirty days after the date of publication of this notification in the *Gazette*.

INDEX

SCHEDULE

Name of the Holder : Shri Ravjibhai Narshibhai Patel etc.

Details of vacant lands to be acquired :—

District	Taluka	Village	Description of the Land		Remarks
			Survey No.	Area (Sq. mtrs.)	
1	2	3	4-a	4-b	5
Vadodara ..	Vadodara	Nagarwada Sr. No.	109	10724	
		Savad Sr. No.	209/2	8187	
		Sayajipura Sr. No.	374		
		F. P. No,	165	3795	
				22646	

Vadodara, 17th December, 1997.

P. V. NATHANI,
Competent Authority
and Deputy Collector, U.L.C.
Vadodara.

સક્ષમ અધિકારી અને નાયબ કલેકટર દ્વારા

જાહેરનામું

શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬.

[કલમ ૧૦ (૧) તથા નિયમ ૬ અનુસાર].

નંબર યુ.એલ.સી. ૧૦૭૬/૧૧૧૫ ડી. ૪૦૧, ૪૦૩, ૪૧૪, વિગેરે નાગરવાડા.—આથી જાહેર કરવામાં આવે છે કે, આ સાથે સામેલ રાખેલ પરિશિષ્ટમાં જણાવેલી વિગતવાળી ખુલ્લી જમીન ગુજરાત સરકાર સંપાદન કરનાર છે. સદરહુ જમીન ઉપર જે કોઈ ઇસમોનો હકક, દાવો હશે તેઓએ જાતે અગર અધિકૃત એજન્ટ મારફતે તેઓએ હક્ક અંગેનો હક્ક સંબંધીની સંપૂર્ણ વિગત સ:૯ રજુ કરશો.

હક્ક સંબંધીનો દાવો સક્ષમ અધિકારીશ્રી સદરહુ જાહેરનામું સરકારી રાજયપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની મુદત સુધીમાં સ્વિકારાશે.

શિડયુઅલ

પત્રક ફાઇલ કરનારનું નામ : રાવજીભાઈ નરસિંહભાઈ પટેલ વિગેરે.

સંપાદન કરવાની ખુલ્લી જમીનની વિગત :—

જિલ્લો	તાલુકો	ગામ	જમીનની વિગત		શેરો
			સર્વે નંબર	વિસ્તાર (ચો. મી.)	
૧	૨	૩	૪-અ	૪-બ	૫
વડોદરા	વડોદરા	નાગરવાડા સ. નં.	૧૦૯	૧૦૭૨૪	
		સ. નં.	૨૦૯/૨	૮૧૨૭	
		સયાજીપુરા સ. નં.	૩૭૪	૩૭૯૫	
		એફ. પી. નં.	૧૬૫		
				કુલ ૨૨૬૪૬	

વડોદરા, તારીખ ૧૭મી ડિસેમ્બર ૧૯૯૭.

પી. વી. નાથાની,
સક્ષમ અધિકારી અને નાયબ કલેકટર,
વડોદરા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

(PUBLISHED BY AUTHORITY)

Vol. XXXIXI] THURSDAY, JANUARY 15, 1998 / PAUSA 25, 1919 [No. 3

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENTS

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders (other than these published in Parts I-A, IV-A, IV-B) and IV-C) Pertaining only to the Supplement to the Central Gazette,	23—28
Part I-A	—Orders and Notifications (other than those published in Part IV-B) under the Bombay Local Boards Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts pertaining only to the Supplement to the Central Gazette.—	3
Part, I-B	—Government Notifications published under Land Acquisition Act only.	16-17
Part-I-L	—Notifications, Orders and Awards (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.	73—104

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૪) અન્વયેનો.

ક્રમાંક ઉ/ગપક/આઈ/૩૭૨/૧૭/૯૮.—અમદાવાદ શહેર પોલીસ મુખ્ય મથક ખાતે આવેલ રીવોલ્વર ફાયરીંગ બટ જે સુભાષબ્રીજના દક્ષિણ છેડે પશ્ચિમ ભાગ તરફ આવેલ છે. તે સદરહુ જગ્યા પ તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૮ થી ૩૧મી માર્ચ ૧૯૯૮ સુધીના સમય દરમ્યાન પોલીસ અધિકારીઓની રીવોલ્વરની વાર્ષિક ફાયરીંગ પ્રેક્ટીસ થવાની હોઈ સદર જણાવેલ હદમાં રહેતા પ્રજાજનો તથા ઢોર ઢાંખરાની સલામતી જાળવવા સારૂ સને ૧૯૫૧ ના મુંબઈ અધિનિયમ કલમ-૩૭ (૪) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું.

અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળ આવેલ પોલીસ મુખ્ય મથક ખાતે ફાયરીંગ બટની આજુબાજુ પૈકી ઉત્તર, દક્ષિણ

અને પશ્ચિમમાં દિશામાં ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૮ સુધી સવાર કલાક ૬-૦૦ થી ૧૨-૦૦ વાગ્યા સુધી સદર બટની આજુબાજુના રહાશો તેમજ બહારની કોઈપણ અનધિકૃત વ્યકિતએ ઉપરોકત સમય દરમ્યાન આ જમીનની હદમાં જવું નહી અને ઢોરઢાખરને પ્રવેશ આપવો નહી રીવોલ્વર ફાયરીંગ પ્રકટીસનો સમય સવારના કલાક ૬-૦૦ થી ૧૨ ૦૦ સુધીનો રહેશે.

આ હકમનો ભંગ કરનાર ઇસમ ભારતીય ફોજદારી અધિનિયમની કલમ ૧૮૮ મુજબ શિક્ષને પાત્ર થશે.

મે આજ તારીખ ૫મી જાન્યુઆરી ૧૯૯૮ ના રોજ મારી સહી કરી સિકકા માર્યા છે.

પી. જી. જે. નામ્પુથીરી,
પોલીસ કમિશનર.
અમદાવાદ

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ. ૩૩(૧) બી. મુજબનું.

ક્રમાંક ઉગપક/એસ.બી/મકરસંક્રાંતિ/જાહેરનામું/૯/૯૮.—તારીખ ૧૪મી જાન્યુઆરી ૧૯૯૮નાં રોજ મકરસંક્રાંતિનો તહેવાર આવતો હોય, આ તહેવાર નિમિત્તે કેટલાક લોકો જાહેરમાર્ગો રસ્તાઓ ઉપર પતંગ ઉડાડે છે અને કપાયેલા પતંગો અને દોરા વગેરે મેળવવા હાથમાં લાંબા ઝંડા, વાંસ વગેરે લઈ, જાહેર રસ્તાઓ, ગલીઓ, શેરીઓમાં દોડાદોડી કરતા હોય છે, જેના કારણે ટ્રાફિકને અડચણ થાય છે અને કેટલીક વખતે ગંભીર અકસ્માતો થાય છે. તેમજ સુલેહશાંતિનો ભંગ થવાની પણ શકયતાઓ ઉભી થાય છે. જેથી જાહેર સલામતી માટે આવી રીતે જાહેર રસ્તા ઉપર પતંગો ઉડાડવા હાથમાં ઝંડા તથા વાંસ અથવા અન્ય વસ્તુઓ લઈ દોડાદોડી કરી, પતંગો લુંટવા ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી જણાતું હોઈ, વાસ્તે હું જી. સી. રાયગર, આઈ.પી.એસ. પોલીસ કમિશનર, સુરત શહેર સને ૧૯૫૧ ની મુંબઈ પોલીસ અધિનિયમની કલમ. ૩૩(૧)બી થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી ૧૯૯૮ કલાક. ૦૦-૦૦ થી તારીખ ૨૦મી જાન્યુઆરી ૧૯૯૮ કલાક ૨૪-૦૦ સુધી સુરત શહેર પોલીસ કમિશનર વિસ્તારની હદમાં કોઈપણ વ્યકિતઓ જાહેર રસ્તામાં અથવા જગ્યા ઉપર પતંગો ઉડાડવા નહીં તથા દોરા હાથમાં લાંબાઝંડા કે વાંસ વગેરે લઈ કપાયેલા પતંગો અથવા દોરા મેળવવા જાહેર રસ્તા ઉપર અથવા જગ્યાઓમાં દોડાદોડી કરવી નહીં કે હરવું ફરવું નહીં તથા ટેલીફોન કે ઈલેકટ્રીકના તાર ઉપર લંગર 'દોરી' નાંખવાનું કૃત્ય કરવું નહી કે કરાવવું નહીં.

વિસ્તાર—સુરત શહેર પોલીસ કમિશનરની હદમાં આવતો સમગ્ર વિસ્તાર.

સ્પષ્ટીકરણ.—રસ્તામાં ફટપાથનો પણ સમાવેશ થાય છે.

ઉપરના હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિતને સદરહ અધિનિયમની કલમ ૧૩૧ મુજબ રૂપિયા ૫૦/ સુધીના દંડની શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૫મી જાન્યુઆરી ૧૯૯૮નાં રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ ૧૪૪ અન્વયે કાઢવામાં આવેલ હુકમમાં સુધારો.

નંબર. ઉ/ગપક/ એસ.બી./કરફ્યુ હુકમ/૧૦/૯૮.—અત્રેની કચેરીના કરફ્યુ હુકમ ક્રમાંક ૧/૯૮ તથા ૪/૯૮ થી કરફ્યુ હુકમોના જાહેરનામાં ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ ૧૪૪ અન્વયે બહાર પાડવામાં આવેલ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતીમાં થયેલ સુધારો ધ્યાનમાં લેતા તારીખ ૭મી જાન્યુઆરી ૧૯૯૮ ના રોજ નીચે જણાવેલા સમય માટે નીચે જણાવેલા વિસ્તારોમાં ઉપરોકત જાહેરનામામાં થયેલ પ્રતિબંધીત હુકમોમાંથી મુકિત આપવામાં આવે છે. સદર મુકતી આપેલ સમય પુરો થતાં ફરી કરફ્યુ હુકમ અમલમાં રહેશે.

તારીખ / સમય.	વિસ્તાર.
સવારના કલાક ૦૫.૦૦થી થી ૨૦.૦૦	વરાછા, કાપોદ્રા, કતારગામ પો. સ્ટે. તથા ચોકબજાર પો. સ્ટે. ની હદામાં આવેલ વેડ રોડ નો સમગ્ર વિસ્ત ર.

આજરોજ તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી ૧૯૯૮ના રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧માંની કલમ ૩૭(૧) અન્વયે.નું

નં. ઉ/ગપક/એસ.બી./જાહેરનામું/૧૧/૯૮.—સુરત શહેરમાં શાંતી અને સલામતી જાળવવા પગલાં લેવા જરુરી જણાતું હોવાથી વાસ્તે હુ જી. સી. રાયગર, આઈ.પી.એસ. પોલીસ કમિશનર, સુરત શહેર મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧માંની પેટા કલમ ૩૭(૧) થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલા વિસ્તારોમાં તારીખ ૯મી જાન્યુઆરી ૧૯૯૮ કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૩મી જાન્યુઆરી ૧૯૯૮ નો કલાક ૨૪ ૦૦ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દડા, તલવાર, સોટી, લાકડી, ચપ્પુ અથવા શારીરીક ઈજા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજ વસ્તુઓ લઈ જવાની,

(ખ) કોઈપણ સ્ફોટક અથવા ક્ષયધર્મી પદાર્થ લઈ જવાની,

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો ફેકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવા.

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ગ) વ્યકિતઓ અથવા તેના શબો, આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની,

(છ) લોકોએ બુમો પાડવાની ગીતો ગાવાની અથવા વાદ્ય વગાડવાની.

(જ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા નિશાનીઓ જાહેરખબરો અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કરવાથી અથવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરુચી અથવા નિતીનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાથી અથવા ચાળા વગેરે કરવાથી અથવા ચિત્રો, નિશાનીઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર.—સુરત શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય, તેમને ઉપરી અધિકારીઓએ આવું કોઈ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવુ કોઈ હથીયાર લઈ જવાની ફરજ હોય તે વ્યકિતઓને,

INDEX

(૨) પોલીસ કમિશનર અથવા તેમણે અધિકૃત કરેલા કોઈપણ અધિકારીએ જેને અશક્તિના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિઓને

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછા (૪) ચાર માસની અને વધુમાં વધુ એક (૧) વર્ષની સજા અને દંડની સજાને મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ ૧૩૫ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૬ઠી જાન્યુઆરી ૧૯૯૮ ના રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરિતી અધિનિયમની કલમ ૧૪૪ અન્વયે કાઢવામાં આવેલ હુકમમાં સુધારો.

નંબર ઉ/ગપક/ એસ બી / કરફ્યુ હુકમ/૧૨/૯૮.—અત્રેની કચેરીના કરફ્યુ હૂકમ ક્રમાંક: ૧/૯૮ તથા ૪/૯૮ થી કરફ્યુ હુકમોના જાહેર નામા ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ ૧૪૪ અન્વયે બહાર પાડવામાં આવેલ. કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતીમાં થયેલ સુધારો ધ્યાનમાં લેતા તારીખ ૮મી જાન્યુઆરી ૧૯૯૮ ના રોજ નિચે જણાવેલા સમય માટે નીચે જણાવેલા વિસ્તારોમાં ઉપરોક્ત જાહેરનામામાં થયેલ પ્રતિબંધીત હુકમોમાંથી મુકતી આપવામાં આવે છે સદર મુકતી આપેલ સમય પુરો થતાં ફરી કરફ્યુ હુકમ અમલમાં રહેશે.

તારીખ / સમય	વિસ્તાર
તારીખ ૮મી જાન્યુઆરી૧૯૯૮ સવાર કલાક ૦૫-૦૦ થી રાત્રે ૨૨-૦૦	વરાછા, કાપોદ્રા, કતારગામ પો. સ્ટે. તથા ચૌકબજાર પો. સ્ટે. ની હદમાં આવેલ વેડ રોડ નો સમગ્ર વિસ્તાર

આજરોજ તારીખ ૭મી જાન્યુઆરી ૧૯૯૮ ના રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

જી. સી. રાયગરી
પોલીસ કમિશનર,
સુરત શહેર.

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ક્રમાંક એમએજી પીઓએલ-વશી-૧૧૩૦૬/૯૭.— સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ (સને૧૯૯૫ના ૨૨માં) અધિનિયમની કલમ ૩૩ની પેટા કલમ (૧ હેઠળ મળેલા અધિકારો અન્વયે સદરહું કાયદાની કલમ૩૩ (૧) ની પેટા કલમ (બી) હેઠળ ઘડવા ધારેલા નિયમો હેઠળ નીચે મુજબના જાહેરનામાનો મુસદો ઉક્ત કાયદાની કલમ ૩૩(૬)ની જોગવાઇ પ્રમાણે લાગતા વળગતા ઇસમો કે જેમનો આ જાહેરનામાની અસર થાય છે તેમની જાણ માટે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

આ જાહેરનામા અંગે જેમને કોઇ વાંધાઓ હોય અગર સુચનો કરવા હોય તો તેવા વાંધા યા સુચનો આ જાહેરનામું ગુજરાત રાજ્યમાં રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ ત્રીસ દીવસ સુધી જીલ્લા મેજીસ્ટ્રેટ ભરૂચ સ્વીકારને અને ધ્યાનમાં લેશે. ઉપરોક્ત સમય બાદ મળેલા વાંધા અથવા સુચનો ધ્યાનમાં લેવામાં આવશે નહી.

મુસદો

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૧૧૩૦૬/૯૭— ભરૂચ શહેર મહમદપુરા શહેરમાં બસ સ્ટેન્ડની આજુબાજુ તથા સર્કલ પાસેના વિસ્તારમાં રીક્ષા ટેમ્પો તથા ભારે વાહનો ઉભા રાખવામાં આવે છે આ વિસ્તારમાં વાહન વ્યવહાર વધારે પ્રમાણમાં છે. તેમજ રાહદારીઓની ઘણીજ અવર જવર રહે છે જેથી આ વિસ્તારમાં જાહેર સલામતી ખાતર વાહનો ઉભા રાખવા ઉપર પ્રતિબંધ ફરમાવવાનું અને અન્ય સ્થળે પાર્કીંગ ઝોન નક્કી કરવું આવશ્યક જણાય છે.

જેથી હુ, એસ. અપર્ણા, આઇ. એ એસ જીલ્લા મેજીસ્ટ્રટ, ભરૂચ સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ (સને ૧૯૫૧ ના ૨૨માં) અધિનિયમની કલમ ૩૩ ની પેટા કલમ ૧ ના પેટા કલમ બી અન્વયે મળેલ અધિકારની રૂએ ભરૂચ શહેર નગરપાલીકા વિસ્તારમાં આવેલ મહમદપુરા વિસ્તારમાં સર્કલ પાસેથી વિસ્તાર તેમજ બસ સ્ટેન્ડની પુર્વ પશ્ચિમની આજુબાજુના ૨૦×૨૦ મીટર જેટલા વિસ્તારમાં રીક્ષા ટેમ્પો, તથા ભારે ખાનગી વાહનો ઉભા રાખવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું આ વિસ્તાર "નો પાર્કિંગ" ઝોન તરીકે જાહેર કરૂ છું અને આ હેઠળ પરિશિષ્ટમાં જણાવ્યા મુજબ રીક્ષા સ્ટેન્ડ તથા ભારે ખાનગી વાહનોનાં સ્ટેન્ડ નક્કી કરવા આથી નિયમ કરૂ છું.

પરિશિષ્ટ (૧) ભરૂચ શહેરમાં રીક્ષા સ્ટેન્ડ નક્કી કરવા બાબત ૨૦ રીક્ષા માટે:

મહમદપુરા બસ સ્ટેન્ડની સંતોષી વસાહત પાસે નગર પાલીકાના જુના જકાત નાકાથી વલીવીલા કોમ્પલેક્ષ સુધીના રસ્તાની બાજુની ખુલ્લી જગ્યા.

(૨) ટેમ્પો તથા ભારે ખાનગી ફોર વ્હીલર વાહનો માટે સ્ટેન્ડ નક્કી કરવા બાબત.

મદીના હોટલથી મહમદપુરા જતા વચ્ચે ઘાસે મંડાઇના ગરનાળાની બાજુની નગરપાલીકાની ખુલ્લી જગ્યા.

ઉક્ત અ નં ૧ અને ૨ વાળા વિસ્તાર "પાકીંગ ઝોન" જાહેર કરવા ઠરાવું છું.

આજ તારીખ ૩૧લી ડીસેમ્બર ૧૯૯૭ ના રોજ મારી સહી તથા સકકો કરી આપ્યો છે

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે કાઢેલો હુકમ

ક્રમાંક એમ.એ.જી.-વશી-૧૮૯.—ભારતના નિર્વાચન આયોગ દ્વારા લોકસભા તથા ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૧૯૯૮નો કાર્યક્રમ જાહેર કરેલ છે. અને તે મુજબ ભરૂચ જિલ્લામાં મતદાનની તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૯૮ નાં રોજ નક્કી કરવામાં આવેલ છે. ભારતનાં નિર્વાચન આયોગે તેમના હુકમ નંબર-૫૭૬/૧૧/ઈ એસ./૦૨૮/૯૫/અસ/૧/૧૮ તારીખ ૧૦મી જાન્યુઆરી, ૧૯૯૫નાં પેરા નં. ૪.૧ માં આપેલ સૂચના મુજબ ચૂંટણીનાં મતદાન મથકથી

૨૦૦ મીટરની ત્રિજ્યામાં કોઈપણ રાજકીય પક્ષના કે અપક્ષ ઉમેદવારનું સૂચના આપવા માટેનું અથવા મતદારોને મતદાર-યાદીમાં અરજદારોનું નામ તથા નંબર આપેલ છે તે માટેના સ્લીપો આપવા માટેનું ટેબલ ગોઠવવામાં આવે છે તે ટેબલ મતદાન મથકના ૨૦૦ મીટર અંદરની ત્રિજ્યામાં ગોઠવવા દેવામાં આવશે નહિ.

લોકસભા-વિધાનસભાની સામાન્ય ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો ઉમેદવારો તથા તેમના સંસ્થા મારફતે જાહેર રસ્તાઓ પર ટેબલ ગોઠવવામાં આવે છે. આ ટેબલ ગોઠવવાથી લોકોમાં ભય, હરકત, અથવા અગવડ ન થાય તેટલા માટે રસ્તામાં તથા સાર્વજનિક જગા ઉપર કોઈ પ્રકારે રાહદારે તથા મત આપવા જનારા લોકોને અગવડ ઉભી થાય જે ઉપર નિયંત્રણ રાખવું જરૂરી છે.

જેથી હું એસ. અપર્ણા, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ ભરૂચ ધી મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) થી મને મળેલ સત્તાના રૂએ હુકમ કરું છું.

(૧) તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૯૮ ના રોજ ભરૂચ જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં તમામ મતદાન મથકોથી ૨૦૦ મીટરની ત્રિજ્યામાં અને નગરપાલિકા વિસ્તારમાં ૧૦૦ મીટરની ત્રિજ્યામાં કોઈપણ પક્ષના ઉમેદવારોને મત આપવા જનારા લોકોને મતદાર-યાદીમાંથી તેમના નામ તથા મતદાર યાદીનો નંબર કાઢવા માટેની સ્લીપો આપવા માટેનું ટેબલ ગોઠવવું નહિ કે ગોઠવવાની કોશિષ કરવા નહિ.

(૨) તથા આવું ટેબલ જાહેર રસ્તા ઉપર ગોઠવવા માટે શહેરી વિસ્તારમાં સંબંધિત નગરપાલિકાના મુખ્ય અધિકારીની તથા ગ્રામ્ય વિસ્તરમાં જે તે ગામના તલાટ-કમ-મંત્રીની અગાઉથી પરવાનગી લેવાની રહેશે તથા જો ખાનગી જમીન પર ટેબલ ગોઠવવામાં આવે તો જે તે જમીન માલિકની લેખિતમાં સંમતિ લેવાની રહેશે.

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે. આ હુકમ તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૯૮ નાં રોજ એક દિવસ પૂરતો અમલમાં રહેશે.

આજ તારીખ ૩૦મી જાન્યુઆરી, સને ૧૯૯૮નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યો.

એસ. અપર્ણા,
જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ૦૩૭ (૪) મુજબ.

નંબર પીઓએલ/વશી/૩૪ થી ૪૫/૯૮.—ખેરાલુ તાલુકાના ધરોઈ ગામે મહેસાણા અને પાટણ જિલ્લાના આર્મ્ડ, અનાર્મ્ડ પોલીસ કર્મચારીઓની સને ૧૯૯૭ના વર્ષની વાષિક ગોળીબાર ફાયરીંગ કેમ્પ તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૧૯૯૮ થી તારીખ ૩૧મી જાન્યુઆરી ૧૯૯૮ સુધી રાખવામાં આવેલ હોઈ, લોકોની તથા ઢોર-ઢાખરની સલામતી માટે સાવચેતીનાં પગલાં લેવાની આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું, એમ. એસ. ડાગુર, જિલ્લા મેજીસ્ટ્રેટ, મહેસાણા, મુંબઈ પોલીસ અધિનિયમ૦૧૯૫૧ (૨૨ માં) ની કલમ૦૩૭ (૪) થી મને મળેલ અધિકારના રૂએ ખેરાલુ તાલુકાના ધરોઈ ગામના સ. નં. ૫૦ અને તેની આજુબાજુના બે કી. મી, ના ત્રિજ્યાના વિસ્તારમાં તારીખ ૮મી જાન્યુઆરી, ૧૯૯૮ થી તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૮ સુધી સવારના ૭ ૦૦ થી સાંજના ૧૭ ૦૦ કલાક સુધી સાવચેતીના પગલાં રૂપે માણસો તથા ઢોર-ઢાંખરની અવરજવર કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમનો ભંગ કરનાર અગર ઉલ્લંઘન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં મદદગારી કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ૦૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૮મી જાન્યુઆરી, ૧૯૯૮ ના રોજ મારી સહી તથા સક્કો કરી આપ્યો.

એમ. એસ. ડાગુર,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

BY COMPETENT AUTHORITY AND ADDITIONAL COLLECTOR

Notification

THE URBAN LAND (CEILING AND REGULATION) ACT, 1976.

Section 10 (*1*) *read* with Rule-6]

No. ULC-6 (i)/1/2678/Umara/Unit 1.—Whereas draft statement dated 11th November 1982 was servedon Shri Ranchhodbhai Thakorbhai Patel under sub-section 3 of section 8 of the Urban Land (Ceiling and Regulation) Act, 1976, in Form III appended to rule 5 of the Urban Land (Ceiling and Regulation) Rules, 1976, in respect of the vacant land held by him with a notice inviting the objection to the draft statement and whereas the objections to the draft statement were received from him and after hearing the party and considering the objections, a final statement dated 3rd January, 1998 under section 9 was served on him in the manner referred to in the said sub-section)3) of section 8.

Now therefore in exercise of the powers conferred on me under sub-section (*1*) of section 10 of the said Act I hereby notify that :

(i) The vacant land as specified in the Schedule appended herewith is to be acquired by the Government of Gujarat ; and

INDEX

(ii) All the persons intersted in the vacant land, specified in the Schedule may file their claims in respect of the said land, personally or through their agents giving particulars of the nature of their interest in said land before the undersigned within 30 days from the date of publication of this notification in the Gujarat Government Gazette.

SCHEDULE

Details of the vacant land held by the person in excess of the ceiling limit .—

Sr. No.	Name of the holder	Village	Taluka	Details of land		Remarks
				Survey No. / Final Plot No.	Area in (Sq. Mts.)	
1	2	3	4	5(a)	5(b)	6
	Shri Ranchhodbhai Thakorbhai Patel	Umara	Chorasi	50/2 40/2 2911,29/3 30p.	3566-00 4721-00 837-74	

Surat, 3rd January, 1998.

M. V. PARGI,
Competent Authority and Additional
Collector, Urban Land Ceiling, Surat.

જાહેરનામું

શહેરી જમીન (ટોચ-મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬.
[કલમ ૧૦ (૧) તથા નિયમ-૬ અનુસાર].

નંબર યુ. એલ. સી. /૬(૧)૧/૨૬૭૮/ઉમરા/યુનિટ-૧.— જે અર્થે શ્રી રણછોડભાઇ ઠાકોરભાઇ પટેલ વિગેરે એ ધારણ કરેલ ખુલ્લી જમીન સંબંધમાં શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૮ (૩) મુજબ શહેરી જમીન (ટોચ-મર્યાદા અને નિયમન) બાબતના નિયમો, ૧૯૭૬ના નિયમ-૫ હેઠળ નિયત કરેલ નમૂના નં. ૩ પ્રમાણેનું તારીખ ૨૮મી નવેમ્બર ૧૯૯૧ નું મુસદ્દા પત્ર વાંધા રજુ કરવાની નોટીસ સહિત તેઓને બજાવવામાં આવેલ અને તે સામે તેઓ તરફથી વાંધા રજુ કરવામાં આવેલ હતા અને સદરહુ વાંધાઓ અંગે રૂબરૂ સુનાવણી આપ્યા બાદ તથા તે વિચારણામાં લીધા બાદ કલમ-૯ હેઠળ તારીખ ૩જી જાન્યુઆરી, ૧૯૯૮નું આખરી પત્રક કલમ-૮ (૩) માં ઠરાવ્યા અનુસાર બજાવવામાં આવેલ છે.

વાસ્તે, ઉપરોકત ધારાની કલમ-૧૦ (૧) અન્વયે મળેલ અધિકારની રૂએ, હું, આથી જાહેર કરૂં છું કે,—(૧) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીન ગુજરાત રાજ્ય સરકાર સંપાદન કરનાર છે, અને (૨) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીનમાં હિત ધરાવતા ઈસમો તેમના હક્ક, દાવા જાતે અગર તેમના પ્રતિનિધિ મારફત જમીનમાંના તેમના હિતના પ્રકાર અને વિગતો સાથે નીચે સહી કરનાર સમક્ષ આ જાહેરનામું ગુજરાત સરકારના રાજ્યપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી દિન-૩૦ માં કરી શકશે.

પરિશિષ્ટ

અનુ. નંબર	જમીન ધારકનું નામ	ગામ	તાલુકો	જમીનની વિગત		શેરો
				સર્વે નંબર/ફાઈનલ પ્લોટ નંબર	ક્ષેત્રફળ ચોરસ મીટરમાં	
૧	૨	૩	૪	૫-અ	૫-બ	૬
૧	શ્રી રણછોડભાઇ ઠાકોરભાઇ પટેલ વિગેરે	ઉમરા " "	ચોર્યાસી " "	૫૦/૨ ૪૦/૨ ૨૯/૧, ૨૯/૩	૩૫૬૬.૦૦ ૪૭૨૧.૦૦ ૮૩૭.૭૪	
				૩૦પૈકી	૯૧૪૪.૭૪	

સુરત, તારીખ ૩જી જાન્યુઆરી, ૧૯૯૮.

એમ. વી. પારગી,
સક્ષમ અધિકારી અને અધિક કલેકટર,
શહેરી જમીન ટોચ-મર્યાદા, સુરત.

INDEX

એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૪-૭૮નો એકટ ૨ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલો હુકમ .

નંબર પીઓએલ/પ્રતિબંધ / ૯૭.—સિધ્ધપુર ઐતિહાસિક સ્થળ રૂદ્રમહાલય આવેલ છે તેની બાજુમાં એક મસ્જીદ આવેલ છે જે જુમ્મા મસ્જીદ તરીકે ઓળખાય છે અને તે મિલકતો ભારત સરકારના પુરાતત્વ ખાતા રક્ષિત ઈમારત તરીકે જાહેર કરાયેલ છે. અને તે ઈમારતોનો ઉપયોગ સારૂ હિન્દુ તથા મુસલમાનોની કોમો વચ્ચે સિધ્ધપુરમાં ઘણી ભારે તંગ પરિસ્થિતિ પેદા થાય છે અને તે હાલ પ્રવર્તે છે આ બાબતે નામદાર ગુજરાત સરકારે અગાઉ પ્રતિબંધ વિસ્તાર તરીકે બહાર પાડેલ છે જાહેરનામાની મુદત પુરી થાય છે તેથી બંને કોમો તરફથી રૂદ્રમહાલય અને જુમ્મા મસ્જીદમાં પાક કરવા અને નામાજ પઢવા જાય તેમ માનવાને કારણ છે. હાઈકોર્ટમાં કેસો ચાલે છે તેનો નિકાલ હજુ આવેલ નથી બંને કોમો વચ્ચે ફરીથી તંગદીલી ઉભી થવા સંભવ છે જેથી જાહેર સુલેહશાંતિનો ભંગ થતો અટકાવવાનું ઈષ્ટ જણાય છે અને તેમ થતું તાત્કાલિક અટકાવવા ઝડપી ઉપાય યોજવાનું ઈચ્છનીય છે.

તેથી હું, એમ. પી, પુનડીયા, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, સિધ્ધપુર મને મળેલ ખાસ સત્તાની રૂએ આથી હું ફરમાવું છું કે, નીચે અનુસંધાનમાં જણાવેલ મીલકતોમાં તારીખ ૧લી ફેબ્રુઆરી, ૧૯૯૮ ના રોજથી ૬૦ દિવસ સુધી સદર મીલકતોમાં અગર તેની અંદર આવેલ કોઈપણ સ્થળે કોઈપણ રીતે ઉપયોગ કરવો નહીં તેનો પ્રબંધ ફરમાવું છું

મિલકતોના વિસ્તારની ચર્તુ : સીમા

પૂર્વ દિશા.—ઘર નં. ૧ ૧૦ ૮૪ ની પછીત નદીમાં જવાનો રસ્તા તથા ઘર નં. ૧ -૧૦- ૮૫ નો કરો.

પશ્ચિમ દિશા.—રૂદ્રમહાલય તથા મસ્જીદની હદથી રસ્તો દેસાઈના મહાડ તરફ જવાનો અને ત્યાંથી વહોરવાડ તરફ જવાનો રસ્તો મુકી ઘર નં. ૧/૧૦/૪૩, ૧/૧૦/૪૪, તથા ૧/૧૦/૪૫ ની પછીત તથા બારણું.

ઉત્તર દિશા.—રૂદ્રમહાલય તથા મહોલ્લામાં ઘર નં ૧/૧૦/૭૨ થી ૧/૧૦/૭૬ ના મકાનની પછીત તથા પશુવાદળની પોળ તરફ જવાનો રસ્તો જે દેસાઈના વાઢ તરફ જાય છે તેની બીજી બાજુએ ઘર નં. ૧/૧૧/૯૫ થી ૧/૧૧/૧૦૦ ના મકાનોનો આગળનો ભાગ.

દક્ષિણ દિશા—જુની વહોરવાડ તથા દેસાઈના માઢ તરફ જવાનો રસ્તો ઓળંગી ઘર નં ૧/૫/૫ તથા ૧/૫/૬ નો આગળનો ભાગ તથા બારણા તથા ત્યારબાદ રસ્તો મુકીને ઘર નં ૧/૧૦/૪૭ ના મકાનનો કરાનો ભાગ.

સદરહુ હુકમનો ભંગ કરનાર ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબની શિક્ષાને પાત્ર થશે આ ગુનો કોગ્નીઝેબલ બીન જામીનલાયક ગુનો છે આ હુકમ જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, જિલ્લા પોલીસ વડાશ્રી, પાટણ તથા એકઝીકયુટીવશ્રી, સિધ્ધપુર અથવા આ અર્થે તેમને અધિકૃત કરેલા અધિકારીઓ પાસેથી પરમીટ ધરાવનાર વ્યકિતઓને લાગુ પડશે નહીં અગર ફરજ ઉપર હાજર રહેનારી પુરાતત્વ ખાતાના તથા રાજ્ય સરકારના અધિકારીઓ તથા નોકરોને લાગુ પડશે નહીં.

આજ તારીખ ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૭ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

એમ. પી. પુનડીયા,
એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સિધ્ધપુર.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G—BA-14-B

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] THURSDAY, JANUARY 22, 1998 / MAGHA 2, 1919 [No. 4

Separate paging is given to each part or the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B, and Part I-L

	Pages
Part I-Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	29-38
Part I-A-Orders and Notifications, other than those published in Part IV-E, under the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette.	40
Part I-B-Government Notifications published under Land Acquisition Act only.	18-22
Part I-L-Notifications, Orders and Awards other than those published in Parts I, IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.	105-138

Miscellaneous Notifications, Appointments, etc.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

નંબર ઉ/ગપક/૩૭૯/વિ. શા./૧૯૯૮.—અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારોમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું પી. જી. જે. નામ્પુથીરી, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર મને પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ના ૨૨માં અધિનિયમનાં કલમ-૩૭ (૩) થી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧૭મી જાન્યુઆરી, ૧૯૯૮ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૮ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર—અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમતનો સમગ્ર વિસ્તાર.

અપવાદ.—આ હુકમ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરોમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ રજા ઉપર હોય તેઓ તથા સ્મશાન યાત્રાઓ, અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને-૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ (૩) હેઠળ અને ભારતનો ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૫મી માહે જાન્યુઆરી, ૧૯૯૮ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

પી. જી. જે. નામ્પુથીરી,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

BY DISTRICT AND SESSIONS JUDGE

Read. —High Court Letter No. C.2103/91, dated 7th January, 1991.

Notification

No. N 1 / ADM / 144 of 1998.—In exercise of the powers vested under Paragraph 628 Chapter XXXI, of the Civil Manual, Volume-1, 1960, and in view of instruetions contained in the High Court letter dated 7th January, 1991, cited in the reamble, the District Judge, Banaskantha sanctions the Closing of all Civil Courts in the Judicial District of Banaskantha for the Summer Vacation for Six weeks from Monday 4th May, 1998, to Sunday the 14th June, 1998, (both days inclusive).

The offices of the Nazir and Record keeper, District Court, Banaskantha and of the Nazir of the Subordinate Civil Courts in the District, will remain open during the Vacation on working days.

Palanpur, 13th January, 1998.

R. P. VAGHELA,
I/C. District and Sessions Judge,
Banaskantha District,
Palanpur.

જિલ્લા અને સત્ર ન્યાયધીશ દ્વારા

વંચાણે લીધા.—હાઈકોર્ટ પત્ર નં. સી. ૨૧૦૩/૯૧, તા. ૭મી જાન્યુઆરી, ૧૯૯૧.

જાહેરનામું

નંબર એન. ૧/વહી/૧૪૪ સને ૧૯૯૮.—સીવીલ મેન્યુલ વોલ્યુમ-૧ સને ૧૯૬૦ના પ્રકરણ-૩૧, ફકરા-૬૨૮માં જણાવેલ અધિકારની રુએ જિલ્લા ન્યાય ધીશ, બનાસકાંઠા જિલ્લામાં આવેલ તમામ દિવાની કોર્ટોમાં વાર્ષિક ઉનાળુ વેકેશન તારીખ -૪થી મે, ૧૯૯૮ ને સોમવાર થી **તારી**ખ -૧૩૪મી જુન, ૧૯૯૮ને રવિવાર (બંને દિવસો સહિત) સુ**ધી છ અઠવાડી**યા માટે બંધ રાખવાનું મંજુર કરે છે.

જિલ્લા અદાલત, બનાસકાંઠાની નાઝીર અને રેકર્ડ કીપરની કચેરી તથા તાલુકાઓની દિવાની અદાલતોના નાઝીરશ્રીઓની કચેરીઓ વેકેશનની ચાલુ કામકાજના દિવસો દરમ્યાન ખુલ્લા રહેશે.

આર. પી. વાઘેલા,
ઈન્ચાર્જ જિલ્લા અને સત્ર ન્યાયાધીશ,
પાલનપુર.

પાલનપુર, તારીખ ૧૩મી જાન્યુઆરી ૧૯૯૮.

BY DISTRICT JUDGE

Read :—High court letter No. C. 2103/91, dated 7th January, 1981.

Notification

No. B-8/ADM//of1998 .—In exercise of the powers vested under paragraph 628 Chapter XXXI, of the Civil Manual, Volume-I, 1960 and in view of instructions contained in the High Court lettera ated 7th January 1991, cited in the preamble, the District Judge, Mahesana sanctions the closing of all civil courts n the Judicial District of Mahesana, for the annual Summer Vacation for SIX Weeks From Monday 4th May 1998 to Sunday the 14th June, 1998 (Both days inclusive)

The offices of the Nazir and Record Keeper, District Court, Mahesana and of the Nazir of the subordinate Civil Courts in the District will remain open during the Vacation on working days.

Maesana, 5th January 1998.

H. H. MEHTA,
District Judge,
Mahesana.

જિલ્લા ન્યાયાધીશ દ્વારા

વંચાણે લીધું. —હાઈકોર્ટ પત્ર નં. સી. ૨૧૦૩/૯૧, તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૯૧.

જાહેરનામું

નંબર બી.-૮/વહીવટ/૧ સને ૧૯૯૮.—સીવીલ મેન્યુઅલ ભાગ ૧ સને ૧૯૬૦ ના પ્રકરણ-૩૧ ના ફકરા નં. ૬૨૮, પાન ૨૬૫ મુજબ અને ઉપર જણાવેલ તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૯૧ ના હાઈકોર્ટના પત્રની સુચનાઓ અનુસાર મહેસાણા ડીસ્ટ્રીકટ જજ સોમવાર તારીખ ૪થી માહે એપ્રિલ, સને ૧૯૯૮ થી રવિવાર તારીખ ૧૪મી માહે જુન સને ૧૯૯૮ (બંને દિવસો સહિત) છ અઠવાડિયાના ઉનાળુ વેકેશન અન્વયે મહેસાણા જિલ્લાની તમામ દિવાની અદાલતો બંધ રાખવાની મંજૂરી આપે છે.

જિલ્લા અદાલત, મહેસાણાની નાઝર અને દફતરદારની ઓફીસો તેમજ જિલ્લાની અદાલતોના નાઝરની ઓફીસો આ રજાઓમાં કામકાજના દિવસોએ ખુલ્લી રહેશે.

મહેસાણા, તારીખ ૫મી જાન્યુઆરી, ૧૯૯૮.

એચ. એચ. મહેતા,
જિલ્લા ન્યાયાધીશ,
મહેસાણા.

INDEX

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૩(૧)(ડી.એ.) અન્વયે કાઢેલો હુકમ.

હુકમ

ક્રમાંક :એમ.એ.જી. વશી ૬૬/૯૮.—ભારતના નિર્વાચન આયોગ દ્વારા લોકસભાની તથા ગુજરાત વિધાનસભા ની સામાન્ય ચૂંટણી ૧૯૯૮નો કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ જિલ્લામાં મત-દાનની તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૮ તેમજ મતગણતરી તારીખ ૮મી માર્ચ ૧૯૯૮ના નક્કી કરવામાં આવેલ છે. ભારતના નિર્વાચન આયોગ બંધારણની કલમ ૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રુએ આપેલ આદેશ ક્રમાંક : ૩/૧૦/ઈ૦૦૭/૯ ૯૪ મેચ-૨/૫૨૧૬ તારીખ ૨જી સપ્ટેમ્બર ૧૯૯૪ મુજબ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન વિશાળ કટ આઉટ જાહેરાત પાટીયા બેનર વિગેરે મુકવા ઉપર નિયંત્રણ રાખવા જરુર છે.

ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા જાહેર માર્ગની બન્ને બાજુ વાહન વ્યવહારવી ધમધમતા ચાર રસ્તા શેરીઓ, નાકા જાહેર માર્ગ માલીકી મકાનો વગેરે ઉપર વિશાળ પોસ્ટરો, બેનર રાજકીય અગ્રણીઓના કટઆઉટ વગેરે ઉભા કરવામાં આવશે અને પ્રદશિત કરવામાં આવે છે. એ જ રીતે સરકારી અથવા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાનાં પ્રકારની જગ્યાએ વિશાળ ઉભા કરે છે. અથવા મુકે છે આને લીધે ટ્રાફીકની સમસ્યાઓ ઉભી થવા સંભવ છે. રાહદારીઓની અસલામતી વધે છે. તેમજ જાહેર રસ્તાઓ અથવા સાર્વજનિક જગ્યાઓનું અયોગ્ય રીતે ઉપયોગ થવા સંભવ છે. અને તેથી આ માટેની જરુરી કાર્યવાહી કાર્યવાહી કરવાની જરુર જણાય છે.

જેથી હું, બી. ડી. જોષી, આઇ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ નર્મદા ધી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૩(૧) (ડી.એ.) થી મને મળેલ સત્તાની રુએ હુકમ કરુ છું કે,

(૧) રાજ્ય સરકાર નગરપાલિકાઓ અથવા સરકારી બોર્ડ નિયમો પંચાયતની માલીકી ના રસ્તાઓ, માર્ગો, મકાનો, અથવા જગ્યાઓ ઉપર કોઈપણ રાજકીય પક્ષ અથવા લોકસભા/વિધાનસભાના ઉમેદવાર દ્વારા અથવા આવા ઉમેદવાર માટે કોઈ મંડળ, સંગઠન અથવા વ્યકિત દ્વારા સંબંધિત સરકારી કચેરી, નગરપાલિકા પંચાયતો અથવા સરકારી બોર્ડ નિગમની લેખિત પુર્વ મંજુરી લીધા વગર સમાચાર બોર્ડ અથવા જાહેર નોટીસ ન હોય એવા કોઈપણ પ્રકારના કટ આઉટ જાહેરાત પાટીયા પોસ્ટર, ધજા પતાકા, બેનર્સ મુકી શકાશે નહી કે દવાલો પર ચિત્રો દોરાવી શકશે નહી કે કમાનો દરવાજા વગેરે ઉભા કરી શકશે નહી.

(૨) ઉપરનાં ખંડ-૧મજણાવ્યા પ્રમાણેની મંજુરી આપના પહેલા સંબંધિત સરકારી કચેરીનાં સત્તાધિકારી અથવા નગરપાલિકા પંચા-યતો સરકારી બોર્ડ, નિયમો દ્વારા આવી અરજીઓની ચકાસણી કરીને એ બાબતની ખાત્રી કરવાની રહેશે કે સુચિત રસ્તાઓ માર્ગો સ્થળ અથવા મકાનોએ આવા કટઆઉટ જાહેરાત પાટીયા,પોસ્ટર, ધજા, પતાકા બેનર્સ, કમાનો, દરવાજા વગેરે મુકવાથી સામાન્ય જનતાની સલામતી કે સુરક્ષા જોખમાતી તથા તેનાથી વાહનોની કે અન્ય કોઇ પ્રકારની અવરજવરમાં કોઈ પ્રકારની અડચણ ઉભી થતી નથી અને આ માટે સદર સરકારી કચેરી નગરપાલિકા પંચાયતો સરકારી બોર્ડ નિગમ દ્વારા દરેક વ્યકિતગત કિસ્સામાં સંબંધિત પોલીસ સ્ટેશનો અભિપ્રાય મેળવ્યા પછી જ મંજુરી આપવા બાબતે નિર્ણય લેવાનો રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિ-નિયમ-૧૯૫૧ની કલમ ૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૧૫મી માર્ચ ૧૯૯૮ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૧૨મી માહે જાન્યુઆરી-૧૯૯૮ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૩(૧) (બ) અન્વયે કાઢેલો હુકમ.

હુકમ

ક્રમાંક એમ. એ.જી. /વશી/૬૭.—ભારતનાં નિર્વાચીન આયોગ દ્વારા લોકસભાની તથા ગુજરાત વિધાનસભા ની સામાન્ય ચૂંટણી ૧૯૯૮નો કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ જિલ્લામાં મતદાન તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૮ તેમજ મતગણતરીની તારીખ ૮મી માર્ચ ૧૯૯૮ નક્કી કરવામાં આવેલ છે ભારતના નિર્વાચીન આયોગ બંધારણની કલમ ૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક ૪૬૪/એલ અને ઓ ઈએલએસ ૦૨૧ ૯૪ તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૧૯૯૪ના પારા ૪ ૧માં આપેલ સુચના મુજબ ચૂંટણી જાહેર થયા પછી ત્રણ થી વધુ વાહનોનાં કાફલામાં મોટરકાર અન્ય વાહનોની અવર જવર કરવા દેવામાં આવશે નહિ.

લોકસભા / વિધાનસભાની સામાન્ય ચૂંટણી દરમ્યાન ચૂંટણી પ્રચાર કે અન્ય હેતુથી રાજકીય પક્ષો ઉમેદવારો તથા લોકોનાં વાહનો જાહેર રસ્તા ઉપર મોટી સંખ્યામાં એક જ સાથે ફરે તો લોકોમાં ભય પેદા થઈ શકે છે અને ટ્રાફીકને અડચણ ઉભી થઈ શકે છે વધુમાં ચૂંટણી પ્રક્યા દરમ્યાન તમામ રાજકીય પક્ષો અને ઉમેદવાર દ્વારા જાહેર રસ્તાઓ ઉપર મોટા પ્રમાણમાં વાહનો ફેરવવામાં આવતા હોય છે. જેનાથી જાહેર રસ્તાઓ ઉપર જતાં સર્વે પ્રકારનાં વાહનો ગાડીઓ તથા સવાર થઈને જનારા અથવા ગાડીમાં જનારા અથવા સાયકલ ઉપર જનારા અથવા ચાલતાં જનારા ઓને અગવડ ઉભી થવા સંભવ છે જે ઉપર નિયંત્રણ રાખવું જરૂરી છે

જેથી હું બી. ડી. જોષી આઈ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ નર્મદા ધી મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩(૧)(બી) થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છુ.

(૧) નર્મદા જિલ્લામાં જાહેર રસ્તાઓ પર ત્રણથી વધુ વાહનોનાં કાફલામાં મોટરકાર/અન્ય વાહનો ઉપર અવર જવર કરવા દેવામાં આવશે નહી.

આ હુકમ નીચેના વાહનો ધારકોને લાગુ પડશે નહી.

(૧) મેજિસ્ટ્રેટ અને પોલીસના વાહનોને.

(૨) ચૂંટણી કામે જતાં સરકારી વાહનોને સક્ષમ અધિકારી દ્વારા ચૂંટણીનાં કામે સંપાદન કરેલ વાહનો.

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિ-નિયમ૧૯૫૧ ની કલમ ૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૧૫મી માર્ચ ૧૯૯૮ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૧૨મી જાન્યુઆરી ૯૮ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૩(૧)(બી) અન્વયે કાઢેલો હુકમ.

હુકમ

ક્રમાંક એમ.એ.જી. વશી. ૬૯.—ભારતના નિર્વાચન આયોગ દ્વારા લોકસભા તથા ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૧૯૯૮ નો કાર્યક્રમ જાહેર કરેલ છે. અને તે મુજબ નર્મદા જિલ્લામાં મતદાનની તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૮ ના રોજ નક્કી કરવામાં આવેલ છે. ભારતના નિર્વાચન આયોગ તેમના હુકમ નં. ૫૭૬/૧૧/ઈ.એસ. ૦૨૮/૯૫૩-એસ ૮, તારીખ ૧૦મી જાન્યુઆરી ૧૯૯૫નાં પારા નં. ૪(૧) માં આપેલ સુચના મુજબ ચૂંટણીનાં મતદાન મથકથી ૨૦૦ મીટરની ત્રિજયામાં કોઈપણ રાજકીય પક્ષના કે અપક્ષ ઉમેદવારનુ સુચના આપવા માટેનુ અથવા મતદારોને મતદારયાદીમાં અરજદારોને નામ તથા નંબર પર આપેલ છે તે માટેનોની સ્લીપો આપવા માટેનું ટેબલ ગોઠવવામાં આવે છે. ટેબલ મતદાન મથકનાં ૨૦૦ મીટર અંદરનો ત્રિજયામાં ગોઠવવા દેવામાં આવશે નહિ.

લોકસભા-વિધાનસભાની સામાન્ય ચૂંટણી રમ્યાન રાજકીય પક્ષો ઉમેદવારો તથા તેમના સંસ્થા મારફતે જાહેર રસ્તાઓ પર ટેબલ ગોઠવવામાં આવે છે. આ ટેબલ ગોઠવવાથી લોકોમાં ભય, હરકત અથવા અગવડ ન થાય તેટલામાટે રસ્તામાં તથા સાર્વજનિક જગ્યા ઉપર કોઈ પ્રકારે રાહદારી તથા મત આપવા જનારા લોકોને અગવડ ઉભી થાય જે ઉપર નિયંત્રણ રાખવું જરુરી છે.

જેથી હું, બી. ડી. જોષી, આઈ.એએસ. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, નર્મદા ધી મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩(૧)(બી) થી મને મળેલ સત્તાની રુએ હુકમ કરું છું કે.

(૧) તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૮નાં રોજ નર્મદા જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં તમામ મતદાન મથકોના ૨૦૦મીટરના ત્રિજયામાં અને નગર પાલિકા વિસ્તારમાં ૧૦૦ મીટરનાં ત્રિજયામાં કોઈ પણ પક્ષના ઉમેદવારોએ મત આપવા જનારા લોકોને મતદારયાદી માંથી તેમના નામ તથા મતદારયાદીનો નંબર કાઢવા માટેની સ્લીપો આપવા માટેનું ટેબલ ગોઠવવું નહિ કે ગોઠવવાની કોશિષ કરવી નહી.

(૨) તથા આવું ટેબલ જાહેર રસ્તા ઉપર ગોઠવવા માટે શહેરી વિસ્તારમાં સંબંધિત નગરપાલિકાના મુખ્ય અધિકારીની તથા ગ્રામ્ય વિસ્તારમાં જે તે ગામનાં તલાટી કમ મંત્રીશ્રીના અગાઉથી પરવાનગી લેવાની રહેશે. તથા જો ખાનગી જમીન પર ટેબલ ગોઠવવામાં આવે તો જે તે જમીન માલિકની લેખિતમાં સંમતિ લેવાની રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૮ ના રોજ એક દિવસ પુરતો અમલમાં રહેશે.

આજ તારીખ ૧૨મી માહે જાન્યુઆરી-૯૮ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

બી. ન. જોષી
જિલ્લા મેજિસ્ટ્રેટ નર્મદા
રાજપીપલા

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ નાં મુંબઈનાં ૨૨માંના) કલમ-૩૩ (૧) (બ) મુજબ.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/મકર સંક્રાંતિ/રજી/૧/૯૮.—તારીખ ૧૪મી જાન્યુઆરી ૧૯૯૮ ના રોજ મકર સંક્રાંતિનો જાહેર તહેવાર આવે છે. આ તહેવારના દિવસે કેટલાંક લોકો પતંગ રસ્તા ઉપર રસ્તા ઉપર ઉડાડે છે. અને કપાયેલા પતંગો તથા દોરાઓ મેળવવા કેટલાંક લોકો હાથમાં લાંબા ઝંડા તથા વાંસ રાખી જાહેર રસ્તા અને જગ્યાઓમાં દોડાદોડી કરતાં હોય છે. જેથી જાહેર રસ્તાઓ તેમજ જગ્યાઓમાં અડચણો ઉભી કરી ભયજનક રીતે અથવા અગવડભરી રીતે વર્તવા સંભવ છે. જેને લીધે વાહન વ્યવહારને અવરોધ ઉભો થવા તથા અકસ્માતો થવાની સંભાવના રહે છે. તે ઉપરાંત લાંબા ઝુંડ તથા વાંસ ટેલીફોન તથા ઈલેકટ્રીક તારને અડવાથી સંદેશા વ્યવહાર ખોટકાય જવા તથા ટેલીફોનના તારને નુકશાન થવા તેમજ ઈલેકટ્રીક તારને અડવાથી અકસ્માતો પણ સર્જાવા સંભવ રહે છે. જેથી જાહેર સલામતી ખાતર આવી રાતે જાહેર રસ્તાઓ ઉપર પતંગ ઉડાડવા હાથમાં લાંબા ઝુંડ તથા વાંસ વિગેરે લઈ જાહેર રસ્તામાં તથા જગ્યાઓમાં હરવા ફરવા દોડાદોડી કરવા તથા લંગરો નાંખી પતંગો કે દોરા લુંટવા ઉપર પ્રતિબંધ મૂકવા જરૂરી જણાય છે જે વાસ્તે હું, આર. જે. દવે, અધિક જીલ્લા મેજિસ્ટ્રેટ વલસાડ સને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિયિમની કલમ-૩૩ (૧) (બી) મુજબ મંને મળેલ સત્તા રૂએ ફરમાવું છું કે તારીખ ૧૩મી જાન્યુઆરી ૧૯૯૮ થી ૧૭મી જાન્યુઆરી ૧૯૯૮ સુધી (બંને દિવસો સુધ્ધાં) ના દિવસો દરમ્યાન વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારની હદમાં કોઈપણ વ્યકિતએ જાહેર રસ્તામાં અથવા જગ્યાઓ ઉપર પતંગો ઉડાડવા નહી તેમજ હાથમાં લાંબા ઝુંડ કે વાંસ લઈ જાહેર રસ્તાઓ તેમજ જગ્યાઓમાં હરવું ફરવું નહી, કે કપાયેલી પતંગ અથવા દોરા મેળવવા જાહેર રસ્તા અગર જગ્યાઓમાં દોડાદોડી કરવા નહી તથા ટેલીફોનના કે ઈલેકટ્રીક તાર પર લંગર દોરો નાંખવા જેવું કૃત્ય કરવું કે કરાવવું નહીં.

સ્પષ્ટિકરણ :—રસ્તામાં ફટપાથનો સમાવેશ થાય છે.

ઉપરના હુકમનો ભંગ કરનાર વ્યકિતને સદરહુ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ રૂા. ૫૦/- સુધી દંડની શિશાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૨મી જાન્યુઆરી ૧૯૯૮નાં રોજ મારી સહી કરી મુદ્રા કરા છે.

આર. કે. દવે,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

જાહેરનામું

મકર સંક્રાંતિના ઉત્સવ નિમિત્તે મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૩ (૧) (ખ) મુજબ.

નંબર ડીસી/બીપીએ/૩૩/(૧)/(ખ)/જાહેરનામું વ./૩૨૦/૩૦/૯૮:—તારીખ ૧૪મી જાન્યુઆરી ૧૯૯૮ ના રોજ મકર સંક્રાંતિને ઉત્સવ ઉજવવામાં આવનાર છે. આ પ્રસંગે લોકો દ્વારા પતંગો

INDEX

ચગાવીને લોકો આનંદ મનાવે છે. પરંતુ ભુતકાળમાં આવા પ્રસંગો દરમ્યાન રાજ્યમાં કેટલાક શહેરો તેમજ ગ્રામ્ય વિસ્તારમાં પતંગ ચગાવવા બાબતે અલગ અલગ કોમના લોકો વચ્ચે સામાન્ય પ્રકારની અથડામણ થવા પામેલ અને તેમાંથી મોટું સ્વરૂપ ધારણ કરી કોમી રમખાણો ઉદભવવા પામેલ કેટલાક સ્થળોએ નાના છોકરાઓ લાકડી ઉપર કાંટાવાળા ઝાડના ડાળા બાંધી તેના ઝંડા બનાવી પતંગ દોરી પકડવા જાહેર રોડ ઉપર દોડા દોડી કરવા જતાં અકસ્માત નો ભોગ બનવા પામેલ આવી દોડાદોડી કરવાથી ટ્રાફીકને ખુબજ અડચણ ઉભી થવા પામે છે.

આમ ઉપયુકત તમામ પરિસ્થિતિઓનું પુનરાવર્તન ન થાય તથા આ પ્રસંગે કોઈપણ જાતના અનિચ્છનીય બનાવ બનવા ન પામે તેમજ ઉત્સવ શાંતીપુર્ણ વાતાવરણ માં પુર્ણ થાય અને કાયદો અને વ્યવસ્થાથી પરિસ્થતિ જોખમાય નહી તે હેતુથી હું કે. એલ. બચાણી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ ગાંધીનગર મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૨૩ (૧) (ખ) થી મને મળેલ સત્તાની રૂએ તારીખ ૧૩મી જાન્યુઆરી ૧૯૯૮ થી તારીખ ૧૭મી જાન્યુઆરી ૧૯૯૮ સુધીના સમયગાળા દરમ્યાન નીચેના કૃત્યો નહી કરવા ફરમાવું છું.

૧. જાહેરમાં લોકોના અવર જવરના રસ્તાઓ ઉપર તેમજ ટ્રાફીકને અડચણ થાય તે રીતે પતંગ ચગાવવા.

૨. લાકડી ઉપર કાંટાવાળા ઝાડના ડાળા બાંધી ઝંડા બનાવી કે બીજી કોઇપણ રીતે જાહેર રસ્તાઓ ઉપર પતંગ પકડવા.

૩. પતંગ દોરી ઉપર બિભત્સ પ્રકારનાં અગર કોમી તેમજ ધાર્મિક લાગણી દુભાય તેવા કે ઉશ્કેરણીજનક લખાણો લખવા.

વિસ્તાર :—ગાંધીનગર જિલ્લાને સમગ્ર મહેસુલી તથા શહેરી વિસ્તાર

આજ તારીખ ૧૭મી જાન્યુઆરી ૧૯૯૮ નો રોજ મારી, સહી છું તથા સિકકો કરી આપ્યો.

કે. એલ. બચાણી,
અધિક જીલ્લા મેજિસ્ટ્રેટ,
ગાંધીનગર.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૭ (૧) અન્વયે કાઢેલો

ક્રમાંક એમ.એ.જી/વશી-૮૮.-ભરૂચ જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં વ્યકિતઓની કોઇ મંડળી સરઘસની મનાઇ કરવાનું મને જરૂરી જણાયું છે.

તેથી હવે મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઇના ૨૨માં) ની કલમ-૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂએ હું આર. કે. પરમાર, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ આથી સદરહું વિસ્તારમાં તારીખ ૭મી જાન્યુઆરી ૧૯૯૮ ના દિવસે સવારના ૦૦-૦૦ કલાકથી તારીખ ૨૧મી જાન્યુઆરી ૧૯૯૮ ના રોજ સાંજના ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સુધ્ધા) ની મુદત માટે ભરૂચ જીલ્લામાં ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઇ મંડળી સરઘસ માટે મનાઇ ફરમાવું છું.

અનુસૂચિ.

વધુમાં હું આદેશ કરૂ છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને
(૨) ફરજ ઉપર હોય એવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને
(૩) કોઇ લગ્નના વરઘોડાને
(૪) કોઇપણ સ્મશાનયાત્રાને

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ મને ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ (સને ૧૮૬૦ ના ૪૫માં) ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૩જી મે જાન્યુઆરી સને ૧૯૯૮ ના રોજ મારી સહી કરી અને સિકકો કરી આપ્યો.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧-ની કલમ ૩૭ (૧) અન્વયે

ક્રમાંક એમ એજી /વશી.૧૩૮ .—ભરૂચ જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે હેતુથી મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની) ની કલમ ૩૭ ની પેટા કલમ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું આર. કે. પરમાર, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ જાહેર શાંતી અને સલામતી સારૂ ફરમાવું છું કે કોઇએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૫મી જાન્યુઆરી ૧૯૯૮ થી તારીખ ૪થી ફેબ્રુઆરી ૧૯૯૮ સુધી (બંને દિવસો સુધ્ધા).

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધારીયા, ધોકા, છરા, લાકડી કે લાઠી અથવા શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઇપણ સાધન સાથે લઇ જવું નહી.

(ખ) કોઇપણ ક્ષયકારી પદાર્થ સ્ફોટક પદાર્થ સાથે લઇ જવા નહી.

(ગ) પત્થરો અથવા હાનિકારક પ્રવાહી રસાયણ છાંટવા અથવા ફેંકવા નહી અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઇ જવા નહી એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહી.

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી.

(ઙ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઇરાદાથી જાહેરમાં બિભત્સ સૂત્રો પોકારવા નહી, અશ્લિલ ગીતો ગાવા નહી અથવા ટોળામાં ફરવું નહી.

(ચ) જેનાથી સુરૂચિ નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવભાવ કરવા નહી તેવી ચેષ્ટા કરવી નહી તથા તેવા ચિત્રો પત્રિકા પ્લેકાર્ડ અથવા બીજા કોઇપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહી, બતાવવા નહી તથા તેનો ફેલાવો કરવો નહી.

INDEX

આ હુકમ નીચેની વ્યકિતને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતઓને કે જે તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય,

(૨) જીલ્લા પોલીસ અધિકારીશ્રીએ અથવા તેન અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીને જેને શારીરીક અશક્તને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી શકાય તે વ્યકિતને.

(૩) જીલ્લા મેજીસ્ટ્રટશ્રી ભરૂચ અથવા અધિક જીલ્લા મેજીસ્ટ્રટ શ્રી ભરૂચે આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતઓને.

અનુસૂચિ.

"ભરૂચ જિલ્લાનો સમગ્ર વિસ્તાર"

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

મે આજ તારીખ ૩જી જાન્યુઆરી સને ૧૯૯૮ ના રોજ મારી સહી સિકકો કરી આપ્યો છે.

આર. કે. પરમાર
અધિક જીલ્લા મેજીસ્ટ્રટ.
ભરૂચ.

કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું.

ક્રમાંક એમઈડી.-કોલેરા-વશી.-૩૫/૯૮.—મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયતના પત્ર નંબર જી.પં-જા. આ.-ઈપીસી-કોલેરા જાહેરનામું ૯૮ તારીખ ૯મી જાન્યુઆરી ૧૯૯૮થી જિલ્લાના નીચે જણાવેલ વિસ્તારને કોલેરાગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવા નિવેદન કરેલ છે.

ઉકત નિવેદન વિચારણામાં લઈને ઈ.પી.ડી એકટ ૧૮૯૭ ની કલમ-૨ અન્વયે કોલેરા રેગ્યુલેશન બહાર પાડેલ છે. તેની જોગવાઈ હેઠળ હું બી. ડી. જોષી (આઈ.એ.એસ) કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી નર્મદા નીચે જણાવેલ પરિશિષ્ટના કોલમ નંબર-૧ માં જણાવ્યા મુજબના વિસ્તારને કોલેરાગ્રસ્ત તરીકે જાહેર કરૂ છું તથા કોલમ નંબર-૩માં જાણાવેલ અધિકારીને કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે તેમના નામ સામે જણાવેલ વિસ્તાર માટે નિમણુંક કરૂં છું.

કોલેરાગ્રસ્ત વિસ્તાર	કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર	કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે નિમણુંક થયેલ અધિકારીશ્રી.
૧	૨	૩
રાજપીપળા શહેર		મામલતદાર, નાંદોદ (રાજપીપળા)

આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩ (ત્રણ) માસ સુધી અમલમાં રહેશે.

રાજપીપળા, તારીખ ૯મી જાન્યુઆરી ૧૯૯૮.

બી. ડી. જોષી.
કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટ,
નર્મદા રાજપીપળા.

BY COMPETENT AUTHORITY AND DEPUTY COLLECTOR

Notification

THE URBAN LAND (CEILING AND REGULATION) ACT, 1976.

[Under section 10 (*1*) *read* with rule 6].

No. ULC/1076-1115/Unit-/D—7875/3689/7961/Gorwa.—It is hereby notified that such vacant land as is described in the schedule below is to be acquired by the Government of Gujarat. The claims of all persons interested in such vacant land may be made by them personally or by their agents giving particulars of the nature of their interest. The claims will be received by the Competent Authority upto thirty days after the date of publication of this notification in the *Gazette*.

SCHEDULE

Name of the holder : Manilal Lalubhai Solanki
Mangalbhai Lalubhai Solanki
Ambalal Mohanbhai

Details of vacant land to be acquired:—

District	Taluka	Village	Description of the land		Remarks
			Survey No.	Area (Sq.Mtrs.)	
1	2	3	4-a	4-b	5
Vadodara	Vadodara	Gorwa	68 T. P. F. P. 50 Paiki	196 Sq. mt.	

Vadodara, 17th November, 1997.

Harshavardhan Mudy,
Competent Authority and
Deputy Collector, Urban
Land Ceiling, Vadodara.

INDEX

સક્ષમ અધિકારી અને નાયબ કલેકટર દ્વારા

જાહેરનામું

શહેરી જમીન (ટોચ-મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬.

[કલમ ૧૦ (૧) તથા નિયમ ૬ અનુસાર].

નંબર યુ.એલ.સી./૧૦૭૬/૧૧૧૫-ડી./૭૮૭૫/૩૬૮૯/૭૯૬૧/ગોરવા.—આથી જાહેર કરવામાં આવે છે કે, આ સાથે સામેલ રાખેલ પરિશિષ્ટમાં જણાવેલી વિગતવાળી ખુલ્લી જમીન ગુજરાત સરકાર સંપાદન કરનાર છે. સદરહુ જમીન ઉપર જે કોઈ ઈસમનો હક્ક દાવો હશે તેઓએ જાતે અગર અધિકૃત એજન્ટ મારફતે તેઓએ હક્ક અંગેનો હક્ક સંબંધીની સંપૂર્ણ વિગત સહ રજુ કરશો.

હક્ક સંબંધીનો દાવો સક્ષમ અધિકારીશ્રી સદરહુ જાહેરનામું સરકારી રાજ્યપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની મુદત સુધીમાં સ્વિકારાશે.

શિડ્યુઅલ

પત્રક ફાઈલ કરનારનું નામ : અંબાલાલ મોહનલાલ સોલંકી,
મણીલાલ લલ્લુભાઈ,
મંગળભાઈ લલ્લુભાઈ સોલંકી, રે. ગોરવા, વડોદરા.

સંપાદન કરવાની ખુલ્લી જમીનની વિગત :

જિલ્લો	તાલુકો	ગામ	જમીનની વિગત		શેરો
			સર્વે નંબર	વિસ્તાર (ચો. મી.)	
૧	૨	૩	૪-અ	૪-બ	૫
વડોદરા	વડોદરા	ગોરવા	૬૮ના ટી. પી. ફાયનલ પ્લોટ નં. ૫૦ પૈકી	૧૯૬	

વડોદરા, તારીખ ૧૭મી નવેમ્બર, ૧૯૯૭.

હર્ષવર્ધન મોદી,
સક્ષમ અધિકારી અને નાયબ કલેકટર,
શહેરી જમીન ટોચ મર્યાદા, વડોદરા.

Notification

BY COMPETENT AUTHORITY AND ADDITIONAL COLLECTOR

THE URBAN LAND (CEILING AND REGULATION) ACT 1976 :

[Under Section 10 (1) *Read* with Rule (6)]

No. ULC-1076-1115-D- No. 6024 / Sama.— It is hereby notified that such vacant land as is described in the schedule below is to be acquired by the Government of Gujarat. The claims of all person interested in such vacant land may be made by them personally or by their agent giving particulars of the nature of their interest. The claims will be received by the Competent Authority up to thirty days after the date of publication of this notification in the Gazette

SCHEDULE

Name of the Holder : Ramanbhai Kalyanbhai Patel

Details of vacant lands to be acquired :

District	Taluka	Village	Description of the land		Remarks
			Sr. No.	Area Sq. mt .	
Vadodara	Vadodara	Sama	633	4773	

Vadodara, 7th January, 1998.

G. M. DAMOR.
Competent Authority and Additiodal Collector U.L.C.,
Vadodara.

INDEX

સક્ષમ અધિકારી અને આધક કલેકટર દ્વારા

જાહેરનામું

શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬.

[કલમ ૧૦ (૧) તથા નિયમ ૬ અનુસાર]

નંબર યુ.એલ.સી. ૧૦૭૬ / ૧૧૧૫-ડી. ડે. નં. ૬૦૨૪ / સમા. —આથી જાહેર કરવામાં આવે છે કે, આ સાથે સામેલ રાખેલ પરિશિષ્ટમાં. જણાવેલી વિગતવાળી ખુલ્લી જમીન ગુજરાત સરકાર સંપાદન કરનાર છે. સદરહુ જમીન ઉપર જે કોઈ ઈસમનો હક્ક દાવો હશે. તેઓએ જાતે અગર અધિકૃત એજન્ટ મારફતે તેઓએ હક્ક અંગેનો હક્ક સંબંધીની સંપૂર્ણ વિગત સહ રજુ કરશો.

હક્ક સંબંધીનો દાવો સક્ષમ અધિકારીશ્રી સદરહુ જાહેરનામું સરકારી રાજ્યપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખાથી ૩૦ દિવસની મુદત સુધીમાં સ્વીકારાશે.

શિડ્યુઅલ

પત્રક ફાઈલ કરનારનું નામ : રમણભાઈ કલ્યાણભાઈ પટેલ.
સંપાદન કરવાની ખુલ્લી જમીનની વિગત.

જિલ્લો	તાલુકો	ગામ	જમીનની વિગત સ. નં.	વિસ્તાર	શેરો
૧	૨	૩	૪-અ	૪-બ	૫
વડોદરા	વડોદરા	સમા	૬૩૩	૪૭૭૩ ચો. મી.	

વડોદરા, તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૯૮.

જી. એમ. ડામોર,
સક્ષમ અધિકારી અને અધિક કલેકટર,
શહેરી જમીન ટોચ-મર્યાદા,
વડોદરા.

Notification

THE URBAN LAND (CEILING AND REGULATION) ACT, 1976.

[Section 10 (1) *read* with Rule 6

No. ULC-6(i)112202/undh/Unit-I.—Whereas draft statement dated 1st October 1982 was servedon Shri Chimkabhai Premabhai under sub-section (*3*) of Section 8 of the Urban Land (Ceilings and Regulation) Act, 1976 in Form III appended to rule 5 of the Urban Land (Ceiling & Regulation) Rule 1976, in respect of the vacant land held by him with a notice inviting the objection to the draft statement and whereas the objections to the draft statement were received from him and after hearing the party and considering the objections, a final statement dated 20th October 1997 under section 9 was served on him in the manner referred to in the said sub-section (*3*) of section 8.

Now, therefore, in exercise of the power conferred on me under sub-section (*1*) of section 10 of the said Act I hereby notify that—

(i) The vacant land as specified in the Schedule appended herewith is to be acquired by the Govern ment of Gujarat: and

(ii) All, the persons interested in the vacant land, specified in the Schedule may file their claims in respect of the said land, personally or through their agents giving particulars of the nature of their interest in said land before the undersigned within 30 days from the date of publication of this notification in the Gujarat Government Gazette.

SCHEDULE

Details of the vacant land held by the person in excess of the ceiling limit.

Sr. No.	Name of the holder	Village	Taluka	Details of land		Ramarks
				Survey No./Final Plot No.	Area in Sq. mts.	
1	2	3	4	5(a)	5(b)	6
1	Chimkabhai Premabuai	Vesu	Choryasi	545	13658.00	
				544/1	6283.82	
					19942.82	

Surat, 11th December 1997.

M. V. PARGI,
Competent Authority and
Additional Collector, Urban
Land Ceiling,
Surat.

જાહેરનામુ

શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬.

[કલમ ૧૦ (૧) તથા નિયમ-૬ અનુસાર].

નંબર યુ. એલ. સી. /૬ (૧) ૧/૨૨૦૨ / રૂંઢ/યુનિટ ૧૦.--જે અર્થે, શ્રી છીમકાભાઇ પ્રેમાભાઇ પટેલએ ધારણ કરેલ ખુલ્લી જમીન સંબંધમાં શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૮(૩) મુજબ શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) બાબતના નિયમો, ૧૯૭૬નાં નિયમ-૫ હેઠળ નિયત કરેલ નમૂના નં. ૩ પ્રમાણેનું તારીખ ૧લી સપ્ટેમ્બર, ૧૯૮૨ નું મુસદ્દા પત્ર વાંધા રજૂ કરવાની નોટીસ સહીત તેઓને બજાવવામાં આવેલ અને તે સામે તેઓ તરફથી વાંધાઓ રજૂ કરવામાં આવેલ હતા અને સદરહુ વાંધાઓ અંગે રૂબરૂ સુનાવણી આપ્યા બાદ તથા તે વિચારણામાં લીધા બાદ કલમ-૯ હેઠળ તારીખ ૨૦મી ઓકટોબર ૧૯૯૭ નું આખરી પત્રક કલમ-૮ (૩) માં ઠરાવ્યા અનુસાર બજાવવામાં આવેલ છે.

વાસ્તે, ઉપરોકત ધારાની કલમ-૧૦ (૧) અન્વયે મળેલ અધિકાર રૂએ, હું આથી જાહેર કરૂં છું કે (૧) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીન ગુજરાત રાજ્ય સરકાર સંપાદન કરનાર છે, અને (૨) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીનમાં હિત ધરાવતા ઈસમો તેમના હક્ક, દાવા જાતે અગર તેમના પ્રતિનિધિ મારફત જમીનમાંના તેમના હિતના પ્રકાર અને વિગતો સાથે નીચે સહી કરનાર સમક્ષ આ જાહેરનામું ગુજરાત સરકારના રાજ્યપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી દિન-૩૦ માં કરી શકશે.

પરિશિષ્ટ

અનુ. નંબર	જમીન ધારકનું નામ	ગામ	તાલુકો	જમીનની વિગત		શેરો
				સર્વે નંબર	ક્ષેત્રફળ (ચોરસ મીટરમાં)	
૧	૨	૩	૪	૫-અ	૫-બ	૬
૧	છીમકાભાઇ પ્રેમાભાઈ પટેલ	**વેસુ**	**ચોર્યાસી**	૫૪૫	૧૩૬૫૮-૦૦	
				૫૪૪/૧	૬૨૮૩-૮૨	
					૧૯૯૪૧-૮૨	

સુરત, તારીખ ૧૧મી ડિસેમ્બર, ૧૯૯૭.

એમ. બી. પારગી,
સક્ષમ અધિકારી અને અધિક કલેકટર,
શહેરી જમીન ટોચ-મર્યાદા, સુરત.

INDEX

કાર્યપાલક મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નંબર એમએજી/બીનવારસીમુદામાલ/વશી/૧૯૯૭ .— ગુજરાત રાજ્યના નવસારી જિલ્લાના નવસારી તાલુકાના પોલીસ સ્ટેશનના સીનીયર પોલીસ સબ-ઈન્સ્પેકટર નવસારી (રૂરલ) તરફથી નીચે જણાવેલ વિગતનો બીનવારસી મુદામાલનો કોઈ માલિક હકકદાવો આવેલ ન હોય તેના માલિકી હકક ધરાવતા હોય તો તેઓએ આ જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી છ માસની અંદર સદર મિલકત પોતાની હોવાની ખાત્રી કરી અત્રેથી મેળવી લેવા તજવીજ કરવી. જો કોઈપણ ઈસમ મુદત વીતી ગયા બાદ હાજર થશે તો તેઓના હકક બાબતે કોઈ દાવો ચાલશે નહી અને તમામ ચીજો સરકારી મિલકત તરીકે હરાજી કરી તેની જે કિંમત ઉપજશે તે સરકારશ્રીમાં જમા કરાવવામાં આવશે જેની સર્વે લાગતા વળગતાને જાણ કરવામાં આવે છે.

અનુ. નંબર	બીન વારસી મુદામાલનું વર્ણન
૧	૨
૧	મારૂતીકાર ફ્રંટી લીલો કલર નંબર પ્લેટ ઉપર નંબર લખેલ નથી. ચેસીસ નંબર ૧૮૭૮૫૪ એન્જીન નંબર ૨૫૨૧૦૦ છે.

નવસારી, તારીખ ૧૨મી જાન્યુઆરી ૧૯૯૮.

એન. બી. વસાવા
કાર્યપાલક મેજીસ્ટ્રેટ,
નવસારી.

PRINTED AT THE GOVERNMENT PRESS VADODARA

INDEX

24 APR 1998

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] THURSDAY, JANUARY 29, 1998 / MAGHA 9, 1919 [No. 5

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part-I, Part I-A, Part I-B and Part I-L

		Pages			Pages
Part-I	Government Notification, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders other than those published in Part I A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	39-48	Part I-B	Government Notifications published under Land Acquisition Act only.	23
Part I-A	Orders and Notifications, (other than those published in Part IV-B) under the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette.	5	Part I-L	Notifications, Orders and Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.	139-178

MISCELLANEOUS, NOTIFICATIONS AND APPOINTENTS, ETC.

નાયબ પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

નંબર ઉ/ગપક/ટફક/લાલ દરવાજા / ૨૨૪ / ૯૮.—સુરત શહેરનાં રેલ્વે સ્ટેશન વિસ્તારમાં વાહન વ્યવહારની સવલત અને સલામતી માટે નીચે જણાવ્યા મુજબ હંગામી ધોરણે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

મુંબઈ પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ની કલમ-૩૩ (૧) નો પેટા કલમ (બી) થી મને મળેલ સત્તાની રૂએ હું કે. ડી. પાટડીયા, (આઈ.પી.એસ.) નાયબ પોલીસ કમિશનર, પશ્ચિમ અને ટ્રાફિક સુરત શહેર, સ્ટેશન વિસ્તારમાં ટ્રાફિક નિયમન કરવામાં પડતી મુશ્કેલીઓ ધ્યાને લઈ ટ્રાફિક નિયમન સુધારવા માટે નીચે મુજબનું જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

(૧) કતારગામથી લાલ દરવાજા થઈ દિલ્હીગેટ તરફ (પેટ્રોલ પંપવાળા રસ્તા પર) વાહન વ્યવહાર માટે પ્રવેશ આપવામાં આવે છે.

આ જ રસ્તા ઉપરથી દિલ્હી ગેટથી લાલ દરવાજા તરફ જતાં રસ્તા પર પ્રવેશ બંધ (નો એન્ટ્રી) ફરમાવવામાં આવે છે.

આ જાહેરનામું તારીખ ૨૭મી જાન્યુઆરી, ૧૯૯૮ થી ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૯૮ સુધી એક માસની મુદત માટે બહાર પાડવામાં આવે છે.

આજ તારીખ ૨૨મી જાન્યુઆરી, ૧૯૯૮ નાં રોજ મારી સહી સિક્કા કર્યા.

કે. ડી. પાટડીયા,
નાયબ પોલીસ કમિશ્નર,
પશ્ચિમ અને ટ્રાફિક, સુરત શહેર.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ભ) મુજબનો હુકમ.

નંબર : ડીસી/એમ.જી. / એસ. આર..-૧/૯૮.—હું વી. એસ. ગઢવી, જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૩૩ની પેટા કલમ (૧) થી મને મળેલ સત્તાની રૂઈએ જાહેર જનતાના જાનમાલની તેમજ મિલકતોની સલામતી માટે નીચે મુજબનો હુકમ કરું છું.

અમદાવાદ જિલ્લાના (પોલીસ કમિશનરશ્રી., અમદાવાદ શહેરની હકુમત હેઠળના વિસ્તાર સિવાયના) તમામ મહેસુલી વિસ્તારમાં જાહેરમાર્ગો તથા માર્ગો ઉપરના ફૂટપાથો ઉપર ફટાકડા ફોડી આતશબાજી કરવાથી તથા આતશબાજીનું બલુન અથવા રોકેટ સળગાવી ઉડાડવાથી જાહેર સલામતિ અને ટાફિકને અવરોધરૂપ થતું હોઈ આ સમગ્ર વિસ્તારમાં કોઈપણ ઈસમ લગ્નપ્રસંગે, વિજય સરઘસ તથા અન્ય કોઈપણ પ્રકારના ધાર્મિક સામાજિક કે રાજકિય મેળાવડામાં જાહેર રસ્તા ઉપર તેમજ ફૂટપાથ ઉપરના વિસ્તારમાં કોઈપણ પ્રકારનું દારૂખાનું (આતશબાજી) ફટાકડા, બોમ્બ તેમજ દુર ફેંકી શકાય તેવા બલૂન, રોકેટ, હવાઈ અથવા કોઈપણ નામે ઓળખાતા કોઈપણ પ્રકારના ફટાકડા (આતશબાજી) ફોડી શકશે નહીં તેમજ કોઈપણ ઈસમ કોઈપણ વ્યકિત ઉપર કે પશુ ઉપર તથા સન્તા ઉપર કે મકાન ઉપર દારૂખાનું પડે તેવી રીતે ફોડી શકશે નહીં જો તેમ કરવામાં પકડાશે તો મુંબઈ પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ની કલમ-૧૩૧ તથા આઈ.પી.સી. કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૯મી જાન્યુઆરી ૧૯૯૮ના રોજ મારી સહી તથા સિક્કા કરી આપેલ છે.

વી. એસ. ગઢવી,
જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ બહાર પાડેલ હુકમ.

ક્રમાંક ઉ/મકપ/પલસ/વશી/૧૪૬.—ભારતના ચૂંટણી પંચે લોકસભા તથા વિધાનસભાન સામાન્ય ચૂંટણીઓ જાહેર કરેલ છે, જે મુજબ આગામી ફેબ્રુઆરી, ૧૯૯૮ માં લોકસભા તથા ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી યોજાશે. જેના અનુસંધાને કાયદો અને વ્યવસ્થા તેમજ જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે વે માટે ભારતના ચૂંટણી પંચે તેઓના આદેશ ક્રમાંક : ૪૬૪/એલ એન્ડ ઓ /૯૮/પી એલ એન -૧, તારીખ ૧૨મી જાન્યુઆરી, ૧૯૯૮ થી કરેલ આદેશ મુજબ પંચમહાલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તથા જાહેર સુલેહ શાન્તિ જળવાઈ રહે તે માટે ઝડપી ઉપાયો હાથ ધરવાનું ઈચ્છનીય છે.

તેથી હું, સી. વી. સોમ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છુ કે, હથિયાર પરવાનો ધરાવતા તમામ પરવાનાધારકોએ તેમના શસ્ત્રો, અને દારૂગોળો લઈ જાહેરમાં હરવું ફરવું નહી, શસ્ત્રો અને દારૂગોળો લઈ હરવા-ફરવા પરનો આ પ્રતિબંધ આ જાહેરનામાની તારીખથી તારીખ ૧૫મી માર્ચ, ૧૯૯૮ સુધી અમલ રહેશે.

મેં આજ તારીખ ૨૨મી જાન્યુઆરી, ૧૯૯૮ના રોજ મારી સહી-સિક્કો કરેલ છે.

હુકમ

નં. પલસ/હથર/વશી/૧૪૭.—આગામી ફેબ્રુઆરી ૧૯૯૮ ના માસમાં લોકસભા તથા વિધાનસભાના સામાન્ય ચૂંટણીઓ યોજવા જાહેર થયેલ છે. અને માર્ચ ૧૯૯૮ માં મત ગણતરી થનાર છે. જેથી આ અંગે લોકસભા તથા વિધાનસભાનાં મત વિભાગોમાં ઉપરોકત સમયમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અને જાહેર સુલેહ શાંતિ તેમજ જાહેર સુરક્ષા જળવાઈ રહે તે માટે ભારતના ચૂંટણી પંચે બંધારણની કલમ-૩૨૪ હેઠળ મળેલી સત્તા મુજબ આપેલ આદેશ ક્રમાંક ૪૬૪/એલ એન્ડ ઓ / ૯૮ / પી એલ એન -૧ તારીખ ૧૨મી જાન્યુઆરી ૧૯૯૮ ના અનુસંધાને પંચમહાલ જિલ્લાના તમામ હથિયાર પરવાનેદારોના હથિયારો તેમજ દારૂગોળો નજીકના પોલીસ સ્ટેશનમાં જમા કરાવવા આદેશ કરવો હિતાવહ જણાય છે.

સબબ પંચમહાલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તથા જાહેર શાંતિ અને લોકોની સલામત જળવાઈ રહે તે હેતુસર શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ ની કલમ-૧૭ (૩) (બી) ની જોગવાઈ અનુસાર પંચમહાલ જિલ્લાના તમામ પરવાનેદારોના હથિયાર પરવાના તારીખ ૧૫મી માર્ચ ૧૯૯૮ સુધી મોકુફ (સસ્પેન્ડ) કરવામાં આવે છે. જેથી પંચમહાલ જિલ્લાના તમામ હથિયાર પરવાના ધારણ કરનારાઓએ તેમના હસ્તકના હથિયારો તથા દારૂગોળો તેમને લગતા પોલીસ સ્ટેશનમાં તારીખ ૩૧મી જાન્યુઆરી ૧૯૯૮ સુધીમાં અચૂક જમા કરાવવા આથી હુકમ કરવામાં આવે છે.

ઉકત હુકમમાં પુખ્ત વિચારણાને અંતે ઉચિત જણાતાં જીવનવિમા નિગમ સામાન્ય વિમા નિગમ, રાષ્ટ્રીયકૃત અને સહકાર બેંકો રાજય સરકારના અને કેન્દ્ર સરકારના જાહેર સાહસો તેમજ રાજય

INDEX

સરકાર અને કેન્દ્ર સરકારના તમામ અધિકારીશ્રીઓ તથા કર્મચારીઓને પણ તેમન અંગત હેસીયતથી ધારણ કરેલ હથિયાર તથા દારૂગોળો જમા કરાવવામાંથી મુકિત આપવામાં આવે છે.

જે તે પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રીઓ પોલીસ ઈન્સ્પેકટરશ્રીઓએ તેમના તાબામાં આવતા તમામ પરવાનેદારોના હથિયારો અને દારૂગોળો તાત્કાલિક મેળવી પોલીસ સ્ટેશને જમા કરવવા રીપોર્ટ કરવો.

આ હુકમનો તાકીદે અમલ કરવો.

ગોધરા, તારીખ ૨૨મી જાન્યુઆરી, ૧૯૯૮.

સી. વી. સોમ,
જિલ્લા મેજીસ્ટ્રેટ, પંચમહાલ,
ગોધરા.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨મા) અધિનિયમની કલમ-૩૭ (૧) મુજબનો.

નંબર ડીસી/પી.ઓ.એલ./એમ.એ.જી./એસ. આર. ૫/૯૮.—આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરની જાળવણી વાસ્તે,

હું એમ. વાય. દક્ષિણી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૨૦મી જાન્યુઆરી, ૧૯૯૮ થી તારીખ ૩જી ફેબ્રુઆરી ૧૯૯૮ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(૧) શસ્ત્રો, દંડા, તલવાર. સોટી, બંદુક, ખંજર, અસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાંબુ અને છેડેથી અણીવાળુ પાનુ હોય તેવા ચપ્પુ તથા ત્રણ ઈંચથી વધુ લંબાઈ ધરાવતું અણીયાળુ ઘાતક શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છુ. તેમજ લાકડી, લાઠી અથવા શારીરિક નુકશાન પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની.

(૨) કોઈપણ રીતે શરીરને હાનિકારક એવા કોઈપણ ક્ષયકાર પદાર્થ અથવા સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું.

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાની, યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની અને તૈયાર કરવાની.

(૪) સળગતી મશાલ અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(૫) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(૬) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાજા વગાડવાની.

(૭) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્ર, નિશાનીઓ, જાહેરખબરો અથવા પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તો તેનો ફેલાવો કરવાથી અથવા અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાથી તથા ચાળા વિગેરે કરવાની અને તેના ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની

વિસ્તાર : અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલ વિસ્તાર.
(પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમતના વિસ્તાર સિવાય)

અપવાદ : આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમને જેને ઉપરી અધિકારીએ આવું કોઈ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય, તેમને

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીત વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહીં.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સબડીવીઝનલ મેજીસ્ટ્રેટ, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, જિલ્લા પોલીસ અધિકારી અથવા તેમને અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય તે વ્યકિતઓને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાની કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા-કલમ-૧ હેઠળ ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની અને દંડની અને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના અધિનિયમ નંબર-૪) ની કલમ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૫મી જાન્યુઆરી, ૧૯૯૮ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

જાહેરનામું.

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમ નંબર ૨૨ માંની) કલમ-૩૭ (૩) મુજબ.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસ.આર/૬/૯૮.—આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવણી વાસ્તે હું, એમ. વાય. દક્ષિણી, અધિક જિલ્લા મેજસ્ટ્રેટ, અમદાવાદ જીલ્લો મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨માંની) અધિનિયમની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તારીખ ૨૦મી જાન્યુઆરી ૧૯૯૮ થી કલાક ૦૦-૦૦થી તારીખ ૩જી ફેબ્રુઆરી ૧૯૯૮ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી અગર કોઇ સભા ભરવી કે બોલાવવી નહી તેમજ કોઇ સરઘસ કાઢવું નહી.

અનુસૂચિ :—(વિસ્તાર) અમદાવાદ જીલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર (પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયના વિસ્તાર)

ખુલાસો :—આ વિસ્તારમાં રસ્તાઓ રસ્તાઓની ફૂટપાથો તથા ગલીઓ તથા પેટા ગલીઓનો સમાવેશ પણ આ રસ્તામાં થાય છે.

અપવાદ :—આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેવી ફરજ ઉપર તેમને તથા ધાર્મિક અગર મરણોત્તર અથવા લગ્ન અંગેના અધિકૃત સત્તાધિકારીની પાસેથી મંજુરી મેળવેલ હોય તેવા સભા સરઘસોને લાગુ પડશે નહીં.

INDEX

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૧૩૫ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમ)ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૫મી જાન્યુઆરી ૧૯૯૮ના રોજ મારી સહી અને સિક્કો કર્યો.

એમ. વાય. દક્ષિણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૧) અન્વયે.

ક્રમાંક એમએજી/વશી/૧૧૮.—નર્મદા જિલ્લામાં કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨માં) અધિનિયમની કલમ ૩૭ (૧) ની પેટા કલમ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું, એમ. ડી. મોડીયા. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ નર્મદા જાહેર શાંતી અને સલામતી સારૂ ફરમાવું છું, કે કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૧૨મી જાન્યુઆરી ૧૯૯૮ થી તારીખ ૨૬મી જાન્યુઆરી ૧૯૯૮ સુધી—

(૧) શસ્ત્રો, દંડા તલવાર, ભાલા, ધારીયા, ધોકા, છરા લાકડી, લાઠી અથવા શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવું બીજુ કોઈ સાધન સાથે લઈ જવું નહી;

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહી;

(૩) પથ્થર અથવા હાનિકારક પ્રવાહી રસાયણ છાંટવા અથવા ફેકવા નહી અથવા ફેકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેકવાના, ધકેલવાના યંત્રો અથવા સાધનો લઈ જવા નહી, એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહી;

(૪) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી;

(૫) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સૂત્રો પોકારવા નહી, અશ્લિલ ગીતો ગાવા નહી, અથવા ટોળામાં ફરવું નહી;

(૬) જેનાથી સુરૂચિ નીતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી તેવા હાવભાવ કરવા નહી તથા તેવા ચિત્રો પત્રિકા પોસ્ટકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહી બનાવવા નહી તથા તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમ નીચેની વ્યક્તિને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યક્તિઓને કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું રમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય;

(૨) જીલ્લા પોલીસ અધિકારીશ્રીએ તેને અધિકૃત કરેલા કોઈ પણ પોલીસ અધિકારી ને જેને શારીરીક અશક્તિને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી શકાય તે વ્યક્તિને,

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી નર્મદા અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી નર્મદા આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યક્તિઓને.

અનુસૂચિ

નર્મદા જિલ્લાનો સમગ્ર વિસ્તાર

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ (૧) મુજબ દડની પણ સજા થશે

આજ તારીખ ૧૨મી જાન્યુઆરી ૧૯૯૮ ના રોજ મારી સહી કરી સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની લમ ૩૭ (૧) અન્વયે કાઢેલો, હુકમ.

ક્રમાંક એમ એ જી/વશી/૧૧૯.—નર્મદા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જવાઈ રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં વ્યક્તિઓની કોઈ મંડળી સરઘસની મનાઈ કરવાનું મને જરૂર જણાય છે.

તેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨)માં ની કલમ ૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂએ હું એમ. ડી. મોડીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ (રાજપીપલા) આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૧૨મી જાન્યુઆરી ૧૯૯૮ ના દિવસે સવારના ૦૦ ૦૦ કલાકથી તારીખ ૨૬મી જાન્યુઆરી ૧૯૯૮ ના રોજ સાંજના ૨૪ ૦૦ સુધી (બંને દિવસો સુધ્ધા) ની મુદત માટે નર્મદા જિલ્લામાં ચાર કરતા વધુ વ્યક્તિઓની કોઈ મંડળી સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

અનુસૂચિ

વધુમાં હુ આદેશ કરુ છું કે આ હુકમની નીચેનાને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યક્તિઓને
(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યક્તિઓને
(૩) કોઈ લગ્નના વરઘોડાને.
(૪) કોઈપણ સ્મશાનયાત્રાને.

આ હકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૫ (૧) મુજબ અને ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ (સને ૧૮૬૦ ના ૪૫માં) ની કલમ ૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૨મી જાન્યુઆરી ૧૯૯૮ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

એમ. ડી. મોડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા રાજપીપલા.

INDEX

BY COMPETENT AUTHORITY AND DEPUTY COLLECTOR

Notification

THE URBAN LAND (CEILING AND REGULATION) ACT, 1976.

[Section 10 (*1*) *read* with Rule-6].

No. ULC-1076-1115-D-918-783-4707/Manjalpur.—It is hereby notified that such vacant land as is described in the schedule below is/to be acquired by the Government of Gujarat. The claims of all person interested in such vacant land may be made by them personally or by their agents giving particulars of the nature of their interest. The claims will be received by the Competent Authority upto thirty days after the date of publication of this notification in the Gazette.

SCHEDULE

Name of the Holder : Patel Devjibhai Lallubhai Manjalpur:

Details of vacant lands to be acquired :

District	Taluka	Village	Description of the land		Remarks
			Sr. No.	Area Sq.mtrs.	
1	2	3	4-a	4-b	5
Vadodara	Vadodara	Manjalpur	604/2 F. P. No. 182 281/2	2900 Sq.mt. 4148 ”	
				7048 Sq.mt.	

Vadodara, 28th January, 1996.

(Sd) Illegible,
Competent Authority and Deputy
Collector, U. L. C., Vadodara.

સક્ષમ અધિકારી અને નાયબ કલેકટર દ્વારા

જાહેરનામું

શહેરી જમીન (ટોચ-મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬.

[કલમ ૧૦(૧) તથા નિયમ ૬ અનુસાર].

નંબર યુ.એલ.સી./૧૦૭૬/૧૧૧૫-ડી/૯૧૮/૭૮૩/૪૭૦૭/માંજલપુર.— આથી જાહેર કરવામાં આવે છે કે, આ સાથે સામેલ રાખેલ પરિશિષ્ટમાં જણાવેલી વિગતવાળી ખુલ્લી જમીન ગુજરાત સરકાર સંપાદન કરનાર છે. સદરહુ જમીન ઉપર જે કોઈ ઈસમનો હકક દાવો હશે, તેઓએ જાતે અગર અધિકૃત એજન્ટ મારફતે તેઓએ હકક અંગેનો હકક સંબંધીની સંપૂર્ણ વિગત સહ રજુ કરશો.

હકક સંબંધીનો દાવો સક્ષમ અધિકારીશ્રી સદરહુ જાહેરનામું સરકારી રાજ્યપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી 30 દિવસની મુદત સુધીમાં સ્વીકારશે.

શિડયુઅલ

પત્રક ફાઇલ કરનારનું નામ : દયારામ લલ્લુભાઈ પટેલ રે. માંજલપુર

સંપાદન કરવાની ખુલ્લી જમીનની વિગત :—

જિલ્લો	તાલુકો	ગામ	જમીનની વિગત		શેરો
			સર્વે નંબર	વિસ્તાર ચો.મી.	
૧	૨	૩	૪-અ	૪-બ	૫
વડોદરા	વડોદરા	માંજલપુર	સ.નં. ૬૦૪/૨ ૧૮૨ ફા. પ્લોટ નં. ૨૮૧/૧	૨૯,૦૦ ચો. મી ૪,૧૪૮ ”	
				૭,૦૪૮ ચો. મી.	

વડોદરા, તારીખ ૨૮મી જાન્યુંઆરી, ૧૯૯૭.

(સહી) અવાચ્ય,
સક્ષમ અધિકારિ અને નાયબ કલેકટર,
(શ. જ. ટો. મ.) વડોદરા.

INDEX

Notification

THE URBAN LAND (CEILING AND REGULATION) ACT, 1976.

[Under section 10 (*1*) *read* with Rule 6].

No. ULC 6 (i) 6/693/Case No 4 (1) 73/89/Palnpore Unit-2.—Whereas draft statement dated 12th December, 1989 was served on Shri Iswarbhai Dahyabhai Modi and others under sub-section (*3*) of section 8 of the Urban Land (Ceiling and Regulation) Act, 1976, in Form III appended to rule 5 of the Urban Land (Ceiling and Regulation) Rules, 1976 in respect of the vacant land held by her with a notice inviting the objection to the draft statement and whereas the objections to the draft statement were received from her and after hearing the party and considering the objections a final statement dated 13th January, 98 under section 9 was served on her in the manner referred to in the said sub-section (*3*) of section 8.

Now therefore in exercise of the powers conferred on me under sub-section (*1*) of section 10 of the said Act, I hereby notify that :—

(i) The vacant land as specified in the Schedule appended herewith is to be acquired by the Government of Gujarat ; and

(ii) All the persons interested in the vacant land specified in the Schedule may file their claims in respect of the said land, personally or through their agents giving particulars of the nature of their interest in said land before the undersigned within 30 days from the date of publication of this notification in the *Gujarat Government Gazette*.

SCHEDULE

Details of the vacant land held by the person in excess of the celing limit :—

Sr. No.	Name of the holder	Village	Taluka	Details of lands		Remarks
				Survey No./ Block-No.	Area in (Sq. Mts.)	
1	2	3	4	5(a)	5(b)	6
1	Shri Ishwarbibi Dahyabhai Modi Shri Babulal Dahyabhai Modi	Palnpore	Chorasi	34/paiki (Block No. 46)	242.00	

Surat, 13th January, 1998.

જાહેરનામું

શહેરી જમીન (ટોચ-મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬.

[કલમ-૧૦ (૧) તથા નિયમ-૬ અનુસાર].

નંબર યુ.એલ.સી. ૬ (૧) ૬/૬૯૩/કેશ રજી. નં. ૪(૧) ૭૩/૮૯/પાલણપોર યુનિટ ૨.—જે અર્થે, શ્રી ઈશ્વરભાઈ ડાહ્યાભાઈ મોદી વિગેરે એ ધારણ કરેલ ખુલ્લી જમીન સંબંધમાં શહેરી જમીન (ટોચ—મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૮ (૩) મુજબ શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) બાબતના નિયમો, ૧૯૭૬નાં નિયમ-૫ હેઠળ નિયત કરેલ નમૂના નં. ૩ પ્રમાણેનું તારીખ ૧૨મી ડિસેમ્બર, ૧૯૮૯નુ મુસદ્દા પત્ર વાંધા રજૂ કરવાની નોટીસ સહીત તેઓને બજાવવામાં આવેલ અને તે સામે તેઓ તરફથી વાંધા રજુ કરવામાં આવેલ હતા અને સદરહુ વાંધાઓ અંગે રૂબરૂ સુનાવણી આપ્યા બાદ તથા તે વિચારણામાં લીધા બાદ કલમ-૯ હેઠળ તારીખ ૧૩મી જાન્યુઆરી, ૧૯૯૮નું આખરી પત્રક કલમ-૮ (૩) માં ઠરાવ્યા અનુસાર બજાવવામાં આવેલ છે.

વાસ્તે, ઉપરોક્ત ધારાની કલમ-૧૦ (૧) અન્વયે મળેલ અધિકારની રૂએ, હું, આથી જાહેર કરૂં છું કે :— (૧) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીન ગુજરાત રાજ્ય સરકાર સંપાદન કરનાર છે, અને (૨) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીનમાં હિત ધરાવતા ઈસમો તેમના હક્ક, દાવા જાતે અગર તેમના પ્રતિનિધિ મારફત જમીનમાંના તેમના હિતના પ્રકાર અને વિગતો સાથે નીચે સહી કરનાર સમક્ષ આ જાહેરનામું ગુજરાત સરકારના રાજ્યપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી દિન-૩૦ માં કરી શકશે.

પરિશિષ્ટ

અનુ. નંબર	જમીન ધારકનું નામ	ગામ	તાલુકો	જમીનની વિગત		શેરો
				સર્વે નંબર પ્લોટ નંબર	ક્ષેત્રફળ (ચો. મીટરમાં)	
૧	૨	૩	૪	૫-અ	૫-બ	૬
૧	ઈશ્વરભાઈ ડાહ્યાભાઈ મોદી બાબુલાલ ડાહ્યાભાઈ મોદી	પાલણપોર	ચોર્યાસી	૩૪/ પૈકી (બ્લોક નં. ૪૬)	૨૪૨.૦૦	

સુરત, તારીખ ૧૩મી જાન્યુઆરી, ૧૯૯૮.

INDEX

Notification

THE URBAN LAND (CEILNG AND REGUIATION) ACT, 1976 :

[Section 10 (*1*) *read* with Rule-6]

No. ULC 6 (i) 1 /1753/Rander, Unit-5.—Whereas draft statement dated 23rd September, 1982 was serve on Shri Ishwarbhai Parsottambhai Gajjar under Sub-Section 3 of Section 8 of the Urban Land (Ceiling and Regulation) Act, 176, In Form III appended to rule 5 of the Urban Land (Ceiling and Regulation) Rules 1976, in respect of the vacant land held by him with a notice inviting the objection to the draft statement and whereas the ob ections to the draft statement were received from him and after hearing the party and considering the objections, a final statement dated 29th January, 1994 under section 9 was served on him in the manner refered to in the said sub-section 3 of section 8.

Now therefore in exercise of the power conferred on me under sub-section (1) of section 10 of the said Act, I he hereby notify that :—

(i) The vacant land as specified in the Schedule app ended herewith is to be acquired by the Government of Gujarat: and

(ii) All the persons interested in the vacant land, specified in the Schedule may file their claims in respect of the said land' personally or through their agents giving particulars of the nature of their interest in said land before the undersigned with in 30 days from the date of publication of this notification in the Gujarat Government Gazette.

SCHEDULE

Details of the vacant land held by the person in excess of the ceiling limit.

Sr. No.	Name of the holder	Village	Taluka	Details of land		Remarks
				Survey No. Final Plot No.	Area in Sq. mts.	
1	2	3	4	5(a)	5(b)	6
1.	Ishwarbhai Parsottambhai Gajjar	Pisad	Chorasi	31/1 31/2 31/3 Block No. 38.	20354.00	

Surat 15th January, 1998.

R. C. KANSARA,
Competent Authority and Deputy Collector
Urban Land Ceiling, Surat.

જાહેરનામું

શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬.

[કલમ-૧૦ (૧) તથા નિયમ-૬ અનુસાર].

નંબર યુ. એલ. સી. /૬(૧)૧/૧૭૫૩ / રાંદેર /યુનિટ-૫.— જે અર્થે, શ્રી ઈશ્વરભાઈ પરસોત્તમભાઈ ગજ્જર એ ધારણ કરેલ ખુલ્લી જમીન સંબંધમાં શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ ની કલમ-૮ (૩) મુજબ શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) બાબતના નિયમો, ૧૯૭૬નાં નિયમ-૫ હેઠળ નિયત કરેલ નમૂના નં. ૩ પ્રમાણેનું તારીખ ૨૩મી સપ્ટેમ્બર, ૧૯૮૨નું મુસદ્દા પત્રક વાંધા રજૂ કરવાની નોટીસ સહીત તેઓને બજાવવામાં આવેલ અને તે સામે તેઓ તરફથી વાંધા રજુ કરવામાં આવેલ હતા અને સદરહુ વાંધાઓ અંગે રૂબરૂ સુનાવણી આપ્યા બાદ તથા તે વિચારણામાં લીધા બાદ કલમ-૯ હેઠળ તારીખ ૨૯મી જાન્યુઆરી ૧૯૯૪નું આખરી પત્રક કલમ-૮ (૩)માં ઠરાવ્યા અનુસાર બજાવવામાં આવેલ છે.

વાસ્તે, ઉપરોક્ત ધારાની કલમ-૧૦ (૧) અન્વયે મળેલ અધિકારની રૂએ, હું આથી જાહેર કરું છું કે :— (૧) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીન ગુજરાત રાજ્ય સરકાર સંપાદન કરનાર છે, અને (૨) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીનમાં હિત ધરાવતા ઈસમો તેમના હક્ક, દાવા જાતે અગર તેમના પ્રતિનિધિ મારફત જમીનમાંના તેમના હિતના પ્રકાર અને વિગતો સાથે નીચે સહી કરનાર સમક્ષ આ જાહેરનામું ગુજરાત સરકારના રાજ્યપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી દિન-૩૦ માં કરી શકશે.

INDEX

પરિશિષ્ટ

અનુ. નંબર	જમીન ધારકનું નામ	ગામ	તાલુકો	જમીનની વિગત		શેરો
				પ્લોટ નંબર	ક્ષેત્રફળ (ચોરસ મીટરમાં)	
૧	૨	૩	૪	૫-અ	૫-બ	
૧	શ્રી ઈશ્વરભાઈ પરસોત્તમભાઈ ગજ્જર	પીસાદ	ચોર્યાસી	૩૧/૧ ૩૧/૨ ૩૧/૩ બ્લોક નં. ૩૮	૨૦૩૫૪-૦૦	

સુરત, તારીખ ૧૫મી જાન્યુઆરી ૧૯૯૮.

આર. સી. કંસારા,
સક્ષમ અધિકારી અને નાયબ કલેક્ટર
શહેરી જમીન ટોચમર્યાદા, સુરત.

Notification

THE URBAN LAND (CEILING AND REGULATION) ACT 1976.

[Under section 10 (*1*) *Read* with Rule (6)].

No. ULC/1076-1115/D.-183/3495/787/5310/4-3.—It is hereby notified that such vacant land as is described in the schedule below is to be acquired by the Government of Gujarat. The claims of all persons interested in such vacant land may be made by them personally or by their agent giving particulars of the nature of their interest. The claims will be received by the Competent Authority upto thirty days after the date of publication of this notification in the *Gazette.*

SCHEDULE

Name of the holder : Shri Esmaillmiya Azammiya Malek and other

Details of vacant lands to be acquired :—

District	Taluka	Village	Description of the land		Remarks
			Survey No. 4(a)	Area (Sq. mtrs.) 4(b)	
1	2	3			5
Vadodara	Vadodara	Bapod	841 F.P.No. 551 ,, 552 ,, 610	 855 Sq. mts. 580 ,, 3537 ,,	
				4972 Sq.mts.	

Vadodara, 29th December, 1997.

H. C. Modi,
Competent Authority,
and Deputy Collector, U.L.C., Vadodara.

જાહેરનામું

શહેર જમીન (ટોચ મર્યાદા અને નિયમન), અધિનિયમ ૧૯૭૬.

[કલમ ૧૦ (૧) તથા નિયમ ૬ અનુસાર].

નંબર યુ. એલ. સી. ૧૦૭૬/૧૧૧૫/ડી./૧૮૩૧—બાપોદ.—આથી જાહેર કરવામાં આવે છે કે, આ સાથે સામેલ રાખેલ પરિશિષ્ટમાં જણાવેલી વિગતવાળી ખુલ્લી જમીન ગુજરાત સરકાર સંપાદન કરનાર છે. સદરહુ જમીન ઉપર જે કોઈ ઈસમનો હક્ક દાવો હશે તેઓએ જાતે અગર અધિકૃત એજન્ટ મારફતે તેઓએ હક્ક અંગેનો હક્ક સંબંધિની સંપૂર્ણ વિગત સહ રજુ કરશો.

INDEX

હક્ક સંબંધિનો દાવો સક્ષમ અધિકારીશ્રી સદર જાહેરનામું સરકારી રાજ્ય પત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની મુદત સુધીમ સ્વિકારશે.

શીડયુઅલ

પત્રક ફાઇલ કરનારનું નામ : શ્રી ઈસ્માઈલમીયા આઝમમીયાં મલેક તથા અન્ય સંપાદન કરવાની ખુલ્લી જમીનની વિગત.

જિલ્લો	તાલુકો	ગામ	જમીનની વિગત		શેરો
			સર્વે નંબર	વિસ્તાર (ચો.મી.)	
૧	૨	૩	૪-અ	૪-બ	૫
વડોદરા	વડોદરા	બાપોદ	૫૮૪૧ નાં		
			એફ. પી નં. ૫૫૧	૮૫૫ ચો.મી.	
			,, ૫૫૨	૫૮૦ ,,	
			,, ૬૧૦	૩૫૩૭ ,,	
			વડોદરા શહેરના ટીકા નં. એ ૧૪/૯ સ. નં. ૧૮		
				૪૯૭૨ ચો.મી.	

નોંધ : સદર જમીન સરકારશ્રીના મ. વિ. ના હુંકમ ક્રમાંકયુ.એલ.સી./૩૪૯૫/૭૮૭/૫૩૧૦/વ. ૩, તારીખ ૧૧-૪-૯૭ અન્વયે ફાજલ કરેલ છે.

વડોદરા, તારીખ ૨૯મી ડીસેમ્બર ૧૯૯૭.

હર્ષવર્ધન મોદી,
સક્ષમ અધિકારી અને નાયબ કલેકટર,
શહેરી જમીન ટોચ મર્યાદા,
વડોદરા, યુનીટ નં.

ભાગ—૧

અસાધારણ રાજ્યપત્રની યાદી

(ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખ ૩૦મી જન ૧૯૮૭ ના ઠરાવ ક્રમાંક : મદન/૧૦૮૫/૫૨૯૫/દના આધારે તારીખ ૧, ૮, ૧૫, ૨૨, ૨૯ માહે જાન્યુઆરી, સન ૧૯૯૮ના રોજ પૂરા થયેલા અઠવાડીયામાં નીચે જણાવેલ ગુજરાત સરકારના અસાધારણ રાજ્યપત્રો પ્રસિધ્ધ થયેલા છે.

અનુ. નંબર	અસાધારણ રાજ્યપત્રનો ક્રમાંક અને તારીખ	હોદો
૧	૨	૩
૧	૧૮૫ / ૧૨મી ડિસેમ્બર, ૧૯૯૭	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ.
૨	૧૮૬ / ૧૫મી ડિસેમ્બર, ૧૯૯૭	જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા.
૩	૧૮૭ / ૧૫મી ડિસેમ્બર, ૧૯૯૭	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા.
૪	૧૮૮ / ૧૭મી ડિસેમ્બર, ૧૯૯૭	જિલ્લા કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા.
૫	૧૮૯ / ૧૭મી ડિસેમ્બર, ૧૯૯૭	કલેકટર, પંચમહાલ, ગોધરા.
૬	૧૯૦ / ૨૨મી ડિસેમ્બર, ૧૯૯૭	કલેકટર, ગાંધીનગર.
૭	૧૯૧ / ૨૩મી ડિસેમ્બર, ૧૯૯૭	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.
૮	૧૯૨ / ૨૬મી ડિસેમ્બર, ૧૯૯૭	જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા.
૯	૧૯૩ / ૨૯મી ડિસેમ્બર, ૧૯૯૭	જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા.
૧૦	૧૯૪ / ૨૯મી ડિસેમ્બર, ૧૯૯૭	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ.

INDEX

૧	૨	૩
૧૧	૧૯૫/૩૧મી ડિસેમ્બર, ૧૯૯૭	કલેક્ટર, પંચમહાલ, ગોધરા.
૧૨	૧/૧લી જાન્યુઆરી, ૧૯૯૮	જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા.
૧૩	૨/૨જી જાન્યુઆરી, ૧૯૯૮	જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા.
૧૪	૩/૩જી જાન્યુઆરી, ૧૯૯૮	પોલીસ કમિશનર, વડોદરા શહેર.
૧૫	૪/૩જી જાન્યુઆરી, ૧૯૯૮	જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા.
૧૬	૫/૫મી જાન્યુઆરી, ૧૯૯૮	જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત.
૧૭	૬/૮મી જાન્યુઆરી, ૧૯૯૮	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા.
૧૮	૮/૯મી જાન્યુઆરી, ૧૯૯૮	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] THURSDAY, FEBRUARY 5, 1998 / MAGHA 16, 1919 [No. 6

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENTS

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders (other than these published in Parts I-A, IV-A, IV-B) and IV-C) Pertaining only to the Supplement to the Central Gazette,	49—60
Part I-A	—Orders and Notifications (other than those published in Part IV-B) under the Bombay Local Boards Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts pertaining only to the Supplement to the Central Gazette.—	6
Part, I-B	—Government Notifications published under Land Acquisition act only.	24-44
Part-I-L	Notifications, Orders and Awards (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.	179—285

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલો હુકમ.

હુકમ

ક્રમાંક ઉ/ગપક/એલબી/જાહેરનામું/૩૦૮૧/૯૮.—જયારે ભારતના નિર્વાચીન આયોગ દ્વારા ભારત દેશના લોકસભા તથા ગુજરાત રાજ્યની વિધાનસભની સામાન્ય ચૂંટણી-૧૯૯૮નો વિગતવાર કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ છે ભારતના નિર્વાચીન આયોગે ભારતના બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક ૪૬૪/૯૮-એલએન્ડઓ/૫ એલએન-૧ તારીખ ૧૨મી જાન્યુઆરી ૧૯૯૮ ના પેરા નંબર-૬ માં આપેલ સૂચના મુજબ ચૂંટણી જાહેર થયા પછી હથિયારો સાથે હરવા ફરવા ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મુકવાનો રહે છે.

(૨) જ્યારે અગાઉના લોકસભા અને વિધાનસભાના સામાન્ય સામાન્ય ચુંટણીઓ દરમ્યાન સુરત શહેર પોલીસ કમિશનરે વિસ્તારના જુદા જુદા સ્થળોએ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિત કથળી હતી. તે ધ્યાનમાં લેતા જણાય છે કે આ વખતના લોકસભા અને વિધાનસભાની સામાન્ય ચુંટણીઓ દરમ્યાન પણ હિંસક બનાવો બને અથવા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને બગાડવાના કૃત્યો થાય તેવી શકયતા રહે છે. મુકત અને ન્યાયી ચુંટણી થાય તે માટે તેમજ ચુંટણી પ્રક્રિયા દરમ્યાન લોકોની સલામતી રહે અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય તેવી કાર્યવાહી કરવાની મને જરૂર જણાય છે.

(૩) અને જ્યારે હિંસક બનાવોમાં તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણને બગાડતા કૃત્યોમાં હથિયારોના ઉપયોગ થાય તેવી શકયતા રહે છે જેથી ચુંટણી પ્રક્રિયા દરમ્યાન સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં હથિયારોનો ઉપયોગ ગેરકાયદેસર રીતે થઈ ન શકે તે માટે સુરત પોલીસ કમિશનરેટ વિસ્તારમાં હથિયારો સાથે હરવા ફરવા ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી જણાય છે. સુરત શહેર પોલીસ કમિશનરેટ બહારથી જે લોકોએ હથિયાર પરવાના મેળવેલ હોય તેવા હથિયારોનો ઉપયોગ ચુંટણી પ્રક્રિયા દરમ્યાન તેઓ સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં ન કરી શકે તેનો ઉપાય પણ કરવાની મને તાત્કાલિક જરૂર જણાય છે.

(૪) અને જેથી હું, જી. સી. રાયગર (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, સુરત શહેર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ના કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરું છું કે,

(૧) સુરત શહેર પોલીસ કમિશનરેટના સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ ની કલમ-૨ ની વ્યાખ્યામાં આવતું કોઈપણ હથિયાર ધારણ કરવું નહી, અથવા આવા હથિયાર સાથે હરવું ફરવું નહી

(૨) સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તાર બહારથી મેળવેલ હથિયાર પરવાના ધારણ કરનાર વ્યકિતઓએ સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં વસવાટ કરતા હોય તો તેઓએ પણ હથિયાર ધારણ કરવું નહીં અથવા આવા હથિયાર સાથે જાહેરમાં હરવું ફરવું નહીં

અપવાદ :

આ હુકમનો પેટા નંબર-૪ (૧) અને (૨) નીચેના વ્યકિતઓને લાગુ પડશે નહીં

(૧) સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમને ઉપરી અધિકારીઓએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય તે વ્યકિતઓને

(૨) રાષ્ટ્રીયકૃત તેમજ સહકારી બેંકો અને સેન્ટ્રલ ગર્વમેન્ટ તેમજ રાજ્ય સરકારના જાહેર સાહસોના સુરક્ષા અર્થે રાખેલ સીકયુરીટી ગાડ તેમજ સુરત મહાનગરપાલિકા, સુરત શહેરમાં આવેલ હીરાની કંપનીઓ, તથા સોના-ચાંદીના દુકાનોની સલામતીની ફરજ બજાવતા ગાડને (વ્યકિતઓને) કામકાજના સમય દરમ્યાન હથિયાર સુરક્ષા અર્થે રાખવાની છૂટ રહેશે.

લોકસભા તથા વિધાનસભાની સામાન્ય ચુંટણી-૧૯૯૮ની ચૂંટણી પ્રક્રિયા શરૂ થઈ ગયેલ હોય અને ચૂંટણાનો સમયબધ્ધ કાર્યક્રમ અમલમાં આવેલ હોય અને યોગ્ય સમયમાં નોટીસ બજાવા શકાય તેમ ન હોય અને સુનાવણી રાખી શકાય તેમ ન હોય ઉપર પેરા નં. ૪ માં જણાવ્યા મુજબ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ (૨) હેઠળ હુકમ કરું છું.

આ હુકમ તારીખ ૧૫માં માર્ચ, ૧૯૯૮ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૨૯મી જાન્યુઆરી ૧૯૯૮ ની રોજ મારી સહી કરી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો

જી. સી. રાયગર.
પોલીસ કમિશનર
સુરત શહેર.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

નંબર ડી/એમએજી-૧/ લોકસભા / વિધાનસભા / ચૂંટણી—આથી મને એવી ખાત્રી કરાવવામાં આવી છે કે, આગામી ફેબ્રુઆરી, ૧૯૯૮ માસમાં ૧૪—બનાસકાંઠા સંસદીય મતદાર વિભાગની લોકસભા અને વિધાનસભા મતદાર વિભાગોની સામાન્ય ચૂંટણી યોજનાર છે. આ ચૂંટણીના સંદર્ભમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને ચૂંટણી પ્રક્રિયા સરળ અને શાંત વાતાવરણમાં યોજાય તે માટે ચૂંટણી પંચની મળેલ રચના અન્વયે મતદાર વિભાગોમાં હથિયારો સાથે લઈ જવા પર ફરવા પર પ્રતિબંધ ફરમાવવો જરૂર છે.

આથી હું અનુરાધા મલ્લ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, બનાસકાંઠા પાલનપુર ઉપરોકત હકીકતને ધ્યાને લેતાં, સને ૧૯૭૩ના ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ થી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે :—

(૧) ૧૪—બનાસકાંઠા સંસદીય મતદાર વિભાગની લોકસભા તેમજ તમામ વિધાનસભા મતદાર વિભાગોની સામાન્ય ચૂંટણી તેમજ ૧૫—સાબરકાંઠા સંસદીય મતદાર વિભાગમાં સમાવિષ્ટ દાંતા અને વડગામ મતદાર વિભાગની ચૂંટણીની પ્રક્રિયા સુધી એટલે કે તારીખ ૨૮મી જાન્યુઆરી, ૧૯૯૮ થી તારીખ ૧૫મી માર્ચ, ૧૯૯૮ સુધીના સમય દરમ્યાન સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં સરકારી ફરજ સિવાયની વ્યકિત એટલે કે ખાનગી વ્યકિત) આજે હથિયાર પરવાના તળે હથિયાર ધારણ કરે છે તેઓ તેમના હથિયારો સાથે લઈને જાહેરમાં ફરવા ઉપર પ્રતિબંધ ફરમાવવા હુકમ કરું છું.

જો કે, સદરહું હુકમ વ્યકિતગત રીતે સમગ્ર બનાસકાંઠા જિલ્લાના તમામ હથિયાર પરવાનેદારોને બજાવી શકાય તેમ નથી, તેમ છતાં આ હુકમ કરવો અતિ આવશ્યક હોઈ એકતરફી હુકમ કરવામાં આવે છે.

આ હુકમ તારીખ ૨૮મી જાન્યુઆરી, ૧૯૯૮ થી તારીખ ૧૫મી માર્ચ, (૧૯૯૮ સુધી અમલમાં રહેશે.

આજ રોજ તારીખ ૨૩મી જાન્યુઆરી, ૧૯૯૮ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

અનુરાધા મલ્લ,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
બનાસકાંઠા, પાલનપુર.

INDEX

જાહેરનામું

સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના મુંબઇના ૨૨માંની) કલમ ૩૩ (૧) બી મુજબનું.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/મકરસંક્રાંતિ/૧/૯૮.—તારીખ ૧૪મી જાન્યુઆરી ૧૯૯૮ના રોજ મકરસંક્રાંતિનો જાહેર તહેવાર આવે છે. આ તહેવારના દિવસે ઘણા લોકો પતંગો રસ્તા ઉપર ઉડાડે છે અને કપાયેલા પતંગો તથા દોરો મેળવવા ઘણા લોકો હાથમાં લાંબા ઝૂંડા, તથા વાંસ રાખી જાહેર રસ્તા અને જગ્યાઓમાં દોડા દોડી કરતા હોય છે. જેથી જાહેર રસ્તાઓ તેમજ જગ્યાઓમાં અડચણો ઉભી કરી ભયજનક રીતે અથવા અગવડભરી રીતે વર્તતા સંભવ છે જેને લીધે વાહન વ્યવહારને અવરોધ ઉભો થવા તથા અકસ્માતો થવાની સંભાવના રહે છે. તે ઉપરાંત લાંબા ઝંડા તથા વાંસ ટેલીફોન તથા ઈલેકટ્રીક તારને અડવાથી સંદેશા વ્યવહાર ખોટકાય જવા તથા ટેલીફોનના તારને નુકશાન થવા તેમજ ઈલેકટ્રીક તારને અડવાથી અકસ્માતો પણ સર્જાવા સંભવ રહે છે. જેથી જાહેર સલામતી ખાતર આવી રીતે જાહેર રસ્તાઓ ઉપર પતંગો ઉડાડતા હાથમાં લાંબા ઝંડા તથા વાંસ વગેરે લઈ જાહેર રસ્તામાં તથા જગ્યાઓમાં હરવા ફરવા, દોડાદોડી કરવા તથા લંગરો નાંખી પતંગો કે દોરી લુંટવા ઉપર પ્રતિબંધ મુકવા જરુરી જણાય છે. જે વાસ્તે હું બી. એન. જોષી જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩(૧) (બી) મુજબ મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, તારીખ ૭મી જાન્યુઆરી ૧૯૯૮ થી ૨૦મી જાન્યુઆરી ૧૯૯૮ સુધી ના દિવસો દરમ્યાન નવસારી જિલ્લાના સમગ્ર વિસ્તારની હદમાં કોઈપણ વ્યકિતને જાહેર રસ્તામાં અથવા જગ્યાઓ ઉપર પતંગો ઉડાડવી નહિ તેમજ હાલમાં લાંબા ઝંડા કે વાંસ લઈ જાહેર રસ્તાઓ તેમજ જગ્યાઓમાં હરવું ફરવું નહિ, કે કપાયેલા પતંગ અથવા દોરા મેળવવા જાહેર રસ્તા અગર જગ્યાઓમાં દોડા દોડી કરવી નહિ તથા ટેલીફોનના કે ઈલેકટ્રીક તાર પર લંગર, દોરો નાંખવા જેવું કૃત્ય કરવું કે કરાવવું નહિ.

સ્પષ્ટીકરણ.—રસ્તામાં ફૂટપાથનો સમાવેશ થાય છે.

ઉપરના હુકમનો ભંગ કરના ૨ વ્યકિતને સદરહુ અધિનિયમની કલમ ૧૩૧ મુજબ રા. ૫૦/ સુધી દંડની શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી ૧૯૯૮ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો અધિનિયમ ૨૨મો) ની કલમ ૩૭(૩) અન્વયે કાઢેલો.

નંબર ડીસીબી/એમએજી/૧/૯૮.—નવસારી જિલ્લામાં પ્રવર્તમાન પરિસ્થિતીને અનુલક્ષીને જાહેર શાંતિ અને સલામતી સારું જાહેર સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઇ ફરમાવવી જરુરી જણાય છે. વાસ્તે હું બી. એન. જોષી જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, નવસારી મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નો અધિનિયમ ૨૨મો) ની કલમ ૩૭ની પેટા કલમ (૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે નવસારી જિલ્લામાં તારીખ ૭મી જાન્યુઆરી ૧૯૯૮, થી ૨૦મી જાન્યુઆરી ૧૯૯૮ બંને દિવસો સુધ્ધા) ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી નહી કે બોલાવવી નહી સરઘસ કાઢવું નહી તેમજ ચારથી વધુ વ્યકિતઓએ (એકત્ર) ભેગા થવું નહી.

આ હુકમ લગ્નના વરઘોડાને, કે સ્મશાન યાત્રા કે એસટી બસમાં રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા મંદિર, મસ્જિદ, દેવળમાં (પ્રાર્થના માટે જતી બોનાફાઈડ વ્યકિતઓને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નો અધિનિયમ-૨૨) ની કલમ ૧૩૫(૩) મુજબ ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી ૧૯૯૮ના રોજ મારી સહી સિક્કા કરી આપવામાં આવ્યા છે.

બી. એન. જોષી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલો.

ક્રમાંક એમએજી-વશી-૧૯૦.—ભારતનાં નિર્વાચન આયોગ દ્વારા ૧૯૯૮નો લોકસભા તથા ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ ભરુચ જિલ્લામાં ચૂંટણીની તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૮ના રોજ તેમજ મતગણતરી તારીખ ૮મી માર્ચ ૧૯૯૮ના રોજ થનાર છે. ભારતના નિર્વાચન આયોગે બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રુએ હથિયારો અંગે પ્રતિબંધ મૂકવા આદેશ ક્રમાંક/૪૬૪ કાયદો અને વ્યવસ્થા/ ઈએસઓ-૨૧-૯૪ તારીખ ૨૧મી સપ્ટેમ્બર ૧૯૯૪થી જરુરી આદેશ બહાર પાડેલ છે.

અનુભવે જણાયેલ છે કે, સને ૧૯૮૯ની લોકસભાની સામાન્ય ચૂંટણી-૧૯૯૦ની વિધાનસભાની સામાન્ય ચૂંટણી તથા ૧૯૯૧ ની લોકસભાની સામાન્ય ચૂંટણી દરમ્યાન ભરુચ જિલ્લાનાં જુદાજુદા સ્થળોએ મોટા પાયે હિંસા ફાટી નીકળેલી હતી અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળી ગયેલ હતી. તે ધ્યાનમાં લેતા આ વખતની લોકસભા તથા વિધાનસભાની સામાન્ય ચૂંટણી દરમ્યાન હિંસક બનાવો ન બને અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જરુરી પ્રબંધ કરવા આવશ્યક જણાય છે.

સબબ મુકત અને ન્યાયી ચૂંટણી યોજાય તેમજ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન લોકોની સલામતી રહે, સુલેહશાંતિનો ભંગ થતો અટકાવી શકાય તે હેતુસર સમગ્ર ભરુચ જિલ્લામાં આવેલ તમામ હથિયાર પરવાનેદારોને હથિયારો સાથે ફરવા હરવા ઉપર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

INDEX

જેથી હું એસ. અપર્ણા, આઈ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરુચ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરું છું કે,

(૧) ભરુચ જિલ્લાની સમગ્ર વિસ્તારના કોઈ વ્યકિતને શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ની કલમ-૨ ની વ્યાખ્યામાં આવતુ કોઈપણ હથિયાર ધારણ કરી હરવુ ફરવું નહિ તેમજ હથિયાર પોતાના રહેઠાણના સ્થળે પોતાની સેફ કસ્ટડીમાં રાખવા

(૨) ભરુચ જિલ્લા બહારથી મેળવેલ હથિયાર પરવાના ધારણ કરનારા વ્યકિતઓ કે જેઓ હાલમાં ભરુચ જિલ્લામાં વસવાટ કરતાં હોય તેમને પણ પોતાનું હથિયાર પોતાના રહેણાંકના સ્થળે પોતાની સેફ કસ્ટડીમાં રાખવું તથા હથિયાર ધારણ કરી હરવુ ફરવું નહિ.

લોકસભા/વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૧૯૯૮ની ચૂંટણી પ્રક્રિયા શરૂ થઈ ગયેલ હોય, અને ચૂંટણીનો સમયબધ્ધ કાર્યક્રમ અમલમાં આવેલ હોય આ યોગ્ય સમયમાં નોટીસ બજાવી શકાય તેમ ન હોય, અને સુનાવણી રાખી શકાય તેમ ન હોય, ઉપર પારામાં જણાવેલ હુકમ હું ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪(૨) હેઠળ જાહેર કરું છું.

આ હુકમ તારીખ ૧૫મી માર્ચ ૧૯૯૮ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૩જી જાન્યુઆરી સને ૧૯૯૮નાં રોજ મારી સહી તથા કચેરીનો સીક્કા કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩ (૧) (બી) અન્વયે કાઢેલો.

ક્રમાંક /એમ અજી-વશી-/૧૯૧.—ભારતના નિર્વાચીન આયોગ દ્વારા લોકસભાની તથા ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૧૯૯૮નો કાર્યક્રમ જાહેર કરેલ છે. અને તે મુજબ જિલ્લામાં મતદાનની તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૮ તેમજ મતગણતરીની તારીખ ૮મી માર્ચ ૧૯૯૮ નક્કી કરવામાં આવેલ છે. ભારતની નિર્વાચીન આયોગ બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક/૪૬૪/એલ અને આ-ઈએસ-૦૨૧-૯૪તારીખ ૨૧મી સપ્ટેમ્બર ૧૯૯૪નાં પારા ૪/૧ માં આપેલ સૂચના મુજબ ચૂંટણી જાહેર થયા પછી ત્રણ થી વધુ વાહનોની કાફલામાં મોટરકાર અન્ય વાહનોની અવર જવર કરવા દેવામાં આવશે નહિ.

લોકસભાની/વિધાનસભાની સામાન્ય ચૂંટણી દરમ્યાન ચૂંટણી પ્રચાર કે અન્ય હેતુથી રાજકીય પક્ષો ઉમેદવારો તથા લોકોના વાહનો જાહેર રસ્તા ઉપર મોટી સંખ્યામાં એકજ સાથે ફરે તો લોકોમાં ભય પેદા થઈ શકે છે અને ટ્રાફીકને અડચણ ઉભી થઈ શકે છે. વધુમાં ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન તમામ રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા જાહેર રસ્તાઓ ઉપર મોટા પ્રમાણમાં વાહનો ફેરવવામાં આવતા હોય છે. જેનાથી જાહેર રસ્તાઓ ઉપર જતાં સર્વે પ્રકારના વાહનો ગાડા-ઓ તથા સવાર થઈને જનારા અથવા ગાડીમાં જનારા અથવા તો સાયકલ ઉપર જનારા અથવા ચાલતા જનારાઓને અગવડ ઉભી થવા સંભવ છે. જે ઉપર નિયંત્રણ રાખવું જરૂરી છે.

જેથી હું એસ. અપર્ણા, આઈ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ ધી મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧) (બી) થી મને મળેલ સત્તાની રુએ હુકમ કરું છું કે,

(૧) ભરુચ જિલ્લામાં જાહેર રસ્તાઓ પર ત્રણ થી વધુ વાહનો ના કાફલામાં મોટરકાર / અન્ય વાહનો ઉપર અવરજવર કરવા દેવામાં આવશે નહિ.

આ હુકમ નીચેના વાહન ધારકોને લાગુ પડશે નહિ.

(૧) મેજિસ્ટેટ અને પોલીસના વાહનોને.

(૨) ચૂંટણી કામે જતાં સરકારી વાહનોને, સક્ષમ અધિકારી દ્વારા ચૂંટણીના કામે સંપાદન કરેલ વાહનો.

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૧૫મી માર્ચ ૧૯૯૮ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૩જી જાન્યુઆરી સને ૧૯૯૮નાં રોજ મારી સહી કરી અને સીક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ના કલમ ૩૩(૧) (આર) (૩) અન્વયે કાઢેલો હુકમ.

ક્રમાંક/એમ એજી-વશી-૧૯૩.—ભારતના નિર્વાચીન આયોગ દ્વારા લોકસભાના તથા ગુજરાત વિધાનસભાના સામાન્ય ચૂંટણી ૧૯૯૮નાં કાર્યક્રમ જાહેર કરે છે અને તે મુજબ ભરુચ જિલ્લાનાં મતદાનની તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૮નાં રોજ અને મતગણતરીના તારીખ ૮મી માર્ચ ૧૯૯૮નાં નક્કી કરવામાં આવેલી છે. ભારતના નિર્વાચીન આયોગે બંધારણના કલમ-૪૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક ૩જી ઓગસ્ટ ૧૯૯૪ જે એસ-૨ તારીખ ૧૩મી જાન્યુઆરી ૧૯૯૪નાં ૫૨ નં ૩૩ અને ૩.૫માં આપેલ સૂચનાઓ મુજબ ચૂંટણી જાહેર થયા પછી લાઉડ સ્પીકરના ઉપયોગ ઉપર નિયંત્રણ રાખવા જણાવેલ છે.

ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો અને તેમના કાર્યકર્તાઓ સમર્થકો ચૂંટણી પ્રચાર ઝૂંબેશ માટે લાઉડ સ્પીકરને ઉપયોગ મોટાપાયે કરે છે. આ લાઉડ સ્પીકરનો ઉપયોગ ફકત નિયત મંચ ઉપર જ નહીં પરંતુ ટ્રક, ટેમ્પો, કાર, જીપ, ટેક્ષી વાન, ત્રણ પૈડા-વાહળા વાહનો, સ્કૂટરો, સાયકલ, રીક્ષા વિગેરે જેવા વાહનો ઉપર ગોઠવીને પણ તેનો ઉપયોગ કરવામાં આવે છે. ખૂબજ ઉંચા અવાજે, પ્રચાર કરતા લાઉડ સ્પીકરો સાથેના આ વાહનો તમામ માર્ગો, શેરીઓ અને ગલીયોમાં ફરે છે. તેમજ જુદા જુદા ગામોએ, વસ-વાટોએ, મહોલ્લાએ, વસાહતોએ અને લતાઓમાં પણ જાય છે. આને કારણે ખૂબ ધ્વનિ પ્રદૂષણ થાય છે. અને આમ જનતાની શાંતિમાં ખલેલ પહોંચે છે. અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પર આની ખૂબ જ પ્રતિકૂળ અસર પડે છે. કારણ કે વહેલી સવારથી લાઉડ સ્પીકરો વગાડવાનું જરૂર થઈ જાય છે અને તે ખૂબ જ મોડી રાત સુધી વગાડવામાં આવે છે. આના પરિણામે વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડે છે. વૃધ્ધો અશકત અને માંદાઓને પણ ઉંચા અવાજથી ખૂબ જ તકલીફ પડે છે. સામાન્ય પ્રજાને ખૂબ જ હરકત, અગવડ, ત્રાસ જોખમ અને ભય થાય છે. જેથી ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન લાઉડ સ્પીકર બેફામ અને મનસ્વી રીતે વગાડવા ઉપર પ્રતિબંધ મુકવાનું જરુરી રહે છે.

જેથી હુ એસ. અપર્ણા, આઈ.એ.એસ. જિલ્લા મેજિસ્ટેટ, ભરૂચ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩(૧)(આર)(૩)થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરું છું કે (૧) ચૂંટણી પ્રચારના કોઈપણ

INDEX

હેતુ માટે કોઈપણ પ્રકારના વાહનો ઉપર ગોઠવેલા લાઉડ સ્પીકરોનો ઉપયોગ સવારના ૬-૦૦ વાગ્યાથી રાત્રીના ૨૨-૦૦ વાગ્યા સુધી જ કરવાને રહેશે. કોઈપણ વિસ્તારમાં સવારના ૬-૦૦ વાગ્યા પહેલા અને રાત્રે ૨૨-૦૦ વાગ્યા પછી કોઈપણ પ્રકારના વાહનો ઉપર, ફરતા લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવા દેવામાં આવશે નહિ.

(૨) કોઈ જાહેરસભા કે સરઘસના હેતુસર સવારે ૬-૦૦ વાગ્યા પહેલા કે રાત્રે ૨૨-૦૦ કલાક પછી સ્થળ પર જ રખાયેલા લાઉડ-સ્પીકરનો ઉપયોગ કરવાનો હોય તો તેને માટે સંબંધિત સરકારી સત્તાધિકારીની અગાઉથી લેખિત પરવાનગી લેવાની રહેશે. આવી પરવાનગી આપતી વખતે, સંબંધિત સરકારી સત્તાધિકારીએ જાતે ખાતરી કરીને પરવાનગીને લીધે જાહેર શાંતિ જોખમાય નહી સુનિશ્ચિત કરીને આવી પરવાનગી આપશે અને લાઉડસ્પીકરના ઉપયોગની પરવાનગી માટે કલાકો નક્કી કરવાના રહેશે.

(૩) ચૂંટણી પ્રચાર માટે જાહેર મંચ ઉપર અથવા વાહનો દ્વારા ફરતાં લાઉડ સ્પીકરના ઉપયોગ માટે, સક્ષમ અધિકારીની લેખિત પરવાનગી પ્રથમ લેવાની રહેશે. ફરતાં વાહનોમાં ગોઠવેલ લાઉડ સ્પીકરના ઉપયોગ માટે કરવામાં આવતી અરજીમાં વાહનોનો પ્રકાર અને રજીસ્ટ્રેશન નંબર લખવાનો રહેશે જે વાહન માટે પરવાનગી આપી હોય તે વાહન સંચાલક પરવાનગીના હુકમ નંબર વાહન સાથે રાખવો પડશે.

(૪) સક્ષમ અધિકારી દ્વારા ફરતા વાહનો ઉપર ગોઠવેલ લાઉડ સ્પીકરના ઉપયોગ માટે જે પરવાનગી પત્ર(પરમીટ) આપવામાં આવે તેમાં વાહનનો પ્રકાર અને રજીસ્ટ્રેશન નંબર લખવાનું રહેશે.

(૫) ફરતાં વાહનો ઉપર અથવા નિયત સ્થળે ગોઠવવામાં આવેલ કોઈ લાઉડ સ્પીકરના ઉપયોગ માટે આવી પરવાનગી પરમીટ મેળવ્યા પછી તેનો ઉપયોગ કરનારે તે વિસ્તારના પોલીસ મથકને તેમજ સંબંધિત મતદાર વિભાગના ચૂંટણી અધિકારીશ્રી અથવા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીને તેમના દ્વારા મેળવેલ પરવાનગી પત્ર પરમીટની સંપૂર્ણ અને લેખિતમાં જાણ કરવાની રહેશે.

આ હુકમના ભંગ કરનાર ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૧૫મી માર્ચ ૧૯૯૮ સુધી અમલમાં રહેશે.

આજરોજ તારીખ ૩જી જાન્યુઆરી ૧૯૯૮ નાં રોજ મારી સહી કરી અને સીક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના કલમ ૩૩ (૧) (ડીએ) અન્વયે

કાઢેલો હુકમ.

ક્રમાંક એમ.એ.જી/ વશી-૧૯૪.—ભારતના નિર્વાચન આયોગ દ્વારા લોકસભાની તથા ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી ૧૯૯૮નો કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ જિલ્લામાં મતદાનની તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૮ તેમજ મતગણત્રીના તારીખ ૮મી માર્ચ ૧૯૯૮ નક્કી કરવામાં આવેલ છે. ભારતના નિર્વાચીન આયોગે બંધારણની કલમ ૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રુએ આપેલ આદેશ ક્રમાંક ૩/૧૦/ઈએસ/૦૦૭/એપ્રિલ / ૯૪ એચ.૨/ ૫૨૧૬ તારીખ ૨જી સપ્ટેમ્બર ૧૯૯૪ મુજબ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન વિશાળ કટઆઉટ જાહેરાત પાટીયા બેનર વિગેરે મુકવા ઉપર નિયંત્રણ રાખવાની જરૂર છે.

ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો, અને ઉમેદવારો દ્વારા જાહેરમાર્ગની બન્ને બાજુ વાહન વ્યવહારથી ધમધમતા ચાર રસ્તા, શેરીઓ, નાકા, જાહેરમાર્ગ, માલીકો મકાનો વિગેરે ઉપર વિશાળ પોસ્ટરો બેનર, રાજકીય મંત્રીઓના કટઆઉટ વિગેરે ઉભા કરવામાં આવશે અને પ્રદર્શીત કરવામાં આવે છે એ જ રીતે સરકારી અથવા સ્થાનિક સ્વરાજયની સંસ્થાના મકાનો તથા વિજળી અને ટેલીફોનના થાંભલા જેવી સરકારી મિલ્કતો સહિત તમામ પ્રકારની જગ્યાએ વિશાળ કમાનો, દરવાજા, જાહેરાત પાટીયા, બેનર, ધજાપતાકા, ભીંતચિત્રો, વિગેરે ઉભા કરે છે. અથવા મૂકે છે આને લીધે ટ્રાફીકની સમસ્યાઓ ઉભી થવા સંભવ છે. રાહદારીઓની અસલામતિ વધે છે. તેમજ જાહેર રસ્તાઓ અથવા સાર્વજનિક જગ્યાઓનું અયોગ્ય રીતે ઉપયોગ થવા સંભવ છે. અને તેથી આ માટેની જરૂરી કાર્યવાહી કરવાની જરૂરી જણાય છે.

જેથી હું એસ. અપર્ણા, આઈ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ ધી મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩(૧)(ડી) એ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે,

(૧) રાજય સરકાર, નગરપાલિકાઓ અથવા સરકારી બોર્ડ-નિગમો પંચાયતની માલિકીની રસ્તાઓ, માર્ગો, મકાનો, અથવા જગ્યાઓ ઉપર કોઈપણ રાજકીય પક્ષ અથવા લોકસભા/વિધાનસભાના ઉમેદવાર દ્વારા અથવા આવા ઉમેદવાર માટે કોઈ મંડળ, સંગઠન અથવા વ્યકિત દ્વારા સંબંધિત સરકારી કચેરી, નગરપાલિકા, પંચાયતો અથવા સરકારી બોર્ડ/નિગમની લેખિત પૂર્વ મંજુરી લીધા વગર સમાચાર બોર્ડ અથવા જાહેર નોટીસ ન હોય એવા કોઈપણ પ્રકારના કટઆઉટ, જાહેરાત પાટીયા, પોસ્ટર, ધજાપતાકા, બેનર્સ મૂકા શકાશે નહી કે દિવાલો પર ચિત્રો દોરાવા શકશે નહિ કે કમાનો, દરવાજા વિગેરે ઉભા કરી શકશે નહી.

(૨) ઉપરના ખંડ-૧માં જણાવ્યા પ્રમાણેની મંજુરી આપતા પહેલા સંબંધિત સરકારી કચેરીના સત્તાધિકારી અથવા ગરપાલિકા, પંચાયતો, સરકારી બોર્ડ, નિયમો દ્વારા આવી અરજીઓની ચકાસણી કરીને એ બાબતની ખાત્રી કરવાની રહેશે કે સૂચિત રસ્તાઓ, માર્ગો સ્થળ, અથવા મકાનોએ આવા કટઆઉટ જાહેરાત પાટીયા પોસ્ટર ધજાપતાકા બેનર્સ, કમાનો, દરવાજા, વિગેરે મૂકવાથી સામાન્ય જનતાની સલામતી કે સુરક્ષા જોખમાતી તથા તેનાથી વાહનોની કે અન્ય કોઈ પ્રકારની અવર જવરમાં કોઈ પ્રકારની અડચણ ઉભી થતી નથી અને આ માટે સદર સરકારી કચેરી, નગરપાલિકા, પંચાયતો, સરકારી બોર્ડ નિગમ દ્વારા દરેક વ્યકિતગત કિસ્સામાં સંબંધિત પોલીસ સ્ટેશનનો નો અભિપ્રાય મેળવ્યા પછી જ મંજુરી આપવા બાબતે નિર્ણય લેવાનો રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ -૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૧૫મી માર્ચ ૧૯૯૮ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૩જી માહે જાન્યુંઆરી સને ૧૯૯૮નાં રોજ મારી સહી તથા સીક્કો કરી આપ્યો.

એસ. અપર્ણા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરુચ.

INDEX

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/ફાયર/તલમ / રજી. ૨ / ૯૮.—વલસાડ જિલ્લાના પોલીસ કર્મચારીઓનું ફાયરીંગ પ્રેકટીશ ભીલાડ બટ ખાતે તારીખ ૨૦મી ડિસેમ્બર, ૧૯૯૭ થી તારીખ ૨૦મી જાન્યુઆરી, ૧૯૯૮ સુધીના સમય માટે અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક : ડીસીબી/એમએજી/બીપીએ ફાયર / તલમ/રજી. ૫૯ / ૯૭. તારીખ ૧૫મી ડિસેમ્બર, ૧૯૯૭ થી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. પરંતુ જિલ્લા પોલીસ અધિકારીશ્રી, વલસાડના જણાવ્યા અનુસાર સદર ફાયરીંગ પ્રોગ્રામ પુર્ણ થયેલ ન હોવાથી તારીખ ૨૧મી જાન્યુઆરી, ૧૯૯૮ થી ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૮ સુધી જાહેરનામાની મુદત વધારી આપવા જણાવેલ છે.

વાસ્તે હું, આર. કે. દવે, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ સને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નો ૨૨માં) ની કલમ-૩૭ ની પેટા કલમ ૧ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આ અધિનિયમની કલમ ૩૭ ની પેટા કલમ ૪ ની જોગવાઈ મુજબ નીચે જણાવેલા સ્થળે અને તારીખે ફાયરીંગ તથા તેની આજુબાજુનાં ૨ કિ. મી. વિસ્તારમાં

	તારીખ	સમય
ભીલાડ રોજ	૨૧મી જાન્યુઆરી ૧૯૯૮ થી ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૮ (બંને દિવસ સુધ્ધા)	સવારે ૭-૦૦ કલાક થી સાંજે ૧૮-૦૦ કલાક સુધી

ગોળીબાર પ્રેકટીશ દરમ્યાન આજુબાજુના રહીશો તેમજ બહારનાં કોઈ અનઅધિકૃત વ્યકિતને ઉપરોકત સમય દરમ્યાન આ જમીનની હદ વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા તેમજ ઢોરઢાંખર સાથે ઢોર ઢાંખરને પ્રવેશ આપવા મનાઈ ફરમાવવા સદરહુ ગોળીબાર પ્રેકટીશ દરમ્યાન ગોળીબારથી ઈજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત રહેવા જણાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ઈસમને ઉકત અધિનિયમની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર **થશે.**

આજ તારીખ ૨૦મી જાન્યુઆરી, ૧૯૯૮ નાં રોજ મારી **સહી** કરી તથા મુદ્રા કરી છે.

———

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧નાં મુંબઈ અધિનિયમ ૨૨ની કલમ ૩૭ (૪) અન્વયે હુકમ

નંબર ડીસીબી / એમએજી / બીપીએ / રજી ૩/૯૮.—વલસાડ શહેરમાં ધરમપુર રોડ ઉપર આવેલ કલેકટર કચેરીનાં બહુમાળી મકાનમાં જિલ્લાની ૩૦ જેટલી સરકારી કચેરીઓ આવેલી છે. આ કચેરીઓમાં પ્રજાજનો પોતાના કામો અંગે સરળતાથી કોઈ અંતરાય વગર આવાગમન કરી શકે તે ખૂબજ ઈચ્છનીય છે. કેટલાંક ઈસમો આ કચેરીઓમાં તેમજ કચેરીનાં કમ્પાઉન્ડમાં અડચણ થાય તેવા કૃત્યો કરે તે અટકાવવા જરૂરી છે.

વાસ્તે હું આર. કે. દવે, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ સને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નો ૨૨માં) ની કલમ-૩૭ ની પેટા કલમ ૧ હેઠળ મને મળેલી સત્તાની રૂએ અધિનિયમની કલમ ૩૭ની પેટા કલમ ૪ ની જોગવાઈ મુજબ વલસાડ કલેકટર, કચેરી, બહુમાળી મકાન ધરમપુર રોડ, વલસાડનાં તેમજ કમ્પાઉન્ડમાં કોઈ પણ વ્યકિત કે વ્યકિતઓ અથવા ધરણાનાં કાર્યક્રમો ઘેરાવનાં કાર્યક્રમો ઉપવાસ ઉપર બેસવાનાં કાર્યક્રમો યોજવા માટે પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમ તારીખ ૨૪મી જાન્યુઆરી, ૧૯૯૮ ના થી ૭મી ફેબ્રુઆરી ૧૯૯૮ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ઈસમ ઉકત અધિનિયમની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્રે થશે.

આજ તારીખ ૨૦મી જાન્યુઆરી, ૧૯૯૮થી મારી સહી તથા મુદ્રા કરી આપ્યા છે.

———

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલો હુકમ.

નંબર ડીસીબી /એમએજી/બીપીએ/ રજી.-૪/૯૮.—મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧નાં ૨૨માં) અધિનિયમ-કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, આર. કે. દવે, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી વલસાડ આગામી દિવસોમાં પ્રજાસત્તાક દિન રાષ્ટ્રીય તહેવાર તેમજ રમજાન ઈદ ના તહેવારની ઉજવણી દરમ્યાન જિલ્લામાં જાહેર શાંતી, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારું જરૂરી જણાતાં ફરમાવું છું કે, વલસાડ જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે નીચે જણાવેલ ૨૪મી જાન્યુઆરી ૧૯૯૮ થી ૭મી ફેબ્રુઆરી ૧૯૯૮ (બંને દિવસો સુધીનાં) સમય માટે કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદૂક, ચપ્પુ, છરા, લાકડી, અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ.

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તૈયારી કરવાની.

(ગગ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ઘ) વ્યકિતઓ અથવા તેની શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(ચ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની.

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો પત્રીકા, બાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવવા તથા ફેલાવો કરવાની.

INDEX

આ હુકમ ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ..

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેનાં ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય
(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, વલસાડે અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે લાદી જઈ લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.
(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતએ આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને. ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમ (સને. ૧૯૫૧નાં ૨૨માં) ના કાયદાની કલમ ૧૩૫(૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધી કેદની સજા થશે.

આજ રોજ તારીખ ૨૩મી જાન્યુઆરી ૧૯૯૮ના રોજ મારી સહી કરી મુદ્રા કરી આપી છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨)ની કલમ ૩૭ (૧) (છ) મુજબનો હુકમ.

નંબર ડીસીબી/એમએજી/૨ જી/૫/૯૮.— મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સન ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમ) ની કલમ ૩૭ (૧) (છ) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું આર. કે. દવે, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ આગામી લોકસભા તથા વિધાનસભાની ચુંટણીની પ્રક્રિયાઓ દરમ્યાન ચુંટણી આચારસંહિતાને ધ્યાનમાં રાખતા પ્રતિસ્પર્ધી ઉમેદવારોના ચુંટણી પ્રચારની પ્રક્રિયાઓ દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ તથા જાહેર હીત અને આચારસંહીતાની નીતિને ધ્યાનમાં રાખી વલસાડ જીલ્લામાં નીચે મુજબના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) રાજકીય પક્ષ સંગઠન/સંસ્થા અથવા ઉમેદવાર કે તેના કાર્યકરો સમર્થકો સરકારી મિલ્કતો જાહેર મિલ્કતો જેવી કે જાહેર માર્ગ પર અથવા માર્ગના ક્રોસીંગ પર માર્ગ દિશા બતાવતા સાઈન બોર્ડ, માઈલો સ્ટોન રેલ્વે સ્ટેશનો, પ્લેટફોર્મ, ટ્રેઈન, એસ. ટી. બસો, ઉપર કે ડેપો ઉપર તથા શૈક્ષણિક સંસ્થાના મકાનો તથા જાહેર મિલ્કતો વગેરે ઉપર પોસ્ટરો ચોટાડીને કે સુત્રો લખીને કે પ્રતિક ચીતરીને તે દ્વારા જાહેર મકાનો/મિલ્કતો દિવાલો ઉપર કોઈપણ પ્રકારની ચુંટણી જાહેરાત થઈ શકશે નહી.

આ હુકમ તારીખ ૨૮મી જાન્યુઆરી ૧૯૯૮ થી તારીખ ૫મી માર્ચ ૧૯૯૮ ની મુદત દરમ્યાન અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સન ૧૯૫૧ ના પોલીસ અધિનિયમ ની કલમ ૧૩૫ (૧) (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધી કેદની સજા થશે. તથા દંડને પાત્ર પણ થશે.

આજ તારીખ ૨૮મી જાન્યુઆરી ૧૯૯૮ ના રોજ મારી સહી અને સિકકો કરી આપવામાં આવે છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સન ૧૯૫૧ ના મુંબઈ અધિનિયમ, ૨૨) ની કલમ ૩૩(૧) (ખ) મુજબનો હુકમ.

ડીસીબી/એમએજી/બોપીઓ/રજી ૬/૧૯૯૮.—મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સન ૧૯૫૧ ના મુંબઈ અધિનિયમ ૨૨) ની કલમ ૩૩ (૧)(ખ) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ, હુ, આર. કે. દવે, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ વલસાડ આગામી લોકસભા તથા વિધાનસભાની સામાન્ય ચુંટણી ૧૯૯૮ ની પ્રક્રિયા દરમ્યાન ચુંટણીની આચાર-સંહિતાને ધ્યાનમાં રાખતાં વિવિધ વાહનોની અવર જવર નિયંત્રીત કરવાની તથા આ ચુંટણી અંગેની સ્પર્ધાત્મક પ્રચાર પ્રક્રિયાઓ દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની જાળવણીના જાહેર હેતુ માટે અને અવર જવરમાં અડચણ ન થાય તે માટે વલસાડ જીલ્લાના સમગ્ર વિસ્તારોમાં કોઈપણ વ્યકિતએ તારીખ ૨૮મી જાન્યુઆરી ૧૯૯૮ થી ૫મી માર્ચ ૧૯૯૮ (બંને દિવસો સુધ્ધા) દરમ્યાન નીચે જણાવેલાં કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) જાહેર રસ્તામાંની તથા જાહેર અને સાર્વજનિક જગ્યાઓ ઉપરના સર્વે પ્રકારના જાહેર રાહદારીઓના ઉપયોગ માટે લેવાતી જગ્યાઓ/માર્ગોમાં કોઈપણ વ્યકિતએ કોઈપણ સંજોગોમાં ત્રણથી વધુ વાહનોના કાફલાઓમાં ઉપરની જગ્યાઓએ વાહનો મોટરકારોની અવર જવર કરવી નહી.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(અ) પોલીસ/સરકારી વાહનો.

(બ) એસ. ટી. કોર્પોરેશન સંચાલિત એસ. ટી. બસો તેના અન્ય વાહનો

(ક) અન્ય આકસ્મિક પ્રસંગોએ આવશ્યક હોય અને તે અર્થે પેટા વિભાગીય પોલીસ અધિકારી પરવાનગી આપે તેવાં વાહનો.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સન ૧૯૫૧ મુંબઈ અધિનિયમ ૨૨) માં ની કલમ ૧૩૨ (૧૪) મુજબ એક મહીના સુધીની કેદની સજા અથવા બસો રૂપિયાની દંડની અથવા બંને પ્રકારની સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૮મી જાન્યુઆરી ૧૯૯૮ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપવામાં આવ્યો છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ, ૨૨)ની કલમ ૩૩ (૧) (ઘખ) મુજબનો હુકમ.

નંબર ડીસીબી/એમએજી/રજી/૭/૯૮.—મુંબઈ પોલીસ અધિનિયમ (૧૯૫૧ના મુંબઈ અધિનિયમ, ૨૨) ની કલમ ૩૩ (૧) (ઘ ખ) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, આર. કે. દવે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ આગામી લોકસભા તથા વિધાનસભાની સામાન્ય તબકકાવાર પ્રક્રિયાઓ દરમ્યાન ચુંટણી આચારસંહિતાનો ધ્યાનમાં રાખતા કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ તથા જાહેર હિત અને જાહેર સલામતીને કારણે વલસાડ જીલ્લાના સમગ્ર વિસ્તારોમાં કોઈપણ

વ્યકિતએ તારીખ ૨૮મી જાન્યુઆરી ૧૯૯૮ થી ૫મી માર્ચ ૧૯૯૮ સુધી (બંને દિવસો સુધ્ધાં) નીચે જણાવેલા કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) કોઇપણ ઉમેદવાર કે વ્યકિતએ પોતાના ચુંટણી પ્રચાર અંગે જાહેર માર્ગો સાર્વજનિક માર્ગો જાહેર કે સરકારી મકાનો જગ્યાઓ મિલ્કતો કે માર્ગોની બંને બાજુઓ વાહન વ્યવહાર માટે વપરાતા પ્રવૃત્ત રહેતા રસ્તા, ક્રોસીંગ ચાર રસ્તા, એસ. ટી. સ્ટેન્ડો, શેરીઓના નાકા મકાનો જાહેર મિલ્કતો વગેરે ઉપર વિશાળ પોસ્ટરો બેનરો પુઠા કે કાગળ કે અન્ય માધ્યમોના પોસ્ટરો, ચિત્રો અને રાજકીય અગ્રણીઓના કટ આઉટ વગેરે ઉભા કરવાનો અને પ્રદર્શિત કરવાનો અને એજ રીતે રેલ્વેની મિલ્કતો સરકારી મકાનો જાહેર મિલ્કતો તથા વીજળી અને ટેલીફોન થાંભલા જેવી સરકારી મિલ્કતો સહીતનો જગ્યાઓ વિશાળ મકાનો જાહેર મિલ્કતો તથા વીજળી અને ટેલીફોન થાંભલા જેવી સરકારી મિલ્કતો સહીત તમામ પ્રકારની જગ્યાએ વિશાળ કમાનો દરવાજા જાહેરાત પાટીયા બેનરો ધજા પતાકા ભીતચીત્રો વિગેરે ચુંટણીના પ્રચાર માટે મુકવા કે ઉભા કરવા નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ નો પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ (૪) મુજબ એક મહીના સુધીની કેદની સજા અથવા બસો રૂપીયા સુધીના દંડના અથવા બંને પ્રકારની સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૮મી જાન્યુઆરી ૧૯૯૮ ના રોજ મારી સહી તથા સકકો કરી આપવામાં આવે છે.

જાહેરનામું.

મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧(સને ૧૯૫૧ નો ૨૨માનો) કલમ ૩૭ (૩) અન્વયે કાઢેલો.

નંબર ડીસીબી/એસએજી/બીપીએ/રજી./૮/૯૮.—જિલ્લામાંઆગામી રમજાન ઇદનો તહેવાર તથા લોકસભા અને વિધાનસભાની સામાન્ય ચુંટણીને અનુલક્ષીને જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂ માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઇ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હુ આર. કે. દવે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨મો) ની કલમ કલમ-૩૭ ની પેટા કલમ ૩ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે વલસાડ જિલ્લામાં તારીખ ૨૮મી જાન્યુઆરી ૧૯૯૮ થી તારીખ ૧૧મી ફેબ્રુઆરી ૧૯૯૮ સુધી (બંને દિવસ સુધ્ધાં) ચાર કરતાં વધુ માણસોના કોઇ સભા કરવી કે બોલાવવી નહી સરઘસ કાઢવું નહી તેમજ ચારથી વધુ વ્યકિતઓએ ભેગા થવું નહી અથવા સરઘસ કાઢવું નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સન ૧૯૫૧ નો ૨૨મો ની કલમ-૧૩૫ (૩) મુજબ અથવા ભારતની ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૨૮મી જાન્યુઆરી ૧૯૯૮ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

આર. કે. દવે.
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭(૧) અન્વયે કાઢેલો હુકમ

ક્રમાંક એમ.એ.જી./વશી.૨૨૦/૩૧. —નર્મદા જિલ્લામાં કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ સને ૧૯૫૧ના મુંબઈનાં ૨૨માં અધિનિયમની કલમ-૩૭ ની પેટા કલમ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું એમ. ડી. મોઠીયા,

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા જાહેર શાંતિ અને સલામતી સારું ફરમાવું છું કે, કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૨૭મી જાન્યુઆરી, ૧૯૯૮ થી તારીખ ૧૦મી ફેબ્રુઆરી ૧૯૯૮ સુધી

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધારીયા, ધોકા, છરા, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈ સાધન સાથે લઈ જવું નહીં.

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહિ

(૩) પથ્થર અથવા હાનિકારક પ્રવાહી રસાયણ છાંટવા અથવા ફેંકવા નહિ અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહીં, એકઠા કરવા નહિ તથા તૈયાર કરવા નહિ.

(૪) મનુસ્યો અથવા શબો અથવા આકૃતઓ અથવા પુતળ દેખાડવા નહી

(૫) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહિ, અશ્લીલ ગીતો ગાવો નહિ અથવાં ટોળામાં ફરવું નહિ.

(૬) જેનાથી સુરૂચિ નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહિ તેવા હાવભાવ કરવા નહિ તથા તેવા ચિત્રો, પત્રિકા, પોષ્ટકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહિ બનાવવા નહિ તથા તેનો ફેલાવો કરવો નહિ

આ હુકમ નીચેની વ્યક્તિને લાગુ પડશે નહિ :

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતઓને કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ તેને અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી શકાય તે વ્યકિતને

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી નર્મદા અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી નર્મદા આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતઓને

અનુસૂચિ

"નર્મદા જિલ્લાનો સમગ્ર વિસ્તાર"

આ જાહેરનામાંના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫(૧) મુજબ દંડની પણ સજા થશે.

આજ તારીખ ૨૭મી જાન્યુઆરી, ૧૯૯૮ ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો

INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમ એ જી /વશી-૨૩૨-૭૫.—નર્મદા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી સરઘસની નામઈ કરવાનું મને જરૂર જણાય છે;

તેથી હવે. મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨ માં) ની કલમ ૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂએ હું, એમ. ડી. મોડીયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નર્મદા (રાજપીપળા) આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૨૭મી જાન્યુઆરી, ૧૯૯૮ના દિવસે સવારના ૦૦ ૦૦ કલાકથી તારીખ ૧૦મી ફેબ્રુઆરી, ૧૯૯૮ ના રોજ સાંજના ૨૩-૦૦ સુધી (બંને દિવસો સુધ્ધાં) ની મુદત માટે નર્મદા જિલ્લામાં ચાર કરતા વધુ વ્યકિતઓની કોઈ મંડળી સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

અનુસૂચિ

વધુમાં હું આદેશ કરૂં છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને.
(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને.
(૩) કોઈ લગ્નના વરઘોડાને.
(૪) કોઈપણ સ્મશાનયાત્રાને.

આ હુકમના ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૫ (૧) મુજબ અને ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ (સને ૧૮૬૦ના ૪૫માં) ની કલમ ૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૭મી જાન્યુઆરી, ૧૯૯૮ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

એમ. ડી. મોડીયા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
નર્મદા, રાજપીપળા.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૭ (૧) (છ) મુંજબનું.

નંબર પલસ-મજસ-વશી-૩૦૫.—આગામી લોકસભાની સામાન્ય ચૂંટણીઓને અનુલક્ષીને સુરૂચિ અગર નીતિનો ભંગ થતો હોય તેવા કોઈપણ પ્રકારના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ કરવો જરૂરી જણાય છે.

જેથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૧) (છ) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું કે. એસ. મેણાત (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, દાહોદ આથી ફરમાવું છું કે, સમગ્ર દાહોદ જિલ્લામાં તારીખ ૨૦મી જાન્યુઆરી, ૧૯૯૮ થી ૩જી ફેબ્રુઆરી, ૧૯૯૮ સુધી છટાદાર ભાષણો આપવાથી ચાળા પાડવાથી, અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી અથવા દેખાડવાથી અથવા તેનો ફેલાવો કરવાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા તથા છટાદાર ભાષણ આપવાની કે ચાળા વિગેરે કરવાની અને તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

આજરોજ તારીખ ૨૦મી જાન્યુઆરી, ૧૯૯૮ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપવામાં આવ્યો.

કે. એસ. મેણાત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
દાહોદ.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૭(૧) મુજબનું.

નંબર ઉ/મકપ/પલસ/મજસ/વશી/૩૬૫ થી ૪૨૯. —આગામી તારીખ ૨૭મી જાન્યુઆરી, ૧૯૯૮થી ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૯૭ દરમ્યાન લોકસભા-વિધાનસભા ની ચૂંટણીઓ તથા રમઝાનઈદ વસંતપંચમી મહાશિવરાત્રી જેવા તહેવારની ઉજવણી થનાર હોઈ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે અને શાંતીમય વાતાવરણ રહે તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ કલમ-૩૭ (૧) હેઠળ જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

જેથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું જે. એમ. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા આથી ફરમાવું છું કે સમગ્ર પંચમહાલ જીલ્લામાં તારીખ ૨૭મી જાન્યુઆરી ૧૯૯૮ થી ૨૬મી ફેબ્રુઆરી ૧૯૯૮ (બંને દિવસો સહીત).

(ક) શસ્ત્રો, દંડા, તલવાર ધોકા, બંદૂક, છરો લાકડી કે લાઠી અથવા શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહી.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવો નહી.

(ગ) પથ્થર અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તો વસ્તુઓ ફેંકવાના ધકેલવાના યંત્રો સાધનો સાથે લઈ જવા નહી, એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહી મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી, અપમાન કરવાના અથવા જાહેરમાં બીભત્સ સુત્રો પોકારવા નહી, અશ્લીલ ગીતો ગાવા નહી.

(ઘ) જેનાથી સુરૂચિ અથવા નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી તથા તેવા

પત્રકો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવી નહી, બતાવવા નહી અથવા તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી :—

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈ વ્યકિતઓને જેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું હથીયાર લઈ જવાની જેની ફરજ હોય, પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રીથી નીચેની પાયરીના ન હોય તેવા અધિકારીએ જેને શારીરીક અશકિતના કારણે લાકડી લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

આજરોજ તારીખ ર૭મી જાન્યુઆરી ૧૯૯૮ના રોજ મારી સહી તથા સિકકો કરી આપવામાં આવ્યો.

જે. એમ. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

કલેકટર દ્વારા

વંચાણમાં લીધું.—(૧) અત્રેની કચેરીનો હુકમ નં. સ૫/કસન/વશી/૩૬૩૬ થી ૮૫/૯૭, તારીખ ૧૩મી ઓકટોબર, ૧૯૯૭
(ર) સરકારશ્રીના અન્ન અને નાગરિક પુરવઠા વિભાગનો ટેલીગ્રામ/કે.એસ.એન. ૧૦૯૧/૧૩૯૮/બો. તારીખ ૧૭મી માર્ચ, ૧૯૯૪
(૩) સરકારશ્રીના અન્ન અને નાગરિકપુરવઠા અને ગ્રા. બા. વિભાગનો પત્ર ક્રમાંક : કસન/૧૧૯૭/ર૩૫૪/ભા.૧/બ, તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૮.
(૪) ધી કેરોસીન રીસ્ટ્રીકશન ઓફ યુઝ એન્ડ ફીકસેસન ઓફ સીલીંગ પ્રાઈઝ ઓર્ડર-૧૯૯૩.

હુકમ

નંબર ક્રમકમ/સ૫/કસન/ભા. ૧./વશી./ર૨૧ થી ર૮૦/૯૮.—આમુખ (૧) માં જણાવેલ અત્રેની કચેરીની તારીખ ૧૩મી ઓકટોબર, ૧૯૯૭ ના હુકમથી મહેસાણા જિલ્લામાં જુદા જુદા કેન્દ્રો માટે કેરોસીન એજન્ટો/જથ્થાબંધ વિક્રેતાઓ તેમજ છૂટક વિક્રેતાઓના સિધ્ધપુર (સુજાણપુર) ડેપોથી પ્રાપ્ત થતા કેરોસીનના વેચાણભાવે ઠરાવવામાં આવેલ છે.

આમુખ (ર) માં જણાવેલ સરકારશ્રીના તારીખ ૧૭મી માર્ચ, ૧૯૯૪ ના ટેલીગ્રામથી કેરોસીન જથ્થાબંધ વિક્રેતાઓ માટે ૧ કિલોલીટર દીઠ રૂા. ૫ર.૭૦ કમીશન ઠરાવવામાં આવેલ હવે આમુખ (૩) ના સરકારશ્રીના તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૮ ના પત્રથી કેરોસીન જથ્થાબંધ વિક્રેતાઓને (કંપની એજન્ટ) મળતા કમીશનમાં વધારો કરી પ્રતિ કિલોલીટરે રૂા. ૧ર૬-૦૦ કમીશનનો નવો દર નક્કી કરેલ છે. છૂટક વિક્રેતાને મળવાપાત્ર કમિશનનો જુનો દર સરકારશ્રી તરફથી યથાવત રાખવામાં આવેલ છે.

આમ સરકારશ્રીએ કેરોસીન જથ્થાબંધ વિક્રેતા (કંપની એજન્ટ) ને મળતા કમીશનમાં વધારો કરેલ હોઈ અત્રેનાં તારીખ ૧૩મી ઓકટોબર, ૧૯૯૭ ના હુકમથી નક્કી કરેલ ભાવોમાં વધારેલ કમિશન ધ્યાને લઈ નવેસરથી ભાવ નક્કી કરવાના થાય છે.

સબબ, સમગ્ર બાબતો ધ્યાને લઈ ધી કેરોસીન ઓફ સીલીંગ પ્રાઈઝ ઓડર, ૧૯૯૩ અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ હું, એમ. એસ. ડાગુર (આઈ.એ.એસ.) જિલ્લા કલેકટર, મહેસાણા કેરોસીન એજન્ટ તથા જથ્થાબંધ વિક્રેતાઓએ છૂટક વિક્રેતાઓએ ગ્રાહકોને વેચાણ કરવાના કમિશન સાથેના ભાવો કેન્દ્રવાર નીચે મુજબ આ સાથેની શરતોને આધિન રહી ઠરાવું છું.—

અનુ. નંબર	સેન્ટરનું નામ		કેરોસીન એજન્ટે જથ્થાબંધ વિક્રેતાને ૧૦૦૦ લીટર વેચાણ આપવાનો ભાવ રૂા. પૈ.	જથ્થાબંધ વિક્રેતાએ રીટેઈલર/ફેરીયાને ૧૦૦૦ લીટર વેચાણ આપવાનો ભાવ રૂા. પૈ.	રીટેઈલર/ફેરીયાએ ગ્રાહકોનું ૧ લીટર વેચાણ આપવાનો ભાવ રૂા. પૈ.
૧	૨		૩	૪	૫
૧	મહેસાણા	...	ર,૬ર૯.૧૫	ર,૬ર૯.૧૫	ર.૭૦
ર	આંબલીયાસણ	...	ર,૬૧૭.૮૫	ર,૬૧૭.૮૫	ર.૭૦
૩	નાગલપુર	...	ર,૬ર૩.૮૫	ર,૬ર૩.૮૫	ર.૭૦
૪	જોટાણા	...	ર,૬ર૭.૮૫	ર,૬ર૭.૮૫	ર.૭૦
૫	વિજાપુર	...	ર,૬ર૭.૮૫	ર,૬ર૭.૮૫	ર.૭૦
૬	કુકરવાડા	...	ર,૬૧૭.૮૫	ર,૬૧૭.૮૫	ર.૭૦

INDEX

૧	૨		૩	૪	૫
૭	લાડોલ	...	૨,૬૧૭.૮૫	૨,૬૧૭.૮૫	૨,૭૦
૮	વિસનગર	...	૨,૬૨૭.૮૫	૨,૬૨૭.૮૫	૨.૭૦
૯	ગોઠવા	...	૨,૬૧૭.૮૫	૨,૬૧૭ ૮૫	૨.૭૦
૧૦	ઉમતા	...	૨,૬૧૭.૮૫	૨,૬૧૭.૮૫	૨.૭૦
૧૧	કલોલ	...	૨,૬૪૬.૮૫	૨,૬૪૬.૮૬	૨.૭૦
૧૨	નારદીપુર	...	૨,૬૧૭.૮૫	૨,૬૧૭.૮૫	૨.૭૦
૧૩	કડી	...	૨,૬૪૧.૦૪	૨,૬૪૧.૦૪	૨.૭૦
૧૪	ઝુલાસણ		૨,૬૧૭.૮૫	૨,૬૧૭ ૮૫	૨.૭૦
૧૫	નંદાસણ	...	૨,૬૧૭.૮૫	૨,૬૧૭ ૮૫	૨.૭૦
૧૬	વડનગર	...	૨,૬૨૭.૮૫	૨,૬૨૭.૮૫	૨.૭૦
૧૭	ખેરાલું	...	૨,૬૨૭ ૮૫	૨,૬૨૭.૮૫	૨.૭૦
૧૮	સતલાસણા	...	૨,૬૧૭.૮૫	૨,૬૧૭.૮૫	૨.૭૦
૧૯	કભોડા	...	૨,૬૧૭.૮૫	૨૬૧૭.૮૫	૨.૭૦
૨૦	જગુદણ	...	૨,૬૩૨.૬૨	૨,૬૩૨.૬૨	૨.૭૦
૨૧	બેચરાજી	...	૨,૬૧૭.૮૫	૨,૬૧૭ ૮૫	૨.૭૦
૨૨	મોઢેરા	...	૨,૬૧૭.૮૫	૨,૬૧૭ ૮૫	૨.૭૦
૨૩	ગોઝારીયા	...	૨,૬૧૭.૮૫	૨,૬૧૭ ૮૫	૨.૭૦

શરતો :

(૧) જે વિક્રેતાઓ સ્ટોરેજ ટેન્કની સુવિધા ધરાવતા નથી તેમની પાસેથી ઓઈલ કંપની અલાયદા રૂા. ૪૩.૦૦ કિલોલીટર દીઠ વસુલ કરશે.

(૨) જ્યારે કેરોસીન એજન્ટ કેરોસીન જથ્થાબંધ વિક્રેતાને વેચાણ કરશે ત્યારે કેરોસીન એજન્ટે કેરોસીન જથ્થાબંધ વિક્રેતા પાસેથી કિલોલીટર દીઠ રૂા. ૪૦.૩૦ ભાવ ઓછો લેવાનો રહેશે.

(૩) સેન્ટર થી ૫ કિ. મી. કરતાં વધુ દુરના સ્થળ માટે ૧ લીટરના રૂા. ૦.૦૫ પૈસા પ્રમાણે વધુ ભાવ ગણવાના રહેશે.

(૪) ઉપરના ભાવોમાં તમામ સ્ટેજે આવતા કમિશનની રકમનો સમાવેશ કરવામાં આવેલ છે.

(૫) આ હુકમનો અમલ તારીખ ૧૬મી જાન્યુઆરી, ૧૯૯૮ થી કરવાનો રહેશે.

(૬) ઉપરોકત બાંધેલ ભાવથી વધુ ભાવો એજન્ટ / જથ્થાબંધ વિક્રેતા કે છૂટક વિક્રેતા / ફેરીયા લઈ શકશે નહીં.

(૭) ઉપરોકત ભાવો સિધ્ધપુર (સુજાણપુર) ઈન્સ્ટોલેશન પોઈન્ટ ઉપરથી સપ્લાય થતા કેરોસીનના જથ્થાને લાગુ પડશે.

(૮) ઉપરના ભાવોમાં સેલટેક્ષ / સરચાર્જ / સ્થાનિક જકાત વિગેરે મજરે આપવામાં આવેલ છે.

(૯) આ ભાવો જાહેર થયા બાદ અગાઉના ભાવો અમલમાં રહેશે નહીં.

(૧૦) આ ભાવો જાહેર થયા પછી નવીન ભાવો જાહેર થાય ત્યાં સુધી જકાત / માં ફેરફાર થાય તો ફેરફાર પ્રમાણે ગણતરી કરી મામલતદારશ્રીએ નવિન ભાવ ઠરાવવાના રહેશે અને તે પ્રમાણે ઠરાવેલ ભાવોથી વિતરણ કરી શકાશે.

(૧૧) કેરોસીન વેચાણ કરતા એજન્ટ / જથ્થાબંધ વિક્રેતા / છૂટક વિક્રેતાઓએ પોતાની દુકાનના પ્રવેશદ્વાર આગળ ભાવ જથ્થાનું બોર્ડ ગ્રાહકો જોઈ શકે તે રીતે પ્રદર્શિત કરવાનું રહેશે.

(૧૨) ફેરીયાએ પોતાની લારી ઉપર છૂટક વેચાણ ભાવ પ્રદર્શિત કરવાનો રહેશે.

ઉપરોકત દર્શાવેલ ભાવો કરતાં વધુ ભાવ લેનાર સામે આવશ્યક ચીજવસ્તુ ધારા ૧૯૯૫ હેઠળ કાયદેસરના પગલાં લેવામાં આવશે.

મહેસાણા, તારીખ ૧૫મી જાન્યુઆરી, ૧૯૯૮.

એમ. એસ. ડાગુર,
કલેકટર, મહેસાણા.

એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

હાઈકોર્ટના ફોજદારી વટહુકમ પુસ્તકનું પાનું ૧૩૦

નં. એમએજી/મુદ્દામાલ/વશી ૩૦૧ થી ૩૧૫/૯૮.—આથી જાહેર કરવામાં આવે છે કે પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી વિસનગર તરફથી મુદ્દામાલ કેસ નં. ૧/૯૮ થી બીનવારસી મુદ્દામાલ મળી આવેલ છે જે એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી, વિસનગરના કબજામાં છે જે ઈસમને આ મિલ્કત ઉપર દાવો કે માલિકી હોય તે ઈસમને આ જાહેરનામાની તારીખથી ૬ (છ) માસમાં અમારી રૂબરૂ હાજર થઈ પોતાનો દાવો સાબિત કરવો. આ પ્રમાણે નહિ કરવામાં આવે તો સદરહુ મિલ્કત ઉપર સરકારશ્રીનો વ્યવસ્થાધિકાર થશે અને તેનો જાહેર હરાજીથી નિકાલ કરવામાં આવશે.

મુદ્દામાલની વિગત :

(૧) એક સુટકેશ સલેટીયા કલરની જેમાં નોટબુક નંગ-૪ તેમજ બે ભરત ભરવાના દોરા સુટકેશ સાથે તથા તોરણ નં. ૧ છે.

વિસનગર, તારીખ ૨૧મી જાન્યુઆરી, ૧૯૯૮.

(સહી) અવાચ્ય,

એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
વિસનગર.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

INDEX

REGISTERED No. G—BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] THURSDAY, FEBRUARY 12, 1998 / MAGHA 23, 1919 [No. 7

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I–A, Part I–B, and Part I–L

	Pages		Pages
Part I-Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	61-73	Part I-B-Government Notifications published under Land Acquisition Act only.	45-72
Part I-A-Orders and Notifications, other than those published in Part IV-under the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette,	7	Part I-L-Notifications, Orders and Awards, other than those published in Parts I, IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.	286-347

Miscellaneous Notifications, Appointments, etc.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨મા અધિનિયમની કલમ ૩૭(૩) મુજબનો હુકમ

નંબર ઉ/ગપક/૩૮૦/વિ. શા./૧૯૯૮.—અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારોમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હુ પી. જી. જે. નામ્પુથરી, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭(૩) થી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે નીચે જણાવેલ વિસ્તારેમાં તારીખ ૨જી ફેબ્રુઆરી ૧૯૯૮ ના ક. ૦૦-૦૦થી તા. ૧૫મી ફેબ્રુઆરી ૧૯૯૮ ના ક. ૨૪-૦૦ સુધી ચાર કરતા વધારે માણસો ભેગા થવું નહી અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહી તેમજ સરઘસ કાઢવું નહી.

વસ્તાર.—અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હીડમતનો સમગ્ર વિસ્તાર.

અપવાદ.—આ હુકમ જે માણસ સરકારી ફરજ અથવા કામગારી માં હોય તેમજ હોમગાડઝ જેઓ ફરજ ઉપર હોય તેઓ તથા સ્મશાન યાત્રાઓ અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ની પેટા કલમ (૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ ૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આાજ તારીખ ૨૯મી માહે જાન્યુઆરી ૧૯૯૮ ના રોજ મારી સહી સીક્કો કરી આપ્યો.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭ (૩) મુજબનો હુકમ.

નંબર ઉગ્ગપક/૩૮૧/વિ.શા./૧૯૯૮.—પોલીસ કમિશનર, અમદાવાદ શહેરની હકુમતના વિસ્તારમાં લોકસભાની તથા વિધાનસભાની ચૂંટણી અંગે તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૯૮ ના રોજ મતદાન થનાર છે અને આ ચૂંટણીના અનુસંધાનમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું, પી. જી. જે. નામ્પુથીરી પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના અધિનિયમની કલમ ૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂએ હું ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૬મી ફેબ્રુઆરી ૧૯૯૮ ના કલાક ૧૭/૦૦ થી તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૮ ના કલાક ૨૦-૦૦ સુધી કોઈ સભા ભરવી કે બોલાવવી નહી તેમજ સરઘસ કાઢવું નહી. મતદાન મથકની ૧૦૦ મીટરની વિસ્તારની અંદર ચૂંટણી અંગે પ્રચાર કરવો નહી કે ચિન્હો રાખવા નહી.

વિસ્તાર :—પોલીસ કમિશનર, અમદાવાદ શહેરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

ખુલાસો :—આ વિસ્તારમાં રસ્તાઓની ફૂટપાથ, ગલીઓ તથા પેટા ગલીઓનો સમાવેશ થાય છે.

અપવાદ .— આ હુકમ મરણોત્તર અગર લગ્નના વરઘોડાને અથવા જે સરઘસને સભા માટે પોલીસ કમિશનર, અમદાવાદ શહેર તરફથી ખાસ પરવાનગી આપી હોય તેમને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ ની પેટા-કલમ (૩) અને ભારતના ફોજદારી અધિનિયમ, સને ૧૮૬૦ના અધિનિયમના નંબર ૪૫ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૧મી જાન્યુઆરી ૧૯૯૮ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨માં ની કલમ ૩૬ (ગ) (ઘ) મુજબનો હુકમ :

નંબર : ઉ/ગપક/૩૮૨/વિ. શા./૧૯૯૮.—પોલીસ કમિશનર, અમદાવાદ શહેરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં લોકસભા તથા વિધાનસભાની ચુંટણી અંગે નિયુક્ત કરેલ મતદાન મથકોએ તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૯૮ ના રોજ મતદાન થનાર છે.

જેથી મતદાન મથકો ઉપર મોટી સંખ્યામાં મતદારો પોતાનો મત આપવા એકઠા થવાનો સંભવ છે. જે સ્થળોએ મતદાન થનાર છે તે મતદાન મથકો ઉપર તથા તેની નજીકના વિસ્તારોમાં તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૯૮ ના રોજ અડચણ થતી અટકાવવા પગલાં લેવા જરૂરી છે.

વાસ્તે હું પી. જી. જે. નામ્પુથીરી, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના અધિનિયમની કલમ ૩૬ (ગ) (ઘ) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે સદરહુ ચૂંટણીમાં મતાધિકાર આપનાર તમામ મતદારોએ,

(૧) જે મતદાન મથકો ઉપર મત આપવા જવાનું છે તે મતદાન મથકોના અધિકૃત પ્રવેશ સ્થાન પાસે એક લાઈનમાં ઉભા રહેવું અને જો સ્ત્રીઓ માટે જુદી લાઈન હોય તો તેમાં તેણી ઉભી રહેશે.

(૨) મતદારે મતદાન મથકમાં અનુક્રમ નંબર મુજબ પોતાના નંબર પ્રમાણે એક પછી એક દાખલ થવું.

(૩) મતદારે પોતાનો મત આપ્યા પછી મતદાન મથક તથા તેના વિસ્તારમાંથી ચાલ્યા જવું.

આ હુકમ તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૯૮ ના દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અગર ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૪ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૧મી માહે જાન્યુઆરી, ૧૯૯૮ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

પી. જી. જે. નામ્પુથીરી,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ (સને ૧૯૫૧નો અધિનિયમ-૨૨મો) ની કલમ-૩૭ (૩) અન્વયે કાઢેલો હુકમ.

નં. ડીસીબી/એમએજી/૧/૯૮.—નવસારી જિલ્લામાં પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને જાહેર શાંતિ અને સલામતી સારુ જાહેર સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂરી જણાય છે. વાસ્તે હું બી. એન. જોષી, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, નવસારી મુંબઈ પોલીસ અધિનેયમ, ૧૯૫૧ (સને

INDEX

૧૯૫૧નો અધિનિયમ-૨૨મો) ની કલમ-૩૭ ની પેટા કલમ (૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નવસારી જિલ્લામાં તારીખ ૨૭મી જાન્યુઆરી, ૧૯૯૮ થી ૧૭મી ફેબ્રુઆરી, ૧૯૯૮ (બન્ને દિવસો સુધ્ધાં) ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી નહી કે બોલાવવી નહીં કે સરઘસ કાઢવું નહીં તેમજ ચારથી વધુ વ્યકિતઓએ (એકત્ર) ભેગા થવું નહીં.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રા કે એસ. ટી. બસમાં, રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા, મંદિર મસ્જીદ, દેવળમાં (પ્રાર્થના માટે જતી બોનાફાઈડ વ્યકિતઓને લાગુ પડશે નહીં).

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો અધિનિયમ-૨૨) ની કલમ-૧૩૫ (૩) મુજબ ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૨૭મી જાન્યુઆરી, ૧૯૯૮ ના રોજ મારી સહી-સિક્કા કરી આપવામાં આવ્યા છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ ૨૨) ની કલમ ૩૩ (૧) (ખ) મુજબના હુકમ.

નં. ડીસીબી/એમએજી/બી.પી.એ./૧/૯૮.—મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુબઈ અધિનિયમ ૨૨માં) ની કલમ-૩૩ (૧) (ખ) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું બી. એન. જોષી, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી આગામી લોકસભા તથા વિધાનસભાની સામાન્ય ચૂંટણી ૧૯૯૮ ની પ્રક્રિયા દરમ્યાન ચૂંટણીની આચારસંહિતતાને ધ્યાનમાં રાખતાંવિવિધ વાહનોની અવર જવર નિયંત્રણ કરવાની તથા આ ચૂંટણી અંગેની સ્પર્ધાત્મક પ્રચાર પ્રક્રિયાઓ દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની જાળવણીના જાહેર હેતુ અને અવરજવરમાં અડચણ ન થાય તે માટે નવસારી જિલ્લાના સમગ્ર વિસ્તારોમાં કોઈપણ વ્યકિતએ તારીખ ૩૧મી જાન્યુઆરી ૧૯૯૮ થી ૫મી માર્ચ, ૧૯૯૮ (બંને દિવસો સુધ્ધા) દરમ્યાન નીચે જણાવેલા કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) જાહેર રસ્તામાંની તથા જાહેર અને સાર્વજનિક જગ્યાઓ ઉપરના સર્વે પ્રકારના જાહેર રાહદારીઓના ઉપયોગ માટે લેવાતી જગ્યાઓ/માર્ગમાં કોઈવ્યકિતએ કોઈપણ સંજોગોમાં ત્રણ થી વધુ વાહનોના કાફલાઓમાં ઉપરની જગ્યાઓએ વાહનો/ઓટોરીક્ષા મોટરકારોની અવરજવર કરવી નહિ.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(અ) પોલીસ / સરકારી વાહનો (બ) એસ. ટી. કોર્પોરેશન સંચાલિત એસ. ટી. બસો તેના અન્ય વાહનો (ક) અન્ય આકસ્મિક પ્રસંગોએ આવશ્યક હોય અને તે અર્થે પેટા વિભાગીય પોલીસ અધિકારી પરવાનગી આપે તેવા વાહનો.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ મુંબઈ અધિનિયમ ૨૨મો) ની કલમ ૧૩૧ (૪) મુજબ એક મહિના સુધીની સજા અથવા બસો રૂપિયા સુધીના દંડની અથવા બંને પ્રકારની સજાને પાત્ર થશે.

આજ તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૮ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપવામાં આવ્યો છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ-૨૨) ની કલમ-૩૭ (૧) (છ) મુજબનો હુકમ.

નં. ડીસીબી/એમએજી/૧/૯૮.—મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમ ની કલમ ૩૭ (૧) (છ) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હુ બી. એન. જોષી, જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી આગામી લોકસભા તથા વિધાનસભાની ચૂંટણીની પ્રક્રિયાઓ દરમ્યાન ચૂંટણી આચારસંહિતાને ધ્યાનમાં રાખતા અને પ્રતિસ્પર્ધી ઉમેદવારોના ચૂંટણી પ્રચારની પ્રક્રિયાઓ દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારુ તથા જાહેર હિત અને આચાર સંહિતાની નીતિને ધ્યાનમાં રાખી નવસારી જિલ્લામાં નીચે મુજબના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) રાજકીય પક્ષ/સંગઠન / સંસ્થા અથવા ઉમેદવાર કે તેના કાર્યકરો સમર્થકો સરકારી મિલ્કતો જાહેર મિલ્કતો જેવી કે જાહેર માર્ગ પર અથવા માર્ગના ક્રોસીંગ પર માર્ગ દિશા બતાવતા સાઈન બોર્ડ માઈલ સ્ટોનો, રેલ્વે સ્ટેશનો, પ્લેટફોર્મ, ટ્રેઈનો, એસ. ટી. બસો ઉપર કે ડેપો ઉપર તથા શૈક્ષણિક સંસ્થાના મકાનો તથા જાહેર મિલ્કતો વિગેરે ઉપર પોસ્ટરો ચોંટાડીને કે સુત્રો લખીને કે પત્રિક ચીતરીને તે દ્વારા જાહેર મકાનો/મિલ્કતો દિવાલો ઉપર કોઈપણ પ્રકારની ચૂંટણી જાહેરાત થઈ શકશે નહિ.

આ હુકમ તારીખ ૫મી માર્ચ, ૧૯૯૮ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ ના પોલીસ અધિનિયમ) ની કલમ ૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વરસ સુધીની કેદની સજા થશે અને દંડને પણ પાત્ર ઠરશે.

આજ તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૮ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપવામાં આવે છે.

બી. એન. જોષી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩ (૧) (ડી.એ.) કાઢેલો હુકમ.

ક્રમાંક અમ.એ.જી.-વશી-૭૧૫.—ભારતના નિર્વાચીન આયોગ દ્વારા લોકસભા તથા ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી ૧૯૯૮ નાં કાર્યક્રમ જાહેર કરેલ છે. અને તે મુજબ જિલ્લામાં મતદાનની તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૯૮ તેમજ મત ગણતરી તારીખ ૨જી માર્ચ, ૧૯૯૮ નક્કી કરવામાં આવેલ છે. તે અનુસાર ભારતના નિર્વાચન આયોગ બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક: ૩/૧૦/ઈ.એસ./૦૦૭/૯૪, જે. એચ. ૨/૫૨૧૬ તારીખ ૨જી સપ્ટેમ્બર, ૧૯૯૪ તેમજ ગુજરાત રાજ્યનાં મુખ્ય ચૂંટણી અધિકારીશ્રીનાં પરિપત્ર ક્રમાંક: ઈ.એલ.સી.-૧૦૯૮-૭૬ (૨) છ, તારીખ ૨૯મી જાન્યુઆરી, ૧૯૯૮ મુજબ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન વિશાળ કટઆઉટ, જાહેરાત, પાટીયા, બેનર, વિગેરે મૂકવા ઉપર જરૂરી નિયંત્રણ રાખવાનું જરૂરી જણાય છે.

ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા જાહેર માર્ગની બન્ને બાજુ વાહન વ્યવહારથી ધમધમતાં ચાર રસ્તા, શેરીઓ, નાકા, જાહેર માર્ગ માલિકીના મકાનો, વિગેરે ઉપર વિશાળ પોસ્ટરો, બેનર, રાજકીય અગ્રણીઓના કટઆઉટ વિગેરે ઉભા કરવામા આવશે, પ્રદર્શિત કરવામાં આવશે. એ જ રીતે સરકારી અથવા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાના મકાનો તથા વિજળી અને ટેલીફોનના થાંભલા જેવી સરકારી મિલકતો સહિત તમામ પ્રકારની જગ્યાએ વિશાળ કમાનો, દરવાજા, જાહેરાત, પાટીયા, બેનર, ધજાપતાકા, ભીંતચિત્રો, વિગેરે ઉભા કરે છે, અથવા મૂકે છે. આને લીધે ટ્રાફિકની સમસ્યાઓ ઉભી થવા સંભવ છે. તેમજ રાહદારીઓની અસલામતિ વધે છે તેમજ જાહેર રસ્તાઓ અથવા સાર્વજનિક જગ્યાઓનું અયોગ્ય રીતે ઉપયોગ થવા સંભવ છે. અને જેથી આ માટેની જરૂરી કાર્યવાહી કરવાનું જરૂરી જણાય છે.

વાસ્તે અત્રેના ક્રમાંક : એમ.એ.જી.-વશી-૧૯૪ તારીખ ૩જી જાન્યુઆરી, ૧૯૯૮ થી ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન વિશાળ કટઆઉટ જાહેરાત, પાટીયા, બેનર વિગેરે મુકવા ઉપર નિયંત્રણ મુકતો હુકમ રદ કરી, હું એસ. અપર્ણા, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ ધી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)-(ડી. એ.) થી મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબ નવેસરથી હુકમ કરું છું.

(અ) રાજ્ય સરકાર, નગરપાલિકાઓ અથવા સરકારી બોર્ડ, નિગમો, પંચાયતની માલિકીના રસ્તાઓ, માર્ગો, મકાનો, અથવા અન્ય કોઈ જાહેર જગ્યાઓ ઉપર કોઈપણ રાજકીય પક્ષ અથવા લોકસભા વિધાનસભાના ઉમેદવાર દ્વારા અથવા આવા ઉમેદવાર માટે કોઈ મંડળ, સંગઠન અથવા વ્યક્તિ દ્વારા સમાચાર બોર્ડ અથવા જાહેર નોટિસ ન હોય, એવા કોઈપણ પ્રકારના કટઆઉટ, જાહેરાત, પાટીયા, પોસ્ટર, ધજા, પતાકા બેનર્સ મૂકી શકાશે નહિ કે દિવાલો પર ચિત્રો દોરાવી શકાશે નહિ. કે કમાનો દરવાજા ઉભા કરી શકશે નહિ. (આવી જગ્યા કે મિલ્કત ભાડે આપી હશે તો પણ મૂકી શકાશે નહિ.)

(બ) સમાચાર બોર્ડ અથવા કટઆઉટ, જાહેરાત પાટીયા, પોસ્ટર, ધજાપતાકા બેનર્સ ખાનગી માલિકીની જગ્યામાં મૂકવા માંગતા હોય તો લોકસભા વિધાનસભાના ઉમેદવાર, ઉમેદવાર માટેના કોઈ મંડળ, સંગઠન અથવા વ્યકિતએ નીચેની શરતોનું પાલન કરવાની શરતે મૂકી શકશે કે ઉભા કરી શકશે.

(૧) હોર્ડીંગ્સની સાઈઝ ૧૫ ફૂટ ૮ ફૂટથી વધારે હોવી જોઈશે નહિ.

(૨) કટ આઉટની ઉંચાઈ ૮ ફૂટથી વધવી જોઈએ નહિ.

(૩) જે તે રાજકીય પક્ષ / ઉમેદવારે ખાનગી જગ્યામાં કટ કટઆઉટ, જાહેરાત પાટીયા, બેનર મુકયા હશે તે જગ્યાના માલિકની લેખિત મંજુરી લીધેલી હોવી જોઈએ. આ મંજુરી જિલ્લા ચૂંટણી અધિકારી / ચૂંટણી અધિકાર / પોલીસ અધિકાર જયારે માંગશે ત્યારે તેઓ સમક્ષ રજુ કરવાની રહેશે.

(૪) કટ આઉટ, જાહેરાત, પાટીયા, બેનર વિગેરે કોઈક સ્થળે મૂકતાં પહેલાં તે અંગેની જાણ જિલ્લા ચૂંટણી અધિકારી, ચૂંટણી અધિકારી અને જિલ્લા પોલીસ અધિકારીને કરવાની રહેશે.

(૫) ખાનગી મિલકતોમાં હોર્ડીંગ્સ, કટ આઉટ વિગેરે મુકવા માટે સ્થાનિક કાયદા અનુસાર સંબંધિત સત્તાધિકારીની પરવાનગીની જરૂર હોય તેવા પ્રસંગે આવી પરવાનગી મેળવી લીધેલી હોવી જોઈએ.

આ હુકમના ભંગ બદલ ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૫મી માર્ચ, ૧૯૯૮ સુધી અમલમાં રહેશે.

ભરૂચ, તારીખ ૩જી ફેબ્રુઆરી, ૧૯૯૮.

એસ. અપર્ણા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની) કલમ ૩૭(૧) મુજબનો હુકમ :

નંબર ડીસીપીઓએલ-એમએજી-એસ. આર.-૮-૯૮.—આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરની જાળવણી વાસ્તે;

હું એમ. વાય. દક્ષિણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની ૨૨ માં અધિનિયમની કલમ ૩૭(૧) થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૪થી ફેબ્રુઆરી ૧૯૯૮ થી તારીખ ૧૮મી ફેબ્રુઆરી ૧૯૯૮ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, સોટી, બંદૂક, ખંજર, અસ્રો, સળગતી મશાલ તથા સામાન્યરીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાંબું અને છેડેથી અણીવાળુ પાનું હોય તેવા ચપ્પું તથા ત્રણ ઈંચથી વધુ લંબાણ ધરાવતું અણીવાળુ ઘાતક શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું તેમજ લાકડી, લાઠી અથવા શારીરિક નુકશાન પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની.

(૨) કોઈપણ રીતે શરીરને હાનિકારક એવા કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું.

(૩) પત્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો, ફેંકવાની, યંત્રો અથવા સાધન સાથે લઈ જવાની, એકઠા કરવાની અને તૈયાર કરવાની.

(૪) સળગતી મશાલ અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની,

(૫) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની.

(૬) લોકોએ બૂમો પાડવાથી, ગીતો ગાવાની તેમજ વાજા વગાડવાની,

(૭) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો અથવા પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાની અથવા દેખાડવાની અથવા તો તેનો ફેલાવો કરવાની અથવા અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરુચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજ્ય

INDEX

ઉથલી પડવાની સંભાવના હોય તેવા છટાદાર ભાષણ આપવાથી તથા ચાળા વિગેરે કરવાથી અને તેના ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર.—અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર.
(પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમતના વિસ્તાર સિવાય)

અપવાદ.—આ હુકમનો ખંડ ૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમને જેતે ઉપરી અધિકારીઓને આવું કોઈ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીત વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહીં.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, જિલ્લા પોલીસ અધિકારી અથવા તેમને અધિકૃત કરેલી કોઈપણ પોલીસ અધિકારીઓએ જેને શારીરિક અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવા પરવાનગી આપેલ હોય તે વ્યકિતઓને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાની કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ ની પેટા-કલમ ૧ હેઠળ ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની અને દંડની અને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના અધિનિયમ નં.૪) ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૯મી જાન્યુઆરી, ૧૯૯૮ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમનં. ૫૨ માંની) કલમ ૩૭ (૩) મુજબનો હુકમ.

નંબર ડીસી / પીઓએલ / એમએજી/એસ. આર. ૯/૯૮.—આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી વાસ્તે હુ એમ. વાય. દ[illegible]ણી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ની ૨૨માંની) અધિનિયમની કલમ ૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે, નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તારીખ ૪થી ફેબ્રુઆરી, ૧૯૯૮ ના કલાક ૦૦ ૦૦ થી તારાખ ૧૮મી ફેબ્રુઆરી, ૧૯૯૮ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં, તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

અનુસૂચિ.—(વિસ્તાર) અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર.
(પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની મત સિવાયનો વિસ્તાર).

ખુલાસો.—આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફુટપાથો તથા ગલીઓ તથા પેટા ગલીઓનો પણ સમાવેશ આ રસ્તામાં થાય છે.

અપવાદ.—આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેવી ફરજ ઉપર હોય તેમને તથા ધાર્મિક અગર મરણોત્તર અથવા અંગેની અધિકૃત સત્તાધિકારીની પાસેથી મંજરી મેળવેલ હોય તેવી સભા/સરઘસોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૧૩૫ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ. (સને ૧૮૬૦ ના ૪૫માં અધિનિયમ) ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨૯મી જાન્યુઆરી, ૧૯૯૮ ના રોજ મારી સહી અને સિક્કો કર્યો.

એમ. વાય. દક્ષીણી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રટ, અમદાવાદ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૭ (૩) અન્વયે કાઢેલો હુકમ.

ક્રમાંક /એમ.એ.જી. વશી. ૬૭૬.—ભરુચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી-સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાયું છે.

તેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને-૧૯૫૧ મુંબઈના ની કલમ ૩૭(૩) થી મને મળેલ સત્તાની રુએ હું આર. કે. પરમાર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ભરૂચ આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૨૯મી જાન્યુઆરી ૧૯૯૮ના દિવસ સવારના ૦૦.૦૦કલાકથી તારીખ ૧૨મી ફેબ્રુઆરી ૧૯૯૮ના રોજ સાંજના ૨૪.૦૦ કલાક સુધી (બંને દિવસ સુધ્ધાં) ની મુદત માટે ભરૂચ જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

અનુસૂચિ

વધુમાં, હું આદેશ કરૂ છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ:—

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને.
(૨) ફરજ ઉપર હોય એવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને.
(૩) કોઈ લગ્નના વરઘોડાને.
(૪) કોઈપણ સ્મશાનયાત્રાને.

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ અને ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ (સને ૧૮૬૦નાં ૪૫માં) ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૯મી જાન્યુઆરી ૧૯૯૮નાં રોજ મારી સહી કરી અને સિક્કો કરી આપ્યો.

INDEX

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલો હુકમ

ક્રમાંક એમ.એ.જી. -વશી/૬૭૭.—ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમ) ની કલમ ૩૭ની પેટા કલમ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું આર. કે. પરમાર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ભરૂચ જાહેર શાંતિ અને સલામતી સારૂ ફરમાવું છું કે, કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવિલ વિસ્તારમાં તારીખ ૬ટ્ટી ફેબ્રુઆરી ૧૯૯૮ થી તારીખ ૫મી માર્ચ ૧૯૯૮ સુધી (બંને દિવસ સુધ્ધાં)

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધારીયા, ધોકા, છરા, લાકડી, કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહિ.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહિ.

(ગ) પત્થરો અથવા હાનીકારક પ્રવાહી રસાયણ છાંટવા અથવા ફેંકવા નહિ અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઇ જવા નહિ, એકઠા કરવા નહિ તથા તૈયાર કરવા નહિ.

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવા નહિ.

(ડ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહિ, અશ્લિલ ગીતો ગાવા નહિ અથવા ટોળામાં ફરવું નહિ.

(ચ) જેનાથી સુરૂચિ નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહિ, તેવા હાવભાવ કરવા નહિ, તેવી ચેષ્ટા કરવી નહિ તથા તેવા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહિ, બતાવવા નહિ, તથા તેનો ફેલાવો કરવો નહિ.

આ હુકમ નીચેની વ્યકિતને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતઓને કે જેને તેના ઉપરી અધિકારીઓ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીને અથવા તેને અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીને જેને શારીરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી શકાય તે વ્યકિતને.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ભરૂચ અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચે આ અર્થે ખાસ અધિકૃત કરે તેવા બીજી કોઇ વ્યકિતઓને.

અનુસૂચિ

"ભરૂચ જિલ્લાનો સમગ્ર વિસ્તાર.'

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫(૧) મુજબ દંડની પણ સજા થશે.

મેં આજ તારીખ ૩જી ફેબ્રુઆરી ૧૯૯૮ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો છે.

આર. કે. પરમાર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૭(૧) મુજબનું.

નંબર મકપ/પલસ/મજસ/વશી.—આગામી તારીખ ૨૭મી જાન્યુઆરી ૧૯૯૮થી ૨૬મી ફેબ્રુઆરી ૧૯૯૮ દરમ્યાન લોકસભા/વિધાનસભાની ચુંટણીઓ તથા રમઝાન ઈદ, વસંતપંચમી, મહાશીવરાત્રી જેવા તહેવારોની ઉજવણી થનાર હોઈ, જિલ્લામાં કાદદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે અને શાંતિમય વાતાવરણ રહે તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭(૧) હેઠળ જાહેરનામું બહાર પાડવું જરરી જણાય છે.

જેથી મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ની કલમ ૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રુએ હું કે.એસ. મેણાત અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, દાહોદ આથી ફરમાવું છું કે, સમગ્ર દાહોદ જિલ્લામાં તારીખ ૨૭મી જાન્યુઆરી ૧૯૯૮ થી ૨૬મી ફેબ્રુઆરી ૧૯૯૮ (બંને દિવસો સહિત).

(ક) શસ્ત્રો, દંડા તલવાર, ધોકા, બંદૂક, છરો, લાકડી, કે લાઠી અથવા શારીરિક ઈજા પહોચાડી શકાય તેવું બીજું કોઈ પણ સાધન સાથે લઈ જવું નહી.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવો નહીં.

(ગ) પથ્થર અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તો વસ્તુઓ ફેકવાની ધકેલવાની યંત્રો, સાધનો સાથે લઈ જવાં નહીં, એકઠાં કરવાં નહીં. તથા તૈયાર કરવાં નહીં. મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા જાહેરમાં બીભત્સ સુત્રો પોકારવા નહીં. અશ્લીલ ગીતો ગાવાં નહીં.

(ઘ) જેનાથી સુરુચિ અથવા નિતીનો ભંગ થાય તેવું ભાપણ કરવું નહીં. તેવા હાવભાવ કરવા નહીં. તેવી ચેષ્ટા કરવી નહીં. તથા તેવાં પત્રકો પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવી નહીં. બનાવવા નહીં અથવા તો તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈ વ્યકિતઓને જેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું હથિયાર લઈ જવાની જેની ફરજ હોય, પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી નીચેની પાયરીના ન હોય તેવા અધિકારીઓ જેને શારીરીક અશકિતના કારણે લાકડી, લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

આજરોજ તારીખ ૨૭મી જાન્યુઆરી ૧૯૯૮ના રોજ મારી સહી તથા સક્કો કરી આપવામાં આવ્યો છે.

કે. એસ. મેણાત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
દાહોદ.

INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો મુંબઈ અધિનિયમ (૨૨)ની કલમ-૩૭ (૧) (છ) હેઠળ જાહેર હુકમ

નં. પલસ / મજસ/વશી / ૪૬૩થી ૫૧૮.—ભારતના ચૂંટણી પંચે લોકસભા તેમજ ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ ૧૯૯૮માં યોજવા જાહેર કરેલ છે. ચૂંટણીઓ દરમ્યાન, ચૂંટણી પ્રચાર દરમ્યાન મિલ્કતોના બગાડ પર નિયંત્રણ મુકેલ છે. જે બાબત લક્ષમાં લેતા જાહેર હિતમાં તેમ કરવું જરૂરી જણાતાં મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો મુંબઈ અધિનિયમ ૨૨મો)ની કલમ ૩૭ (૧) (છ) હેઠળ મને મળેલ સત્તાની રૂએ હું જે એમ. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા આથી નીચે મુજબ હુકમ ફરમાવું છું.

પંચમહાલ જિલ્લામાં આગામી લોકસભા તથા વિધાનસભાની ચૂંટણી દરમ્યાન ચૂંટણીના પ્રચાર માટે મકાન માલિકની લેખિત પરવાનગી સિવાય કોઈપણ પક્ષ ઉમેદવાર કે તેમના ટેકેદારો કે અન્ય કોઈ સંસ્થાઓએ દિવાલો ઉપર લખાણ લખીને ચિત્રો બનાવીને કે પોસ્ટરો ચોંટાડીને ઉપયોગ કરવો નહી. આ નિયંત્રણ જાહેર તથા ખાનગી એમ બન્ને પ્રકારના મકાનો અંગે લાગુ પડશે. આ હેતુસર કોઈ જાહેર રસ્તા તે પરના દિશા સૂચક, અંતર સૂચક, તકેદારી સૂચક મૂકેલ બોર્ડ અંગે પણ આ નિયંત્રણ લાગુ પડશે.

આ હુકમનો ભંગ કરનાર મુંબઈ પોલીસ એકટ, ૧૯૫૧ની કલમ ૧૩૫ (૧) હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો અમલ હુકમની તારીખથી ૧૦મી માર્ચ ૧૯૯૮ સુધી રહેશે.

આજરોજ તારીખ ૨૯મી જાન્યુઆરી, ૧૯૯૮ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપવામાં આવ્યો.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈના પોલીસ ધારાની કલમ-૩૭ (૩) અન્વયેનો જાહેર હુકમ.

ક્રમાંક ઉ/મકપ/પલસ / વશી / ૫૧૯ થી ૫૭૪.—ભારતના ચૂંટણી પંચે લોકસભા તેમજ ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ ૧૯૯૮ માં યોજવા જાહેરાત કરેલ છે. જે અન્વયે જિલ્લામાં તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૮ ના રોજ ચૂંટણીઓ યોજાશે. જેથી આ પ્રસંગે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે તે માટે જાહેર સુલેહ શાંતિ તેમજ જાહેર સુરક્ષા લક્ષમાં લેતાં એક જગ્યાએ મોટી જન મેદની એકત્રિત થાય તે ઈચ્છનીય નથી, જેથી જિલ્લામાં જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે તે માટે હુ, જે એમ. પટેલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૩) મુજબ મળેલા અધિકારની રૂએ જાહેર હિતમાં આથી ફરમાવું છું કે :—

(૧) જિલ્લાનાં તાલુકા મથકોએ તથા ગામોમાં તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૧૯૯૮ અને તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૯૮નાં રોજ મેળાં, હાટ ભરાશે નહી તથા લોકોએ આ માટે એકત્રિત થવું નહી.

ઉપરોકત હુકમનો ભંગ કરનાર શખ્સ ઈન્ડીયન પીનલ કોડની કલમ ૧૮૮ અને મુંબઈ પોલીસ ધારાની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

ગોધરા, તારીખ ૨૯મી જાન્યુઆરી, ૧૯૯૮.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૩(૧) (થ) હેઠળ જાહેર હુકમ

નં. : પલસ/મજસ/વશી/૫૭૫ થી ૬૩૦.—ભારતના ચૂંટણી પંચે લોકસભા તેમજ ગુજરાત વિધાનસભાની ચૂંટણી ૧૯૯૮ માં યોજવા જાહેરાત કરેલ છે. આ અંગે ચૂંટણીની જાહેરાતથી ચૂંટણીની પ્રક્રિયા પુરી થાય ત્યાં સુધી ભારતના ચૂંટણી પંચે જાહેરમાં લાઉડ સ્પીકરો વગાડવા પર અમુક નિયંત્રણો મુકેલ છે, જે બાબત લક્ષમાં લેતાં જાહેર શાંતિ અને જાહેર હિત માટે તેમ કરવું જરૂરી જણાતાં મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નાં મુંબઈના ૨૨માં) ની કલમ ૩૩ (૧) (થ) હેઠળ મને મળેલ સત્તાની રૂએ હું, જે. એમ. પટેલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા નીચે પ્રમાણે હુકમ ફરમાવું છું.

પંચમહાલ જિલ્લામાં આગામી લોકસભા તથા વિધાનસભાની ચૂંટણી દરમ્યાન ચૂંટણી પ્રચાર કે, જાહેરસભા માટે લાઉડસ્પીકરનો ઉપયોગ રાત્રીના ૧૦-૦૦ વાગ્યાથી સવારના ૬-૦૦ વાગ્યા સુધી કરી શકાશે નહી, તેમજ આ સિવાયના સમયગાળા દરમ્યાન સક્ષમ અધિકારીની પરવાનગી મેળવીને જ લાઉડ સ્પીકરનો ઉપયોગ કરી શકાશે. આ હુકમનો અમલ, હુકમ થયાની તારીખથી ૫મી માર્ચ, ૧૯૯૮ સુધી રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ મુંબઈ અધિનિયમ ૨૨મા) ની કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૨૯મી જાન્યુઆરી, ૧૯૯૮ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપવામાં આવ્યો.

જે. એમ. પટેલ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નાં મુંબઈ અધિનિયમ ૨૨) ની કલમ ૩૩ (ખ) મુજબનો હુકમ.

નં. ડીસીબી / એમએજી / રજી. ૩૫૬ થી ૪૯૫ / ૧૯૯૮.—મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ નાં મુંબઈ અધિનિયમ ૨૨) ની કલમ ૩૩ (ખ) પ્રમાણે મને મળેલી સત્તાની રૂએ હું બી. પી. સુદાણી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પંચ...

INDEX

તેમજ વિધાનસભાની સામાન્ય ચૂંટણી ૧૯૯૮ ની પ્રક્રિયાઓ લક્ષમાં લેતાં ઉમેદવાર ભારતના ચૂંટણીપંચની સૂચનાઓ અન્વયે વિવિધ વાહનોની અવર જવર નિયંત્રિત કરવાની સૂચનાઓ અનુલશી તથા ચૂંટણીઓ અંગેની સ્પર્ધાત્મક પ્રચાર પ્રક્રિયાઓ ધ્યાનમાં લેતાં કાયદો અને વ્યવસ્થાની જાળવણીનાં જાહેર હેતુ અને જાહેર સલામતીની જાળવણી માટે ફરમાવું છું કે ડાંગ જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ તારીખ ૨૮મી જાન્યુઆરી ૧૯૯૮ થી તારીખ ૧૨મી માર્ચ ૧૯૯૮ (બંને દિવસો સહિત) દરમ્યાન નીચે જણાવેલા કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) જાહેર રસ્તામાંની તથા જાહેર અને સાર્વજનિક જગ્યાઓ ઉપરનાં સર્વે પ્રકારનાં જાહેર રાહદારીઓની ઉપયોગમાં લેવાની જગ્યાઓ / માર્ગમાં કોઈપણ વ્યકિતએ કોઈપણ સંજોગોમાં ત્રણથી વધુ વાહનોનાં કાફલામાં ઉપર જગ્યાઓએ વાહનો / મોટરકારોની અવર જવર કરવી નહીં.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(અ) પોલીસ / સરકારી કામગીરીમાં રોકાયેલાં વાહનો.

(બ) એસ. ટી. કોર્પોરેશન સંચાલિત એસ. ટી. બસો તથા તેના અન્ય વાહનો.

(ક) અન્ય આકસ્મિક પ્રસંગોએ આવશ્યક હોઈ અને તે અર્થે પેટા વિભાગીય પોલીસ અધિકારી પરવાનગીથી આપે તેવા વાહનો.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ૧૯૫૧ (સને ૧૯૫૧ મુંબઈ અધિનિયમ ૨૨માં)ની કલમ ૧૩૫ (૪) હેઠળ એક મહિના સુધીની કેદની અથવા બસો રૂપિયા સુધીની દંડની અથવા બંને પ્રકારની સજાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૨૮મી જાન્યુઆરી ૧૯૯૮ નાં રોજ માર સહી તથા સિક્કો કરી આપવામાં આવ્યો છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨ મો) ની કલમ ૩૩ (૧) (૫) (૩) અન્વયે કાઢેલો

નંબર ડીસીબી / એમએજી / બીપીએ / વશી ૪૦૬/૬૦/૧૯૯૮.— મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નાં મુંબઈ અધિનિયમ ૨૨) ની કલમ ૩૩ (૧) ૫ અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું શ્રી બી. પી. સુદાણી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ ડાંગ લોકસભા તેમજ વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓની પ્રક્રિયાઓ લક્ષમાં લેતાં અને પ્રતિસ્પર્ધી ઉમેદવારોનાં ચૂંટણી પ્રચારોની પ્રક્રિયા દરમ્યાન ડાંગ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારું તથા જાહેર હિત અને જાહેર સલામતીને કારણે ફરમાવું છું કે,

ડાંગ જિલ્લામાં તારીખ ૨૮મી જાન્યુઆરી ૧૯૯૮ થી અમલમાં આવે તે રીતે સંગઠન સંસ્થા રાજકીય પક્ષ અથવા ઉમેદવારો તેનાં કાર્યકરો સમર્થકોએ કોઈપણ સાર્વજનિક જગામાં અથવા આવજા કરનારાઓને હરકત અગવડ ત્રાસ જોખમ ભય અથવા નુકશાન થતું અટકાવવા માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવાની મનાઈ ફરમાવું છું.

આ હુકમ લગ્નનો વરઘોડો તથા પરવાનગી આપેલ સભાઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ ૧૩૫ (૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૯ની કલમ ૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૨૮મી જાન્યુઆરી ૧૯૯૮ થી તારીખ ૧૨મી માર્ચ ૧૯૯૮ સુધી અમલમાં રહેશે.

આજરોજ તારીખ ૨૮મી જાન્યુઆરી ૧૯૯૮ ના રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યાં છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧, (સન ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ ૨૨) ની કલમ-૩૭ (૧) (છ) મુજબનો હુકમ.

નંબર ડીસીબી/એમએજી/રજી./૪૬૧ થી ૫૧૦ / ૧૯૯૮.— મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ ૨૨) ની કલમ ૩૭ (૧) (છ) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હુ, બી. પી. સુદાણી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ લોકસભા તથા વિધાનસભાની સામાન્ય ચૂંટણી ૧૯૯૮ ની પ્રક્રિયાઓ લક્ષમાં લેતાં અને પ્રતિસ્પર્ધી ઉમેદવારોનાં ચૂંટણી પ્રચારોની પ્રક્રિયા દરમ્યાન ડાંગ જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાલી જાળવણી સારં તથા જાહેર હિત અને જાહેર સલામતીને કારણે ફરમાવું છું

(૧) રાજકીયપક્ષ, સંગઠન, સંસ્થા અથવા ઉમેદવારો કે તેનાં કાર્યકરોજ સમર્થકો સરકારી મિલકતો જાહેર મિલ્કતો જેવી કે જાહેર માર્ગ પર અથવા માર્ગનાં મહત્ત્વનાં ક્રોસીંગો પર માર્ગ દિશા બતાવતાં સાઈન બોર્ડ, માઈલ સ્ટોન, પુલો, રેલ્વે સ્ટેશનો / પ્લેટફોર્મ રેલ્વે ટ્રેનો એસ. ટી. બસો ઉપર કે ડેપો તથા એસ.ટી. સ્ટેન્ડો ઉપર તથા શૈક્ષણિક સંસ્થા દવાખના / હોસ્પીટલો કે તેની દિવાલો ઉપર પોસ્ટરો બોર્ડ હેગરો, ચોંટાડીને ચૂંટણી પ્રચાર સૂત્રો લખીને પ્રતિકો ચીતરીને તે દ્વારા જાહેર કે ખાનગી મકાનો / મિલ્કતો દિવાલો ઉપર કોઈપણ પ્રકારની ચૂંટણી જાહેરાત થઈ શકશે નહીં. ટેલીવિઝન કેબલ ટી. વી. સિનેમાનાં વિડીયો ગૃહ માધ્યમ દ્વારા પણ ચૂંટણી પ્રચાર થઈ શકે નહીં.

આ હુકમ તારીખ ૨૮મી જાન્યુઆરી ૧૯૯૮ થી તારીખ ૧૨મી માર્ચ ૧૯૯૮ ની મુદત સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ અધિનિયમ ૨૨) ની કલમ ૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા પણ થશે.

આજ રોજ તારીખ ૨૮મી જાન્યુઆરી, ૧૯૯૮ નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

બી. પી. સુદાણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ડાંગ-આહવા.

INDEX

કલેકટર દ્વારા

વાંચનમાં લીધું.—(૧) અત્રેની કચેરીના તારીખ ૧લી ઓકટોબર, ૧૯૯૭ના હુકમ નંબર એસયુપી / કેરોસીન/ભાવવધારો/૧૦/૯૭.
(૨) સીનીયર ડીવીઝનલ મેનેજરશ્રી, આઈ.ઓ.સી. કં. સુરતનો તારીખ ૩જી નવેમ્બર ૧૯૯૭નો પત્ર.
(૩) સીનીયર ડીવીઝનલ મેનેજરશ્રી, બી.પી.સી. કં. સુરતનો તારીખ ૭મી નવેમ્બર, ૧૯૯૭નો પત્ર.
(૪) મીનીસ્ટ્રી ઓફ પેટ્રોલીયમ એન્ડ નેચરલ ગેસ ન્યુ દિલ્હીનો પત્ર તારીખ ૬ઠ્ઠી નવેમ્બર, ૧૯૯૭.
(૫) સરકારશ્રીના અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતનો વિભાગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક : કસન/ ૧૧૯૭/૨૩૫૪/ભા. ૧/બ, તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૮.
(૬) ધી કેરોસીન રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફીકસેશન ઓફ સીલીંગ પ્રાઈઝ ઓર્ડર-૧૯૯૩

હુકમ

નંબર કમકન/એસયુપી/કેરોસીન/ભાવવધારો/૧/૯૮.—આમુખ-૧માં જણાવેલ અત્રેની કચેરીના તારીખ ૧લી ઓકટોબર, ૧૯૯૭ના હુકમથી વલસાડ જિલ્લા માટે જાહેર વિતરણ વ્યવસ્થા યોજના હેઠળના કેરોસીનના ભાવે નક્કી કરવામાં આવેલ છે.

આમુખ-૨માં જણાવેલ આઈ.ઓ.સી. કં. ના તારીખ ૩જી નવેમ્બર, ૧૯૯૭ના પત્રથી તથા આમુખ-૩માં જણાવેલ બી.પી.સી.કં. ના પત્રથી રેલ્વેનુરમાં વધારો થવાથી બેઝીક રેઈટમાં વધારો થયેલાનું જણાવેલ છે.

આમુખ (૫)માં જણાવેલ સરકારશ્રીના તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૮ ના પત્રથી આમુખ-૪માં જણાવેલ કેન્દ્ર સરકારના પત્રમાં જણાવ્યા મુજબ કેરોસીનના જથ્થાબંધ વિક્રેતા (પાનાના એજન્ટ) ના કમિશનના દરમાં વધારો કરવામાં આવેલ છે. આવે તે મુજબ અમલ કરવા રાજ્ય સરકારમાં જણાવવામા આવેલ છે, જયારે છૂટક વિક્રેતાઓ કમિશનના દર જે અત્યાર સુધી કેન્દ્ર સરકાર દ્વારા નક્કી કરવામાં આવતો હતો. તે રાજ્ય સરકાર દ્વારા નક્કી કરવામાં આવે તેવો નિર્ણય કેન્દ્ર સરકારે લીધેલ છે.

આ નિર્ણય મુજબ જથ્થાબંધ વિક્રેતાને અગાઉ મળતા રૂા. ૫૨.૭૦ પ્રતિ કીલોલીટરના કમીશનના બદલે રૂા. ૧૨૬.૦૦ પ્રતિ લીટર દીઠ નક્કી કરવામાં આવેલ છે તે મુજબ ગણતરી કરવાની રહે છે.

રૂા. ૧૨૬.૦૦ આ કમિશનનો દર સ્ટોરેજ ટેન્કની સુવિધાવાળા અને તેવી સુવિધા સિવાયના તમામ જથ્થાબંધ વિક્રેતાઓને લાગુ પાડવાનો રહે છે. વિક્રેતાઓ સ્ટોરેજ ટેન્કની સુવિધા ધરાવતા નથી. તેમની પાસેથી ઓઈલ કંપની અલાયદી રીતે રૂા. ૪૩.૦૦ કિલો-લીટર દીઠ વસુલ કરશે. આ વધારાને આનુસાંગિક કેરોસીનના વિતરણ ભાવની ગણત્રી કરતી વખતે રાઉન્ડીંગ ઓફ પછી પણ કોઈપણ સંજોગોમાં હાલના વિતરણ દર કરતાં ૭ પૈસા પ્રતિ લીટરથી વધુ છુટક ભાવમાં વધારો ન થાય તે રીતે ગ્રાહકો માટેના છૂટક ભાવની ગણતરી કરવા તથા છૂટક વિક્રેતાને મળવાપાત્ર કમિશનનો દર યથાવત રાખવા અંગે સરકારશ્રીના ઉપરોકત આમુખ (૫)નાં પત્રથી જણાવેલ છે.

સબબ આમુખ-(૨) માં જણાવેલ આઈ.ઓ.સી. કં. નો પત્ર તથા આમુખ-૩માં જણાવેલ બી.પી.સી. કં. નો પત્ર તથા મીનીસ્ટ્રી ઓફ પેટ્રોલીયમ એન્ડ નેચરલ ગેસ ન્યુ દિલ્હીનો પત્ર અને સરકારશ્રીના અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતનો વિભાગ ગાંધીનગરના તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૮ના પત્રની વિગતો ધ્યાને લઈ અત્રેના તારીખ ૧લી ઓકટોબર, ૧૯૯૭ના જાહેરનામાથી નકકી કરેલ ભાવોમાં સમાવિષ્ટ રેલ્વેનૂર તથા કમિશનમાં જરૂરી ફેરફાર કરી આપવાપાત્ર જણાય છે.

સબબ આથી હું બી. એન. જોષી, કલેકટર, નવસારી તે ધી કેરોસીન ફીકસેશન ઓફ સીલીંગ પ્રાઈસીસ ઓર્ડર-૧૯૭૦ની કલમ-૩ નીચે મળેલ સત્તા અને અધિકારની રૂએ ટેબલ-"એ" તથા ટેબલ-"બી" માં જણાવેલ નવસારી જિલ્લાના સેન્ટરો માટે કેરોસીનના જથ્થાબંધ તથા છૂટક ભાવો તારીખ ૫મી જાન્યુઆરી, ૧૯૯૮ થી અમલમાં આવે તે રીતે નીચેની શરતોને આધિન નકકી કરવા હુકમ કરું છું.

શરતો :

(૧) જથ્થાબંધ વિક્રેતાઓ માટેના ટેબલ-એ માં નિર્દિષ્ટ કરેલ ભાવ સ્થાનિક જકાત સિવાયના છે. જેથી તેમના તરફથી સ્થાનિક જકાત ભરવામાં આવતી હોય તેઓ મ્યુનિસિપાલીટી / નગરપંચાયત / ગ્રામ પંચાયતો ઠરાવેલી જકાત અનુસાર સ્થાનિક જકાત ચઢાવી વેચાણ કરી શકાશે.

(૨) જયારે જયારે એજન્ટ તરફથી છૂટક વિક્રેતાઓને દકાન બેઠા કેરોસીનનો પુરવઠા આપવામાં આવે ત્યારે નીચે જણાવ્યા મુજબનો હોમ ડીલીવરી ચાર્જ મ્યુનિસિપાલીટી નગરપંચાયત / ગ્રામ પંચાયતના વિસ્તાર માટે વેપારીઓ પાસેથી ૧ કીલોલીટરના (૧૦૦૦ લીટરના) અલાયદા વસુલ કરી શકાશે.

		રૂા.
૧. ૦ થી ૧૦ કિ. મી. ના અંતર માટે	...	૧૫૫.૦૦
૨. ૧૧ થી ૨૦ કિ. મી. ના અંતર માટે	...	૧૬૫.૦૦
૩. ૨૧ થી ૩૦ કિ. મી. ના અંતર માટે	...	૧૮૦.૦૦
૪. ૩૧ થી ૪૦ કિ. મી. ના અંતર માટે	...	૧૯૦.૦૦
૫. ૪૦ થી વધુ કિ. મી. ના અંતર માટે	...	૨૦૫.૦૦

(૩) છૂટક વિક્રેતાઓ કે ફેરિયાઓ સ્થાનિક જકાત ઈલાયદી વસુલ કરી શકાશે નહી.

(૪) ઉપરોકત બાંધેલ ભાવોથી ડીલર / જથ્થાબંધ વિક્રેતા કે છૂટક વિક્રેતા / ફેરીયા વધારે ભાવ લઈ શકશે નહીં.

(૫) કેરોસીન વેપાર કરતાં ડીલર/જથ્થાબંધ વિક્રેતા છૂટક વિક્રેતાઓને પોતાની દુકાનમાં પ્રવેશ દ્વારા આગળ ભાવ જથ્થાનું બોર્ડ ગ્રાહકો જોઈ શકે તે રીતે પ્રદર્શિત કરવાનું રહેશે. ફેરિયાઓને પોતાની લારી ઉપર છૂટક વેચાણ ભાવ પ્રદર્શિત કરવાના રહેશે.

(૬) ઉપરોકત નક્કી કરેલા ભાવોથી વધુભાવ લેનાર સામે આવશ્યક ચીજવસ્તુ ધારા-૧૯૯૫ અન્વયે કાયદાની કોર્ટમાં ધારાકીય જોગવાઈઓ અનુસાર ફોજદારી પગલાં લેવામાં આવશે.

(૭) ટોલટેક્ષ ફકત વાપી ટોલનાકા પરથી ક્રોસ કરીને વાપી ડેપો ખાતેથી જે ડીલરો જથ્થો ઉપાડતા હોય તેમને જ મળવાપાત્ર રહેશે. જ્યારે ટોલટેક્ષ બંધ થાય ત્યારે આપોઆપ પ્રતિ કીલોલીટરે રૂા. ૨.૫૦ ના વધારાનો ખર્ચ પરત ખેંચી લેવાનો રહેશે.

(૮) રેલ્વેનુરમાં જે તારીખથી વધારો થયો છે, તે તારીખથી અમલી ગણાશે.

ટેબલ—એ

પેટ્રોલીયમ કંપનીના અધિકૃત એજન્ટોએ / હોલસેલરો રીટેઈલરો / સબ ડીલરોએ જથ્થાબંધ વાપરનારાઓ અને છૂટક વેપારીઓ અને ફેરીયાઓને એક કીલોલીટર, અને એક બેરલ (૨૦૦ લીટર) વેચાણ આપવાના કેરોસીનના ભાવો.

અનુક્રમ નંબર	વિગત	સુરત ડેપોથી એજન્ટના ધંધાના સ્થળેથી સપ્લાય સ્થળે લેવાના કેરોસીનના નક્કી થતા ગુરૂત્તમ ભાવ		વાપી ડેપોથી એજન્ટના ધંધાના સ્થળેથી સપ્લાય સ્થળે લેવાના કેરોસીનના નક્કી થતા ગુરૂત્તમ ભાવ
		ચીખલી, બીલીમોરા, ગણદેવી	નવસારી	ચીખલી, વાંસદા, બીલીમોરા નવસારી
૧	૨	૩-અ	૩-બ	૪
૧	૧૦૦૦ લીટર એટલે કે ૧ કી. લી. ના જથ્થાબંધ વેચાણ આપવાના ભાવ.	૨,૭૪૩.૧૩	૨,૭૨૮.૧૩	૨,૭૫૬.૮૦
૨	૨૦૦ લીટર એટલે કે એક બેરલના ભાવ	૫૪૮.૬૦	૫૪૫.૬૦	૫૫૧.૩૫

ટેબલ—બી

અનુક્રમ નંબર	વિગત	એજન્ટના ધંધાના સ્થળે જુદા જુદા અંતર માટે કેરોસીનના છૂટક વેચાણ આપવાના ગુરૂત્તમ એક લીટરના ભાવ		
		સુરત ડેપોથી		વાપી ડેપોથી
		ચીખલી, બીલીમોરા, ગણદેવી	નવસારી	ચીખલી, નવસારી વાંસદા, બીલીમોરા
૧	૨	૩-અ	૩-બ	૪
૧	મ્યુનિસીપાલીટી, નગરપંચાયત સ્થાનિક વિસ્તાર માટે ૦ થી ૧૦ કી. મી. ના અંતર માટે. ...	૨.૯૫	૨.૯૫	૩.૦૦
૨	૧૦ કિ. મી. થી ઉપર ૨૦ કિ. મી. સુધીના અંતર માટે ...	૨.૯૫	૨.૯૫	૩.૦૦
૩	૨૧ કી. મી. થી ૩૦ કી. મી. સુધીના અંતર માટે ...	૩.૦૦	૨.૯૫	૩.૦૦
૪	૩૧ કી. મી. થી ૪૦ કી. મી. અંતર માટે ...	૩.૦૦	૨.૯૫	૩.૦૦
૫	૪૧ કી. મી. થી ઉપરના અંતર માટે ...	૩.૦૦	૩.૦૦	૩.૦૫

INDEX

ઉપરોકત મુકરર કરેલા ભાવો તારીખ ૫મી જાન્યુઆરી, ૧૯૯૮થી અમલી બને છે. જેથી અત્રેની કચેરીએથી પ્રસિધ્ધ થયેલા આમુખ-(૧) ના હુકમ તારીખ ૧લી ઓકટોબર, ૧૯૯૭ થી મુકરર થયેલ કેરોસીનના વેચાણ આપવાના ગુરૂત્તમ ભાવો રદ થયેલા ગણાશે. પરંતુ અગાઉ નકકી કરેલા ભાવો અંગે જે કોઈ ગુન્હાઓ બનેલ હશે તેને આ હુકમથી કોઈ અસર થશે નહિ.

નવસારી, તારીખ ૨૧મી જાન્યુઆરી, ૧૯૯૮.

બી. એન. જોષી,
કલેકટર, નવસારી.

વાંચનમાં લીધું :—

(૧) અત્રેની કચેરીના તારીખ ૧ લી ઓકટોબર, ૧૯૯૭નાં હુકમ નંબર એસ.યુપી. / કેરોસીન / ભાવધારો ૧૦/૯૭.
(૨) સીનીયર ડીવીઝનલ મેનેજર, આઈફઓ. સી. કું. લી., સુરતનો તારીખ ૩ જી નવેમ્બર, ૧૯૯૭નો પત્ર
(૩) સીનીયર ડીવીઝનલ મેનેજર બી. પી. સી. કું. લી., અમદાવાનો તારીખ ૭મી નવેમ્બર, ૧૯૯૭નો પત્ર.
(૪) મિનિસ્ટ્રી ઓફ પેટ્રોલિયમ એન્ડ નેચરલ ગેસ ન્યુ દિલ્હીનો તારીખ ૬ ઠ્ઠી નવેમ્બર, ૧૯૯૭નો પત્ર.
(૫) સરકારશ્રીનાં અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતનો વિભાગ ગાંધીનગરનાં તારીખ ૧ લી જાન્યુઆરી, ૧૯૯૮નાં પત્ર ક્રમાંક કસન / ૧૧૯૭ / ૨૩૫૪ / ભા. ૧ / બ.
(૬) ધી કેરોસીન રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ રીકશેશનન ઓફ સીલીંગ પ્રાઈઝઓર્ડર, ૧૯૯૩.

હુકમ

નંબર કમકવ / એસ.યુ.પી. / કરોસીન / ભાવ વધારો-- ૧/૯૮.— આમુખ—૧ માં જણાવેલ અત્રેની કચેરીના તારીખ ૧લી ઓકટોબર, ૧૯૯૭ નાં હુકમ નંબર એસ.યુ.પી. / કેરોસીન / ભાવ / ૧૦/૧૯૯૭ થી વલસાડ જિલ્લા માટે જાહેર વિતરણ વ્યવસ્થા યોજના હેઠળનાં કેરોસીનનાં ભાવો નક્કી કરવામાં આવેલ છે.

આમુખ-૨ માં જણાવેલ આઈ. ઓ સી. કું. નાં તારીખ ૩ જી નવેમ્બર, ૧૯૯૭ નાં પત્રથી તથા આમુખ-૩ માં જણાવેલ બી.પી.સી.કું., ના પત્રથી રેલ્વેનુરમાં વધારે થવાથી બેઝીક રેઈટમાં ફેરફાર થયેલાનું જણાવેલ છે.

આમુખ-૫ માં જણાવેલ સરકારશ્રીનાં તારીખ ૧ લી જાન્યુઆરી, ૧૯૯૮નાં પત્રથી આમુખ-૪ માં જણાવેલ કેન્દ્ર સરકારનાં પત્રમાં જણાવ્યા મુજબ કેરોસીનનાં જથ્થાબંધ વિક્રેતા -(કંપની એજન્ટ) ના કમિશનમાં દરમાં વધારો કરવામાં આવેલ છે. અને તે મુજબ અમલ કરવા રાજય સરકારને જણાવવામાં અવેલ છે. જયારે છૂટક વિક્રેતાનો કમિશનનો દર જે અત્યાર સુધી કેન્દ્ર સરકાર દ્વારા નકકી કરવામાં આવતો હતો તે રાજય સરકાર દ્વારા નકકી કરવામાં આવે તેવો નિર્ણય કેન્દ્ર સરકારે લીધેલ છે.

આ નિર્ણય મુજબ જથ્થાબંધ વિક્રેતાને અગાઉ મળતાં રૂા. ૫૨-૭૦ પ્રતિ કિ. લી. મળતા કમિશનને બદલે રૂા. ૧૨૬ પ્રતિ કિ. લી. દીઠ નકકી કરવામાં આવેલ છે. તે મુજબ ગણતરી કરવાની રહે છે. રૂા. ૧૨૬નો આ કમિશનનો દર સ્ટોરેજ ટેન્કની સુવિધાવાળા અને તેવી સુવિધા સિવાયનાં તમામ જથ્થાબંધ વિક્રેતાઓને લાગુ પાડવાનો રહે છે. જે વિક્રેતાઓ સ્ટોરેજ ટેન્કની સુવિધા ધરાવતા નથી. તેમની પાસેથી ઓઈલ કંપની અલાયદી રીતે રૂા. ૪૩ કિલો લીટર દીઠ વસુલ કરશે. આ વધારાને આનુષાંગિક કેરોસીનનાં 'વિતરણ ભાવની ગણત્રી કરતી વાખતે રાઉન્ડીંગ ઓફ પછી પણ કોઈ સંજોગોમાં હાલનાં વિતરણદર કરતાં ૭ (સાત) પૈસા પ્રતિ લીટરથી વધુ છૂટક ભાવમાં વધારો ન થાય તે રીતે ગ્રાહકો માટેનાં છુટક ભાવની ગણત્રી કરવા તથા છુંટક વિક્રેતાને મળવાપાત્ર કમિશનનો દર યથાવત રાખવા અંગે સરકારશ્રીના ઉપરોકત આમુખ-પાંચમાં જણાવેલ પત્રથી જણાવેલ છે.

સબબ આમુખ-૨ માં જણાવેલ આઈ. ઓ. સી. કું. નો પત્ર તથા આમુખ--૩ માં જણાવેલ બી. પી. સી. કું. નો પત્ર તથા મિનિસ્ટ્રી ઓફ પેટ્રોલિયમ એન્ડ નેચરલ ગેસ ન્યુદિલ્હીનો પત્ર અને સરકારશ્રીનાં અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતનો વિભાગ ગાંધીનગરનાં તારીખ ૧ લી જાન્યુઆરી, ૧૯૯૮ નાં પત્રની વિગતો ધ્યાને લઈ, અત્રેના તારીખ ૧ લી ઓરકટોબર, ૧૯૯૭નાં જાહેરનામાથી નકકી કરેલ ભાવોમાં સમાવિષ્ટ રેલ્વેનૂર તથા કમિશનમાં જરૂરી ફેરફાર કરી આપવાપાત્ર જણાય છે.

સબબ આથી હું એમ. ડી. માંકડ, આઈ. એ. એસ. કલેકટર, વલસાડ તે ધી કેરોસીન ફીકશેશન ઓફ સીલીંગ પ્રાઈસીસ ઓર્ડર ૧૯૭૦ ની કલમ--૩ નીચે...............

મળેલ સત્તા અને અધિકારની રુએ ટેબલ "એ" તથા ટેબલ "બી" માં જણાવેલ. વલસાડ જિલ્લાનાં સેન્ટરો માટે કેરોસીનનાં જથ્થાબંધ તથા છુટક ભાવો તારીખ ૫ મી જાન્યુઆરી, ૧૯૯૮ થી અમલમાં આવે તે રીતે મુકરર કરવા હુકમ કરું છું.

INDEX

શરતો :

(૧) જથ્થાબંધ વિક્રેતાઓ માટેના ટેબલ "એ" માં નિર્દિષ્ટ કરેલા ભાવ સ્થાનિક જકાત સિવાયનાં છે જેથી જેમનાં તરફથી સ્થાનિક જકાત ભરવામાં આવતી હોય તેઓ મ્યુનિસિપાલિટી / નગર પંચાયત / ગ્રામ પંચાયતે ઠરાવેલી જકાત અનુસાર સ્થાનિક જકાત ચઢાવી વેચાણ કરી શકાશે.

(૨) જ્યારે જ્યારે એજન્ટ તરફથી છુટક વિક્રેતાઓને દુકાન બેઠા કેરોસીનનો પુરવઠો આપવામાં આવે ત્યારે નીચે જણાવ્યા મુજબ નો હોમ ડીલીવરી ચાર્જ મ્યુનિસિપાલિટી નગર પંચાયત / ગ્રામ પંચાયતના વિસ્તાર માટે વેપારીઓ પાસેથી ૧ કિ. લીટરનાં એટલે કે ૧૦૦૦ (એક હજાર) લીટરનાં અલાયદા વસુલ કરી શકાશે.

(૧)	૧ થી ૧૦ કિ. મી. નાં અંતર માટે	૧૫૫-૦૦
(૨)	૧૧ થી ૨૦ કિ. મી. ના અંતર માટે	૧૬૫-૦૦
(૩)	૨૧ થી ૩૦ કિ. મી. નાં અંતર માટે	૧૮૦-૦૦
(૪)	૩૧ થી ૪૦ કિ. મી. નાં અંતર માટે	૧૯૦-૦૦
(૫)	૪૦ થી વધુ કિ. મી. નાં અંતર માટે	૨૦૫-૦૦

(૩) છૂટક વિક્રેતાઓ કે ફેરિયાઓ સ્થાનિક જકાત ઈલાયદી વસુલ કરી શકશે નહીં.

(૪) ઉપરોક્ત બાંધેલ ભાવોથી ડીલર / જથ્થાબંધ વિક્રેતા કે છૂટક વિક્રતા / ફેરિયા વધારે ભાવ લઈ શકશે નહીં.

(૫) કેરોશીન વેપાર કરતાં ડીલર / જથ્થાબંધ વિક્રેતા છૂટક વિક્રેતાઓએ પોતાની દુકાનમાં પ્રવેશદ્વાર આગળ ભાવ તથા જથ્થાનું બોર્ડ ગ્રાહકો જોઈ શકે તે રીતે પ્રદર્શિત કરવાનું રહેશે. ફેરિયાઓએ પોતાની લારી ઉપર છુટક વેચાણભાવ પ્રદર્શિત કરવાના રહેશે.

(૬) ઉપરોકત મુકરર કરેલા ભાવોથી વધુ ભાવો લેનાર સામે આવશ્યક ચીજવસ્તુ ધારા ૧૯૫૫ અન્વયે કાયદાની કોર્ટમાં-ધારાકીય જોગવાઈઓ અનુસાર ફોજદારી પગલાં લેવામાં આવશે.

(૭) ટોલટેક્ષ વાપી ટોલનાકા પરથી ક્રોસ કરીને વાપી ડેપો ખાતેથી જે ડીલરો જથ્થો ઉપાડતા હોય તેમને જ મળવાપાત્ર રહેશે. જ્યારે-ટોલટેક્ષ બંધ થાય ત્યારે આપોઆપ પ્રતિ કિલોલીટર રૂા. ન.પૈ. ૨-૫૦ ના વધારાનો ખર્ચ પરત ખેંચી લેવાનો રહેશે.

(૮) રેલ્વેનુરમાં જે તારીખથી વધારો થયો છે. તે તારીખથી અમલી ગણાશે.

ટેબલ "એ"

પેટ્રોલિયમ કંપનીનાં અધિકૃત એજન્ટોએ / હોલસેલરો રીટેઈલરો / સબ ડીલર્સોએ જથ્થાબંધ વાપરનારાઓ અને છૂટક વેપારીઓ અને ફેરિયાઓને એક કિલો લીટર અને ૨૦૦ (બસો) લીટર એટલે કે એક બેરલનાં વેચાણ આપવામાં કેરોસીનનાં ભાવો.

અનુ. નંબર	વિગત	વાપી ડેપોથી એજન્ટનાં ધંધાનાં સ્થળેથી સપ્લાય સ્થળે-લેવાના કેરોસીનનાં નક્કી થતાં ગુરત્તમ ભાવ.			
		ધરમપુર	વલસાડ ઉંમરગામ.	પારડી	વાપી
	ડોમેસ્ટીક હેતુનાં ભાવ				
(૧)	૧૦૦૦ લીટર એટલે કે ૧ કિ. લી. ના જથ્થાબંધ વેચાણ--આપવાના ભાવ.	૨૭૫૬-૮૦	૨૭૪૧-૮૦	૨૭૧૬-૮૦	૨૭૦૬-૮૦
(૨)	૨૦૦ લીટર એટલે કે એક બેરલના ભાવ	૫૫૧-૩૫	૫૪૮-૩૫	૫૪૩-૩૫	૫૪૧-૩૫

INDEX

ટેબલ "બી"

અધિકૃત હોલસેલરો સબ ડીલર્સ ફેરિયાઓ એજન્ટનાં ધંધાનાં સ્થળેથી જુદા જુદા અંતર માટે દિવાબત્તી તથા રાંધવાના હેતુ માટે વાપરનાર ગ્રાહકોને કેરોસીનના, રીટેઈલર્સ છૂટક વેચાણ આપવાનાં એક લીટરનાં ભાવ.

અ.નુ નંબર	વિગત	એજન્ટનાં ધંધાનાં સ્થળેથી જુદાં જુદાં અંતર માટે છૂટક કેરોસીનનાં વેચાણ આપવાના ગુરુત્તમ એક લીટરના ભાવ.			
		વાપી ડેપોથી			
		ધરમપુર	વલસાડ ઉંમરગામ	પારડી	વાપી
૧	૨	૩	[illegible]	૫	૬
(૧)	મ્યુનિસિપાલિટી નગરપંચાયત સ્થાનિક વિસ્તાર માટે તથા ૦ થી ૧૦ કિ. મી. નાં અંતર માટે.	૩-૦૦	૩-૦૦	૨-૯૫	૨-૯૫
(૨)	૧૦ કિ. મી. થી ઉપર ૨૦ કિ. મી. સુધીના અંતર માટે.	૩-૦૦	૩-૦૦	૨-૯૫	૨-૯૫
(૩)	૨૧ થી ઉપર ૩૦ કિ. મી. સુધીનાં અંતર માટે	૩-૦૦	૩-૦૦	૨-૯૫	૨-૯૫
(૪)	૩૧ કિ. મી. થી ૪૦ કિ. મી. નાં અંતર માટે	૩-૦૦	૩-૦૦	૨-૯૫	૨-૯૫
(૫)	૪૧ કિ. મી. થી ઉપરનાં અંતર માટે	૩-૯૫	૩-૦૦	૩-૦૦	૩-૦૦

ઉપરોક્ત મુકરર કરેલા ભાવો તારીખ ૫ મી જાન્યુઆરી, ૧૯૯૮ થી અમલી બને છે. જેથી અત્રેની કચેરીમાંથી પ્રસિધ્ધ થયેલા ક્રમાંક એસ.યુ.પી. / કેરોસીન / ભાવવધારો / ૧૦/૯૭, તારીખ ૧ લી ઓક્ટોબર, ૧૯૯૭ થી મુકરર થયેલ કેરોસીન વેચાણ આપવાના ગુરુત્તમ ભાવો રદ થયેલા ગણાશે. પરંતુ અગાઉ નક્કી કરેલા ભાવો અંગે જે કોઈ ગુન્હાઓ બનેલ છે હશે તેને આ હુકમથી કોઈ અસર થશે નહીં.

વલસાડ, તારીખ ૨૩ મી જાન્યુઆરી, ૧૯૯૮.

એમ. ડી. માંકડ,
કલેક્ટર, વલસાડ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] THURSDAY, FEBRUARY 19, 1998 / MAGHA 30, 1919 [No. 8

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part-I, Part I-A, Part I-B and Part I-L

Part	Content	Pages
Part-I	Government Notification, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders other than those published in Part I A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	74-83
Part I-A	Orders and Notifications, (other than those published in Part IV-B) under the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette.	8
Part I-B	Government Notifications published under Land Acquisition Act only.	53-54
Part I-L	Notifications, Orders and Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.	348-379

MISCELLANEOUS, NOTIFICATIONS AND APPOINTENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ--૩૭ (૩) મુજબનો હુકમ.

નંબર ઉ / ગપક / ૩૮૩ / વિશા. / ૧૯૯૮.—અમદાવાદ શહેર-પોલીસ કમિશનર હકુમત વિસ્તારોમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂરી જણાય છે.

વાસ્તે હું, પી. જી. જે. નામ્પુથીરી, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨ માં અધિનિયમની કલમ--૩૭(૩) થી મળેલ સત્તાની રુએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧૭મી ફેબ્રૂઆરી, ૧૯૯૮ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૯૮ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતા વધારે માણસોએ ભેગા થવું નહીં અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં. તેમજ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર :—અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમતનો સમગ્ર વિસ્તાર.

અપવાદ.—આ હુકમ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ ઉપર હોય તેઓ તથા સ્મશાનયાત્રાઓ અ લગ્નના વરઘોઢાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ (૩) હેઠળ અને ભારતન ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૩ માહે ફેબ્રુઆરી સને. ૧૯૯૮ના રોજ મારી સહી અને સિક્કા કરી આપ્યા.

પી. જી. જે. નામ્પુથીરી,
પોલીસ કમિશનર, અમદાવાદ શહેર.

જાહેરનામું :

સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમ કલમ-૩૭ (૪) મુજબ.

નંબર ઉગપક /એસ.બી./જાહેરનામું/૧૭/૯૮/વશી/૯૮.—આગામી લોકસભા વિધાનસભા ચુંટણીના અનુસંધાને સુરત શહેર પોલીસ કમિનશરે વિસ્તારમાં આવેલ મતદાન મથકોના કંપાઉન્ડની દિવાલથી તથા મત ગણતરી મથકોના કંપાઉન્ડની દિવાલથી ચુંટણી પ્રક્રિયા દરમ્યાન તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૮ તથા ૨જી માર્ચ ૧૯૯૮ ના દિવસ (બંન્ને દિવસો) તેમજ મતગણતરી પૂર્ણ થાય ત્યાં સુધી કોઈપણ વ્યકિત કે રાજકીય પક્ષના કે અપક્ષના કાર્યકરોને ૨૦૦ મીટરની અંદર મોબાઇલ તથા સેલ્યુલર ફોન લઈને હરવા કરવાની કે પ્રવેશ કરવાની કે તેનો ઉપયોગ કરવાની હું જી. સી. રાયગર પોલીસ કમિશનર સુરત શહેર આથી મનાઈ ફરમાવું છું.

આ હુકમનો ભંગ કરનાર સામે ઇન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૧૦મી ફેબ્રુઆરી ૧૯૯૮ ના રોજ મારી સહી સિકકો કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧માંની કલમ ૩૭ (૧) અન્વયે.

ક્રમાંક ઉ/ગપક/એસ.બી./જાહેરનામું/૧૮/૯૮.—સુરત શહેરમાં શાંતી અને સલામતી જાળવવા પગલાં લેવા જરૂરી જણાતું હોવાથી વાસ્તે હું જી. સી. રાયગર આઈ. પી. એસ. પોલીસ કમિશનર, સુરત શહેર મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ માંની પેટા કલમ ૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલા વિસ્તારોમાં તારીખ ૧૨મી ફેબ્રુઆરી ૧૯૯૮ કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૬મી ફેબ્રુઆરી ૧૯૯૮ કલાક ૨૪-૦૦ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટી, લાકડી ચપ્પુ, અથવા શારીરીક ઈજા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઇ ચીજ વસ્તુઓ લઈ જવાની.

(ખ) કોઈપણ સ્ફોટક અથવા ક્ષયધર્મી પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો ફેકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ લઈ જવાની.

(ચ) વ્યકિતઓ અથવા તેના શબો આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(છ) લોકોએ બુમો પાડવાની ગીતો ગાવાની અથવા વાદ્ય વગાડવાની.

(જ) જે છટાદાર ભાષણ આપવાથી ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા નિશાની ઓ જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાથી દેખાડવાથી અથવા તેનો ફેલાવો કરવાથી અથવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાથી અથવા ચાળા વિગેરે કરવાથી અથવા ચિત્રો, નિશાનીઓ તૈયાર કરવાથી દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર.—સુરત શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમને ઉપર અધિકારીઓએ આવું કોઈ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય તે વ્યકિતઓને.

પોલીસ કમિશનર અથવા તેમણે અધિકૃત કરેલા કોઈપણ અધિકારીએ જેને અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓને.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર (૪) માસની અને વધુમાં વધુ (૧) વર્ષની સજા અને દંડની સજાને પાત્ર મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૯૭ની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૧૦મી ફેબ્રુઆરી ૧૯૯૮ના રોજ મારી સહી સિકકા કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) બી અન્વયે કાઢવામાં આવેલ હુકમ.

ક્રમાંક એસ. બી. / જાહેરનામું ૧૯/૯૮. — ભારતના નિર્વાચન આયોગ દ્રારા લોકસભા વિધાનસભાની સામાન્ય ચૂંટણી ૧૯૯૮ નો કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ સુરત પોલીસ કમિશનર વિસ્તાર માં આવતા મત વિસ્તાર ૧૬૮, ૧૬૯, ૧૭૦. ૧૭૧. ૧૭૨માં મતદાનની તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૯૮ તથા મત ગણતરીની

INDEX

તારીખ ૨જી માર્ચ. ૧૯૯૮ નકકી કરવામાં આવેલ છે. ભારતના નિર્વાચન આયોગએ બંધારણની કલમ ૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક ૧૪૩૭/૬/૯૬ પી.એલ.એન /૩/૨૨૮૯, તારીખ ૧૬મી જાન્યુઆરી. ૧૯૯૬ પેરા-૪-૧ માં આપેલ સુચના મુજબ ચુંટણી જાહેરસભા પછી ૩ થી વધુ વાહનોના કાફલામાં મોટર કાર વાહનોની અવરવવર કરવા દેવામાં આવશે નહીં.

લોકસભા-વિધાનસભાની સામાન્ય ચૂટણી દરમ્યાન ચૂટણી પ્રચાર કે અન્ય હેતુથી રાજકીય પક્ષો ઉમેદવારો તથા લોકોના વાહનો જાહેર રસ્તા ઉપર મોટી સંખ્યામાં એકજ સાથે રહે તો લોકોમાં ભય પેદા થઈ શકે છે અને ટ્રાફિકને અડચણ ઊભી થઈ શકે છે. વધુમાં ચૂંટણી પ્રક્રીયા દરમ્યાન તમામ રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા જાહેર રસ્તાઓ ઉપર મોટા પ્રમાણમાં વાહનો ફેરવવામાં આવતાં હોય છે. જેનાથી જાહેર રસ્તાઓ ઉપર જતાં સર્વે પ્રકારના વાહનો /ગાડીઓ તથા સવાર થઈને જનારા અથવા ગાડીમાં જનારા અથવા સાયકલ ઉપર જનારા અથવા ચાલતા જનારાઓને અગવડ ઉભી થવા સંભવ છે, જે ઉપર નિયંત્રણ રાખવું જરૂરી છે.

જેથી હું, જી. સી. રાયગર આઈ.પી.એસ.. પોલીસ કમિશનર, સુરત શહેર મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩ (૧) બી. થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરું છું કે,

(૧) સુરત પોલીસ કમિશરેટ વિસ્તારના જાહેરરસ્તાઓ ઉપર ત્રણથી વધુ વાહનોના કાફલામાં મોટરકાર/ વાહનો ઉપર અવરજવર કરવા દેવામાં આવશે નહીં.

આ હુકમ નીચેના વાહનધારકોને લાગુ પડશે નહીં.

(૧) પોલીસના વાહનોને.
(૨) ચૂંટણી કામે જતા સરકારી વાહનોને, સક્ષમ અધિકારી દ્વારા ચૂટણીના કામે સંપાદન કરેલા વાહનોને.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૧૦મી માર્ચ, ૧૯૯૮ સુધી અમલમાં રહેશે.

આજરોજ તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૧૯૯૮ નાં રોજ મારી સહી સિકકા કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩ (૧) ડી એ અન્વયે કાઢવામાં આવેલ હુકમ.

નંબર એસ. બી/જાહેરનામું/૨૦/૯૮. – ભારતના નિર્વાચન આયોગ દ્રરા લોકસભા વિધાનસભાની સામાન્ય ચુંટણી ૧૯૯૮નો કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં આવતા મત વિસ્તાર ૧૬૮, ૧૬૯, ૧૭૦, ૧૭૧, ૧૭૨ માં મતદાનની તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૮ તેમજ મતગણતરીની તારીખ ૨જી માર્ચ ૧૯૯૮ નકકી કરવામાં આવેલ છે. ભારતના નિર્વાચન આયોગએ બંધારણની કલમ ૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક ૩-૧૦-ઈ.એસ.-૦૦૭-૯૪ જે. એસ.-૨-૫૨૧૬ તારીખ ૨જી સપ્ટેમ્બર ૧૯૯૪ મુબજ ચુંટણી પ્રક્રિયા દરમ્યાન વિશાળ કટ આઉટ જાહેરાત પાટીયા બેનર વિગેરે મુકવા ઉપર નિયંત્રણો રાખવાની જરૂર છે. ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા જાહેરમાર્ગોની બંને બાજુ વાહન વ્યવહારથી ધમધમતા ચાર રસ્તા, શેરીઓ, નાકા જાહેર માલીકીના મકાનો વિગેરે ઉપર વિશાળ પોસ્ટરો બેનરો, રાજકીય આગેવાનો કટ આઉટ વિગેરે ઉભા કરવામાં આવે છે અને પ્રદર્શિત કરવામાં આવે છે, એજ રીતે તેમાં સરકારી અથવા સ્થાનિક સ્વરાજની સંસ્થાઓના મકાનો તથા વિજળી અને ટેલીફોનના થાંભલા જેવી સરકારી મિલ્કતો સહીત તમામ પ્રકારની જગ્યાએ વિશાળ કમાનો દરવાજા જાહેરાત પાટીયા, બેનર ધજા પતાકા ભીત ચીત્રો વિગેરે ઉભા કરે છે અથવા મુકે છે એના લીધે ટ્રાફિકની સમસ્યા ઉભી થવા સંભવ છે. રાહદારીઓ માટે અસલામતી વધે છે, તેમજ જાહેર રસ્તાઓ અથવા સાર્વજનિક જગ્યાઓનું અયોગ્ય રીતે ઉપયોગ થવા સંભવ છે અને તેથી આ માટેની જરૂરી કાર્યવાહી કરવાની જરૂર જણાય છે.

વાસ્તે હું જી. સી રાયગર, આઇ. પી. એસ. પોલીસ કમિશ્નર, સુરત શહેર મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ (૩૩)૧ (ડી.એ.) થી મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે.

(૧) રાજ્ય સરકાર, નગરપાલીકાઓ અથવા સરકારી બોર્ડ નિગમો પંચાયતોની પાલીકા ના રસ્તાઓ માર્ગો મકાનો અથવા જગ્યાઓ ઉપર કોઇપણ રાજકીય પક્ષ અથવા લોકસભાની ચુંટણીના ઉમેદવાર દ્વારા અથવા અથવા ઉમેદવાર માટે કોઇ મંડળ સંગઠન અથવા વ્યકિત દ્વારા સંબંધિત સરકારી કચેરી નગરપાલીકા પંચાયતો અથવા સરકારી બોર્ડ નિગમની લેખીત પૂર્વ મંજૂરી લીધા વગર સમાચાર બોર્ડ અથવા જાહેર નોટીસ ન હોય એવા કોઇપણ પ્રકારના કટઆઉ જાહેરાત પાટીયા. પોસ્ટરો ધજા પતાકા બેનર્સ મુકી શકાશે નહી. કે ઉપર ચિત્રો દોરાવી શકાશે નહીં કે કમાનો દરવાજા વિગેરે ઊભા કરી શકાશે નહી.

ઉપરનાં ખંડ-૧માં જણાવ્યા પ્રમાણેની મંજુરી આપતા પહેલાં સંબંધીત સરકારી કચેરીનાં રહેતા અધિકારી અથવા નગરપાલીકા, પંચાયતો, સરકારી બોર્ડ. નિગમો દ્વારા આવી અરજીઓની ચકાસણી કરીને, એ બાબતની ખાતરી કરવાની રહેશે કે, સુચીત રસ્તાઓ, માર્ગો, સ્થળ અથવા મકાનોએ આવા કટ આઉટ જાહેરાત પાટીયા, પોસ્ટર, ધજા, પતાકા, બેનર્સ, કમાનો, દરવાજા વિગેરે મુકવાથી સામાન્ય જનતાની સલામતી કે સુરક્ષા જોખમાતી નથી અને તેનાથી વાહનોની કે અન્ય કોઇ પ્રાકારની અવરજવરમાં કોઇ પ્રકારની અડચણ ઉભી થતી નથી અને આ માટે સદર સરકારી કચેરી, નગરપાલીકા, પંચયતો, સરકારી બોર્ડ, નિગમ દ્વારા દરેક વ્યકિતગત કિસ્સામાં સંબંધીત પોલીસ સ્ટેશનનો અભિપ્રાય મેળવ્યા પછી પૂર્વ મંજુરી આપવા બાબતે નિર્ણય લેવાનો રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનારને મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૧૦મી માર્ચ ૧૯૯૮ સુધી અમલમાં રહેશે.

આજરોજ તારીખ ૧૩મી ફેબ્રુઆરી ૧૯૯૮ ના રોજ મારી સહી સિકકા કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ (૩૩) (૧) આર.—૩ અન્વયે. કાઢવામાં આવેલ હુકમ.

નંબર એસ.બી/ જાહેરનામું/૨૧/૯૮.—કાઢવામાં આવેલ હુકમ ૧૯૯૮ ભારતીય નિર્વાચન આયોગ દ્વારા લોકસભા વિધાનસભાની સામાન્ય ચુંટણી ૧૯૯૮ નો કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ સુરત

INDEX

શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં આવતા મત વિસ્તાર ૧૬૮, ૧૬૯, ૧૭૦, ૧૭૧, ૧૭૨, માં મતદાનની તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૮ તથા મત ગણતરીની તારીખ ૨જી માર્ચ ૧૯૯૮ નકકી કરવામાં આવેલી છે. ભારતના નિર્વાચન આયોગએ 'બંધારણની કલમ ૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક ૩, ૮, ૯૪, જે એસ., તારીખ ૧૩મી જાન્યુઆરી ૧૯૯૪ ના પેરા ૩ (૩) અને ૩ (૫) માં આપેલ સુચનાઓ મુજબ ચુંટણી જાહેર થયા પછી લાઉડ સ્પીકરનો ઉપયોગ ઉપર નિયંત્રણ રાખવા જણાવેલ છે.

ચુંટણી પ્રક્રીયા દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો અને તેમના કાર્યકર્તાઓ સમર્થકો ચુંટણી પ્રચાર ઝુંબેશ માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ મોટા ભાગે કરે છે. આ લાઉડ સ્પીકરનો ઉપયોગ ફકત નિયત મંચ ઉપરજ નહી પરંતુ ટ્રક ટેમ્પો કાર, જીપ, ટેકસીવાન, ત્રણ પૈડા-વાળા વાહનો સ્કુટરો, સાયકલ રીક્ષા વિગેરે જેવા વાહનો ઉપર ગોઠવીને પણ તેનો ઉપયોગ કરવામાં આવે છે. ખુબજ ઉંચા આવાજે પ્રચાર કરતાં લાઉડ સ્પીકરો સાથેના આ વસાહનો તમામ માર્ગો શેરીઓ અને ગલીઓમાં ફરે છે તેમજ જુદા જુદા ગામોએ વવાટોએ મહોલ્લાઓ, વસાહતોએ અને લત્તાઓમાં પણ જાય છે અને આને કારણે ખુબ ધ્વની પ્રદુષણ થાય છે અને આમ જનતાની શાતીમાં ખલેલ પહોચે છે. અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ઉપર આવી ખુબજ પ્રતિકુળ અસર પડે છે કારણ કે, વહેલી સવારથી લાઉડ સ્પીકરો વગાડવાનું શરૂ થઈ જાય છે અને તે મુજબ મોડી રાત સુધી વગાડવામાં આવે છે આના પરિણામે વિદ્યાથીઓનો અભ્યાસ બગડે છે. વૃધ્ધો અશકત અને માંદાઓને પણ ઉંચા આવાજથી ઘણીજ તકલીફ પડે છે સામાન્ય પ્રજાને ખુબજ હરકત અગવડ અને ત્રાસ જોખમ અને ભય થાય છે. જેથી ચુંટણી પ્રક્રીયા દરમ્યાન લાઉડ સ્પીકર બેફામ અને મનસ્વી રીતે વગાડવા ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી રહે છે.

જેથી હુ, જી. સી. રાયગર આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, સુરત શહેર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ. ૩૩(૧) આર. ૩ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરું છું કે,

(૧) ચુંટણી પ્રચારના કોઈપણ હેતુ માટે કોઈપણ પ્રકારના વાહનો ઉપર ગોઠવાયેલા લાઉડ સ્પીકરનો ઉપયોગ સવાર કલાક ૬.૦૦ વાગ્યા થી રાત્રીના ૨૨ ૦૦ સુધી જ કરવાનો રહેશે. કોઈપણ વિસ્તાર માં સવારના ૬-૦૦ વાગ્યા પહેલા અને રાત્રે કલાક. ૨૨-૦૦ વાગ્યા પછી કોઈપણ પ્રકારના વાહનો ઉપર ફરતા લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવા દેવામાં આવશે નહિ.

(૨) કોઈ જાહેરસભા કે સરઘસના હેતુસર સવારે ૬-૦૦ વાગ્યા પહેલા કે રાત્રે ૨૨-૦૦ કલાક પછી રક્ષણ પર જ રખાયેલા લાઉડ સ્પીકરનો ઉપયોગ કરેવાનો હોય તો તેને માટે સંબધીત સરકારી સત્તાકારીની અગાઉથી લેખીત પરવાનગી લેવાની રહેશે. આવી પરવાનગી આપતી વખતે સંબંધીત અધિકારી સત્તાધિકારીએ જાતે ખાત્રી કરીને પરવાનગીને લીધે જાહેર શાંતી જોખમાય નહીં, તે નિશ્ચિત કરીને આવી પરવાનગી આપશે અને લાઉડ સ્પીકરના ઉપયોગ ની પરવાનગી માટે કલાકો નક્કી કરવાના રહેશે.

(૩) ચુંટણી પ્રચાર માટે જાહેર મંચ ઉપર અથવા વાહનો દ્વારા કરતા લાઉડ સ્પીકરના ઉપયોગ માટે સક્ષમ અધિકારીની લેખીત પરવાનગી પ્રથમ લેવાની રહેશે. ફરતા વાહનોમાં ગોઠવેલ લાઉડ સ્પીકરના ઉપયોગ કરવામાં આવતી અરજીમાં વાહનનો પ્રકાર અને રજીસ્ટ્રેશન નંબર લખવાનો રહેશે.

(૪) સક્ષમ અધિકારી દ્વારા ફરતા વાહનો ઉપર ગોઠવેલ લાઉડ સ્પીકરના ઉપયોગ માટે જે પરવાનગી પત્ર (પરમીટ આપવામાં આવે તેવા વાહનોના પ્રકાર અને રજીસ્ટ્રેશન નંબર લખવાનો રહેશે.)

(૫) ફરતા વાહનો ઉપર અથવા નિયત સ્થળે ગોઠવવામાં આવેલ કોઈ લાઉડસ્પીકરના ઉપયોગ માટે આવી પરવાનગી પરમીટ મેળવ્યા પછી તેનો ઉપયોગ કરનારે તે વિસ્તારના પોલીસ મથકને તેમજ સંબંધીત મતદાર વિભાગના ચુંટણી અધિકારીશ્રી અથવા મદદનીશ ચુંટણી અધિકારીશ્રીને તેમના દ્વારા મેળવેલ પરવાનગી પત્ર પરમીટની સંપૂર્ણ અને લેખીતમાં જાણ કરવાની રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ. ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હકમ તારીખ ૧૦મી માર્ચ ૧૯૯૮સુધી અમલમાં રહેશે.

આજરોજ તારીખ ૧૩મી ફેબ્રુઆરી ૧૯૯૮નાં રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

જી. સી. રાયગર,
પોલીસ કમિશ્નર,
સુરત શહેર, સુરત.

નાયબ વેચાણવેરા કમિશ્નર દ્વારા

વંચાણમાં લીધું :—

(૧) વેપારીશ્રીની અરજી તારીખ ૪થી ડિસેમ્બર, ૧૯૯૭.
(૨) સહાયક વેચાણવેરા કમિશ્નરશ્રી (વહીવટ) વર્તુળ-૧૩, વલસાડનો પત્ર ક્રમાંક : વ્યવથ / સ.ક. વ-૧૩ / સીફોર્મ ગુમ ૯૭-૯૮ / જા. ૯૯૧૦ થી ૧૧ તારીખ ૧૫-૧-૧૯૯૮.

જાહેરનામું

ક્રમાંક ના.ક/વવટ/સીફોર્મરદ/૯૭-૯૮/જા. થી૬૯૭૯ થી ૮૨—કેન્દ્રિય વેચાણવેરા ગુજરાત નિયમોના નિયમ ૪ (એ) ના પેટા-નિયમ-૭ હેઠળ અજય ઈન્ટરમીડીયેટસ (વાપી) પ્રા. લી., નો નં. સને ૧૯૫૬ના કેન્દ્રિય વેચાણવેરા કાયદા અન્વયેનો ગુજ ૧૮ એલ ૩૯૭૩ તારીખ ૧૬મી જુલાઈ, ૧૯૮૭ થી ધરાવે છે. સદરહું કેસમાં મે. અનિલ ઈન્ડસ્ટ્રીઝ મલાડ વેસ્ટ મુંબઈ તરફથી આવેલ સી ફોર્મ નંબર ૨૫ વાય ૩૩૭૧૮૫ તથા-૨૫ -વાય ૩૩૭૧૮૬ ગુમ થયેલ છે. જેથી હું અરવિંદ વશી, નાયબ વેચાણવેરા કમિશ્નર, સુરત વિભાગ, સુરત સને ૧૯૫૭ ના કેન્દ્રિય વેચાણવેરા ગુજરાતના નિયમ-૪ એ ના પેટા-નિયમ ૭ નીચે આપેલી સત્તા અન્વયે ઉપરોકત જણાવેલ સી ફોર્મ નંબર ૨૫-વાય ૩૩૭૧૮૫ તથા ૨૫-વાય ૩૩૭૧૮૬ કુલ નંગ-૨ સી ફોર્મ તારીખ ૧૨મી એપ્રિલ, ૧૯૯૬ થી રદબાતલ ઠરાવવા જાહેર કરું છું.

સુરત, તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૧૯૯૮.

અરવિંદ વશી,
નાયબ વેચાણવેરા કમિશ્નર, સુરત
વિભાગ, સુરત.

BY DISTRICT JUDGE

Read :—High Court letter No. C 2103/91, dated 7th January 1991.

Notification

No. CB/1/182/of 1998 :—In excercise of the powers vested under paragraph 628 chapter XXXI of the Civil Manual, Valume-I 1960 and in view of instruction contained in the High Court letter dated 7th January 1991, cited in the preamble I the undersigned direct the closure of the District Court and all the Civil Courts in the Judicial District of Valsad, for the annual Summer Vacation for six weeks from Monday 4th May, 1998 to Sunday the14th June, 1998(both days inclusive).

The offices of Nazir and Record keeper District Court, Valsad at Navsari and the officer of Nazir of all the subordinate Civil Courts in the District will remain open during the Vacation on working days.

Valsad, at Navsari, January 31st 1998.

Miss P. S. SHUKLA,
District Judge, Valsad at
Navsari.

ડીસ્ટ્રીક્ટ જજ દ્વારા

વંચાણે લીધો.—હાઇકોર્ટ પત્ર નંબર સી/૨૧૦૩/૯૧, તારીખ ૭મી જાન્યુઆરી ૧૯૯૧.

અધિસુચના

ક્રમાંક સીબી/(૧) ૧૮૨ સને ૧૯૯૮.—સિવિલ મેન્યુલ ૧૯૬૦ ના ફકરા ૬૨૮ થી મળેલા અધિકારની રૂએ તથા આમુખમાં જણાવેલ નામદાર હાઈકોર્ટના તારીખ ૭મી જાન્યુઆરી ૧૯૯૧ના પત્રમાં જણાવેલ સુચના અનુસાર હું નીચે સહી કરનાર આથી ઠરાવુ છું કે, વલસાડ જિલ્લા ન્યાયાલય તથા જિલ્લાની બધી દિવાની અદાલતો સોમવાર ૪ થી મે, ૧૯૯૮ થી રવિવાર તારીખ ૧૪મી જુન, ૧૯૯૮ (બંને દિવસો સહીત) છ અઠવાડીયા સુધી વાર્ષિક ઉનાળું વેકેશન નિમિત્તે બંધ રહેશે.

ડીસ્ટીક્ટ કોર્ટ, વલસાડ મુકામ નવસારીની નાઝરશ્રીની કચેરી તથા દફતરીશાખા અને જિલ્લામાંની તાબાની બધી અદાલતોની નાઝરશ્રી ની કચેરીઓ ઉપરોકત ઉનાળું વેકેશન દરમ્યાન કામકાજનાં દિવસો દરમ્યાન ખુલ્લો રહેશે.

વલસાડ મુકામ : નવસારી, તારીખ જાન્યુઆરી ૩૧, ૧૯૯૮.

કુમારી પૂર્ણિમા એસ. શુક્લ,
ડીસ્ટ્રીક્ટ જજ, વલસાડ,
મુકામ નવસારી.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને-૧૯૫૧નાં મુંબઈ અધિનિયમ ૨૨ની) કલમ-૩૭ (૪) અન્વયેનો હુકમ.

નંબર ડીસીબી/એમએજી/બી.પી.એ. / રજી. ૧ / ૯૮.—નવસારી શહેરમાં આવેલ કલેકટર કચેરીનાં બહુમાળી મકાનમાં જિલ્લાની ૩૦ જેટલી સરકારી કચેરીઓ આવેલી છે. આ કચેરીઓમાં પ્રજા પોતાના કામો અંગે સરળતાથી કોઈ અંતરાય વગર આવાગમન કરી શકે તે ખુબ જ ઈચ્છનીય છે. કેટલાક ઈસમો આ કચેરીઓમાં તેમજ કચેરીના કંપાઉન્ડમાં અડચણ થાય તેવા કૃત્યો કરે તે અટકાવવા જરૂરી જણાય છે.

વાસ્તે હું બી. એન. જોષી, (આઈ.એ.એસ.,) જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમ (સને-૧૯૫૧નો ૨૨ મો) ની કલમ-૩૭ની પેટા કલમ-૧ હેઠળ મને મળેલી સત્તાની રૂએ આ અધિનિયમની કલમ-૩૭ની પેટા કલમ ૪ની જોગવાઈ મુજબ નવસારી કલેકટર કચેરી બહુમાળી બિલ્ડીંગમાં તેમજ કંમ્પાઉન્ડમાં કે બહુમાળી સંકુલમાં કોઈપણ વ્યકિત કે વ્યકિતઓ અથવા સમુહમાં ધારણાના કાર્યક્રમો, ઘેરાવ કાર્યક્રમો, ઉપવાસ ઉપર બેસવાના કાર્યક્રમો યોજવા માટે પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમ તારીખ ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૧૯૯૮ થી ૨૦મી ફેબ્રુઆરી, ૧૯૯૮ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ઈસમને ઉક્ત અધિનિયમની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૫મી ફેબ્રુઆરી, ૧૯૯૮થી મારી સહી તથા મુદ્રા કરી આપી છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૭(૧) અન્વયે કાઢેલ હુકમ.

નંબર ડી.સી.બી./એમએજી/બી.પી.એ./રજી. ૧/૯૮.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨માં) અધિનિયમ કલમ ૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, બી.એન. જોષી, જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી નવસારી આગામી લોકસભા / વિધાનસભાની ચુંટણી હોવાથી પ્રવર્તમાન પરિસ્થિતિ અનુલક્ષીને જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ, જરૂરી જણાતા ફરમાવુ છું કે, નવસારી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે નીચે જણાવેલ તારીખ ૧૦મી ફેબ્રુઆરી ૧૯૯૮ થી ૨૩મી ફેબ્રુઆરી ૧૯૯૮ (બંને દિવસો સહિત) સમય માટે નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, દંડુકા, ચપ્પુ છરા, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ.

INDEX

(ખ) કોઈ પણ સ્ફોટક પદાર્થ લઈ જવાની મનાઈ.

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની એકઠા કરવાની તૈયારી કરવાની.

(ગગ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(ચ) લોકોને બુમ પાડવાની ગીતો ગાવાની તથા વાધ વગાડવાની અપમાન કરવાના ઈરાદાથી બીભત્સ પોકારવાની અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની.

(છ) જેનાથી સુરૂચી અથવા નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરે તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રીકા અને બોર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમ ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જે તે તેના ઉપરી અધિકારીએ આવુ કોઈપણ હથીયાર લઈ જવાની ફરજ હોય

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, વલસાડે અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરીક અશકિતને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

(૩) આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘના થવાના પ્રસંગે તે સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં)ની કાયદાની કલમ ૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વારસ સુધી કેદની સજા થવાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૦મી ફેબ્રુઆરી ૧૯૯૮ના રોજ મારી સહી કરી મુદ્રા કરી આપી.

બી. એન. જોષી,
જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૩(૧) (ડી.એ.) અન્વયે કાઢેલો હુકમ.

ક્રમાંક એમ.એ.જી./વશી. ૭૯૪-૮૧૪.—ભારતનાં નિર્વાચન આયોગ દ્વારા લોકસભા તથા ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૧૯૯૮નો કાર્યક્રમ જાહેર કરેલ છે. અને તે મુજબ જિલ્લમાં મતદાનની તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૮ તથા મતગણતરીની તારીખ ૨જી માર્ચ ૧૯૯૮ નકકી કરવામાં આવેલ છે. તે અનુસાર ભારતના નિર્વાચન આયોગ બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક: ૩/૧૦/ઈ.એસ./૦૦૩/૯૪ જે. એસ.-૨/૫૨૧૬, તારીખ ૨જી સપ્ટેમ્બર ૧૯૯૪ તેમજ ગુજરાત રાજયનાં મુખ્ય ચૂંટણી અધિકારીશ્રીનો પરિપત્ર ક્રમાંક / ઈ.એલ.સી.-૧૦૯૮-૭૬ (૨) છ, તારીખ ૨૯મી જાન્યુઆરી ૧૯૯૮ મુજબ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન, વિશાળ, કટઆઉટ, જાહેરાત, પાટીયા, બેનર, વિગેરે મૂકવા ઉપર જરૂરી નિયંત્રણ રાખવાનું જરૂરી જણાય છે.

ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા જાહેર માર્ગની બંન્ને બાજુ વાહન, વ્યવહારથી ધમધમતા ચાર રસ્તા, શેરીઓ, નાકા, જાહેર માર્ગ માલિકીનાં મકાનો, વિગેરે ઉપર વિશાળ પોસ્ટરો, બેનર રાજકીય અગ્રણીઓના કટઆઉટ વિગેરે ઉભા કરવામાં આવશે. પ્રદર્શિત કરવામાં આવશે એ જ રીતે સરકારી અથવા સ્થાનિક સ્વરાજયની સંસ્થાના મકાનો તથા વિજળી અને ટેલીફોનના થાંભલા જેવી સરકારી મિલકતો સહિત તમામ પ્રકારની જગ્યાએ વિશાળ મકાનો, દરવાજા, જાહેરાત , પાટીયા, બેનર, ધજા, પતાકા, ભીત ચિત્રો વિગેરે ઉભા કરે છે. અથવા મૂકે છે. આને લીધે ટ્રાફીકની સમસ્યાઓ ઉભી થવા સંભવ છે. તેમજ રાહદારીઓની અસલામતિ વધે છે. તેમજ જાહેર રસ્તાઓ અથવા સાર્વજનિક જગ્યાઓનું અયોગ્ય રીતે ઉપયોગ થવા સંભવ છે. અને જેથી આ માટેની જરૂરી કાર્યવાહી કરવાનું જરૂરી જણાય છે.

વાસ્તે અત્રેનાં ક્રમાંક/એમ.એ.જી./ વશી તારીખ ૩જી જાન્યુઆરી ૧૯૯૮ થી ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન વિશાળ કટ આઉટ જાહેરાત પાટીયા, બેનર, વિગેરે મુકવા ઉપર નિયંત્રણ મૂકતો હુકમ રદ કરી, હું બી. ડી. જોષી. આઈ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા ધી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (ડી.એ.)થી મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબ નવેસરથી હુકમ કરું છું.

(અ) રાજય સરકાર, નગરપાલીકાઓ અથવા સરકારી બોર્ડો, નિગમો, પંચાયત ની માલીકીના રસ્તાઓ, માર્ગો, મકાનો, અથવા અન્ય કોઈ જાહેર જગ્યાઓ ઉપર કોઈ પણ રાજકીય પક્ષો અથવા લોકસભા-વિધાનસભાનાં ઉમેદવાર દ્વારા અથવા આવા ઉમેદવાર માટે કોઈ મંડળ, સંગઠન અથવા વ્યકિત દ્વારા સમાચાર બોર્ડ અથવા જાહેર નોટીસ ન હોય એવા કોઈપણ પ્રકારનાં કટ-આઉટ જાહેરાત, પાટીયા, પોસ્ટર ધજા-પતાકા, બેનર્સ, મૂકી શકાશે નહિ. કે દિવાલો પર ચિત્રો દોરાવી શકાશે નહિ, કમાનો દરવાજા વિગેરે ઉભા કરી શકાશે નહી (આવી જગ્યા કે મિલ્કત ભાડે આપી હશે તો પણ મૂકી શકાશે નહી.)

(બ) સમાચાર બોર્ડ અથવા કટ-આઉટ, જાહેરાત, પાટીયા, પોસ્ટર, ધજા પતાકા બેનર્સ ખાનગી માલીકીની જગ્યામાં મૂકવા માંગતા હોય તો લોક-સભા-વિધાનસભાનાં ઉમેદવાર, ઉમેદવાર માટેનાં કોઈ મંડળ, સંગઠન અથવા વ્યકિતએ નીચેની શરતોનું પાલન કરવાની શરતે મૂકી શકશે કે ઉભા કરી શકશે.

(૧) હોર્ડીંગ્સની સાઈઝ ૧૫ ફૂટ ૮ ફૂટ થી વધારે હોવી જોઈશે નહી.

(૨) કટ આઉટની ઉંચાઇ ૮ ફૂટથી વધવી જોઈએ નહિ.

(૩) જે તે રાજકીય પક્ષ/ઉમેદવારે ખાનગી જગ્યામાં કટ આઉટ, જાહેરાત, પાટીયા બેનર મુકયા હશે તે જગ્યાનાં માલીકીની લેખિત મંજુરી લીધેલી હોવી જોઈએ. આ મંજુરી જિલ્લા ચૂંટણી અધિકારી/ચૂંટણી અધિકારી/પોલીસ અધિકારી જયારે માંગશે ત્યારે તેઓ સમક્ષ રજુ કરવાની રહેશે.

(૪) કટ આઉટ, જાહેરાત, પાટીયા, બેનર વિગેરે કોઈક સ્થળે મૂકતાં પહેલાં તે અંગેની જાણ જિલ્લા ચૂંટણી અધિકારી, ચૂંટણી અધિકારી અને જિલ્લા પોલીસ અધિકારીને કરવાની રહેશે.

(૫) ખાનગી મિલ્કતોમાં હોડીંગ્સ કટ આઉટ વિગેરે મુકવા માટે સ્થાનિક કાયદા અનુસાર સબંધિત સત્તાધિકારી ની પરવાનગી ની જરૂર હોય તેવા પ્રસંગે આવી પરવાનગી મેળવી લીધેલ હોવી જોઈએ.

આ હુકમના ભંગ બદલ ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૫મી માર્ચ ૧૯૯૮ સુધી અમલમાં રહેશે.

રાજપીપલા, તારીખ ૧૧મી ફેબ્રુઆરી, ૧૯૯૮.

બી. ડી. જોષી,
જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા,
રાજપીપલા.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ કાયદાની કલમ ૩૬ (૧) મુજબ.

ક્રમાંક ડીબીપીએ/૨/૯૮.— ફેબ્રુઆરી, ૧૯૯૮ માસમાં લોકસભા/વિધાસભાની સામાન્ય ચૂંટણીઓ યોજાનાર હોઇ તેમજ મહાશિવરાત્રીનો તહેવાર આવતો હોઇ જાહેર સલામતી જોખમાય તેવો સંભવ હોવાથી જાહેર શાન્તી અને સલામતી જાળવા સારૂ સમગ્ર બનાસકાંઠામાં નીચે જણાવેલ કૃત્યોની મનાઇ કરવાનું મને જરૂરી લાગે છે.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, બંદૂક, છરી, લાકડી અથવા શારીરીક ઇજા પહોંચાડી શકાય તેવું કોઈપણ સાધન સાથે લઇ જવું નહી;

(ખ) કોઈપણ ક્ષયકારી કે સ્ફોટક પદાર્થ લઇ જવો નહી;

(ગ) પથ્થરો અથવા ફેકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેકવાના, ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઇ જવા નહી, એકઠા કરવા નહી;

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા પુતળા દેખાડવા નહી;

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહી, અશ્લીલ ગીતો ગાવા નહી;

(છ) અલંકારીક ભાષણો કરવાથી, ચાળા પાડવાથી, નકલ કરવાથી, તથા છબીઓ બતાવવાથી અથવા તેનો ફેલાવો કરવાથી રૂચિ અથવા નીતીનો ભંગ થતો હોય તેવું કરવાનું નહી.

વાસ્તે હું, એસ.એસ.વાઘેલા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બનાસકાંઠા, મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઇના ૨૨માં)ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલી સત્તાની રૂએ સમગ્ર બનાસકાંઠામાં સદરહુ કૃત્યો કરવાની મનાઇ કરૂ છું. આ હુકમ તારીખ ૨જી ફેબ્રુઆરી, ૧૯૯૭ થી તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૯૮ સુધી (બન્ને દિવસો સહીત) અમલમાં રહેશે.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરો કે કામ કરતી કોઇ વ્યકિત કે જેને ઉપરી અધિકારીએ એવું કોઇપણ હથિયાર લઇ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઇ હથિયાર લઇ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ તેમણે અધિકૃત કરેલા કોઇપણ પોલીસ અધિકારીશ્રી જે ને શારીરીક અશકિતના કારણે લાકડી અથવા લાઠી લઇ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

આજરોજ તારીખ ૨જી ફેબ્રુઆરી, ૧૯૯૮ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કર્યો.

એસ. એસ. વાઘેલા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
બનાસકાંઠા, પાલનપુર.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨મા)ની કલમ--૩૭ (૩) અન્વયે.

નંબર ડીસીબી / એમ.એ.જી. / બી.પી.એ. / રજી.-૧૦/૯૮.— જિલ્લામાં આગામી લોકસભા અને વિધાનસભાની સામાન્ય ચૂંટણીને અનુલક્ષીને જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારું માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, આર. કે. દવે, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨ મો) ની કલમ-૩૭ ની પેટા-કલમ (૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, વલસાડ જિલ્લામાં તારીખ ૧૭મી ફેબ્રુઆરી, ૧૯૯૮ થી તારીખ ૩જી માર્ચ, ૧૯૯૮ સુધી (બંને દિવસ સુધ્ધા) ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહી, સરઘસ કાઢવું નહીં તેમજ ચારથી વધુ વ્યકિતઓ ભગા થવું નહીં, અથવા સરઘસ કાઢવું નહીં.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રા કે એસ. ટી. બસમાં મુસાફરી કરવા માંગતા, મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના માટે જતી બોનાફાઈડ વ્યકિતઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨ મો) ની કલમ-૧૩૫ (૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૯૬૯ ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૬મી ફેબ્રુઆરી, ૧૯૯૮ નાં રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

આર. કે. દવે,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૩) અન્વયે.

ક્રમાંક એમએજી-વશી-૧૯૫૨.—ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં વ્યકિતઓની કોઇ મંડળી-સરઘસની મનાઇ કરવાનું મને જરૂરી જણાય છે.

INDEX

તેથી, હવે, મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઇના ૨૨માં) ની કલમ ૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂએ હું, આર. કે. પરમાર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૧૪મી ફેબ્રુઆરી, ૧૯૯૮ ના દિવસે સવારના ૦૦.૦૦ કલાકથી તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૮ ના રોજ સાંજના ૨૪.૦૦ કલાક સુધી (બંને દિવસે સુધ્ધા) ની મુદત માટે ભરૂચ જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યકિતઓને કોઇ મંડળી સરઘસ માટે મનાઇ ફરમાવું છું.

અનુસૂચિ

વધુમાં હું આદેશ કરૂ છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને
(૨) ફરજ ઉપર હોય એવી ગૃહરક્ષક દળની વ્યકતિઓને.
(૩) કોઇ લગ્નના વરઘોડાને
(૪) કોઇપણ સ્મશાન યાત્રાને.

આ હુકમનો ભંગ કરનાર,ઉલ્લંઘન કરનાર મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૧૩૫ (૧) મુજબ અને ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ (સને ૧૮૬૦ ના ૪૫માં) ની કલમ ૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૧મી ફેબ્રુઆરી, ૧૯૯૮ ના રોજ મારી સહી કરી અને સિકકો કરી આપ્યો.

આર. કે. પરમાર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમ એ જી /વશી-૭૩૬-૯૦.—નર્મદા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે હેતુથી તથા મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઇના ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ અન્વયે મળેલી સત્તાની રૂએ હું, એમ. ડી. મોડીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા, જાહેર શાંતિ અને સલામતિ સારું ફરમાવું છું કે, કોઇએ નીચેની અનુસુચિમાં દર્શાવેલા વિસ્તારમાં તારીખ ૧૧મી ફેબ્રુઆરી, ૧૯૯૮થી તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૯૮ સુધી (બંને દિવસો સુધ્ધાં).

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધારીયા, ધોકા, છરા, લાકડી કે લાઠી અથવા શારિરીક ઈજા પહોંચાડી શકાય તેવું બીજુ કોઇપણ સાધન સાથે લઇ જવું નહીં;

(૨) કોઇપણ ક્ષયકારી પદાર્થ, સ્ફોટક પદાર્થ, સાથે લઇ જવા નહીં;

(૩) પથ્થરો અથવા હાનીકારક પ્રવાહી રસાયણ છાંટવા અથવા ફેંકવા નહિ, અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ અથવા ફેંકવાના કે ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઇ જવા નહિ, એકઠા કરવા નહીં, તથા તૈયાર કરવા નહીં;

(૪) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પૂતળાં દેખાડવા નહીં;

(૫) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહી, અશ્લીલ ગીતો ગાવા નહી અથવા ટોળામાં ફરવું નહીં;

(૬) જેનાથી સુરુચિ અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહિ, તેવા હાવભાવ કરવા નહી તેવી ચેષ્ટા કરવી નહી તથા તેવા ચિત્રો પત્રિકા, પ્લેકાર્ડો અથવા બીજા કોઇપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહિ, બતાવવા નહી તથા તેનો ફેલાવો કરવો નહીં;

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ.

૧. સરકારી નોકરી કે કામ કરતી કોઇ વ્યકિતઓને કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઇપણ હથિયાર લઇ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઇપણ હથિયાર લઇ જવાની તેની ફરજ હોય;

૨. જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ અથવા તેણે અધિકૃત કરેલા કોઇ પોલીસ અધિકારીએ જેને શારિરીક અશકિતના કારણે લાકડી અથવા લાઠી લઇ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને;

૩. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી નર્મદા અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી નર્મદા, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઇ વ્યકિતને.

અનુસુચિ

" નર્મદા જિલ્લાનો સમગ્ર વિસ્તાર "

આ જાહેરનામાના કોઇપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

મેં આજરોજ તારીખ ૧૧મી. માહે ફેબ્રુઆરી, ૧૯૯૮ના રોજ મારી સહી કરી અને સિક્કો કરી આપ્યો છે.

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૩) અન્વયે,

ક્રમાંક એમ.એજી/વશી-૭૧૦/૩૫.—નર્મદા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુંથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતું માટે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં વ્યકિતઓની કોઇ મંડળી સરઘસની મનાઇ કરવાનું મને જરૂર જણાય છે.

તેથી, હવે, મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઇના ૨૨માં) ની કલમ-૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂએ હું, એમ. ડી. મોડીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા (રાજપીપળા), આથી સદરહુ વિસ્તારમાં તારીખ. ૧૧મી ફેબ્રુઆરી, ૧૯૯૮ ના દિવસે સવારના ૦૦-૦૦ કલાકથી તારીખ ૨૬મી ફેબ્રુઆરી ૧૯૯૮ ના રોજ સાંજના ૨૪-૦૦ સુધી (બંન્ને દિવસો સુધ્ધા) ની મુદત માટે નર્મદા જિલ્લામાં ચાર કરતા વધુ વ્યકિતઓની કોઈ મંડળી સરઘસ માટે મનાઇ ફરમાવું છું.

INDEX

અનુસૂચિ

વધુમાં હું આદેશ કરૂ છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યક્તિઓને
(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહ રક્ષક દળની વ્યક્તિઓને
(૩) કોઇ લગ્નના વરઘોડાને
(૪) કોઈપણ સ્મશાનયાત્રાને

આ હુકમના ભંગ કરનાર ઉલ્લંઘન કરનાર મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૫ (૧) મુજબ ક્ષઅને ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ (સને ૧૮૬૦ ના ૪૫માં) ની કલમ ૧કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

અજ તારીખ ૧૧મી ફેબ્રુઆરી ૧૯૯૮ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

એમ. ડી. મોડીયા,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ.
નર્મદા, રાજપીપલા.

જાહેર હુંકમ

સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ ૩૭ (૩) અન્વયેનો.

નંબર પલસ/મજસ/વશી-જાપ૧/૯૮.—ભારતના ચૂંટણી પંચે લોકસભા તેમજ ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ-૧૯૯૮માં યોજવા જાહેર કરેલ છે. જે અન્વયે જિલ્લામાં તારીખ ૨૮મી ફેબ્રુઆરી,

૧૯૯૮ ના રોજ ચૂંટણીઓ યોજાશે. જેથી આ પ્રસંગે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે તે માટે જાહેર સુલેહ શાન્તિ તેમજ જાહેર સુરક્ષા લક્ષમાં લેતાં એક જગ્યાએ મોટી જનમેદની એકત્રિત થાય તે ઈચ્છનીય નથી. જેથી જિલ્લામાં જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે તે માટે હું કે. એસ. મેણાત, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, દાહોદ મુબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૩) મુજબ મળેલ અધિકારની રૂએ જાહેર હિતમાં આવી ફરમાવુ છું કે,

(૧) જિલ્લા મથકોએ તથા ગામોમાં તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૧૯૯૮ અને તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૯૮ ના રોજ મેળા, હાટ ભરાશે નહીં. તથા લોકોએ આ માટે એકત્રિત થવું નહીં.

ઉપરોકત હુકમનો ભંગ કરનાર શ સ ઈન્ડીયન પીનલ કોડની કલ -૧૮૮ અને મુંબઈ પોલીસ ધારાની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

દાહોદ, તારીખ ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૧૯૯૮.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૧)(છ) મુજબનું.

નંબર પલસ/મજસ/વશી/જાર.— આગામી લોકસભા / વિધાનસભાની સામાન્ય ચુંટણીઓને અનુલક્ષીને સુરૂચિ અગર નીતિનો, ભંગ થતો હોય તેવા કોઈપણ પ્રકારના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ કરવો જરૂરી જણાય છે.

જેથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) (છ) અન્વયે મળેલ સત્તાની રૂએ હું, કે. એસ. મેણાત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, દાહોદ આથી ફરમાવું છું કે, સમગ્ર દાહોદ જિલ્લામાં તારીખ ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૧૯૯૮ થી ૧૦મી માર્ચ, ૧૯૯૮ સુધી છટાદાર ભાષણો આપવાથી, ચાળા પાડવાથી, અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી, તેનો ફેલાવો કરવાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતિ જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તથા છટાદાર ભાષણો આપવાની કે, ચાળા વગેરે કરવાની અને તે ચિત્રો, નિશાનીઓ વગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા ફેલાવો તથા ચુંટણી પ્રચાર માટે મકાન, માલિકીની લેખિત પરવાનગી સિવાય કોઈપણ પક્ષ ઉમેદવાર કે તેમના ટેકેદારો કે અન્ય કોઈ સંસ્થાઓએ દિવાલો ઉપર લખાણ લખીને કે, ચિત્રો બનાવી ને કે પોસ્ટરો ચોંટાડીને ખાનગી તથા જાહેર મકાનો ઉપર ઉપયોગ કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

આજ રોજ તારીખ ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૧૯૯૮ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપવામાં આવ્યો.

કે. એસ. મેણાત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
દાહોદ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] THURSDAY, FEBRUARY 26, 1998 / PHALGUNA 7, 1919 [No. 9

Separate paging is given to each part of Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages			Page
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	84-97	Part I-B	Government Notifications published under Land Acquisition Act only.	55
Part I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	9	Part I-L	Notifications, Order and Awards other than those published in Parts I, IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	380-418

GOVERNMENT NOTIFICATIONS, APPOINTMENTS ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) ની કલમ ૩૭ (૩) મુજબનો હુકમ.

નંબર ઉ/ગપક/વિ. શા. / ૩૮૪/૧૯૯૮.—તારીખ ૨જી માર્ચ, ૧૯૯૮ના રોજ પોલીસ કમિશનર, અમદાવાદ શહેરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તાર પૈકી લોકસભા તથા વિધાનસભાની ચૂંટણીની મત ગણતરી વખતે જુદા જુદા પક્ષોના લોકો આ મત ગણતરીની જગ્યાએ એકઠા થાય તે વખતે એકબીજા પક્ષો વચ્ચે ઘર્ષણ થવાની તથા અશાંત વાતાવરણ પેદા થવાની અને લોકોની સુલેહ શાંતિ જોખમાય તેવી સંભાવના છે. જેથી નીચે જણાવેલ વિસ્તારોમાં જાહેર વ્યવસ્થા જાળવવી જરૂર જણાય છે.

વાસ્તે હું, પી. જી. જે. નામ્પુથીરી, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમ)

ની કલમ ૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૨જી માર્ચ, ૧૯૯૮ના કલાક ૦૮-૦૦ થી મત ગણતરી પુરી ન થાય ત્યાં સુધી ચાર કરતાં વધારે માણસો ભેગા થવું નહી, અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહી. તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં, કોઈ સૂત્રોચ્ચાર કરવા નહી માઈક પણ વગાડવું નહીં તેમજ લાગણી દુભાય તેવું કૃત્ય કરવું નહીં અને મત ગણતરી સ્થાને બિન અધિકૃત માણસોએ પ્રવેશવું નહીં.

વિસ્તાર :

અમદાવાદ શહેરમાં આવેલ (૧) નવરંગપુરા, એલ. ડી. એન્જીનિયરીંગ કોલેજ, (૨) નવરંગપુરા પોલી ટેકનિક કોલેજ (૩) નવરંગપુરા પોલીટેકનિક મેનેજમેન્ટ (૪) એલિસબ્રીજ ગુજરાત લૉ કોલેજનો કંપાઉન્ડ તથા આજુબાજુનો ૨૦૦ મીટરનો સમગ્ર વિસ્તાર.

અપવાદ :

આ હુકમ જે માણસ સરકારી કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ ઉપર હોય તેઓને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને-૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા-કલમ (૩) અને ભારતના ફોજદારી અધિનિયમની (સને-૧૮૬૦ના ૪૫માં અધિનિયમની) કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૦ માહે ફેબ્રુઆરી, સને-૧૯૯૮ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યા.

પી. જી. જે. નામ્પુથીરી,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

જાહેરનામુ

નંબર ઉ/ગપક/સુમુલ ડેરી/રોડ/ફ્લાય ઓવર બ્રીજ/૪૭૩૧/૪૯૩/૯૮.—સુરત શહેરમાં વાહન વ્યવહારની સવલત અને સલામતી માટે સુમુલ ડેરી નજીક આવેલ રેલ્વે ક્રોસીંગ નં.-૧૪૬ની જગ્યાએ બાંધવામાં આવેલ ઓવરબ્રીજની સુવિધા જાહેર જનતા માટે તારીખ ૭મી ફેબ્રુઆરી, ૧૯૯૮ થી ઉપલબ્ધ કરવામાં આવેલ છે આ રેલ્વે ફ્લાય ઓવર બ્રીજનો સુવ્યવસ્થિત અને સલામત રીતે મહત્તમ ઉપયોગ થાય તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ની કલમ-૩૩ (૧) બી, અને ૨ (૬) મુજબ મળેલી સત્તાની રૂએ નીચે જણાવ્યા મુજબ કાયમી જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

(૧) આ રેલ્વે ફ્લાય ઓવરબ્રીજ ઉપરથી ૬૬ કે. વી. ની વીજરેસા પસાર થતી હોવાથી ૪.૨૫ મીટર એટલે કે ૧૪ ફૂટથી વધુ ઊંચાઈ ધરાવતાં વાહનનાં વાહન ચાલકોએ આ રેલ્વે ઓવર બ્રીજનો અકસ્માત નિવારણ હેતુસર ઉપયોગ કરવાની મનાઈ ફરમાવવામાં આવે છે.

આ જાહેરનામાનો ઉલ્લંઘન કરનાર વ્યકિત સામે મુંબઈ પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

આ જાહેરનામાનો અમલ તાત્કાલિક કરવાનો રહેશે.

આજ તારીખ ૨૦મી ફેબ્રુઆરી, ૧૯૯૮ નાં રોજ મારી સહી સિક્કો કર્યા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માંની પેટા-કલમ ૩૭(૧) હેઠળનું

નંબર ઉ/ગપક/એસ.બી./જાહેરનામું/૧૯/૯૮—સુરત શહેર વિસ્તારમાં તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૮ન રોજ લોકસભા તથા વિધાનસભાની ચૂંટણી અંગે થયેલ મતદાનની મત ગણતરી તારીખ ૨જી માર્ચ ૧૯૯૮નાં રોજ સવાર કલાક ૮-૦૦ વાગ્યાથી થનાર છે મત ગણતરીના સ્થળો નીચે મુજબના છે ઉપરોકત મત ગણતરી સમયે સુલેહશાંતી જળવાય રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુસરથી મત ગણતરી સ્થળોની આજુબાજુમાં ૧૦૦ મીટરના ઘેરાવામાં ચાર કે તેથી વધુ વ્યકિતઓને ભેગા થવા ઉપર પ્રતિબંધ મુકવા જરૂરી જણાય છે.

જેથી હું જી. જી. રાયગર, આઈ.પી.એસ. પોલીસ કમિશનર, સુરત શહેર મને મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માંની પેટા કલમ ૩૭(૧)(૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છુ કે, સદરહ વિસ્તારોમાં તારીખ ૨જી માર્ચ ૧૯૯૮ કલાક ૬-૦૦ થી તારીખ ૩જી માર્ચ ૧૯૯૮ કલાક ૨૪-૦૦ સુધી અથવા તો મત ગણતરી પૂર્ણ થાય તે સમય સુધી ચાર કે ચારથી વધુ વ્યક્તિઓને ભેગા થવાની સભા ભરવાની કે સરઘસ કાઢવાની મનાઇ ફરમાવુ છું.

વિસ્તાર.—સુરત શહેર પોલીસ કમિશનરશ્રીના હકુમત હેઠળની નીચે મુજબના મત ગણતરીના સ્થળો,

(૧) એસ. વી. આર. એન્જીનીયરીંગ કોલેજ ઈચ્છાનાથ, સુરત

(૨) ડૉ. એસ. ગાંધી એન્ડ એસ.એસ. ગાંધી કોલેજ ઓફ એન્જીનીયરીંગ એન્ડ ટેકનોલોજી મજુરા ગેટ, સુરત

વધુમાં હુ આદેશ કરું છુ કે, આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) મત ગણતરી કાર્યમાં રોકાયેલ વ્યકિતઓને.

(૨) ફરજ ઉપર હોય તેવા સરકારી નોકરી કે રોજગારમાં હોય તે વ્યકિતઓને

(૩) કોઈ લગ્નના વરઘોડાને/કોઇ સ્મશાન યાત્રાને હુ એવો પણ આદેશ કરુ છું કે,

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર સદરહું અધિનિયમની કલમ ૧૩૫ તથા ભારતીય ફોજદારી ધારાની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૨૧મી ફેબ્રુઆરી ૧૯૯૮નાં રોજ મારી સહી સિકકા કરી આપેલ છે.

જી. સી. રાયગર,
પોલીસ કમિશનર,
સુરત શહેર, સુરત.

અન્ન અને નાગરિક પુરવઠા નિયંત્રક દ્વારા

વંચાણમાં લીધું :

(૧) અન/પુનિ/કસન/વિતરણ/૯૭ તારીખ ૧૩મી ઓકટોબર, ૧૯૯૭.

(૨) કસન/૧૧૯૭/ભાગ ૧/બ તારીખ ૧૯મી જાન્યુઆરી, ૧૯૯૮.

હુકમ

નંબર : અન/પુનિ/કસન/વિતરણ/૯૮/૧૧૧૨.—કેન્દ્ર સરકારે ક્રુડ તેલ અને એલ.ડી.ઓ. ના ભાવમાં કરેલ વધારો ધ્યાને લઈ, સંદર્ભ ૧માં

INDEX

જણાવેલ તારીખ ૧૩મી ઓક્ટોબર, ૧૯૯૭ના રોજ હુકમ બહાર પાડી જથ્થાબંધ વેપારી કે એજન્ટ વિક્રેતાએ પોતાના ડેપો-માંથી વેચાણ કરવાનો એક કીલો લીટરનો ભાવ રૂા. ૯,૧૭૭.૯૫ પૈસા ભાવ બાંધવામાં આવેલ.

કેરોસીન તથા એલ.ડી.ઓ.ના જુદા જુદા વિક્રેતાઓના એસોસી-એશનના પ્રતિનિધિઓ તરફથી થયેલ રજૂઆતો ધ્યાને લઈ, રાજય સરકારશ્રીએ કેરોસીનના તથા એલ.ડી.ઓ. ના વેચાણમાં કમીશન વધારી આપવા સંદર્ભ ૨ માં દર્શાવેલ પત્રથી સુચના આપેલ છે.

કેરોસીનમાં અત્રેની કચેરીના પત્ર ક્રમાંક અન/પુનિ/કસન/વિતરણ/ તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૮ થી કમીશનમાં વધારો કરી આપવામાં અવેલ છે. જ્યારે એલ.ડી.ઓના વેચાણમાં કમીશન વધારી આપવાનો થાય છે. જેથી મળેલી સત્તાની રૂએ હું, આર. આર. મહેતા, અન્ન અને નાગરિક પુરવઠા નિયંત્રક, અમદાવાદ શહેર, મ્યુનિ. કોર્પોરેશન વિસ્તારમાં આવક થતાં એલ.ડી.ઓ. ના વેચાણ ભાવ કીલો લીટરના તાત્કાલિક અસરથી અમલમાં આવે તે રીતે નીચે મુજબ ઠરાવું છું. કોઈપણ જથ્થાબંધ પરવાનેદાર સદરહું ઠરાવેલ ભાવથી વધારે ભાવથી ક્રુડતેલ / એલ.ડી.ઓ.નું વેચાણ કરી શકશે નહી.

	રૂા. પૈ.
જથ્થાબંધ વેપારી એજન્ટ વિક્રતાએ પોતાના ડેપોથી વેચાણ કરવાનો ૧ કીલોલીટરનો ભાવ.	૯,૩૨૧.૯૫

ઉપરોક્ત અમલવાર નો ભંગ કરનાર સામે શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે જેની નોંધ લેવી.

અમદાવાદ, તારીખ ૨૧મી ફેબ્રુઆરી, ૧૯૯૮.

આર. આર. મહેતા,
અન્ન અને નાગરિક પુરવઠા નિયંત્રક,
અમદાવાદ શહેર.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ હેઠળ હુકમ.

નંબર ડીસીબી/એમએજી / સીઆરપીસી/રજી. નં. ૧૨/૧૪૪/૯૮.—લોકસભા વિધાનસભાની આગામી દિવસોમાં સામાન્ય ચૂંટણી યોજાનાર છે. આ સમય દરમ્યાન જુદા જુદા હરિફ જૂથો વચ્ચે ચૂંટણી પ્રચાર કરવામાં આવશે. આથી આવા જુદા જુદા જૂથો વચ્ચે ઘર્ષણ થવાની સંભાવનાઓ નકારી શકાય નહિ. તેમજ જાહેર સુલેહ શાંતિનો ભંગ થવાનો સંભવ રહે છે. આથી જિલ્લામાં જે ઈસમો પાસે હથિયાર પરવાનાઓ છે, તેઓના હથિયારો સાથે લઈ જવા નહિ તથા સાથે રાખવા નહિ. તે મુજબનો પ્રતિબંધ મુકવાનું ઈષ્ટ જણાય છે. આથી અવા શસ્ત્રો ઉપર ફોજદારી કાર્યરીતિ અધિ-નિયમ. ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પ્રતિબંધ મુકવાનું જરૂરી જણાય છે. અને તેવો મારો અભિપ્રાય થાય છે.

તેથી હું, એમ. ડી. માંકડ, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ' ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલી સત્તાની રૂએ આથી ફરમાવું છુ કે, વલસાડ જિલ્લામાં હથિયાર પરવાનેદારોએ તારીખ ૧૯મી ફેબ્રુઆરી, ૧૯૯૮ થી તારીખ ૫મી માર્ચ, ૧૯૯૮ સુધી હથિયાર એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવા નહી. તથા સાથે રાખવા નહિ. હથિયર સાથે રાખવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

ઉપરોકત હુકમનો ભંગ કર્યે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ કસુરવાર સામે પગલાં લેવા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેના ઉપરી અધિકારીઓ આવું કોઈપણ હથિયાર લઈ જવાની કાયદાકીય ફરજનો ભાગ હોય,

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા જિલ્લા પોલીસ અધિકારીશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આજ રોજ તારીખ ૧૯મી ફેબ્રુઆરી, ૧૯૯૮ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપી છે.

એમ. ડી. માંકડ,
જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને-૧૯૫૧નો અધિનિયમ-૨૨મો.) ની કલમ-૩૭ (૩) અન્વયે કાઢેલો હુકમ.

નંબર ડીસીબી/એમએજી/૨/૯૮.—નવસારી જિલ્લામાં પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને જાહેર શાંતિ અને સલામતી સારું જાહેર સરઘસ કાઢવાની તેમજ સભા કરવાની મનાઈ ફરમાવવી જરૂરી જણાય છે. વાસ્તે હું, બી. એન. જોષી, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, નવસારી મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ (સને ૧૯૫૧નો અધિનિયમ-૨૨ મો) ની કલમ-૩૭ની પેટા કલમ (૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નવસારી જિલ્લામાં તારીખ ૧૭મી ફેબ્રુઆરી, ૧૯૯૮ થી ૩જી માર્ચ, ૧૯૯૮ બંને દિવસો સુધ્ધાં ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી નહી કે, બોલાવવી નહી કે સરઘસ કાઢવું નહી. તેમજ ચારથી વધુ વ્યકિતઓએ (એકત્ર) ભેગા થવું નહીં.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રા કે એસટી બસમાં રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા /મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના માટે જતા બોનાફાઈડ વ્યકિતઓને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ નો અધિનિયમ-૨૨) ની કલમ-૧૩૫ (૩) મુજબ ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૧૭મી ફેબ્રુઆરી, ૧૯૯૮નાં રોજ મારી સહી સિક્કા કરી આપવામાં આવ્યો છે.

હુકમ

નંબર ડીસીબી/એમએજી/જેલ મૃત્યુ/.—અધિક્ષક નવસારી સબ જેલ નવસારીના જાવક નંબર ૧૮૬/૯૮ તારીખ ૧૪મી ફેબ્રુઆરી, ૧૯૯૮ ના અહેવાલથી જણાવ્યા મુજબ જેલના કાચા કેદી નં. ૪૩૯ ઘેલાભાઈ બાબુભાઈ નાયકા રહેઠાણ ગણદવીનું માંદગીની સારવાર દરમ્યાન તારીખ ૧૧મી ફેબ્રુઆરી, ૧૯૯૮ના રોજ આશરે ૨૨-૪૦ કલાકે મૃત્યુ નિપજેલ છે.

INDEX

આ બનાવ સંદર્ભે કયા કારણને લઈને સદરહુ કેદીનું મૃત્યું થયેલ છે. તેની મેજિસ્ટ્રીયલ તપાસ કરવાનું આવશ્યક જણાતા હું, બી. એન. જોષી, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, જિલ્લો નવસારી આથી શ્રી મહેન્દ્ર એસ. પટેલ, જી.એ.એસ., સબ ડીવીજનલ મેજિસ્ટટ્રેશ્રી, નવસારીને ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ ૧૭૬ હેઠળ તપાસ કરી તપાસનો અહેવાલ પાંચ અઠવાડીયામાં હમોને રજુ કરવા હુકમ કરું છું.

આજ રોજ તારીખ ૧૯મી ફેબ્રુઆરી, ૧૯૯૮ના રોજ મારી સહી તથા સિક્કો કરી આ હુકમ બહાર પાડવામાં આવ્યો.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૧) અન્વયે કાઢેલ હુકમ.

નંબર ડીસીબી / એમએજી/બીપીએ/રજી-૩/૯૮.—મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમની કલમ ૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, બી. એન. જોષી, આઈ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી આગામી મહાશિવરાત્રી ના તહેવાર / લોકસભા / વિધાનસભાની ચૂંટણી હોવાથી પ્રવર્તમાન પરિસ્થિતિ અનુલક્ષીને જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારું જરૂરી જણાતા ફરમાવું છું કે, નવસારી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે તારીખ ૨૪મી ફેબ્રુઆરી, ૧૯૯૮ થી ૧૦મી માર્ચ, ૧૯૯૮ (બંને દિવસો સહિત) ના સમય માટે નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, દંદુકા, ચપ્પુ, છરા, લાકડ અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ.

(ખ) કોઈપણ સ્ફોટક પદાર્થ લઈ જવાની મનાઈ.

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની, એકઠા કરવાની, તૈયાર કકવાની.

(ગગ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(છ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિ અને અથવા પુતળા દેખાડવાની.

(ચ) લોકોને બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની, અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની.

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો પત્રિકા અને બોર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બતાવવી તથા ફેલાવો કરવાની.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી :

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિતઓ કે જે તે તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, નવસારી અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીને જેને શારીરિક અશકિતને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન થવાના પ્રસંગે સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) ના કાયદાની કલમ ૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વરસ સુધી કેદની સજા થવાને પાત્ર છે.

આજ રોજ તારીખ ૨૧મી ફેબ્રુઆરી, ૧૯૯૮ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી આપી.

હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ હેઠળ.

નંબર : ડીસીબી/એમએજી/બીપીએ/રજી ૧/૯૮.—આગામી લોસકભા-વિધાનસભાની સામાન્ય ચૂંટણી યોજાનાર છે. આ સમય દરમ્યાન જુદા જુદા હરિફ જુથો વચ્ચે ચૂંટણી પ્રચાર કરવામાં આવશે. આથી આવા જદા જદા જથો વચ્ચે ઘર્ષણ થવાની સંભાવનાઓ નકારી શકાય નહી તેમજ જાહેર સુલેહ શાંતિનો ભંગ થવાની સંભવ રહે છે. આથી જિલ્લામાં જે ઈસમો પાસે હથિયાર પરવાનાઓ છે. તેઓના હથિયારો સાથે લઈ જવા નહી તથા સાથે રાખવા નહી તે મુજબનો પ્રતિબંધ મુકવાંનું ઈષ્ટ જણાય છે. આથી આવા શસ્રુ ઉપર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પ્રતિબંધ મુકવાનું જરૂરી જણાય છે. અને તેવો મારો અભિપ્રાય થાય છે.

તેથી હુ, બી. એન. જોષી, આઈ એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલી સત્તની રૂએ આથી ફરમાવું છૂ કે નવસારી જિલ્લામાં ધારણ કરતા હથિયાર પરવાનેદરો તારીખ ૨૩મી ફેબ્રુઆરી ૧૯૯૮ થી તારીખ ૫મી માર્ચ, ૧૯૯૮ સુધી હથિયાર એક જગ્યાઓથી બીજી જગ્યાઓ લઈ જવા નહી તથા હથિયાર સાથે રાખવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

વધુમાં જે કિસ્સામાં હથિયાર પરવાનેદારોને એક જગ્યાઓથી બીજી જગ્યાએ લઈ જવા માટે જુની પરમીટો આપવામાં આવેલ છે એ પણ ઉપરોકત સમય દરમ્યાન રદ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમનો ભંગ કર્યે ભારતીય દં સંહિતાની કલમ-૧૮૮ હેઠળ કસુરવાર સામે પગલાં લેવા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની કાયદાકીય ફરજનો ભાગ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા જલ્લા પોલીસ અધિકારીશ્રી આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આજરોજ તારીખ ૨૩મી ફેબ્રુઆરી, ૧૯૯૮ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપી છે.

બી. એન. જોષી,
જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી.

જાહેરનામું

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ અન્વયે કાઢેલો હુકમ.

ક્રમાંક /એમ.એ.જી./વશી/૨૧૩૯.—ભારતનાં નિર્વાચન આયોગ દ્વારા લોકસભા તથા વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૧૯૯૮નાં કાર્ય

INDEX

ક્રમ જાહેર કરેલ અને તે મુજબ જિલ્લામાં મતદાનની તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૮ તેમજ મતગણતરી તારીખ ૨જી માર્ચ ૧૯૯૮ નક્કી કરવામાં આવેલ છે. તે અનુસાર ભારતના નિર્વાચન આયોગ બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક ૩/૧૦/ઈ એસ.૦૭૭/૯૪ જે.એચ.૨/૫૨૧૬ તારીખ ૨જી સપ્ટેમ્બર ૧૯૯૪ તેમજ ગુજરાત રાજ્યનાં મુખ્ય ચૂંટણી અધિકારીશ્રીનાં પરિપત્ર ક્રમાંક/ઇએલસી-૧૦૯૮-૭૬(૨) છ તારીખ ૨૯મી જાન્યુઆરી ૧૯૯૮ મુજબ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન વિશાળ કટઆઉટ જાહેરાત, ટાટીયા બેનર, વિગેરે મૂકવા ઉપર જરૂરી નિયંત્રણ રાખવાનું જરૂરી જણાય છે.

ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા જાહેર માર્ગની બન્ને બાજુ વાહન વ્યવહારથી ધમધમતા ચાર રસ્તા, શેરીઓ, નાકા, જાહેર માર્ગ માલિકીના મકાનો, વિગેરે ઉપર વિશાળ પોસ્ટરો બેનર રાજકીય અગ્રણીઓનાં કટઆઉટ વિગેરે ઉભા કરવામાં આવશે. પ્રદર્શીત કરવામાં આવશે, એજ રીતે સરકારી અથવા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાના મકાનો તથા વિજળી અને ટેલીફોનના થાંભલા જેવી સરકારી મિલકતો સહિત તમામ પ્રકારની જગ્યાએ વિશાળ કમાનો, દરવાજા, જાહેરાત, પાટીયા, બેનર્સ, ભીતસૂત્રો, ધજા પતાકા, ભીંતચિત્રો વિગેરે ઉભા કરે અથવા મૂકે છે. આને લીધે ટ્રાફીક ની સમસ્યાઓ ઉભી થવા સંભવ છે. તેમજ રાહદારીઓની અસલામતિ વધે છે. તેમજ જાહેર રસ્તાઓ અથવા સાર્વજનિક જગ્યાઓનું અયોગ્ય રીતે ઉપયોગ થવા સંભવ છે. અને જેથી આ માટેની જરૂરી કાર્યવાહી કરવાનું જરૂરી જણાય છે.

વાસ્તે આગામી લોકસભા / વિધાનસભાની સામાન્ય ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન વિશાળ કટઆઉટ જાહેરાત, પાટીયા, બેનર વિગેરે મૂકવા ઉપર નિયંત્રણ મૂકવા માટે હું એસ. અપર્ણા, આઈ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ની કલમ-૧૪૪(૧) હેઠળ મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબ હુકમ કરું છું.

(અ) રાજ્ય સરકાર, નગરપાલિકાઓ, અથવા સરકારી બોર્ડ, નિગમો, પંચાયતની માલિકીના રસ્તાઓ, માર્ગ, મકાનો, અથવા અન્ય કોઈ જાહેર જગ્યાઓ ઉપર કોઈપણ રાજકીય પક્ષ અથવા લોકસભા-વિધાનસભાના ઉમેદવાર દ્વારા અથવા આવા ઉમેદવાર માટે કોઈ મંડળ, સંગઠન અથવા વ્યકિત દ્વારા સમાચાર બોર્ડ અથવા જાહેર નોટીસ ન હોય, એવા કોઈપણ પ્રકારના કટઆઉટ, જાહેરાત પાટીયા, પોસ્ટર, ધજા, પતાકા, બેનર્સ સૂકી શકશે નહિ કે દિવાલો પરચિત્રો દોરાવી શકશે નહિ. કે કામનો દરવાજા વિગેરે ઉભા કરી શકશે નહિ (આવી જગ્યા કે મિલ્કત ભાડે અપી હશે તો પણ સૂકી શકાશે નહિ.)

(બ) સમાચાર બોર્ડ અથવા કટઆઉટ, જાહેરાત પાટીયા પોસ્ટર ધજા, પતાકા બેનર્સ ખાનગી માલિકીની જગ્યામાં મૂકવા માંગતા હોય તો લોકસભા-વિધાનસભાના ઉમેદવાર, ઉમેદવાર માટેના કોઈ મંડળ, સંગઠન અથવા વ્યકિતએ નીચેની શરતોનું પાલન કરવાની શરતે મૂકી શકશે કે ઉભા કરી શકશે.

(૧) હોર્ડિંગ્સની સાઈઝ ૧૫ફૂટ ૮ ફૂટથી વધારે હોવી જોઈશે નહિ.

(૨) કટઆઉટની ઉંચાઈ ૮ ફૂટથી વધવી જોઈએ નહિ.

(૩) જે તે રાજકીય પક્ષ/ઉમેદવારે ખાનગી જગ્યામાં કટઆઉટ, જાહેરાત પાટીયા, બેનર, મૂકયા હશે તે જગ્યાના માલિકીની લેખિત મંજૂરી લીધેલી હોવી જોઈએ. આ મંજુરી જિલ્લા ચૂંટણી અધિકારી/ ચૂંટણી અધિકારી, પોલીસ અધિકારી જ્યારે માંગશે ત્યારે તેઓ સમક્ષ રજુ કરવાની રહેશે.

(૪) કટઆઉટ, જાહેરાત, ભીતસૂત્રો, પાટીયા બેનર વિગેરે કોઇક સ્થળે મૂકતાં પહેલા તે અંગેની જાણ જિલ્લા ચૂંટણી અધિકારી ચૂંટણી અધિકારી અને જિલ્લા પોલીસ અધિકારીને કરવાની રહેશે.

(૫) ખાનગી મિલ્કતોમાં હોર્ડીંગ્સ કટઆઉટ વિગેરે મૂકવા માટે સ્થાનિક કાયદા અનુસાર સંબંધિત સત્તાધિકારીની પરવાનગીની જરૂર હોય તેવા પ્રસંગે આવી પરવાનગી મેળવી લીધેલી હોવી જોઈએ.

આ હુકમના ભંગ બદલ ઉલ્લંઘન કરનારને ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૫મી માર્ચ ૧૯૯૮ સુધી અમલમાં રહેશે.

ભરૂચ, તારીખ ૧૬મી ફેબ્રુઆરી, ૧૯૯૮.

હુકમ

ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૪૪ અન્વયે

ક્રમાંક એમએજી/વશી-૨૨૬૯.—ભારતના નિર્વાચન આયોગ દ્વારા ૧૯૯૮નો લોકસભા તથા ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ ભરૂચ જિલ્લામાં ચૂંટણીની તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૮ના રોજ તેમજ મતગણતરી તા. ૨જી માર્ચ ૧૯૯૮ના રોજ થનાર છે. ભારતના નિર્વાચન આયોગે બંધારણની કલમ–૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રુએ મતદાન કેન્દ્રો તથા મતગણતરી મથકની અંદર અને નજીક ૧૦૦મીટરની ત્રિજ્યામાં કોઈપણ વ્યકિત સેલફોન લઈ જવા અંગે પ્રતિબંધ મુકવા જરુરી આદેશ બહાર પાડેલ છે.

સબબ મુકત અને ન્યાયી રીતે ચૂટણી યોજાય તેમજ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન સુલેહશાંતિનો ભંગ થતો અટકાવી શકાય, તેમજ મતદાન કેન્દ્રો ખાતે મતદાનના દિવસે તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૮ના રોજ ચુંટણી પ્રચાર થતો અટકાવવા અને મતગણતરી મથકોએ મત ગણતરી દિવસે એટલે કે તારીખ ૨જી માર્ચ ૧૯૯૮થી મતગણતરીની કાર્યવાહી પુરી થાય ત્યાં સુધી કાયદો અને વ્યવસ્થા જાળવવા મતદાન કેન્દ્રો અને મતગણતરી મથકોની અંદર તથા તેની ૧૦૦મીટરની ત્રિજયામાં કોઈપણ વ્યકિતને સેલ્યુલર ફોન, પેજર, કોર્ડલેસ ફોન અને વાયરલેસ સેટ(વોકી ટોકી સાથે) પ્રવેશવા ઉપર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

જેથી હું, એસ. અપર્ણા, આઈ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ ૧૪૪(૧)થી મને મળેલ સત્તાની રુએ હુકમ કરું છું કે,

ભરૂચ જિલ્લામાં આવેલ તમામ મતદાન કેન્દ્રો અને મતગણતરી ના મથકની અંદર તથા તેની ૧૦૦મીટરની ત્રિજ્યામાં કોઈપણ વ્યતિ મતદાન અને મતગણતરીના દીવસો એ સેલ્યુલર ફોન, પેજર, કોર્ડલેસ ફોન અને વાયરલેસ સેટ વોકી ટોકી સેટ સાથે લઈ જઈ શકશે નહી અથવા તેનો ઉપયોગ કરી શકશે નહી.

આ આદેશનો ભંગ કરીને જો કોઈ વ્યકિત પાસે સેલ્યુલર ફોન, કોર્ડલેસ રેફોન, પેઝર, અને વાયરલેસ સેટ વોકી ટોકી સેટ જેવા સાધનો મળી આવશે તો સ્થળ પરના સુરક્ષા અધિકારીએ આ સાધનો જપ્ત કરી શકશે.

આ હુકમના નિયંત્રણો કાયદો અને વ્યવસ્થાની નો ચાર્જ ધરાવતાં અધિકારીઓ સુરક્ષા અધિકારીઓ, ચુંટણી પંચે નીમેલા નિરીક્ષકો, મતદાન અધિકારીઓ અને મતગણતરી અધિકારીઓને લાગુ પડશે નહી.

INDEX

આજ તારીખ ૧૯મી માહે ફેબ્રુઆરી ૧૯૯૮ના રોજ મારી સહી તથા કચેરીનો સીક્કો કરી આપ્યો.

એસ. અપર્ણા,
જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) અન્વયેનો હુકમ.

નંબર પીઓએલ/એલએઓ / મત ગણતરી / વશી-૨ / ૯૮.—સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર મુકામે આવેલ એસ. એસ. મહેતા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ તથા સરકારી પોલીટેકનિક કોલેજના મકાનમાં તારીખ ૨જી માર્ચ, ૧૯૯૮ના રોજ લોકસભા તથા વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓની મતગણતરી યોજાનાર છે. જેથી ઉકત સ્થળે મતગણતરી સમયે જાહેર પ્રજાના માણસો મોટી સંખ્યામાં એકઠા થાય તેવી શકયતા રહેલી છે. જેથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિયિમની કલમ-૩૭ (૪) અન્વયેનો પ્રતિબંધિત હુકમ કરવો જરૂરી છે.

આથી હું, એસ. એમ. એફ. બુખારી, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા, હિંમતનગર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં)ની કલમ-૩૭(૪) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છુ કે, સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર મુકામે આવેલ એસ. એસ. મહેતા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ તથા પોલીટેકનિક કોલેજના એલ. આર. સી. બિલ્ડીંગ તથા મુખ્ય બિલ્ડીંગ તથા ઉકત બંને કોલેજોના મકાનોમાં લોકસભા / વિધાનસભા ચુંટણીના મતદાર વિભાગોની મત ગણતરી તારીખ ૨જી માર્ચ, ૧૯૯૮ ના રોજ યોજાનાર હોવાથી બંને કોલેજોના ગ્રાઉન્ડની આજુબાજુના ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં તારીખ ૧લી માર્ચ, ૧૯૯૮ ના કલાક ૦૦-૦૦ થી મત ગણતરી કાર્ય પૂર્ણ થાય ત્યાં સુધીના સમય માટે પ્રવેશ કરવો નહી. અગર તો પ્રવેશ કરાવવો નહી. તેવો પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમ મતદારો તથા તેમના નિયુકત થયેલા મતગણતરી એજન્ટો ચૂંટણી સાથે સંકળાયેલા કર્મચારીઓ, પોલીસ કર્મચારીઓ, અધિકારીઓ તથા અન્ય કર્મચારીઓ આ સ્થળે કાયમી વસવાટ કરતા કોલેજના કર્મચારીઓનો લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ કરનાર ઈસમ સને-૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૦મી ફેબ્રુઆરી, ૧૯૯૮ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

એસ. એમ. એફ. બુખારી,
જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા,
હિંમતનગર.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) મુજબનો.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસ.આર/૧૦/૯૮ :—આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરની જાળવણી વાસ્તે.

હું એમ. વાય. દક્ષિણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૯મી ફેબ્રુઆરી ૧૯૯૮ થી તારીખ ૫મી માર્ચ ૧૯૯૮ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :—

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, સોટા, બંદુક ખંજર અસ્ત્રા સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાંબુ અને છેડેથી આણીવાળું પાનુ હોય તેવા ચપ્પુ તથા ત્રણ ઈંચથી વધુ લંબાણ ધરાવતું આણીવાળું ઘાતક શસ્ત્ર સાથે રાખી ફરવાથી મનાઈ ફરમાવું છું તેમજ લાકડી લાઠી, અથવા શારીરીક નુકશાન પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની.

(૨) કોઈપણ રીતે શરીરને હાનિકારક એવી કોઈપણ ક્ષયકારી પદાર્થો અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું.

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો, ફેંકવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની અને તૈયાર તૈયાર કરવાની.

(૪) સળગતી મશાલ અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(૫) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(૬) લોકોએ બૂમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાજા વગાડવાની.

(૭) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાળવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો નિશાનીઓ, જાહેર ખબરો અથવા પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાથી દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાથી અથવા અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજયની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાથી તથા ચાળા વિગેરે, કરવાથી અને તેના ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાથી દેખાડવાથી અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર : અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસૂલી વિસ્તાર (પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરના હકુમતના વિસ્તાર સિવાય)

અપવાદ : આ હુકમનો ખંડ ૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી,

INDEX

૧. સરકારી નોકરી અથવા કામગીરી હોય તેમને જે તે ઉપરી અધિકારીઓને આવું કોઇ હથિયાર લઇ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને,

૨. સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર, જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહી;

૩. જિલ્લા મેજિસ્ટ્રેટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, જિલ્લા પોલીસ અધિકારી અથવા તેમને અધિકૃત કરેલા કોઇપણ પોલીસ અધિકારીઓએ જેને શારીરીક અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય તે વ્યકિતોઓને લાગુ પડશે નહી.

આ જાહેરનામાના કોઇપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ ની પેટા કલમ (૧) હેઠળ ઓછામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની અને દંડની અને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૯૬૦ ના અધિનિયમ નંબર ૪)ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૭મી ફેબ્રુઆરી, ૧૯૯૮ ના રોજ મારી સહી અને સિકકો કરી આપ્યો.

જાહેરનામું

પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ મુંબઈ અધિનિયમ નં. ૫૨)માંની કલમ ૩૭(૩) મુજબનો હુકમ.

નંબર ડીસી-પીઓએલ/એમએજી/એસ. આર. ૧૧/૯૮.—આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી વાસ્તે હું, એમ. વાય. દક્ષિણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ (સને ૧૯૫૧ ની ૨૨માંથી) અધિનિયમની કલમ-૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે, નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તારીખ ૧૯મી ફેબ્રુઆરી ૧૯૯૮ થી કલાક ૦.૦૦ થી તારીખ ૫મી માર્ચ ૧૯૯૮નાં કલાક ૨૪.૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહી, તેમજ કોઈ સરઘસ કાઢવું નહી.

અનુસૂચિ.—(વિસ્તાર) અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર. (પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાય નો વિસ્તાર.

ખુલાસો.—આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફુટપાથો તથા ગલીઓ તથા પેટા-ગલીઓનો પણ આ રસ્તામાં સમાવેશ થાય છે.

અપવાદ.—આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેવી ફરજ ઉપર તેમને તથા ધાર્મિક અગર મરણોત્તર અથવા તે અંગેની અધિકૃત સત્તાધિકારીની પાસેથી મંજુરી મેળવેલ હોય તેવી સભા-સરઘસોને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઇ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ, (સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમ)ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં. આજ તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૧૯૯૮ના રોજ મારી સહી અને સિક્કો કર્યો.

એમ. વાય. દક્ષિણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ.

જાહેરનામું

નં. ડીસીબી / એમએજી/બીપીએ/ફાયર/તલમ/રજી-૧૧/૯૮.—કમાન્ડીંગ ઓફિસરશ્રી, કોસ્ટગાર્ડ, એર સ્ટેશન દમણનાં પત્ર નં. ૩૧૧/૨, તારીખ ૧૪મી જાન્યુઆરી, ૧૯૯૮ થી જણાવ્યા મુજબ કોસ્ટગાર્ડ કર્મચારીઓની ફાયરીંગ પ્રેકટીશ નીચે જણાવેલા સ્થળે અને સમયે યોજવામાં આવનાર છે. આથી કોઈપણ વ્યકિતને ગોળીબાર દરમ્યાન ઈજા ન થાય તે માટે નીચે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાય છે.

વાસ્તે હું, આર. કે. દવે, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, સને ૧૯૫૧ મુંબઈના પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ-૩૭ની પેટા-કલમ-૪ની જોગવાઈ મુજબ ફાયરીંગ બટ, ભિલાડ, તાલુકા જિલ્લા વલસાડનાં ૨ કી. મી. વિસ્તારમાં તારીખ ૨૩મી ફેબ્રુઆરી, ૧૯૯૮ થી તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૧૯૯૮ સુધી સમય સવારે ૭-૦૦ થી સાંજના ૧૮-૦૦ સુધી ગોળીબાર પ્રેકટીશ દરમ્યાન આજુબાજુનાં રહીશો તેમજ બહારની કોઈ અનઅધિકૃત વ્યકિતઓ ઉપરોકત સમય દરમ્યાન આ જમીનની હદ વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા તેમજ ઢોર ઢાંખર સાથે અને ઢોર ઢાંખરને પ્રવેશ આપવા મનાઈ ફરમાવું છું.

સદરહુ ગોળીબાર પ્રેકટીશ દરમ્યાન ગોળીબારથી ઈજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત રહેવા જણાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ઈસમને ઉકત અધિનિયમની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૭મી ફેબ્રુઆરી, ૧૯૯૮ નાં રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

જાહેરનામું

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/ફાયર/તલમ/રજી. ૧૩/૯૮.—આસીસ્ટન્ટ સીકયુરીટી કમિશનરશ્રી આર.પી.એફ.ટ્રેનીંગ સેન્ટર વલસાડ ના પત્ર નં. જી/ટીઆરજી/૯બી, તારીખ ૨૦મી ફેબ્રુઆરી ૧૯૯૮ થી જણાવ્યા મુજબ કોન્સ્ટેબલ (ભરતી) ના ૭૯માં બેચની ફાયરીંગ પ્રેકટીસ નીચે જણાવેલ સ્થળે અને સમયે યોજવામાં આવનાર છે. આથી કોઈપણ વ્યકિતને ગોળીબાર દરમ્યાન ઈજા ન થાય તે માટે નીચે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાય છે.

વાસ્તે હું, આર. કે. દવે, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ-૩૭ની પેટા-કલમ(૧) હેઠળ મને મળેલી સત્તાની રૂએ આ અધિનિયમની કલમ ૩૭ની પેટા કલમ ૪ની જોગવાઈ મુજબ ફાયરીંગ બટ ભિલાડ તાલુકા ઉમરગામ જિલ્લા વલસાડનાં ૨ કી.મી. વિસ્તારમાં તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૮થી તારીખ ૨જી માર્ચ ૧૯૯૮ સુધી સમય સવારે ૭-૦૦ થી સાંજના ૧૮-૦૦ સુધી ગોળીબાર પ્રેકટીસ દરમ્યાન આજુબાજુનાં રહીશો તેમજ બહારના કોઈ અનધિકૃત વ્યકિતઓ ઉપરોકત સમય દરમ્યાન આ જમીનની હદ વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા તેમજ ઢોર ઢાંખર સાથે અને ઢોર ઢાંખરને પ્રવેશ આપવા મનાઈ ફરમાવું છું.

INDEX

સદરહુ ગોળીબાર પ્રકટીસ દરમ્યાન ગોળીબારથી ઈજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત રહેવા જણાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ઈસમને ઉકત અધિનિયમની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૧મી ફેબ્રુઆરી ૧૯૯૮નાં રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૧) અન્વયે.

નં. ડાંસીબી/એમએજી/બીપીએ/રજી ૧૪/૯૮.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નં. ૨૨ માં) અધિનિયમની કલમ ૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું આર. કે. દવે, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, વલસાડ આગામી લોકસભા અને વિધાન સભાની સામાન્ય ચુંટણી તથા મહાશિવરાત્રી દરમ્યાન જિલ્લામાં જાહેર શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારું જરૂરી જણાતાં ફરમાવું છું કે, વલસાડ જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે નીચે જણાવેલ તારીખ ૨૪મી ફેબ્રુઆરી, ૧૯૯૮ થી તારીખ ૧૦મી માર્ચ, ૧૯૯૮ (બંને દિવસો સુધ્ધાંત) સમય માટે કૃત્યો, કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી, અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ.

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ પથ્થર અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની, એકઠા કરવાની, તૈયાર કરવાની.

(ગગ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(ચ) અપમાન કરવાના ઈરાદાથી, બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની.

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા બોર્ડ અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમ ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં :

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય,

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, વલસાડ અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીએ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતને.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) ના કાયદાની કલમ ૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધી કેદની સજા થશે.

આજરોજ તારીખ ૨૪મી ફેબ્રુઆરી, ૧૯૯૮ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી આપી છે.

આર. કે. દવે,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૪૩(૧) અન્વયેનું.

ક્રમાંક પી. ઓ. એલ/વશી-૮૪૫/૫૪.—નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના દેવમોગરા ગામે તારીખ ૨૨મી ફેબ્રુઆરી ૧૯૯૮થી તારીખ ૨૭મી ફેબ્રુઆરી ૧૯૯૮ દરમ્યાન મહાશીવરાત્રીનો મેળો યોજાશે આ મેળામાં આજુબાજુના ગામોમાંથી તથા રાજ્યના જુદા જુદા વિસ્તારોમાંથી મોટા પ્રમાણમાં જનસમુદાય એકત્રિત થશે. અને અમારા અભિપ્રાય મુજબ નીચે જણાવેલ કૃત્યો થી ચેપી રોગચાળો ફાટી નિકળવાનો પૂરો સંભવ છે. તેથી દરેક વ્યકિતએ નીચેના નિયમોનું પાલન કરવું જરરી છે.

૧. જે સ્થળો, પાણી પીવાના માટે નિયત કર્યા હોય તેની નજીક ૧૨ ફૂટના વિસ્તારમાં અથવા તે જગ્યા ઉપર ન્હાવું, ધોવું કે કપડાં ધોવા કે જાનવરો ને નવડાવવા નહિ. વાસણો-વાહનો ધોવાં નહિ.

૨. મેળાના સમયે નિયત કરેલ જગ્યા સિવાય અન્ય જગ્યાઓ પર ઝાડો-પેસાબ કરવાં નહિ.

૩. ગંધાતાં, વાસી અને ઉતરી ગયેલા અગર માનવ ખાદ્ય માટે બિનઉપયોગી એવાં ફળ-ફળાદિ-પીણાં તથા ખારાક વેચવો નહિ.

૪. ખાન-પાનની દુકાનો, હોટલો, રેસ્ટોરન્ટ તથા પોતાની દૂકાનો અસ્વચ્છ અને ગંદી રાખાવી નહિ.

૫. જે ભાવિકો કોલેરા-શિતળા પ્લેગ જેવા ચેપી રોગથી પીડાતા હોય તેમણે ફરજ ઉપરના સેનેટરી ઈન્સ્પેકટર પાસેથી, તેવી રોગ અટકાવવા માટેની દવા ઈન્જેકશન વિગેરે અગાઉથી લીધા વગર મેળામાં આવવું નહિ.

વાસ્તે હું એમ. ડી. મોડીયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નર્મદા સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૪૩(૧) અન્વયે મને મળેલ અધિકાર ની રૂએ, દેવમોંગરા મુકામે મહાશિવરાત્રીના મેળાનું આયોજન થશે તેવા સ્થળોમાં ઉપર જણાવેલ કૃત્યો કરવા આથી મનાઈ હુકમ ફરમાવું છું.

ઉપર જણાવેલ નિયમોનો જે કોઈ વ્યક્તિ ભંગ કરશે અથવા તેમ કરવા માં મદદ કરશે, તેને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ અનુસાર ત્રણ માસ ની કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીના દંડ અગર બંન્ને શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૨૨મી ફેબ્રુઆરી ૧૯૯૮ થી તારીખ ૨૭મી ફેબ્રુઆરી ૧૯૯૮ સુધી (બંન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

આજ તારીખ ૧૭મી ફેબ્રુઆરી સને -૧૯૯૮ ના રોજ મારી સહી કરી સિક્કો કરેલ છે.

INDEX

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (યુ) અન્વયે.

ક્રમાંક/પી. ઓ એલ./વશી/ ૮૫૫-૬૫.—નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના દેવમોગરા ગામે તારીખ ૨૨મી ફેબ્રુઆરી ૧૯૯૮ થી તારીખ ૨૭મી ફેબ્રુઆરી ૧૯૯૮ સુધી મહાશિવરાત્રીનો મેળો યોજાશે. આ મેળામાં આજુબાજુના ગામેમાંથી તથા રાજયના જુદા જુદા વિસ્તારોમાંથી મોટા પ્રમાણમાં જનસમુદાય એકત્રિત થશે અને ઘાંસ-કામળા-વાંસ વિગેરેથી માંડવા તૈયાર કરવામાં આવશે. જેથી ઉપરોકત દિવસો દરમ્યાન દેવમોગરા ગ્રામ પંચાયત વિસ્તારમાં દારૂ-ખાનુ ફોડવા પર પ્રતિબંધ મુકવાનું આવશ્યક જણાય છે.

વાસ્તે, હું એમ. ડી. મોડીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા, સને-૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩(૧)(યુ) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, ઉપરોકત શિવરાત્રી ના મેળાના દિવસો દરમ્યાન દેવમોગરા ગ્રામ પંચાયત વિસ્તારની હદમાં કોઈપણ વ્યકિતએ કોઈપણ પ્રકારનુ દારૂખાનુ ફોડવું નહિ.

આ હુકમનું ઉલ્લઘન કરનાર ઉકત કાયદાની કલમ-૧૩૧ પ્રમાણે સજાને અને દંડને પાત્ર થશે.

આજ તારીખ ૧૭મી માહે ફેબ્રુઆરી ૧૯૯૮ના રોજ મારી સહી કરી સિક્કો કર્યો છે.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧) (બ) અન્વયે.

ક્રમાંક પી. ઓ. એલ./વશી/ ૮૬૬/૭૬.–નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના દેવમોગરા ગામે તારીખ ૨૨મી ફેબ્રુઆરી ૧૯૯૮ થી તારીખ ૨૭મી ફેબ્રુઆરી ૧૯૯૮ સુધી મહાશિવરાત્રીનો મેળો યોજાશે. આ મેળામાં આજુ બાજુના ગામોમાંથી તથા બીજા જિલ્લાઓમાંથી મોટા પ્રમાણમાં જન-સમુદાય એકત્રિત થશે. જેથી મેળામાં હાથલારીઓમાં માલ-સામાન રાખી વેપાર કરનાર વેપારીઓ ઉપર નિયંત્રણ મુકવા માટે જે જગ્યાએ લારીઓ ઉભી રાખાવી નકકી કરેલ હોય, તે જગ્યા સિવાય અન્ય જગ્યાએ લારીઓ ઉભી રાખી વેપાર કરવા પર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

વાસ્તે, હું એમ. ડી. મોડીયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નમદા સને-૧૯૫૧ ના અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મળેલ અધિકારની રુએ ફરમાવું છું કે તારીખ ૨૨મી ફેબ્રુઆરી ૧૯૯૮થી તારીખ ૨૭મી ફેબ્રુઆરી ૧૯૯૮ સુધીમાં (બન્ને દિવસો સહિત) દેવમોગરા ગ્રામ પંચાયત તથા સીમમાં યોજાનાર મેળામાં કોઈપણ ઈસમે પોતાની હાથલારીઓ મેળામાં, એક જગ્યાએથી બીજી જગ્યાએ ફેરવવી નહિ. પરતુ પોલીસખાતા અગર ગ્રામ પંચાયત તરફથી નિયત કરેલ જગ્યાએ જ ઉભી રાખવી.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરનાં પગલાં લેવામાં આવશે.

આજ તારીખ ૧૭મી ફેબ્રુઆરી ૧૯૯૮નાં રોજ મારી સહી કરી સિકકો કર્યો.

એમ. ડી. મોડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા, રાજપીપલા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ--૩૭(૧) (૩) તથા ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ.

ક્રમાંક ઉ - મકડ / પી.ઓ.એલ. / વશી-૬૪૨ / ૮૧ / ૧૯૯૮.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નાં ૨૨ માં અધિનિયમ)ની કલમ-૩૭ (૧) (૩) પ્રમાણે મને મળેલી સત્તાની રુએ હું બી. પી. સુદાણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ડાંગ જિલ્લામાં જાહેર શાંતિ જોખમાઈ તેમ હોવાથી તથા જિલ્લામાં જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારું તેમજ આગામી લોકસભા/વિધાનસભા ૧૯૮૮ ની સામાન્ય ચૂંટણીને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે તેમજ ખલેલ ન પહોંચે તે માટે ડાંગ જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં ચાર કરતાં વધુ માણસો એકઠા થઇ તેમજ સભા સરઘસ કાઢવા વિગેરે ઉપર પ્રતિબંધ મૂકવાની જરરીયાત જણાય છે. જેથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારું તથા જાહેરહિત અને જાહેર સલામતીને કારણે તારીખ ૨૮મી જાન્યુઆરી, ૧૯૯૮ થી તારીખ ૧૨ મી માર્ચ, ૧૯૯૮ (બંને દિવસો) સહિતનાં સમય માટે નીચો જણાવેલ કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદૂક, ચપ્પુ લાકડી અથવા લાઠી, અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની;

(ખ) કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની;

(ગ) પથ્થરો અથવા બીજા શસ્રો અથવા તે શસ્રો ફેકવાના અથવા નાખવાનાં યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની;

(ઘ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની;

(ચ) વ્યકિતઓ અથવા તેનાં શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવા;

(છ) લોકોને બૂમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાંની અપમાન કરવાના અથવા જાહેર કરવાનાં ઈરાદાથી જાહેરમાં બિભત્સ સૂત્રો પોકારવાની અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની;

(જ) જેનાથી સુરુચિ અથવા નીતિનો ભંગ થાય તેવા ટીકાત્મક ભાષણ કરવા, તેવા હાવભાવ, ચેષ્ટા કરવાના તથા ચિત્રો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બનાવવા તેનો ફેલાવો કરવાની.

ચાર કે તેથી વધુ માણસોએ ભેગા થવું નહી તથા પરવાનગી મેળવ્યા વિના સભા-સરઘસ કાઢવું નહીં.

INDEX

આ હુકમનો ખંડ (૩) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કામ કરતી વ્યકિત છે જેને તેનાં ઉપરની અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું હોય અથવા તેવું કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, ડાંગ-આહવા અથવા તેમણે અધિકૃત કરેલાં કોઈપણ પોલીસ અધિકારીઓ કે જેને શારીરિક અશકતતાને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ આ અર્થે ખ ાસ અધિકૃત કરેલ તેવી વ્યકિતઓ આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ નાં ૨૨ માં) કાયદાની કલમ-૧૩૫ મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા થશે અને દંડની પણ સજા થશે.

આજરોજ તારીખ ૧૦મી ફેબ્રુઆરી, ૧૯૯૮નાં રોજ મારી સહી કરીને સિક્કો કરેલ છે.

બી. પી. સુદાણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ--આહવાં.

BY COMPETENT AUTHORITY AND DEPUTY COLLECTOR

Notification

THE URBRAN LAND (CEILING AND REGULATION) ACT, 1976.

[Section 10 (*1*) *read* with Rule-6]

No. ULC/(i) 6/720/Pal - Case No. 3-131/90.—Unit-2.—Whereas draft statement dated 2nd Februaiy, 1990 was servedon Sh i Shantilal Amaidas Patel under sub-section 3 of Section 8 of the Urban Land (Ceilingand Regulation) Act 1976,In Form III appended to rule 5 of the Urban Land (Ceiling and Regulation Rules 1976 in respect of the vacant land held by him/her with a notice inviting the objection to the dropt statement and whereas the objections to the draft statement were received from him/her and after hearing the party and considering the objections, a final statement dated 23rd January, 1998 under section 9 was served on him/her in the manner refered to in the said sub-section 3 of section-8.

Now, therefore, in exercise of the power conferred on me under sub-section (1) of section 10 of the Act I he hereby notify that :—

(i) The vacant land as specified in the Schedule appended herewith is to the be acquired by the Government of Gujarat; and

(ii) All the persons interested in the vacant land, specified in the Schedule may file their claims respect of the land, personally or through their agents giving particulars of the nature of their interest said land before the undersigned with in 30 days from the date of publication of this notification in the Gujarat Government Gazette.

SCHEDULE

Details of the vacant land held by the person in excess of the celiling limit.

Sr. No.	Name of the Holder	Village	Taluka	Survey No. Block No.	Details of land: Area in Sq. mts.	Remarks
1	2	3	4	5	6	7
(1)	Shri Shantilal Amaidas Patel	Pal	Chorasi	252/2 Block No. 208	8993-00	

Surat, 3rd February, 1998.

INDEX

સક્ષમ અધિકારી અને નાયબ કલેકટર દ્વારા

શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬.

[કલમ-૧૦ (૧) તથા નયમ-૬ અનુસાર]

નં. યુ.એલસી./૬ (૧) ૬/૭૨૦/પાલ/કેસ નં. ૩/૧૩૭/૯૦-યુનિટ-૨.—જે અર્થે, શ્રી શાંતિલાલ અમાઈદાસ પટેલ એ ધારણ કરેલ ખુલ્લી જમીન સંબંધમાં શહેરીજમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૮ (૩) મુજબ શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) બાબતના નિયમો-૧૯૭૬નાં નિયમ-૫ હેઠળ નિયત કરેલ નમૂના નં. ૩ પ્રમાણેનું તારીખ ૨જી ફેબ્રુઆરી, ૧૯૯૦ નું મુસદ્દા પત્ર વાંધા રજૂ કરવાની નોટીસ સહિત તેઓને બજાવવામાં આવેલ અને તે સામે તેઓ તરફથી વાંધા રજૂ કરવામાં આવેલ હતા અને સદરહુ વાંધાઓ અંગે રૂબરૂ સુનાવણી આપ્યા બાદ તથા તે વિચારણામાં લીધા બાદ કલમ-૯ હેઠળ તારીખ ૨૩મી જાન્યુઆરી, ૧૯૯૮ નું આખરી પત્રક કલમ-૮ (૩) માં ઠરાવ્યા અનુસાર બજાવવામાં આવેલ છે.

વાસ્તે, ઉપરોક્ત ધારાની કલમ-૧૦ (૧) અન્વયે મળેલ અધિકારની રૂએ, હુ આથી જાહેર કરું છું કે : (૧) આ સાથેના પરીશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીન ગુજરાત રાજ્ય સરકાર સંપાદન કરનાર છે, અને (૨) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીનમાં હિત ધરાવતા ઈસમો તેમના હક્ક દાવા જાતે અગર તેમના પ્રતિનિધિ મારફત જમીનમાંના તેમના હતના પ્રકાર અને વિગતો સાથે નીચે સહી કરનાર સમક્ષ આ જાહેરનામું ગુજરાત સરકારના રાજયપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી દિન-૩૦ માં કરી શકાશે.

પરિશિષ્ટ

અ. નં.	જમીન ધારકનું નામ	ગામ	તાલુકો	સર્વે નંબર / બ્લોક નંબર	જમીનની વિગત ક્ષેત્રફળ (ચોરસ મીટરમાં)	શેરો
૧	૨	૩	૪	૫-અ	૫-બ	૬
૧	શ્રી શાંતીલાલ અમાઈદાસ પટેલ	પાલ	ચોર્યાસી	૨૫૨/૨ બ્લોક નં. ૨૦૮	૮,૯૯૩-૦૦	

સુરત, તારીખ ૩જી ફેબ્રુઆરી, ૧૯૯૮.

Notification

THE URBAN LAND (CEILING AND REGULATION) ACT, 1976.

[Section 10 (*1*) *read* with Rule-6]

No. ULC 6 (i) 6 /568/Variyav, Unit-5.—Whereas d raft statement dated 28th Augast, 1989 was served on Shri Dalpatbhai Dahyabhai Patel under sub-section 3 of Section 8 of the Urban Land (Ceiling and Regulation) Act, 176, In Form III appended to rule 5 of the Urban Land (Ceiling and Regulation) Rules 1976, in respect of the vacant land held by him with a notice inviting the objection to the draft statement and whereas the ob ections to the draft statement were received from him and after hearing the party and considering the objections, a final statement dated 25th May, 1992 under section 9 was served on him in the manner refered to in the said sub-section 3 of section 8.

Now therefore in exercise of the power conferred on me under sub-section (1) of section 10 of the said Act, I he hereby notify that :—

(i) The vacant land as specified in the Schedule appended herewith is to be acquired by the Government of Gujarat: and

(ii) All the persons interested in the vacant land, specified in the Schedule may file their claims in respect of the said land' personally or through their agents giving particulars of the nature of their interest in said land before the undersigned with in 30 days from the date of publication of this notification in the Gujarat Government Gazette.

INDEX

SCHEDULE

Details of the vacant land held by the person in excess of the ceiling limit:—

Sr. No.	Name of the holder	Village	Taluka	Details of land		Remarks
				Survey No. Final Plot No.	Area in (Sq. mts.)	
1	2	3	4	5(a)	5(b)	6
1.	Dalpatbhai Dahyabhai Patel	Variyav	Chorasi	1084 Paiki	18835.00	

Surat 13th Fabruary, 1998.

R. C. KANSARA,
Competent Authority and Deputy Collector
Urban Land Ceiling, Surat.

જાહેરનામું

શહેરી જમીન (ટોચ મર્દાદા અને નિયમન) અધિનિયમ ૧૯૭૬૨.

[કલમ--૧૦(૧) તથા નિયમ--૬ અનુસાર].

નંબર યુએલ.સી./૬(૧) ૬/૫૬૮ / વરીયાવ યુનિટ--૫.—જે અર્થે, શ્રી દલપતભાઈ ડાહ્યાભાઈ પટેલ એ ધારણ કરેલ ખુલ્લી જમીન સંબંધમાં શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ ની કલમ--૮ (૩) મુજબ શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) બાબતના નિયમો ૧૯૭૬ નાં નિયમ--૫ હેઠળ નિયત કરેલ નમૂના નં. ૩ પ્રમાણેનું તારીખ ૨૮મી ઓગસ્ટ, ૧૯૮૯ નું મુસદા પત્ર વાંધા રજૂ કરવાની નોટીસ સહીત તેઓને બજાવવા આવેલ અને તે સામે તેઓ તરફથી વાંધા રજૂ કરવામાં આવેલ હતા અને સદરહું વાંધાઓ અંગે રૂબરૂ સુનાવણી આપ્યા બાદ તથા તે વિચારમાં લીધા બાદ કલમ-૯ હેઠળ તારીખ ૨૫મી મે, ૧૯૯૨ નું આખરી પત્રક કલમ--૮(૩) માં ઠરાવ્યા અનુસાર બજાવવામાં આવેલ છે.

વાસ્તે, ઉપરોક્ત ધારાની કલમ--૧૦ (૧) અન્વયે મળેલ અધિકારી રૂએ, હું આથી જાહેર કરું છું કે :—

(૧) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીન ગુજરાત રાજ્ય સરકાર સંપાદન કરનાર છે, અને (૨) આ સાથેના પરિશિષ્ટ જણાવેલ ખુલ્લી જમીનમાં હિત ધરાવતા ઈસમો તેમના હક્ક, દાવા જાતે અગર તેમના પ્રતિનિધિ મારફત જમીનમાં તેમના હતિના પ્રકાર અને વિગતો સાથે નીચે સહી કરનાર સમક્ષ આ જાહેરનામું ગુજરાત રાજ્ય સરકારના રાજયપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી દિન ૩૦ માં કરી શકશે.

પરિશિષ્ટ

અનું. નંબર	જમીન ધારકનું નામ	ગામ	તાલુકો	સર્વે નંબર/ ફાઈનલ પ્લોટ નંબર	જમીનની વિગત	શેરો
					ક્ષેત્રફળ (ચોરસ મીટરમાં.)	
૧	૨	૩	૪	૫-અ	૫-બ	૬
૧.	દલપતભાઈ ડાહ્યાભાઈ પટેલ	વરીયાવ	ચોર્યાસી	૧૦૮૪ પૈ.	૧૮૮૩૫.૦૦	

સુરત, તારીખ ૧૩ મી ફેબ્રુઆરી, ૧૯૯૮.

આર. સી. કંસારા,
સક્ષમ અધિકારી અને નાયબ કલેકટર,
શહેરી જમીન ટોચમર્યાદા, સુરત.

INDEX

ભાગ-૧

અસાધારણ રાજ્યપત્રની યાદી.

(ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખ ૩૦મી જૂન ૧૯૯૭ ના ઠસવ ક્રમાંક મદન/૧૦૮૫/૯૫કના આધારે)

તારીખ ૫, ૧૨, ૨૬, ૧૯, માહે ફેબ્રુઆરી સન ૧૯૯૮ના રોજ પૂરા થયેલા અઠવાડીયામાં નીચે જણાવેલ ગુજરાત સરકારના અસાથારણ રાજ્યપત્રો પસિદ્ધ થયેલા છે.

અનુ. નંબર ૧	અસાધારણ રાજ્યપત્રનો ક્રમાંક અને તારીખ ૨	હોદ્દો ૩
૧	૮/૯મી જાન્યુઆરી, ૧૯૯૮	જીલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા.
૨	૯/૧૨મી જાન્યુઆરી, ૧૯૯૮	જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ
૩	૧૦/૧૨મી જાન્યુઆરી, ૧૯૯૮	કલેકટર, બનાસકાંઠા
૪	૧૧/૧૩મી જાન્યુંઆરી, ૧૯૯૮	જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડીયાદ.
૫	૧૨/૧૬મી જાન્યુઆરી, ૧૯૯૮	અધિક જલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા.
૬	૧૩/૧૬મી જાન્યુઆરી, ૧૯૯૮	જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા.
૭	૧૪/૧૬મી જાન્યુંઆરી, ૧૯૯૮	કલેકટર, સાબરકાંઠા હિમતનગર
૮	૧૫/૧૬મી જાન્યુઆરી, ૧૯૯૮	પોલીસ કમિશ્નર, વડોદરા શહેર.
૯	૧૬/૧૭મી જાન્યુઆરી, ૧૯૯૮	જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.
૧૦	૧૭/૧૭મી જાન્યુઆરી, ૧૯૯૮	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.
૧૧	૧૮/૨૦મી જાન્યુઆંરી, ૧૯૯૮	જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ.
૧૨	૧૯/૨૦મી જાન્યુઆરી, ૧૯૯૮	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ.
૧૩	૨૦/૨૧મી જાન્યુઆરી, ૧૯૯૮	જિલ્લા કલેકટર, અને જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા.
૧૪	૨૧/૨૭મી જાન્યુઆરી, ૧૯૯૮	જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા

INDEX

૧	૨	૩	૪	૫-અ	૫-બ	૬
૧૫	૨૩/૨૭મી જાન્યુઆરી, ૧૯૯૮		કલેકટર ખેડા			
૧૬	૨૮/૨૯મી જાન્યુઆરી, ૧૯૯૮		અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ			
૧૭	૨૯/૨૯મી જાન્યુઆરી, ૧૯૯૮		અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા હિંમતનગર			
૧૭એ	૩૧/૩૧મી જાન્યુઆરી, ૧૯૯૮		અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા			
૧૮	૩૩/૨જી ફેબ્રુઆરી, ૧૯૯૮		જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, નડીયાદ			
૧૯	૩૪/૨જી ફેબ્રુઆરી ૧૯૯૮		અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા, હિંમતનગર			
૨૦	૩૫/૪થી ફેબ્રુઆરી, ૧૯૯૮		કલેકટર, સાબરકાંઠા			
૨૧	૩૬/૪થી ફેબ્રુઆરી, ૧૯૯૮		જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા			
૨૨	૩૭/૫મી ફેબ્રુઆરી, ૧૯૯૮		જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ			
૨૩	૩૮/૭મી ફેબ્રુઆરી, ૧૯૯૮		જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ			
૨૪	૩૯/૯મી ફેબ્રુઆરી, ૧૯૯૮		અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ			
૨૫	૪૦/૯મી ફેબ્રુઆરી, ૧૯૯૮		પોલીસ કમીશ્નર વડોદરા શહેર			
૨૬	૪૧/૧૦મી ફેબ્રુઆરી, ૧૯૯૮		જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ			
૨૭	૪૨/૧૦મી ફેબ્રુઆરી, ૧૯૯૮		અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ			
૨૮	૪૩/૧૦મી ફેબ્રુઆરી, ૧૯૯૮		અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા			
૨૯	૪૪/૧૧મી ફેબ્રુઆરી, ૧૯૯૮		જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા			
૩૦	૪૫/૧૧મી ફેબ્રુઆરી, ૧૯૯૮		અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા			
૩૧	૪૬/૧૩મી ફેબ્રુઆરી, ૧૯૯૮		અધિક જીજિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ			
૩૨	૪૭/૧૪મી ફેબ્રુઆરી, ૧૯૯૮		જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા			
૩૩	૪૮/૧૭મી ફેબ્રુઆરી, ૧૯૯૮		પોલીસ કમિશ્નર, વડોદરા શહેર			
૩૪	૫૧/૧૮મી ફેબ્રુઆરી, ૧૯૯૮		અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા			
૩૫	૫૨/૧૯મી ફેબ્રુઆરી, ૧૯૯૮		જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા			

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] THURSDAY, MARCH 5, 1998 / PHALGUNA 14, 1919 [No. 10

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENTS

Part I, Part I-A, Part I-B and Part I-L

	Pages		Pages
Part-I Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders (other than these published in Parts I-A, IV--A, IV-B) and IV-C) Pertaining only to the Supplement to the Central Gazette.	98—103	Part, I-B–Government Notifications published under Land Acquisition Act only.	56-65
Part I-A—Orders and Notifications (other than those published in Part IV B) under the Bombay Local Boards Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts pertaining only to the Supplement to the Central Gazette.—	10	Part-I-L-Notifications, Orders and Awards other than those published in Parts I, IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act	419—481

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, (સને-૧૯૫૧ના ૨૨ માં અધિનિયમ)ની કલમ-૩૭ (૧).

નંબર ઉ/ગપક/૩૮૫/વિ.શા./૧૯૯૮.— અમદાવાદ શહેરની પરિસ્થિતિ લક્ષમાં લઈ જાહેર શાંતી અને સલામતી જાળવવા પગલાં લેવા જરૂરી છે. તેમજ અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમ નીચેના વિસ્તારોમાં બનતા ગુન્હાઓમાં છરી, ચપ્પા, ખંજર, તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે અને આવા હથિયારોથી ગુન્હા બનતા હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, પી. જી. જે. નામ્પુથીરી, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની

કલમ-૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧લી માર્ચ, ૧૯૯૮ થી તારીખ ૩૦મી એપ્રિલ, ૧૯૯૮ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદુક, ખંજર તથા સામાન્ય રીતે રામપુરી બનાવટની કોઈપણ જાતનું ચપ્પું જેને અઢી ઈંચથી વધારે લાંબું છેડેથી અણીવાળુ પાતળુ હોય તેવા ચપ્પા સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું તેમજ લાકડી, અથવા લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની,

(ખ) કોઈપણ શરીરને હાનિકારક અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની,

(ગ) પત્થર અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની, તથા તૈયાર કરવાની,

(ગગ) સળગતી અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની,

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની,

(ચ) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની

(છ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવાની અથવા ચિત્રો, નિશાનીઓ જાહેરખબરો અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની અથવા અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા કરવાની અને તેના ચિન્હો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની, અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર : અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમનો ખંડ (ક) નીચેનો વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમને જેના ઉપરી અધિકારીઓએ આવા કોઈપણ હથિયાર સાથે લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોઈ તેમને લાગુ પડશે નહીં.

(૩) પોલીસ કમિશનર અથવા અધિકૃત કરેલ હોય કોઈપણ અધિકારીઓએ જેને શારીરિક અશકિતના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી માગેલ હોય તો તેવી વ્યકિતઓને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર, મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૧૩૫ની પેટા કલમ (૧) હેઠળ ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની અને દંડની અને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ ના અધિનિયમ નંબર ૪૫) ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૬મી માહે ફેબ્રુઆરી સને ૧૯૯૮ ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

મુબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ (૩) મુજબનો હુકમ.

નંબર ઉ/ગપક/૩૮૬/વિ. શા. / ૧૯૯૮ —અમદવાદ શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમા જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું, પી. જી. જે. નામ્પુથીરી, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૩) થી મળેલ સત્તાની રૂએ ફરમાવુ છું કે, નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૨જી માર્ચ, ૧૯૯૮ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી માર્ચ, ૧૯૯૮ની કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતા વધારે માણસોએ ભેગા થવુ નહીં, અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ સરઘસ કાઢવુ નહીં.

વિસ્તાર—અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરની હકુમતનો સમગ્ર વિસ્તાર.

અપવાદ.—આ હુકમ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ ઉપર હોય તેઓ તથા સ્મશાનયાત્રીઓ અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને-૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા-કલમ (૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૭ માહે ફેબ્રુઆરી, ૧૯૯૮ના રોજ મારી સહી કરી આપ્યા.

પી. જી. જે. નામ્પુથીરી,
પોલીસ કમિશ્નર,
અમદાવાદ શહેર.

નાયબ પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

નંબર ઉ/ગપક/ ટફક/ઉનાપાણી રેર /૫૧૮/૯૮.—સુરત શહેરની રેલ્વે સ્ટેશન વિસ્તારમાં વાહન વ્યવહરની સવલત અને સલામતી માટે નીચે જણાવ્યા મુજબ હંગામી ધોરણે જાહેરનામુ બહાર પાડવામાં આવે છે.

મુબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૩૩(૧) ની પેટા-કલમ (બ) થી મને મળેલ સત્તાની રૂએ હું કે. ડી. પાટડીયા આઈ પી.એસ. નાયબ પોલીસ કમિશ્નર, પશ્ચિમ અને ટ્રાફિક, સુરત શહેર, સ્ટેશન વિસ્તારમાં ટ્રાફિક નિયમન કરવમાં પડતી મુશ્કેલીઓ ધ્યાને

લઈ ટ્રાફિક નિયમન સુધારવા માટે નીચે મુજબનુ જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

(૧) કતારગામથી લાલ દરવાજા થઈ દિલ્હી ગેટ તરફ પેટ્રોલ પંપવાળા રસ્તા પર વાહન વ્યવહાર માટે પ્રવેશ આપવામાં આવે છે.
આજ રસ્તા ઉપરથી દિલ્હીગેટથી લાલ દરવાજા તરફ જતાં રસ્તા પર પ્રવેશ બંધ નો એન્ટ્રી ફરમાવવામાં આવે છે.

આ જાહેરનામુ તારીખ ૨૭મી ફેબ્રુઆરી ૧૯૯૮ થી ૨૬મી માર્ચ ૧૯૯૮ સુધી એક માસની મુદત માટે બહાર પાડવામાં આવે છે.

આજ તારીખ ૨૬મી ફેબ્રુઆરી ૧૯૯૮નાં રોજ મારી સહી સિક્કો કર્યો.

કે. ડી. પાટડીયા,
નાયબ પોલીસ કમિશનર,
પાશ્રમ અને ટ્રાફિક, સુરત શહેર.

BY DISTRICT JUDGE

Read.—(1) This Office Order No. 1622/97, Dated 23th December 1997.
(2) General Administration Department Notification. Gandhinagar. No. GS/98-0/PHD-1098/392/GH, Dated 2nd Frabuary 1998.

Notification

No. ADM/207 of 1998.—The District Judge, Kheda at Nadiad is pleased to declare, Saturday 28th February' 1998 to be a Public Holidays on account of General Election to Lok-Sabha and Gujarat Legislative Assembly or the Courts situated at Nadiad Head-Quarter only, and the Courts situated in Nadiad, smhall remain closed on Saturday. 28th February' 1998.

Kheda at Nadiad, February 24, 1998.

V. C. VYAS,
District Judge, Kheda at Nadiad.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વાંચ્યું :

(૧) ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા નવસારીના પત્ર નં. : ૨૨૫૦/૯૭-૯૮ તારીખ ૯મી ફેબ્રુઆરી, ૧૯૯૪.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, નવસારીના પત્ર નં.: ૫૨૪/સીબી જા. નં. ૫૯૦/૯૮ તારીખ ૨૧મી ફેબ્રુઆરી, ૧૯૯૮.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૩ (૧) (ખ).

નંબર ડીસીબી/એમએજી/વશી/૨૭૪/૯૮.—તારીખ ૧લી માર્ચ, ૧૯૯૮ થી ૨૦મી માર્ચ, ૧૯૯૮ સુધીના સમય દરમ્યાન ચારપુલથી બેસ્ટમાન હાઉસ સુધી ડ્રેનેજ લાઈન નાંખવાની કામગીરી કરવાની હોય મુખ્ય રસ્તા ઉપર ખોદકામ કરવામાં આવશે. જેથી આ રસ્તા ઉપર સદરહુ કામગીરી દરમ્યાન કોઈપણ પ્રકારના વાહનો અવરજવર કરી શકશે નહીં. જેથી આ અંગે ઉપરોકત સમય દરમ્યાન તમામ વાહનો બોદાલી, મટવાડ, ઓજલ, અબ્રામા, માછીવાડ વિગેરે કાઠા વિસ્તારમાં જતી બસો જુનાથાણા થી લુન્સી ઈ, કેસાસ્પરોડ દરગાહ રોડ થઈ પ્રજાપતિ આશ્રમથી જઈ શકશે. તથા તે જ વિસ્તારમાંથી આવતી બસો ટાવર સેન્ટ્રલ બેંક સયાજી લાઈબ્રેરી પાંચ હાટડી જુનાથાણા થઈ એસ. ટી. ડેપો જઈ શકશે. રસ્તો ફકત ચારપુલથી પ્રજાપતિ આશ્રમ સુધીનો બધ રહેશે.

ઉપરોકત જાહેરનામું સબબ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ સને ૧૯૫૧ના ૨૨માંની કલમ-૩૩ની પેટા કલમ (૧) ના કલોઝ (ખ) થી મને મળેલ સત્તાની રૂએ હું બી. એન. જોષી આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી આ જાહેરનામું બહાર પાડું છું. આ હુકમનો અનાદર કરનાર કે ભંગ કરનાર સામે મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની (૨૨માં કલમ-૧૩૧ માં ઠરાવ્યા મુજબ શિક્ષાને પાત્ર થશે.

નવસારી, તારીખ ૨૪મી ફેબ્રુઆરી, ૧૯૯૮.

બી. એન. જોષી,
જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭(૧) અન્વયે કાઢેલ હુકમ.

ક્રમાંક એમ. એ. જી./વશી/૧૦૦૧-૧૮.—નર્મદા જિલ્લામાં કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં અધિનિયમની કલમ-૩૭) ની પેટા-કલમ -(૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું એમ. ડી. મોડીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા જાહેર શાંતિ અને સલામતી સારું ફરમાવું છું, કે કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૨૭મી ફેબ્રુઆરી ૧૯૯૮ થી તારીખ ૧૩મી માર્ચ ૧૯૯૮ સુધી

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા ધારીયા, ધોકા છરા, લાકડી કે લાઠી અથવા શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈપણ સાધન સાથે લઈ જવું નહી.-

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહી.

(૩) પત્થરો અથવા હાનીકારક પ્રવાહી રસાયણ છાંટવા અથવા ફેંકવા નહી, અથવા ફેંકી કાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહી એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહીં.

(૪) મનુષ્યો અથવા સબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી.

(૫) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહી અશ્લિલ ગીતો ગાવા નહી અથવા ટોળામાં ફરવું નહી.

INDEX

(૬) જેનાથી સુરૂચિ અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી, તથા તેવા ચિત્રો, પત્રિકા પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહી, બતાવવા નહી, તથા તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ યકિતઓને કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈ પણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ અથવા તેણે અધિકૃત કરેલા કોઈ પોલીસ અધિકારીએ જેને શારીરીક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને,

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, નર્મદા અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, શ્રી, નર્મદા આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતને

(૩) કોઈ લગ્નના વરઘોડાને

(૪) કોઈપણ સ્મશાનયાત્રાને.

આ હુકમના ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૫ (૧) મુજબ અને ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ સને ૧૮૬૦ના ૪૫માં) ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૬મી ફેબ્રુઆરી ૧૯૯૮ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

એમ. ડી. મોઢીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા.
રાજપીપલા.

અનુસૂચિ

" નર્મદા જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાંઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

મેં આજ તારીખ ૨૬મી ફેબ્રુઆરી ૧૯૯૮ ના રોજ મારી સહી સિકકો કરી આપ્યો.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે કાઢેલો હુકમ.

ક્રમાંક એમ. એ.જી. વશી. ૧૦૨૦-૩૮.—નર્મદા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતું થી ત્થા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતું માટે નચે જણાવેલ અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી -સરઘસની મનાઈ કરવાનું મને જરૂર જણાય છે.

તેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં) ની કલમ-૩૭(૩)થી મને મળેલ સત્તાનીરૂએ હું એમ. ડી. મોઢીયા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા (રાજપીપળા) આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૨૭મી ફેબ્રુઆરી૧૯૯૮ ના દિવસે સવારના ૦૦-૦૦ કલાક થી તારીખ ૧૩મી માર્ચ ૧૯૯૮ના રોજ સાંજના ૨૪-૦૦સુધી (બંન્ને દિવસો સુધ્ધાં) ની મુદત માટે નર્મદા જિલ્લામાં ચાર કરતા વધુ વ્યકિતઓને કોઈ મંડળી સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

અનુસુચિ

વધુમાં હું આદેશ કરું છું કે આ હુકમની નીચેનાને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને.

(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે. હુકમ.

ક્રમાંક એમ.એન. વશી ૨૪૧૩.—ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાયું છે.

તેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ નાં મુંબઈના ૨૨ માં ની કલમ-૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂએ હુ આર. કે. પરમાર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચમાંથી સદરહું વિસ્તારમાં તારીખ ૨૭ માર્ચ, ૧૯૯૮ નાં દિવસે સવારના ૦૦-૦૦ કલાકથી તારીખ ૧૬મી માર્ચ, ૧૯૯૮નાં રોજ સાંજના ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સુધ્ધાં) ની મુદત માટે ભરૂચ જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરું છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતને

(૨) ફરજ ઉપર હોય એવ ગૃહરક્ષક દળની વ્યકિતઓને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) કોઈપણ સ્મશાનયાત્રાને.

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૩૫ (૧)મુજબ અને ભારતના ફોજદાર અધિનિયમ ૧૮૬૦ (સને ૧૮૬૦ નાં ૪૫ માં)ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૧૯૯૮ના રોજ મારી સહી કરી અને સિક્કો કરી આપ્યો.

આર. કે. પરમાર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

INDEX

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ,૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનો હુકમ.

નંબર પીઓએલ:૧૧૮૧/૯૮.—લોકસભા-વિધાનસભા સમકાલિક-૧૯૯૮ ની તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૯૮ ના રોજ ચુંટણી બાદ તેની મતગણતરી આઈ. વી. પટેલ કોમર્સ કોલેજ, નડીઆદ ખાતે તારીખ ૨જી માર્ચ, ૧૯૯૮ના રોજ શરુ કરવામાં આવનાર છે. આ મતગણતરી સરળતાથી થાય તથા મતગણતરીના સ્થળે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ હિત ધરાવતા હરીફ ઉમેદવારો તેમના માણસો દ્વારા, મતગણતરીની જાણ કે અફવા મતગણતરીના સ્થળની બહાર, સેલ્યુલર અને મોબાઈલ ફોન તેમજ પેજર જેવા તાત્કાલીક સંદેશા વ્યવહારના ઉપકરણોની મદદથી કરે/કરાવે તેવો અંદેશો રહેલો છે. તેવી સંભવિત : ઘટનાના પરીણામે જાહેર વ્યવસ્થા તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ બગડે તેવી સંભાવના નકારી શકાય નહી., આથી મતગણતરીના દિવસે ઉપરોક્ત આધુનીક ઉપકરણો લઈ જવા/ /લાવવા ઉપર પ્રતિબંધ ફરમાવવો જરુરી છે.

વાસ્તે હું, ડી. એચ. શાહ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ ૧૪૪થી મને મળેલ સત્તાની રુઈએ મતગણતરીના સ્થળ આઈ.વી. પટેલ કોમર્સ કોલેજ, નડીઆદની અંદર કે કોલેજ કેમ્પસની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં કોઈપણ વ્યક્તિને મોબાઈલ, સેલ્યુલરફોન કે કોર્ડ લેસફોન અથવા પેજર જેવા તાત્કાલીક સંદેશા વ્યવહારના આધુનીક ઉપકરણો લઈ આવવું નહીં/પ્રવેશવું નહીં (આ પ્રતિબંધ સરકારી ફરજ પરના અધિકારી / કર્મચારીને લાગુ પડશે નહીં).

આ હુકમનો અમલ તારીખ ૨જી માર્ચ, ૧૯૯૮થી મતગણતરી શરુ થાય અને પુરી થાય ત્યાં સુધી કરવાનો રહેશે.

આ હુકમનો ભંગ કરનાર કોઈપણ વ્યકિત ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૯૮ નારોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

ડી. એચ. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા.

જાહેરનામું

સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) મુજબનું.

નં. ઉ/મકપ/પ્રલસ/ મજસ/વશી/ ૧૦૬૩ થી ૧૧૧૮.—આગામી તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૧૯૯૮ થી ૨૬મી માર્ચ, ૧૯૯૮ દરમ્યાન લોકસભા-વિધાનસભાની ચૂંટણીઓ, મતગણતરીની કામગીરી તથા હોળી-ધૂળેટીના તહેવારની ઉજવણી થનાર હોઈ જિલ્લામાં કાયદો

INDEX

અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે અને શાંતીમય વાતાવરણ રહે તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની ૩૭ (૧) હેઠળ જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

જેથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું, જે. એમ. પટેલ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા આથી ફરમાવું છું કે, સમગ્ર વલસાડ જિલ્લામાં તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૧૯૯૮ થી ૨૬મી માર્ચ, ૧૯૯૮ (બંને દિવસો સહિત)

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ધોકા, બંદૂક, છરો, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજુ કોઈપણ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવો નહીં.

(ગ) પથ્થર અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તો વસ્તુઓ ફેંકવાની, ધકેલવાના યંત્રો, સાધનો સાથે લઈ જવા નહીં, એકઠા કરવા નહીં તથા તૈયાર કરવા નહીં, મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં, અપમાન કરવાના અથવા જાહેરમાં બીભત્સ સુત્રો પોકારવા નહીં, અશ્લીલ ગીતો ગાવા નહીં.

(ઘ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં, તેવા હાવભાવ કરવા નહીં, તેવી ચેષ્ટા કરવી નહીં, તથા તેવા પત્રકો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવો નહીં, બતાવવા નહીં, અથવા તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓ લાગુ પડશે નહીં :

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈ વ્યકિતઓને જેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું હથિયાર લઈ જવાની જેની ફરજ હોય, પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રીથી નીચેની પાયરીના ન હોય તેવા અધિકારીએ જેને શારીરિક અશકિતના કારણે લાકડી, લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

આજરોજ તારીખ ૨૪મી ફેબ્રુઆરી, ૧૯૯૮ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપવામાં આવ્યો.

જે. એમ પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G—BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] THURSDAY, MARCH 12, 1998 / PHALGUNA 21, 1919 [No. 11

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I–A, Part I–B, and Part I–L

	Pages		Pages
Part I-Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	104-115	Part I-B-Government Notifications published under Land Acquisition Act only.	66-69
Part I-A-Orders and Notifications, other than those published in Part IV-B under the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette.	11	Part I-L-Notifications, Orders and Awards, other than those published in Parts I, IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.	482-557

Miscellaneous Notifications, Appointments, etc.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ.

ક્રમાંક ઉ/ગપક/૩૮૭/વિશા/૧૯૯૮.— આગામી હોળી અને-ધુળેટીના તહેવારો દરમ્યાન જાહેર જગ્યાઓએ જતા આવતા રાહદારીઓ તથા વાહનોમાં જતા આવતા શખ્સો ઉપર કાદવ તથા રંગમિશ્રિત પાણી તથા તેની ઈત્યાદી વસ્તુઓ ફેંકવાની શકયતા છે. અને તેવા કૃત્યોથી લોકોને અડચણ ત્રાસ અથવા ઈજા થવાથી અથવા જાહેર સુલેહ શાંન્તીનો ભંગ થવાની તથા બખેરો કે હુલ્લડ થવાનો સંભવ છે.

અને તેથી ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭ની કલમ ૧૪૪ મુજબ પગલાં લેવા માટે પુરતા કારણ છે. તેમ થતું તાત્કાલીક અટકાવવાનું ઈચ્છનિય છે એવો મારો અભિપ્રાય છે.

તેથી હું, પી. જી. જે. નામ્પુથીરી, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ ની કલમ ૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે,—

અમદાવાદ શહેરના પોલીસ કમિશનરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તારીખ ૧૨મી માર્ચ ૧૯૯૮ થી તારીખ ૧૯ મી માર્ચ, ૧૯૯૮ (બન્ને દિવસ સહીત) કોઈ પણ વ્યકિતઓ જાહેર જગ્યાએ આવતાં જતા રાહદારીઓ ઉપર તથા મકાનો અથવા મિલ્કતો ઉપર તથા વાહનોમાં તથા આવતા શસ્ખો ઉપર કાદવ કીચડ, રંગ અથવા રંગ મિશ્રિત કરેલા પાણી તથા તેલ તથા આવી બીજી કોઈ વસ્તુઓ નાખવી કે નંખાવવી નહીં અથવા હોળી ધુળેટીના પૈસા ઉઘરાવવા નહીં, અથવા બીજી કોઈ ઈરાદાથી જાહેર રસ્તા ઉપર જતા આવતા રાહદારીઓ અથવા વાહનો રોકવા નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિદમ સને ૧૮૬૦ ના અધિનિયમ ૪૫ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે. જે ગુન્હો ગુજરાત સરકારના ગૃહ ખાતાના જાહેરનામા નંબર જીજી/૬૫/૭૯/એસબી/૧/સીએલઓ/૧૦૭૨૬ તારીખ ૧૮મી ડિસેમ્બર ૧૯૭૯ પ્રમાણે કોની અને બીન જામીન લાયક ગુન્હો બને છે.

આજ તારીખ ૫મી માર્ચ સને ૧૯૯૮ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

પી. જી. જે. નામ્પુથીરી,
પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨માંની કલમ ૩૩ (૧) બી હેઠળ.

ક્રમાંક એસ.બી/જાહેરનામું/૨૨/૯૮.—તારીખ ૧૨મી માર્ચ ૧૯૯૮ ના રોજ હોળી તથા તારીખ ૧૩મી માર્ચ ૧૯૯૮ ના રોજ ધુળેટીનો તહેવાર છે. આ તહેવારના દિવસે લોકો એકબીજા ઉપર પાણી રંગ ગુલાલ વિગેરે ઉડાડી જાહેર જગ્યામાં એક સ્થળેથી બીજા સ્થળે દોડા દોડી કરતાં હોય છે. જેના કારણે રસ્તાઓ ઉપર અડચણો અવરોધ ઉભા થઇ વાહન વ્યવહારને અડચણ રૂપ તેમજ ભય જનક પરિસ્થિતિ ઉદભવવાની પુરતી સંભાવના રહેલો હોય કાયદો અને વ્યવસ્થા તેમજ જાહેર શાંતી સલામતી જોખમાય છે.

આથી હું, જી. સી. રાયગર, (આઇ. પી. એસ.) પોલીસ કમિશ્નર, સુરત શહેર સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩ (૧)બી મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે તારીખ ૧૧મી માર્ચ ૧૯૯૮ કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૮મી માર્ચ ૧૯૯૮ કલાક ૨૪-૦૦ સુધી નીચે જણાવેલ વિસ્તારમાં કોઈપણ વ્યકિતઓ જાહેર જગ્યા, જાહેર રસ્તાઓ ઉપર એકબીજા ઉપર પાણી, રંગ, ગુલાલ અને રંગ માટે વપરાતા બીજા અન્ય પદાર્થો છાંટવા કે ઉડાડવા કે પીચકારી કરવી નહી તથા અન્ય કોઈપણ રીતે એકબીજા ઉપર કોઇ પદાર્થ નાંખવો નહી તે માટે પ્રતિબંધ ફરમાવું છું.

વિસ્તાર :—સુરત શહેર પોલીસ કમિશ્નરના હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

સ્પષ્ટીકરણ :—રસ્તામાં ફુટપાથનો પણ સમાવેશ થાય છે.

ઉપરોકત હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર સદર અધિનિયમની કલમ ૧૩૧ મુજબ રૂા. ૫૦ સુધીના દંડની શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૬ઠી માર્ચ ૧૯૯૮ ના રોજ મારી સહી કરી આપેલ છે.

જી. સી. રાયગર,
પોલીસ કમિશ્નર,
સુરત શહેર.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ બહાર પાડેલ હુકમ.

ક્રમાંક ઉ/મકપ/પસ/ વશી/ ૧૦૧૧ થી ૧૦૬૧. — લોકસભા-વિધાન-સભાની સામાન્ય ચૂંટણીઓ ૧૯૯૮નું મતદાન જિલ્લાનાં મતદાન મથકો ઉપર તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૯૮ના રોજ તેમજ મત ગણતરીના કામગીરી તારીખ ૨જી માર્ચ, ૧૯૯૮ના રોજ આઈ ટી આઈ, ગોધરાના સ્થળે હાથ ધરાનાર છે તેના અનુસંધાને કાયદો અને વ્યવસ્થા તથા જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે તે માટે હુ, સી વી. સોમ, આઈ.એ.એસ., કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે,

(૧) તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૯૮ના રોજ મતદાન મથકથી ૨૦૦ મીટર સુધીની ત્રિજ્યામાં મતદારો સિવાયની ૪થી વધુ વ્યકિતઓએ એક સ્થળે ભેગા થવું નહીં યા હેરાફેરી કરવી નહીં તેમજ મતદાન મથકથી ૨૦૦ મીટરની ત્રિજ્યામાં કોઈ તંબુ ઊભા કરવા નહીં.

(૨) મત ગણતરીનું સ્થળ આઈ ટી આઈ ગોધરા છે આ સ્થળથી ૨૦૦ મીટર સુધીની ત્રિજ્યાનાં વિસ્તારમાં તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૯૮ થી ૯મી માર્ચ, ૧૯૯૮ સુધીના (બંને દિવસો સહિત) ૪થી વધુ વ્યકિતઓએ એક સ્થળે ભેગા થવું નહીં યા હેરાફેરી કરવી નહીં.

(૩) ઉકત તારીખો દરમ્યાન મતદાન મથકો તથા મતગણતરીના સ્થળે (અ) શસ્ત્રો, દંડા, તલવાર, ધોકા, બંદૂક છરો, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવી કોઈપણ સાધન સાથે લઈ જવી નહીં (બ) કોઈપણ ક્ષયકાર પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવો નહીં (ક) પથ્થર અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાની ધકેલાવાના યંત્રો, સાધનો લઈ જવા નહીં, એકઠા કરવા નહીં તથા તૈયાર કરવા નહીં, અપમાન કરવાના અથવા જાહેરમાં બીભત્સ સુત્રો પોકારવા નહીં, અશ્લિલ ગીતો ગાવા નહીં (ડ) જેનાથી સુરુચિ અથવા નિતીનો ભંગ થાય તે જાહેર શાંતિ અને કાયદો વ્યવસ્થા ખોરવાય તેવી ભાષણ કરવુ નહીં તેવા હાવભાવ કરવી તેવા ચેષ્ટા કરવી નહીં તથા તેવા પત્રકો, પ્લેકાર્ડ અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવા નહીં, બતાવવા નહીં અથવા તેનો ફેલાવો કરવો નહીં (ઈ) સરકાર દ્વારા અધિકૃત

INDEX

કરેલ સરહદોને ઓળંગવાનો પ્રયત્ન કરવો નહીં, તેમજ સરકારી મિલ્કતો, વાહનોને નુકશાન પહોંચાડવું નહીં કે પહોંચાડવાને પ્રયત્ન કરવો નહીં.

(૫) આ હુકમ સરકારી ફરજ પરના પોલીસ સ્ટાફ તથા ચૂંટણીની ફરજ પરના સ્ટાફને લાગુ પડશે નહીં.

(૫) આ હુકમનું ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૯૮નાં રોજ મારી સહી તથા કચેરીના સિક્કો કરી હુકમ કરવામાં આવ્યો.

સી. વી. સોમ,
જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ,
ગોધરા.

જાહેરનામું

નંબર એમ.એ.જી / અધિકારી / /૧૯૯૮.— સને ૧૯૭૩ના (સને ૧૯૭૪ ની ૨જી. એકટ) ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૧૪૩ અને ૧૭૪(૪) થી મળેલ અધિકારની રૂએ હું, શ્રી આર. એમ. શાહ, આઈ. એ. એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત આથી નીચે જણાવેલ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીને તેઓએ હોદ્દો સંભાળ્યાની તારીખથી તેઓની સામે જણાવેલ તાલુકા માટે સદરહુ અધિનિયમની કલમ-૧૪૩ અને ૧૭૪ હેઠળની અધિકાર આપું છું.

અનું. નંબર	એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટનું નામ	વિસ્તાર
(૧)	શ્રી બી. એસ. રાઠોડ, મામલતદારશ્રી, માંગરોળ	માંગરોળ તાલુકો

સુરત, તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૮.

જાહેરનામું

નંબર એમ.એ.જી. / અધિકાર / /૯૮.— સને ૧૯૭૩ ના (સને ૧૯૭૪ ની ૨જી. એકટ) ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૧૪૩ અને ૧૭૪ (૪) થી મળેલ અધિકારની રૂએ હું, શ્રી આર. એમ. શાહ, આઈ. એ. એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત આથી નીચે જણાવેલ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીને તેઓએ હોદ્દો સંભાળ્યાની તારીખથી તેઓની સામે જણાવેલ તાલુકા માટે સદરહુ અધિનિયમની કલમ-૧૪૩ અને ૧૭૪ હેઠળના અધિકાર આપું છું.

અનુ. નંબર	એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટનું નામ	વિસ્તાર
(૧)	શ્રી આર. કે. પંચાલ, મામલતદારશ્રી, કામરેજ તાલુકો કામરેજ, જિલ્લો સુરત.	કામરેજ તાલુકો

સુરત, તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૮.

આર. એન. શાહ,
જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત વતી.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલો

ક્રમાંક એમ એ જી -વશી-૨૪૩૮.—ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨મા અધિનિયમ) ની કલમ-૩૭ની પેટા કલમ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું, આર. કે. પરમાર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ભરૂચ જાહેર શાંતિ અને સલામતી સારૂ ફરમાવું છું કે, કોઈએ નીચેની અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૭મી માર્ચ ૧૯૯૮ થી તારીખ ૬ઠ્ઠી એપ્રિલ ૧૯૯૮ સુધી (બંને દિવસો સુધ્ધા)

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધારીયા, ધોકા, છરા, લાકડી, કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહિ;

(ખ) કોઈપણ શયકારી પદાર્થ સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહિ;

(ગ) પત્થરો અથવા હાનિકારક પ્રવાહી, રસાયણ છાંટવા અથવા ફેંકવા નહિ અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહિ એકઠા કરવા નહિ તથા તૈયાર કરવા નહિ;

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવા નહિ;

(ડ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહિ, અશ્લિલ ગીતો ગાવા નહિ અથવા ટોળામાં ફરવું નહિ.

(ચ) જેનાથી સુરુચિ નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહિ, તેવાહાવભાવ કરવા નહિ. તેવી ચેષ્ટા કરવી નહિ તથા તેવા ચિત્રો, પત્રિકા, પ્લે કાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહિ, બતાવવા નહિ, તથા તેનો ફેલાવો કરવો નહિ. કરવો નહિ.

આ હુકમ નીચેની વ્યકિતને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતઓને કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનીનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય.

INDEX

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ અથવા તેને અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીને જેને શારીરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી શકાય તે વ્યકિતને.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ અથવા અધિક જિલ્લા મેજિ-સ્ટ્રેટશ્રી, ભરુચે આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતઓને.

અનુસૂચિ

"ભરૂચ જિલ્લાનો સમગ્ર વિસ્તાર':

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમ કલમ-૧૩૫(૧) મુજબ દંડની પણ સજા થશે.

મેં આજ તારીખ ૫મી માર્ચ ૧૯૯૮ના રોજ મારી સહી સિકકો કરી આપ્યો છે.

આર. કે. પરમાર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરુચ.

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૭ (૪) હેઠળ.

નંબર પલસ/ફાયરીંગ/શેરૂલા/વશી-૬૮૬ તથા ૬૮૭ થી ૭૦૮/૯૮.—સુરત જિલ્લાના ઉકાઈ ખાતે સી.આઈ.એસ.એફ. યુનીટ કે. એ. પી. એસ. કાકરાનપારના જવાનોનો ફાયરીંગ કાર્યક્રમ તારીખ ૧લી ફેબ્રુઆરી. ૧૯૯૮ થી ૪થી ફેબ્રુઆરી, ૧૯૯૮ શેરુલા ખાતેના ફાયરીંગ બટ ખાતે રાખવામાં આવેલ છે. સબબ આ વિસ્તારની હદમાં તથા આજુબાજુ રહેતી પ્રજાજનોની સલામઘી સારું હું વી. ડી. અંસારી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરતને ૧૯૫૧ ના મુંબઈ પોલિસ અધિનિયમની કલમ-/૭(૩) મુજબ મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે સોનગઢ તાલુકાનાં ઉકાઈ શેરૂલા ફાયરીંગ બટ ઉપર તારીખ ૧લી ફેબ્રુઆરી ૧૯૯૮ થી ૪થી ફેબ્રુઆરી, ૧૯૯૮ સુધી ગોળીબાર પ્રેકટીશનો કાર્યક્રમ હોઈ સદરહુ વિસ્તારની આજુબાજુ રહેતા તથા બહારની કોઈપણ અનધિકૃત વ્યકિતઓ તેમજ ચરાવવા આવતા ઢોર ઢાંખર વિગેરેએ સદરહુ ફાયરીંગ બર વિસ્તારોની આજુબાજુ ૧૦૦ મીટરના વિસ્તારમાં તારીખ ૧લી ફેબ્રુઆરી. ૧૯૯૮ થી ૪થી ફેબ્રુઆરી, ૧૯૯૮ સુધી પ્રવેશ કરવો નહી. તથા તે વિસ્તારમાં હરવું ફરવું નહી.

આ હુકમનો ભંગ કરનાર ઈન્ડીયન પીનલ કોડની લમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૮ ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) હેઠળનું.

નંબર પલસ/ફાયરીંગ/શિરુલા/વશી/૧૭૯૧/તથા૧૭૫૮થી ૧૭૮૨.—સુરત જીલ્લાના ઉકાઈ ખાતે રાજય અનામત પોલીસ દળ જુથ-૧૦ ઉકાઈના જવાનોનો વાર્ષિક ગોળીબાર પ્રેકટીશ કાર્યક્રમ તારીખ ૧૬મી માર્ચ ૧૯૯૮ થી ૩૧મી માર્ચ ૧૯૯૮ સુધી શેરૂલા ખાતેના ફાયરીંગ બટ ખાતે રાખવામાં આવેલ છે સબબ આ વિસ્તારની હદમા તથા આજબાજુ રહેતી પ્રજાજનોની સલાંમતી સારૂ હું વી ડી અંસારી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) મુજબ મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે સોનગઢ તાલુકાના ઉકાઈ શેરૂલા ફાયરીંગ બટ ઉપર તારીખ ૧૬મી માર્ચ ૧૯૯૮ થી ૩૧મી માર્ચ ૧૯૯૮ સુધી ગોળીબાર પ્રેકટિશનો કાર્યક્રમ હોઈ સદરહુ વિસ્તારની આજુબાજુ રહેતા તથા બહારનો કોઈપણ અનઅધિકૃત વ્યકિતઓ તેમજ ચરાવવામાં આવતા ઢોર ઢોખર વિગેરેએ સદરહુ ફાયરીંગ બટ વિસ્તારોની આજુબાજુ ૧૦૦ મીટર વિસ્તારમાં તારીખ ૧૬મી માર્ચ ૧૯૯૮ થી ૩૧મી માર્ચ ૧૯૯૮ સુધી પ્રવેશ કરવો નહી તથા તે વિસ્તારમાં હરવું ફરવું નહીં.

આ હુકમનો ભંગ કરનાર ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૫મી માર્ચ ૧૯૯૮ ના રોજ મારી સહી સિકકો કરી આપ્યો.

વી. ડી. અંસારી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ની પેટા-કલમ(૧)નું ખંડ (૫) મુજબ.

ક્રમાંક ઉ-મકડ-એમએજી-વશી-૮૨૪-૫૩/૧૯૯૮.—(૧) ડાંગ દરબાર મેળા દરમ્યાન નીચેના પરિશિષ્ટમાં જણાવેલ રસ્તાઓની આજુબાજુની જમીનમાં મેળાના પ્રસંગે હંગામી ધોરણે ઉભી કરેલી વિવિધ પ્રકારની દુકાનો હોવાથી સદરહુ રસ્તાઓ ઉપરથી પગે ચાલીને જનારાઓની અવર-જવર વિશેષ પ્રમાણમાં રહેવાની છે, એટલે મેળાના સમય દરમ્યાન આવા લોકોને ભય, હરકત કે અગવડ કે અકસ્માત ન થાય તે માટે સદરહુ રસ્તાઓના ઉપયોગ ઉપર નિયંત્રણ મુકવાની જરૂર જણાય છે.

(૨) તેથી તારીખ ૭મી માર્ચ, ૧૯૯૮ના ૦૭-૦૦ કલાકથી તારીખ ૧૮મી માર્ચ, ૧૯૯૮ના ૨૪-૦૦ કલાક સુધીના સમય દરમ્યાન નીચેના પરિશિષ્ટમાં જણાવેલ રસ્તાઓ ઉપર :

(ક) મોટર તેમજ અન્ય વાહન
(ખ) ઢોરો સાથે અથવા ઢોર દ્વારા ચાલતા વાહન,

દ્વારા જઈ શકશે નહિ તેવો મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ ની પેટા કલમ (૧) ના ખંડ અન્વયે આથી પ્રતિબંધ ફરમાવવામાં આવે છે."

પરિશિષ્ટ

(ક) આહવા ખાતેની જાહેર બાંધકામ વિભાગ (સ્ટેટ) ની કચેરીનું મકાન અને ગ્રામ પંચાયત આહવાનું મકાન આ બે મકાનો વચ્ચે રાજય ધોરી માર્ગ જોડે જે ભાગ પડે તે ભાગ.

INDEX

(ખ) આહવા સબ પોસ્ટ ઓફીસનું મકાન અને રંગ ઉપવન આ બે વચ્ચે આવેલા શ્રી મોરારજી દેસાઈ માર્ગ એ રસ્તાના જે ભાગ પડે તે ભાગ,

અપવાદ :

આ જાહેરનામું નીચેનાને લાગુ પડશે નહિ.

(ક) પીવાના પાણીની સેવા, ગંદા પાણીના નિકાલની સેવા, તબીબી સેવાઓ, કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટેની સેવાઓ પુરી પાડવા માટે મોટર વાહનમાં જનારાઓ.

(ખ) જિલ્લા મેજિસ્ટ્રેટ તરફથી અધિકૃત કરેલા હોય તેવા વાહનમાં જનારાઓ.

(૩) ઉપર જણાવેલ સમય દરમ્યાન વાહન વ્યવહાર માટે આશ્રમ-રોડ થઈ, સિવિલ હોસ્પિટલ, ગાંધી કોલોનીથી હાઈસ્કૂલ રોડ તરફથી સરદાર વલ્લભભાઈ માર્ગથી એસ. ટી. ડેપો જતાં માર્ગનો ઉપયોગ કરવાનો રહેશે.

(૪) આ જાહેરનામાનો ભંગ કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૬ઠ્ઠી માર્ચ, સને-૧૯૯૮નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપેલ છે.

(સહી) અવાચ્ય,
રાધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ડાંગ-આહવા.

કલેક્ટર દ્વારા

વાંચ્યા—(૧) ધી કેરોસીન (રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફીક્સેશન ઓફ સીલીંગ પ્રાઈઝ) ઓર્ડર, ૧૯૯૩.
(૨) અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગના પત્ર ક્રમાંક : કસન/૧૧૯૭/૨૩૫૪/ભા ૧/બ, તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૮.
(૩) અત્રેની કચેરીના છેવટના હુકમ ક્રમાંક : સપ/કસન/વશી/૬૬૨૨ થી ૬૭૦૪/૯૭ તારીખ ૧૩મી ઓકટોબર, ૧૯૯૭.

હુકમ

નંબર સપ/કમકવ/ક્સન/વશી/૧૮૮/૯૮.—સરકારશ્રીના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગના વંચાણ નં ૨ માં દર્શાવેલ પત્રથી ઘર વપરાશના હેતુ માટેના ભૂરા કેરોસીનના બેઝીક સેલીંગ પ્રાઈસમાં કેરોસીનના એજન્ટ (જથ્થાબંધ) ના કમીશનમાં વધારો કરી, નીચે પ્રમાણે કમીશન નકકી કરેલ છે.

અનુ નંબર	વિગત	ફોર્મ- XIIIમાં પરવાનો ધરાવતા હોય તેના જથ્થાબંધ કમીશન	ફોર્મ- XIII સિવાયના જથ્થાબંધ વિક્રેતાનું કમીશન
૧	૨	૩	૪
૧	મૂડી રોકાણ ઉપર વળતર	૧૬-૦૦	૧૬-૦૦
૨	સાધનો (સંગ્રહ સાધનો) નું વળતર	૪૩-૦૦	...
૩	લીકેજ એલાઉન્સ	૫-૫૦	૫-૫૦
૪	વહીવટી ખર્ચ	૬૧-૫૦	૬૧-૫૦
	કુલ ...	૧૨૬-૦૦	૮૩-૦૦

કેન્દ્ર સરકારશ્રીના ધી કેરોસીન (ફીકસેશન ઓફ સેલીંગ પ્રાઈઝ) ઓર્ડર, ૧૯૯૩ની કલમ-૨ (બી) ના પેરાગ્રાફ-૧ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ હું, રાજીવ કે. ગુપ્તા, જિલ્લા કલેક્ટર, વડોદરા, વડોદરા જિલ્લાના જુદા જુદા તાલુકાના એજન્ટો (જથ્થાબંધ) માટે ઘર વપરાશના હેતુ માટેના ભૂરા કેરોસીનના ભાવો નીચે પ્રમાણેની વિગતે તાત્કાલિક અમલમાં આવે તે રીતે જાહેર કરું છું અને અત્રેના વંચાણ નં ૩ના તારીખ ૧૩મી ઓકટોબર, ૧૯૯૭ના હુકમ ક્રમાંક : સપ/કસન/વશી/૬૬૨૨ થી ૬૭૦૪/૯૭ દ્વારા જાહેર કરેલ ભાવ રદ કરું છું.

આ ભાવો કોયલી રીફાઈનરીમાંથી આવતા ગૃહ વપરાશના ભુરા કેરોસીન માટેનો છે જે ભાવો કોયલી રીફાઈનરીમાંથી આવતા ગૃહ વપરાશના ભુરા કેરોસીનને લાગુ પડે છે.

આ ભાવો ગુરૂત્તમ હોઈ, તેનાથી વધુ ભાવો કોઈપણ એજન્ટ (જથ્થાબંધ) તથા વેપારી લઈ શકશે નહીં.

આ ભાવો તમામ એજન્ટો માટે જકાત સાથેના છે જે જથ્થાબંધ વિક્રેતા (ડીલર) સંગ્રહ શકિત-સુવિધા ધરાવતા નથી. તેઓ પાસેથી સરકારશ્રીની સુચના પ્રમાણે એક કે. એલ. ના રૂા. ૪૩ (અંકે રૂપિયા તેંતાલીશ) સંબંધિત-ઓઈલ કું. ઓ વસુલ કરશે.

INDEX

અનુ. નંબર	તાલુકાનું નામ	એક કીલોલીટરના જથ્થાબંધ ભાવ રૂ. પૈ.	એક લીટરના છૂટક ભાવ રૂ. પૈ.
૧	૨	૩	૪
૧	વડોદરા શહેર તથા તાલુકો	૨,૪૮૫.૩૪	૨.૬૫
૨	ડભોઈ	૨,૫૦૭.૩૮	૨.૬૫
૩	પાદરા	૨,૫૦૧.૦૧	૨.૬૫
૪	સાવલી	૨,૫૦૪.૧૧	૨.૬૫
૫	કરજણ	૨,૪૯૯.૭૪	૨.૬૫
૬	વાઘોડીયા	૨,૫૧૪.૭૪	૨.૬૫
૭	જેતપુરપાવી	૨,૫૦૯.૭૪	૨.૬૫
૮	છોટા ઉદેપુર	૨,૫૦૯.૭૪	૨.૬૫
૯	નસવાડી	૨,૫૨૩.૭૪	૨.૬૫
૧૦	સંખેડા	૨,૫૦૪.૭૪	૨.૬૫
૧૧	શિનોર	૨,૫૦૪.૭૪	૨.૬૫
૧૨	તિલકવાડા	૨,૪૯૯.૭૪	૨.૬૫

ઉપર પ્રમાણે નક્કી થયેલ કેરોસીનના ભાવો કરતાં વધુ ભાવો લેવામાં આવશે તો કસુરદાર આવશ્યક ચીજવસ્તુ ધારા-૧૯૫૫ ની કલમ-૩ (૭) હેઠળ શિક્ષાને પાત્ર થશે.

અનુસૂચિ—૧

વડોદરા જિલ્લામાં ગૃહ વપરાશ માટેના કેરોસીનના ભાવનું પત્રક :

અનુ. બેનંર	વિગત	વડોદરા શહેર તથા ગ્રામ્ય તાલુકો	ડભોઈ	પાદરા	સાવલી	કરજણ
૧	ઈન્સ્ટોલેશન ભાવ ...	૨,૨૪૩.૪૪	૨,૨૪૩.૪૪	૨,૨૪૩.૪૪	૨,૨૪૩.૪૪	૨,૨૪૩.૪૪
૨	ઓક્ટ્રોય	૫.૬૦	૧૭.૬૪	૧૧.૨૭	૧૪.૩૭	૧૦.૦૦
૩	ટ્રાન્સપોર્ટ ચાર્જીસ	૭૦.૦૦	૮૦.૦૦	૮૦.૦૦	૮૦.૦૦	૮૦.૦૦
૪	જથ્થાબંધ કમીશન	૧૨૬.૦૦	૧૨૬.૦૦	૧૨૬.૦૦	૧૨૬.૦૦	૧૨૬.૦૦
૫	ઈતર ચાર્જીસ	૪૦.૩૦	૪૦.૩૦	૪૦.૩૦	૪૦.૩૦	૪૦.૩૦
	કુલ ...	૨,૪૮૫.૩૪	૨,૫૦૭.૩૮	૨,૫૦૧.૦૧	૨,૫૦૪.૧૧	૨,૪૯૯.૭૪
	જથ્થાબંધ ભાવ કે. એલ. ના :					
૧	છુટક કમીશન	૬૯.૦૦	૬૯.૦૦	૬૯.૦૦	૬૯.૦૦	૬૯.૦૦
૨	ઈતર ચાર્જીસ	૩૪.૦૦	૩૪.૦૦	૩૪.૦૦	૩૪ ૦૦	૩૪.૦૦
૩	ટ્રાન્સપોર્ટ ચાર્જીસ ...	૬૩.૩૦	૪૭.૫૦	૬૦.૩૦	૫૪.૮૦	૬૦.૮૦
૪	છુટક ભાવ કે. એલ. નાં	૨,૬૫૧.૬૪	૨,૬૫૭.૮૯	૨,૬૬૪.૩૧	૨,૬૬૧.૯૧	૨,૬૬૩.૫૪
૫	૧ લીટરના ભાવ	૨.૬૫	૨.૬૫	૨.૬૫	૨.૬૫	૨ ૬૫

INDEX

વાઘોડીયા	જેતપુર-પાવી	છોટા ઉદેપુર	નસવાડી	સંખેડા	શિનોર	તિલકવાડા
૨,૨૪૩.૪૪	૨,૨૪૩.૪૪	૨,૨૪૩ ૪૪	૨,૨૪૩.૪૪	૨,૨૪૩.૪૪	૨,૨૪૩.૪૪	૨,૨૪૩.૪૪
૨૫.૦૦	૧૦.૦૦	૧૦.૦૦	૨૪.૦૦	૧૫ ૦૦	૧૫ ૦૦	૧૦.૦૦
૮૦-૦૦	૯૦.૦૦	૯૦.૦૦	૯૦.૦૦	૮૦.૦૦	૮૦.૦૦	૮૦.૦૦
૧૨૬.૦૦	૧૨૬.૦૦	૧૨૬.૦૦	૧૨૬.૦૦	૧૨૬.૦૦	૧૨૬.૦૦	૧૨૬.૦૦
૪૦.૩૦	૪૦ ૩૦	૪૦.૩૦	૪૦.૩૦	૪૦.૩૦	૪૦.૩૦	૪૦.૩૦
૨,૫૧૪.૭૪	૨,૫૦૯.૭૪	૨,૫૦૯.૭૪	૨,૫૨૩.૭૪	૨,૫૦૪.૭૪	૨,૫૦૪.૭૪	૨,૪૯૯.૭૪
૬૯.૦૦	૬૯.૦૦	૬૯.૦૦	૬૯.૦૦	૬૯ ૦૦	૬૯ ૦૦	૬૯.૦૦
૩૪.૦૦	૩૪.૦૦	૩૪.૦૦	૩૪.૦૦	૩૪.૦૦	૩૪.૦૦	૩૪.૦૦
૬૦.૮૦	૪૪.૮૦	૫૦.૮૦	૪૫.૮૦	૬૦.૮૦	૫૯.૮૫	૬૦.૮૦
૨,૬૭૮.૫૪	૨૬ ૫૭.૫૪	૨,૬૬૩.૫૪	૨,૬૭૨.૫૪	૨,૬૬૮.૫૦	૨,૬૬૭.૫૯	૨,૬૬૩.૫૪
૨.૬૫	૨.૬૫	૨ ૬૫	૨ ૬૫	૨ ૬૫	૨ ૬૫	૨ ૬૫

વડોદરા, તારીખ ૨૦મી જાન્યુઆરી, ૧૯૯૮.

રાજીવ કે. ગુપ્તા,
કલેક્ટર, વડોદરા.

જાહેરનામું

નંબર એજીકે/ક્યુએલ/જાહેરનામું/૯૮.—આ થી ગુજરાત ગૌણ ખનિજ નિયમ ધારો, ૧૯૬૬ના નિયમો અન્વયે નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ વિસ્તારમાં ક્વોરીલીઝ રદ કરેલ, સરન્ડર કરેલ, તેમજ લીઝના મુદત પુરી થતાં રીવોક થયેલ હોય તેવા નીચે જણાવેલ લીઝોના વિસ્તાર જાહેર જનતા માટે ફરીથી ખુલ્લો મુકવા માટે ગુજરાત ગૌણ ખનિજ નિયમ ધારો, ૧૯૬૬ના નિયમ-૧૮ (૧) સી મુજબ ગેઝેટમાં જાહેરનામું પ્રસિધ્ધ કરવાનું રહેતું હોઈ હું, કલેકટર, સક્ષમ અધિકારી, આણંદને મળેલ સત્તાની રૂએ નાચે પરિશિષ્ટમાં જણાવેલ વિસ્તાર ફરીથી ઉપલબ્ધ વિસ્તાર તરીકે આ જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખ પછીના 30 દિવસ બાદ સરકારી કામકાજના દિવસની અસરથી જાહેર કરૂ છું નિયત સમય પહેલાં આવેલ અરજીઓ અપરિપક્વ ગણવામાં આવશે.

અનું. નંબર	નામ	ગામનું નામ	તાલુકો	સર્વે નંબર	ખનિજનું નામ	વિસ્તાર હે.આર.ચો.મી.
૧	૨	૩	૪	૫	૬	૭
૧	શ્રી મિતેષભાઈ મહેન્દ્રભાઈ પટેલ	સુંદલપુરા	આણંદ	મહી નદી પટ્ટ	બ્લેક ટ્રેપ	૧૦ ૦૦ ૦૦
૨	શ્રી પુંજાજી સવાજી વણઝારા	પ્રાતપપુરા	આણંદ	મહી નદી પટ્ટ	રેતી	૨ ૦૦ ૦૦
૩	શ્રી ગોપાજી વારાજી વણઝારા	પ્રતાપપુરા	આણંદ	મહી નદી પટ્ટ	રેતી	૨ ૦૦ ૦૦

આણંદ, તારીખ ૩જી માર્ચ, ૧૯૯૮.

એ. કે. શર્મા,
કલેક્ટર,
આણંદ જિલ્લો

INDEX

BY COMPETENT AUTHORITY AND DEPUTY COLLECTOR

Notification

THE URBAN LAND (CEILING AND REGULATION) ACT, 1976.

[Under section 10(*1*) *read* with rule 6].

No. ULC/1076-1115/D No. 2597/Tarsali—It is hereby notified that such vacant land as is describde in the schedule below is to be acquired by the Government of Gujarat. The claims of all persons interested in such vacant land may be made by them personally or by their agents giving particulars of the nature of their interest. The claims will be received by the Competent Authority upto thirty days after the date of publication of this notification in the *Gazette*.

SCHEDULE

Name of the holder : Umedbhai Dahyabhai Patel

Details of vacant lands to be acquired :—

District	Taluka	Village	Description of the lands		Remarks
			Survey No.	Area (Sq. mtrs.)	
1	2	3	4	5	6
Vadodara	Vadodara	Tarsali	39 Paiki	1566.20	
			43	15580.00	
				18146.20	

Vadodara, 3rdFebruary, 1998.

સક્ષમ અધિકારી અને નાયબ કલેક્ટર દ્વારા

જાહેરનામું

શહેરી જમીન (ટોચ-મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬.

[કલમ ૧૦ (૧) તથા નિયમ ૬ અનુસાર].

નંબર યુ.એલ.સી./૧૦૭૬/૧૧૧૫ ડી. નં. /૨૫૯૭ /તરસાલી .—આથી જાહેર કરવામાં આવે છે કે આ સાથે સામેલ રાખેલ પરિશિષ્ટમાં જણાવેલી વિગતવાળી ખુલ્લી જમીન ગુજરાત સરકાર સંપાદન કરનાર છે. સદરહુ જમીન ઉપર જે કોઈ ઈસમનો હક્ક દાવો હશે. તેઓએ જાતે અગર અધિકૃત એજન્ટ મારફતે તેઓએ હક્ક અંગેનો હક્ક સંબંધીની સંપૂર્ણ વિગત સહ રજુ કરશો.

હક્ક સંબંધીનો દાવો સક્ષમ અધિકારીશ્રી સદરહુ જાહેરનામું સરકારી રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની મુદત સુધીમાં સ્વીકારશે.

શિડ્યુઅલ

પત્રક ફાઈલ કરનારનું નામ : પટેલ ઉમેદભાઈ ડાહયાભાઈ મૈ. ના વારસના કુ. મુ. લલીતભાઈ ઉમેદભાઈ પટેલ

સંપાદન કરવાની ખુલ્લી જમીનની વિગત :—

જિલ્લો	તાલુકો	ગામ	જમીનની વિગત		શેરો
			સ. નં.	વિસ્તાર ચો.મી.	
૧	૨	૩	૪-અ	૪-બ	૫
વડોદરા	વડોદરા	તરસાલી	૩૯ પૈકી	૧૫૬૬.૨૦	
			૪૩	૧૫૫૮૦.૦૦	
,,	,,				
				કુલ ૧૭૧૪૬.૨૦	

વડોદરા, તારીખ ૩જી ફેબ્રુઆરી, ૧૯૯૮.

Notification

THE URBAN LAND (CEILING AND REGULATION) ACT, 1976.

[Under Section 10 (*1*) *read* with Rule (6)].

No. ULC-1076-1115-D-2360 / Tarsali.—It is hereby notified that such vacant land as is described in the schedule below is to be acquired by the Government of Gujarat. The claims of all persons interested in such vacant land may be made by them personally or by their agent giving particulars of the nature of their interest. The claims will be received by the Competent Authority upto thirty days after the date of publication of this notification in the Gazette.

SCHEDULE

Name of the Holder : Patel Karshanbhai Becharbhai

Details of vacant lands to be acquired :

District	Taluka	Village	Description of the land		Remarks
			Sruvey No.	Area Sq. Mts.	
1	2	3	4	5	6
Vadodara,	Vadodara,	Tarsali	388 Paiki 389 Paiki	3752 3502	

Vadodara, 7th March, 1998.

B. K. KUMAR,
Competent Authority and
Deputy Collector U. L, C.
Vadodara Unit No.

જાહેરનામું

શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬.

[કલમ ૧૦ (૧) તથા નિયમ ૬ અનુસાર].

નંબર યુ.એલ.સી. ૧૦૭૬ / ૧૧૧૫-ડી. ૨૩૬૦ / તરસાલી .—આથી જાહેર કરવામાં આવે છે કે, આ સાથે સામેલ રાખેલ પરિશિષ્ટમાં. જણાવેલી વિગતવાળી ખુલ્લી જમીન ગુજરાત સરકાર સંપાદન કરનાર છે. સદરહુ જમીન ઉપર જે કોઈ ઈસમનો હક્ક દાવો હશે. તેઓએ જાતે અગર અધિકૃત એજન્ટ મારફતે તેઓએ હક્ક અંગેનો હક્ક સંબંધીની સંપૂર્ણ વિગત સહ રજુ કરશે.

હક્ક સંબંધીનો દાવો સક્ષમ અધિકારીશ્રી સદરહુ જાહેરનામું સરકારી રાજયપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની મુદત સુધીમાં સ્વીકારાશે.

શિડયુઅલ

પત્રક ફાઈલ કરનારનું નામ : પટેલ કરસનભાઈ બેચરભાઈ.

સંપાદન કરવાની ખુલ્લી જમીનની વિગત.

જિલ્લો	તાલુકો	ગામ	જમીનની વિગત સ. નં.	વિસ્તાર	શેરો
૧	૨	૩	૪-અ	૪-બ	૫
વડોદરા ,,	વડોદરા ,,	તરસાલી ,,	૩૮૮ પૈકી ૩૮૯ ,,	૩૭૫૨ ચો. મી. ૩૫૦૨ ,, ——— ૭૨૫૪ ,,	

વડોદરા, તારીખ ૭મી માર્ચ, ૧૯૯૮.

બી. કે. કુમાર,
સક્ષમ અધિકારી અને નાયબ કલેકટર,
શહેરી જમીન ટોચ-મર્યાદા,
વડોદરા.

INDEX

Notification

Section 10 (*1*) *read* with Rule-6]

THE URBAN LAND (CEILING AND REGULATION) ACT, 1976

No. ULC 6 (i) 3/313 /Case No. 4 / 15 / 87 / Palnpore/Unit-2.— Whereas draft statement dated 15th July 1997 was servedon Shri Maganbhai Nararbhai Patel under sub-section 3 of Section 8 of the Urban Land-(Ceiling and Regulation) Act 1976 In Form III adpended to rule 5 of the Urban Land (Celing and Regulation Rules 1976 in respet of the vacant land held by him with a notice inviting the objection to the draft statement and whereas the objections to the draft statement were received from him and after hearing the party and considering the objections a final statement dated 4th February 1998 under section 9 was served on her in the manner refered to in the said sub-section 3 of section 8.

Now therefore in exercise of the power conferred on me under sub-section (1) of section 10 of the said Act I he hereby notify that :—

(i) The vacant land as specified in the Schedule appended herewith is to be acquired by the Government of Gujarat; and

(ii) All the persons interested in the vacant land, specified in the Schedule may file their claims in respect of the said land personally or through their agents giving particulars of the nature of their interest in said land before the undersigned within 30 days from the date of publication of this notification in the *Gujarat Government Gazette*.

SCHEDULE

Details of the vacant land held by the person in excess of the celing limit.

Sr. No.	Name of the Holder	Village	Taluka	Block No.	Details of land Area in Sq. Mts.	Remarks
1	2	3	4	5(a)	5(b)	6
(1)	Shri Maganbhai Naranbhai--Patel	Palnpore	Chorasi	56	1283-50	
				37	8600-00	
					9883.50	

Surat, 18th February 1998.

R. C.KANSARA,
Competent Authority and Deputy Collector,
Urban Land Ceiling, Lurat.

જાહેરનામું

શહેરી જમીન (ટોચ-મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬.

[કલમ ૧૦ (૧) તથા નિયમ—૬ અનુસાર].

નંબર યુએલસી./૬(૧) ૩/૩૧૩/કેસ નં. ૪/૧૫/૮૭/પાલણપોર/યુ.૨.—જે અર્થે શ્રી મગનભાઈ નારણભાઈ પટેલ ધારણ કરેલ ખુલ્લી જમીન સંબંધમાં શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૮(૩) મુજબ શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) બાબતના નિયમો ૧૯૭૬ના નિયમ-૫ હેઠળ નિયત કરેલ નમૂના નં. ૩ પ્રમાણેનું તારીખ ૧૫મી જુલાઈ, ૧૯૯૭નું મુસદ્દાપત્ર વાંધા રજુ કરવાની નોટીસ સહીત તેઓને બજાવવામાં આવેલ અને તે સામે તેઓ તરફથી વાંધા રજુ કરવામાં આવેલ હતા અને સદરહુ વાંધાઓ અંગે રૂબરૂ સુનાવણી આપ્યા બાદ તથા તે વિચારણા લીધા બાદ કલમ-૯ હેઠળ તારીખ ૪થી ફેબ્રુઆરી, ૧૯૯૮નું આખરી પત્રક કલમ-૮ (૩)માં ઠરાવ્યા અનુસાર બજાવવામાં આવેલ છે.

વાસ્તે, ઉપરોકત ધારાની કલમ-૧૦ (૧) અન્વયે મળેલ અધિકાર રૂએ, હું આથી જાહેર કરૂ છું કે (૧) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીન ગુજરાત રાજ્ય સરકાર સંપાદન કરનાર છે, અને (૨) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીનમાં હિત ધરાવતા ઈસમો તેમના હક્ક, દાવા જાતે અગર તેમના પ્રતિનિધિ મારફત જમીનમાંના તેમના હિતના પ્રકાર અને વિગતો સાથે નીચે સહી કરનાર સમક્ષ આ જાહેરનામું ગુજરાત સરકારના રાજ્યપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી દિન-૩૦ માં કરી શકશે.

INDEX

પરિશિષ્ટ

અનું. નંબર	જમીન ધારકનું નામ	ગામ	તાલુકો	જમીનની વિગત		શેરો
				બ્લોક નંબર	ક્ષેત્રફળ (ચોરસ મીટરમાં)	
૧	૨	૩	૪	૫-અ	૫-બ	
૧	શ્રી મગનભાઈ નારણભાઈ પટેલ	પાલણપોર	ચોર્યાસી	૫૬ ૩૭	૧૨૮૩-૫૦ ૮૬૦૦-૦૦	
					૯૮૮૩-૫૦	

સુરત, તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૧૯૯૮.

આર. સી. કંસાર,
સક્ષમ અધિકારી અને નાયબ કલેક્ટર,
શહેરી જમીન ટોચમર્યાદા, સુરત.

BY COMPETENT AUTHORITY AND ADDITIONAL COLLECTOR

Notification

THE URBAN LAND (CEILING AND REGULATION) ACT, 1976.

[Under section 10 (*1*) *read* with Rule (6)].

No. ULC/1076/1115-D. No. 4097/Gotri.—It is hereby notified that such vacant land as is decscribed in the schedule below is to be acquired by the Government of Gujarat. The claims of all persons interested in such vacant land may be made by them personally or by their agents giving particulars of the nature of their interest. The claims will be received by the Competent Authority upto thirty days after the date of publication of this notification in the *Gazette.*

SCHEDULE

Name of the Holder : Pulinbha Kanaiyalal Mehta

Details of Vacant lands to be acquired :—

District	Taluka	Village	Description of the land		Remarks
			Survey No.	Area (Sq mtrs.)	
Vadodara	Vadodara	Gotri	Sr. No. 668 Paiki	501.15 Sq. m.	

Vadodara, 6th March, 1998.

G. M. DAMOR,
Competent Authority and Additional
Collector, Urban Land Ceiling,Vadodara unitNo

સક્ષમ અધિકારી અને અધિક કલેક્ટર દ્વારા

જાહેરનામું

શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬.

[કલમ ૧૦ (૧) તથા નિયમ ૬ અનુસાર].

નંબર યુ. એલ. સી.–૧૦૭૬ / ૧૧૧૫- ડી. ડે. નં.-૪૦૯૭ / ગોત્રી / ૯૮.— આથી જાહેર કરવામાં આવે છે કે, આ સાથે સામેલ રાખેલ પરિશિષ્ટમાં જણાવેલી વિગતવાળી ખુલ્લી જમીન ગુજરાત સરકાર સંપાદન કરનાર છે, સદરહુ જમીન ઉપર જે કોઈ ઇસમનો હક્ક દાવો, હશે તેઓએ જાતે અગર અધિકૃત એજન્ટ મારફતે તેઓએ હક્ક અંગેના હક્ક સંબંધીની સંપૂર્ણ વિગત સહ રજુ કરશો.

હક્ક સંબંધીનો દાવો સક્ષમ અધિકારીશ્રી સદરહુ જાહેરનામું સરકારી રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની મુદત સુધીમાં સ્વીકારશે.

INDEX

શિડ્યુઅલ

પત્રક ફાઈલ કરનારનું નામ : પુલીન કનૈયાલાલ મહેતા.

સંપાદન કરવાની ખુલ્લી જમીનની વિગત :—

જિલ્લો	તાલુકો	ગામ	જમીનની વિગત		શેરો
			સર્વે નંબર	વિસ્તાર (ચો.મી.)	
૧	૨	૩	૪-અ	૪-બ	૫
વડોદરા	વડોદરા	ગોત્રી	સ.નં. ૬૬૮ પૈકી	૫૦૧.૧૫ ચો.મી.	

વડોદરા તારીખ ૬ઠ્ઠી માર્ચ, ૧૯૯૮.

જી. એમ. ડામોર,
સક્ષમ અધિકારી અને અધિક કલેકટર,
શહેરી જમીન ટોચમર્યાદા, વડોદરા. યુનિટ નં.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G—BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] THURSDAY, MARCH 19, 1998 / PHALGUNA 28, 1919 [No. 12

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I–A, Part I–B, and Part I–L

	Pages		Pages
Part I-Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	116-123	Part I-B-Government Notifications published under Land Acquisition Act only.	70-81
Part I-A-Orders and Notifications, other than those published in Part IV-C under the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette.	12	Part I-L-Notifications, Orders and Awards, other than those published in Parts I, IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.	558-597

Miscellaneous Notifications, Appointments, etc.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને-૧૯૭૩ની કલમ-૧૩૩ અન્વયે કાઢેલ હુકમ —

ક્રમાંક ઉ/ગપક/૩૮૮/વિ.શા./૧૯૯૮.— અમદાવાદ શહેરમાં ધોરણ ૧૦ અને ૧૨ ની જુદાજુદા પરીક્ષા કેન્દ્રો ઉપર પરીક્ષાઓ યોજાનાર હોઈ, આ પરીક્ષા કેન્દ્રો ઉપર વિદ્યાર્થીઓ / વિદ્યાર્થીનીઓને તેઓના વાલી તથા સગાવાલાઓ મુકવા આવે ત્યારે પરીક્ષા કેન્દ્રો ઉપર ભીડ થતી હોય છે. અને પરીક્ષા કેન્દ્રોનું શાંત વાતાવરણ ડહોળાય છે. જેથી પરીક્ષાર્થીઓ મુક્ત મને પરીક્ષા આપી શકતા નથી.

તેથી હું પી. જી. જે. નામ્પુથીરી, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે,

અમદાવાદ શહેરમાં પોલીસ કમિશનર હકુમત હેઠળના જે પરીક્ષા કેન્દ્રો ઉપર પરીક્ષા ચાલતી હોય તે વિસ્તારમાં તારીખ ૧૬મી માર્ચ, ૧૯૯૮ થી તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૮ સુધી કલાક ૧૦-૦૦ થી કલાક ૧૮-૩૦ દરમ્યાન (રવિવાર તથા જાહેર રજાના દિવસો સિવાય) કોઈપણ બિનઅધિકૃતે વ્યક્તિઓએ પરીક્ષા કેન્દ્રોથી ૧૦૦ મીટર એરીયામાં પ્રવેશ કરવો નહી તેમજ ચાર કરતાં વધારે વ્યકિત-ઓએ ભેગા થવું નહી.

આજ તારીખ ૯ માહે માર્ચ, સને ૧૯૯૮ના રોજ મારી સહી અને સિકકો કરી આપ્યા.

પી. જી. જે. નામ્પુથીરી,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ સને ૧૯૫૧નાં મુંબઇ અધિ-નિયમ-૨૨ ની કલમ-૩૭ (૪) અન્વયેનો હુકમ.

નંબર ડીસીબી/એમ/એજી/બીપીએ/રજી. ૨/૯૮.—નવસારી શહેરમાં આવેલ કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરીના બહુમાળી મકાનમાં જિલ્લાની ૩૦ જેટલી સરકારી કચેરીઓ આવેલી છે. આ કચેરીઓમાં પ્રજા પોતાના કામો અંગે સરળતાથી કોઈ અંતરાય વગર અવાગમન કરી શકે તે મુજબ જ ઈચ્છનીય છે. કેટલાક ઈસમો આ કચેરીઓમાં તેમજ કચેરીના કંપાઉન્ડમાં અડચણ થાય તેવા કૃત્યો કરે તે અટકાવવા જરુરી જણાય છે.

વાસ્તે હું બી. એન. જોષી, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ નો ૨૨મો) ની કલમ ૩૭ની પેટા કલમ-૧ હેઠળ મને મળેલી સત્તાની રુએ આ અધિનિયમની કલમ-૩૭ની પેટા કલમ-૪ ની જોગવાઈ મુજબ નવસારી કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી બહુમાળી બિલ્ડીંગમાં તેમજ કંપાઉન્ડમાં કે બહુમાળી સંકુલમાં કોઈપણ વ્યકિત કે વ્યકિતઓ અથવા સમુહમાં ધારણાના કાર્યક્રમો ઘેરાવ કાર્યક્રમો ઉપવાસ ઉપર બેસવાના કાર્યક્રમો યોજવા માટે પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમ તારીખ ૨૪મી ફેબ્રુઆરી ૧૯૯૮ થી ૧૦મી માર્ચ ૧૯૯૮ ૧૯૯૮ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ઈસમને ઉકત અધિનિયમની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૪મી ફેબ્રુઆરી ૧૯૯૮ થી મારી સહી તથા મુદ્રા કરી આપ્યું છે.

જાહેરનામું

નંબર ડીસીબી / એમએજી / બીપીએ / ફાયર / તલમ/રજી. ૨/૯૮.—કંમાન્ડીંગ ઓફિસરશ્રી, એન.સી.સી. નવસારીનાં તારીખ ૨૦મી ફેબ્રુઆરી, ૧૯૯૮ અને તારીખ ૨૬ મી ફેબ્રુઆરી, ૧૯૯૮ થી–જણાવ્યા મુજબ એન. સી. સી. ની ફાયરીંગ પ્રેકટીસ નીચે જણાવેલ સ્થળે, સમયે અને તારીખે યોજવામાં આવનાર છે. આથી કોઈપણ વ્યકિતને ગોળીબાર દરમ્યાન ઈજા ન થાય તે માટે નીચે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાય છે.

વાસ્તે, હું, બી. એન. જોષી, આઈ. એ. એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી સને ૧૯૫૧ નાં મુંબઈ અધિનિયમ (સને ૧૯૫૧ નો ૨૨ મા) ની કલમ-૩૭ની પેટા કલમ (૧) હેઠળ મને મળેલ સત્તાની રુએ, આ અધિનિયમની કલમ-૩૭ની પેટા કલમ-૪ ની જોગવાઈ મુજબ હોમગાર્ડ શોર્ટ રેન્જ બંદર રોડ નવસારી ખાતે તારીખ ૯મી માર્ચ, ૧૯૯૮ ના સવારે સમય ૮-૩૦ થી સાંજે ૧૭-૦૦ કલાક દરમ્યાન થનાર ગોળીબાર પ્રેકટીસ આજુબાજુનાં રહીશો તેમજ બહારનાં કોઈ અધિકૃત વ્યકિતઓને ઉપરોકત સમય દરમ્યાન આ ફાયરીંગ રેન્જની જમીનની હદ વિસ્તારમાં કે તેના ફરતેના ૧ કી. મી. વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા તેમજ ઢોર ઢાંખર સાથે જવા અને ઢોર-ઢાંખરને પ્રવેશ આપવા મનાઈ ફરમાવું છું. સદરહું ગોળીબાર પ્રેકટીસ દરમ્યાન ગોળીબારથી ઈજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત કહેવા જણાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ઈસમને ઉકત અધિનિયમની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૪ થી માર્ચ, ૧૯૯૮ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

બી. એન. જોષી,
જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે કાઢેલો.

ક્રમાંક / પલસ/વાહનો / વશી / ૧૨૭૪ થી ૧૩૮૪/૯૮—ભારતના નિર્વાચન આયોગ દ્વારા લોકસભા તથા વિધાનસભા સામાન્ય ચુંટણી-૧૯૯૮નો કાર્યક્રમ જાહેર કરેલ છે તે મુજબ જિલ્લાના મતદાનની તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૯૮ તેમજ મતગણત્રીની તારીખ ૨જી માર્ચ, ૧૯૯૮ નકકી કરવામાં આવી છે. ભારતના નિર્વાચન આયોગ સંવિધાનની કલમ-૩૨૪ હેઠળ મળેલ સત્તાઓની રૂએ ક્રમાંક નં. ૪૩૭/૬/૯૬ પીએલએન/૩/૨૨૮૯/ તારીખ ૧૬મી જાન્યુઆરી, ૧૯૯૬ થી મળેલ સુચના મુજબ વાહનોની અવરજવર પર નીચેના નિયંત્રણો મુકવામાં મને જરૂરી જણાય છે.

જેથી હું આર. એમ. શાહ આઈ એ એસ, જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત ધી મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) થી મળેલી સત્તાની રૂએ હુકમ કરું છું કે, સુરત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના જાહેર રસ્તા પર વાહનોના કાફલા તથા અવરજવર કરવા માટે નીચે મુજબ નિયંત્રણો મુકું છું.

(૧) મતદારોને મતદાન મથક સુધી લાવવા અને લઈ જવાની મફત સગવડ માટે વાહનો ભાડે રાખવા પર નિયંત્રણ મુકું છું. ઉકત ગેરરીતિ બદલ લોકસભા પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૩ હેઠળ રૂા. ૫૦૦-૦૦ સુધી દંડની શિક્ષા થશે.

(૨) (૧) ચુંટણી લડતા દરેક ઉમેદવાર મતદાનના દિવસે પોતાના ઉપયોગ માટે અલગ મતદાન વિભાગ પુરતું એકજ વાહન વાપરી શકશે.

INDEX

(૨) ચૂંટણી એજન્ટ, કાર્યકરો તેના પક્ષના કાર્યકરોના ઉપયોગ મ સંસદીય વિભાગમાં આવેલા પ્રત્યેક વિધાનસભા મતદાર વિભાગ દીઠ એકજ વાહન વાપરી શકશે.

(ક) ઉમેદવાર પોતાના માટે એકજ વાહન ઉપયોગ કરી શકશે.

(ખ) આ પ્રસંગે ઉમેદવાર તેના ચૂંટણી એજન્ટ અથવા કાર્યકરો અથવા તેના પક્ષના કાર્યકરોના ઉપયોગ માટે ઉપર દર્શાવેલા પૈકીનું પોતાનું એકજ વાહન વાપરી શકશે.

ઉપરોક્ત નિર્દિષ્ટ વાહનો માટેની પરમીટ નિર્વાચન અધિકારી દ્વારા આપવામાં આવશે ઉમેદવારોએ સંબંધિત અધિકારી પાસે પોતાના વાહનો નોંધાવવાના રહેશે. અને તેમનો આપેલી પરમીટ પોતાના વાહનોના વિનસીન પર લગાવવાની રહેશે. રાજકીય પક્ષના મંત્રી, કોઈપણ ઉમેદવારના કાર્યકર એજન્ટ અને સમર્થકને આ સિવાયના કોઈપણ વાહનો વાપરવા દેવામાં આવશે નહીં આ શરત યાંત્રીક શકિતથી કે અન્ય કોઈ રીતે ચાલતા તમામ વાહનોની લાગુ પડશે.

(૩) આદેશના ભંગ બદલ તેઓ સામે લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ તથા ભારતીય દંડ સહિતાના પ્રકરણ-બ-ક એ બંને હેઠળની જોગવાઈઓ અન્વયે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે તેમજ આ આદેશનો ભંગ કરી વાપરવામાં આવેલા તમામ વાહનો જપ્ત કરવામાં આવશે.

આમાંથી નીચેના વાહનોને સાચા અને શુધ્ધબુધ્ધિપુર્વકના ઉપયોગ હશે તો મુક્તિ આપવામાં આવે છે

(૧) અંગત કારણોસર ચૂંટણીમાં ન સંકળાયેલા હોય તેવા ખાનગી વાહન

(૨) વાહન માલિક પોતે અથવા પોતાના પરિવારના સભ્યો માટે વાપરતા ખાનગી વાહન મતદાન મથકથી ૨૦૦ મીટરની હદ બહારના ઉપયોગ માટે

(૩) આવશ્યક સેવા હોસ્પિટલ વાન, એમ્બ્યુલન્સ દુધની ગાડી પાણીના ટેન્કરો, વિજળીની આકસ્મિકતાના સંદર્ભમાં ફરજ બજાવતી વાન, ફરજ પરના પોલીસો તથા ચૂંટણી ફરજ પરના અધિકારીઓ દ્વારા વપરાતા વાહનો

(૪) નિયત કરેલા માર્ગો ઉપર ચાલતી બસો જેવા જાહેર પરિવહનના વાહનો

(૫) અનિવાર્ય મુસાફરી જેવી કે હવાઈ મથકો, રેલ્વે મથકો, આંતર રાજય બસ મથકો સુધી જવા માટે વપરાતા ટેક્સી, ત્રણ પૈડાના વાહનો, સ્કુટર, રીક્ષા જેવા વાહનો

(૬) માંદી અને અપંગ વ્યકિત દ્વારા પોતાના અંગત ઉપયોગ માટે વપરાતા ખાનગી વાહનો.

(૭) ભય ઉભો થાય તેવી રીતે એજન્ટ તથા પક્ષના નેતાઓ, ટેકેદારો ઉમેદવારના મતદાર વિભાગની અંદર ટેકેદારોને લાવવા લઈ જવાના ઉપયોગ તથા ખાનગી વાહનો મતદારોમાં ભયની લાગણી જન્માવવા માટે બાહુબળ ધરાવતા સામાજિક તત્ત્વોને ખુલ્લે આમ લઈ જાય લાવે છે આવા વાહનોમાં ગેરકાયદેસર શસ્ત્રો તથા દારૂગોળાની દાણચોરી પણ કરવામાં આવે છે. આ તમામ પ્રવૃત્તિઓના ઉપયોગમાં વપરાતા ખાનગી વાહનો પર પ્રતિબંધ મુકુ છું અને જો ઉપયોગ થશે તો વાહનોનો કબજો લઈ ફોજદારી રાહે કાર્યવાહી થશે.

(૫) તમામ વાહનની ચકાસણી ગમે ત્યારે, ગમે તે સ્થળે ગમે તે જગ્યાએ ચૂંટણી ફરજ પરના અધિકારી તથા પોલીસ ખાતા તરફથી રોકી શકાશે, ચકાસણી થઈ શકશે.

(૬) અંગત વપરાશ માટેના ઓથા હેઠળ કોઈપણ વાહનનો દુરૂપયોગ થતો જણાશે, ચુંટણીમાં દખલગીરી જણાશે તો વાહન કબજે કરવામાં આવશે.

આ હુકમ તારીખ ૫મી માર્ચ, ૧૯૯૮ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૧૦મી ફેબ્રુઆરી-૧૯૯૮ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

આર. એમ. શાહ,
જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ હુકમ.

નં. એમએજી-જાહેરનામું-૧૪૪-૨-૯૮.—આગામી લોકસભા/વિધાનસભાની સામાન્ય ચૂંટણી ૧૯૯૮ યોજાનાર છે. તે અંગેની જાહેરાત ભારતના ચૂંટણી પંચ દ્વારા તારીખ ૨૦મી ડીસેમ્બર, ૧૯૯૭થી કરવામાં આવેલ છે. રાજયના મુખ્ય ચુંટણી અધિકારીશ્રીના તારીખ ૧૭મી જાન્યુઆરી, ૧૯૯૮ના આદેશ નં. ઈએલસી/૧૦૯૮-૭૬(૨)છ થી થઈ આવેલ સુચના અનુસાર કોઈ પણ ખાનગી કે જાહેર મિલકતો જેવી કે અગત્યની સૂચનાઓ અને રસ્તાઓની દિશા સુચવતાં પાટીયા હાઈવે ઉપરનાં માઈલ સ્ટોન, અને બોર્ડ, રેલ્વે લેવલ ક્રોસીંગ ઉપરનાં ચેતવણી આપતાં બોર્ડ રેલ્વે પ્લેટફોર્મ ઉપરના બોર્ડ, બસ સ્ટેશન ઉપરના બોર્ડ અને લોકોએ ચેતવણી આપતાં બોર્ડ ટેલીફોન અને ઈલેક્ટ્રીકના થાંભલાઓ નગરપાલિકા અને પંચાયત જેવી સ્થાનિક સંસ્થાઓ, સહકારી સંસ્થાઓના મકાનો, રાજય કે કેન્દ્ર સરકારની કચેરીઓના મકાનો, જાહેરમાર્ગો તથા ખાનગી માલીકીના મકાનો અને ખાનગી બોર્ડ ઉપર કોઈ પણ રાજકીય પક્ષ સંસ્થા ચૂંટણીના ઉમેદવાર કે તેમના કાર્યકર સમર્થક કે સહાનુભુતિ રાખનાર કે અન્ય કોઈપણ વ્યકિતઓને ચૂંટણીની જાહેરાત, પ્રચાર કરતાં લખાણો કરે તે ઉપર વર્ણન કરેલ મિલકતોને તેના માલીકની લેખીતમાં પુર્વ મંજુરી મેળવ્યા સિવાય લગાડવામાં આવતાં હોય છે. તેના ઉપર પ્રતિબંધ ફરમાવવો જરુરી જણાય છે.

વાસ્તે હું એસ.એમ.એફ. બુખારી, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો' ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રુએ, આથી નીચે પ્રમાણે હુકમ ફરમાવું છું.

(૧) ભારતના ચૂંટણી પંચના આદેશ મુજબ નક્કી થયેલ આચાર-સંહિતા અન્વયે કોઈપણ રાજકીય પક્ષ કે ચૂંટણીના ઉમેદવારો સીધી કે આડકતરી રીતે સંકળાયેલ અન્ય કોઈપણ વ્યકિતઓએ ઉપર જણાવેલ જાહેર કે ખાનગી મિલકતો ઉપર ચુંટણી પ્રચાર અંગે પોસ્ટરો, બેનરો, પડદા કે પુતળા કે અન્ય ચૂંટણી પ્રચારના લખાણો કરી મિલકતોને બગાડવા ઉપર પ્રતિબંધ મુકુ છું.

(૨) મિલકતના માલીકની લેખીતમાં પુર્વ મંજુરી વગર મિલકતોને બગાડશે કે નુકસાન પહોંચાડશે તેના સામે ફોજદારી રહે કામ ચલાવવામાં આવશે. તથા જાહેર કે ખાનગી મિલકતોને બગાડવામાં આવશે તો બગાડ કરનારાના ખર્ચે તે સુધારવામાં આવશે અને તમામ ખર્ચ વસુલ કરવામાં આવશે.

(૩) ચૂંટણીને લગતાં પ્રચાર માટે સક્ષમ અધિકારી પાસે નોંધણી કરાવ્યા સિવાયના વાહનોનો ઉપયોગ થઈ શકશે નહી.

(૪) ચૂંટણીનો પ્રચાર માઈક ઉપર રાત્રિના ૧૦-૦૦ વાગ્યા પછી થઈ શકશે નહી. રાષ્ટ્રીય કક્ષાના નેતાઓની જાહેરસભામાં આ હુકમ

INDEX

માં ૧ કલાકની છુટછાટ આપવાના અધિકાર નીચે સહી કરનાર અધિકારી એટલે કે મને રહેશે.

(૫) આ ઉપરાંત પણ ભારતના ચૂંટણી પંચે આચારસંહિતા અન્વયે જે જે બાબતો અંગે પ્રતિબંધ ફરમાવેલ છે તે સઘળી બાબતો અંગે આથી આ જાહેરનામા દ્વારા પણ પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

(૬) આ હુકમ, હુકમની તારીખથી લોકસભાની અને વિધાનસભાની ચૂંટણીની પ્રક્રિયા પુર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

(૭) આ હુકમનો ભંગ કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

(૮) આ હુકમ સમગ્ર સાબરકાંઠા જિલ્લાના વિસ્તારોને લાગુ પડશે.

આજ રોજ તારીખ ૧૬મી ફેબ્રુઆરી, ૧૯૯૮ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે હુકમ બહાર પાડવામાં આવ્યો.

એસ. એમ. એફ. બુખારી,
જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા
હિંમતનગર.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ની ૨૨ અધિનિયમ)ની કલમ-/૭(૧) મુજબનો હુકમ,

નંબર ડીસી / પીઓએલ / એમએ / એસ.આર. ૧૨/૯૮. - આગામી દિવસમાં અમદાવાદ રુરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરની જાળવણી વાસ્તે;

હું એમ. વાય. દક્ષિણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ૨૨ માં અધિનિયમની કલમ-૩૭ (૧) થી મને મળેલ સત્તાની રુઈએ નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૮ મી માર્ચ ૧૯૯૮ થી તારીખ ૨૨મી માર્ચ ૧૯૯૮ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, શોટી. બંદુક, ખંજર, અસ્ત્રો. સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાંબું અને છેડેથી આણીવાળુ પાનુ હોય તેવા ચપ્પુ તથા ત્રણ ઇંચથી વધુ લંબાઈ ધરાવતુ આણીવાળુ ઘાતક શસ્ત્ર સાથે રાખી કરવાની મનાઈ ફરમાવું છું તેમજ લાકડી, લાઠી. અથવા શારીરીક નુકશાન પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની,

(૨) કોઈપણ રીતે શરીરને હાનીકારક એવી કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું.

(૩) પત્થરો અથવા બીજા શસ્ત્રો, ફેંકવાની, યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની અને તૈયાર કરવાની,

(૪) સળગતી મશાલ અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની,

(૫)વ્યક્તિઓ અથવા એના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની,

(૬) લોકોએ બૂમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાજા વગાડવાની.

(૭) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાના તથા ચિત્ર નિશાનીઓ. જાહેર ખબરો અથવા પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તો તેનો ફેલાવો કરવાની અથવા અધિકારીઓની અભીપ્રાય પ્રમાણે સુરુચિ અથવા નીતીનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોદા તેવા છટાદાર ભાષણ આપવાથી તથા ચાળા વિગેરે કરવાની અને તેના ચિત્રો નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર :—

અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસૂલી વિસ્તાર
પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમતના વિસ્તાર--સિવાય)

અપવાદ :—

આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી અથવા કામગીરી હોય તેમને જે તે ઉપરી અધિકારીઓને આવી કોઈ હથીયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોદ અથવા કોઈપણ હથીયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને,

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધીત હથીયાર જેવા કે સંગીત, વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહી

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, એકઝીક્યુટીવ, જિલ્લા પોલીસ અધિકારી અથવા તેમને અધિકૃત કરેલી કોઈપણ પોલીસ અધિકારીઓએ જેને શારિરીક કારણે લાઠી અથવા લાકડી સાથે પરવાનગી આપેલ હોય તે વ્યકિતઓને લાગુ પડશે નહી.

આ જાહેરનામાની કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ-૧ હેઠળ ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુ એક વર્ષ સુધીની કેદની અને દંડની અને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૯૬૦ ના અધિનિયમ નં.(૪)ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર હશે.

આજ તારીખ ૭મી માર્ચ, ૧૯૯૮ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

પોલીસ અધિનિયમ,૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ--અધિનિયમ નં. ૫૨ માની કલમ-/૭(૩) મુજબનો હુકમ.

નંબર ડીસી / પીઓએલ / એમએજી / એસ આર ૧૩/૯૮ — આગામી દિવસમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી વાસ્તે હું એમ. વાય. દક્ષિણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,

INDEX

અમદાવાદ જિલ્લો મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ ની ૨૨ માંની) અધિનિયમની કલમ-૩૭(૩) થી મને મળેલ અધિકારની રુઈએ ફરમાવુ છું કે, નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તારીખ ૮મી માર્ચ, ૧૯૯૮ થી કલાક ૦.૦૦ થી તારીખ ૨૨મી માર્ચ, ૧૯૯૮ ના કલાક ૨૪.૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહી' તેમજ કોઈ સરઘસ કાઢવું નહિ.

અનુસૂચિ :

વિસ્તાર.— અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસૂલી વિસ્તાર, (પોલીસ કમિ. શ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયનો વિસ્તાર)

ખુલાસો :

આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફૂટપાથો તથા ગલીઓ તથા પેટા-ગલીઓ પણ આ રસ્તામાં સમાવેશ થાય છે,

અપવાદ :

આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ જેવી ફરજ ઉપર હોય તેમને તથા ધાર્મિક અગર મરણોત્તર અથવા તે અંગેની અધિકૃત સત્તાધિકારીની પાસેથી મંજૂરી મેળવી હોય તેવી સભા-સરઘસોને પડશે નહી.

આ હકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ ના ૪૫ માં અધિનિયમ) કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મે આજ તારીખ ૭ મી માર્ચ, ૧૯૯૮ ના રોજ મારી સહી તથા સિક્કો કર્યો.

એમ. વાય. દક્ષિણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (૨૨ માં) ની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલો હુકમ.

નંબર ડીસીબી / એમ એ જી. / ૨જી. ૧૫/૯૮.— વલસાડ જિલ્લામાં આગમી હોળી / ધૂળેટીનાં તહેવાર તેમજ તારીખ ૧૬મી માર્ચ, ૧૯૯૮ થીશરુ થતી એસ. એસ. સી./એચ. એસ. સી. પરીક્ષા અંગેના સરળ સંચાલન માટે તેમજ પરીક્ષાર્થીઓની શાંતિ અને સલામતી જાળવવા સારુ સરઘસ કાઢવાની તથા સભા ભરવાની મનાઈ ફરમાવવાનું જરુરી જણાય છે.

વાસ્તે હું, આર કે. દવે, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ નાં ૨૨ માં) ની કલમ-૩૭ ની પેટા કલમ-૩ થી મને મળેલ સત્તાની રુએ ફરમાવું છું કે,

વલસાડ જિલ્લામાં ગુજરાત એસ. એસ. સી. બોર્ડ તથા એચ. એસ. સી. બોર્ડ સંચાલિત પરીક્ષાના તમામ કેન્દ્રોની હદથી ૧૦૦ મીટરનાં વિસ્તારમાં તારીખ ૧૧ મી માર્ચ, ૧૯૯૮ થી તારીખ ૨૫ મી માર્ચ, **૧૯૯૮ સુધી** (બંન્ને દિવસો સહિત) ચાર કરતા વધુ માણસોની કોઈ સભા ભરવી નહીં કે સભા બોલાવવી નહીં અથવા સરઘસ કાઢવું નહી.

આ હુકમ લગ્નના વરઘોડાને કે સ્મશાનયાત્રા કે રેલ્વે / એસ ટી માં મુસાફરી કરવા માંગતા બોનાફાઈડ વ્યકિઓ તથા ઉચ્ચ પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થી તેમજ પરીક્ષાર્થીની કામગીરી માટે અધિકૃત વ્યકિતઓને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨ માં) ની કલમ-૧૩૫(૩)મુજબ તેમજ ભારતીય ફોજદારી અધિનિયમ૧૮૬૦ ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ તારીખ ૭ મી માર્ચ, ૧૯૯૮ ના રોજ મારી સહી તેમજ મુદ્રા કરી છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલો હુકમ.

નંબર ડીસીબી / એમએજી / બીપીએ / ૨ ૨જી. ૧૬/૯૮ —મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨ માં) અધિનિયમ કલમ-૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રુએ હું આર. કે. દવે, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી વલસાડ, આગામી હોળી ધૂળેટીના તહેવાર દરમ્યાન જિલ્લામાં જાહેર શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારું જરુરી જણાતા, ફરમાવું છું કે વલસાડ જિલ્લાનો સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે સીચે જણાવેલ તારીખ ૧૨ મી માર્ચ ૧૯૯૮ થી તારીખ ૨૬ મી માર્ચ ૧૯૯૮ (બંન્ને દિવસો સુધીનાં) સમય માટે કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો : —

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી, અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ.

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની;

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની એકઠા, કરવાની તથા તૈયાર કરવાની

(ગગ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની;

(ઘ) વ્યકિતઓ અથવા તેનાં સબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની ;

(ચ) અપમાન કરવાના ઇરાદાથી બીભત્સ સુત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની;

(છ) જેનાથી સુરુચી અથવા નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રીકા અને બોર્ડ અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમ ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય:

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, વલસાડે અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય, તે વ્યકિત,
(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ આ જાહેરનામામાનાં કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરવાને સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નાં ૨૨માં) ના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધી કેદની સજા થશે.

આજ રોજ તારીખ ૧૦મી માર્ચ ૧૯૯૮નાં રોજ મારી સહી કરી મુદ્રા કરી આપી. છે.

આર. કે. દવે,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ.

જાહેરનામું

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ મુજબનું.

ક્રમાંક એમ. એ. જી.-વશી-૨૫૬૮.—ગુજરાત રાજ્યના તારીખ ૧૬મી માર્ચ ૧૯૯૮ થી તારીખ ૩૦મી માર્ચ ૧૯૯૮ સુધીનાં સમય દરમ્યાન એસ.એસ.સી. તથા એચ.એસ.સી. પરીક્ષા શરુ થનાર છે. સદરહુ પરીક્ષા ભરુચ જિલ્લામાં અંકલેશ્વર, ભરુચ, જંબુસર, આમોદ, હાંસોટ, પાલેજ, જગડીયા, વાલીયા, નબીપુર, જુદાજુદા પરીક્ષા કેન્દ્રો પર લેવાનાર છે. સદરહુ પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીને પરીક્ષા આપવામાં અડચણ કે નુકશાન ન થાય તેમજ સુલેહશાંતિનો ભંગ કે હુલ્લડ કે બખેડા અટકાવી શકાય તે હેતુસર ઉકત સ્થળોએ આવેલ તમામ પરીક્ષા કેન્દ્રોની ફરતે ૧૦૦ મીટરની હદમાં પરીક્ષાર્થી સિવાયની કોઈપણ વ્યકિત કે વ્યકિતઓને પ્રવેશ કરવા પર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું આર. કે. પરમાર. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરુચ, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ અન્વયે મળેલ અધિકારની રુએ ફરમાવું છું કે તારીખ ૧૬મી માર્ચ ૧૯૯૮નાં દિવસે સવારના ૦૦.૦૦ વાગ્યાથી તારીખ ૩૦મી માર્ચ ૧૯૯૮નાં રોજ રાત્રીના ૨૪.૦૦ કલાક સુધી ભરુચ જિલ્લામાં આવેલ ભરુચ, (શહેર) અંકલેશ્વર, જંબુસર, આમોદ, હાંસોટ, પાલેજ, જગડીયા, વાલીયા, નબીપુર, મુકામે આવેલ એસ.એસ.સી. તથા એચ.એસ.સી. ના તમામ પરીક્ષા કેન્દ્રો ની ફરતે ૧૦૦ મીટરની હદમાં પરીક્ષાર્થીઓ સિવાયની કોઈપણ વ્યકિત કે વ્યકિતઓના પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

(૧) પરીક્ષાની કામગીરી સાથે કોઈપણ રીતે સંકળાયેલ તમામ ફરજ પરના કર્મચારીઓ/ અધિકારીઓને.
(૨) પરીક્ષા ખંડમાં પાણી પીવડાવવાની કામગીરી કરતાં વ્યકિતઓને.
(૩) ફરજ પરના પોલીસ કર્મચારીઓ તથા ગૃહરક્ષકદળની વ્યકિતઓને.
આકસ્મિક તપાસણીમાં આવતી તપાસણી ટુકડીઓને.

આ હુકમના ભંગ બદલ કે ઉલ્લંઘન કરનાર સામે ભારતનો ફોજદારી અધિનિયમ-૧૮૬૦ (સને ૧૮૬૦નાં ૪૫માં)ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૯મી માર્ચ સને ૧૯૯૮નાં રોજ મારી સહી કરી સિકકો કરી આપ્યો.

આર. કે. પરમાર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરુચ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ -૩૭ (૧)(૨) અન્વયેનો હુકમ.

નંબર પલસ,ચૂંટણી/વશી/૧૫૫૩ થી ૧૬૩૩/૯૮.—સને ૧૯૯૮ની લોકસભા તથા વિધાનસભાની આગામી ચુંટણીના દિવસો દરમ્યાન સુરત જિલ્લા વિસ્તારમાં જાહેર શાંતી અને સલામતી જાળવવા પગલા લેવા મને જરુરી જણાયુ છે.

સબબ મુંબઈ પોલિસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨મા) અધિનિયમ ની કલમ-૩૭(૧)(૨) અન્વયે મળેલી સત્તાની રૂએ હું, વી. ડી. અંસારી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ સુરત, સુરત જિલ્લાના અનુસુચિમાં જણાવેલા વિસ્તારમાં જાહેરશાંતી અને સલામતી જાળવવા સારુ ફરમાવું છું કે, નીચે અનુસુચિમાં દર્શાવેલા વિસ્તારમાં તારીખ ૨૪મી ફેબ્રુઆરી ૧૯૯૮ થી તારીખ ૧૦મી માર્ચ ૧૯૯૮ (બંને દિવસો સુધ્ધાં) કોઈપણ વ્યકિતએ.
(ક) શસ્ત્રો, દંડા તલવાર, ધોકા, દંડા, તલવાર ભાલા સોટા, બંદૂક, ચાકુ, લાકડી, અથવા શારીરીક ઈજા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો સાથે લઈ જવી નહી.
(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં;
(ગ) પથ્થરો, અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહીં એકઠા કરવા નહીં તથા કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહીં;
(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં;

(ચ) લોકોએ અપમાન કરવાના ઈરાદાથી જાહેરમાં બુમો પાડવી નહી, ગીતો ગાવા નહી અથવા વાદ્ય વગાડવું નહી;
(છ) જેનાથી સુરુચી અથવા નીતીનો ભંગ થાય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાય તેવુ છટાદાર ભાષણ કરવુ નહી તેવા હાવભાવ (ચાળા) વગેરે કરવા નહીં અથવા તેનો ફેલાવો કરવો નહી;

કલમ-૩૭ (૨) અન્વયે જો કોઈપણ વ્યકિત (ક) થી (ઘ) માં જણાવેલ વસ્તુઓ સાથે રાખીને ઉપર જણાવેલ હુકમનો ભંગ કરશે તો કોઈ પણ પોલિસ અધિકારી તે વ્યકિત પાસેથી વસ્તુ લઈ લેશે અને સરકારશ્રીમાં દાખલ કરવામાં આવશે.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(ક) સરકારી નોકર કે સરકારી ફરજ બજાવતી વ્યકિતને કે જેને તેના ઉપરી અધિકારીએ આવુ કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવુ કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય.
(ખ) જિલ્લા પોલીસ અધિકારી (રુરલ) સુરતે આવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલિસ અધિકારીઓએ જેને શારીરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

INDEX

અનુસુચિ

સુરત જિલ્લાનો સમગ્ર વિસ્તાર (પોલિસ કમીશ્નરશ્રી, સુરત શહેર વિસ્તાર સિવાય)

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) તથા (૨) મુજબ દંડ તથા સજાને પાત્ર થશે.

મે, આ તારીખ ૨૩મી ફેબ્રુઆરી ૧૯૯૮ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૬ મો) ની કલમ-૩૭ (૩) અન્વયે.

નંબર પલસ / ચૂંટણી / વશી / ૧૬૩૪થી ૧૭૧૪/૯૮.— સુરત જિલ્લામાં સને ૧૯૯૮ ની લોકસભા વિધાનસભાની સામાન્ય ચૂંટણી ના દિવસ દરમ્યાન જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારું માણસોને સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાયુ છે.

વાસ્તે હું, વી. ડી. અંસારી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સુરત, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨મા) ની કલમ-૩૭ની પેટા કલમ (૩)થી મને મળેલ સત્તાની રુએ ફરમાવુ છું કે સુરત (રૂરલ) જિલ્લામાં તારીખ ૨૪ મી ફેબ્રુઆરી, ૧૯૯૮ ના રોજ સવારે ૮-૦૦ કલાક થી તારીખ ૧૦ મી માર્ચ ૧૯૯૮ ના રોજ ૨૪-૦૦ કલાક સુધી (બંન્ને દિવસ સુધ્ધા) ચાર કરતા વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહી કે સરઘસ કાઢવુ નહી તેમજ ચાર થી વધુ વ્યકિતઓએ ભેગા થવુ નહી અથવા સરઘસ કાઢવુ નહી.

અપવાદ :

(૧) આ હુકમ લગ્નના વરઘોડા સ્મશાનયાત્રા કે એસ ટી બસમાં મુસાફરી કરવા માંગતા મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના માટે જતી બોનાફાઈડ વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૨) તાલુકા એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીની પરવાનગી મેળવીને ભરાતી સભાને લાગુ પડશે નહી.

(૩) આ હુકમ ચૂંટણીના મતદાન મથકે મતદાન માટે એકત્રીત થયેલ મતદારોને લાગુ પડશે નહી.

(૪) ચૂંટણીના ફરજ માટે બોલાવેલ વ્યકિતઓને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨ મો) ની કલમ ૧૩૫ (૩)મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૩ મી ફેબ્રુઆરી ૧૯૯૮ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી આપી છે.

વી. ડી. અંસારી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

INDEX

કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

વાંચનમાં લીધુ :—

(૧) ભારતનું ચુંટણી પંચ, નિર્વાચન સદન, નવી દિલ્હીના પત્ર નંબર ૫૭૬/૧૪/૯૬/પીએસઆઈ/૧૭૩૬, તારીખ ૧૧મી જાન્યુઆરી ૧૯૯૬.

(૨) મુંબઈ પ્રોહીબીશન અધિનિયમ,૧૯૪૯-કલમ-૧૪૨(૧).

હુકમ

નંબર પલસ/ચુંટણી/પ્રોહીબીશન/વશી/૧૪૪૫ થી ૧૫૦૯/૯૮.—ઉપરોક્ત વાંચનમાં અનુક્રમ નં. ૧ માં ભારત ચુંટણી આયોગની સુચના મુજબ આગામી લોકસભા તથા વિધાનસભા ચુંટણી ૧૯૯૮ દરમ્યાન (૧) મતદાનના બે દિવસ અગાઉ (૨) મતદાનના દિવસે (૩) મતદાનના દિવસ પછીના બીજે દિવસે (૪) મતગણત્રીના દિવસ અગાઉના દિવસે (૫) મતગણત્રીના દિવસે (૬) મતગણત્રીના દિવસ પછીના દિવસે સુરત જિલ્લામાં મુકત યોગ્ય શાંત અને સરળ રીતે સામાન્ય ચુંટણીનું કામ પાર પાડે તે હેતુસર જિલ્લામાં આવેલી કેફી પદાર્થોનું વેચાણ કરતી દુકાનો (લાકરશો) હોટલો રેસ્ટોરન્ટ કલબોને બીજી સંસ્થાઓ દારૂનું વેચાણ, પીરસતી હોય તેને બંધ રાખવાની સુચના છે.

સબબ, મુંબઈ પ્રોહીબીશન અધિનિયમ,૧૯૪૯ની કલમ-૧૪૨(૧) હેઠળ મળેલી સત્તા એ હું, આર, એમ. શાહ, કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, સુરત શહેરમાં આવેલી નીચે જણાવેલી દારુની દુકાનો કેફી પદાર્થોનું દારુનું વેચાણ કરતી-પીરસતી દુકાનો નીચેના સમયગાળા માટે બંધ રાખવાનો હુકમ કરું છું.

તારીખ ૨૬મી ફેબ્રુઆરી ૧૯૯૮ થી તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૮ સુધી—

તારીખ ૧લી માર્ચ ૧૯૯૮થી તારીખ ૩જી માર્ચ ૧૯૯૮ સુધી દુકાનો

૧	મે.એચ.એસ.એન્ડ સન્સ	કણપીઠ, ૯/૧૭૯૪ લાલગેટ સુરત
૨	હોટેલ ઓએસીસ	વૈશાલી સિનેમા પાસે, વરાછા રોડ, સુરત

આ હુકમના ઉલ્લંઘન અન્વયે બોમ્બે પોલિસ એકટની કલમ-૧૩૫ તથા આઈ.પી.સી. કલમ-૧૮૮ મુજબની શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૧૮મી ફેબ્રુઆરી સને ૧૯૯૮ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

આર. એમ. શાહ,
કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

———

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G-BA 14E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] THURSDAY, MARCH 26, 1998 / CAITRA 5, 1920 [No. 13

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part-I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notification, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders other than those published in Part I A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	124-131
Part I-A	Orders and Notifications, (other than those published in Part IV-B) under the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette.	13
Part I-B	Government Notifications published under Land Acquisition Act only.	82-96
Part I-L	Notifications, Orders and Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.	598-633

MISCELLANEOUS, NOTIFICATIONS AND APPOINTENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭(૩) મુજબનો હુકમ.

નંબર ઉ/ગપક/૩૮૯/વિ. શા/૧૯૯૮.—અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારોમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરુર જણાય છે.

વાસ્તે હું પી.જી.જે. નામ્પુથીરી, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭ (૩) થી મળેલ સત્તાની રુએ ફરમાવું છું કે, નીચે જણાવેલ

વિસ્તારોમાં તારીખ ૧૭મી માર્ચ, ૧૯૯૮ના કલાક ૦૦-૦૦થી તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૮ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહી. તેમજ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર.—અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમતનો સમગ્ર વિસ્તાર.

અપવાદ.—આ હુકમ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ ઉપર હોય તેઓ તથા સ્મશાન-યાત્રાઓ અને લગ્નના વરઘોડાને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ ની પેટા કલમ (૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ, તારીખ ૧૧મી, માહે માર્ચ, સને ૧૯૯૮ ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યા.

પી. જી. જે. નામ્પુથીરી,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

નાયબ પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

નંબર ઉ-ટ્રાફિક/ટ્રફિક/ટેક્ષટાઈલ માર્કેટ / ૫૮૬/૯૮.— સુરત શહેરમા વાહન વ્યવહારની સવલત અને સલામતી માટે નીચે જણાવ્યા મુજબ હંગામી ધોરણે જાહેરનામુ બહાર પાડવામાં આવે છે.

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ની કલમ-૩૩(૧)ની પેટા કલમ (બી,) થી મને મળેલ સત્તાની રૂએ હું, કે. ડી. પાટડીયા, (આઈ. પી. એસ.), નાયબ પોલીસ કમિશનર અને ટ્રાફિક, સુરત શહેર ટેક્ષટાઈલ વિસ્તારમાં ટ્રાફિક નિયમન સુધારવા માટે નીચે મુજબનુ જાહેરનામુ બહાર પાડવામાં આવે છે.

જે. જે. સિલ્ક માર્કેટ પાસેનાં મેઈન રોડથી ગોળવાલા માર્કેટ સાંઈ-દર્શન-૫૦, તરફ જતાં રસ્તા પર સવારે કલાક ૧૦-૦૦ થી કલાક ૧૨-૦૦ તથા સાંજે કલાક ૧૬-૦૦ થી ક. ૧૯-૦૦ વાગ્યા સુધી ફોર વ્હીલર વાહનો (ટેમ્પો, ટ્રક વિગેરે) ઉપર અવર જવર કરવા માટે પ્રતિબંધ મુકવામાં આવે છે.

આ જાહેરનામુ હંગામી ધોરણે બહાર પાડયા તારીખથી દિન-૩૦ માટે બહાર પાડવામાં આવે છે. એક માસ પછી કાયમી કરવા વિચારેલ છે. જેથી સદરહું જાહેરનામા સામે જો કોઈ વ્યકિત / સંસ્થાને અસર થવા સંભવ હોય, તેમનાં વાંધા સુચનો હોય, તો અત્રેની કચેરીને એક માસ સુધીમાં આપવા જણાવવામાં આવે છે. ત્યાર પછી આવેલ વાંધા સુચનો ધ્યાને લેવામાં આવશે નહી.

આજ તારીખ ૧૦મી માર્ચ, ૧૯૯૮ના રોજ મારી સહી સિકકા કર્યા.

કે. ડી. પાટડીયા,
નાયબ પોલીસ કમિશનર,
પશ્ચિમ અને ટ્રાફિક, સુરત શહેર.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (૨૨ મા) ની કલમ-૩૭(૩) અન્વયે.

નંબર ડીસીબી / એમએજી / બીપીએ / રજી.-૩/૯૮.— નવસારી જિલ્લામાં આગામી તારીખ ૧૬મી માર્ચ, ૧૯૯૮ થી ૩૧મી માર્ચ, ૧૯૯૮ (બંન્ને દિવસો સુધ્ધા) દરમ્યાન એસ. એસ. સી. તથા એચ. એસ. સી. બોર્ડની પરીક્ષાઓ લેવાનાર છે આ બંને પરીક્ષા-ઓનુ સંચાલન સરળતાથી થાય તેમજ પરીક્ષાર્થીઓ, ખંડ નિરીક્ષકો, અવરોધ અને ભય વગર નિરીક્ષણ કાર્ય કરે અને પરીક્ષાર્થીઓની શાંતિ અને સલામતી જાળવવા સારૂ સરઘસ કાઢવાની તથા સભા ભરવાની મનાઈ ફરમાવવાનુ જરૂરી થાય છે.

વાસ્તે, હું, બી.એન. જોષી, આઈ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨ માં) ની કલમ-૩૭ની પેટા-કલમ-(૩) થી મને મળેલ સત્તાની રુએ ફરમાવું છું કે,

નવસારી જિલ્લામાં ગુજરાત એસ. એસ. સી. બોર્ડ તથા એચ. એસ. સી. બોર્ડ સંચાલિત પરીક્ષાના તમામ કેન્દ્રોની હદમાં ૧૦૦ મીટરના વિસ્તારમાં તારીખ ૧૬ મી માર્ચ, ૧૯૯૮થી ૩૧ મી માર્ચ, ૧૯૯૮ સુધી (બંને દિવસો સુધ્ધા) ચાર કરતા વધુ માણસોની કોઈ સભા ભરવી નહી કે સભા બોલાવવી નહી અથવા સરઘસ કાઢવું નહી કે ભેગા થવું નહીં.

આ હુકમ લગ્નના વરઘોડાને કે સ્મશાન યાત્રા કે રેલ્વે / એસ. ટી. માં મુસાફરી કરવા માંગતા બોનોફાઈડ વ્યકિતઓ તથા ઉકત પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓ /પરીક્ષાર્થી તેમજ પરીક્ષાની કામગીરી માટે અધિકૃત વ્યકિતઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિ-નિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨ માં) ની કલમ-૧૩૫ (૩) મુજબ અથવા ભારતીય ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ, તારીખ ૧૦ મી માર્ચ, ૧૯૯૮ ના રોજ મારી સહી તથા મુદ્રા કરી છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે.

નંબર ડીસીબી / એમએજી / બીપીએ / રજી. નં. ૪/૯૮. — મુંબઈ પોલીસ અધિનિયમ,-૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨ મા) ની કલમ ૩૭(૧) પ્રમાણે મને મળેલી સત્તાની રૂએ હું, બી. એન. જોષી, આઈ. એ. એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી જિલ્લામાં આગામી હોળી, ધુળેટીના તહેવારો આવતા હોવાથી જાહેર શાંતિ અને સલામતી અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતા ફરમાવું છું કે, નવસારી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિતને તારીખ ૧૨ મી માર્ચ, ૧૯૯૮ થી ૨૦ મી માર્ચ, ૧૯૯૮ સુધી (બંને દિવસો સુધ્ધા) ના સમય માટે નીચે જણાવેલા કૃત્યો કરવા પ્રતિબંધ ફરમાવુ છું :

INDEX

કૃત્યો :

(ક) શસ્ત્રો. દંડા. તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી, લાઠી, અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ.

(ખ) કોઈપણ ક્ષયકારી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની. એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ગગ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ, અથવા પુતળા દેખાડવાની......

(ચ) લોકોને બુમ પાડવાની. ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની.

(છ) જેનાથી સુરુચિ અથવા નીતીનો ભંગ થાય તેવું ભાષણ કરવા તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવવા તથા ફેલાવો કરવાની યા હુકમ ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિત કે જેને ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું હોય અથવા એવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, નવસારી અથવા તેણે અધિકૃત કરેલ કોઈ પોલીસ અધિકારીએ જે તે શારીરિક અશકિતને કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યકિતને.

જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમન (સને ૧૯૫૧ના ૨૨ મા) કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ૪ માસની અને વધુમાં વધુ ૧ વર્ષ સુધીની કેદની સજા થશે.

આજ રોજ તારીખ ૧૦ મી માર્ચ, ૧૯૯૮ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

બી. એન. જોષી,
જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી.

જાહેરનામું

ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ મુજબ.

ક્રમાંક એમ. એ. જી. / વશી / ૧૦૭૯થી ૧૦૯૮.— ગુજરાત રાજ્યમાં તારીખ ૧૬મી માર્ચ, ૧૯૯૮ થી ૨૬મી માર્ચ, ૧૯૯૮ ના સમય દરમિયાન એસ. એસ. સી. તથા એચ. એસ. સી. પરીક્ષા શરુ થનાર છે. સદરહું પરીક્ષા નર્મદા જિલ્લામાં રાજપીપલા, દેડીયાપાડા, સાગબારા તેમજ કેવડીયા કોલોની ખાતેના કેન્દ્રોમાં લેવાનાર છે. સદરહું પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓને પરીક્ષા આપવામાં અડચણ કે નુકસાન ન થાય તેમજ સુલેહ શાંતિનો ભંગ કે હુલ્લડ કે બખેડા અટકાવી શકાય તે હેતુસર ઉકત સ્થળોનાં પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૨૦૦ મીટરની હદમાં પરીક્ષાર્થીઓ સિવાયની કોઈપણ વ્યકિત કે વ્યકિતઓને પ્રવેશ કરવા પર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું, બી.ડી. જોષી, જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ અન્વયે મળેલ અધિકારની રુએ ફરમાવું છું કે, તારીખ ૧૬મી માર્ચ, ૧૯૯૮ ના દિવસ સવારના ૦૦-૦૦ વાગ્યાથી તારીખ ૨૬મી માર્ચ, ૧૯૯૮ ના રોજ રાત્રિના ૨૪-૦૦ કલાક સુધી નર્મદા જિલ્લામાં આવેલ તમામ પરીક્ષા કેન્દ્રોની ફરતે ૨૦૦ મીટરની હદ માં પરીક્ષાર્થી સિવાયની કોઈ વ્યકિત કે વ્યકિતઓના પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

(૧) પરિક્ષાની કામગીરી સાથે કોઈપણ રીતે સંકળાયેલ તમામ ફરજ પરના કર્મચારીઓ / અધિકારીઓ.

(૨) પરિક્ષા ખંડમાં પાણી પીવડાવવાની કામગીરી કરતા વ્યકિતઓ.

(૩) કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટેના ફરજ ઉપરના પોલીસ / હોમગાર્ડઝ ગ્રામરક્ષકદળના કર્મચારીઓ તેમજ અધિકારીઓ.

(૪) આકસ્મીક તપાસણીમાં આવતી તપાસણી ટુકડીઓના સભ્યો.

આ હુકમનો ભંગ / ઉલ્લંઘન કરનાર વ્યકિત ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ (સને ૧૮૬૦ ના ૪૫મા) ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આ આદેશની નિયમાનુસાર પ્રસિધ્ધ કરવી.

આજ તારીખ ૧૦ મી માર્ચ, ૧૯૯૮નાં રોજ મારી સહી કરી સિકકો કરી આપ્યો.

બી. ડી. જોષી,
જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા,
રાજપીપળા.

જાહેરનામું

ફોજદરી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે કરેલ હુકમ.

નંબર એમ. એ. જી. / વશી / ૮૮/૯૮.— આગામી હોળી-ધુળેટી તહેવારને અનુલક્ષીને પાટણ જિલ્લામાં આવેલ તમામ ગ્રામ્ય / શહેરી વિસ્તારોમાં આવેલ જાહેર રસ્તા ઉપરથી પસાર થતા રાહદારી (વ્યકિતઓ) ઉપર વિવિધ પ્રકારના રંગ છાંટવાથી કે રંગથી રમવાની પ્રવૃત્તિથી અને વાહન વ્યવહારને અડચણરૂપ થવાથી અનિચ્છનીય બનાવો બનવા સંભવ છે. તેમાં આવી પ્રવૃત્તિઓથી વિકટ પ્રશ્ન ઉપસ્થિત થતો હોઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ નજરે આવા અનઅધિકૃત કૃત્યો અટકાવવા પગલાં લેવાને પુરતું કારણ છે.

વાસ્તે હું એ. કે. રાકેશ, આઈ. એ. એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને

INDEX

મળેલ સત્તાની રુઈએ આથી જણાવું છું કે : તારીખ ૧૨ મી માર્ચ, ૧૯૯૮ ના ૦૦-૦૦ કલાકથી તારીખ ૧૬ મી માર્ચ, ૧૯૯૮ ના ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સુધ્ધાંત / પાટણ જિલ્લામાં આવેલ તમામ ગ્રામ્ય / શહેરી વિસ્તારોમાં નીચે મુજબ પ્રતિબંધ ફરમાવું છું:

(૧) જાહેર રસ્તા ઉપર પસાર થતા રાહદારી (વ્યકિતઓ) ઉપર ઉકત સમય દરમ્યોન (લોકોની લાગણી ન દુભાય તે માટે) વિવિધ-પ્રકારના રંગ છાંટવાની પ્રવૃત્તિ કરી હેરાન-પરેશાન કરવા બાબતે તેમજ જાહેર માર્ગ ઉપર એક બીજાને રંગ છાંટવા ઉપર મનાઈ ફરમાવું છું અર્થાત ઉકત સમય દરમ્યાન વિવિધ પ્રકારના રંગો જાહેર રસ્તા ઉપરથી પસાર થતા વ્યકિતઓ ઉપર તેમજ એક બીજા ઉપર રંગ છાંટવાથી વાહન-વ્યવહારને અડચણરૂપ થાય તેવા કોઈ પણ કૃત્ય કરવા નહીં.

સદરહું હુકમના કોઈ પણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ ભારતીય ફોજદારી અધિનિયમની કલમ-૧૪૪ મુજબ શિક્ષાને પાત્ર થશે.

પાટણ, તારીખ ૧૧મી માર્ચ, ૧૯૯૮.

એ. કે. રાકેશ,
જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ ઉ. ગુ.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨ મો) ની કલમ-/૭ (૩) અન્વયે કરેલો હુકમ.

નંબર ડીસીબી / એમએજી / બીપીએ / રજી. ૧૭/૯૮.— જિલ્લામાં આગામી હોળી ધૂળેટીના તહેવારને અનુલક્ષીને જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારું માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, આર. કે. દવે, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨ મો) ની કલમ (૩૭) ની પેટા કલમ-/ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, વલસાડ જિલ્લામાં તારીખ ૧૨ મી માર્ચ, ૧૯૯૮ થી તારીખ ૨૪ મી માર્ચ ૧૯૯૮ સુધી (બંન્ને દિવસ સુધ્ધા) ચાર કરતા વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહીં સરઘસ કાઢવું નહીં. તેમજ ચારથી વધુ વ્યકિતઓ ભેગા થવું નહી, અથવા સરઘસ કાઢવું નહી.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રા કે એસ ટી. બસમાં મુસાફરી કરવા માંગ મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના માટે જતી બોનાફાઈડ વ્યકિતઓને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨ મો) ની કલમ-૧-૫ (ક) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે,

આજરોજ તારીખ ૧૧ મી માર્ચ, ૧૯૯૮ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

આર. કે. દવે,
અધિક જિલ્લા જિલ્લા મેજિસ્ટ્રેટ, વલ સાડ

BY COMPETENT AUTHORITY AND DEPUTY COLLECTOR

Notification

THE URBAN LAND (CEILING AND REGULATON) ACT, 1976.

[Section 10 (*1*) *read* with Rule-6]

Under section-34 order No.ULC/1076-1115-DNo./3897/Bapod/3493/1113/4485/V-3/97/Dt. 9th December 1997.—It is hereby notified that such vacant land as is described in the schedule below is to be acquired by the Government of Gujarat The claims of all person interested in such vacant land may be made by them personally or by their agents giving particulars of the nature of their inteest. The claims will be received by the Competent Authority upto thirty days after the date of publication of this notification in the *Gazette*.

SCHEDULE

Name of the Holder : Shri Revabhai Lakhabhai Bharavad & Others

Details of vacant lands to be acquired :-

District	Taluka	Village	Description of the land		Remarks
			Survey No.	Area (Sq. mtrs.)	
1	2	3	4(a)	4(b)	5
Vadodara	Vadodara	Bapod	R.S,No. 72 Paiki F.P.No.		
			54/1	426 Sq. Mtrs.	
			54/2	1434 ,, ,,	
			54/3	1550 ,, ,,	
			Total	3410 Sq. Mtrs.	

Vadodara, 16th March,1998.

INDEX

સક્ષમ અધિકારી અને નાયબ કલેકટર દ્વારા

જાહેરનામું

શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન), અધિનિયમ, ૧૯૭૬.

[કલમ ૧૦ (૧) તથા નિયમ ૬ અનુસાર].

સરકારશ્રીના મ. વિ. ના કલમ ૩૪નાં હુકમ

નંબર યુ. એલ. સી. ૧૦૭૬/૧૧૧૫/ડી./૩૮૯૭—બાપોદ. ૩૪૯૩/૧૧૧૩/૪૪૮૫/વ. ૩/૯૭.—તારીખ ૯-૧૨-૯૭ અન્વયે —આથી જાહેર કરવામાં આવે છે કે, આ સાથે સામેલ રાખેલ પરિશિષ્ટમાં જણાવેલી વિગતવાળી ખુલ્લી જમીન ગુજરાત સરકાર સંપાદન કરનાર છે. સદરહુ જમીન ઉપર જે કોઈ ઈસમનો હક્ક દાવો હશે તેઓએ જાતે અગર અધિકૃત એજન્ટ મારફતે તેઓએ હક્ક અંગેનો હક્ક સંબંધિની સંપૂર્ણ વિગત સહ રજુ કરશો.

હક્ક સંબંધિનો દાવો સક્ષમ અધિકારીશ્રી સદરહુ જાહેરનામું સરકારી રાજય પત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની મુદત સુધીમાં સ્વિકારશે.

શીડયુઅલ

પત્રક ફાઈલ કરનારનું નામ : શ્રી રેવાભાઈ લાખાભાઈ ભરવાડ તથા અન્યનાં કુ. મુ. શ્રી કૌશિકભાઈ આર. પરીખ રે. ચાણકય કોમ્પ્લેક્ષ, કા. બાગ વડોદરા.

સંપાદન કરવાની ખુલ્લી જમીનની વિગત.

જિલ્લો	તાલુકો	ગામ	જમીનની વિગત		શેરો
			સર્વે નંબર	વિસ્તાર (ચો.મી.)	
૧	૨	૩	૪-અ	૪-બ	૫
વડોદરા	વડોદરા	બાપોદ રે. સ.નં. ૭૨ પૈકી			
		એફ. પી. નં.	૫૪/૧	૪૨૬ ચો.મી.	
		,,	૫૪/૨	૧૪૩૪ ,,	
		,,	૫૪/૩	૧૫૫૦ ,,	
				કુલ ૩૪૧૦ ચો.મી.	

વડોદરા, તારીખ ૧૬મી માર્ચ, ૧૯૯૮.

Notification

THE URBAN LAND (CEILING AND REGULATION) ACT, 1976.

[Under section 10 (*1*) *read* with rule (6)]

No. ULC-1076/1115 - D-No./3940/Bapod/98/D-10-4/97.—It is hereby notified that such vacant land as is described in the schedule below is to be acquired by the Government of Gujarat. The claims of all persons interested in such vacant land may be made by them personally or by their agent giving particulars of the nature of their interest. The claims will be received by the Competent Authority upto thirty days after the date of publication of this notification in the *Gazette*.

SCHEDULE

Name of the Holder : Shri Hadulbhai Vaghabhai Bharavad.
Details of vacant lands to be acquired :

District	Taluka	Village	Description of the land		Remarks
			Sr. No.	Area (Sq. mts.)	
1	2	3	4-A	4-B	5
Vadodara	Vadodara	Bapod	R. S. No. 415	3251.34	

Vadodara, 16th March 1998.

B. C. CHUDASAMA,
Competent Authority and Deputy
Collector, Urban Land Ceiling
Vadodara, Unit No.

જાહેરનામું

શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬.

[કલમ ૧૦ (૧) તથા નિયમ ૬ અનુસાર].

નંબર યુએલસી/૧૦૭૬/૧૧૧૫-ડી ૩૯૪૦/બાપોદ.— આથી જાહેર કરવામાં આવે છે કે, આ સાથે સામેલ રાખેલ પરિશિષ્ટમાં જણાવેલી વિગતવાળી ખુલ્લી જમીન ગુજરાત સરકાર સંપાદન કરનાર છે. સદરહુ જમીન ઉપર જે કોઈ ઈસમનો હક્ક દાવો હશે. તેઓએ જાતે અગર અધિકૃત એજન્ટ મારફતે તેઓએ હક્ક અંગેનો હક્ક સંબંધીની સંપૂર્ણ વિગત સહ રજૂ કરશે.

હક્ક સંબંધીનો દાવો સક્ષમ અધિકારીશ્રી, સદરહુ જાહેરનામું સરકારી રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની મુદત સુધીમાં સ્વીકારશે.

શિડયુઅલ

પત્રક ફાઈલ કરનારનું નામ : શ્રી હાદુલભાઈ વાઘાભાઈ ભરવાડ વિ. ના કુ. મુ. શ્રી કૌશીકભાઈ આર. પરીખ.

સંપાદન કરવાની ખુલ્લી જમીનની વિગત : રે. ચાણકય કોમ્પલેક્ષ, કા. બાગ, વડોદરા

જિલ્લો	તાલુકો	ગામ	જમીનની વિગત		શેરો
			સર્વે નંબર	વિસ્તાર	
૧	૨	૩	૪અ	૪બ ચો.મી.	૫
વડોદરા	વડોદરા	બાપોદ	રે.સ.નં.૪૧૫	૩૨૫૧.૩૪ ચો.મી	

વડોદરા, તારીખ ૧૬મી માર્ચ, ૧૯૯૮.

બી. સી. ચુડાસમા,
સક્ષમ અધિકારી અને નાયબ કલેકટર,
(શહેરી જમીન ટોચ મર્યાદા),
વડોદરા, યુનીટ નં.

INDEX

Notification

THE URBAN LAND (CEILING AND REGULATION) ACT, 1976.

[Under section 10 (*1*) *read* with Rule 6].

No. ULC 6 (i) 6/694/Case No. 456/89/Katargam/Unit-2.—Whereas draft statement dated 27th February, 1989 was served on Shri Bhaniben Wd/O Jerambhai Jivanbhai under sub section (*3*) of section 8 of the Urban Land (Ceiling and Regulation) Act, 1976, in Form III appended to rule 5 of the Urban Land (Ceiling and Regulation) Rules, 1976 in respect of the vacant land held by her with a notice inviting the objection to the draft statement and whereas the objections to the draft statement were received from her and after hearing the party and considering the objections a final statement dated 26th November, 1991 under section 9 was served on her in the manner referred to in the said sub-section (*3*) of section 8.

Now therefore in exercise of the powers conferred on me under sub-section (*1*) of section 10 of the said Act, I hereby notify that :—

(i) The vacant land as specified in the Schedule appended herewith is to be acquired by the Government of Gujarat ; and

(ii) All the persons interested in the vacant land specified in the Schedule may file their claims in respect of the said land, personally or through their agents giving particulars of the nature of their interest in said land before the undersigned within 30 days from the date of publication of this notification in the *Gujarat Government Gazette*.

SCHEDULE

Details of the vacant land held by the person in excess of the ceiling limit :—

Sr. No.	Name of the holder	Village	Taluka	Details of lands		Remarks
				Survey No.	Area in (Sq. Mts.)	
1	2	3	4	5(a)	5(b)	6
1	Bhaniben Wd/O Jerambhai Jivanbhai	Katargam	Chorasi	90/3		874.00

Surat, 7th March, 1998.

R. C. KANSARA,
Competent Authority and Deputy Collector,
U. L. C., Surat.

જાહેરનામું

શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬.

[કલમ-૧૦ (૧) તથા નિયમ-૬ અનુસાર].

નંબર યુ. એલ. સી./૬(૧) ૬/૬૯૪/કેસ રજી નં. ૪૫૬/૮૯ યુનિટ ૨.—જે અર્થે, શ્રી ભાણીબેન તે જેરામ જીવણની વિધવા કતારગામ એ ધારણ કરેલ ખુલ્લી જમીન સંબંધમાં શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૮(૩) મુજબ શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) બાબતના નિયમો ૧૯૭૬નાં નિયમ-૫ હેઠળ નિયત કરેલ નમૂના નં. ૩ પ્રમાણેનું તારીખ ૨૭મી ફેબ્રુઆરી ૧૯૮૮નું મુસદ્દા પત્ર વાંધા રજુ કરવાની નોટીસ સહિત તેઓને બજાવવામાં આવેલ અને તે સામે તેઓ તરફથી વાંધા રજુ કરવામાં આવેલ હતા અને સદરહુ વાંધાઓ અંગે રૂબરૂ સુનાવણી આપ્યા બાદ તથા તે વિચારમાં લીધા બાદ કલમ-૯ હેઠળ તારીખ ૨૬મી નવેમ્બર, ૧૯૯૧નું આખરી પત્રક કલમ-૮ (૩) માં ઠરાવ્યા અનુસાર બજાવવામાં આવેલ છે.

વાસ્તે, ઉપરોકત ધારાની કલમ-૧૦ (૧) અન્વયે મળેલ અધિકારની રૂએ, હું આથી જાહેર કરું છું કે— (૧) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીન ગુજરાત રાજ્ય સરકાર સંપાદન કરનાર છે, અને (૨) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીનમાં હિત ધરાવતા ઈસમો તેમના હક્ક, દાવા જાતે અગર તેમના પ્રતિનિધિ મારફત જમીનમાંના તેમના હિતના પ્રકાર અને વિગતો સાથે નીચે સહી કરનાર સમક્ષ આ જાહેરનામું ગુજરાત સરકારના રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૩૦માં કરી શકશે.

INDEX

પરિશિષ્ટ

અનુ. નંબર	જમીન ધારકનું નામ	ગામ	તાલુકો	જમીનની વિગત		શેરો
				સર્વે નંબર	ક્ષેત્રફળ ચોરસ મીટરમાં	
૧	૨	૩	૪	૫-અ	૫-બ	૬
૧	શ્રી ભાણીબેન તે જેરામજીવણની વિધવા	કતારગામ	ચોર્યાસી	૯૦/૩	૮૭૪–૦૦	

સુરત, તારીખ ૭મી માર્ચ ૧૯૯૮.

આર. સી. કંસારા,
સક્ષમ અધિકારી અને નાયબ કલેક્ટર,
શહેરી જમીન ટોચમર્યાદા, સુરત.

ભાગ ૧

અસાધારણ રાજ્યપત્રની યાદી

(ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખ ૩૦મી જૂન ૧૯૮૭ના ઠરાવ ક્રમાંક મદન/૧૦૮૫/૫૨૯૫/ડ ના આધારે)

તારીખ ૫,૧૨,૧૯,૨૬ માહે માર્ચ સન ૧૯૯૮ ના રોજ પૂરા થયેલા અઠવાડીયામાં નીચે જણાવેલ ગુજરાત સરકારના અસાધારણ રાજ્યપત્રો પ્રસિધ્ધ થયેલા છે.

અનુ. નંબર	અસાધારણ રાજ્યપત્રનો ક્રમાંક અને તારીખ	હોદ્દો
૧	૨	૩
૧	૨૨/૨૭મી જાન્યુઆરી ૧૯૯૮	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, નડીઆદ.
૨	૨૪/૨૭મી જાન્યુઆરી ૧૯૯૮	પોલીસ કમીશ્નર, વડોદરા શહેર
૩	૨૫/૨૮મી જાન્યુઆરી ૧૯૯૮	જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.
૪	૨૬/૨૮મી જાન્યુઆરી ૧૯૯૮	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.
૫	૨૭/૨૮મી જાન્યુઆરી ૧૯૯૮	અધિક જિલ્લા મેજસ્ટ્રેટ, ખેડા, નડીઆદ
૬	૩૦/૩૧મી જાન્યુઆરી ૧૯૯૮	જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા.
૭	૩૨/૩૧મી જાન્યુઆરી ૧૯૯૮	પોલીસ કમીશ્નર, વડોદરા શહેર
૮	૪૯/૧૮મી ફેબ્રુઆરી ૧૯૯૮	જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા.
૯	૫૦/૧૮મી ફેબ્રુઆરી ૧૯૯૮	જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા.
૧૦	૫૩/૨૦મી ફેબ્રુઆરી ૧૯૯૮	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ
૧૧	૫૪/૨૩મી ફેબ્રુઆરી ૧૯૯૮	જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ
૧૨	૫૫/૨૪મી ફેબ્રુઆરી ૧૯૯૮	જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ
૧૩	૫૬/૨૫મી ફેબ્રુઆરી ૧૯૯૮	જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ
૧૪	૫૭/૨૫મી ફેબ્રુઆરી ૧૯૯૮	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ
૧૫	૫૮/૨૫મી ફેબ્રુઆરી ૧૯૯૮	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સા.કાં. હિંમતનગર.
૧૬	૫૯/૨૫મી ફેબ્રુઆરી ૧૯૯૮	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] THURSDAY, APRIL 2, 1998 / CAITRA 12, 1920 [No. 14

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages			Page,
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	132-136	Part I-B	Government Notifications published under Land Acquisition Act only.	97-196
Part I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	14	Part I-L	Notifications, Order and Awards other than those published in Parts I, IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	634-673

GOVERNMENT NOTIFICATIONS, APPOINTMENTS Etc.

BY DISTRICT AND SESSIONS JUDGE AND PRESIDENT BOARD OF APPEALS

Notification

No. Civil-188 of 1998.—In exercise of the power vested in him under section 55 (1) of the Gujarat Town Planning and Urben Development Act' 1976 (Act No. 27 of 1976) received with para 28 (1) and (2) of the Gujrat Town planning and Urban Development rules, 1979. Framed under 118 of the said Act and as required under para 28 (1) of the said rules, the undersigned is pleased to notify for general information that the Board of Appeals has been constituted of the following person for deciding the appeals presented under section 54 of the said act against the decision of the Town Planning Officer, Vadodara given by him under 32 of

INDEX

the said act in relation to the framing of the town planning scheme No. 1, Dabhoi

1 Shri D. P. Buch, — President
District and Sessions Judge,
Vadodara.

2 Shri B. C. Shanh — Assessor
Retired Town Planning Officer,
4, Sate Apartment, 89, Swastic Society Navrangpura, Ahmedabad-9 (3890009)

3 Shri I. A. Pandya, — Assessor
Retired Civil Judge,
Madanzampa Upia Falia,
Vadodara.

Vadodara, 17th February 1998.

ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ અને પ્રેસીડન્ટ, બોર્ડ ઓફ અપીલ્સ દ્વારા

જાહેરનામું

નંબર સીવીલ-૧૮૮ સને ૧૯૯૮.—ગુજરાત નગર રચના યોજના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ (અધિનિયમ નંબર ૨૭ સને ૧૯૭૬ ની કલમ-૫૫ (૧) તથા મજકુર અધિનિયમની કલમ-૧૮૮ અન્વયે બહાર પાડવામાં આવેલા ગુજરાત નગર રચના યોજના અને શહેરી વિકાસ નિયમો ૧૯૭૯ ના નિયમ-૨૮ (૧) (૨) હેઠળ પ્રાપ્ત થતાં અધિકારનો વિનીયોગ કરીને નીચે સહી કરનારે ઉપરોક્ત નિયમોના નિયમ-૨૮ (૧) અન્વયે ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર-૧, ડભોઈની યોજના તૈયાર કરી છે. તેની સામે મજકુર અધિનિયમની કલમ-૫૪ હેઠળ જે વિવાદો દાખલ થયેલા છે તેનો નિકાલ કરવા સારૂ નીચે જણાવેલા વ્યકિતઓનું બનેલું એક વિવાદી પંચ (બોર્ડ ઓફ અપીલ્સ) ની રચના કરી છે. તે હકીકત ઉપરોક્ત નિયમો નિયમ એ (૧) અન્વયે આ જાહેરનામાની જાહેર જનતાની જાણ સારૂ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

(૧) શ્રી ડી. ડી. બુચ — પ્રમુખ
ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ, વડોદરા

(૨) શ્રી બી. સી. શાહ — એસેસર
નિવૃત્ત શહેરી વિકાસ અધિકારી,
૪, સતેજ એપાર્ટમેન્ટ ૮૯, સ્વસ્તીક સોસાયટી નવરંગપુરા, અમદાવાદ ૯ (૩૮૦૦૦૯)

(૩) શ્રી આઈ. એ. પંડયા. — એસેસર
નિવૃત્ત સીવીલ જજ (સી. ડી.)
મદનઝાંપા ઉપલા ફળિયા, વડોદરા-૧

વડોદરા, તારીખ ૧૭મ ફેબ્રુઆરી ૧૯૯૮.

Notification

No. Civil 188 of 1998.—In exercise of the power vested in him under section 55 (1) of the Gujarat Town Planning and Urban Development Act, 1976 (Act) No. 27 of 1976) received with part 28 (1) and (2) of the Gujarat Town Planning and Urban Development Rules, 1979. Framed under 118 of the said rules, the under signed is pleased to notify for general information that, the Board of Appeals has been consitituted of the follgging person for diciding the appeals presented under section 54 of the said act against the decision of the Town Planning Officer, Vadodara given by him under 32 of the said act in reletion to the framing of the town planning scheme No. 20 " Vadodara (Atladara)".

(1) Shri D. P. Buch .. President
District and Sessions Judge,
Vadodara.

(2) Shri B. C. Shah, .. Assessor
Retired Town Planniug Officer,
4, Sate Appartment,
89, Swastic Society, Nayrangpura,
Ahmedabad-9 (380009)

(3) Shri R. H. Nanavati .. Assessor
Retired District Judge,
75-A, Mahabali Puram
Tandalja Road, Vadodara.

D. P. BUCH,
District and Sessions Judge,
and
President Board of Appeals,
Vadodara.

Vadodara, 17th February, 1998.

જાહેરનામું

નંબર સીવીલ. ૧૮૮ સને ૧૯૯૮.— ગુજરાત નગર રચના યોજના અને શહેરી વિકાસ અધિનીયમ ૧૯૭૬ અધિનિયમ નંબર ૨૭ સને ૧૯૭૬) ની કલમ ૫૫ (૧) તથા મજકુર અધિનિયમની કલમ-૧૧૮ અન્વયે બહાર પાડવામાં આવેલા ગુજરાત નગર રચના યોજના અને શહેરી વિકાસ નિયમો ૧૯૭૯ના નિયમ ૨૮ (૧) (૨) હેઠળ પ્રાપ્ત થતાં અધિકારનો વિનિયોગ કરીને નીચે સહી કરનારે ઉપરોકત નિયમોના નિયમ ૨૮(૧) અન્વયે ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર-૨૦ "વડોદરા (અટલાદરા)" ની યોજના તૈયાર કરી છે. તેની સામે મજકુર અધિનિયમની કલમ ૫૪ હેઠળ જે વિવાદો દાખલ થયેલા છે. તેનો નિકાલ કરવા સારૂ નીચે જણાવેલ વ્યકિતઓ નું બનેલું એક વિવાદી પંચ (બોર્ડ ઓફ અપીલ્સ)ની રચના કરી છે. તે હકીકત ઉપરોકત નિયમોના નિયમ એ (૧) અન્વયે આ આ જાહેરનામાથી જાહેર જનતાની જાણ સારૂ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

(૧) શ્રી ડી. સ્ટ્રી. બુચ. — પ્રમુખ
ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ, વડોદરા.

(૨) શ્રી બી. સી. શાહ — એસેસર
નિવૃત્ત શહેરી વિકાસ અધિકારી,
૪, સતેજ એપાર્ટમેન્ટ,
૮૯, સ્વસ્તીક સોસાયટી, નવરંગપુરા.
અમદાવાદ-૯ (૩૮૦ ૦૦૯)

(૩) શ્રી આર. એચ. નાણાવટી. — એસેસર
નિવૃત્ત જિલ્લા ન્યાયધીશ,
૭૫/એ, મહાબલી પુરમ,તાંદલજા રોડ,
વડોદરા.

વડોદરા. તારીખ ૧૭મી ફેબ્રુઆરી ૧૯૯૮.

ડી.પી. બુચ,
ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ
પ્રેસીડેન્ટ બોર્ડ ઓફ અપીલ, વડોદરા.

INDEX

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧) (બી) અન્વયે.

ક્રમાંક પી.ઓ.એલ./વશી / ૨૫૬૭.— ભરૂચ જિલ્લામાં પ્રતિવર્ષની માફક ચાલુ વર્ષે પણ તારીખ ૧૩મી માર્ચ, ૧૯૯૮ નાં રોજ ધુળેટીનો પર્વ ઉજવવામાં આવનાર છે. ધુળેટીના દિવસે એક-બીજાના પર અબીલ-ગુલાલ નાંખી સદર પર્વ ઉત્સવથી ઉજવે છે. અનુભવે જણાયેલ છે કે ધુળેટીના દિવસે અન્ય લોકો દ્વારા ઝટપટ પાવડર જેવા કેમીકલ્સનાં છૂટો ઉપયોગ થાય છે. ઝટપટ પાવડરમાં સમાવિષ્ટ ઝેરી કેમીકલ્સ તથા અન્ય કેમીકલ્સથી સ્વાસ્થ પર વિપરીત અસર થાય છે. તેમજ જાહેર રસ્તાઓ ધુળેટીનો પર્વ ઉજવવાથી ટ્રાફીકને પણ અડચણ થાય છે જેથી ધુળેટીના દિવસે ઝટપટ પાવડર જેવા શરીરને નુકશાન કરતાં કેમીકલ્સનો ઉપયોગ કરવા પર તથા જાહેર રસ્તાઓ પર ધુળેટી રમવા પર પ્રતિબંધ મૂકવો આવશ્યક જણાય છે. આ ઉપરાંત કેટલાંક લોકો ઉપર બળજબરી પૂર્વક રંગ તથા કીચડ છાંટવામાં સૂલેહશાંતિનો ભંગ થાય છે જે નિવારવા આવશ્યક છે. તથા જાહેર રસ્તા ઉપર જતાં આવતાં વાહનોનાં ચાલકો પાસેથી પૈસા ઉઘરાવવા પર પ્રતિબંધ મૂકવો જરૂરી છે.

વાસ્તે, હું, આર. કે. પરમાર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે ભરૂચ જિલ્લામાં તારીખ ૧૩મી ચાર્ચ, ૧૯૯૮ નાં રોજ ધુળેટીના દિને ઝટપટ પાવડર જેવા શરીરને નુકશાન કરતાં કેમીકલ્સ / રંગનો ઉપયોગ કરવા પર તથા જાહેર રસ્તા, માર્ગો પર ધુળેટી રમવા પર તથા જનતા પર બળજબરી પૂર્વક રંગ તથા કીચડ છાંટવા પર તેમજ જાહેર રસ્તા ઉપર જતાં આવતાં વાહનોના ચાલકો પાસેથી પૈસા ઉઘરાવવા પર પ્રતિબંધ મૂકવા આથી હું ફરમાવું છું.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર ઉકત કાયદાની કલમ-૧૩૧ પ્રમાણે સજાને અને દંડને પાત્ર થશે.

આજ તારીખ ૯ મી માર્ચ ૧૯૯૮ નાં રોજ મારી સહી તથા સિક્કો કરીં આપ્યો.

આર. કે. પરમાર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ.

———

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે.

ક્રમાંક/પીઓએલ-વશી-૨૦૦૦-૨૦.—નર્મદા જિલ્લામાં પ્રતિવર્ષની માફક ચાલુ વર્ષે પણ તારીખ ૧૩મી માર્ચ ૧૯૯૮ના રોજ ધુળેટીનો પર્વ ઉજવવામાં આવનાર છે. ધૂળેટીના દિવસે એકબીજા પર અબીલ-ગુલાલ નાંખી સદર પર્વ ઉત્સવથી ઉજવે છે. અનુભવે જણાયેલ છે કે ધૂળેટીના દિવસે અન્ય લોકો દ્વારા ઝટપટ પાવડર જેવા કેમીકલ્સનો છૂટો ઉપયોગ થાય છે. ઝટપટ પાવડરમાં સમાવિષ્ટ ઝેરી કેમીકલ્સ તથા અન્ય કેમીકલ્સ સ્વાસ્થ પર વિપરીત અસર થાય છે. તેમજ જાહેર રસ્તાઓ પર ધૂળેટીનો પર્વ ઉજવવાથી ટ્રાફીકને પણ અડચણ થાય છે જેથી ધૂળેટીના દિવસે ઝટપટ પાવડર જેવા શરીરને નુકશાન કરતાં કેમીકલ્સનો ઉપયોગ કરવા પર તથા જાહેર રસ્તાઓ પર ધુળેટી રમવા પર પ્રતિબંધ મૂકવો આવશ્યક જણાય છે. આ ઉપરાંત કેટલાંક લોકો ઉપર બળજબરી પૂર્વક રંગ તથા કીચડ છાંટવામાં આવે છે તે કારણે સુલેહ-શાંતિનો ભંગ થાય છે. જે નિવારવા આવશ્યક છે. તથા જાહેર રસ્તા ઉપર જતાં આવતાં વાહનોનાં ચાલકો પાસેથી પૈસા ઉઘરાવવા પર પ્રતિબંધ મૂકવો જરૂરી છે.

વાસ્તે હું, એમ. ડી. મોડીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા સને-૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧)(બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે નર્મદા જિલ્લામાં તારીખ ૧૩મી માર્ચ ૧૯૯૮ ના રોજ ધૂળેટીના દિને ઝટપટ પાવડર જેવા શરીરને નુકશાન કરતાં કેમીકલ્સ/રંગનો ઉપયોગ કરવા પર તથા જાહેર રસ્તા, માર્ગો, પર ધૂળેટી રમવા પર તથા જાહેર જનતા પર બળજબરીપૂર્વક રંગ તથા કીચડ છાંટવા પર તેમજ જાહેર રસ્તા ઉપર જતાં આવતાં વાહનોના ચાલકો પાસેથી પૈસા ઉઘરાવવા પર પ્રતિબંધ મૂકવા આથી હું ફરમાવું છું.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર ઉકત કાયદાની કલમ-૧૩૧ પ્રમાણે સજાને અને દંડને પાત્ર થશે.

આજ તારીખ ૧૧મી માર્ચ ૧૯૯૮ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

એમ. ડી. મોડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા,
રાજપીપલા.

———

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ,૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનો હુકમ.

નંબર મકમ-પલસ-મજશ-વશી. ૭૩૪/૯૮.—દાહોદ જિલ્લાના નીચે જણાવેલ પરીક્ષા કેન્દ્રો ઉપર તારીખ ૧૬મી માર્ચ ૧૯૯૮થી તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૮ સુધી એસ.એસ.સી. તથા એચ.એસ.સી. પરીક્ષાઓ લેવાનાર હોઈ, સદરહું પરીક્ષાનું સંચાલન સરળતાથી થાય અને વિદ્યાર્થીઓ નિર્ભયપણે પરીક્ષા આપી શકે તેમજ ગેરરીતિ અટકી શકે, ઉપરાંત પરીક્ષાના સમદ દરમ્યાન કાયદો અને વ્યવસ્થા યોગ્ય રીતે જળવાઈ રહે તે માટે જાહેર હિતમાં જેતે પરીક્ષા સ્થળોની આજુબાજુના વિસ્તારમાં ગ્રામ્ય વિસ્તારોમાં પરીક્ષા સ્થળથી ૨૦૦ મીટર અને શહેરી વિસ્તારમાં પરીક્ષા સ્થળેથી ૧૦૦મીટરના વિસ્તારમાં બિન અધિકૃત વ્યકિતઓને પરીક્ષા દરમ્યાન ઘથા પરીક્ષાના સમયથી એક કલાક પહેલાં અને પરીક્ષા પૂરી થયા પછીના એક કલાક સુધી આવજા કરવા ઉપર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ પ્રતિબંધિત હુકમ બહાર પાડવાની જરૂરીયાત જણાય છે.

સબબ ઉપરોકત સંજોગોમાં હું, કે. એસ. ગૌશાંત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દાહોદ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, ની આપેલ અનુસૂચિમાં જણાવેલ એસ.એસ.સી. /એચ.એસ.સી. પરીક્ષા કેન્દ્ર અને તેના સ્થળની આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના પરીક્ષા સ્થળથી આજુબાજુના ૨૦૦ મીટર તથા શહેરી વિસ્તારમાં પરીક્ષા સ્થળના ૧૦૦ મીટરના વિસ્તારોમાં પરીક્ષા દરમ્યાન તથા પરીક્ષાના એક કલાક અગાઉ અને પરીક્ષા થયાના એક કલાક પછીના સમય સુધી અવાર-નવાર બોર્ડ તરફથી આવનાર ટીમ સભ્યો, ઓળખપત્ર ધારણકર્તા હોય તે ફરજ ઉપરના અધિકારીઓ ઉપરાંત ફરજ પરના કર્મચારીઓ

INDEX

તથા ફરજ પરના પોલીસ અધિકારીશ્રીઓ અને પરીક્ષાથી ઓ સિવાય-ના બિન અધિકૃત વ્યકિત/વ્યકિતઓએ દાખલ થવું નહી. કે હેરાફેરી કરવી નહીં.

એસ.એસ.સી. / એચ.એસ.સી. પરીક્ષા કેન્દ્ર અને સ્થળોની વિગત.

અનુ. નંબર	કેન્દ્રનું નામ	પરીક્ષા સ્થળ અને મકાનનું નામ
૧	૨	૩
૧	દાહોદ	આર. એન્ડ એલ. પંડયા હાઈસ્કુલ, દાહોદ.
૨	,,	એમ. વાય. હાઈસ્કુલ, દાહોદ
૩	,,	નવજીવન ગર્લ્સ હાઈસ્કુલ, દાહોદ.
૪	,,	એન. ઈ. જીરૂવાલા પ્રાથમિક શાળા,દાહોદ
૪	રાછરડા	આ. મા. શાળા રાછરડા, તા. દાહોદ
૫	ગરબાડા	માધ્યમિક શાળા, ગરબાડા, તા. દાહોદ
૬	,,	ગુરુજી છાત્રાલય ગરબાડા, તા. દાહોદ.
૭.	ગાંગરડી	જે. કે. એમ. તન્નાં હાઈસ્કુલ, ગાંગરડી.
૮	જેસાવાડા	દાહોદ યશવાટીકા ઉ.બુ.વિ.મં. જેસાવાડા.
૯	દે. બારીયા	એસ.આર. હાઈસ્કુલ, દે. બારીયા
૧૦	સાગટાળા	સર્વોદય વિદ્યા મંદિર, સાગટાળા, તા.દે. બારીયા.
૧૧	રીછવાણી	એસ. પી. હાઈસ્કુલ, રીછવાણી. તા.દે. બારીયા.
૧૨	પીપલોદ	ક.મ.લ. હાઈસ્કુલ, પીપલોદ, તા. બારીયા.
૧૩	ઝાલોદ	બી. એમ. હાઈસ્કુલ, ઝાલોદ (મકાન નં. નં. ૧૧)
૧૪	,,	પી.વી. ગર્લ્સ હાઈસ્કુલ ઝાલોદ.
૧૫	,,	એમ.સી. કોઠારી પ્રાથમિક શાળા, ઝાલોદ.
૧૬	,, લીમડી	બી.પી. અગ્રવાલ હાઈસ્કુલ લીમડી તા. ઝાલોદ.
૧૭	,,	સી. બી. શાહ મોડલ સ્કુલ લીમડી. તા. ઝાલોદ.
૧૮	,,	ગુજરાતી પ્રાથમિક શાળા, લીમડી.
૧૯	સંજેલી. ઝાલોદ.	એસ. આર. જોષી મેમો. હાઈસ્કુલ, સંજેલી તા. ઝાલોદ.
૨૦	માલવણ	એમ. એચ. શેઠ હાઈસ્કુલ, માલવણ, તા. સંતરામપુર
૨૧	સંતરામપુર	જે. એમ. મહેતા હાઈસ્કુલ, સંતરામપુર, તા. સંતરામપુર
૨૨	,,	એસ. પી. હાઈસ્કુલ, સંતરામપુર તા. સંતરામપુર
૨૩	,,	આદિવાસી આર્ટ કોલેજ, સંતરામપુર
૨૪	સુખસર	નૂતન વિદ્યા, સુખસર તા. સંતરામપુર
૨૫	ગોઠીબ	એમ. એન. પુરોહિત હાઈસ્કુલ, ગોઠીબ, તા. સંતરામપુર.
૨૬	ફતેપુરા	આર. કે. દેસાઇ હાઈસ્કુલ, ફતેપુરા, તા. સંતરામપુર
૨૭	,,	પ્રાથમિક શાળા, ફતેપુરા, તા. સંતરામપુર
૨૮	,,	જાગૃતિ કન્યા વિદ્યા. ફતેપુરા. સંતરામપુર
૨૯	,,	ગુજરાતી પ્રાથમિક શાળા, ફતેપુરા, તા. સંતરામપુર.
૩૦	બટકવાડા	આ. મા. શાળા, બટકવાડા તા. સંતરામપુર
૩૧	મુનપુર	યુ. એચ. ભટ્ટ, મેમો. હાઈસ્કુલ, મુનપુર, તા. સંતરામપુર.
૩૨	નાની સરસણ	શ્રીમતિ સી. આર. ગાર્ડી કોલેજ, મુનપુર
૩૩	,,	ભેમાનંદ વિદ્યા. નાની સરસણ તા. સંતરામપુર.
૩૪	લીમખેડા	નૂતન મા. શાળા લીમખેડા, તા. લીમખેડા.
૩૫	લીમખેડા.	આર્ટસકોલેજ, લીમખેડા,તા.લીમખેડા.
૩૬	,,	પ્રગતિ ગર્લ્સ હાઈસ્કુલ લીમખેડા, તા. લીમખેડા.
૩૭	,,	ગુજરાતી પ્રાથમિક શાળા લીમખેડા, તા. લીમખેડા.
૩૮	દુધીયા	મા. શાળા દુધીયા, તા. લીમખેડા.
૩૯	કંજેટા	માધ્ય. શાળા, કંજેટા, તા. લીમખેડા.
૪૦	સીંગવડ	જી. એલ. શેઠ હાઈસ્કુલ, તા. લીમખેડા.
૪૧	,,	આમ્રકુંજ આશ્રમશાળા સીંગવડ તા. લીમખેડા.
૪૨	દાસા	નહેરૂ ઉ. બુ. મા. શાળા દાસા, તા. લીમખેડા.

દાહોદ, તારીખ ૧૦મી માર્ચ ૧૯૯૮.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ના (સને ૧૯૭૪ (નં. કલમ-૧૪૪ મુજબ નો હુકમ.

નંબર મકમ / પલસ / મજસ / વશી. ૭૭૬.— ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તારીખ ૧૬ મી માર્ચ, ૧૯૯૮ થી તારીખ ૩૧ મી માર્ચ, ૧૯૯૮ સુધી દાહોદ જિલ્લામાં આ સાથેની યાદી મુજબના સેન્ટરોમાં એસ. એસ. સી. / એચ. એસ. સી. ની પરીક્ષા લેવાનાર છે. પરીક્ષાને ધ્યાને લેતા પરીક્ષા દરમ્યાન ઝેરોક્ષ કોપીઓ સંચાલકો દ્વારા મશીનોનો દુર ઉપયોગ રોકવાના હેતુસર પ્રતિબંધિત હુકમો કરવા યોગ્ય જણાય છે.

વાસ્તે હું કે. એસ. મેણાંત અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, દાહોદ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ ની મને મળેલ અધિકારની રુએ નીચે પ્રમાણે ફરમાવું છું.

(૧) દાહોદ જિલ્લામાં જુદાં જુદાં કેન્દ્રો વિસ્તારમાં આવેલાં ગામોમાં ઝેરોક્ષ મશીનનાં સંચાલકો પરીક્ષાના સમય દરમ્યાન ઝેરોક્ષ મશીનોનો થતો દુરઉપયોગ રોકવા સારુ તારીખ ૧૬ મી માર્ચ, ૧૯૯૮ થી ૩૧ મી માર્ચ, ૧૯૯૮ સુધી સાથેની યાદીમાં જણાવેલ પરીક્ષા કેન્દ્રોમાં થતી ગેરરીતીઓ અટકાવવા માટે સવારના ૮.૩૦ થી સાંજના ૧૮.૦૦ સુધી ઝેરોક્ષ મશીનો, કોપીયર મશીનનો ઉપયોગ સદંતર બંધ કરવો.

(૨) સાથેની યાદીમાં જણાવેલ સેન્ટરોની આજુબાજુ ૧૦ કિલોમીટરની ત્રિજ્યામાં આવેલ ઝેરોક્ષ કોપીયર મશીનના સંચાલકોએ પણ ઉપરોકત હુકમનો અમલ કરવાનો રહેશે.

INDEX

(૩) આ હુકમ સરકારી કચેરીઓના ઝેરોક્ષ મશીનોની કાર્યવાહીને લાગુ પડશે નહી.

(૪) આ હુકમનો ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૧૦ મી માર્ચ, ૧૯૯૮ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી હુકમ કરવામાં આવ્યો.

કે. એસ. મેણાત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, દાહોદ.

એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૪-૭૮ ના એક્ટ (૨) ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલો હુકમ

નંબર પી. ઓ. એલ. / પ્રતિબંધ / ૭૨૨થી ૭૩૧ / ૯૮.— તારીખ ૧૬મી માર્ચ, ૧૯૯૮ થી ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા એસ. એસ. સી. તથા એચ. એસ. સી. ની પરીક્ષાઓ યોજાનાર છે. આ પરીક્ષામાં પરિક્ષાર્થીઓ વ્યવસ્થિત રીતે પરીક્ષા આપી શકે તે હેતુથી પરીક્ષા સ્થળથી ૨૦૦ મીટરની ત્રિજયામાં પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવાની ફરજ પડેલ છે.

તેથી હું, જે. ડી. પંડયા, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, કરજણ, મને મળેલ ખાસ સત્તાની રૂએ આથી હું ફરમાવું છું કે નીચે જણાવેલ સ્થળની ત્રિજયામાં સદરહુ પરીક્ષાના પરીક્ષાર્થીઓ અને પરીક્ષા ફરજ માટેની અધિકૃત વ્યકિત સિવાયની વ્યકિતઓને એકત્ર થવાં ઉપર કાયદા અને વ્યવસ્થા જળવાઈ રહે તેના માટે તે વિસ્તારમાં એકત્ર થવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

સ્થળ : (૧) શ્રી એન. બી. સાર્વજનિક હાઈસ્કુલ, કરજણ.
(૨) શ્રીમતી ડી. સી. ચાવડા ગર્લ્સ હાઈસ્કુલ. કરજણ.
(૩) એન. બી. શાહ સાર્વજનિક હાઈસ્કુલ, (પ્રા. વિ.)

તારીખ ૧૬મી માર્ચ, ૧૯૯૮ થી ૨૯ મી માર્ચ, ૧૯૯૮ સવારના ૧૦.૦૦ થી સાંજના ૧૮-૦૦ કલાક સુધી.

આ હુકમનો ભંગ કરનાર ઈસમ ભારતીય ફોજદારી અધિનિયમન કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૨ મી માર્ચ, ૧૯૯૮ ના રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા છે.

જે. ડી. પંડયા,
એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ. કરજણ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

15 to 19

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] THURSDAY, APRIL 9, 1998 / CAITRA 19, 1920 [No. 15

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENTS

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders (other than these published in Parts I-A, IV-A, IV-B) and IV-C) Pertaining only to the Supplement to the Central Gazette.	137-144
Part I-A	Orders and Notifications (other than those published in Part IV B) under the Bombay Local Boards Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette.—	15
Part, I-B	Government Notifications published under Land Acquisition Act only.	197—120
Part-I-L	Notifications, Orders and Awards (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.	674—705

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ના ૨૨માંની કલમ-૩૭ (૧) (૩) હેઠળનું.

ક્રમાંક ૭ / ગપક / /એસ. બી જાહેરનામું / ૨૩ / ૯૮.—સુરત શહેરમાં તારીખ ૧૬મી માર્ચ ૧૯૯૮ થી તારીખ ૨જી એપ્રિલ ૧૯૯૮ સુધી એસ. એસ. સી તથા એચ. એસ. સી ની પરીક્ષા લેવામાં આવનાર છે, જે પરીક્ષાઓ નીચે મુજબના પરીક્ષા કેન્દ્રો ઉપર (સ્કુલો) હાઈસ્કુલોમાં લેવામાં આવશે. જેથી પરીક્ષા દરમ્યાનમાં કોઇ તોફાન ન થાય અને પરીક્ષા કેન્દ્રોની આજુબાજુમાં શાંતીમય વાતાવરણ રહે તેમજ પરીક્ષાર્થીઓને પરીક્ષા દરમ્યાનમાં કોઇ ખલેલ ન પહોંચે તેમજ કાયદા અને વ્યવસ્થાની જાળવણીના હેતુસર પરીક્ષા કેન્દ્રોની આજુબાજુ પરીક્ષા કેન્દ્રોથી ૨૦૦ મીટરના ઘેરાવા ના વિસ્તારમાં ચાર કે ચારથી વધુ વ્યકિતઓને ભેગા થવાની કે સભાં ભરવાની કે સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણા છે.

INDEX

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ની ૨૨માંની કલમ-૩૭ ની પેટા કલમ (૧) (૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, જી. સી. રાયગર, આઈ. પી. એસ. પોલીસ કમિશનર સુરત શહેર આથી સદર હું વિસ્તારોમાં તારીખ ૧૬મી માર્ચ ૧૯૯૮ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨જી એપ્રિલ ૧૯૯૮ કલાક ૨૪-૦૦ સુધીની મુદત માટે ચાર કે ચારથી વધુ વ્યકિતઓને ભેગા થવાની સભા ભરવાનીકે સરઘસ કાઢવાની મનાઈ ફરમાવું છું.

વિસ્તાર :—સુરત શહેર પોલીસ કમિશનરટની હકૂમત હેઠળની નીચે મુંજબની સ્કુલો તથા હાઈસ્કુલો (એસ. એસ. સી. તથા એચ. એસ. સી. ના પરીક્ષા કેન્દ્રો)

(૧) વી. ટી. સી. હરીપુરા સાર્વજનિક હાઈસ્કુલ યુનીટી-૧
(૨) વી. ટી. સી. હરીપુરા કોમર્સ બિલ્ડીંગ યુનીટી-૨
(૩) અંબાલા ગર્લ્સ હાઈસ્કુલ, રામપુરા, સુરત.
(૪) મરાઠી માધ્યમિક શાળા ગોટાલાવાડી, સુરત
(૫) ગુરૂકુળ કુમાર વિદ્યાલય, કતારગામ, સુરત.
(૬) ગુરૂકુળકન્યા વિદ્યાલય, કતારગામ, સુરત.
(૭) આઈ. પી. મીશન બોયઝ હાઈસ્કુલ, મુગલીસરપુરા, સુરત
(૮) વી. એન. ગોધાણી કન્યા વિદ્યાલય, કતારગામ
(૯) એગ્લો ઉર્દુ હાઈસ્કુલ, સૌદાગરવાડ, સુરત.
(૧૦) લીલાબા કન્યા વિદ્યાલય, લાલ દરવાજા, સુરત.
(૧૧) સર જે. જે. ગુજરાતી હાઈસ્કુલ, શાહપોર, સુરત.
(૧૨) સર જે. જે. ઈગ્લીશ હાઈસ્કુલ, શાહપોર, સુરત.
(૧૩) બાઈ પી. એન. પટેલ, હાઈસ્કુલ, માંછલીપીઠ, સુરત
(૧૪) ન. ઘ.ઝવેરી જૈન હાઈસ્કુલ, ગોપીપુરા, સુરત.
(૧૫) કે. એલ. એસ ખાંડવાલા ગર્લ્સ હાઈસ્કુલ, બાલાજી રોડ સુરત યુનીટી-૧
(૧૬) કે. એલ. એસ. ખાંડવાલા ગર્લ્સ હાઈસ્કુલ સુરત યુનીટી-૨
(૧૭) એમ. જી. સીંગાપુરી ગર્લ્સ હાઈસ્કુલ, સંઘડીયાવાડ, સુરત
(૧૮) ટી. એન્ડ. ટી. વી. સાર્વજનિક હાઈસ્કુલ ગોપીપુરા, સુરત
(૧૯) એસ. પી. ઝવેરી ગર્લ્સ હાઈસ્કુલ, ગોપીપુરા, સુરત.
(૨૦) રત્નસાગર જૈન હાઈસ્કુલ ગોપીપુરા, સુરત.
(૨૧) ન. મો. ઝવેરી યુનીયન હાઈસ્કુલ, લાલગેટ, સુરત.
(૨૨) બ્રાઈટલેન્ડ ઈગ્લીશ હાઈસ્કુલ, સુમુલડેરી, રોડ સુરત.
(૨૩) આઈ. પી. મીશન ગર્લ્સ હાઈસ્કુલ, મુગલીસરા, સુરત.
(૨૪) આઈ. સી. ગાંધી હાઈસ્કુલ, સુમુલડેરી, સુરત.
(૨૫) લોકમાન્ય વિદ્યાલય, રાંદેર, સુરત.
(૨૬) આઈ. એન. ટેકરાવાળા હાઈસ્કુલ, અડાજણ પાટીયા, સુરત
(૨૭) એમ. એમ. પી. હાઈસ્કુલ, રાંદેર, સુરત
(૨૮) પીપરડીવાલા ઈગ્લીશ હાઈસ્કુલ, રાંદેર.
(૨૯) સરદાર ઈગ્લીશ હાઈસ્કુલ પાલનપુર પાટીલા, સુરત.
(૩૦) વી. ડી. દેસાઈ, (વાડીવાલા) માં શાળા અડાજણ રોડ સુરત.
(૩૧) અમોદ એન્ડ અમીના ગર્લ્સ હાઈસ્કુલ, રાંદેર સુરત.
(૩૨) સનફલાવર હાઈસ્કુલ, ક્રિભકો નગર સુરત.
(૩૩) સેન્ટ ઝેવીયર્સ હાઈસ્કુલ ઘોડદોડ રોડ, સુરત.
(૩૪) પ્રગતિ વિદ્યાલય, (જીવનભારતી) નાનપુરા, સુરત.
(૩૫) સર વી. ડી. ટી. ગર્લ્સ હાઈસ્કુલ, અઠવાલાઈન્સ સુરત,
(૩૬) સીગ્મા હાઈસ્કુલ ગુજરાતી માધ્યમ સગરામપુરા, સુરત.
(૩૭) સીગ્મા હાઈસ્કુલ, ઈગ્લીશ માધ્યમ સગરામપુરા, સુરત.
(૩૮) સીગ્મા હાઈસ્કુલ ઉર્દુ માધ્યમ સગરામપુરા સુરત.
(૩૯) કડીવાલા હાઈસ્કુલ, રીંગરોડ સુરત.
(૪૦) સી. સી. શાહ સાર્વજનિક ઈગ્લીશ હાઈસ્કુલ, પાર્લે પોઈન્ટ
(૪૧) લુડઝ કોન્ટેન્ટ હાઈસ્કુલ, અઠવાલાઈન્સ સુરત.
(૪૨) જીવન ભારતી માધ્યમિક શાળા, નાનપુરા, સુરત.
(૪૩) શારદાચેતન (ગુજરાતી માધ્યમ) લેકવ્યુ, સુરત
(૪૪) લોકભારતી વિદ્યાલય, ઉમરા સુરત.
(૪૫) આર. ડી. કોન્ટ્રાકટર હાઈસ્કુલ, નાનપુરા, સુરત.
(૪૬) એમ. ટી. જરીવાલા હાઈસ્કુલ, અઠવાલાઈન્સ સુરત.
(૪૭) પી. પી. સવાણી વિદ્યાભવન હીરાબાગ, યુનીટ ૧, સુરત.
(૪૮) પી. પી. સવાણી વિદ્યાભવન, હીરાબાગ, યુનીટ ૨, સુરત.
(૪૯) એમ. એ. જી. પટેલ માધ્યમિક શાળા વરાછા રોડ, સુરત,
(૫૦) સુરત ડાયમંડ એસો. ગર્લ્સ હાઈસ્કુલ, વરાછા રોડ, સુરત.
(૫૧) સરસ્વતી વિદ્યાલય, એ કે. રોડ, યુનીટ ૧, સુરત.
(૫૨) સરસ્વતી વિદ્યાલય, એ. કે. રોડ, યુનીટ ૨, સુરત
(૫૩) એ. વી. પટેલ, હાઈસ્કુલ, કરંજ, માતાવાડી, સુરત
(૫૪) રામકૃષ્ણ વિદ્યાભવન, લંબે હનુમાન રોડ, સુરત.
(૫૫) બ્રાઈટલેન્ડ ઈગ્લીશ હાઈસ્કુલ ગુજરાતી માધ્યમ સુમુલ ડેરી રોડ,સુરત
(૫૬) આર. એમ. નાઈક હાઈસ્કુલ, ઉધના, સુરત.
(૫૭) પી. એચ. લચકાણીવાલા, માધ્યમીક શાળા, ખરવરનગર સુરત
(૫૮) વિદ્યાભારતી હિંદી વિદ્યાલય, ભટારા રોડ, સુરત.
(૫૯) સમીતી ઈગ્લીશ મીડીયમ સ્કુલ, ઉધના, સુરત.
(૬૦) આઈ. જી. દેસાઈ, માધ્યમીક શાળા, ભટાર રોડ, સુરત
(૬૧) ન્યુ મોડેલ હાઈસ્કુલ ઉધના ચીમની ટેકરા સુરત.
(૬૨) છત્રપતિ શિવાજી મરાઠી માધ્યમીક શાળા, ઉધના, સુરત
(૬૩) ટી.એન્ડ. ટી. વી. હાઈસ્કુલ, નાનપુરા, ટીમલીયાવાડ, સુરત (ઝોનલ કચેરી)

વધુમાં હું આદેશ કરૂ છું કે આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

(૧) ઉપરોકત એસ. એસ. સી. એચ. એસ. સી પરીક્ષાના વિદ્યાર્થીઓ તથા પરીક્ષાકાર્યમાં રોકાયેલ વ્યકિતઓને.
(૨) ફરજ ઉપર હોય તેવી સરકારી નોકરી કે રોજગારમાં હોય તેવી તેવી વ્યકિતઓને
(૩) કોઈ લગ્નના વરઘોડાને (વાજીંત્રા વગાડયા સિવાય)
(૪) કોઈ સ્મશાનયાત્રાને (શાંતીમય રીતે)

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનારને સદરહું અધિનિયમની કલમ ૧૩૫ તથા ભારતીય ટોજદારી ધારાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૧મી માર્ચ ૧૯૯૮ ના રોજ મારી સહી સિકકા કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧માંની કલમ-૩૭(૧) અન્વયેનું.

ક્રમાંક ઉગપક /વિશી/એસબી/જાહેરનામુ/૨૪/૯૮.—સુરત શહેરમાં શાંતિ અને સલામતી જાળવવા પગલાં લેવા જરૂરી જણાતુ હોવાથી વાસ્તે હું જી. સી રાયગર આઈ.પી. એસ પોલીસ કમિશનર, સુરત શહેર મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ માંથી પેટા કલમ-૩૭(૧)થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલા વિસ્તારોમાં તારીખ ૧૬મી માર્ચ ૧૯૯૮ કલાક ૦.૦૦ થી ૩૦મી. માર્ચ ૧૯૯૮ કલાક ૨૪-૦૦ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવુ છું.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટી, લાકડી, ચપ્પુ અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજ વસ્તુઓ લઈ જવાની;

(ખ) કોઈપણ સ્ફોટક અથવા ક્ષયધર્મી પદાર્થ લઈ જવાની;

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની;

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની

(ચ) વ્યકિતઓ અથવા તેના શબો આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની;

(છ) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની અથવા વાદ્ય વગાડવાની;

(જ) જે છટાદાર ભાષણ આપવાથી ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાથી દેખાડવાથી અથવા તેનો ફેલાવો કરવાથી અથવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરુચિ અથવા નિતીનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાથી અથવા ચાળા વિગેરે કરવાથી અથવા ચિત્રો, નિશાનીઓ તૈયાર કરવાથી દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર.—સુરત શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

આ હુકમો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય, તેમને ઉપરી અધિકારીઓએ આવુ કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવુ કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય તે વ્યકિતઓને.

(૨) પોલીસ કમિશ્નર અથવા તેમણે અધિકૃત કરેલા કોઈપણ અધિકારીએ જેને અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિતઓને.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર(૪) માસની અને વધુમાં વધુ એક (૧) વર્ષની સજા અને દંડની સજાને મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૧૨મી માર્ચ ૧૯૯૮ના રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

જી. સી. રાયગર,
પોલીસ કમિશનર,
સુરત શહેર, સુરત.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર ડી/એમએજી-૧/માર્ચ પરીક્ષા/૯૮.—તારીખ ૧૬મી માર્ચ ૧૯૯૮થી શરૂ થતી ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની પરીક્ષાઓ યોજાનાર છે. આ પરીક્ષા સમય દરમ્યાન પરીક્ષાઓ સ્વચ્છ અને શાંત વાતાવરણમાં યોજાય તેમજ વિસ્વસનીયતાનું વાતાવરણ સર્જાય, પરીક્ષા સંચાલકો સરળતાથી ફરજ બજાવી શકે અને વિદ્યાર્થીઓ નિર્ભય રીતે પરીક્ષા આપી શકે તથા કોઈ ખલેલ ન પડે અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુસર બનાસકાંઠા જિલ્લાના નીચે જણાવેલ પરીક્ષાઓના કેન્દ્રો ની બહારના ૨૦૦ મીટરના વિસ્તારમાં પરીક્ષાર્થીઓ તથા સંચાલકશ્રીઓ સિવાય ચાર કે તેથી વધુ માણસો એકઠા થવા ઉપર પ્રતિબંધ મુકવાનું જાહેર સલામતી માટે ઈષ્ટ જણાયેલ છે.

અ.નં. કેન્દ્રનું નામ	સ્થળ
(૧) અંબાજી	(૧) અંબાજી ગ્રામ પંચાયત, મા. શાળા (૨) આરાસુરી ગર્લ્સ હાઈસ્કુલ (૩) સરભવાનસિંહ વિદ્યાલય, દાંતા
(૨) ડીસા	(૧) સરદાર પટેલ હાઈસ્કુલ, ડીસા (૨) ડી.એન.પી. ગર્લ્સ હાઈસ્કુલ, ડીસા (૩) એસ.સી. ડબલ્યુ હાઈસ્કુલ, ડીસા (૪) એન. જે. આદર્શ હાઈસ્કુલ, ડીસા. (૫) સેન્ટ ઝેવીયર્સ હાઈસ્કુલ, ડીસા (૬) એન. જે. આદર્શ પ્રાથમિક
(૩) પાલનપુર	(૧) વિવિધલક્ષી વિદ્યામંદિર (૨) નુતન હાઈસ્કુલ, પાલનપુર (૩) કે.કે. ગોઠી હાઈસ્કુલ, પાલનપુર. (૪) સરસ્વતી હાઈસ્કુલ, પાલનપુર (૫) વી. આર. વિદ્યાલય, પાલનપુર (૬) એમ. બી. કર્ણાવત હાઈસ્કુલ, પાલનપુર (૭) ગર્વમિન્ટ ગર્લ્સ હાઈસ્કુલ, પાલનપુર (૮) માતૃશ્રી કુંવરબા હાઈસ્કુલ, પાલનપુર (૯) આર. કે. પટેલ કન્યા વિદ્યાલય (રાજીબા) (૧૦) સંસ્કાર વિદ્યાલય, લક્ષ્મીપુરા (૧૧) વિનય મંદિર, પ્રાથમિક (૧૨) એસ. કે. ભણસાલી પ્રાથમિક (૧૩) સીટી હાઈસ્કુલ, પાલનપુર
(૪) રાધનપુર	(૧) શેઠ કે. બી. વકીલ વિદ્યાલય, (નવું) (૨) શેઠ કે. બી. વકીલ વિદ્યાલય(જુનું) (૩) આદર્શ વિદ્યાલય, રાધનપુર (૪) સાર્વજનિક હાઈસ્કુલ, વારાહી
(૫) થરાદ	(૧) જનતા હાઈસ્કુલ, થરાદ (૨) ગાયત્રી વિદ્યાલય, થરાદ. (૩) વિનય વિદ્યામંદિર, વાવ
(૬) વડગામ	(૧) વી. જે. પટેલ હાઈસ્કુલ, વડગામ (૨) કે. જી. મહેતા હાઈસ્કુલ, મેમદપુર
(૭) થરા	(૧) ઓગડ વિદ્યામંદિર, થરા (જૂનું) (૨) ઓગડ વિદ્યાલય, થરા (નવું) (૩) કન્યા વિદ્યાલય, થરા
(૮) ભાભર	(૧) સર્વોદય વિદ્યાલય, ભાભર (૨) આદર્શ વિદ્યાલય, ભાભર
(૯) દિયોદર	(૧) વી. કે. વાઘેલા હાઈસ્કુલ, દિયોદર (૨) આદર્શ હાઈસ્કુલ, દિઓદર
(૧૦)ધાનેરા	(૧) વિવેકાનંદ વિદ્યાલય, ધાનેરા (૨) ડી.બી. પારેખ હાઈસ્કુલ, ધાનેરા.
(૧૧)છાપી	(૧) એસ. યુ. એન. મહેતા હાઈસ્કુલ,છાપી (૨) છાપી પ્રાથમિક શાળા, છાપી.

INDEX

વાસ્તે હું એમ. આઈ. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા ઉપરોક્ત જણાવેલ પરીક્ષાના કેન્દ્રો ઉપર તારીખ ૧૬મી માર્ચ ૧૯૯૮ થી પરીક્ષા, પૂર્ણ થાય ત્યાં સુધી જે તે સમયે જે પરીક્ષા કેન્દ્રોના સ્થળે પરીક્ષા ચાલુ હોય તે દિવસ દરમ્યાન જેતે સ્થળના બહાર ૨૦૦ મીટરના વિસ્તારમાં પરીક્ષાર્થીઓ /સંચાલકો સિવાય ચાર કે તેથી વધુ માણસો એકઠા થવા ઉપર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ ૧૪૪ મુજબ મને મળેલ અધિકારની રૂએ પ્રતિબંધ મુકવા હુકમ કરૂં છું.

આજરોજ તારીખ ૧૨મી માર્ચ ૧૯૯૮ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

એમ. આઈ. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
બનાસકાંઠા, પાલનપુર.

———

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૧) (૨) અન્વયેનો હુકમ.

નં. પલસ/ચુંટણી /વશી. ૧૦૯૬ થી ૧૧૭૫/૯૮.—સને ૧૯૯૮ની લોકસભા તથા વિધાનસભાની આગામી ચુંટણીનાં દિવસો દરમ્યાન સુરત જિલ્લા વિસ્તારમાં જાહેર શાંતી અને સલામતી જાળવવા પગલાં લેવાનું મને જરુરી જણાયું છે.

સબબ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમ) ની કલમ ૩૭ (૧)(૨) અન્વયે મળેલી સત્તાની રુએ હું વી. ડી. અસારી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત. સુરત જિલ્લાનાં અનુસૂચિમાં જણાવેલાં વિસ્તારમાં જાહેર શાંતી અને સલામતી જાળવવા સારું ફરમાવું છું કે. નીચે અનુસુચિમાં દર્શાવેલા વિસ્તારમાં તારીખ ૯મી ફેબ્રુઆરી ૧૯૯૮ થી તારીખ ૨૩મી ફેબ્રુઆરી ૧૯૯૮(બંન્ને દિવસો સુધ્ધાં) કોઈ પણ વ્યકિતએ.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ધોકા, ભાલા. સોટા, બંદક, ચાકુ, લાકડી અથવા શારીરીક ઈજા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો સાથે લઈ જવી નહી.

(ખ) કોઈ પણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવાં નહી.

(ગ) પથ્થરો, અથવા બીજા શસ્ત્રો, અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાનાં યંત્રો અથવા સાધનોસાથે લઈ જવા નહી. એકઠા કરવાં નહી તથા તૈયાર કરવા નહી.

(ગા) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહી.

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી.

(ચ) લોકોએ અપમાન કરવાના ઈરાદાથી જાહેરમાં બુમો પાડવી નહી, ગીતો ગાવા નહી અથવા વાદ્ય વગાડવું નહી.

(છ) જેનાથી સુરૂચી અથવા નીતીનો ભંગ થાય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાય તેવું છટાદાર ભાષણ કરવું નહી. તેવા હાવ ભાવ (ચાળા) વગેરે કરવા નહી. અથવા તેનો ફેલાવો કરવો નહી.

કલમ ૩૭(૨) અન્વયે જો કોઈપણ વ્યકિત (ક) થી (ઘ) માં જણાવેલ વસ્તુઓ સાથે રાખીને ઉપર જણાવેલ હુકમનો ભંગ કરશે તો કોઈ પણ પોલીસ અધિકારી તે વ્યકિત પાસેથી વસ્તુ લઈ લેશે અને સરકારશ્રીમાં દાખલ કરવામાં આવશે.

આ હુકમ ના ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(ક) સરકાઝી નોકર કે સરકારી ફરજ બજાવતી વ્યકિતને કે જેને તેના ઉપર અધિકારીએ આવું કોઇ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય

(ખ) જિલ્લા પોલીસ અધિકારી (રુરલ) સુરતે આવા તેણે અધિકૃત કરેલ કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓએ જેને શારીરીક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

અનુસૂચિ

સુરત જિલ્લાનો સમગ્ર વિસ્તાર. (પોલીસ કમીશ્નરેટ, સુરત શહેર વિસ્તાર (સિવાય)

આ હુકમ કોઈ પણ ખંડના ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) તથા (૨) મુજબ દંડ તથા સજાને પાત્ર થશે.

મે. આજ તારીખ ૯મી ફેબ્રુઆરી -૧૯૯૮ ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો છે.

———

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૬મો) ની કલમ ૩૭(૩) અન્વયે કાઢેલ હુકમ.

નંબર : પલસ/ચટણ/વશી ૧૧૭૬ થી ૧૨૫૫/૯૮.—સુરત જિલ્લામાં સને ૧૯૯૮ની લોકસભા વિધાનસભાની સામાન્ય ચુંટણીના દિવસો દરમ્યાન જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારું માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઇ ફરમાવવાનું જરૂરી જણાયું છે.

વાસ્તે, હું વી. ડી. અસારી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સુરત મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ ૩૭ ની પેટા કલમ ૩ થી મને મળેલ સત્તાની રુએ ફરમાવું છું કે સુરત (રૂરલ) જિલ્લામાં તારીખ ૯મી ફેબ્રુઆરી ૧૯૯૮ રોજ સવારે ૮-૦૦ કલાકથી તારીખ ૨૩મી ફેબ્રુઆરી ૧૯૯૮ ના રોજ ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સુધ્ધાં) ચાલીસ કરતા વધુ માણસો ની કોઈ સભા કરવી બોલાવવી નહી કે સરઘસ કાઢવું નહીં. તેમજ ચાલીસથી વધુ વ્યકિતઓએ ભેગા થવુ નહી. અથવા સરઘસ કાઢવું નહી.

અપવાદ.—

૧. આ હુકમ લગ્નના વરઘોડા. સ્મશાનયાત્રા કે એસ.ટી.બસમાં મુસાફરી કરવા માંગતા મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના માટે જતી બોનાફાઈડ વ્યકિતઓને લાગુ પડશે નહી.

૨. તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીની પરવાનગી મેળવીને ભરાતી સભાને લાગુ પડશે નહી.

૩. આ હુકમ ચૂંટણીના મતદાન મથકે મતદાન માટે એકત્રીત થયેલ મતદારોને લાગુ પડશે નહી.

INDEX

૪. ચૂંટણીના લોકસભા ફરજ માટે બોલાવેલ વ્યકિતઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ ૧૩૫(૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ ૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ તારીખ ૯મી ફેબ્રુઆરી ૧૯૯૮ના રોજ મારી સહી કરી મુદ્રા કરી આપી છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭(૧) (૨) અન્વયે નો હુકમ.

નંબર પલસ / ચૂંટણી / વશી ૧૫૫૩ થી ૧૭૩૩ / ૯૮.—સને ૧૯૯૮ ની લોકસભા તથા વિધાનસભાની આગામી ચૂંટણીના દિવસો દરમ્યાન સુરત જિલ્લા વિસ્તારમાં જાહેર શાંતી અને સલામતી જાળવવા પગલા લેવાનું મને જરુરી જણાયું છે.

સબબ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨ માં અધિનિયમ) ની કલમ ૩૭(૧) (૨) અન્વયે મળેલી સત્તાની રુએ હું વી. ડી. અંસારી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત સુરત જિલ્લાના અનુસૂચિમાં જણાવેલ વિસ્તારમાં જાહેર શાંતી અને સલામતી જાળવવા સારું ફરમાવું છું કે, નીચે અનુસૂચિમાં દર્શાવેલા વિસ્તારમાં તારીખ ૨૪ મી ફેબ્રુઆરી, ૧૯૯૮ થી તારીખ ૧૦ મી માર્ચ, ૧૯૯૮ (બંને દિવસો સુધ્ધા) કોઈ પણ વ્યકિતએ.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ધોકા, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદૂક, ચાકુ, લાકડી, અથવા શારીરીક ઈજા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો સાથે લઈ જવી નહી.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહી.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવા નહી, એકઠા કરવા નહી તથા

(ગો) કોઈ સરઘસમા જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહી.

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી.

(ચ) લોકોએ અપમાન કરવાના ઈરાદાથી જાહેરમાં બુમો પાડવી નહી. ગીતો ગાવા નહી અથવા વાદ્ય વગાડવું નહી.

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય અથવા જેનાથી રાજયની સલામતી જોખમાય તેવું છટાદાર ભાષણ કરવું નહી તેવા હાવભાવ (ચાળા) વગેરે કરવા નહી, અથવા તેનો ફેલાવો કરવો નહી.

કલમ ૩૭ (૨) અન્વયે જો કોઈપણ વ્યકિત (ક) થી (ઘ) માં જણાવેલ વસ્તુઓ સાથે રાખીને ઉપર જણાવેલ હુકમનો ભંગ કરશે તો કોઈપણ પોલીસ અધિકારી તે વ્યકિત પાસેથી વસ્તુ લઈ લેશે અને સરકારશ્રીમાં દાખલ કરવામાં આવશે.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(ક) સરકારી નોકર કે સરકારી ફરજ બજાવતી વ્યકિત કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય.

(ખ) જિલ્લા પોલીસ અધિકારી (રૂરલ) સુરતે આવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીઓએ જેને શારીરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

સુરત જિલ્લાનો સમગ્ર વિસ્તાર (પોલીસ કમિશનરશ્રી, સુરત શહેર વિસ્તાર (સવાય)

આ હુકમ કોઈપણ ખંડના ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૧૩૫ (૧) તથા (૨) મુજબ દંડ તથા સજાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨૩મી ફેબ્રુઆરી, ૧૯૯૮ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) મુજબનો હુકમ.

નંબર પલસ / પરીક્ષા/વશી-૧૮૪૯ તથા ૧૮૫૦ થી-૨૦૦૦/૯૮.- - સુરત જિલ્લા (રૂરલ) વિસ્તારમાં આવેલી હાઈસ્કુલો / શાળાઓમાં તારીખ ૧૬મી માર્ચ, ૧૯૯૮થી એસ.એસ.સી. તથા એચ.એસ.સી. (હાયર સેકન્ડરી) પરીક્ષાઓ લેવાનાર છે. સબબ પરીક્ષાઓનું સંચાલન સરળ રીતે ચાલે તે માટે આ સાથે સામેલ પરિશિષ્ટમાં જણાવેલી હાઈસ્કુલો / શાળાઓની આજુબાજુના વિસ્તારોમાં અશાંતિ ઘર્ષણ કે વાતાવરણ ઉગ્ર બને નહી, જાહેર સુલેહ શાંતી તથા કાયદો વ્યવસ્થા જળવાય રહે તે માટે સદરહુ વિસ્તારોમાં કોઈપણ મંડળો અથવા સરઘસને પ્રવેશતા અટકાવવું જરૂરી છે તેવું મને જણાય છે.

સબબ, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) થી મળેલા અધિકારની રૂએ હું વી. ડી. અંસારી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ હાઈસ્કુલો / શાળાઓમાં દરેકની આજુબાજુ ૨૦૦ મીટરના ઘેરાવાના વિસ્તારમાં ચાર કે તેથી, વધારે વ્યકિતઓએ ભેગા થવા પર સભા ભરવા પર સરઘસ કાઢવા પર મંડળી કે સરઘસને સદરહુ ૨૦૦ મીટરના ઘેરાવાના વિસ્તારોમાં પ્રવેશવા પર તારીખ ૧૬મી માર્ચ, ૧૯૯૮ ના રોજ સવારે ૬-૦૦ વાગ્યાથી તારીખ ૨જી એપ્રિલ ૧૯૯૮ના રોજ ૨૪-૦૦ કલાક સુધી પ્રતિબંધ ફરમાવું છું.

ખુલાસો—રસ્તાની ફૂટપાથોનો પણ આ વિસ્તારમાં સમાવેશ ગણાય છે.

INDEX

અપવાદ.—આ હુકમ જે માણસો શિક્ષણ કામની ફરજ ઉપર અથવા સરકારી ફરજ ઉપર કામગીરીમાં હોય તેમજ ઉલ્લેખિત પરીક્ષાર્થીઓ અને હોમગાર્ડ કે પોલીસના માણસો જે ફરજો ઉપર હોય તથા મરણોત્તર અથવા લગ્નનાં સરઘસોને લાગું **પડતો નથી.**

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને-૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૩) મુજબ શિક્ષાને પાત્ર રહેશે.

આજ તારીખ ૯મી માર્ચ, ૧૯૯૮ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો છે.

પરિશિષ્ટ

૧. મહાદેવ શાસ્ત્રી વિદ્યાલય, ઓલપાડ.
૨. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ઓલપાડ.
૩. બી.એ.બી.એસ. હાઈસ્કુલ, બારડોલી.
૪. મર્ટ્રેસા હાઈસ્કુલ, બારડોલી.
૫. કોન્વેન્ટ હાઈસ્કુલ, બારડોલી.
૬. વામદોત હાઈસ્કુલ યુનીટ-૧, બારડોલી
૭. વામદોત હાઈસ્કુલ યુનીટ-૨, બારડોલી
૮. કન્યા વિદ્યાલય અસ્તાન, બારડોલી
૯. વ. દે. ગલિયરા હાઈસ્કુલ કઠોર, તા. કામરેજ.
૧૦. એમ. એ. આઈ હાઈસ્કુલ, તા. કઠોર તા. કામરેજ.
૧૧. વી. એસ. પટેલ હાઈસ્કુલ કોસંબા
૧૨. ધી મડવી હાઈસ્કુલ માંડવી યુનીટ-૧
૧૩. ધી માંડવી હાઈસ્કુલ માંડવી યુનીટ-૨
૧૪. એન.ડી. દેસાઈ હાઈસ્કુલ, વાંકલ તા. માંગરોલ.
૧૫. જી. એચ. ભકત હાઈસ્કુલ મહુવા.
૧૬. કે. એલ. પટેલ સાર્વજનિક હાઈસ્કુલ, અનાવલ.
૧૭. ડી. આર. જી. ડી. સાર્વજનિક હાઈસ્કુલ, સાયણ.
૧૮. પી. કે. દેસાઈ વિદ્યાલય, કીમ તા. ઓલપાડ.
૧૯. સાર્વજનિક હાઈસ્કુલ ફોર્ટ સોનગઢ.
૨૦. જીવન સાધના વિદ્યાલય ઉકાઈ તા. સોનગઢ.
૨૧. સ. ગો. હાઈ. વાલોડ.
૨૨. કે. એલ. પટેલ પ્રા. શાળા વાલોડ.
૨૩. બી. ટી. એન્ડ કે. એલ. હાઈસ્કુલ બુહારી તા. વાલોડ.
૨૪. કે. કે. કદમ કન્યા વિદ્યાલય, વ્યારા.
૨૫. જે. બી. એન્ડ એસ.એ. સાર્વજનિક હાઈ. વ્યારા યુનીટ-૧.
૨૬. જે. બી. એન્ડ એસ. એ. સાર્વજનિક હાઈ. વ્યારા યુનીટ-૨.
૨૭. દક્ષિણાપણ વિવિધલક્ષી વિદ્યાલય, વ્યારા.
૨૮. આર. જી. પટેલ, હાઈ. નિઝર.
૨૯. ગંગાધરા હાઈસ્કુલ. ગંગાધરા.
૩૦. કે. વી. એન. હાઈ. ચલથાણ તા. પલસાણા.
૩૧. એમ. કે. પટેલ હાઈસ્કુલ મઢી તા. બારડોલી.
૩૨. પ્ર. અને ભા. વિદ્યાલય, કપુરા, તા. વ્યારા.

જાહેરનામું

સને ૧૯૭૩ ના ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૪૪ હેઠળ હુકમ.

નંબર પલસ / માર્ચ પરીક્ષા / ૧૮૫૦ થી ૨૦૦૦ / ૧૯૯૮.—સુરત જિલ્લા (રુરલ) વિસ્તારમાં આવેલી હાઈસ્કુલ, શાળાઓમાં તારીખ ૧૬ મી માર્ચ, ૧૯૯૮ થી એસ. એસ. સી. તથા એચ. એસ.સી. (હાયર સેકન્ડરી) પરીક્ષાઓ લેવાનાર છે. સબબ, પરીક્ષાઓનું સંચાલન સરળ રીતે ચાલે તે માટે આ સાથે સામેલ પરીશિષ્ટમાં જણાવેલી હાઈસ્કુલો, શાળાઓની આજુબાજુના વિસ્તારોમાં અશાંતી, ઘર્ષણ કે વાતાવરણ ઉગ્ર બને નહી જાહેર સુલેશ શાંતી તથા જાહેર વ્યવસ્થાનો ભંગ થતો અટકાવવાને અને તેને લગતાં તાત્કાલિક ઉપચારો લેવા માટે ક્રીમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ની કલમ ૧૪૪ મુજબનો હુકમ કરવા માટે પુરતા કારણો છે.

સબબ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૪૪ મુજબ મળેલા અધિકારની રુએ હું, શ્રી વી. ડી. અંસારી, જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ હાઈસ્કુલો, શાળાઓ દરેકની આજુબાજુ ૨૦૦ મીટરનાં ઘેરાવાનાં વિસ્તારમાં ચાર કે તેથી વધારે વ્યકિતઓએ ભેગા થવા પર સભા કરવા પર સરઘસ કાઢવા પર મંડળી કે સરઘસ સદરહું ૨૦૦ મીટરનાં ઘેરાવાના વિસ્તારોમાં પ્રવેશવા પર તારીખ ૧૬ મી માર્ચ, ૧૯૯૮ થી ૨જી એપ્રિલ, ૧૯૯૮ સુધી દરરોજ ૧૦.૩૦ થી ૧.૩૦ સુધી અને બપોરે ૩.૦૦ થી ૬.૦૦ સુધી પ્રતિબંધ ફરમાવું છું.

ખુલાસો : રસ્તાની ફુટપાથોનો પણ આ વિસ્તારમાં સમાવેશ ગણાય છે.

અપવાદ : આ હુકમ જે માણસો શિક્ષણ કામની ફરજ ઉપર અથવા સરકારી ફરજ ઉપર અથવા કામગીરીમાં હોય તેમજ ઉલ્લેખીત પરીક્ષાર્થીઓ અને હોમગાર્ડ કે પોલીસનાં માણસો જે ફરજો ઉપર હોય તથા મરણોત્તર અથવા લગ્નમાં સરઘસોને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર અને ૧૮૬૦ના ભારતીય ફોજદારી અધિનિયમની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર રહેશે.

આજ તારીખ ૯ મી માર્ચ, ૧૯૯૮ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો છે.

જાહેરનામું

સન ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) (૨) અન્વયે.

નંબર પલસ/ હોળી/ધુળેટી /વ./૨૮૦૧/૧૯૯૮.—ચાલુ સાલે ૧૨મી માર્ચ ૧૯૯૮ તથા ૧૩મી માર્ચ ૧૯૯૮ના રોજ હોળી-ધુળેટીનો તહેવાર આવે છે. આ દિવસો દરમ્યાન સુરત રૂરલ જિલ્લા વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેની તથા સલામતી જાળવવી જરુરી છે. તેવું મને જણાય છે. જેથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨મા અધિનિયમની) કલમ ૩૭ ની પેટા-કલમ (૧) અને (૨) અન્વયે મને મળેલ અધિકારની રુએ હું વી. ડી. અંસારી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત આથી ફરમાવું છું કે, નીચેના પરિશિષ્ટમાં જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૦મી માર્ચ ૧૯૯૮ થી તારીખ ૨૦મી માર્ચ ૧૯૯૮ (બંને દિવસ સુધ્ધાં) સુધી કોઈપણ વ્યકિતએ,

(ક) શસ્ત્રો, દંડા, ભાલા, તલવાર, સોટા, ધોકા, બંદુક, છરા, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવુ બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહી.

(ખ) કોઈપણ શસ્ત્રકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહી.

INDEX

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓનો ફેંકવાના કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહી. એકઠા કરવા નહી. તથા તૈયાર કરવા નહી.

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી.

(ચ) જેનાથી સૂરુચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરે નહી. તેવા હાવભાવો કરવા નહી. તેવી ચેષ્ટા કરવી નહી, તેવા ચિત્રો, પત્રીકા. પ્લેકાર્ડ, અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવી નહી, બતાવવી નહી. અથવા તેનો ફેલાવો કરવો નહી. આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકર કે, કામ કરતી કોઈપણ વ્યકિત કે જેને ઉપરી અધિકારી એ આવું કોઈપછ હથિદાર લઈ જવાની જેની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રૅટ, સુરત જિલ્લા પોલિસ વડાશ્રી (રુરલ) સુરતે અધિકૃધ કરેલા અધિકારી કર્મચારી કે કોઈ પોલીસ અધિકારીઓ જેને શારીરીક અશકિતને કારણે લાકડી, લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિતઓ.

પરિશિષ્ટ

સુરત રૂરલ જિલ્લાનો સમગ્ર વિસ્તાર.
સુરધ શહેર પોલીસ કમીશ્નર વિસ્તાર (સવાદ)

આજ તારીખ ૯મી માર્ચ ૧૯૯૮ ના રોજ મારી સહી કરી સિક્કો કર્યો

વી. ડી. અંસારી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રટ, સુરત.

કલેકટર દ્વારા

વાંચ્યા :

(૧) ધી કેરોસીન (રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફીકસેશન ઓફ સીલીંગ પ્રાઈઝ ઓર્ડર-૧૯૯૩.
(૨) અત્રેના જાહેરનામાં ક્રમાંક પુરવઠા/કશન/ભાવ/રીવાઈઝડ/વશી-તારીખ ૩૦મી જૂન ૧૯૯૪.
(૩) સરકારશ્રીનાં ઓડ્ર નંબર જીટીએચ/૯૭/૧૨/કે/એસ/એન/-૧૨૯૬/૨૪૭૩/બી, તારીખ ૧૨મી સપ્ટેમ્બર ૧૯૯૭.
(૪) સરકારશ્રીના સંયુકત સચિવશ્રી અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગાંધીનગરનાં પ્રત ક્રમાંક કશન/૧૧૯૭/૨૩૫૪/ભાગ/૧-બ, તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૮.

હુકમ

ક્રમાંક પરઠ/કશન/ભાવ/વશી-૩૭૦૬/૯/૨૧/૩૧/૪૮૭ થી ૫૮૩.— અત્રેના આમુખ ૧માં જણાવેલ જાહેરનામાંથી કેસેરેસીનનાં ઘર ગથ્થુ વપરાશનાં કેરેસીનનાં ભાવ બાંધવામાં આવેલ હતાં.

સરકારશ્રીનાં આમુખ-૩માં જણાવેલ ઓર્ડરથી ઘરગથ્થુ વપરાશનાં હેતુ માટેનાં કેરોસીનનાં બેઝીક સેલીંગ પ્રાઈસમાં એજન્ટ અને છુટકનાં વળતરમાં અનુક્રમે રૂપીયા-૨૦ અને ૧૫ નો વધારો કરવામાં આવેલ છે.

સરકારશ્રીનાં આમુખ-૪માં જણાવેલ પત્રથો ફકત એજન્ટનાં કમીશનમાં કીલો લીટર દીઠ રૂપીયા ૫૨.૭૦ પૈસાના બદલે રૂપીયા ૧૨૬ એટલે કે રૂપીયા ૭૩.૩૦ પૈશાનો વધારો કરેલ છે. છુટક વિક્રેતાનાં કમીશનમાં કોઈ વધારો નથી. સરકારશ્રીની સુચના પ્રમાણે એક કે એલ. ના ૪૩/- સંબંધીત ઓઈલ કંપનીઓ એજન્ટ પાસેથી વસુલ કરશે. ઉપર મુજબ આમુખ (૩) અને (૪) મુજબ ઈતર ચાર્જીસ અને જથ્થાબંધ કમીશનમાં વધારો થવાથી ઘર ગથ્થુ વપરાશનાં કેરોસીન ભાવ નવેસરથી બાંધવાનાં થતા હોવાથી કેન્દ્ર સરકારશ્રીના ધી કેરોસીન (ફીકસેશન ઓફ સીલીંગ પ્રાઈઝ) ઓર્ડર ૧૯૯૩ ના કલમ ૨ (બી) ના પેરેગ્રાફ-૧, હેઠળ મને મળેલ સત્તાની રૂએ હું એસ. અપર્ણા જીલ્લા કલેકટર ભરૂચ, ભરૂચ જીલ્લાનાં નીચે જણાવેલ કેરોસીન ડેપોનાં કોયલી રીફાઈનર વડોદરાથી કેરોસીન એજન્ટનાં ડેપો મા઼ કેરોસીન વેચાણનાં ભાવો તાત્કાલીક અમલમાં અમલમાં આવે તે રીતે નીચે જણાવ્યા મુજબ જાહેર કરૂ છું.

૧ કોયલી રીફાઈનરીથી ડેપો ડીલેવરીની જથ્થાબંધ છુટક ભાવ.

અનું. નંબર	કેરોસીન એજન્ટના ડેપોનું સ્થળ		એક કી. લી. ના જથ્થાબંધ ભાવ રૂા.પૈસા	એક લીટરના જથ્થાબંધ વેચાણ ભાવ	એક લીટરના જથ્થાબંધ ભાવ
૧	૨		૩	૪	૫
૧	ભરૂચ	...	૨૬૦૨.૮૮	૨.૬૦	૨.૭૦
૨	પાલેજ		૨૫૬૯.૫૪	૨.૫૭	૨.૬૫
૩	જંબુંસર		૨૫૮૧.૯૭	૨.૫૮	૨.૭૦
૪	રાજપીપલા		૨૬૫૨.૦૧	૨.૬૫	૨.૭૫
૫	આમોદ		૨૫૮૪.૯૪	૨.૫૮	૨.૭૦
૬	ઝઘડીયા		૨૬૧૧.૫૪	૨.૬૧	૨.૭૦
૭	વટારીયા		૨૬૦૯.૫૪	૨.૬૧	૨.૭૦
૮	અંકલેશ્વર		૨૬૮૪.૩૪	૨.૬૮	૨.૮૦
૯	ભોલાવ		૨૫૮૮.૯૪	૨.૫૯	૨.૭૦
૧૦	ઉતરાજ		૨૬૦૯.૫૪	૨.૬૧	૨.૭૦
૧૧	અરગામા		૨૬૦૪.૩૪	૨.૬૦	૨.૭૦

વધુમાં કેરોસીન જથ્થાબંધ વિક્રતાઓએ ડેપો ડીલેવરીનાં જથ્થાબંધ ભાવ કોલમ નંબર ૩-૪ મુજબ અને છુટક વિક્રેતાઓએ ડેપો ડીલેવરીનાં છુટક વેચાણ ભાવ કોલમ નંબર ૫માં જણાવ્યા મુજબ લઈ શકશે તેથી વધુ ભાવ લઈ શકશે નહી.

ઉપર મુજબ જે કેરોસીન એજન્ટનાં ડેપોનાં સ્થળો માટે કેરોસીનનાં જથ્થાબંધ ભાવ બાંધ્યા છે. તે સિવાયનાં સ્થળો માટે કેરોસીનનાં છુટક વિક્રેતાઓ એ લીટરનાં ખરીદ ભાવ નીચે જણાવેલ કોઠામાં જણાવ્યા મુજબ અંતરનાં હિસાબે ટ્રાન્સપોર્ટ ખર્ચ છુટક વિક્રેતાના ધંધાના સ્થળે દર લીટરે રુપિયા ૦.૦૯ પૈસાનો માર્જીન મળીને એક લીટરની જે રકમ થાય તેથી નજીકનાં વેચાણ ભાંવ પાંચ અને પાંચ પૈસાનાં ગુણાંકમાં લઈ શકશે. તેથી વધુ ભાવ લઈ શકશે નહી વેચાણ કરનાર કોઈપણ એજન્ટ, જથ્થાબંધ કે છુટક વિક્રતા ફેરીયાં સામે ધી કેરોસીન (રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફીકશેશન ઓફ સેલીંગ પ્રાઈઝ ઓર્ડર ૧૯૯૩ ની કલમ ૪ (૧) સી તેમજ ગુજરાત આ આવશ્યક ચીજ વસ્તુ (પરવાના નિયંત્રણ અને જથ્થાં જાહેરાત આદેશ ૧૯૮૧ ની કલમ ૨૨ નો ભંગ ગણી કાયદેસરના શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે.

INDEX

કોઠો

૧. ૦ થી ૦૫ કી. મી સુધી એક લીટર રૂા. ૦.૦૭ પૈસા
૨ ૬ થી ૧૦ કી. મી. સુધી એક લીટર રૂા. ૦.૦૮ પૈસા
૩ ૧૧ થી ૨૦ કી. મી. સુધી એક લીટર દીઠ રૂા. ૦.૦૯ પૈસા
૪ ૨૧ થી ૩૦ કી. મી. સુધી એક લીટર દીઠ રૂા. ૦.૧૦ પૈસા
૫ ૩૦ થી વધુ અંતર માટે એક લીટર દીઠ રૂા. ૦.૧૧ પૈસા

કેરોસીન એજન્ટ તરફથી છુટક વિક્રેતાઓનાં ધંધાનાં સ્થળે જથ્થો સપ્લાય કરવામાં આવે ત્યારે તે અંતરનાં હિસાબે હેરફેર ખર્ચ ઉપર મુજબ એજન્ટ લઇ શકશે. તેથી વધુ ભાવો લઇ શકશે નહી. ઉપર મુજબ કેરોસીનનાં નવા ભાવો બાંધવામાં આવેલ છે તેનો અમલ તાત્કાલિક અસરથી કરવાનો રહેશે.

ભરૂચ, તારીખ ૧૬મી માર્ચ ૧૯૯૮.

એસ. અપર્ણા,
કલેકટર ભરૂચ.

સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ ૧૪૪ મુજબ :

નંબર જાહેરનામું વશી ૧૨૧૪ થી ૨૯/૯૮.— વડોદરા જિલ્લાનાં ડભોઈ ડિવીઝનના નીચે જણાવેલ તાલુકાઓની માધ્યમિક શાળાઓમાં તારીખ ૧૬મી માર્ચ, ૧૯૯૮થી તારીખ ૨૫ મી માર્ચ, ૧૯૯૮ના સમય દરમ્યાન માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા (એસ. એસ. સી.) તથા ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા (એચ. એસ. સી.) ની પરીક્ષાઓ લેવાનાર છે. સદરહું પરીક્ષા કેન્દ્રમાં અનધિકૃત વ્યકિતઓ પરીક્ષા કેન્દ્રના સ્થળે પ્રવેશ કરી શાંતિ જોખમે તેવો સંભવ છે. વિદ્યાર્થીઓ શાંતિથી પરીક્ષા આપી શકે તે માટે શાંતી જાળવવી અત્યંત જરૂરી હોઈ નીચે પ્રમાણે હુકમ કરવો જરૂરી જણાય છે.

વાસ્તે હું ડી. એન. મોદી (જી. એ. એસ.) સબ-ડિવીઝનલ મેજિસ્ટ્રેટ ડભોઈ ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૧૪૪(૧) હેઠળ મને મળેલ અધિકારની રૂએ આથી આદેશ આપું છું અને ફરમાવ્યું છું કે નીચે પરિશિષ્ટમાં જણાવેલ સમય દરમ્યાન માધ્યમિક શાળાઓના પરીક્ષા કેન્દ્રના સ્થળેથી ૨૦૦ મીટર વિસ્તાર પ્રતિબંધીત વિસ્તાર તરીકે જાહેર કરું છું. જેથી અનધિકૃત વ્યકિતઓએ દાખલ થવું નહી. કે દાખલ થવા દેવું નહી.

આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યકિતને ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ ૧૮૮ ની જોગવાઈ મુજબ પગલાં લેવાને પાત્ર થશે.

પરિશિષ્ટ

અનું. નંબર	તાલુકાનું નામ	શાળા / કેન્દ્રનું નામ	સમય
૧	૨	૩	૪
૧	ડભોઈ	શ્રી દયારામ શારદામંદિર હાઈસ્કુલ, ડભોઈ.	૧૬ ૩ ૧૯૯૮ થી ૨૫ / ૧૯૯૮
૨	ડભોઈ	શ્રી વિભાગ હાઈસ્કુલ, ડભોઈ	સદર
૩	ડભોઈ	શ્રી મહાદવીયા સાર્વજનિક હાઈસ્કુલ, ડભોઈ.	સદર
૪	ડભોઈ	શ્રી વિઠ્ઠલનાથજી હાઈસ્કુલ, ડભોઈ	સદર
૫	ડભોઈ	શ્રી એન. કે. મોદી હાઈસ્કુલ, ડભોઈ	—સદર
૬	ડભોઈ	શ્રી આર. જી. પંડયા હાઈસ્કુલ, ડભોઈ.	—સદર—
૭	શિનોર	શ્રી સાર્વજનિક હાઈસ્કુલ, શિનોર	સદર
૮	શિનોર	શ્રી પ્રાથમિક કુમારશાળા, શિનોર	સદર
૯	નસવાડી	શ્રીમતી એસ. બી. સોલંકી વિદ્યામંદિર, નસવાડી.	—સદર—
૧૦	નસવાડી	નસવાડી પ્રાથમિક કુમારશાળા, નસવાડી.	—સદર—
૧૧	વાઘોડીયા	જી. એન. જી. સાર્વજનિક હાઈસ્કુલ, વાઘોડીયા.	—સદર—

આજ તારીખ ૧૬ મી માર્ચ, ૧૯૯૮ ના રોજ મારી સહી તથા કોર્ટનું સીલ કર્યુ,

ડી. એન. મોદી,
સબ-ડિવીઝનલ મેજિસ્ટ્રેટ, ડભોઈ.

PRINTEDT AT THE GOVERNMENT PRESS VADODARA.

INDEX

REGISTERED No. G-BA 14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] THURSDAY, APRIL 16, 1998 / CAITRA 26, 1920 [No. 16

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part-I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notification, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders other than those published in Part I A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	145-150
Part I-A	Orders and Notifications, (other than those published in Part IV-B) under the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette.	16
Part I-B	Government Notifications published under Land Acquisition Act only.	201-204
Part I-L	Notifications, Orders and Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.	706-732

MISCELLANEOUS, NOTIFICATIONS AND APPOINTENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૩ ની પેટા-કલમ (૧) (બી) હેઠળનો નિયમ.

ક્રમાંક જાહેરનામુ ઉ/ગ્રપક/૬૫૧૪/૯૮.—મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના મુંબઇના ૨૨માંની કલમ-૩૩ ની પેટા કલમ (૧) (બી) હેઠળ મળેલ સત્તાની રૂએ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની હદ વિસ્તારમાં આવેલ ગોત્રી વિસ્તારના વોર્ડ નં. ૧૭ માં રીક્ષા સ્ટેન્ડ નક્કી કરવા અંગે પ્રાથમિક જાહેરનામું ક્રમાંક ઉ/ગ્રપક/૨૭૯૭૪/૯૭, તારીખ ૨૯મી ડિસેમ્બર ૧૯૯૭ થી પ્રસિધ્ધ કરેલ જે જાહેરનામું ગુજરાત સરકારશ્રીના ગેઝેટ અંક-૧, તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૮ ના ભાગ-૧ માં પાન ૨ ઉપર પ્રસિધ્ધ થયેલ જે જાહેરનામા સામે સમય મર્યાદામાં કોઇ વાંધા સુચનો આવેલ ન હોઇ નીચે મુજબનું આખરી જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવે છે.

INDEX

આખરી જાહેરનામાનો મુસદ્દ

મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના મુંબઇના-૨૨માંની કલમ-૩૩ ની પેટા કલમ (૧) (બી) હેઠળ મળેલ સત્તાની રૂએ હું આર. એમ. એસ. બ્રાર પોલીસ કમિશનર વડોદરા શહેર વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની હદ વિસ્તારમ આવેલ ગોત્રી વિસ્તારના વોર્ડ નં ૧૭માં લોકોને /ભય અગવડતા થાય અને વાહન વ્યવહાર સરળતાથી પસાર થાય તે હેતુસર નિચે મુજબ ઓટોરીક્ષાઓને ઉભા રહેવા માટેના સ્ટેન્ડ નક્કી કરૂ છું.

જગ્યા	સંખ્યા
(૧) ગોત્રી મેનરોડ ઉપર ડાબી બાજુએ ગાયત્રી સોસાયટી સામે, તુષાર જનરલ સ્ટોર્સ પાસેથી ઉત્તર તરફ મોઢુ રાખી આગળ પાછળ ઉભી રહેશે.	૭
(૨) ગોત્રી વિસ્તારનાં અંબિકાનગર ચાર રસ્તા પાસે ઈલેક્ટ્રીક થાંભલા નં. એ/૭૩/૧ની પાછળ રોડની, ડાબી બાજુએ પૂર્વ દિશા તરફ મોઢું રાખી આગળ ઉભી રહેશે.	૫

મેં આજરોજ તારીખ ૨૫મી માર્ચ ૧૯૯૮ ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

આર.એમ. એસ. બ્રાર,
પોલીસ કમિશનર
વડોદરા. શહેર.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ની કલમ -૩૩(૧)(ખ) અન્વયેનો હુકમ.

આમુખ:

(૧) ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા નવસારીના પત્ર નં. ૨૨૫૦/૯૭-૯૮. તારીખ ૯ની ફેબ્રુઆરી ૧૯૯૮.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, નવસારીના પત્ર નં. પરચ/સીબી//જા.વ. નં. ૫૯૦/૯૮. તારીખ ૨૧ની ફેબ્રુઆરી ૧૯૯૮.

(૩) ચીફ ઓફિસરશ્રી નગરપાલિકાના પત્ર નં. ૨૪૬૧/૯૭-૯૮, તારીખ ૧૬મી માર્ચ ૧૯૯૮.

(૪) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, તારીખ ૧૮મી માર્ચ, ૧૯૯૮નાં પત્ર.

હુકમ

નંબર ડીસીબી/એમ.એ.જી/વશી/૪૬૩/૯૮.—આમુખ-૩માં જણાવ્યા મુજબ ચીફ ઓફિસર નવસારીનાં તારીખ ૧૬મી માર્ચ ૧૯૯૮ પત્ર મુજબ જાહેરનામામાં મુદતમાં લંબાવવામાં આવે છે. તારીખ ૨૧મી માર્ચ ૧૯૯૮ થી ૧લી એપ્રિલ ૧૯૯૮ સુધી સમય દરમ્યાન ચારપુલથી બેસ્ટાપાન હાઉસ સુધી ડ્રેનેજ લાઈન નાંખવાની કામગીરી કરવાને હોય મુખ્ય રસ્તા ઉપર ખોદકામ કરવામાં આવશે. જેથી આ રસ્તા ઉપર સદરહુ કામગીરી દરમ્યાન કોઈપણ પ્રકારના વાહનો અવર-જવર કરી શકશે નહીં. જેથી આ અંગે ઉપરોકત સમય દરમ્યાન તમામ વાહનો, બાદાલી, મટવાડ, ઓંજલ, અબ્રામા માછીવાડ વિગેરે કાંઠા વિસ્તારમાં જતી બસો નાથાણા થઈ લુન્સીકુઈ, કેસારપરોડ દરગાહ રોડ થઈ પ્રજાપતિ આશ્રમથી જઈ શકશે. તથા તે જ વિસ્તારમાંથી આવતી બસો ટાવર સેન્ટલ બેંક સયાજી લાઈબ્રેરી પાંચ હાંટડી નાથાણા થઈ એસ.ટી. ડેપો થઈ શકશે. રસ્તો ફકત ચાર પુલથી પ્રજાપતિ આશ્રમ સુધીનો બંધ રહેશે.

ઉપરોકત જાહેરનામુ સબબ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના (સને ૧૯૫૧ (૨૨) ની કલમ-૩૩ની પેટા કલમ (૧) ના કલોઝ (ખ) મને મળેલ થી સત્તાની રુએ હું, બી. એન. જોષી, આઈ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી આ જાહેરનામુ બહાર પાડું છું. આ હુકમનો અનાદર કરનાર કે ભંગ કરનાર સામે મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની (૨૨માં) કલમ-(૧૩૧) માં ઠરાવ્યા મુજબ શિક્ષાને પાત્ર થશે.

નવસારી, તારીખ ૨૦મી માર્ચ ૧૯૯૮.

બી. એન. જોષી,
જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વાર

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭(૧) અન્વયે કાઢેલ હુકમ.

ક્રમાંક એમ.એ.જી. વશી. ૧૧૬૮-૮૬.—નર્મદા જિલ્લામાં કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈનાં ૨૨માં અધિનિયમની કલમ-૩૭)ની પેટા કલમ-(૧) અન્વયે મળેલ સત્તાની રુએ હું એમ.ડી. મોડીયા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા જાહેર શાંતિ અને સલામતી સારું ફરમાવું છું. કે કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૧૪મી માર્ચ ૧૯૯૮ થી તારીખ ૩૦મી માર્ચ ૧૯૯૮ સુધી.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધારીયા, ધોકા, છરા, લાકડી, કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈ સાધન સાથે લઈ જવું નહિ.

(૨) કોઈપણ ક્ષયકારી, પદાર્થ, સ્ફોટક પદાર્થ, સાથે લઈ જવા નહિ.

(૩) પથ્થર અથવા હાનિકારક પ્રવાહી રસાયણ, છાંટવા અથવા ફેકવા નહિ, અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી બીજી વસ્તુઓ ફેકવાના કે ધકેલવાના યંત્રો અથવા સાધનો લઈ જવા નહિ.એકડા ટકરવા નહી તથા તૈયાર કરવા નહિ.

(૪) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહિ.

(૫) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો ,પોકારવા નહિ. અસ્લિલ ગીતો ગાવા નહિ અથવા ટોળામાં ફરવું નહિ.

(૬) જેનાથી સુરુચિ નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું, નહિ તેવા હાવ ભાવ કરવા નહિ તથા તેવા ચિત્રો પત્રિકા, પોષ્ટકાર્ડ અથવા બીજા કોઈ પણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહિ. બનાવવા નહિ, તથા તેનો ફેલાવો કરવો નહી.

INDEX

આ હુકમ નીચેની વ્યકિતને લાગુ પડશે નહિ:

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતઓને કે જેને તેના ઉપરી અધિકાર એ આવું કોઈ પણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય, અથવા આવું કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય,

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ તેને અધિકૃત કરેલા કોઇ પણ પોલીસ અધિકારીને જેને શારીરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી શકાય તે વ્યકિતને,

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી નર્મદા અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી નર્મદા આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતઓને,

અનુસૂચિ

'નર્મદા જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાંના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધી ની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

આજ તારીખ ૧૪મી માર્ચ ૧૯૯૮ ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૩) અન્વયે કાઢેલો હુકમ

ક્રમાંક એમ એ જી/વશી/૧૧૮૭-૧૨૦૫.—નર્મદા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં વ્યકિતઓની કોઇ મંડળી સરઘસની મનાઈ કરવાનું મને જરૂર જણાય છે.

તેથી હવે મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઇના ૨૨)માં ની કલમ ૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂએ હું એમ. ડી. મોડીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ (રાજપીપલા) આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૧૪મી માર્ચ ૧૯૯૮ ના દિવસે સવારના ૦૦-૦૦ કલાકથી તારીખ ૩૦મી માર્ચ ૧૯૯૮ ના રોજ સાંજના ૨૪-૦૦ સુધી (બંને દિવસો સુધ્ધા) ની મુદત માટે નર્મદા જિલ્લામાં ચાર કરતા વધુ વ્યકિતઓની કોઇ મંડળી સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

અનુસૂચિ

વધુમાં હું આદેશ કરુ છું કે આ હુકમની નીચેનાને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને
(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને
(૩) કોઇ લગ્નના વરઘોડાને.
(૪) કોઇપણ સ્મશાનયાત્રાને.

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનાર મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૫ (૧) મુજબ અને ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ (સને ૧૮૬૦ ના ૪૫માં) ની કલમ ૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૪મી માર્ચ ૧૯૯૮ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

એમ. ડી. મોડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા રાજપીપલા.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ ૩૭ (૧)મુજબનું.

નંબર ઉ/મકપ/પલસ/મજસ/વશી/૧૭૮૮ થી ૧૮૪૩.— આગામી તારીખ ૨૭મી માર્ચ ૧૯૯૮ થી ૨૬મી એપ્રિલ ૧૯૯૮ દરમ્યાન બકરી ઈદ, મહાવીર જયંતિ, ગુડ ફ્રાઈડે, અને ડો. આંબેડકર જયંતિ જેવા તહેવારોની ઉજવણી થનાર હોઇ જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઇ રહે અને શાંતીમય વાતાવરણ રહે તે માટે મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) હેઠળ જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

જેથી મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું જે. એમ. પટેલ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા આથી ફરમાવું છું કે, સમગ્ર પંચમહાલ જીલ્લામાં તારીખ ૨૭મી માર્ચ ૧૯૯૮ થી તારીખ ૨૬મી એપ્રિલ ૧૯૯૮ (બંન્ને દિવસો સહિત).

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, બંદૂક, છરો, લાકડી કે લાઠી અથવા શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવો નહી.

(ગ) પથ્થર અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તો વસ્તુઓ ફેકવાની ધકેલવાના યંત્રો સાધનો સાથે લઈ જવા નહી એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહી, મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવા નહી અપમાન કરવાના અથવા જાહેરમાં બીભત્સ સુત્રો પોકારવા નહી અશ્લીલ ગીતો ગાવા નહી.

(ઘ) જેનાથી સુરૂચિ અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી તથા તેવા પત્રકો પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવા નહી બતાવવા નહી અથવા તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઇ વ્યકિતઓને જેના ઉપરી અધિકારીએ આવું કોઇપણ હથિયાર લઇ જવાનું ફરમાવ્યું હોયા અથવા આવું હથીયાર લઇ જવાની જેથી ફરજ હોય પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રીની નીચેની પાયરીના ન હોય તેવા અધિકારીએ જેને શારીરીક અશકિતના કારણે લાકડી લાઠી લઇ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

આજ રોજ તારીખ ૨૪મી માર્ચ ૧૯૯૮ના રોજ મારી સહી તથ સિકકો કરી આપવામાં આવ્યો.

જે. એમ. પટેલ,
અધિક જીલ્લા મેજિસ્ટ્રેટ
પંચમહાલ, ગોધરા.

INDEX

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલિસ અધિનિયમની કલમ-૩૭(૪) હેઠળનું.

નંબર પલસ/ફાયરીંગ/શેરુલા/વશી-૨૦૬૯.—સુરત જિલ્લાના ઉકાઈ ખાતે રાજય અનામત પોલિસ દળ જુથ-૧૧ના વાવના અધિકારીઓ અને પોલિસ કર્મચારીઓનો વાર્ષિક ગોળીબાર પ્રેકટીશ કાર્યક્રમ તારીખ ૧૦મી માર્ચ ૧૯૯૮ થી ૩૦મી માર્ચ ૧૯૯૮ સુધી શેરુલા ખાતેના ફાયરીંગ બટ ખાતે રાખવામાં આવેલ છે. સબબ આ વિસ્તાર ની હદમાં તથા આજુબાજુ રહેતી પ્રજાજનોની સલામતી સારુ હું, વી.ડી. અસારી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪) મુજબ મળેલ અધિકારની રૂએ ફરમાવુ છુ કે, સોનગઢ તાલુકાના ઉકાઈ શેરુલા ફાયરીગ બટ ઉપર તારીખ ૧૦મી માર્ચ ૧૯૯૮ થી ૩૦મી માર્ચ ૧૯૯૮ સુધી ગોળીબાર પ્રેકટીશનો કાર્યક્રમ હોઈ સદરહુ વિસ્તારની આજુબાજુ રહેતા તથા બહારની કોઈપણ અનઅધિકૃત વ્યકિતઓ તેમજ ચરાવ-વામાં આવતા ઢોર ઢાંખર વિગેરેએ સદરહુ ફાયરીગ બટ વિસ્તારોની આજુબાજુ ૧૦૦ મીટર વિસ્તારમાં તારીખ ૧૦મી માર્ચ ૧૯૯૮ થી ૩૦મી માર્ચ ૧૯૯૮ સુધી પ્રવેશ કરવો નહી તથા તે વિસ્તારમાં હરવુ ફરવું નહી

આ હુકમનો ભંગ કરનાર ઈન્ડિયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૨મી માર્ચ-૧૯૯૮ના રોજ મારી સહી સિકકો કરી આપ્યો.

વી. ડી. અસારી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત.

કાર્યકારી મેજિસ્ટ્રેટ અને મામલતદાર દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ,૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે હુકમ.

નંબર એમએજી-વશી-૭૨૮-૩૫/૯૮.—આગામી તા. ૧૬મી માર્ચ ૧૯૯૮ થી ૨૮મી માર્ચ ૧૯૯૮ સુધી ગુજરાત માધ્યમીક શિક્ષણ બોર્ડ દ્વારા એસ.એસ.સી. તથા એચ.એસ.સી. ની પરીક્ષાઓ લેવાનાર છે. આ પરીક્ષાઓ શાંત વાતાવરણમાં લેવાય, કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પરીક્ષા કેન્દ્રની આજુબાજુના વિસ્તારમાં લોકો-ના ટોળા ભેગા થઈ પરીક્ષાની કાર્યવાહીમાં અવરોધ ઉભો ન કરે અને વિદ્યાર્થીઓ શાંતીથી પરીક્ષા આપી શકે તે માટે પરીક્ષા કેન્દ્રના ૨૦૦ મીટર ત્રિજ્યાના વિસ્તારને પ્રતિબંધ વિસ્તાર તરીકે જાહેર કરવો અનિવાર્ય છે.

પરીક્ષાના સમય દરમ્યાન બહારના માણસો અન્ય ગુન્હાહીત તત્વો અન અધિકૃત તત્વો દ્વારા કોઈ અડચણ ઈજા થવાના અથવા જાહેર સુલેહ શાંતી નો ભંગ થવાના અથવા હુલ્લડ, બખેરો થવાના પ્રસંગ ઉપસ્થિત ન થાય વળી પરીક્ષાર્થીઓ અને પરીક્ષા સંચાલકો સરળતા-થી નિર્ભય રીતે પરીક્ષા કેન્દ્રો ઉપર જઈ શકે, પરીક્ષા આપી શકે તે માટે ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ ૧૪૪ મુજબ-નું જાહેરનામું અમલમાં મુકવુ આવશ્યક છે.

જેથી હું આઈ.એસ. પટેલ કાર્યકારી મેજિસ્ટ્રેટ અને મામલતદાર, પાદરા જિલ્લો વડોદરા ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ ૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે, આમ જાહેર જનતાએ પાદરા નગરમાં આવેલ શાળાઓના પરિક્ષા કેન્દ્રો. તેમજ તાલુકા મથકે લેવાનાર પરીક્ષા કેન્દ્રોના વિસ્તારમાં એટલે કે પરીક્ષા કેન્દ્રોથી ૨૦૦ મીટરની ત્રિજ્યાના અંતરે ૪ થી કે તેનાથી વધારે સંખ્યામાં અમારી પરવાનગી વગર ભેગા થવુ નહી, સભાઓ ભરવી નહી. સરઘસ કાઢવું નહી, સુત્રોચાર પોકારવા નહીઅથવા સુલેહ શાંતીનો ભંગ થાય તેવુ કૃત્ય કરવું નહી.

૫. ઉપરોકત પ્રતિબંધ ઉપરાંત પરીક્ષા કેન્દ્રોથી ૨ કી.મી. ની ત્રિજ્યામાં આવેલી તમામ ઝેરોક્ષના સેન્ટરો ઉપરોકત પરીક્ષાના તા. ૧૬મી માર્ચ ૧૯૯૮ થી ૨૮મી માર્ચ ૧૯૯૮ દિવસો સવારના ૯/૦૦ કલાથી સાંજના ૧૮/૦૦ કલાક સુધી તમામ ઝેરોક્ષ સેન્ટરોનાં સંચાલકશ્રીઓએ પોતાના ઝેરોક્ષ સેન્ટરો બંધ રાખવાના રહેશે.

સદરહુ પ્રતિબંધનો અમલ તારીખ ૧૬મી માર્ચ ૧૯૯૮ થી ૨૮મી માર્ચ ૧૯૯૮ પરીક્ષા સુધીના સમય દરમ્યાન સવારન ૯/૦૦ કલાક થી સાંજના ૧૮/૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામું જાહેર ટ્રાફીકને અસર કરશે નહી. તેમજ પરીક્ષા કેન્દ્રોનાં ફરજ પરના અધિકરી / કર્મચારીઓને લાગુ પડશે નહી.

આ જાહેરનામા ઉપર તારીખ ૧૨મી માર્ચ ૧૯૯૮ના રોજ મારી સહી તથા સીક્કો મારી બહાર પાડેલ છે.

આઈ. એસ. પટેલ,
મામલતદાર અને એકઝીકયુટીવ
મેજિસ્ટ્રેટ, પાદરા.

એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ દ્વારા

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ નાં કલમ ૧૪૪ અન્વયે

નંબર પી. ઓ. એલ./જાહેરનામું/માર્ચ /૯૮.—આગામી તારીખ ૧૬મી માર્ચ ૧૯૯૮થી સમગ્ર ગુજરાત રાજ્યમાં ધોરણ ૧૦ (એસ. એસ.સી. અને ધોરણ ૧૨ (એચ. એસ. સી. ની પરીક્ષાઓ શરુ થાય છે. જેના અનુંસંધાનમાં કાયદા અને વ્યવસ્થાની પરિસ્થતિ જળવાઈ રહે, સુલેહશાંતિનો ભંગ ન થાય અને પરીક્ષાઓ સ્વચ્છ વાતાવરણમાં લેવાય તે માટે અને કોઈ અનિચ્છનીય બના બને તે તેને અટકાવવો ખાસ જરુરી હોઈ તથા ઝડપી ઉપાયો યોજવાનું ઈચ્છનીય છે. તેથી મને ખાત્રી થઈ છે કે ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે પગલાં લેવાં પુંરતાં કારણો છે. વર્તમાન પરિસ્થતિ ધ્યાને લેતાં જાહેર જનતાના હીતમાં ઉપરોકત કલમ અનુંસાર હુકમ કરવા માટે પુરતા કારણો છે.

વાસ્તે હું, ઓ. સી. રાઠોડ, એકઝીકયુટવ મેજીસ્ટ્રેટ બાયડ ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે નીચે અનુંસંધમાં જણાવેલ વિસ્તારમાં અવરજવર કરનારા તથા પ્રાસંગોપાત આવા શખ્શોએ

અનુસૂચિમાં નિર્દેશ કરેલા વિસ્તાર પુરતી તે અનુસુચિમાં દર્શાવેલ સમયે વિસ્તારની અંદર આવેલ કોઈપણ માર્ગ, જાહેર રાહદારી રસ્તાઓ, રાજમાર્ગ, શેરીઓ, ગલીઓ, તેમજ પેટાગલીઓમાં સવારી કરવી નહીં. રખડવું નહીં અથવા ફરવું નહીં. તેમજ તેનો બીજો કોઈ ઉપયોગ કરવો નહિ. તેમજ ચાર કે તેથી વધુ માણસોએ ભેગા થવું નહીં કે જાહેર સુલેહ શાંતિનો ભંગ થાય તેવી કોઈપણ કામગીરી કરવી નહીં.

અનુસુચિ

ક્રમ ૧	ગામ ૨	હાઈસ્કુલ વિસ્તાર ૩	તારીખ અને સમય ૪
૧	બાયડ ૧	શ્રી એન. એચ. શાહ હાઈસ્કુલ બાઠે ઉચ્ચતર માધ્યમિક શાળા મુખ્ય મકાન ઉપરના મકાનોની ચારેય દિશામાં આવેલ કંપાઉન્ડ વોલથી ચારેય દિશામાં ૨૦૦ મીટરની હદમાં.	૧૬મી માર્ચ ૧૯૯૮થી ૨૭મી માર્ચ ૧૯૯૮ ૧૦ ૦૦ કલાકથી ૨૪ ૦૦ કલાક સુધી
૨	બાયડ ૨	સરસ્વતી હાઈસ્કુલ બાયડ ઉપરના ચારેય દિશામાં કંપાઉન્ડ વોલથી ૨૦૦ મીટરની હદમાં.	સદર
૩	ગાબટ-૧	શ્રી સુરજબા હાઈસ્કુલ ગાબટની ચારેય દિશામાં કંપાઉન્ડ વોલ/હાઈસ્કુલ ની માલીકીની જમીનની હદથી ૨૦૦ મીટરની હદમાં.	૧૬મી માર્ચ ૧૯૯૮ થી ૨૭મી માર્ચ ૧૯૯૮ ૧૦-૦૦ કલાક થી ૨૪-૦૦ કલાક
૪	સાઠંબા ૧	સાઠંબા વિકાસ વિદ્યામંદિર સાઠંબાની ચારેય દિશામાં કંપાઉન્ડ વોલથી ૨૦૦મી. ની હદમાં.	સદર
૫	જીતપુર	(૧) શ્રી એમ. પી. શાહ હાઈકુલ, જીતપુર (૨) જીતપુર પ્રા. શાળાનું મકાન ઉપર ના બં બંને મકાનોની ચારેય દિશામાં કં. પા. વોલથી ૨૦૦મી. હદમાં.	સદર
૬	આંબલીયારા	(૧) આંબલીયારા હાઈસ્કુલ મકાન તથા હાઈસ્કુલનુ માતાજીવાળું મકાન (૨) આંબલીયારા પ્રા. શાળા ઉપરના તમામ મકાનોની ચારેય દિશામાં કંપાઉન્ડ વોલથી ૨૦૦ મી. ની હદમાં.	સદર

૧	૨	૩	૪
૭	બોરોલ	(૧) આર. વી. પટેલ હાઈયર સેકન્ડરી સ્કુલ, બોરોલ (૨) યુવક વિકાસ ટ્રસ્ટ, બિલ્ડીંગ ઉકત બંને મકાનની ચારેય દિશામાં કંપા. વોલથી ૨૦૦ મીટરની હદમાં	સદર
૮	ઈન્દ્રાલ-૧	શ્રેયસ વિદ્યાલય ઈન્દ્રાણના મકાનની ચારેય બાજુની કંપાઉન્ડ વોલથી ૨૦૦ મીટરની હદમાં	સદર
૯	આકરુન્દ્ર	શ્રી પી. કે. ફણસે વિદ્યાલય આકરુન્દ મકાનની ચારેય દિશામાં કંપાઉન્ડ વોલ થી ૨૦૦ મી. ની હદમાં	સદર

અપવાદ.—આ જાહેરનામામાં નિર્દેશ કરેલ હુકમો નીચેનાને લાગુ પડશે નહી.

(૧) પરીક્ષાઓના કામ માટે રોકાયેલ ફરજ પરના સરકારી અથવા અર્ધસરકારી અધિકારીઓ તથા કર્મચારીઓ.
(૨) લાગુ રાહદારી રસ્તેથી થઈને જતા આવતા રાહદારીઓ, વાહનો, વટેમાર્ગુઓ વિગેરે
(૩) કોઈપણ સ્મશાન યાત્રાને
(૪) લગ્ન પ્રસંગે, સમારંભે જતા આવતા વરઘોડાને વિ.
(૫) અધિકૃત સરકારી કામગીરી માટે નિયુકત કરેલ હોય તેવી કોઈપણ વ્યકિત/કર્મચારી વિગેરે.
(૬) કાયદો તથા વ્યવસ્થા જાળવવા માટે રોકાયેલ પોલીસ ફોર્સના અધિકારી તથા કર્મચારીઓ વિગેરે
(૭) પરીક્ષા આપવા માટે જતા આવતા વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓ વિગેરે.

મે. આજ તારીખ ૧૦મી માર્ચ ૧૯૯૮ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

એ. સી. રાઠોડ,
એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,
બાયડ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G—BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] THURSDAY, APRIL 23, 1998 / VAISAKHA 3, 1920 [No. 17

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B, and Part I-L

	Pages		Pages
Part I-Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	151-157	Part I-B-Government Notifications published under Land Acquisition Act only.	205-210
Part I-A-Orders and Notifications, other than those published in Part IV-1 under the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette.	17	Part I-L-Notifications, Orders and Awards, other than those published in Parts I, IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.	733-790

Miscellaneous Notifications, Appointments, etc.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩ ની પેટા કલમ (૧) (બી) હેઠળનો નિયમ

ક્રમાંક જાહેરનામા ઉ / ગપક / ૬૭૫૩/૯૮.— મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ નાં મુંબઈના ૨૨ મા ની કલમ ૩૩ ની પેટા-કલમ (૧) (બી) હેઠળ મળેલ સત્તાની રૂએ વડોદરા શહેર પોલીસ કમીશનરેટ વિસ્તારમાં આવેલ ફતેગંજ મેઈનરોડ ઉપર તમામ પ્રકારના ભારદારી વાહનો તથા ખાનગી પેસેન્જર વાહનોને પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ મુકવા અંગે બહાર પાડવા ધારેલા જાહેરનામાનાં મુસદ્દાથી અસર પામતા લાગતાં વળગતા તમામની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે કે, સદરહુ જાહેરનામું ગુજરાત સરકારશ્રીના ગેઝેટમાં પ્રસિધ્ધ થયાની તારીખથી દિન ૩૦માં કોઈપણ વ્યકિત / સંસ્થા તરફથી વાંધાસુંચનો લેખીતમાં પોલીસ કમીશનર વડોદરા શહેરનાઓ તરફ મોકલવામાં આવશે તો તે અંગે યોગ્ય વિચારણા કરવામાં આવશે.

પ્રાથમીક જાહેરનામાનો મુસદ્દો

મુંબઈ પોલીસ અધિનીયમ સને ૧૯૫૧ નાં મુંબઈના ૨૨ માંની કલમ ૩૩ની પેટા કલમ (૧) (બી) હેઠળ મળેલ સત્તાની રૂએ વડોદરા શહેર પોલીસ કમીશનરેટ વિસ્તારમાં આવેલ નરહરી આરોગ્ય કેન્દ્રથી ફતેગંજ વુડા ઓફીસ સુધીના ફતેગંજ મેઈન રોડ ઉપર લોકોને અગવડતા ના થાય તથા વાહન વ્યવહાર સરળતાથી પસાર થાય તે હેતુસર તમામ પ્રકારના ભારદારી વાહનો તથા ખાનગી પેસેન્જર વાહનોને પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ મુકવા અંગેનો નીચે મુજબ નિયમ કરૂં છું.

(૧) નરહરી આરોગ્ય કેન્દ્રથી ફતેગંજ વુડા ઓફીસ સુધીના ફતેગંજ મેઈનરોડ ઉપર સવારના કલાક ૦૯ ૦૦ થી રાત્રીના કલાક ૨૧-૦૦ સુધી તમામ પ્રકારનાં ભારદારી વાહનો જેવા કે ટ્રક, ટેન્કર, મેટાડોર વિગેરે જેવા ગુડઝ વાહનો તથા લકઝરી મીની લકઝરી જેવા ખાનગી પેસેન્જર વાહનોને નરહરી આરોગ્ય કેન્દ્ર સામે આવેલ ટ્રાફીક સર્કલ તરફથી પ્રવેશ કરી ફતેગંજ વુડા ઓફીસ તરફ જવા તથા વુડા ઓફીસથી પ્રવેશ કરી સદર રોડ ઉપર થઈ નરહરી આરોગ્ય કેન્દ્ર તરફ આવવા ઉપર પ્રતિબંધ કરવામાં આવે છે. આમ રોડનાં બન્ને છેડા ઉપરથી પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ રહેશે.

ઉપરોકત પ્રતિબંધના કારણે ફતેગંજ વુડા ઓફીસ થઈ હરણી રોડ કે ગોધરા બાજુ જવા માગતા વાહનો, ફાઉન્ટન રોડ ઉપર થઈ ફતેગંજ પોસ્ટ ઓફીસથી વળાંક લઈ ફતેગંજ વુડા ઓફીસ થઈ વીઆઈપી રોડ થઈ જઈ શકાશે.

ગ્રામ્ય / શહેરી બસ સેવાને ઉપરોકત પ્રતિબંધમાંથી મુકતી આપવામાં આવે છે.

મેં આજ રોજ તારીખ ૩૦ માહે જાન્યુઆરી, ૧૯૯૮ ના રોજ મારી સહી કરી સીક્કો મારેલ છે.

આર. એમ. એસ. બ્રાર,
પોલીસ કમિશ્નર, વડોદરા શહેર.

BY DISTRICT JUDGE

Notification

No. CB/435 of 1998 :—Under the powers vested in him under Paragraph 628, page 265 of Chapter XXXI of the Civil Manual, Volume 1, 1960, the District Judge, Vadodara, directs the closing of all the Civil Courts in Vadodara District during Annual Summer Vacation for a period of Five weeks commencing from Monday, May 11, 1998 to Sunday June 14, 1998 (both days inclusive) and One Week from Monday October 26 1998 to Sunday November 1st 1998 (both days inclusive) as approved under High Court letter cited in the preamble.

The Offices of the Nazir and the Record-Keeper, District Court, Vadodara, the Nazir Small Cause Court, Vadodara and those of the Nazirs of the Civil Courts in the District, shall remain opened during the Vacation on all working days.

Vadodara, 26th March 1998.

D. P. BUCH,
District Judge,
Vadodara.

જિલ્લા ન્યાયાધીશ દ્વારા

જાહેરનામું

વંચાણે લીધો :—ગુજરાત હાઈકોર્ટના પત્ર નંબર સી ૨૧૦૩/૯૭,
તારીખ ૨૪ મી માર્ચ, ૧૯૯૮.

નંબર સી.બી. ૪૩૫ સને ૧૯૯૮.— આમુખમાં દર્શાવેલ હાઈકોર્ટના પત્રથી મંજુરી મળ્યા અન્વયે અને સીવીલ મેન્યુઅલ, ૧૯૬૦, ભાગ ૧ પાના ૨૬૫, પ્રકરણ ૩૧, ફકરા ૬૨૮ થી મળેલા અધિકાર અન્વયે વડોદરા જિલ્લા ન્યાયાધીશ, વડોદરા જિલ્લાની તમામ દિવાની અદાલતો સોમવાર તા. ૧૧મી મે, ૧૯૯૮થી રવિવાર તારીખ ૧૪ મી, જુન, ૧૯૯૮ સુધી (બંન્ને દિવસો સાથે) પાંચ સપ્તાહ માટે અને સોમવાર તારીખ ૨૬ મી ઓકટોબર, ૧૯૯૮ થી રવિવાર તારીખ ૧ લી નવેમ્બર, ૧૯૯૮ સુધી એક સપ્તાહ માટે વેકેશન સબબ બંધ રાખવાનું ઠરાવે છે.

જિલ્લા ન્યાયાલય, વડોદરાની નાઝર શાખા તથા રેકર્ડ શાખા તેમજ સ્મોલ કોઝ કોર્ટ, વડોદરાની નાઝર શાખા અને તમામ દિવાની અદાલતોની નાઝર શાખાઓ ઉપરોકત વેકેશન દરમ્યાન કામકાજના દિવસોએ ખુલ્લી રહેશે.

વડોદરા, તારીખ ૨૬મી માર્ચ, ૧૯૯૮.

ડી. પી. બુચ,
જિલ્લા ન્યાયાધીશ, વડોદરા.

Read : High Court Letter No. C 2103/98, dated 3rd March 1998.

Notification

No. B/10/454 of 1998 :—Under the Powers vested in him under paragraph 629, Chapter XXXI, Civil Manual, Volume-1, 1960. The District Judge, Surat, with the previous permission of the High Court, directs the closing of all the Civil Courts in the Judicial District of Surat for the ensuing Annual Summer Vacation for Five weeks commencing from Monday 11th May, 1998 to Sunday 14th June 1998 (both days inclusinve)

The District, Judge, Surat further directs the closing of all the Civil Courts of the Judicial District of Surat, for the remaining period of Annual Summer Vacation for One week commencing from Monday 26th October, 1998 to Sunday 1st November 1998 (both days inclusive) suffixing Diwali Holidays.

The Offices of the Nazir and the Record keeper, District Court, Surat, the Nazir, Small cause Court Surat and the Nazirs of all the Civil Courts in the District shall remain open during the aforesaid period of vacation on working days.

Surat, Dated 23rd March, 1998.

A. A. KURESHI,
District Judge,
Surat.

INDEX

જાહેરનામું

ક્રમાંક નંબર બી. ૧૦/૪૫૪ સને ૧૯૯૮.— હાઈકોર્ટ સીવીલ મેન્યુઅલ ૧૯૬૦ના ભાગ ૧ ના પેરેગ્રાફ ૬૨૯ ચેપ્ટર ૩ ૧ અન્વયે પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ સુરતના ડીસ્ટ્રીકટ જજશ્રી હાઈકોર્ટની પુર્ણ મંજૂરી સાથે આથી જાહેર કરે છે કે. સુરત જિલ્લાની તમામ દિવાની અદાલતો વાર્ષિક ઉનાળાના વેકેશન માટે પાંચ અઠવાડીયા પુરતું સોમવાર તારીખ ૧૧ મી મે, ૧૯૯૮ થી તારીખ ૧૪ મી જૂન, ૧૯૯૮ રવિવાર (બંન્ને દિવસો સહિત) સુધીના સમય માટે બંધ રહેશે.

સુરતના ડીસ્ટ્રીકટ જજશ્રી વધુમાં આથી જાહેર કરે છે કે. સુરત જિલ્લાની તમામ દિવાની અદાલતો વાર્ષિક ઉનાળા વેકેશન બાકીના એક અઠવાડીયા માટે તારીખ ૨૬ મી ઓકટોબર. ૧૯૯૮ સોમવાર થી તારીખ ૧ લી નવેમ્બર, ૧૯૯૮ રવિવાર (બંન્ને દિવસો સહિત) દિવાની રજાના દિવસો જોડીને બંધ રહેશે.

સુરત ડીસ્ટીકટ કોર્ટની નાઝર તથા દફતરીની કચેરીઓ તથા જિલ્લામાં આવેલી તમામ દિવાની અદાલતોની નાઝરની કચેરીઓ વેકેશન દરમયાન તમામ કામના દિવસોએ કામકાજ માટે ખુલ્લી રહેશે.

સુરત, તારીખ ૨૩મી માર્ચ, ૧૯૯૮.

એ. એ. કુરેશી,
જિલ્લા ન્યાયાધીશ, સુરત.

BY COMPETENT AUTHORITY AND DEPUTY COLLECTOR

Notification

THE URBAN LAND (CEILING AND REGULATION) ACT, 1976.

[Section 10 (1) *read* with Rule 6]

No. ULC-6(i)Case No. 778/84/130/82/Surat city/Unit-4.—Whereas draft statement dated 6th November 1982 was servedon Shri Pratapbhai Sarabhai Desai under sub-section (*3*) of Section 8 of the Urban Land (Ceilings and Regulation) Act, 1976 in Form III appended to rule 5 of the Urban Land (Ceiling & Regulation) Rules 1976, in respect of the vacant land held by him with a notice inviting the objection to the draft statement and whereas the objections to the draft statement were received from him and after hearing the party and considering the objections, a final statement dated 29th December 1987 under section 9 was served on him in the manner referred to in the said sub-section (*3*) of section 8.

Now, therefore, in exercise of the power conferred on me under sub-section (*1*) of section 10 of the said Act I hereby notify that—

(i) The vacant land as specified in the Schedule appended herewith is to be acquired by the Government of Gujarat: and

(ii) All, the persons interested in the vacant land, specified in the Schedule may file their claims in respect of the said land, personally or through their agents giving particulars of the nature of their interest in said land before the undersigned within 30 days from the date of publication of this notification in the Gujarat Government Gazette.

SCHEDULE

Details of the vacant land held by the person in excess of the ceiling limit.

Sr. No.	Name of the holder	Village	Taluka	Details of land		Ramarks
				Survey No.	Area in Sq. mts.	
1	2	3	4	5(a)	5(b)	6
1	Pratapabhai Sarabhai Desai	Majura	Chorasi	167 paiki	89.50	

Surat, 21st March 1998.

(sd.) Illegible,
Deputy Authority and
Additional Collector, Urban
Land Ceiling,
Surat.

INDEX

સક્ષમ અધિકારી અને નાયબ કલેક્ટર દ્વારા

જાહેરનામું

શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬.

[કલમ ૧૦ (૧) તથા નિયમ-૬ અનુસાર].

નંબર યુ.એલ.સી./૬ (૧) કેસ નં. ૭૭૮/૮૪ ૧૩૦/૮૨ સુ. શ. યુનિટ-૪.—જે અર્થે, શ્રી પ્રતાપભાઈ સારાભાઈ દેસાઈએ ધારણ કરેલ ખુલ્લી જમીન સંબંધમાં શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૮(૩) મુજબ શહેરી જમીન (ટોચ-મર્યાદા અને નિયમન) બાબતના નિયમો ૧૯૭૬નાં નિયમ-૫ હેઠળ નિયત કરેલ નમૂના નં. ૩ પ્રમાણેનું તારીખ ૧૬મી નવેમ્બર ૧૯૮૨નું મુસદ્દા પત્રક વાંધા રજુ કરવાની નોટીસ સહીત તેઓને બજાવવામાં આવેલ અને તે સામે તેઓ તરફથી વાંધા રજૂ કરવામાં આવેલ હતા અને સદરહુ વાંધાઓ અંગે રૂબરૂ સુનાવણી આપ્યા બાદ તથા તે વિચારણામાં લીધા બાદ કલમ-૯ હેઠળ તારીખ ૨૯મી ડિસેમ્બર ૧૯૮૭નું આખરી પત્રક કલમ-૮ (૩) માં ઠરાવ્યા અનુસાર બજાવવામાં આવેલ છે.

વાસ્તે, ઉપરોક્ત ધારાની કલમ ૧૦(૧) અન્વયે મળેલ અધિકારની રૂએ, હું આથી જાહેર કરૂં છું કે—(૧) આ સાથેનાં પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીન ગુજરાત રાજ્ય સરકાર સંપાદન કરનાર છે, અને (૨) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીનમાં હિત ધરાવતા ઈસમો તેમના હક્ક, દાવા જાતે અગર તેમના પ્રતિનિધિ મારફત જમીનમાંનાં તેમના હિતના પ્રકાર અને વિગતો સાથે નીચે સહી કરનાર સમક્ષ આ જાહેરનામું ગુજરાત સરકારના રાજ્યપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી દિન-30 માં કરી શકશે.

પરિશિષ્ટ

અનુ. નંબર	જમીન ધારકનું નામ	ગામ	તાલુકો	જમીનની વિગત		શેરો
				સર્વે નંબર/ફાઈનલ પ્લોટ નંબર	ક્ષેત્રફળ (ચોરસ મીટરમાં)	
૧	૨	૩	૪	૫-અ	૫-બ	૬
૧	પ્રતાપભાઈ સારાભાઈ દેસાઈ	મજુરા	ચોર્યાસી	સર્વે નંબર ૧૬૭/પૈકી	૮૯.૫૦	

સુરત, તારીખ ૨૧મી માર્ચ ૧૯૯૮.

(સહી) અવાચ્ય,
સક્ષમ અધિકારી અને નાયબ કલેક્ટર,
(શહેરી જમીન ટોચ મર્યાદા),
સુરત,

———

Notification

THE URBRAN LAND (CEILING AND REGULATION) ACT, 1976.

[Section 10 (*1*) *read* with Rule-6].

No. ULC/(i) 3/864, 3/257/Pal. /Unit-2.—Whereas draft statement dated 20th October, 1932 was servedon Shri Mahendrabhai Gandabhai etc. under sub-section 3 of Section 8 of the Urban Land (Ceilingand Regulation) Act 1976,In Form III appended to rule 5 of the Urban Land (Ceiling and Regulation Rules 1976 in respect of the vacant land held by him/her with a notice inviting the objection to the draft statement and whereas the objections to the draft statement were received from him/her and after hearing the party and considering the objections, a final statement dated 20th March, 1998 under section 9 was served on him/her in the manner refered to in the said sub-section 3 of section-8.

Now, therefore, in exercise of the power conferred on me under sub-section (1) of section 10 of the Act I the hereby notify that :—

(i) The vacant land as specified in the Schedule appended herewith is to the be acquired by the Government of Gujarat; and

(ii) All the persons interested in the vacant land, specified in the schedule may file their claims respect of the land, personally or through their agents giving particulars of the nature of their interest in said land before the undersigned with in 30 days from the date of publication of this notification in the Gujarat Government Gazette.

INDEX

SCHEDULE

Details of the vacant land held by the person in excess of the celiling limit.

Sr. No.	Name of the Holder	Village	Taluka	Survey No.	Details of land — Area in Sq. mts.	Remarks
1	2	3	4	5	6	7
(1)	Shri Mahendrabhai Gandabhai	Pal	Chorasi	45	2478-50	
				272	2362-00	
					4840-50	
(2)	Shri Thakorbhai Vanmalibhai etc.	Pal	Chorasi	45	2478,50	
				38/1	5969,00	
				111/1	2529,00	
				193	7386,00	
				260/3	87,00	
					18449,50	

Surat, 24th March, 1998.

R. C. KANSARA,
Competent Authority and Deputy Collector,
Urban Land Ceiling, Surat.

સક્ષમ અધિકારી અને નાયબ કલેકટર દ્વારા

જાહેરનામું

શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬
(કલમ-૧૦ (૧) તથા નિયમ-૬ અનુસાર.

નંબર યુ. એલ. સી. / ૬ (૧) ૩/૮૬૪, ૩/૨૫૭/પાલ / યુ-૨ યુનિટ-૨.—જે અર્થે, શ્રી મહેન્દ્રભાઈ ગાંડાભાઈ વિગેરેએ ધારણ કરેલ ખુલ્લી જમીન સંબંધમાં શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૮ (૩) મુજબ શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) બાબતના નિયમો-૧૯૭૬નાં નિયમ-૫ હેઠળ નિયત કરેલ નમૂના નં. ૩ પ્રમાણેનું તારીખ ૨૦મી ઓકટોબર ૧૯૮૨નું મુસદ્દા પત્ર વાંધા રજુ કરવાની નોટીસ સહિત તેઓને બજાવવામાં આવેલ અને તે સામે તેઓ તરફથી વાંધા રજુ કરવામાં આવેલ હતા અને સદરહુ વાંધાઓ અંગે રૂબરૂ સુનાવણી આપ્યા બાદ તથા તે વિચારમાં લીધા બાદ કલમ-૯ હેઠળ તારીખ ૨૦મી માર્ચ, ૧૯૯૮નું આખર પત્રક કલમ-૮ (૩) માં ઠરાવ્યા અનુસાર બજાવવામાં આવેલ છે.

વાસ્તે, ઉપરોકત ધારાની કલમ-૧૦ (૧) અન્વયે મળેલ અધિકારની રૂએ, હું આથી જાહેર કરું છું કે : (૧) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીન ગુજરાત રાજ્ય સરકાર સંપાદન કરનાર છે, અને (૨) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીનમાં હિત ધરાવતા ઈસમો તેમના હક્ક, દાવા જાતે અગર તેમના પ્રતિનિધિ મારફત જમીનમાંના તેમના હિતના પ્રકાર અને વગતો સાથે નીચે સહી કરનાર સમક્ષ આ જાહેરનામું ગુજરાત સરકારના રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૩૦માં કરી શકશે.

પરિશિષ્ટ

અ. નં.	જમીન ધારકનું નામ	ગામ	તાલુકો	સર્વે નંબર	જમીનની વિગત ક્ષેત્રફળ ચોરસ મીટરમાં	શેરો
૧	૨	૩	૪	૫-અ	૫-બ	૬
૧	શ્રી મહેન્દ્રભાઈ ગાંડાભાઈ	પાલ	ચોર્યાસી	૪૫	૨૪૭૮—૫૦	
				૨૭૨	૨૩૬૨—૦૦	
					૪૮૪૦—૫૦	
૨	શ્રી ઠાકોરભાઈ વનમાળીભાઈ વિગેરે	પાલ	ચોર્યાસી	૪૫	૨૪૭૮—૫૦	
				૩૮/૧	૫૯૬૯—૦૦	
				૧૧૧/૧	૨૫૨૯—૦૦	
				૧૯૩	૭૩૮૬—૦૦	
				૨૬૦/૩	૮૭—૦૦	
					૧૮૪૪૯—૫૦	

સુરત, તારીખ ૨૪મી માર્ચ, ૧૯૯૮.

આર. સી. કંસારા,
સક્ષમ અધિકારી અને નાયબ કલેકટર,
શહેરી જમીન ટોચમર્યાદા, સુરત.

INDEX

BY COMPETENT AUTHORITY AND ADDITIONAL COLLECTOR

Notification

THE URBAN LAND (CEILING AND REGULATION) ACT, 1976.

[Section 10 (*1*) *read* with Rule-6].

No. ULC - 6 (i) 1 / 1702/Mujura/U.1.— Whereas draft statement dated 10th November 1997 was servedon Shri Santaben Maganbhai Khandubhai under sub-section 3 of section 8 of the Urban Land (Ceiling and Regulation) Act, 1976, in Form III appended to rule 5 of the Urban Land Ceiling and Regulation) Rules, 1976, in respect of the vacant land held by her with a notice inviting the objection to the draft statement and whereas the objections to the draft statement were received from her and after hearing the party and considering the objections, a final statement dated 25th March 1998 under section 9 was served on her in the manner referred to in the said sub-section 3 of section 8.

Now, therefore, in exercise of the powers conferred on me under sub-section (*1*) of section 10 of the said Act. I hereby notify that :

(i) The vacant land as specified in the schedule appended herewith is to be aqcuired by the Government of Gujarat ; and

(ii) All the persons interested in the vacant land, specified in the schedule may file their claims in respect of the said land, personally or through their agents giving particulars of the nature of their interest in the said land before the undersigned within 30 days from the date of publication of this notification in the Gujarat Government Gazette.

SCHEDULE

Details of the vacant land held by the person in excess of the ceiling limit.

Sr. No.	Name of the Holder	Village	Taluka	Details of land		Remarks
				Survey No. / Final Plot No.	Area in (Sq. Mts.)	
1	2	3	4	5(a)	5(b)	6
1	Santaben Maganbhai Khandubhai	Udhana	Chorasi	19	2528-50	

Surat, 25th March, 1998.

M. V. PARGI,
Competent Authority and Additional Collector,
U. L. C., Surat.

સક્ષમ અધિકારી અને અધિક કલેક્ટર દ્વારા

જાહેરનામું

શહેરી જમીન (ટોચ-મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬.

[કલમ-૧૦ (૧) તથા નિયમ-૬ અનુસાર].

નંબર યુ.એલ.સી. ૬ (૧) ૧૭૦૨/મનુરા યુનિટ ૨.—જે અર્થે, શ્રીમતી શાંતાબેન તે મગનભાઈ ખંદુભાઈ એ ધારણ કરેલ ખુલ્લી જમીન સંબંધમાં શહેરી જમીન (ટોચ—મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૮ (૩) મુજબ શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) બાબતના નિયમો, ૧૯૭૬નાં નિયમ-૫ હેઠળ નિયત કરેલ નમૂના નં. ૩ પ્રમાણેનું તારીખ ૧૦મી નવેમ્બર, ૧૯૯૭નુ મુસદ્દા પત્ર વાંધા રજૂ કરવાની નોટીસ સહીત તેઓને બજાવવામાં આવેલ અને તે સામે તેઓ તરફથી વાંધા રજુ કરવામાં આવેલ હતા અને સદરહુ વાંધાઓ અંગે રૂબરૂ સુનાવણી આપ્યા બાદ તથા તે વિચારણામાં લીધા બાદ કલમ-૯ હેઠળ તારીખ ૨૫મી માર્ચ, ૧૯૯૮નું આખરી પત્રક કલમ-૮ (૩) માં ઠરાવ્યા અનુસાર બજાવવામાં આવેલ છે.

વાસ્તે, ઉપરોકત ધારાની કલમ-૧૦ (૧) અન્વયે મળેલ અધિકારની રૂએ, હું, આથી જાહેર કરૂં છું કે :— (૧) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીન ગુજરાત રાજ્ય સરકાર સંપાદન કરનાર છે, અને (૨) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીનમાં હિત ધરાવતા ઈસમો તેમના હક્ક, દાવા જાતે અગર તેમના પ્રતિનિધિ મારફત જમીનમાંના તેમના હિતના પ્રકાર અને વિગતો સાથે નીચે સહી કરનાર સમક્ષ આ જાહેરનામું ગુજરાત સરકારના રાજ્યપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી દિન-૩૦ માં કરી શકશે.

INDEX

પરિશિષ્ટ

અનુ. નંબર	જમીન ધારકનું નામ	ગામ	તાલુકો	જમીનની વિગત		શેરો
				સર્વે નંબર પ્લોટ નંબર	ક્ષેત્રફળ (ચો. મીટરમાં)	
૧	૨	૩	૪	૫-અ	૫-બ	૬
૧	શાંતાબેન તે મગનભાઈ ખંડુભાઈની વિધવા વિગેરે.	ઉધના	ચોર્યાસી	૧૯/ પૈકી	૨૪૨૮.૫૦	

સુરત, તારીખ ૨૫મી માર્ચ, ૧૯૯૮.

એમ. વી. પારગી,
સક્ષમ અધિકારી અને અધિક કલેક્ટર,
શહેરી જમીન ટોચમર્યાદા, સુરત.

INDEX

REGISTERED No. G-GA 14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] THURSDAY, APRIL 30, 1998 / VAISAKHA 10, 1920 [No. 18

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part-I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notification, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders other than those published in Part I A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	158-167
Part I-A	Orders and Notifications, (other than those published in Part IV-B) under the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette.	18
Part I-B	Government Notifications published under Land Acquisition Act only.	211-212
Part I-L	Notifications, Orders and Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.	791-844

MISCELLANEOUS, NOTIFICATIONS AND APPOINTENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨ માં અધિનિયમની કલમ ૩૭ (૩) મુજબનો હુકમ.

નંબર ઉ/ગપક/૩૯૦/વિ.શા. /૧૯૯૮.— અમદાવાદ શહેર, પોલીસ કમિશનર હકુમત વિસ્તારોમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું, પી. જી. જે. નામ્પુથીરી, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭(૩) થી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૨જી એપ્રિલ, ૧૯૯૮ ના કલાક ૦૦-૦૦ થી ૧૫મી એપ્રિલ, ૧૯૯૮ ના કલાક ૨૪ ૦૦ સુધી ચાર કરતા વધારે માણસોએ ભેગા થવું નહી. અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહી, તેમજ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર :—અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર હકુમતનો સમગ્ર વિસ્તાર.

અપવાદ :—આ હુકમ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ ઉપર હોય તેઓ તથા સ્મશાનયાત્રાઓ અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ ની પેટા કલમ (૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૦ માહે માર્ચ સને ૧૯૯૮ ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો.

પી. જી. જે. નામ્પુથીરી,
પોલીસ કમિશ્નર,
અમદાવાદ શહેર.

કાયમી જાહેરનામું

નંબર ઉ/ગપક/વિયર-કમ-કોઝવે/પ્રતિબંધ/૭૩૪૧/૧૯૯૮.— સુરત મહાનગરપાલિકાએ પાણી પુરવઠાના કાયમી ઉકેલ માટે રાંદેરથી સીંગણપોર વચ્ચે તાપી નદી ઉપર વિયર-કમ-કોઝવે બનાવેલ છે. આ કોઝવેના જળાશયમાં લોકો નાહાય છે કપડા ધુએ છે, વાહનો ધુએ છે, ઢોરોને પાણી પીવડાવી નવડાવે છે. તથા લોકો ડૂબી જવાના અને મૃત્યુ પામવાના તથા લાશો લાંબા સમય સડેલ હાલતમાં બહાર આવતી હોવાથી વિયર-કમ-કોઝવેના જળાશયના પાણીમાં અને વિયર કમ કોઝવે પર અનેક પ્રકારની ગંદકી થાય છે. અને પાણીના સંગ્રહનો હેતુ માર્યો જાય છે. આ પરિસ્થિતિના નિવારણ માટે અત્રેની કચેરીનાં જાહેરનામાં ક્રમાંક ઉ/ગપક/વિયર/કમ કોઝવે જાહેરનામું ૧૧૩૭૮/૯૭ તારીખ ૭મી ઓગસ્ટ ૧૯૯૭ થી પ્રાથમિક ધોરણે બહાર પાડવામાં આવેલ હતું.

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૨ની કલમ-૩૩ (૧) (ત) મુજબ મને મળેલ સત્તાની રૂએ વિયર-કમ-કોઝવે પર ઉપરનાં કૃત્યો કરવા સારૂ પ્રતિબંધ મુકવા નીચે મુજબનું કાયમી જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

"સુરત શહેરમાં રાંદેર અને સીંગણપોર વચ્ચે તાપી નદી પર આવેલ વિયર-કમ-કોઝવે ઉપરનાં જળાશયમાં લોકોનાં નહાવા કપડા ધોવાં વાહનો ધોવા, ઢોરોને પાણી પીવડાવવા અને ઢોરોને નવડાવવા ઉપર આથી પ્રતિબંધ મૂકવામાં આવે છે."

આ જાહેરનામાથી "સુરત સ્વીમીંગ એન્ડ બોટીંગ કલબ" ના સભ્યોને મુકિત આપવામાં આવે છે.

સદર જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર વ્યકિત મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ સજાને પાત્ર છે.

આજ તારીખ ૨૭મી માર્ચ ૧૯૯૮ ના રોજ મારી સહી સિકકા કર્યા.

જી. સી. રાયગર,
પોલીસ કમિશનર.
સુરત શહેર.

નાયબ પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

નં. ઉ/ગપક/ ટફક/ ઉનાપાણી રોડ/૮૨૫/૯૮.—સુરત શહેરનાં રેલ્વે સ્ટેશન વિસ્તારમાં વાહન વ્યવહારની સવલત અને સલામતી માટે નીચે જણાવ્યા મુજબ હંગામી ધોરણે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૩૩(૧) ની પેટા-કલમ (બી) થી મને મળેલ સત્તાની રૂએ હું, કે. ડી. પાટડીયા (આઈ. પી.એસ.) નાયબ પોલીસ કમિશ્નર, પશ્ચિમ અને ટ્રાફિક, સુરત શહેર સ્ટેશન વિસ્તારમાં ટ્રાફિક, નિયમન કરવામાં પડતી મુશ્કેલીઓ ધ્યાને લઈ ટ્રાફિક નિયમન સુધારવા માટે નીચે મુજબનું જાહેરનામું બહાર પાડવામાં આવે છે :

(૧) કતારગામથી લાલ દરવાજા થઈ દિલ્હીગેટ તરફ (પેટ્રોલ પંપવાળા રસ્તા પર) વાહન વ્યવહાર માટે પ્રવેશ આપવામાં આવે છે.

આજ રસ્તા ઉપરથી દિલ્હી ગેટથી લાલ દરવાજા તરફ જતાં રસ્તા પર પ્રવેશ બંધ (નો એન્ટ્રી) ફરમાવવામાં આવે છે.

આ જાહેરનામું તારીખ ૨૭મી માર્ચ ૧૯૯૮ થી તારીખ ૨૬મી એપ્રિલ ૧૯૯૮ સુધી એક માસની મુદત માટે બહાર પાડવામાં આવે છે.

આજ તારીખ ૨૬મી માર્ચ ૧૯૯૮ના રોજ મારા સહી સિક્કા કર્યા.

કે. ડી. પાટડીયા ,
નાયબ પોલીસ કમિશનર,
પશ્ચિમ અને ટ્રાફીક, સુરત શહેર.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

પ્રાથમિક જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલો.

નંબર પલસ/ચૂંટણી/ જાહેરનામું/૮૧૪ થી ૮૬૩/૧૯૯૮.—ભારતના નિર્વાચીન આયોગ દ્વારા ભારત દેશની લોકસભા તથા ગુજરાત રાજયની વિધાનસભા સામાન્ય ચૂંટણીઓ ૧૯૯૮નો વિગતવાર કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ છે. ભારતના નિર્વાચીન આયોગે ભારતના બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક ૪૬૪/એમએન્ડઓ/પીએલએન-૧ /તારીખ ૧૨મી જાન્યુઆરી ૧૯૯૮ના પેટા નંબર-૬માં આપેલ સુચના મુજબ ચૂંટણી જાહેર થયા પછી હથિયારો સાથે હરવા ફરવા ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મુકવાનો રહે છે.

INDEX

લોકસભા અને વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ દરમ્યાન સુરત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જુદાં જુદા સ્થળોએ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે અને ચૂંટણીઓ દરમ્યાન કોઈ હસક બનાવો ન બને તથા મુકત અને ન્યાયી ચુંટણીઓ થાય તે માટે તેમજ ચુંટણી પ્રક્રિયા દરમ્યાન લોકોની સલામતી રહે અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેવી કાર્યવાહી કરવાની મને જરૂર જણાય છે.

જ્યારે હિંસક બનાવોમાં તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણીને બગાડવા કૃત્યોમાં હથિયારોની ઉપયોગ થાય તેવી શકયતા રહે છે. જેથી ચુંટણી પ્રક્રિયા દરમ્યાન સુરત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના હથિયારોની ઉપયોગ ગેરકાયદેસર રીતે થઈ ન શકે તે માટે સુરત જીલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં હથિયારો સાથે હરવા ફરવા ઉપર પ્રતિબંધ મૂકવાનું જરૂર જણાય છે. સુરત જીલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જે લોકોએ હથિયાર પરવાના મેળવેલ હોય તેવા હથિયારનો ઉપયોગ ચુંટણી પ્રક્રિયા દરમ્યાન તેઓ સુરત જીલ્લાના ગ્રામ્ય વિસ્તારથી ન કરી શકે તેનો ઉપાય પણ કરવાની અને તાત્કાલીક જરૂર જણાય છે તેમજ સુરત જીલ્લાના ગ્રામ્ય વિસ્તાર હારથી જે લોકોએ હથિયાર પરવાના મેળવેલા હોય તેવા હથિયારોનો ઉપયોગ ચુંટણી પ્રક્રિયા દરમ્યાન તેઓ સુરત જીલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ન કરી શકે તેનો પણ ઉપાય કરવાની અને તાત્કાલીક જરૂર જણાય છે.

અને જેથી હું, આર એમ. શાહ, (આઈ. એ. એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત ફોજદારી કાર્યરીતિ અધિનિયમ,૧૯૭૩ ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરું છું છે—

(૧) સુરત જિલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં કોઈ પણ વ્યકિતએ શસ્ત્ર અધિનિયમ, ૧૯૫૯ ની કલમ-૨ ની વ્યાખ્યામાં આવતુ કોઈ પણ હથિયાર ધારણ કરવું નહી અથવા આવા હથિયાર સાથે હરવું ફરવું નહી.

(૨) સુરત જિલ્લાનાં ગ્રામ્ય વિસ્તાર બહારથી મેળવેલ હથિયાર પરવાના ધારણ કરનાર વ્યકિતઓએ સુરત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વસવાટ કરતા હોય તો તેઓને પણ હથિયાર ધારણ કરવું નહી અથવા આવા હથિયાર સાથે જાહેરમાં હરવું ફરવું નહી.

અપવાદ :

આ હુકમને પેરા નંબર ૪(૧) અને (૨) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરીમાં અથવા કામગરીમાં હોય તેમને ઉપરી અધિકારીઓએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય તે વ્યકિતઓને—

(૨) રાષ્ટ્રીયકૃત તેમજ સહકારી બેંકો અને સેન્ટ્રલ ગર્વમેન્ટ તેમજ રાજ્ય સરકારના જાહેર સાહસોની સુરક્ષા અર્થે રાખેલ સીક્યુરીટી ગાર્ડ (વ્યકિતઓને) કામકાજના સમય દરમ્યાન હથિયાર સુરક્ષા અર્થે રાખવાની છૂટ રહેશે.

લોકસભા તથા વિધાનસભાની સામાન્ય ચૂંટણી પ્રક્રિયા શરૂ થઈ ગયેલ હોય અને ચૂંટણીનો સમયબધ્ધ કાર્યક્રમ અમલમાં આવેલ હોય અને યોગ્ય સમયમાં નોટીસ બજાવી શકાય તેમ ન હોય અને સુનાવણી રાખી શકાય તેમ ન હોય ઉપર પેરા નં. ૪ માં જણાવ્યાં મુજબ હું ફોજદારી કાર્યરીતી અધિનિયમ,૧૯૭૩ ની કલમ-૧૪૪ (૨) હેઠળ હુકમ કરું છું,

આ હુકમ તારીખ ૧૫મી માર્ચ, ૧૯૯૮ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૧૯૯૮ ના રોજ મારી, સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ડીઓ) અન્વયે કાઢેલો હુકમ,

નંબર પલસ/ચૂંટણી/૮૮૬ થી ૯૯૫/૯૮/૧/૯૮.—ભારતના નિર્વાચન આયોગ દ્વારા લોકસભા વિધાનસભાની સામાન્ય ચૂંટણી ૧૯૯૮ નો કાર્યક્રમ જાહેર કરેલ છે. અને તે મુજબ સુરત જિલ્લામાં મતદાનની તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૯૮ તેમજ મત ગણતરીની તારીખ ૨જી માર્ચ, ૧૯૯૮ નક્કી કરવામાં આવેલ છે. ભારતના નિર્વાચીન આયોગે બંધારણની કલમ ૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક ૩-૧૦-ઈ-એસ-૦૦૭/૯૪ જે.એસ.૨ / ૫૨૧૬, તારીખ ૨જી સપ્ટેમ્બર, ૧૯૯૪ મુજબ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન વિશાળ કટઆઉટ જાહેરાત પાટીયા, બેનર વિગેરે મુકવા ઉપર નિયંત્રણ રાખવાની જરૂર છે.

ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા જાહેર માર્ગોની બંને બાજુ વાહન વ્યવહારથી ધમધમતા ચાર રસ્તા, શેરીઓ, નાકા, જાહેર માલિકીના મકાનો વિગેરે ઉપર વિશાળ પોસ્ટરો બેનરો, રાજકીય અગ્રણીઓના કટઆઉટ વિગેરે ઉભા કરવામાં આવે છે. અને પ્રદર્શિત કરવામાં આવે છે. એજ રીતે તેઓ સરકારી અથવા સ્થાનિક સ્વ-રાજ્યની સંસ્થાઓના મકાન તથા વીજળી અને ટેલિફોનના થાંભલા જેવી સરકારી મિલકતો સહિત તમામ પ્રકારની જગ્યાએ વિશાળ કમાનો, દરવાજા, જાહેરાત પાટીયા બેનર, ધજાપતાકા, ભીંતચિત્રો વિગેરે ઉભા કરે છે. અથવા મુકે છે. આને લીધે ટ્રાફિકની સમસ્યાઓ ઉભી થવા સંભવ છે. રાહદારીઓ માટે અસલામતી વધે છે. તેમજ જાહેર રસ્તાઓ અથવા સાર્વજનિક જગ્યાઓનું અયોગ્ય રીતે ઉપયોગ થવા સંભવ છે. અને તેથી આ માટેની જરૂરી કાર્યવાહી કરવાની જરૂર જણાય છે.

જેથી હું, આર. એમ. શાહ, આઈ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત ધી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૩ (૧) (ડીઓ) થી મને મળેલ સત્તાની રૂએ હકમ કરું છું કે :-

(૧) રાજ્ય સરકાર, નગરપાલિકાઓ અથવા સરકારી બોર્ડ / નિગમો પંચાયતોની માલિકીની રસ્તાઓ, માર્ગો, મકાનો અથવા જગ્યાઓ ઉપર કોઈપણ રાજકીય પક્ષ અથવા લોકસભાની તથા વિધાનસભાની ચુંટણીના ઉમેદવાર દ્વારા અથવા આવા ઉમેદવાર માટે કોઈ મંડળ સંગઠન અથવા વ્યકિત દ્વારા સંબંધિત સરકારી કચેરી નગરપાલિકા, પંચાયતો અથવા સરકારી બોર્ડ, નિગમની લેખિત પૂર્વ મંજુરી લીધા વગર સમાચાર બોર્ડ અથવા જાહેર નોટીશ ન હોય એવા કોઈપણ પ્રકારના કટઆઉટ, જાહેરાત પાટીયા પોસ્ટલ ધજા પતાકા બેનર્સ મૂકી શકાશે નહીં. કે દિવાલો પર ચિત્રો દોરાવી શકશે નહીં. કે કમાનો દરવાજ વિગેરે ઉભા કરી શકશે નહીં.

(૨) ઉપરના ખંડ-૧ માં જણાવ્યા પ્રમાણેની મંજુરી આપતા પહેલા સંબંધિત સરકારી કચેરીના સત્તા અધિકારી અથવા નગર-પાલીકા, પંચાયતો, સરકારી બોર્ડ નિગમો, દ્વારા આવી અરજીઓની ચકાસણી કરીને એ બાબતની ખાત્રી કરવાની રહેશે કે સુચિટ રસ્તાઓ, માર્ગો, સ્થળ, અથવા મકાનો એ આવા કટઆઉટ

INDEX

જાહેરાત પાટીયા, પોસ્ટલ ધજ, પતાકા, બેનર્સ, કમાનો, દરવાજા વિગેરે મુકવાથી સામાન્ય જનતાની સલામતી કે સુરક્ષા જોખમાતી નથી. અને તેનાથી વાહનોની કે અન્ય કોઈ પ્રકારની અવર જવરમાં કોઈ પ્રકારની અડચણ ઉભી થતી નથી. અને આ માટે સદર સરકારી કચેરી, નગરપાલિકા, પંચાયતો, સરકારી બોર્ડ, નિગમ દ્વારા દરેક વ્યકિતગત કિસ્સામાં સંબંધિત પોલીસ સ્ટેશનનો અભિપ્રાય મેળવ્યા પછી પૂર્વ મંજુરી આપવા બાબતે નિર્ણય લેવાતો રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લ:ઘન કરનારને મુબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૧૫મી માર્ચ, ૧૯૯૮ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૭મી ફેબ્રુઆરી, ૧૯૯૮ના રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યો.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (આર) (૩) અન્વયે કાઢેલો હુકમ.

નંબર પલસ / ચૂંટણી / વશી ૯૯૬ થી ૧૦૯૫/૯૮.— ભારતીય નિર્વાચન આયોગ દ્વારા લોકસભા તથા વિધાનસભાની સામાન્ય ચૂંટણી ૧૯૯૮ ની કાર્યક્રમ જાહેર કરેલ છે. અને તે મુજબ સુરત જિલ્લામાં મતદાનની તારીખ ૨૮ મી ફેબ્રુઆરી, ૧૯૯૮ ના રોજ તથા મતગણતરીની તારીખ ૨જી માર્ચ ૧૯૯૮ નક્કી કરવામાં આવેલી છે. ભારતના નિર્વાચન આયોગે બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક જેએસ ૩જી ઓગષ્ટ, ૧૯૯૪ તારીખ ૧૩મી જાન્યુઆરી ૧૯૯૪ના ધારા ૩ (૩) અને ૩ (૫) માં આપેલ સૂચનાઓ મુજબ ચૂંટણી જાહેર થયા પછી લાઉડ સ્પીકરના ઉપયોગ ઉપર નિયંત્રણ રાખવા જણાવેલ છે.

ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન રાજકીય પક્ષો ઉમેદવારો અને તેમના કાર્યકર્તાઓ સમર્થકો ચૂંટણી પ્રચાર ઝુંબેશ માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ મોટા પાયે કરે છે આ લાઉડ સ્પીકરની ઉપયોગ ફકત નિયત મંચ ઉપર જ નહી, પરંતું ટ્રક, ટેમ્પો કાર, જીપ ટેકસી, ત્રણ પૈડાવાળા વાહનો, સ્કુટરો, સાયકલ, રીક્ષા વિગેરે જેવા વાહનો ઉપર ગોઠવીને પણ તેનો ઉપયોગ કરેવામાં આવે છે ખુબજ ઉંચા અવાજે પ્રચાર કરતા લાઉડ સ્પીકરો સાથેના આ વાહનો તમામ માર્ગો, શેરીઓ અને ગલીઓમાં ફરે છે. તેમજ જુદા જુદા ગામોએ, વસવાટોએ મહોલ્લાએ વસાહતોએ અને લત્તાઓના પણ જાય છે. આને કારણે ખુબ ધ્વનિ પ્રદુષણ થાય છે. અને આમ જનતાની શાંતિમાં ખલેલ પહોંચે છે. અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પર આની ખુબજ પ્રતિકૂળ અસર પડે છે. કારણ કે વહેલી સવારથી લાઉડ સ્પીકરો વગાડવાનું શરૂ થઈ જાય છે અને તે ખુબજ મોડી રાત સુધી વગાડવામાં આવે છે આના પરિણામે વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડે છે વૃધ્ધો, અશકત અને માંદાઓને પણ ઉંચા અવાજથી ખુજબ તકલીફ પડે છે. સામાન્ય પ્રજાને ખુજબ હરકત, અગવડ, ત્રાસ, જોખમ અને ભય થાય છે જેથી ચુંટણી પ્રક્રિયા દરમ્યાન લાઉડ સ્પીકર બેફામ અને મનસ્વી રીતે વગાડવા ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી રહે છે.

જેથી હું, આર. એમ. શાહ, (આઈ. એ. એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૩ (૧) (આર) (૩) થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરું છું કે, (૧) ચૂંટણી પ્રચારની કોઈ પણ હેતુ માટે કોઈ પણ પ્રકારના વાહનો ઉપર ગોઠવેલા લાઉડ સ્પીકરોનો ઉપયોગ સવારના ૭-૦૦ વાગ્યાથી સાંજના ૧૦-૦૦ વાગ્યા સુધીજ કરવાની રહેશે. કોઈપણ વિસ્તારમાં સવારના ૬-૦૦ વાગ્યા પહેલા અને સાંજના ૧૦-૦૦ વાગ્યા પછી કોઈપણ પ્રકારના વાહનો ઉપર ફરતા લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવા દેવામાં આવશે નહી.

(૨) કોઈ જાહેરસભા કે સરઘસના હેતુસર સવારે ૬-૦૦ વાગ્યા પહેલા કે સાંજના ૧૦-૦૦ વાગ્યા પછી સ્થળ પરજ રખાયેલા લાઉડ સ્પીકરોનો ઉપયોગ કરવાની હોય તો તેને માટે સબંધિત સરકારી સત્તાધિકારીની અગાઉથી લેખિત પરવાનગી લેવાની રહેશે આવી પરવાનગી આપી વખતે સબંધિત સરકાર સત્તાધિકારી જાતે ખાતરી કરીને પરવાનગીને લીધે જાહેર શાંતિ જોખમાય નહી તે સુનિશ્ચિત કરીને આવી પરવાનગી આપશે અને લાઉડ સ્પીકરના ઉપયોગની પરવાનગી માટે કલાકો નકકી કરવાના રહેશે.

(૩) ચૂંટણી પ્રચાર માટે જાહેર મંચ ઉપર અથવા વાહનો દ્વારા ફરતા લાઉડ સ્પીકરના ઉપયોગ માટે સક્ષમ અધિકારીની લેખિત પરવાનગી પ્રથમ લેવાની રહેશે. ફરતા વાહનોમાં ગોઠવેલ લાઉડ સ્પીકરના ઉપયોગ કરવામાં આવતી અરજીમાં વાહનનો પ્રકાર અને રજીસ્ટ્રેશન નંબર લખવાનો રહેશે.

(૪) સક્ષમ અધિકારી દ્વારા ફરતા વાહનો ઉપર ગોઠવેલ લાઉડ-સ્પીકરના ઉપયોગ માટે જે પરવાનગી પત્ર (પરમીટ) આપવામાં આવે તેના વાહનનો પ્રકાર અને રજિસ્ટ્રેશન નંબર લખવાનું રહેશે.

(૫) ફરતા વાહનો ઉપર અથવા નિયત સ્થળે ગોઠવવામાં આવેલ કોઈ લાઉડ સ્પીકરના ઉપયોગ માટે આવી પરવાનગી પરમીટ મેળવ્યા પછી તેનો ઉપયોગ કરનારે તે વિસ્તારના પોલીસ મથકને તેમજ સબંધિત મતદાર વિભાગના ચુંટણી અધિકારીશ્રી અથવા મદદનીશ ચુંટણી અધિકારીશ્રીને તેમના દ્વારા મેળવેલ પરવાનગી પત્ર પરમીટની સંપૂર્ણ લેખીતમાં જાણ કરવાની રહેશે.

આ હુકમના ભંગ કરનાર ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

આ હકમ તારીખ ૧૫ મી માર્ચ, ૧૯૯૮ સુધી અમલમાં રહેશે.

આજ રોજ તારીખ ૭મી ફેબ્રુઆરી, ૧૯૯૮ ના રોજ મારી કરી અને સિકકો કરી આપ્યો.

આર. એમ. શાહ,
જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત.

જાહેરનામું

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/૨જી/૯૮ :—મુંબઈ પોલીસ અધિ/નિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨માં) ની કલમ-૩૩ની પેટા-કલમ (૧) ના કલોઝ (બી) હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો સદરહુ કાયદાની કલમ-૩૩ પેટા-કલમ-૬ થી ઠરાવ્યા પ્રમાણે પ્રસિધ્ધ કરવામાં આવે છે. અને નોટીસ આપવામાં આવે છે કે સદરહુ મુસદ્દો રાજયપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસની પૂરા થયા પછી જીલ્લા મેજીસ્ટ્રેટ, નવસારી કોઈ પણ વાંધા અથવા સૂચનો વિચારણામાં લેશે નહી. ઉપરોકત મુદત પૂરી થાય તે પહેલા સદરહુ મુસદ્દાના સંબંધમાં કોઈ વ્યકિત પાસેથી જે કોઈ વાંધા અથવા સૂચનો જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, નવસારીને મળશે તેના ઉપર તેઓ વિચારણા કરશે.

INDEX

મુસદ્દો

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજીના/૯૮.—મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઇના ૨૨માં) ક્લોઝ (બી) હેઠળ મળેલ સત્તાની રૂએ નવસારી જીલ્લા મેજીસ્ટ્રેટ આથી નીચેના નિયમો કરે છે.

"નવસારી જીલ્લાના કબીલપોર ખાતે આવેલ નેશનલ હાઇવે નં. ૮ ગ્રીડ ચાર રસ્તા જંકશનથી કબીલપોર કાલીયાવાડી રોડની રસ્તા પૈકીની જમીનને ૨૫ રીક્ષા માટે રીક્ષા સ્ટેન્ડ તરીકે અને ગ્રીડ ચાર રસ્તાથી બારડોલી તરફના રસ્તાની પૂર્વે આવેલ રસ્તા પૈકીની જમીનને ૨૫ ટેમ્પો માટે ટેમ્પો સ્ટેન્ડ તરીકે તથા તે સિવાયની જંકશનથી ૧૫૦ (એકસો પચાસ) મીટરની ત્રિજ્યાંમાના રસ્તા તથા રસ્તા પૈકીની જમીનનો "નો પાર્કીંગ ઝોન" જાહેર કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

નવસારી, તારીખ ૨૧મી એપ્રિલ ૧૯૯૮

બી. એન. જોષી.
જીલ્લા મેજીસ્ટ્રેટ,
નવસારી.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ની ૨૨માં અધિનિયમની) કલમ-૩૭(૧) મુજબનો હુકમ.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસ આર /૧૫/૯૮ .—આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરની જાળવણી વાસ્તે .,

હું, એમ વાય દક્ષિણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧લી એપ્રિલ ૧૯૯૮ થી તારીખ ૧૫મી એપ્રિલ ૧૯૯૮ સુધી નીચેના કૃત્ય ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(૧) શસ્ત્રો દંડા, તલવાર, સોટી, બંદૂક ખંજર અસ્ત્રો સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઇપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઇંચથી વધારે લાંબુ અને છેડેથી અણીવાળુ પાનું હોય તેવા ચપ્પુ તથા ત્રણ ઇંચથી વધુ લંબાણ ધરાવતું અણીવાળુ ઘાતક શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઇ ફરમાવું છું તેમજ લાકડી લાઠી અથવા શારીરીક નુકશાન પહોંચાડવામાં ઉપયોગ થઇ શકે તેવી બીજી ચીજો લઇ જવાની.

(૨) કોઇપણ રીતે શરીરને હાનિકારક એવો કોઇપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું.

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો, ફેંકવાની યંત્રો અથવા સાધનો લઇ જવાની એકઠા કરવાની અને તૈયાર કરવાની.

(૪) સળગતી મશાલ અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(૫) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(૬) લોકોએ ગીતો બૂમો પાડવાની ગીતો ગાવાની તેમજ વાંજા વગાડવાની.

(૭) જે છટાદાર ભાષણ આપવાથી ચાળા પાડવાથી અથવા નકલ કરવાની તથા ચિત્ર, નિશાનીઓ જાહેર ખબરો અથવા પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાની દેખાડવાની અથવા તો તેનો ફેલાવો કરવાની અથવા અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાથી તથા ચાળા વિગેરે કરવાની અને તેના ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર :
અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસૂલી વિસ્તાર.
(પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમતના વિસ્તાર સિવાય)

અપવાદ : આ હુકમનો ખંડ ૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમને જે તે ઉપરી અધિકારીઓને આવી કોઇ હથિયાર સાથે લઇ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઇપણ હથિયાર લઇ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહી.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, જિલ્લા પોલીસ અધિકારી અથવા તેમને અધિકૃત કરેલી કોઇપણ પોલીસ અધિકારીઓએ જેને શારીરીક અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવા પર પરવાનગી આપેલ હોય તે વ્યકિતઓને લાગુ પડશે નહી.

આ જાહેરનામાનો કોઇપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ ની પેટા કલમ-૧ હેઠળ ઓછામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની અને દંડની અને ભારતના ફોજદારી અધિયિમ (સને ૧૯૬૦ ના અધિનિયમ નં. ૪) ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૧મી માર્ચ ૧૯૯૮ ના રોજ મારી સહી અને સિકકો કરી આપ્યો.

જાહેરનામું

પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમ નં. ૫૨ માંની કલમ-૩૭ (૪) મુજબનો હુકમ.

નંબર ડીસી/પીઓએલ/એમએજી / એસ.આર./ ૧૬/૯૮.—આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી વાસ્તે હું, એમ. વાય. દક્ષિણી, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,

INDEX

અમદાવાદ જીલ્લો મુંબઈ પોલીસ અધિનિયમ૧૯૫૧ (સને ૧૯૫૧ ની ૨૨માંનો) અધિનિયમની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂઇએ ફરમાવું છું કે નીચેની અનુસૂચિમાં દર્શાવેલ એ વિસ્તારોમાં તારીખ ૧લી એપ્રિલ ૧૯૯૮ થી કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી એપ્રિલ ૧૯૯૮ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહી તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

અનુસૂચિ : (વિસ્તાર) અમદાવાદ જીલ્લાનો સમગ્ર મહેસૂલી વિસ્તાર (પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયનો વિસ્તાર

ખુલાસો : આ વિસ્તારમાં રસ્તાઓ રસ્તાઓની ફુટપાથો તથા ગલીઓ તથા પેટા ગલીઓનો પણ આ રસ્તામાં સમાવેશ થાય છે.

અપવાદ : આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેવી ફરજ બજાવતો હોય તથા ધાર્મિક અગર મરણોત્તર અથવા તે અંગેની અધિકૃત સત્તાધિકારીની પાસેથી મંજૂરી મેળવી હોય તેવી સભા સરઘસોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ અધિનિયમ ૧૯૫૧ ના કલમ-૧૩૫ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ ના ૪૫માં અધિનિયમ) ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે,

મેં આજ તારીખ ૨૧મી માર્ચ ૧૯૯૮ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

એમ. વાય. દક્ષિણી,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
અમદાવાદ.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ કાયદાની કલમ ૩૭(૧) મુજબનું.

ક્રમાંક ડી. બીપીએ.—માહે એપ્રિલ/૧૯૯૮ માસમાં બકરીઈદ, રામનવમી, મહાવીર જયંતિ, ગુડફ્રાઈડે જેવા તહેવારો તેમજ ડૉ. આંબેડકર સાહેબની જન્મ જયંતીના તહેવારો આવતા હોઈ તેમજ તારીખ ૨૫મી માર્ચ ૧૯૯૮ના રોજ ડીસા શહેર પોલીસ સ્ટેશન હિન્દુ મુસ્લીમના કોમી બનાવો બાબતે સુરત ગુના નોંધાયેલા હોઈ જાહેર સલામતી જોખમાય તેવો સંભવ હોવાથી જાહેર શાન્તી અને સલામતી જાળવવા સારૂં સમગ્ર બનાસકાંઠાના નીચે જણાવેલ કૃત્યોની મનાઈ કરવાનું મને જરૂરી લાગે છે.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, બંદુક, છરી, લાકડી, અથવા શારિરીક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈપણ સાધન સાથે લઈ જવું નહી.

(ખ) કોઈ ક્ષયકારી કે સ્ફોટક પદાર્થ સાથે લઈ જવો નહી.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવ બીજી વસ્તુઓ અથવા તો વસ્તુઓ ફેંકવાના ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહી, એકઠા કરવા નહીં.

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા પુતળા દેખાડવા નહી:

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહી, અશ્લીલ ગીતો ગાવા નહી.

(છ) અલંકારીક ભાષણો કરવાથી, ચાળા પાડવાથી, નકલ કરવાથી તથા બતાવવાથી અથવા તેનો ફેલાવો કરવાની રૂચી અથવા નીતિનો ભંગ થાય તેવુ કરવાનું નહિ.

વાસ્તે હું, એસ. એસ. વાઘેલા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા, મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨મા)ની કલમ ૩૭(૧) અન્વયે મને મળેલી સત્તાની રૂએ સમગ્ર બનાસકાંઠાના વિસ્તારમાં સદરહુ કૃત્યો કરવાની મના કરું છું. આ હુકમ તારીખ ૨૯મી માર્ચ ૧૯૯૮ થી ૩૦મી એપ્રિલ ૧૯૯૮ સુધી બન્ને દિવસો સહિત અમલમાં રહેશે.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિત કે જે તે ઉપરી અધિકારીએ એવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ તેમણે અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીશ્રી જે તે શારિરીક અશકિત ના કારણે અથવા લાકી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

આજરોજ તા. ૨૬માહે માર્ચ, સને ૧૯૯૮ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કર્યો.

એસ. એસ. વાઘેલા
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
બનાસકાંઠા, પાલનપુર.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨માં) ની કલમ-૩૭ (૧) અન્વયે કરેલો હુકમ.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી. ૧૮/૧૯૯૮ :—જીલ્લામાં આગામી રામનવમી, બકરીઈદ, મહાવીર જયંતી, અને ગુડ ફ્રાઈડે ના તહેવારને અનુલક્ષીને જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂ માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, કે. કે. પરમાર, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ, મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨મો) ની કલમ-૩૭ ની પેટા કલમ ૪ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે વલસાડ જીલ્લામાં તારીખ ૧લી એપ્રિલ ૧૯૯૮ થી ૧૫મી એપ્રિલ ૧૯૯૮ સુધી(બંને દિવસ સુધ્ધા) ચાર કરતા વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહી સરઘસ કાઢવું નહી તેમજ ચારથી વધુ વ્યકિતઓ ભેગા થવું નહી, અથવા સરઘસ કાઢવું નહી.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રા કે એસ. ટી. બસમાં મુસાફરી કરવા માંગતા મંદિર મસ્જિદ, દેવળમાં પ્રાર્થના માટે જતી બોનાફાઈડ વ્યકિતઓને લાગુ પડશે નહી.

INDEX

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨મો) ની કલમ-૧૩૫ (૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૮ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

જાહેરનામું

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી.૧૯/૯૮.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ના (૨૨માં) અધિનિયમની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું કે. કે. પરમાર, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી વલસાડ આગામી રામનવમી, બકરીઈદ, મહાવીર જયંતી, ગુડફ્રાઈડે તહેવાર દરમ્યાન જીલ્લામાં જાહેર શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતા ફરમાવું છુ કે, વલસાડ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે નીચે જણાવેલ તારીખ ૧લી એપ્રિલ ૧૯૯૮ થી ૧૫મો એપ્રિલ ૧૯૯૮ (બંને દિવસો સુધ્ધાં) સમય માટે કૃત્યો, કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ.

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(છ) પથ્થર અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની એકઠા કરવાની તૈયારી.

(ગ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(છ) જેનાથી સુરુચિ અથવા નીતીનો ભંગ થાય તેવુ ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો પત્રીકા, બોર્ડ, અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમનો ખંડ ક નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેના ઉપરી અધિકારીએ આવું, કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય,

(૨) જીલ્લા પોલીસ અધિકારીશ્રી, વલસાડે અથવા તેમણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરીક અશકિતને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

(૩) જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના ૨૨માં) ના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધી કેદની સજા થશે.

આજરોજ તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૮ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

કે. કે. પરમાર,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
વલસાડ.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ નાં ૨ સને ૧૯૭૪ ની કલમ ૧૪૪ મુજબનો હુકમ.

નંબર ઉ/મકપ/પલસ/મજસ/વશી/૧૩૯૮ થી ૧૪૯૮.—ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તારીખ ૧૬મી માર્ચ. ૧૯૯૮ થી ૩૧ મી માર્ચ, ૧૯૯૮ સુધી પંચમહાલ જિલ્લામાં આ સાથેની યાદી મુજબના સેન્ટરોમાં એસ. એસ. સી./એચ.એસ.સી. પરીક્ષા લેવાનાર છે પરીક્ષાને ધ્યાને લેતાં પરીક્ષા દરમ્યાન ઝેરોક્ષ કોપીયર મશીનના સંચાલકો દ્વારા મશીનનો દુરુઉપયોગ રોકવાના હેતુસર પ્રતિબંધીત હુકમો કરવા ઈષ્ટ જણાય છે.

વાસ્તે હું, જે. એ. પટેલ. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ પંચમહાલ, ગોધરા ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ થી કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારનો રુઈએ નીચે પ્રમાણે ફરમાવું છું.

(૧) પંચમહાલ જિલ્લામાં આવેલ જુદાં જુદાં કેન્દ્રો વિસ્તારમાં આવેલ ગામોમાં ઝેરોક્ષ કોપીયર મશીનના સંચાલકોએ પરીક્ષાના સમય દરમ્યાન ઝેરોક્ષ મશીનનો થતો દુર ઉપયોગ રોકવા સારું. તારીખ ૧૬ મી માર્ચ, ૧૯૯૮ થી ૩૧મી માર્ચ, ૧૯૯૮ સુધી સાથેની યાદીમાં જણાવેલ પરીક્ષા કેન્દ્ર માં થતી ગેરરીતી અટકાવવા માટે સવારના ૯-૦ થી સાંજના ૧૮.૦૦ સુધી ઝેરોક્ષ સેન્ટરો, કોપીયર મશીનનો ઉપયોગ સદંત્તર બંધ કરવો.

(૨) સાથેની યાદીમાં જણાવેલ સેન્ટરોનાં આજુબાજુ ૧૦ કિ.મી. ની ત્રિજ્યામાં આવેલ ઝેરોક્ષ કોપીયર મશીનના સંચાલકોએ પણ ઉપરોકત હુકમનો અમલ કરવાનો રહેશે.

(૩) આ હુકમ સરકારી કચેરીઓની ઝેરોક્ષ મશીનોની કાર્યવાહીને લાગુ પડશે નહીં.

(૪) આ હુકમનો ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સહીતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

એસ.એસ.સી. / એચ.એસ.સી. પરીક્ષા કેન્દ્ર અને સ્થળોની વિગત માહે- માર્ચ, ૧૯૯૮.

અનું. નંબર	કેન્દ્રનું નામ	પરીક્ષા સ્થળ અને મકાનનું નામ
૧	૨	૩
૧	ગોધરા	(૧) અનાજ મહાજન સાર્વજનિક હાઈસ્કુલ, ગોધરા. (૨) એમ. એન્ડ એમ. મહેતા હાઈસ્કુલ, ગોધરા (૩) ઈકબાલ યુનીયન હાઈસ્કુલ. ગોધરા.
૨	હાલોલ	(૧) એમ. એસ. હાઈસ્કુલ, હાલોલ (૨) આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ. હાલોલ (૩) વી. એમ. ગુજ. મીડીયમ સ્કુલ, હાલોલ (૪) ઉ. બુ. આશ્રમ શાળા. નારૂકોટ
૩	કલોલ	(૧) એમ. જી. એસ. હાઈસ્કુલ, કાલોલ (૨) શ્રીમતી સી. વી. ગર્લ્સ હાઈસ્કુલ, કાલોલ (૩) એમ. એસ. ગાંધી આર્ટસ કોલેજ, કાલોલ (૪) પી. કે. એસ. સા. હાઈ. ડેરોલ સ્ટેશન
૪	લુણાવાડા	(૧) પંચશીલ હાઈસ્કુલ, લુણાવાડા (૨) પંચશીલ ગર્લ્સ હાઈસ્કુલ, લુણાવાડા (૩) એસ. કે. હાઈસ્કુલ, લુણાવાડા (૪) કિસાન મા. વિદ્યાલય, લુણાવાડા (૫) ડી. કે. હાઈ. ચાવડી બાઈના મુવાણા (૬) ધી ન્યુ ઈગ્લીસ સ્કુલ, વીરણીયા
૫	શહેરા	(૧) શ્રીમતી એસ. જે. દવે સાર્વ. હાઈસ્કુલ, શહેરા. (૨) શારદામંદિર હાઈસ્કુલ, શહેરા (૩) પ્રાથમિક શાળા, શહેરા (૪) કે. એચ. મહેતા સાર્વ. હાઈસ્કુલ, પોરવારેણા (૫) સાર્વજનિક હાઈસ્કુલ, ખોજલવાસા
૬	કાંકણપુર	(૧) એમ. જી. એચ. હાઈસ્કુલ, કાંકણપુર (૨) એ. વી. શાહ પ્રાથમિક શાળા, કાંકણપુર (૩) એમ. એસ. શાહ ટેકનીકલ સ્કુલ, કાંકણપુર.
૭	લીમડીયા	(૧) એચ. એન. હાઈસ્કુલ, લીમડીયા (૨) શેઠ એમ. એલ. વિનય મંદિર, ખાનપુર
૮	કોઠંબા	(૧) ધી આઈડીયલ હાઈસ્કુલ,કોઠંબા
૯	અડાદરા	(૧) એમ. આર. હાઈસ્કુલ, અડાદરા
૧૦	ઘોઘંબા	(૧) એસ. એચ. વરીયા હાઈ. ઘોઘંબા (૨) પ્રાથમિક શાળા, ઘોઘંબા
૧૧	સાંપા	(૧) નવજીવન હાઈસ્કુલ, સાંપા
૧	૨	૩
૧૨	વાઘજીપુર	(૧) નવજીવન હાઈસ્કુલ, વાઘજીપુર (૨) પ્રાથમિક શાળા, વાઘજીપુર (૩) નવજીવન હાઈ. (જુનુ મકાન) વાઘજીપુર
૧૩	ગુલીયાત	(૧) ગંગા જમના હાઈસ્કુલ, ગુલીયાત (૨) રામ લક્ષ્મણ છાત્રાલય, ગુલીયાત તા. ગોધરા (૩) ટેન્ટ (૪) કે. એસ. હાઈ. મોરવા હડફ (૫) પ્રાથમિક શાળા, મોરવા હડફ (૬) આઈ. એચ. શેઠ હાઈસ્કુલ, મોરા (૭) બી. એમ. વિદ્યાલય, ચોપડા બુઝર્ગ. તા. ગોધરા.
૧૪	વરધરી	(૧) વી. વી. હાઈસ્કુલ, વરધરી (૨) મહીસાગર વિદ્યાલય, સાલાવાડા

આજરોજ તારીખ ૧૦ મી માર્ચ, ૧૯૯૮ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ ૧૪૪ હેઠળ.

નંબર ઉ / મકપ / પલસ / મજસ / વશી/૧૪૯૮ થી ૧૫૯૮.—પંચમહાલ જિલ્લાના નીચે જણાવેલ પરીક્ષા કેન્દ્રો ઉપર તારીખ ૧૬ મી માર્ચ, ૧૯૯૮ થી ૩૧મી માર્ચ, ૧૯૯૮ સુધી એસ. એસ.સી. તથા એચ. એસ. સી. પરીક્ષાઓ લેવાનાર હોઈ સદરહુ પરીક્ષાનું સંચાલન સરળતાથી થાય અને વિદ્યાર્થીઓ નિર્ભયપણે પરીક્ષા આપી શકે તેમજ ગેરરીતિ અટકી શકે, ઉપરાંત પરીક્ષાના સમય દરમ્યાન કાયદો અને વ્યવસ્થા યોગ્ય રીતે જળવાઈ રહે તે માટે જાહેર હિતમાં જે તે પરીક્ષા સ્થળોની આજુબાજુના વિસ્તારમાં ગ્રામ્ય વિસ્તારમાં પરીક્ષા સ્થળથી ૨૦૦ મીટર અને શહેરી વિસ્તારમાં પરીક્ષા સ્થળેથી ૧૦૦ મીટરના વિસ્તારમાં બિન-અધિકૃત વ્યકિતઓ પરીક્ષા દરમ્યાન તથા પરીક્ષાનાં સમયથી એક કલાક પહેલાં અને પરીક્ષા પુરી થયા પછીના એક કલાક સુધી આવ-જા કરવા ઉપર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ પ્રતિબંધિત હુકમ બહાર પાડવાની જરુરીયાત જણાયેલ છે.

સબબ ઉપરોકત સંજોગોમાં હું, જે. એમ. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ પંચમહાલ, ગોધરા ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ ૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે નીચે આપેલ અનુસૂચિમાં જણાવેલ એસ. એસ. સી./એચ.એસ.સી. પરીક્ષા કેન્દ્ર અને તેના સ્થળની આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના પરીક્ષા સ્થળથી આજુબાજુના ૨૦૦ મીટર તથા શહેરી વિસ્તારમાં પરીક્ષા સ્થળના૧૦૦ મીટરના વિસ્તારમાં પરીક્ષા દરમ્યાન તથા પરીક્ષાના એક કલાક અગાઉ અને પરીક્ષા પુરી થયાના એક કલાક પછીના સમય સુધી અવાર નવાર બોર્ડ તરફથી આવનાર સ્કવોર્ડના સભ્યો, ઓળખ પત્ર ધારણકર્તા હોય તે ફરજ પરના અધિકારીઓ ઉપરાંત ફરજ પરના કર્મચારીઓ તથા ફરજ પરના પોલીસ અધિકારીશ્રીઓ અને પરીક્ષાર્થીઓ સિવાયના બિનઅધિકૃત વ્યકિત / વ્યકિતઓએ દાખલ થવું નહીં કે હેરાફેરી કરવી નહીં.

INDEX

એસ. એસ. સી. /એચ. એસ. સી. પરીક્ષા કેન્દ્ર અને સ્થળોની વિગત

અનુ. નંબર	કેન્દ્રનું નામ	પરીક્ષા સ્થળ અને મકાનનું નામ
૧	૨	૩
૧	ગોધરા	(૧) અનાજ મહાજન સાર્વજનીક હાઈસ્કુલ, ગોધરા (૨) એમ એન્ડ એમ. મહેતા હાઈસ્કુલ, ગોધરા (૩) ઈકબાલ યુનીયન હાઈસ્કુલ, ગોધરા
૨	હાલોલ	(૧) એમ. એસ. હાઈસ્કુલ, હાલોલ (૨) આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, હાલોલ (૩) વી. એમ. ગુજ. મીડીયમ સ્કુલ, હાલોલ (૪) ઉ. બુ. આશ્રમ શાળા, નારૂકોટ
૩	કાલોલ	(૧) એમ. જી. એમ. હાઈસ્કુલ, કાલોલ (૨) શ્રીમતી સી. વી. ગર્લ્સ હાઈસ્કુલ, કાલોલ (૩) એમ. એમ. ગાંધી આર્ટસ કોલેજ, કાલોલ (૪) પી. કે. એસ. સા. હાઈ. ડેરોલ સ્ટેશન
૪	લુણાવાડા	(૧) પંચશીલ હાઈસ્કુલ, લુણાવાડા (૨) પંચશીલ ગર્લ્સ હાઈસ્કુલ, લુણાવાડા (૩) એસ. કે. હાઈસ્કુલ, લુણાવાડા (૪) કિસાન મા. વિદ્યાલય, લુણાવાડા (૫) ડી. કે. હાઈ. ચાવડીબાઈના મુવાડા (૬) ધી ન્યુ ઈંગ્લીસ સ્કુલ, વીરણીયા
૫	શહેરા	(૧) શ્રીમતી એસ. જે. દવે સાર્વ. હાઈસ્કુલ, શહેરા (૨) શારદામંદિર હાઈસ્કુલ, શહેરા (૩) પ્રાથમિક શાળા, શહેરા (૪) કે. એચ. મહેતા સાર્વ. હાઈસ્કુલ, મોરવારેણા (૫) સાર્વજનિક હાઈસ્કુલ, ખોજલવાસા
૬	કાંકણપુર	(૧) એમ. જી. એસ. હાઈસ્કુલ, કાંકણપુર (૨) એ. વી. શાહ પ્રાથમિક શાળા, કાંકણપુર (૩) એમ. એસ. શાહ ટેકનીકલ સ્કુલ, કાંકણપર
૭	લીંમડીયા	(૧) એચ. એન. હાસ્ઈકુલ, લીંમડીયા (૨) શેઠ એમ. એ. વિદ્યામંદિર, ખાનપુર
૮	કોઠંબા	(૧) ધી ઓઈડીયલ હાઈસ્કુલ, કોઠંબા
૯	ચણાદરા	(૧) એમ. આર. હાઈસ્કુલ, અડાદરા
૧૦	ઘોઘંબા	(૧) એસ. એચ. વરીયા હાઈ, ઘોઘંબા (૨) પ્રાથમિક શાળા, ઘોઘંબા
૧૧	સાંપા	(૧) નવજીવન હાઈસ્કુલ, વાઈજીપુર
૧૨	વાઘજીપુર	(૧) નવજીવન હાઈસ્કુલ, વાજીપુર (૨) પ્રાથમિક શાળા, વાઘજીપુર (૩) નવજીવન હાઈ. (જુનુ મકાન) વાઘજીપુર

INDEX

૧	૨	૩	૧	૨	૩
૧૩	સુલીયાત	(૧) ગંગા જમના હાઇસ્કુલ, સુલીયાત (૨) રામ લક્ષ્મણ છાત્રાલય સુલીયાત તા.ગોધરા (૩) ટેન્ટ (૪) કે. એચ. હાઈ. મોરવા હડફ (૫) પ્રાથમિક શાળા મોરવા હડફ (૬) આઈ. એચ . શેઠ હાઈસ્કુલ, મોરા (૭) બી. એમ. વિદ્યાલય, ચોપડાબુઝર્ગ, તા. ગોધરા	૧૪	વરધરી	(૧) વી. વી. હાઈસ્કુલ, વરધરી (૨) મહીસાગર વિદ્યાલય, સાલાવાડા

ગોધરા, તારીખ ૧૦મી માર્ચ, ૧૯૯૮.

જે. એમ. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

ભાગ—૧

અસાધારણ રાજ્યપત્રની યાદી

(ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખ ૩૦મી જૂન, ૧૯૮૭ના ઠરાવ ક્રમાંક મદન/૧૦૮૫/૫૨૯૫/ડના આધારે) તારીખ ૨, ૯, ૧૬, ૨૩, ૩૦ માહે એપ્રિલ, સને ૧૯૯૮ ના રોજ પૂરા થયેલા અઠકાડિયામાં નીચે જણાવેલ ગુજરાત સરકારના અસાધારણ રાજ્યપત્રો પ્રસિધ્ધ થયેલા છે.

અનુ. નંબર ૧	અસાધારણ રાજ્યપત્રનો ક્રમાંક અને તારીખ ૨	હોદ્દો ૩
૧	૬૦ / ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૯૮	જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા.
૨	૬૧ / ૨૭મી ફેબ્રુઆરી, ૧૯૯૮	જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા.
૩	૬૨ / ૨જી માર્ચ, ૧૯૯૮	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.
૪	૬૩ / ૩જી માર્ચ, ૧૯૯૮	જિલ્લા મેજિસ્ટ્રેટ, નડિયાદ.
૫	૯૩ / ૩જી એપ્રિલ, ૧૯૯૮	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, નડીઆદ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] THURSDAY, MAY 7, 1998 / VAISAKHA 17, 1920 [No. 19

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENTS

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders (other than those published in Parts I-A, IV-A, IV-B) and IV-C) Pertaining only to the Supplement to the Central Gazette,	168-173
Part	I-A—Orders and Notifications (other than those published in Part IV-B) under the Bombay Local Boards Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette.—	19
Part,	I-B—Government Notifications published under Land Acquisition Act only.	213—286
Part-I-L-	Notifications, Orders and Awards (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.	845—900

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭ (૩) મુજબનો હુકમ

નંબર ઉ/ગપક/૩૯૨/વિ. શા./૧૯૯૮.—અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારોમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું હિરાલાલ, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર અને પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૩) થી સત્તાની રૂએ ફરમાવું છું કે નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧૭મી એપ્રિલ ૧૯૯૮ ના ક. ૦૦-૦૦ થી તારીખ ૩૦મી એપ્રિલ, ૧૯૯૮ ના ક. ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર :—અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમતનો સમગ્ર વિસ્તાર.

અપવાદ :—આ હુકમ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ કે ફરજ ઉપર હોય તેઓ તથા તથા સ્મશાનયાત્રાઓ અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ (૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૫મી એપ્રિલ, ૧૯૯૮ ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યા.

હિરાલાલ,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

જાહેરનામું

સને ૧૯૭૩ ના ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ હેઠળનો હુકમ.

નંબર ઉ/ગપક/એસ.બી. / જાહેરનામું / બકરી ઈદ / ૨૬/૯૮.—આગામી દિવસોમાં બકરી ઈદનો તહેવાર આવતો હોઈ, તે દરમ્યાનમાં ગાયો, આખલા, બળદો, પાડાઓ અને ભેંસો, વાછરડાઓ વિગેરેની કતલખાનામાં તેમજ બહારની ખાનગી જગ્યાએ થતી કતલથી તથા તે સિવાયના બીજા પ્રાણીઓના મહોલ્લામાંથી અગર બીજી કોઈપણ જાહેર જગ્યાએ દેખાઈ શકાય તેવી રીતની કતલથી હુલ્લડ તોફાન તથા ઈતર વિખવાદ થવાનો ભય હોવાથી હું, જી. સી. રાયગર, આઈ.પી.એસ. પોલીસ કમિશનર, સુરત શહેર એવું માનુંછું કે, આવા વિખવાદ હુલ્લડ તથા તોફાનો થતાં સુલેહ શાંતી વ્યવસ્થાનો ભંગ થતો અટકાવવા અને તેને લગતા તાત્કાલીક ઉપાયો કરવા માટે ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબનો હુકમ કરવા માટે પુરતાં કારણો છે.

જેથી ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ ની કલમ ૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રુએ હું, જી. સી. રાયગર, આઈ.પી.એસ. પોલીસ કમિશનર, સુરત શહેર પોલીસ કમિશનરેટના સમગ્ર વિસ્તારમાં (પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર) આથી ફરમાવું છું કે, તારીખ ૪ થી એપ્રિલ, ૧૯૯૮ કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૦મી એપ્રિલ, ૧૯૯૮ કલાક ૨૪-૦૦ સુધી (બંન્ને દિવસો સુધી) કોઈપણ ઈસમોએ કતલખાનાની બહાર અથવા જાહેર અગર ખાનગી સ્થળોએ ગાય, બળદ આખલા, પાડા, ભેંસ, વાછરડા કાપવા નહીં. અથવા કપાવવા નહીં, તેમજ એ સિવાયના કોઈપણ પ્રાણીની મહોલ્લામાંથી જાહેર જગ્યાએથી દેખી શકાય, તે રીતે કોઈપણ ઈસમએ કતલ કરવો નહીં, અગર કરાવવી નહીં.

સદર હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત ભારતીય ફોજદારી ધારાની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

વિસ્તાર :—પોલીસ કમિશનર, સુરત શહેરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

સ્પષ્ટીકરણ :—રસ્તામાં ફટપાથનો સમાવેશ થાય છે.

આજરોજ તારીખ ૨જી એપ્રિલ, ૧૯૯૮નાં રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

જી. સી. રાયગર,
પોલીસ કમિશનર, સુરત શહેર, સુરત.

BY DISTRICT JUDGE

Read : High Court letter No. C/2103/98, dated 24th March, 1998.

Notification

No. 816 of 1998.—In pursuance of the Instructions contained in Paragraph-629, Chapter XXXI, Civil Manual, Volume-I, 1960 and with the previous permission of the High Court of Gujarat, Ahmedabad the District Judge, Panch Mahals, at Godhra is hereby pleased to notify that all the Civil Courts in the District of Panch Mahals shall remain closed during the Annual Summer Vacation for FIVE WEEKS from Monday the 11th May, 1998 to Sunday 14th June, 1998 (both days inclusive) and for ONE WEEK from Monday 26th October to Sunday 1st November 1998 (both days inclusive) suffix Diwali Holidays.

The Offices of the Nazir and the Record Keeper, District, Court, Panch Mahals, at Godhra and the Offices of the Nazir of the Subordinate Courts in the District shall however, remain open during the vacation on working days Civil work of urgent nature will be received during the vacation.

Godhra, 30th March, 1998.

V. S. BHATT,
District Judge,
Godhra.

જિલ્લા ન્યાયાધીશ દ્વારા

જાહેરનામું

ઉચ્ચ ન્યાયાલયના પત્ર ક્રમાંક નંબર—સી-૨૧૦૩/૯૮-તારીખ ૨૪મી માર્ચ (૧૯૯૮ નો વંચાણે લીધો.)

નંબર ૮૧૬ સને ૧૯૯૮.—સીવીલ મેન્યુઅલના ભાગ-૧, ૧૯૬૦ના પ્રકરણ-૩૧ના ફકરા નંબર ૬૨૯માં આપેલી સુચનાઓ અનુસાર તેમજ ગુજરાત રાજયની વડી અદાલતની પૂર્વ મંજુરીથી આથી પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતેના જીલ્લા ન્યાયાધિશ એવુ જાહેર કરે છે કે સને ૧૯૯૮ના ઉનાળુ વેકેશન દરમ્યાન મે માસની ૧૧મી ને સોમવારથી જુન માસની તારીખ ૧૪મીને રવિવાર (બંન્ને દિવસો સહીત) પાંચ અઠવાડીયાનો તેમજ એક અઠવાડીયાની સને ૧૯૯૮ ના ઓકટોબર માસની તારીખ ૨૬મી ને સોમવારથી નવેમ્બર માસની તારીખ ૧લી ને રવિવાર સુધી (બંને દિવસો સહીત) દિવાળીની રજાઓ જોડીને પંચમહાલ જિલ્લામાં આવેલ તમામ દિવાની અદાલતો બંધ રહેશે. તેમ છતાં આ વેકેશન દરમ્યાન ચાલુ કામકાજના દિવસોએ પંચમહાલ જિલ્લામાં આવેલ ગોધરા ખાતેના જિલ્લા ન્યાયાધીશના નાઝર તથા દફતરેની તેમજ જિલ્લામાં આવેલી તાબાની તમામ અદાલતોના નાઝરની ઓફીસોનુ કામકાજ ચાલુ રહેશે.

તાકીદના પ્રકારના દિવાની કામો પણ વેકેશન દરમ્યાન સ્વીકારવામાં આવશે.

પંચમહાલ, ગોધરા, તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૮.

વિ. એસ. ભટ્ટ,
જિલ્લા ન્યાયાધિશ,
પંચમહાલ, ગોધરા.

INDEX

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નંબર ડી / બીપીએ/ ૧ / ડીસા / રીક્ષા સ્ટેન્ડ--૮૯.— તારીખ ૨૫મી જુલાઈ, ૧૯૮૯ થી પ્રાથમિક હુકમ ખરડો બહાર પાડવામાં આવેલ, જેના અનુસંધાણે નિયત મુદતમાં વાંધાઓ આવેલ વિચારણામાં લેવામાં આવેલ છે. વાસ્તે સદરહુ હુકમનો ખરડો નીચે પ્રમાણે છેવટે હુકમ તરીકે બહાર પાડવામાં આવે છે.

હુકમ

નંબર ડી / બીપીએ / ૧ / ડીસા / રીક્ષા સ્ટેન્ડ /૯૮.— મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માંની કલમ-૩૩ ની પેટા-કલમ-(૧) ના ખંડ (ક) થી મળેલ અધિકારોની રુએ જિલ્લા મેજિસ્ટ્રેટ બનાસકાંઠા ડીસા ટાઉનમાં નીચે જણાવેલ વિગતે રીક્ષા સ્ટેન્ડ તેમજ પાર્કિંગના નીચે મુજબના સ્થળો સામે દર્શાવવામાં આવેલ સંખ્યાના વાહનો માટે નિર્દિષ્ટ કરવામાં આવે છે.

અનુ. નંબર	સ્થળનું નામ જ્યાં ઓટોરીક્ષાનું સ્ટેન્ડ રાખવાનું છે.	રીક્ષાની સંખ્યા
૧	દેના બેન્ક સામે	૧૦
૨	ફુવારા સામે	૧૦
૩	ન્યાય કોર્ટ સામે	૧૦
૪	પેન્ટર ખુરશી સરદાર બાગ સામે	૧૦
૫	ભણસાલી ટ્રસ્ટ હોસ્પિટલ સામે	૫
	જલારામ મંદિર પાસે	૫
૬	ગાંધી ચોકને,	૧૦
	અંબીકા ચોક પાસે	૫
૭	સંતોષી માતાના મંદિર પાસે	૧૦
૮	એ. સી. ડબલ્યુ હાઈસ્કુલ સામે	૧૦
૯	સરદાર બાગ પાસે	૧૦
૧૦	ગાયત્રી મંદિર પાસે	૧૦
૧૧	પશુ બજાર સામે	૫

ઉપરોક્ત નિયત કરેલ જગ્યા સિવાય જાહેર માર્ગ ઉપર રીક્ષા પાર્કીંગ હોલ્ડીંગ કરવા માટે મનાઈ ફરમાવવામાં આવે છે.

આજ રોજ તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૮ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

અનુરાધા મલ્લ,
જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા,
પાલનપુર.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે કરેલો હુકમ.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી. નં.૫/૯૮.—મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨મા) ની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલી સત્તાની રૂએ હું, બી. એન. જોષી, આઈ.એ.એસ. જિલ્લા મેજીસ્ટ્રેટ, નવસારી જિલ્લામાં આગામી રામનવમીનો તહેવાર આવતા હોવાથી જાહેર શાંતિ અને સલામતી અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારું જરૂરી જણાતા ફરમાવું છું કે, નવસારી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ તારીખ ૫મી એપ્રિલ, ૧૯૯૮ થી ૧૨મી એપ્રિલ, ૧૯૯૮ સુધી (બંને દિવસો સુધ્ધા) ના સમય માટે નીચે જણાવેલા કૃત્યો કરવા પ્રતિબંધ ફરમાવું છું:—

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી, લાઠી, અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ;

(ખ) કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની;

(ગ) પત્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની;

(ગ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની;

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ, અથવા પુતળા દેખાડવાની;

(ચ) લોકોને બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની, અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની.

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવા તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, પ્લે બોર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમનો ખંડ-ક નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ :—

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિત કે જે તે ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું હોય અથવા એવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, નવસારી અથવા તેણે અધિકૃત કરેલ હોઈ પોલીસ અધિકારીએ જે તે શારીરિક અશકિતને કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યકિતને.

જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ૪ માસની અને વધુમાં વધુ ૧ વર્ષ સુધીની કેદની સજા થશે.

આજ રોજ તારીખ ૩જી એપ્રિલ ૧૯૯૮ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

બી. એન. જોષી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કરેલ હુકમ.

ક્રમાંક પી.ઓ.એલ./વશી/૪૮૧.—આગામી બકરી ઈદના તહેવારના દિવસે કોઈ કતલખાનાની બહાર કોઈપણ જાહેર કે ખાનગી સ્થળે ગાય, આખલા, બળદ, પાડા, ભેંસ, વાછરડીની કતલને કારણે તેમજ કોઈ શેરીમાં કે સ્થળે દેખાય તે રીતે અન્ય કોઈપણ પશુની કતલને કારણે જાહેર સુલેહ શાંતિનો ભંગ થવાનો સંભવ છે અને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ,૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ

INDEX

મુજબ પગલાં લેવા માટે પુરતુ કારણ છે અને તેમ થતું તાત્કાલિક અટકાવવાનું ઈચ્છનીય છે. એવો મારો અભિપ્રાય છે. તેથી હું એ. કે. રાકેશ, જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલી સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, પાટણ જિલ્લાના તમામ શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ તારીખ ૭મી એપ્રિલ, ૧૯૯૮ના શૂન્ય કલાકથી તારીખ ૧૦મી એપ્રિલ, ૧૯૯૮ના ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સુધ્ધાંત) કતલખાનાની બહારના કોઈ જાહેર કે ખાનગી સ્થળે ગાય, આખલા, બળદ, પાડા ભેંસ, વાછરડા કે વાછરડીની કતલ કરવી નહીં અથવા પાટણ જિલ્લાના તમામ શહેરી તથા ગ્રામ્ય વિસ્તારની હદની અંદર કોઈ શેરીમાં અથવા જાહેર સ્થળમાં દેખાય તે રીતે અન્ય કોઈ પશુની કતલ કરવી નહીં અને કોઈપણ અવશેષો જાહેરમાં મુકવા, મુકાવવા નહીં.

ઉપરોકત હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૧લી એપ્રિલ, ૧૯૯૮ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

એ. કે. રાકેશ,
જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ.

જાહેરનામું

સને-૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (૫) (૨) અન્વયેનો હુકમ.

નં. પીઓએલ/જાહેરનામું/૩/૯૮.—સાબરકાંઠા જિલ્લાના માલપુર-મેઘરજ રાજય ધોરી માર્ગ ૧૪૫ કી. મી. ૬૦.૦ થી ૭૭.૦ નાનાવાડા ગામથી માલપુર સુધી કી. મી. ૬૦.૦ થી ૬૪.૪ ઉપર હયાત સાંકડી નીકો તથા એચ.પી. ડ્રેનેજ પહોળો કરવાનું કામ જાહેર બાંધકામ વિભાગ તરફથી શરૂ કરવામાં આવેલ છે. જેથી ચાલુ કામ દરમિયાન ખોદકામ કરતાં પથ્થરો અને બીજી માટી વિગેરે ઉડીને ટ્રાફિકને નુકસાન પહોંચાડી શકે તેમ છે. તેમજ આ રસ્તા ઉપર ડાયવર્ઝન આપી શકાય તેમ ન હોવાથી માલપુર-મેઘરજ જવાના રસ્તા સુધી એટલે કે કી. મી. ૬૦.૦ થી ૭૭.૦ નાનાવાડા ગામથી માલપુર સુધી કી. મી. ૬૦.૦ થી ૬૩.૪ સુધીનો આવેલ રસ્તો વાહન-વ્યવહાર માટે ઉપયોગમાં ન લેવા માટે તથા વાહન વ્યવહાર તથા રાહદારીઓ, ઢોર ઢાંખરની સલામતી જાળવવા માટે સને-૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ની કલમ-૩૩ (૧) (૫) (૨) અન્વયે પ્રતિબંધક હુકમ કરવો જરૂરી છે.

આથી હું એસ. એમ. બુખારી, આઈ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા હિંમતનગર સને-૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને-૧૯૫૧ના ૨૨માં) ની કલમ-૩૩ (૧) (૫) (૨) થી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે :—

સાબરકાંઠા જિલ્લાના માલપુર-મેઘરજ રાજય ધોરી માર્ગ નં.-૧૪૫ ઉપર કી. મી. ૬૦.૦ થી ૭૭.૦ નાનાવાડા ગામથી માલપુર સુધી કી. મી. ૬૦.૦ થી ૬૩.૪ ના રસ્તા સુધી ફકરા-૧માં જણાવેલ વિગતોએ કી. મી. રોડનું કામ પૂર્ણ ન થાય ત્યાં સુધી રાહદારીઓ, ઢોરઢાંખર, તથા એસ. ટી. બસો, તમામ પ્રકારના વાહનો ઉપયોગ માટે પ્રતિબંધ જાહેર કરવા ફરમાવું છું. માલપુર-મેઘરજ જવા આવવા માટે વૈકલ્પિક વ્યવસ્થા તરીકે આ રસ્તાનું ટ્રાફીક માલપુરથી ટીસ્કીથી રીંછવાડથી નાનાવાડા પરોસડાથી મેઘરજ જતા રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ઈસમ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આજ તારીખ ૨૭મી માર્ચ, ૧૯૯૮ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

એસ. એમ. એફ. બુખારી,
જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા,
હિંમતનગર.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ -૩૭ (૧) અન્વયે કાઢેલો હુકમ.

ક્રમાંક એમ.એ.જી-વશી-૨૯૧૦.— ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાય છે.

તેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નાં મુંબઈના ૨૨ માં) ની કલમ-૩૭(૩)થી મને મળેલ સત્તાની રૂએ હું, આર. કે. પરમાર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ભરૂચમાંથી સદરહુ વિસ્તારમાં તારીખ ૨૫ મી માર્ચ, ૧૯૯૮ નાં દિવસે સવારના ૦૦.૦૦ કલાક થી તારીખ ૮મી એપ્રિલ, ૧૯૯૮ ના રોજ સાંજના ૨૪.૦૦ કલાક સુધી (બંન્ને દિવસો સુધ્ધાં) ની મુદત માટે ભરૂચ જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

અનુસૂચિ

વધુમાં હું આદેશ કરું છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને.
(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને.
(૩) કોઈ લગ્નના વરઘોડાને.
(૪) કોઈપણ સ્મશાનયાત્રાને.

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનારે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫(૧) મુજબ મને ભારતનાં ફોજદારી અધિનિયમ-૧૮૬૦ (સને ૧૮૬૦ નાં ૪૫ માં) ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૪મી માર્ચ સને ૧૯૯૮ નાં રોજ મારી સહી કરી અને સિક્કો કરી આપ્યો.

INDEX

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલો.

ક્રમાંક એમએજી/વશી/૩૦૮૨:—આગામી બકરી ઇદના તહેવારની ઉજવણી તારીખ ૮મી એપ્રિલ ૧૯૯૮ ના રોજ થશે અને તહેવારના દિવસોમાં કતલખાનાની બહાર કોઈપણ જાહેર કે ખાનગી સ્થળે ગાય, આખલા, બળદ, પાડા, ભેંસ, વાછરડી અને વાછરડાની કતલને કારણે તેમજ જાહેર શેરીમાં કે સ્થળ પર દેખાય તે રીતે અન્ય કોઈ પણ પશુની કતલને કારણે સુલેહ શાંતિનો ભંગ થવાનો સંભવ છે અને તેમજ ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવા માટે પુરતુ કારણ છે અને આથી સુલેહ શાંતિનો ભંગ થતો તાત્કાલિક અટકાવવાનું ઇચ્છનીય છે એવો મારો અભિપ્રાય છે.

સબબ હું, આર. કે. પરમાર, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબમને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે ભરૂચ જીલ્લાની હદની અંદર કોઈપણ વ્યકિતએ તારીખ ૭મી એપ્રિલ ૧૯૯૮ થી ૧૦મી એપ્રિલ ૧૯૯૮ સુધી (બન્ને દિવસ સહીત) કતલખાનાની મકાનના બહાર કોઈપણ જાહેર કે ખાનગી સ્થળે ગાય, વાછરડા, આખલા, બળદ, પાડા, ભેંસ, વાછરડાની કતલ કરવી નહી તેમજ ભરૂચ જીલ્લાની હદમાં કોઈપણ જાહેર એરીયાં કે જાહેર સ્થળોમાં દેખાય તે રીતે અન્ય કોઈપણ પશુની કલતલ કરવી નહીં.

આજ તારીખ ૨જી એપ્રિલ ૧૯૯૮ ના રોજ મારી સહી કરી સિકકો કરી આપ્યો.

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલો હુકમ.

ક્રમાંક એમ.એ.જી/વશી/૩૦૮૧.—ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે હેતુથી મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની (સને ૧૯૫૧ ના મુંબઇના ૨૨માં અધિનિયમ)ની કલમ-૩૭ ની પેટા કલમ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું આર. કે. પરમાર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ જાહેર શાંતી અને સલામતી સારૂ ફરમાવું છું કે કોઇએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૮મી એપ્રિલ ૧૯૯૮ થી તારીખ ૭મી મે ૧૯૯૮ સુધી -(બંને દિવસો સુધ્ધા).

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધારીયા, ધોકાં, છરા, લાકડી કે લાઠી અથવા શારીરીક ઇજા પહોંચાડી શકાય તેવું બીજું કોઇપણ સાધન સાથે લઇ જવું નહી.

(ખ) કોઇપણ ક્ષયકારી પદાર્થ સ્ફોટક પદાર્થ સાથે લઇ જવા નહી.

(ગ) પથ્થરો અથવા હાનિકારક પ્રવાહી રસાયણ છાંટવા અથવા ફેંકવા નહી અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ તેવી વસ્તુઓ ફેકવાના કે ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઇ જવા નહી એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહી.

(૫) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી.

(ડ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઇરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહી અશ્લિલ ગીતો ગાવા નહી અથવા ટોળામાં ફરવું નહી.

(ચ) જેનાથી સુરૂચિ નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી તેવા હાવભાવ કરવા નહી તેવી ચેષ્ટા કરવી નહી તેવા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડ, અથવા બીજા કોઇપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહી, બતાવવા નહી તથા તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમ નીચેની વ્યકિતને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઇ વ્યકિતઓને કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઇપણ હથિયાર લઇ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઇપણ હથિયાર લઇ જવાની તેની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ અથવા તેને અધિકૃત કરેલા કોઇપણ પોલીસ અધિકારીને જે શારીરીક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઇ જવાની પરવાનગી આપી હોશકાય તે વ્યકિતને.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી ભરૂચે આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઇ વ્યકિતઓને.

અનુસૂચિ.

" ભરૂચ જિલ્લાનો સમગ્ર વિસ્તાર "

આ જાહેરનામાના કોઇપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

મેં આજ રોજ તારીખ ૬ઠ્ઠી એપ્રિલ ૧૯૯૮ ના રોજ મારી સહી કરી આપ્યો છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે કાઢેલો હુકમ.

ક્રમાંક /એમ.એ.જી. /વશી/૩૦૮૩.—ભરુચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં વ્યકિતઓની કોઇ મંડળી સરઘસની મનાઇ કરવાનું મને જરૂરી જણાયુ છે.

તેથી હવે, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧નાં મુંબઈના ૨૨મા) ની કલમ-૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂએ હું આર. કે. પરમાર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચમાંથી સદરહુ વિસ્તારમાં તારીખ ૧૦મી એપ્રિલ ૧૯૯૮નાં દિવસે સવારના ૦૦.૦૦ કલાકથી તારીખ ૨૪મી એપ્રિલ ૧૯૯૮નાં રોજ સાંજના ૨૪.૦૦ કલાક સુધી (બંને દિવસો સુધ્ધા) ની મુદત માટે ભરૂચ જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી સરઘસ માટે મનાઇ ફરમાવું છું.

અનુસુચિ

વધુમાં હુ આદેશ કરું છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને.
(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષકદળની વ્યકિતઓને.
(૩) કોઇ લગ્નના વરઘોડાને.
(૪) કોઈપણ સ્મશાનયાત્રાને.

INDEX

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનારે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ અને ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ (સને ૧૮૬૦નાં ૪૫માં) ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૬ઠ્ઠી એપ્રિલ સને ૧૯૯૮ના રોજ મારી સહી કરી અને સિક્કો કરી આપ્યો.

આર. કે. પરમાર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ.

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ,૧૯૫૧ની કલમ ૩૭(૧) અન્વયે. કાઢેલ.

ક્રમાંક એમ.એ.જી./વશી./૧૪૧૨/૩૦.—નર્મદા જિલ્લામાં કાયદો-
વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી મુંબઇ પોલીસ અધિ-
નિયમ, ૧૯૫૧ (સને-૧૯૫૧ના મુંબઈના ૨૨માં અધિનિયમ)ની કલમ
-૩૭ ની પેટા-કલમ -(૧) અન્વયે મળેલ સત્તાની રુએ હું, એમ.
ડી. મોંડીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા, જાહેર શાંતિ અને
સલામતી સારુ ફરમાવું છું કે કોઈએ નીચેની અનુસુચિમાં દર્શાવેલ
વિસ્તારમાં તારીખ ૧૫મી એપ્રિલ, ૧૯૯૮થી તારીખ ૩૦મી એપ્રિલ,
૧૯૯૮ સુધી –

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધારીયા, ધોકા, છરા, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોચાડી શકાય તેવું બીજું કોઈ સાધન સાથે લઈ જવું નહિ;

(૨) કોઈપણ શયકારી પદાર્થ, સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહિ;

(૩) પથ્થર અથવા હાનિકારક પ્રવાહી રસાયણ છાંટવા અથવા ફેકવા અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના યંત્રો અથવા સાધનો લઈ જવા નહિ, એકઠા કરવા નહિ તથા તૈયાર કરવા નહિ;

(૪) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહિ;

(૫) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સૂત્રો પોકારવા નહિ, અશ્લિલ ગીતો ગાવા નહિ, અથવા ટોળામાં ફરવું નહિ;

(૬) જેનાથી સુરુચિ, નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહિ, તેવા હાવભાવ કરવા નહિ, તથા તેવા ચિત્રો, પત્રિકા, પોષ્ટકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહિ, બનાવવા નહિ તથા તેનો ફેલાવો કરવો નહિ.

આ હુકમ નીચેની વ્યકિતને લાગુ પડશે નહિ :—

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઇ વ્યકિતઓને કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય,

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ તેને અધિકૃત કરેલા કોઈ પણ પોલીસ અધિકારીને જેને શારીરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી શકાય તે વ્યકિતને,

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, નર્મદા, અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, નર્મદા, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતઓને.

અનુસુચિ

'નર્મદા જિલ્લાનો સમગ્ર વિસ્તાર'

આ જાહેરનામાંના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે. અને મુંબઈ પોલિસ અધિનિયમની કલમ ૧૩૫(૧) મુજબ દંડની પણ સજા થશે.

આજ તારીખ ૧૩મી એપ્રિલ, ૧૯૯૮ના રોજ મારી સહી-સિક્કો કરી આપ્યો.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલો.

હુકમ

ક્રમાંક એમ.એ.જી. વશી/૧૪૩૧-૪૯.—નર્મદા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતું થી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી-સરઘસની મનાઈ કરવાનું મને જરુર જણાય છે.

તેથી હવે મુંબંઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને-૧૯૫૧ના મુંબઈના ૨૨માં) ની કલમ-૩૭ (૩) થી મને મળેલ સત્તાની રુએ હું એમ.ડી. મોડીયા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ નર્મદા (રાજપીપલા) આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૧૫મી એપ્રિલ ૧૯૯૮ના દિવસે સવારના ૦૦-૦૦ કલાક થી તારીખ ૩૦મી એપ્રિલ ૧૯૯૮ના રોજ સાંજના ૨૪-૦૦ સુધી (બંને દિવસો સુધ્ધાં) ની મુદત માટે નર્મદા જિલ્લામાં ચાર કરતા વધુ વ્યકિત ઓની કોઈ મંડળી સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

અનુંસૂચિ

વધુમાં હું આદેશ કરું છું કે આ હુકમની નીચેનાને લાગુ પડશે નહિ
(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને.
(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને.
(૩) કોઈ લગ્નના વરઘોડાને.
(૪) કોઈ પણ સ્મશાન યાત્રાને.

આ હુકમના ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૫(૧) મુજબ અને ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ (સને -૧૮૬૦ના ૪૫માં) ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૩મી એપ્રિલ ૧૯૯૮ ના રોજમારી સહી તથા સિક્કો કરી આપ્યો.

એમ. ડી. મોડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા,
રાજપીપલા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G—BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] THURSDAY, MAY 14, 1998 / VAISAKHA 24, 1920 [No. 20

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B, and Part I-L

	Pages		Pages
Part I-Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	174-180	Part I-B-Government Notifications published under Land Acquisition Act only.	287-294
Part I-A-Orders and Notifications, other than those published in Part IV-I under the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette.	20	Part I-L-Notifications, Orders and Awards, other than those published in Parts I,IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.	901-972

Miscellaneous Notifications, Appointments, etc.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩(૧) (બી) હેઠળ નિયમ

ક્રમાંક એફ/ટફક/ઉગપક/જાહેરનામું/૬૪૦/૯૮.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નાં મુંબઈના ૨૨માં) ની કલમ ૩૩ ની પેટા-કલમ (૧)(બી)થી મળેલ સત્તાની રુએ તાત્કાલીક અસરથી જાહેર જનતા જોગ જણાવવાનું કે, નેશનલ હાઈવે નં.-૮ ઉપર આવેલ મહી નદીના પુલની સપાટીને નુકસાનનાં લીધે પુલની મરામત કરવાની કામગીરી તારીખ ૧લી મે ૧૯૯૮ થી તારીખ ૩૦મી જુન ૧૯૯૮ સુધી હાથ ઉપર લેવામાં આવનાર હોઈ આ સમયગાળા દરમ્યાન ટ્રાફીકની વૈકલ્પીક વ્યવસ્થા તેમજ લોકોને ભય અને અગવડ ન થાય અને ટ્રાફીક વ્યવહાર સરળતાથી ચાલે તે હેતુથી સરકારશ્રીનાં આદેશ અનુસાર નીચે મુજબ "એકમાર્ગી રસ્તો" કરવા આ નિયમ કરું છું.

આખરી જાહેરનામાનો મુસદ્દો

અનુ. નંબર	જાહેરનામાની જગ્યા	વિગત
૧.	મુંબઈ તરફથી અમદાવાદ તરફ જતો ટ્રાફીક મહી નદીનાં ફાજલપુર વાસદ બ્રીજ ઉપરથી જઈ શકશે. આ ટ્રાફીક એક લેનમાં તદ્દન ધીમી ગતીએ ૨૫ થી/૩૦ કિ.મી. ની મર્યાદામાં જઈ શકશે એક લેનની મરામત થયેથી બીજી લેનની મરામત હાથ ધરવામાં આવશે	એકમાર્ગી
૨.	અમદાવાદથી મુંબઈ જવા માટે રાષ્ટ્રીય ધોરી માર્ગ નં. ૮ને પુલની મરામત ચાલતી હોઈ વાસદ પુલ પરથી કોઈપણ જાતનાં વાહનો પસાર થઈ શકશે નહીં. પરંતુ વાસદથી ઉમેટા પુલ થઈ સેવાસી ગોત્રી ગામ થઈ વડોદરા શહેરમાં પ્રવેશ કરી શકશે.	એકમાર્ગી

મેં આજ તા. ૨૮ એપ્રિલ સને ૧૯૯૮નો રોજ મારી સહી કરી સીક્કો મારેલ છે.

આર. એમ. એસ. બ્રાર,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

નાયબ પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

નંબર ઉ/ગપક/ટફક/ટેક્ષટાઈલ માર્કેટ/૧૦૦૫/૯૮.—સુરત શહેરમાં ટેક્ષટાઈલ માર્કેટ વિસ્તારમાં વાહન વ્યવહારની સવલત અને સલામતી માટે નીચે જણાવ્યા મુજબ હંગામી ધોરણે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૩૩(૧) ની પેટા કલમ (બી) થી મળેલ સત્તાની રૂએ હું, કે. ડી. પાટડીયા (આઈ.પી.એસ.) નાયબ પોલીસ કમિશનર, પશ્ચિમ અને ટ્રાફિક, સુરત શહેર, આથી ટેક્ષટાઈલ વિસ્તારમાં ટ્રાફિક નિયમન સુધારવા માટે નીચે મુજબનું જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

જે. જે. સિલ્ક માર્કેટ પાસેનાં મેઈન રોડથી ગોળવાળા માર્કેટ સાંઈદર્શન ૫૦ તરફ જતાં રસ્તા પર સવારે કલાક ૧૦-૦૦ થી કલાક ૧૨-૩૦ તથા સાંજે કલાક ૧૬-૦૦ થી કલાક ૧૯-૩૦વાગ્યા સુધી ફોર વ્હીલર વાહનો ટેમ્પો, ટ્રક, વિગેરે ઉપર અવર-જવર કરવા માટે પ્રતિબંધ મુકવામાં આવે છે.

આ જાહેરનામાનો અમલ તારીખ ૨૦મી મે, ૧૯૯૮ સુધી રહેશે.

આજ તારીખ ૧૭મી એપ્રિલ, ૧૯૯૮નાં રોજ મારી સહી સિક્કા કર્યો.

જાહેરનામું.

નંબર ઉ/ગપક/ટફક/ઉનાપાણી રોડ / ૧૦૬૧/૧૯૯ .—સુરત શહેરનાં રેલ્વે સ્ટેશન વિસ્તારમાં વાહન વ્યવહારની સવલત અને સલામતી માટે નીચે જણાવ્યા મુજબ હંગામી ધારણે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) ની પેટા કલમ (બી) થી મને મળેલ સત્તાની રૂએ હું, કે. ટી. પાટડીયા (આઈ. પી. એસ.) નાયબ પોલીસ કમીશનર પશ્ચિમ અને ટ્રાફિક સુરત શહેર આથી સ્ટેશન વિસ્તારમાં ટ્રાફિક નિયમન કરવામાં પડતી મુશ્કેલીઓ ધ્યાને લઈ ટ્રાફિક નિયમન સુધારવા માટે નીચે મુજબનું જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

કતારગામથી લાલ દરવાજા થઈ દિલ્હીગેટ તરફ (પેટ્રોલ પંપવાળા રસ્તા પર) વાહન વ્યવહાર માટે પ્રવેશ આપવામાં આવે છે.

આજ રસ્તા ઉપરથી દિલ્હીગેટથી લાલ દરવાજા તરફ જતાં રસ્તા પર પ્રવેશ બંધ (નો એન્ટ્રી) ફરમાવવામાં આવે છે.

આ જાહેરનામું તારીખ ૨૭મી એપ્રિલ ૧૯૯૮ થી તારીખ ૨૬મી મે ૧૯૯૮ સુધી એક માસની મુદત માટે બહાર પાડવામાં આવે છે.

આજ તારીખ ૨૪મી એપ્રિલ ૧૯૯૮ ના રોજ મારી સહી સિક્કા કર્યા.

કે. ડી. પાટડીયા,
નાયબ પોલીસ કમિશનર
સુરત.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

સુધારા હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ની કલમ-૩૩(૧) (ખ) મુજબના

નંબર પલસ/મજસ/વશી. ૯૭૨.—દાહોદ જિલ્લાના દાહોદ શહેર વિસ્તારમાં આવેલ રસ્તાઓ ઉપર જાહેર જનતાને અવર-જવરમાં અગવડ થતી હોવાથી રસ્તામાની જગ્યાના ઉપયોગ અને નિયમન અને નિયંત્રણ અંગે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ખ) મુજબનો જાહેર હુકમ જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી પંચમહાલ, ગોધરાએ તેઓના હુકમ નં. ઉ/ગકમ/પલસ/મજસ/વશી. ૫૧૧૫ થી ૫૧૪૦ તારીખ ૩૦મી નવેમ્બર ૧૯૯૬ થી નિયંત્રણ અંગે હુકમ ફરમાવવામાં આવેલ છે.

સદરહું હુકમના અનુસંધાનમાં મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-/૩૩(૧) (ખ) મુજબ જિલ્લા મેજિસ્ટ્રેટ પંચમહાલ, ગોધરા નો હુકમ નં. ઉ/મકમ/પલસ/મજસ/વશી. ૫૫૨ થી ૫૬૧ તારીખ ૩૧મી જાન્યુઆરી ૧૯૯૭ બહાર પાડવામાં આવેલ છે. અને તે અન્વયે તારીખ ૩૦મી નવેમ્બર ૧૯૯૬ના હુકમ અગાઉ નિર્દેશ કરેલ હુકમના પારા નં. ૩માં દર્શાવેલ વિગતે ફેરફાર કરેલ છે.

આજની સ્થિતિએ દાહોદ જિલ્લો અસ્તિત્વમાં આવ્યા બાદ દાહોદ શહેરમાં વિસ્તાર પામતા ઉદ્યોગ, વેપાર, શહેરીકરણ, શહેરની ગીચતા વિગેરે તમામ બાબતોમાં વધારો થતો હોવાથી અને દાહોદ શહેર વિસ્તારમાં આવેલ રસ્તાઓ ઉપર જાહેર જનતાને અવર-જવરમાં

INDEX

અગવડ થતી હોવાથી જાહેર પ્રજાના હિતમાં રસ્તામાંની જગ્યાના ઉપયોગનું નિયમન અને નિયંત્રણ કરવાની આવશ્યકતા ઉભી થયેલ છે.

આથી હું, શ્રી અરૂણકુમાર એમ. સોલંકી, આઈ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, દાહોદ જિલ્લા દાહોદ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની (સને ૧૯૫૧ની અધિનિયમ ૨૨) ની કલમ-/૩(૧) હેઠળ મને મળેલ અધિકાર અન્વયે જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરાનો તારીખ ૩૧મી જાન્યુઆરી ૧૯૯૭નો સુધારો હુકમ નં. ઉ/મકપ/પલસ/મજસ/વશી. ૫૫૨ થી ૫૬૧ રદ કરવાનો હુકમ કરું છું.

આથી જિલ્લા મેજિસ્ટ્રેટ પંચમહાલ, ગોધરાનો હુકમ નં. ઉ/મકપ/પલસ/મજસ/વશી. ૫૧૩૫ થી ૫૧૪૦ તારીખ ૩૦મી નવેમ્બર ૧૯૯૬ના બહાર પાડેલ જાહેરનામાના પારા ૩ જે નીચે મુજબ છે. તે જાળવી રાખવાનો અને તાત્કાલિક રીતે અમલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

"શહેરમાંના હનુમાન બજાર, કથીરીયા બજાર, નીચવાસ બજાર, બહારપુરાથી પડાવ વિસ્તારમાં ભારે વાહનોનો જે માલ ઉતારવા માટે ઉભાં રખાતા હોવાથી ટ્રાફિકને ભારે પ્રશ્ન ઉપસ્થિત થાય છે. અને વાહનો સરળતાથી પસાર થતાં નથી. જેથી કરીને ઉપરના ચારેય વિસ્તારમાં સવારના ૮-૦૦ થી સાંજના ૨૦-૦૦ કલાક સુધીના સમય દરમ્યાન ભારે વાહનોની અવર-જવર પર પ્રતિબંધ રહેશે."

દાહોદ, તારીખ ૧૫મી એપ્રિલ ૧૯૯૮.

એ. એમ. સોલંકી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
દાહોદ.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલો હુકમ.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી. ૨૦/૯૮.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧નાં ૨૨માં) અધિનિયમ-કલમ-૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રુએ હું, આર. કે. દવે, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, વલસાડ આગામી દિવસો દરમ્યાન જિલ્લામાં જાહેર શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારુ, જરૂરી જણાતા, ફરમાવું છું કે, વલસાડ જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે નીચે જણાવેલ તારીખ ૧૭મી એપ્રિલ ૧૯૯૮ થી ૩૦મી એપ્રિલ ૧૯૯૮ (બંને દિવસો સુધીનાં) સમય માટે કૃત્યો, કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :—

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી, અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ.

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની અકઠા કરવાની તૈયારી કરવાની.

(ગગ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ઘ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(ચ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની.

(છ) જેનાથી સુરુચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો પત્રીકા, બોર્ડ અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમ ખંડ(ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યક્તિઓ કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય,

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, વલસાડે અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરીક અશક્તિને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિ.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યક્તિને,

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમ (સને. ૧૯૫૧ના ૨૨માં) ના કાયદાની કલમ-૧૩૫(૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધી કેદની સજા થશે.

આજરોજ તારીખ ૧૬મી એપ્રિલ ૧૯૯૮નાં રોજ મારી સહી કરી મુદ્રા કરી આપી છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને, ૧૯૫૧નો ૨૨મો) ની કલમ-૩૭(૩) અન્વયે કરેલો હુકમ.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી. ૨૨/૯૮.—આગામી દિવસો દરમ્યાન જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા તેમજ જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારું માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, આર. કે. દવે, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧(સને. ૧૯૫૧નો ૨૨મો) ની કલમ-/૭ ની પેટા કલમ-૩થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, વલસાડ જિલ્લામાં તારીખ ૧૭મી એપ્રિલ ૧૯૯૮ થી ૩૦મી એપ્રિલ ૧૯૯૮ સુધી (બંને દિવસ સુધ્ધા) ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહીં સરઘસ કાઢવું નહીં. તેમજ ચારથી વધુ વ્યક્તિઓ ભેગા થવું નહી. અથવા સરઘસ કાઢવું નહીં.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રા કે એસ.ટી.બસમાં મુસાફરી કરવા માંગતા મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના માટે જતી બોનાફાઈડ વ્યક્તિઓને લાગુ પડશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને. ૧૯૫૧નો ૨૨માં) ની કલમ-૧૩૫(૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૧૬મી એપ્રિલ ૧૯૯૮નાં રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧નાં મુંબઈ અધિનિયમ-૨૨ની કલમ-૩૭(૪) અન્વયેનો હુકમ.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી. ૨૧/૯૮.—વલસાડ શહેરમાં ધરમપુર રોડ ઉપર આવેલ કલેકટર કચેરીનાં બહુમાળી મકાનમાં જિલ્લાની ૩૦ જેટલી સરકારી કચેરીઓ આવેલી છે. આ કચેરીઓમાં પ્રજાજનો પોતાના કામો અંગે સરળતાથી કોઈ અંતરાય વગર આવાગમન કરી શકે તે ખૂબ જ ઈચ્છનીય છે. કેટલાંક ઈસમો આ કચેરીઓમાં તેમજ કચેરીનાં કમ્પાઉન્ડમાં અડચણ થાય તેવા કૃત્યો કરે તે અટકાવવા જરૂરી છે.

વાસ્તે હું આર. કે. દવે, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી વલસાડ સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નો ૨૨) માંની કલમ-૩૭ની પેટા કલમ-૧ હેઠળ મને મળેલી સત્તાની રુએ આ અધિનિયમની કલમ-૩૭ની પેટા કલમ-૪ ની જોગવાઈ મુજબ વલસાડ કલેકટર કચેરી, બહુમાળી મકાન ધરમપુર રોડ, વલસાડનાં બિલ્ડીંગમાં તેમજ કંપાઉન્ડમાં કોઈપણ વ્યકિત કે વ્યકિતઓ અથવા સમૂહમાં ધરણાનાં કાર્યક્રમો ઘેરાવનાં કાર્યક્રમો ઉપવાસ ઉપર બેસવાનાં કાર્યક્રમો યોજવા માટે પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમ તારીખ ૧૬મી એપ્રિલ ૧૯૯૮ થી ૩૦મી એપ્રિલ ૧૯૯૮ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ઈસમ ઉકત અધિનિયમની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૬મી અપ્રિલ ૧૯૯૮ થી મારી સહી તથા મુદ્રા કરી આપ્યા છે.

જાહેરનામું

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/ ફાયર / તલપ/રજી-૨૩/૯૮.—જીલ્લા પોલીસ અધિકારીશ્રી વલસાડના પત્ર નં. હથર/સીબી-૨-ફાયરીંગ તાલીમ/ ૯૮, તારીખ ૧૭મી અપ્રિલ ૧૯૯૮ થી જણાવ્યા મુજબ વલસાડ જીલ્લા પોલીસમાં રીક્રુટ થયેલ મહિલા પોલીસ કર્મચારીઓના ફાયરીંગ પ્રેકટીશ નીચે જણાવેલા સ્થળે અને સમયે યોજવામાં આવનાર છે. આથી કોઈપણ વ્યકિતને ગોળીબાર દરમ્યાન ઈજા ન થાય તે માટે નીચે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં જરૂરી જણાય છે.

વાસ્તે હું આર. કે. દવે, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ સને ૧૯૫૧ મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ નો ૨૨મો) ની કલમ-૩૭ ની પેટા કલમ-૪ ની જોગવાઈ મુજબ ફાયરીંગ બટ ભિલાડ તાલુકા ઉંમરગામ જીલ્લો વલસાડના ૨ કી. મી. વિસ્તારમાં તારીખ ૨૪મી એપ્રિલ ૧૯૯૮ થી ૩૦મી એપ્રિલ ૧૯૯૮ સુધી સવારના ૭-૦૦ થી સાંજના ૧૮-૦૦ કલાક સુધી ગોળીબાર પ્રેકટીશ દરમ્યાન આજુબાજુનાં રહીશો તેમજ બહારનાં કોઈ અન અધિકૃત વ્યકિતઓ ઉપરોકત સમય દરમ્યાન આ જમીનની હદ વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા તેમજ ઢોર ઢાંખર સાથે અને ઢોર ઢાંખરને પ્રવેશ આપવા મનાઈ ફરમાવું છું.

સદરહું ગોળીબાર પ્રેકટીશ દરમ્યાન ગોળીબારથી ઈજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત રહેવા જણાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ઈસમને ઉકત અધિનિયમની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૩મી એપ્રિલ ૧૯૯૮ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી આપેલ છે.

આર. કે. દવે,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

જાહેરનામું

સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૪૩ (૧) : અન્વયેનું.

ક્રમાંક પીઓએલ/વશી/૧૪૫૯-૭૭.—નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના ગોરા ગામે તારીખ ૨૪મી એપ્રિલ, ૧૯૯૮ થી તારીખ ૨૭મી એપ્રિલ, ૧૯૯૮ દરમ્યાન સુરપાણેશ્વર મહાદેવનો મેળો યોજાશે. આ મેળામાં આજુબાજુનાં ગામોમાંથી તથા રાજ્યનાં જુદા જુદા વિસ્તારોમાંથી મોટા પ્રમાણમાં જન સમુદાય એકત્રિત થશે. અને અમારા અભિપ્રાય મુજબ નીચે જણાવેલ કૃત્યોથી ચેપી રોગચાળો ફાટી નિકળવાનો પુરો સંભવ છે. તેથી દરેક વ્યકિતએ નીચેનાં નિયમોનું પાલન કરવું જરૂરી છે.

(૧) જે સ્થળો પાણી પીવા માટે નિયત કર્યા હોય તેની નજીકમાં ૧૨ ફુટનાં વિસ્તારમાં અથવા તે જગ્યા ઉપર ન્હાવું-ધોવું કે કપડાં કે જાનવરોને નવડાવવા નહિં, વાસણો, વાહનો ધોવા નહિં.

(૨) મેળાનાં સમયે નિયત કરેલ જગ્યા સિવાય અન્ય જગ્યા પર ઝાડો, પેશાબ કરવા નહિં.

(૩) ગંધાતા, વાસી અને ઉતરી ગયેલાં અગર માનવ ખાદ્ય માટે બિન ઉપયોગી એવા ફળફળાદિ, પીણાં તથા ખોરાક વેચવા નહિં.

(૪) ખાન-પાનની દુકાનો, હોટલો, રેસ્ટોરન્ટ, તથા પોતાની દુકાનો અસ્વચ્છ અને ગંદી રાખવી નહિં.

(૫) જે ભાવિકો કોલેરા, શીતળા, પ્લેગ જેવા ચેપી રોગથી પીડાતા હોય તેમણે ફરજ ઉપરના સેનેટરી ઈન્સ્પેકટર પાસેથી તેવી રોગ અટકાવવા માટેની દવા ઈન્જેકશન વિગેરે અગાઉથી લીધા વગર મેળામાં આવવું નહિં.

વાસ્તે હું, એમ. ડી. મોડીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા સને, ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૪૩ (૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ગોરા મુકામે સુરપાણેશ્વર મહાદેવના મેળાનું આયોજન થશે તેવા સ્થળોમાં ઉપર જણાવેલ કૃત્યો કરવા આથી મનાઈ ફરમાવું છું.

ઉપર જણાવેલ નિયમોનો જે કોઈ વ્યકિત ભંગ કરશે અથવા તેમ કરવામાં મદદ કરશે તેને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ અનુંસાર ૩ (ત્રણ) માસની કેદ અથવા રૂપિયા ૨૦૦ સુધીના દંડ અગર બન્ને શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૨૪મી એપ્રિલ, ૧૯૯૮ થી તારીખ ૨૭મી એપ્રિલ, ૧૯૯૮ સુધી બન્ને દિવસો સહિત અમલમાં રહેશે.

આજ તારીખ ૧૫મી એપ્રિલ, ૧૯૯૮ના રોજ મારી સહી કરી સિકકો કરેલ છે.

INDEX

જાહેરનામું

સને-૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (યુ)

ક્રમાંક પી.ઓ.એલ./વશી/૧૪૭૮-૯૬.—નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના ગોરા ગામે તારીખ ૨૪મી એપ્રિલ, ૧૯૯૮ થી તારીખ ૨૭મી એપ્રિલ, ૧૯૯૮ સુધી સુરપાણેશ્વર મહાદેવનો મેળો યોજાશે આ મેળામા આજુબાજુના ગામોમાંથી તથા રાજ્યના જુદા જુદા વિસ્તારોમાંથી મોટા પ્રમાણમાં જન સમુદાય એકત્રિત થશે અને ઘાસ-કામળા વાંસ વિગેરેથી માંડવા તૈયાર કરવામાં આવશે. જેથી ઉપરોક્ત દિવસો દરમ્યાન ગોરા ગ્રામ પંચાયત વિસ્તારમાં દારૂખાનું ફોડવા પર પ્રતિબંધ મુકવાનું આવશ્યક જણાય છે.

વાસ્તે હું એમ. ડી. મોડીયા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ નર્મદા સને-૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (યુ) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે ઉપરોક્ત સુરપાણેશ્વર મહાદેવજીના મેળાના દિવસો દરમ્યાન ગોરા ગ્રામ પંચાયત વિસ્તારની હદમાં કોઈપણ વ્યકિતએ કોઈપણ પ્રકારનું દારૂખાનું ફોડવું નહિ.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર ઉક્ત કાયદાની કલમ-૧૩૧ પ્રમાણે સજાને અને દંડને પાત્ર થશે.

આજ તારીખ ૧૫મી એપ્રિલ, ૧૯૯૮ના રોજ મારી સહી કરી સિક્કો કર્યો છે.

એમ. ડી. મોડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા,
રાજપીપલા.

BY COMPETENT AUTHORITY AND DEPUTY COLLECTOR

Notification

THE URBAN LAND (CEILING AND REGULATION) ACT, 1976.

[Under Section 10 (*1*) *read* with Rule (6)].

No. ULC-1076-1115-D-5142-5141/Vadsar.—It is hereby notified that such vacant land as is described in the schedule below is to be acquired by the Government of Gujarat. The claims of all persons interested in such vacant land may be made by them personally or by their agent giving particulars of the nature of their interest. The claims will be received by the Competent Authority upto thirty days after the date of publication of this notification in the Gazette.

SCHEDULE

Name of the Holder : Bhatt Mahendrabhai Puroshotambhai

Details of vacant lands to be acquired :

District	Taluka	Village	Description of the land		Remarks
			Sruvey No.	Area Sq. Mts.	
1	2	3	4	5	6
Vadodara	Vadodara	Vadsar	91/2 Paiki	578.80	

Vadodara, 30th March, 1998.

B. K. KUMAR,
Competent Authority and
Deputy Collector U. L, C.
Vadodara Unit No.-2.

સક્ષમ અધિકારી અને નાયબ કલેકટર દ્વારા

જાહેરનામું

શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬.

[કલમ ૧૦ (૧) તથા નિયમ ૬ અનુસાર].

નંબર યુ.એલ.સી. - ૧૦૭૬/૧૧૧૫-ડી. / ૫૧૪૨/૫૧૪૧ / વડસર .—આથી જાહેર કરવામાં આવે છે કે, આ સાથે સામેલ રાખેલ પરિશિષ્ટમાં. જણાવેલી વિગતવાળી ખુલ્લી જમીન ગુજરાત સરકાર સંપાદન કરનાર છે. સદરહુ જમીન ઉપર જે કોઈ ઈસમનો હક્ક દાવો હશે. તેઓએ જાતે અગર અધિકૃત એજન્ટ મારફતે તેઓએ હક્ક અંગેનો હક્ક સંબંધીની સંપૂર્ણ વિગત સહ રજુ કરશે.

હક્ક સંબંધીનો દાવો સક્ષમ અધિકારીશ્રી સદરહુ જાહેરનામું સરકારી રાજ્યપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી 30 દિવસની મુદત સુધીમાં સ્વીકારાશે.

INDEX

શિડ્યુઅલ

પત્રક ફાઈલ કરનારનું નામ : મહેન્દ્રભાઈ પુરસોતમદાસ ભટ્ટ રે. વડસર, તા. વડોદરા.
સંપાદન કરવાની ખુલ્લી જમીનની વિગત.

જિલ્લો	તાલુકો	ગામ	જમીનની વિગત	વિસ્તાર	શેરો
			સ. નં.	ચો. મી.	
૧	૨	૩	૪-અ	૪-બ	૫
વડોદરા	વડોદરા	વડસર	૯૧/૨ પૈકી	૫૭૮.૮૦	

વડોદરા, તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૮.

બી. કે. કુમાર,
સક્ષમ અધિકારી અને નાયબ કલેક્ટર,
શહેરી જમીન ટોચ-મર્યાદા,
વડોદરા.

Notification

THE URBAN LAND (CEILING AND REGULATION) ACT, 1975.

[Section 10 (*1*) *read* with Rule-6]

No. ULC 6 (i) 6 /735.6/734,6/807,6/808,3 / 268 Pal Unit-2.—Whereas draft statement dated 2nd February 1990 was served on Shri Narotambhai Ratanjibhai Patel etc.under sub-section 3 of Section 8 of the Urban Land (Ceiling and Regulation) Act, 1976, In Form III appended to rule 5 of the Urban Land (Ceiling and Regulation) Rules 1976, in respect of the vacant land held by him with a notice inviting the objection to the draft statement and whereas the objections to the draft statement were received from him and after hearing the party and considering the objections, a final statement dated 15th April, 1998 under section 9 was served on him in the manner refered to in the said sub-section 3 of section 8.

Now therefore in exercise of the power conferred on me under sub-section (1) of section 10 of the said Act, I he hereby notify that :—

(i) The vacant land as specified in the Schedule appended herewith is to be acquired by the Government of Gujarat: and

(ii) All the persons interested in the vacant land, specified in the Schedule may file their claims in respect of the said land' personally or through their agents giving particulars of the nature of their interest in said land before the undersigned with in 30 days from the date of publication of this notification in the Gujarat Government Gazette.

SCHEDULE

Details of the vacant land held by the person in excess of the ceiling limit:—

Sr. No.	Name of the holder	Village	Taluka	Details of land: Survey No. Final Plot No.	Details of land: Area in (Sq. mts.)	Remarks
1	2	3	4	5(a)	5(b)	6
1.	Shri Narotambhai Ratanjibhai Patel etc.	Pal	Chorasi	409/2 387	7861.50	

Surat 17th April, 1998.

R. C. KANSARA,
Competent Authority and Deputy Collector
Urban Land Ceiling, Surat.

INDEX

જાહેરનામું

શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬.

[કલમ-૧૦ (૧) તથા નયમ-૬ અનુસાર]

નં. યુ.એલસી./૬ (૧)૬/૭૩૫, ૬/૭૩૪,૬/૮૦૭,/૬/૮૦૮-યુનિટ-પાલ-૨.—જે અર્થે, શ્રી નરોતમભાઈરતનજીભાઈ પટેલ વિગેરે એ ધારણ કરેલ ખુલ્લી જમીન સંબંધમાં શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૮ (૩) મુજબ શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) બાબતના નિયમો-૧૯૭૬નાં નિયમ-૫ હેઠળ નિયત કરેલ નમૂના નં. ૩ પ્રમાણેનું તારીખ ૨જી ફેબ્રુઆરી, ૧૯૯૦ નું મુસદ્દા પત્ર વાંધા રજુ કરવાની નોટીસ સહિત તેઓને બજાવવામાં આવેલ અને તે સામે તેઓ તરફથી વાંધા રજુ કરવામાં આવેલ હતા અને સદરહુ વાંધાઓ અંગે રૂબરૂ સુનાવણી આપ્યા બાદ તથા તે વિચારણમાં લીધા બાદ કલમ-૯ હેઠળ તારીખ ૧૫મી એપ્રિલ, ૧૯૯૮ નું આખરી પત્રક કલમ-૮ (૩) માં ઠરાવ્યા અનુસાર બજાવવામાં આવેલ છે.

વાસ્તે, ઉપરોકત ધારાની કલમ-૧૦ (૧) અન્વયે મળેલ અધિકારની રૂએ, હુ આથી જાહેર કરું છું કે : (૧) આ સાથેના પરીશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીન ગુજરાત રાજય સરકાર સંપાદન કરનાર છે, અને (૨) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીનમાં હિત ધરાવતા ઈસમો તેમના હક્ક દાવા જાતે અગર તેમના પ્રતિનિધિ મારફત જમીનમાંના તેમના હિતના પ્રકાર અને વિગતો સાથે નીચે સહી કરનાર સમક્ષ આ જાહેરનામું ગુજરાત સરકારના રાજયપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી દિન-૩૦ માં કરી શકાશે.

પરિશિષ્ટ

અ. નં.	જમીન ધારકનું નામ	ગામ	તાલુકો	સર્વે નંબર	જમીનની વિગત ક્ષેત્રફળ (ચોરસ મીટરમાં)	શેરો
૧	૨	૩	૪	૫-અ	૫-બ	૬
૧	શ્રી નરોતમભાઈ રતનજીભાઈ પટેલ વિગેરે	પાલ	ચોર્યાસી	સ.નં. ૪૦૯/૨ બ્લોક નં. ૩૮૭	૭૮૬૧-૫૦	

સુરત, તારીખ ૧૭મી એપ્રિલ, ૧૯૯૮.

આર. સી કંસારા,
સક્ષમ અધિકારી અને નાયબ કલેકટર,
શહેરી જમીન ટોચ મર્યાદા, સુરત.

PRINTED AT THE GOVERNMENT PRESS. VADODARA.

Supple. C G.-I-50

INDEX

28 SEP 1998

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] THURSDAY, MAY 21, 1998 / VAISAKHA 31, 1920 [No. 21

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	181-186
Part I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	21
Part I-B	Government Notifications published under Land Acquisition Act only.	295-424
Part I-L	Notifications, Order and Awards other than those published in Parts I, IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	973-1055

GOVERNMENT NOTIFICATIONS, APPOINTMENTS ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ના ૨૨ માં અધિનયમની કલમ-૩૭(૧) મુજબનો હુકમ.

નંબર ૭ / ગપક/ ૩૯૩ / વિ. શા. / ૧૯૯૮.— અમદાવાદ શહેરની પરિસ્થિતિ લક્ષમાં લઈ જાહેર શાન્તી અને સલામતી જાળવવા પગલાં લેવાં જરૂરી છે, તેમજ અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત નીચેના વિસ્તારોમાં બનતા ગુન્હાઓમાં છરી, ચપ્પા, ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે અને આવા હથીયારોથી ગુન્હા બનતા હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામતી માટે આવા હથીયારો ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું હિરાલાલ, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨ માં અધિનિયમની, કલમ-૩૭ (૧)"થી મને મળેલ સત્તાની રુએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ

૧ લી મે, ૧૯૯૮ થી તારીખ ૩૦ મી જૂન, ૧૯૯૮ સુધી કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદુક, ખંજર તથા સામાન્ય રીતે રામપુરી બનાવટની કોઈ પણ જાતનું ચપ્પુ જેને અઢી ઈંચથી વધારે લાબું છેડેથી અણીવાળું પાતળુ હોય તેવા ચપ્પા સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું. તેમજ લાકડી અથવા લાઠી અથવા સારીરીક ઈજા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની;

(ખ) કોઈ પણ શરીરને હાનીકારક અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની;

(ગ) પત્થર અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકત્ર કરવાની તથા તૈયાર કરવાની;

(ગગ) સળગતી અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની;

(ઘ) વ્યકિતઓ અથવા તેનાં શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની:

(ચ) લોકોએ બુમો પાડવાની ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની

(છ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવાની અથવા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા ફેલાવો કરવાની આવા અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરૂચી અથવા નિતીનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વિગેરે કરવાની અને તેના ચિન્હો નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર :— અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ :— આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમને જેના ઉપરી અધિકારીઓએ આવા કોઈ પણ હથીયાર સાથે લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈ હથીયાર લઈ જવાની ફરજ હોય તેમને:

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથીયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહીં:

(૩) પોલીસ કમિશનર અથવા અધિકૃત કરેલ હોય, કોઈ પણ અધિકારીઓએ જેને શારીરીક અશકિતના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય તો તેવી વ્યકિતઆને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાનો કોઈ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ની કલમ-૧૩૫ ની પેટા-કલમ (૧) હેઠળ ઓછામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની અને દંડની અને ભારના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ ના અધિનિયમ નંબર ૪૫) ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૮ માહે એપ્રિલ સને ૧૯૯૮ ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨ માં અધિનિયમની કલમ-૩૭ (૩) મુજબનો હુકમ.

નંબર ઉ / ગપક /૩૯૪ / વિ શા / ૧૯૯૮.— અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું, હિરાલાલ, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૩) થી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૨જી મે, ૧૯૯૮ ના કલાક ૦૦--૦૦ થી તારીખ ૧૫ મી મે, ૧૯૯૮ના કલાક ૨૪--૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં, અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં, તેમજ સરઘસ કાઢવું નહીં

વિસ્તાર :— અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમતનો સમગ્ર વિસ્તાર

અપવાદ :— આ હુકમ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ ઉપર હોય તેઓ તથા સ્મશાનયાત્રાઓ અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ (૩)હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે

આજ તારીખ ૨૯ માહે એપ્રિલ સને ૧૯૯૮ ના રોજ મારી સહી સિક્કા કરી આપ્યા.

હીરાલાલ,
પોલીસ કમીશનર, અમદાવાદ શહેર.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ માંની કલમ-૩૭(૧) અન્વયેનું

ક્રમાંક ઉ / ગપક / એસ બી / જાહેરનામું / ૨૭/૯૮.— સુરત શહેરમાં શાંતી અને સલામતી જાળવવા પગલા લેવા જરૂરી જણાતું હોવાથી વાસ્તે હું પી. સી. ઠાકુર, આઈ. પી. એસ. ઈનચાર્જ પોલીસ કમિશનર, સુરત શહેર મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧માંની પેટા-કલમ ૩૭(૧)થી મને મળેલ સત્તાની રુએ નીચે જણાવેલા વિસ્તારોમાં તારીખ ૧લી મે, ૧૯૯૮ કલાક ૦૦--૦૦ થી તારીખ ૧૫મી મે, ૧૯૯૮ કલાક ૨૪--૦૦ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટી, લાકડી, ચપ્પુ અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજ વસ્તુ લઈ જવાની.

INDEX

(ખ) કોઈપણ સ્ફોટક અથવા ક્ષય ધર્મી પદાર્થ લઈ જવાની:

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની

(ચ) વ્યકિતઓ અથવા તેના શબો આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની;

(છ) લોકોએ બૂમો પાડવાની ગીતો ગાવાની અથવા વાદ્ય વગાડવાની;

(જ) જે છટાદાર ભાષણ આપવાથી ચાળા પાડવાથી અથવા નકલ કરવાની તથા નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાથી દેખાડવાથી અથવા તેનો ફેલાવો કરવાથી અથવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરુચી અથવા નિતીનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય, તેવા છટાદાર ભાષણ આપવાથી અથવા ચાળા વિગેરે કરવાથી અથવા ચિત્રો નિશાનીઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર :— સુરત શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ :— આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય, તેમને ઉપરી અધિકારીઓએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય તે વ્યકિતઓને:

(૨) પોલીસ કમિશનર અથવા તેમણે અધિકૃત કરેલા કોઈપણ અધિકારીએ જેને અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપી હોય, તે વ્યકિતઓને.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર (૪) માસની અને વધુમાં વધુ એક (૧) વર્ષની સજા અને દંડની સજાને મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૧૩૫ને મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૨૯ મી એપ્રિલ, ૧૯૯૮નાં રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

જાહેરનામું.

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) બી મુજબ.

ક્રમાંક ઉ/ગપક/બી/જાહેરનામું/મહોરમ/૨૮/૯૮.—આગામી તારીખ ૬ઠ્ઠી મે ૧૯૯૮ ની કતલની રાત ૧(શહાદતની રાત) તેમજ તારીખ ૭મી મે ૧૯૯૮ ના રોજ મહોરમ તાજીયાનો તહેવાર હોઈ; જાહેર વ્યવસ્થા જળવાય તે હેતુસર હુ પી. સી. ઠાકુર (આઈ. પી. એસ.) ઈનચાર્જ પોલીસ કમિશનર, સુરત શહેર મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) બી મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે તારીખ ૬ઠ્ઠી મે ૧૯૯૮ ના રોજ તથા તારીખ ૭મી મે ૧૯૯૮ ના રોજ નીચે જણાવ્યા મુજબની તારીખ સમય તથા જગ્યાએ માર્ગ વાહન વ્યવહાર માટે બંધ કરવામાં આવે છે

(અ) તારીખ ૬ઠ્ઠી મે ૧૯૯૮ કલાક ૨૧-૦૦ થી કલાક ૨૪-૦૦ સુધી.

(૧) એર ઈન્ડીયાથી કોટસફીલ રોડ, કરવા રોડ, બેગમપુરાં ચોકી થઈ મુંબઈવડથી સહરા દરવાજા સુધીનો માર્ગ.

(૨) સળીયાવાળી માર્કેટથી ટાવર રોડ સુધીનો માર્ગ.

(બ) તારીખ ૭મી મે ૧૯૯૮ કલાક ૧૨-૦૦ થી કલાક ૨૪-૦૦ તથા તથા તારીખ ૮મી મે ૧૯૯૮ કલાક ૪-૦૦ સુધી,

(૧) એર ઈન્ડીયા કરવા રોડ થઈ બેગમપુરા ચોકી સુધીનો માર્ગ કલાક ૧૨-૦૦ થી ૨૦-૦૦ સુધી.

(૨) દિલ્લી ગેટથી ભાગળ થઈ ચોક બજાર સુધીનો મુખ્ય માર્ગ કલાક ૧૨-૦૦ થી ૨૪-૦૦ સુધી.

(૨) ઝાંપાબજાર બજાર સળીયાવાળી માર્કેટથી ટાવર સુધીનો માર્ગ કલાક ૧૨-૦૦ થી કલાક ૨૪-૦૦ સુધી.

(૪) પીરછડી રોડ શંકર વિજય હોટલથી ભાગળ સુધીનો માર્ગ કલાક ૧૨-૦૦ થી કલાક ૨૦-૦૦ સુધી.

(૫) ચોક બજારથી ચકરા બજાર થઈ હોડી બંગલા સુધીનો માર્ગ કલાક ૧૨-૦૦ થી કલાક ૨૪-૦૦ સુધી.

અપવાદ :

સરકારી વાહનો પોસ્ટલ વાહનો ફાયર બ્રીગેડ એમ્બ્યુલન્સ વાહનોને ઉપરોકત જાહેરનામામાથી મુકતી આપવામાં આવે છે.

આજ રોજ તારીખ ૨જી મે ૧૯૯૮ ના રોજ મારી નહી સિકકા કરી કરી આપેલ છે.

પી. સી. ઠાકુર,
ઈનચાર્જ પોલીસ કમિશનર,
સુરત શહેર.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમ.એ.જી.-વશી-૩૫૩૩-૯૮.—ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧નાં મુંબઈના ૨૨માં અધિનિયમ) ની કલમ-૩૭ ની પેટા કલમ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું કુ. એસ. અપર્ણા. આઈ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ જાહેર શાંતિ અને સલામતી સારૂં ફરમાવું છું કે, કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૨૭મી એપ્રિલ. ૧૯૯૮ થી તારીખ ૨૭મી મે, ૧૯૯૮ સુધી (બંને દિવસો સુધ્ધાં).

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધારીયા, ધોકા ધોરા, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહિ.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહિ.

(ગ) પથ્થરો અથવા હાનિકારક પ્રવાહી, રસાયણ છાંટવા અથવા ફેંકવા નહિ અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ ફેકવાના, કે ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહિ. એકઠા કરવા નહિ તથા તૈયાર કરવા નહિ.

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવા નહિ.

(ડ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહિ. અશ્લિલ ગીતો ગાવા નહિ, અથવા ટોળામાં ફરવું નહિ;

(ચ) જેનાથી સુરુચિ નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહિ, તેવા હાવભાવ કરવા નહિ તેવી ચેષ્ટા કરવી નહિ, તથા તેવા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહિ. બતાવવા નહિ તથા તેનો ફેલાવો કરવો નહિ, તથા સરકારી રેકર્ડ, નોટીસો, પરિપત્ર ખરડા વિગેરેની હોળી કરી સળગાવવા નહિ;

આ હુકમ નીચેની વ્યકિતને લાગુ પડશે નહિ :

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતઓને કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ અથવા તેને અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીને કે જે શારીરિક અશકિતને કારણે લાકડી, અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી શકાય તે વ્યકિતને.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી. ભરૂચ અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ભરૂચે આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતઓને.

અનુસૂચિ

"ભરૂચ જિલ્લાનો સમગ્ર વિસ્તાર".

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

અત્રેના હુકમ નંબર : એમ.એ.જી.-વશી-૩૦૮૧, તારીખ ૬ઠ્ઠી એપ્રિલ, ૧૯૯૮ થી બહાર પાડેલ જાહેરનામું તારીખ ૨૬મી એપ્રિલ. ૧૯૯૮ થી રદ કરવામાં આવે છે.

મેં આ રોજ તારીખ ૨૭મી એપ્રિલ, સને ૧૯૯૮નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો છે.

એસ. અપર્ણા,
જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ-૨૨) ની કલમ ૩૩(૧)(બી) સાથે ૩૩(૬) મુજબનું.

નંબર પીઓએલ/રાષ્ટ્રીય ધોરી માર્ગ-વશી ૨૦૩૯-૨૯૦૯/૯૮.—આણંદ જિલ્લાના વાસદ ગામ નજીક મહી નદી ઉપરના રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૮ પરના પુલને મરામત કરવાની કામગીરી હાથ ધરવાના કામે કાર્યપાલક ઈજનેરશ્રી રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, વડોદરાને સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગના પત્રાંક એન.એમ.બી/૧૫૯૬/૧-૩૬-૪૭ તારીખ ૨૨મી એપ્રિલ ૧૯૯૮ થી તથા ગૃહ વિભાગના પત્રાંક ટફક-૧૦૯૮-ઓડી-૬-લ, તારીખ ૨૧મી એપ્રિલ ૧૯૯૮ થી મંજુરી મળતાં કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ વડોદરા દ્વારા તેમના જા. નં. પી.બી./૩૨ એ/૮૨૬/૧૯૯૮ તારીખ ૨૨મી અપ્રિલ ૧૯૯૮, થી સદરહુ પુલની સપાટીને થયેલ નુકશાન મરામત માટેની કામગીરી તારીખ ૧લી મે ૧૯૯૮ થી તારીખ ૩૦મી જુન ૧૯૯૮ અથવા કામ પૂર્ણ થાય ત્યાં સુધીના સમય માટે હાથ પર લેવાનું નક્કી કરતા, આ હયાત રસ્તા ઉપરના ભારે તેમજ સતત ટ્રાફીક માટેની વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવવા માટે જાહેરનામું બહાર પાડવા વિનંતી કરેલ છે. તેમજ સદરહું જાહેરનામું બહાર પાડવા માટે જિલ્લા પોલીસ વડાશ્રી આણંદ દ્વારા પણ તેઓશ્રીના પત્ર નં. સીબી/૪/૫૯૮૯ તારીખ ૨૪મી એપ્રિલ ૧૯૯૮ થી અભિપ્રાય પાઠવેલ છે.

જેથી, હું, આઈ. કે. પટેલ, ઈન્ચાર્જ જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨મા અધિનિયમ)ની કલમ-૩૩ની પેટા કલમ ૧ ની બાબત "બી" સાથે કલમ-૩૩ની પેટા કલમ (૬) થી મને મળેલ અધિકારની રૂએ આણંદ જિલ્લાના વાસદ નજીક મહી નદી ઉપરના રાષ્ટ્રીય ધોરી માર્ગ નં. ૮ પરના પુલને મરામત કરવાની કામગીરી હાથ ધરવાના કામે આ હયાત રસ્તા ઉપરના ભારે તેમજ સતત ટ્રાફીકની આવન-જાવન અંગે તારીખ ૧લી મે ૧૯૯૮ થી તારીખ ૩૦મી જુન ૧૯૯૮ અથવા કામ પૂર્ણ થાય ત્યાં સુધીના સમયગાળા માટે નીચે મુજબ વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવી અમલ કરવા ઠરાવુ છું.

ટ્રાફીક માટેની વૈકલ્પિક વ્યવસ્થાનો રૂટ :

(૧) અમદાવાદથી મુંબઈ જતા ટ્રાફીક નીચે જણાવેલ રસ્તાનો ઉપયોગ કરવા ઠરાવું છું ;

(અ) વડોદરા તરફ જવા માટે—
(૧) વાસદથી ઉમેટા પૂલ
(૨) ઉમેટા પૂલથી સેવાસી ગોત્રી ગામ થઈને વડોદરા શહેરમાં આવી શકશે, અથવા
(૧) ઉમેટા પૂલથી રણોલી તરફ જઈ શકશે

(બ) પોર કરજણ જવા માટે
(૧) વાસદથી મુજપુર પૂલ
(૨) મુજપુરથી પાદરા
(૩) પાદરાથી કરજણ થઈ રાષ્ટ્રીય ધોરી માર્ગ નં. ૮ ઉપર જઈ શકશે, અથવા
(૧) મુજપુરથી પાદરા-વડોદરા-વડસર,
(૨) વડસરથી જામ્બુવા થઈને રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૮ ઉપર જઈ શકશે,

(ક) ભરૂચ જવા માટે
(૧) વાસદથી મુજપુર પૂલ
(૨) મુજપુર પુલથી જંબુસર
(૩) જંબુસરથી ભરૂચ થઈને રાષ્ટ્રીય ધોરી માર્ગ નં. ૮ ઉપર જઈ શકશે.

(૨) જયારે મુંબઈ તરફથી અમદાવાદ તરફ જવાનો ટ્રાફીક આજ પુલની એક લેનનો ઉપયોગ કરી પસાર થશે તથા બીજી લેનમાં મરામતની કામગીરી કરવામાં આવશે ;

(૩) મુંબઈથી અમદાવાદ તરફ જતાં ટ્રાફીકે આ પુલ ઉપરથી પસાર થતાં વાહનની ગતિમર્યાદા ૩૦ (ત્રીસ) કી.મી. પ્રતિકલાક રાખવાનું ઠરાવું છું.

(૪) સદરહુ પુલ મરામતના સંદર્ભમાં સંબંધિત માર્ગો તથા સ્થળો ઉપર જરૂરી લખાણવાળા બોર્ડ જાહેર જનતાને સરળતાથી દેખી શકાય તે રીતે કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, વડોદરાએ મુકવાના રહેશે.

INDEX

(૫) આ હુકમનો અમલ તારીખ ૧લી મે ૧૯૯૮ થી તારીખ ૩૦ મી જુન ૧૯૯૮ અથવા તો સદરહું પુલનું મરામતનું કામ પુરું થતાં સુધી કરવાનો રહેશે

આજ તારીખ ૨૪મી એપ્રિલ ૧૯૯૮ના રોજ મારી સહી અને સિક્કા કરી આપ્યા

આઈ. કે. પટેલ,
ઈન્ચાર્જ જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નં. ડીસીબી/એમએજી/બીપીએ/ફાયર/તલમ/રજી. ૨૪/૯૮.—આસી. સીક્યુરીટી કમિશનરશ્રી આર. પી.એફ ટ્રેનીંગ ઈન્સ્ટી, વલસાડનાં તારીખ ૧૭મી એપ્રિલ ૧૯૯૭ નાં પત્ર નં. જી/ટીઆરસી/૯-બી, થી જણાવ્યા મુજબ સબ ઈન્સ્પેકટર પ્રદર્શન કોર્ષના ૩જી બેચનું ફાયરીંગ પ્રેકટીશ નીચે જણાવેલ સ્થળે, સમયે અને તારીખે યોજવામાં આવનાર છે. આથી કોઈપણ વ્યકિતને ગોળીબાર દરમ્યાન ઈજા ન થાય તે માટે નીચે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવુ જરુરી જણાય છે.

વાસ્તે, હું, આર. કે. દવે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નો ૨૨મો)ની કલમ-૩૭ ની પેટા કલમ-(૧) હેઠળ સને મળેલી સત્તાની રૂએ આ અધિનિયમની કલમ-૩૭ની પેટા કલમ-૪ ની જોગવાઈ મુજબ ફાયરીંગ બટ ભિલાડ તાલુકા ઉંમરગામ જિ. વલસાડનાં ૨ કી. મી. વિસ્તારમાં તારીખ ૫મી મે ૧૯૯૮ થી તારીખ ૧૦મી મે ૧૯૯૮ સુધી સમય સવારે ૭-૦૦ થી સાંજના ૧૮-૦૦ કલાક સુધી ગોળીબાર પ્રેકટીસ દરમ્યાન આજુબાજુનાં રહીશો તેમજ બહારના કોઈ અનઅધિકૃત વ્યકિતઓ, ઉપરોકત સમય દરમ્યાન આ જગ્યાની હદ વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા તેમજ ઢોર-ઢાંખર સાથે અને ઢોર-ઢાંખરને પ્રવેશ આપવા મનાઈ ફરમાઉ છું.

સદરહું ગોળીબાર પ્રેકટીસ દરમ્યાન ગોળીબારથી ઈજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત રહેવા જણાવવામાં આવે છે.

આ હુકમના ભંગ કરનાર ઈસમને ઉકત અધિનિયમની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૦મી એપ્રિલ ૧૯૯૮નાં રોજ મારી સહી કરી મુદ્રા કરી આપેલ છે.

આર. કે. દવે,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭(૩) અન્વયે કાઢેલો

ક્રમાંક એમ.ઓ.જી.-વશી-૩૪૩૦ —ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાયું છે.

તેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નાં મુંબઈના ૨૨મા) ની કલમ-૩૭(૩) થી મને મળેલ સત્તાની રૂએ હું આર. કે. પરમાર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચમાંથી સદરહુ વિસ્તારમાં તારીખ ૨૬મી એપ્રિલ ૧૯૯૮નાં દિવસે સવારના ૦૦.૦૦ કલાકથી તારીખ ૧૦મી મે ૧૯૯૮નાં રોજ સાંજના ૨૪.૦૦ કલાક સુધી (બંને દિવસો સુધ્ધા) ની મુદત માટે ભરૂચ જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી સરઘસ માટે મનાઈ ફરમાવુ છું

અનુસૂચિ

વધુમાં હું આદેશ કરું છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ
(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને
(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષકદળની વ્યકિતઓને
(૩) કોઈ લગ્નના વરઘોડાને,
(૪)) કોઈપણ સ્મશાનયાત્રાને

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનારે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ મને ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ (ને ૧૮૬૦નાં ૪૫માં) ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે

આજ તારીખ ૨૩ માહે એપ્રિલ સને ૧૯૯૮નાં રોજ મારી સહી કરી અને સિક્કો કરી આપ્યો.

આર. કે. પરમાર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરુચ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૧) અન્વયે કાઢેલ

ક્રમાંક એમ એ જી વશી ૧૫૫૨-૭૨.—નર્મદા જિલ્લામાં કાયદો -વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧(સને ૧૯૫૧ના મુંબઈનાં ૨૨માં અધિનિયમની) કલમ ૩૭ની પેટા કલમ-(૧) અન્વયે મળેલ સત્તાની રુએ હું આર. એમ. પગી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા જાહેર શાંતિ અને સલામતી સારું ફરમાવું છું કે કોઈએ નીચેની અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૧લી મે ૧૯૯૮ થી તારીખ ૧૫મી મે ૧૯૯૮ સુધી.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધારીયા, ધોકા, છરા, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈ સાધન સાથે લઈ જવું નહિ.

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહિ.

(૩) પથ્થર અથવા હાનિકારક પ્રવાહી રસાયણ છાંટવા અથવા ફેંકવા નહિ અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવાનાં કે ધકેલવાના યંત્રો અથવા સાધનો જઈ જવા નહિ એકઠા કરવા નહિ તથા તૈયાર કરવા નહિ.

(૪) મનુષ્યો અથવા સબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહિ

(૫) અપમાન કરવાનાં અથવા જાહેર કરવાનાં ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહિ અશ્લિલ ગીતો ગાવા નહિ અથવા ટોળામાં ફરવું નહિ

INDEX

(૬) જેનાથી સૂરુચિ નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહિ તેવા હાવ ભાવ કરવા નહિ તથા તેવા ચિત્રો પ્રતિકો, પોષ્ટકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહિ તથા બનાવવા નહિ તથા તેનો ફેલાવો કરવો નહિ.

આ હુકમ નીચેની વ્યકિતને લાગુ પડશે નહિ:—

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતઓને કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈ પણ હથિયાર લઈ જવાનુ ફરમાવ્યું હોય અથવા ચાલુ આવું કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય,

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ તેને અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારી ને જેને શારીરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી શકાય તે વ્યકિતને.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, નર્મદા અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, નર્મદા, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતઓને.

અનુસુચિ

નર્મદા જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાંનાં કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫(૧) મુજબ દંડની પણ સજા થશે.

આજ તારીખ ૧લી મે ૧૯૯૮ ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૭(૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમએજી/વશી. ૧૫૭૩ થી ૧૫૯૩.—નર્મદા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી સરઘસની મનાઈ કરવાનુ મને જરુર જણાય છે.

તેથી હવે, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈનાં ૨૨માં) ની કલમ ૩૭(૩) થી મને મળેલ સત્તાની રુએ હું આર. એમ. પગી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા (રાજપીપલા) આથી સદરહું વિસ્તારમાં તારીખ ૧લી મે ૧૯૯૮ના દિવસે સવાર ના ૦૦-૦૦ કલાકથી તારીખ ૧૫મી મે ૧૯૯૮૫નાં રોજ સાંજના ૨૪-૦૦ સુધી (બંને દિવસો સુધ્ધાં) ની મુદત માટે નર્મદા જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

અનુસુચિ

વધુમાં હું આદેશ કરું છું કે આ હુકમની નીચેનાંને લાગુ પડશે નહિ:—

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને.
(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને.
(૩) કોઈ લગ્નના વરઘોડાને
(૪) કોઈપણ સ્મશાનયાત્રાને.

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૫(૧) મુજબ અને ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ (સને ૧૮૬૦ના ૪૫માં) ની કલમ ૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧લી મે ૧૯૯૮ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

આર. એમ. પગી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા,
રાજપીપલા.

કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નંબર ઉ.કખ.-આરોગ્ય.-વશી-૫૪-૬૦.૧-૯૮.—ખેડા જિલ્લાના નડીયાદ શહેરનામાં ઝાડા ઉલ્ટીના કેસો પોઝીટીવ માલુમ પડેલ છે. જેથી આ રોગચાળાના ઉપદ્રવ ન વધે તે હેતુથી અને જાહેર આરોગ્યની દ્રષ્ટિએ સાવચેતીના પગલાં રુપે નડીઆદ શહેરને રોગચાળાગ્રસ્ત જાહેર કરવા જરુરી બન્યુ છે.

સને ૧૮૯૭ના વાવડ રોગ અધિનિયમ-૩ની કલમ ૨(બી) વંચાણે લેતાં અને કલમ-૨થી મળેલ સત્તાની રુઈએ હું, જયંત પરિમલ આઈ.એ.એસ., કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, નડીયાદ આથી નડીયાદ શહેરને ઝાડા ઉલ્ટીના રોગચાળા ગ્રસ્ત જાહેર કરુ છું.

આ અંગે જરુરી તમામ પગલાં લેવા સારુ ચીફ ઓફીસર નડીઆદ ને નિયંત્રણ અધિકારી તરીકે જાહેર કરુ છું. આ જાહેરનામું તારીખ ૩૧મી મે ૧૯૯૮ સુધી અમલમાં રહેશે.

નડીઆદ, તારીખ ૨૯મી એપ્રિલ ૧૯૯૮.

જયંત પરિમલ,
જિલ્લા મેજિસ્ટ્રેટ અને કલેકટર,
ખેડા-નડીઆદ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G—GA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] THURSDAY, MAY 28, 1998 / JYIASTHA 7, 1920 [No. 22

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B, and Part I-L

	Pages		Pages
Part I-Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	187-192	Part I-B-Government Notifications published under Land Acquisition Act only.	425-430
Part I-A-Orders and Notifications, other than those published in Part IV-B under the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette.	22	Part I-L-Notifications, Orders and Awards, other than those published in Parts I, IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.	1056-1128

Miscellaneous Notifications, Appointments, etc.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૪) અન્વયેનો હુકમ.

ક્રમાંક ઉ/ગપક/આઈ/૩૭૨/૯૯૧/૯૮.—અમદાવાદ શહેર પોલીસ મુખ્ય મથક ખાતે આવેલ રીવોલ્વર ફાયરીંગ બટ જે સુભાષબ્રીજના દક્ષિણ છેડે પશ્ચિમ ભાગ તરફ આવેલ છે. તે સદર જગ્યા પર તારીખ ૧લી એપ્રિલ, ૧૯૯૮ થી ૩૦મી જુન, ૧૯૯૮ સુધીના સમય દરમ્યાન પોલીસ અધિકારીઓની રીવોલ્વરની વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ થવાની હોઈ સદર જણાવેલ હદમાં રહેતા પ્રજાજનો તથા ઢોર ઢાખરની સલામતી સારુ સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ કલમ-૩૭ (૪) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું.

અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળ આવેલ પોલીસ મુખ્ય મથક ખાતે ફાયરીંગ બટની આજુબાજુ પૈકી ઉત્તર, દક્ષિણ અને પશ્ચિમ દિશામાં ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં તારીખ

INDEX

૩૦મી જુન, ૧૯૯૮ સુધી સવારના કલાક ૬-૦૦ થી ૧૨-૦૦ વાગ્યા સુધી સદર બટની આજુબાજુના રહીશો તેમજ બહારની કોઈપણ અનઅધિકૃત વ્યકિતએ ઉપરોકત સમય દરમિયાન આ જમીનની હદમાં જવુ નહિ અને ઢોરઢાંખરને પ્રવેશ આપવો નહિ. રીવોલ્વર ફાયરીંગ પ્રેકટીસનો સમય સવારના કલાક ૬-૦૦ થી ૧૨-૦૦ સુધીનો રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ઈસમ ભારતીય ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

મેં, આજ તારીખ ૨૮મી માર્ચ, ૧૯૯૮ ના રોજ મારી સહી કરી સિક્કા માર્યા છે

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે થયેલ.

નંબર ઉ/ગપક/૩૯૧/વિ.શા./૧૯૯૮.—આગામી તારીખ ૮મી એપ્રિલ ૧૯૯૮ ના રોજ "બકરી ઈદ" નો તહેવાર આવે છે જેથી કતલ-ખાના બહાર કોઈ પણ જાહેર કે ખાનગી સ્થળે ગાય, બળદ, ભેંસ કે પાડા કે વાછરડા કે વાછરડી કતલના કારણે તેમજ શેરીમાં કે મહોલ્લામાં અગર ગલીમાં દેખાય તે રીતે કોઈ પણ પશુની કતલના કારણે અમદાવાદ શહેરમાં સુલેહ શાન્તીનો ભંગ થવાનો સંભવ છે. અને ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબના પગલાં લેવા માટે જરૂરી છે તેવો મારો અભિપ્રાય છે.

જેથી, હું, પી. જી. જે. નામ્પુથીરી, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે તારીખ ૬ઠ્ઠી એપ્રિલ ૧૯૯૮ થી તારીખ ૧૨મી એપ્રિલ ૧૯૯૮ (બંને દિવસો) સહીત પોલીસ કમિશનર અમદાવાદ શહેરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં કોઈ પણ વ્યકિત ભેંસ, વાછરડી, કે વાછરડાની કતલ કરવી નહી. શેરીમાં અથવા કોઈ મહોલ્લા કે જાહેર જગ્યામાં દેખાય તે રીતે અન્ય કોઈ પશુની કતલ કરવી નહી. અને ઉપર દર્શાવેલ પ્રાણીઓ તેમજ બકરા ઘેટાં કે તેવા કોઈ પ્રાણીને શણગારીને એકલા અગર સરઘસ આકારે બીજી કોઈ પણ રીતે જાહેરમાં લઈ જવા કે ફેરવવા નહી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૯૬૧ના અધિનિયમ-૪૫) ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૮ ના રોજ મારી સહી અને સિકકા કરી આપ્યા

પી. જી. જે. નામ્પુથીરી,
પોલીસ કમીશનર,
અમદાવાદ શહેર.

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ની પેટા કલમ-૧ બી હેઠળ.

ક્રમાંક જાહેરનામાં/ઉંગપક/૬૮૪૭/૯૮. — મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨માની કલમ-૩૩ની પેટા કલમ (૧) (બી) હેઠળ મળેલ સત્તાની રૂએ વડોદરા શહેરનાં સયાજીગંજ વિસ્તારમાં આવેલ સુર્યા હોટલવાળી ગલીમાં એકીબેકી પાર્કીંગ કરવા બાબતનું પ્રાથમિક જાહેરનામું નં. ટફક/૨૩૪૯૯/૯૭ તારીખ ૧૪મી ઓકટોબર, ૧૯૯૭ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જે જાહેરનામું ગુજરાત સરકારશ્રી ના-ગેઝેટમાં નં. ૪૪ તારીખ ૩૦મી ઓકટોબર ૧૯૯૭ ના ભાગ-૧માં પાન ૫૬૦ ઉપર પ્રસિધ્ધ થયેલ. જે જાહેરનામાં સામે લેવાયેલ વાંધાઓ બાબતે યોગ્ય વિચારણા કરતાં અગાઉ પ્રસિધ્ધ કરેલ પ્રાથમિક જાહેરનામામાં કોઈ ફેરફાર કરવાની જરૂર જણાતી નથી. જેથી નીચે મુજબનું એકીબેકી પાર્કીંગનું આખરી જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવે છે.

આખરી જાહેરનામાનો મુસદ્દો

(૧) સયાજીગંજ સ્ટેશન રોડ ઉપર જુની ટ્રાફીક ઓફીસ પાસે આવેલ સુર્યા હોટલવાળી ગલીમાં પસાર થતા રોડ ઉપર પુર્વના ભાગે હરીઓમ ફોટોફ્રેમથી બી. બી. સી. સેન્ટર સુધીના રસ્તા ઉપર ફુટપાથની કિનારીને અડીને એકી તારીખ ૧-૩-૫-૭ ના રોજ ફકત કાર તથા ટ્રીચકી વાહનો માટે પાર્કીંગ રહેશે. જ્યારે બેકી તારીખ ૨-૪-૬-૮ ના રોજ સદર જગ્યાએ તમામ પ્રકારના વાહનો માટે નો પાર્કીંગ રહેશે.

પશ્ચિમના ભાગે સૈફી કંગનસ્ટોરથી ચંદનમહાલ હોટલ સુધીના રસ્તા ઉપર ફુટપાથની કિનારીને અડીને બેકી તારીખ ૨-૪-૬-૮ ના રોજ કાર તથા ટ્રીચકી વાહનો માટે પાર્કીંગ રહેશે. જ્યારે એકી તારીખ ૧-૩-૫-૭ ના રોજ તમામ પ્રકારના વાહનો માટે સદર જગ્યાએ નો પાર્કીંગ રહેશે.

મેં આજ તારીખ ૩૧ માહે માર્ચ ૧૯૯૮ના રોજ મારી સહી કરી સિકકો મારેલ છે.

આર.એમ.એસ. બ્રાર,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલ.

નંબર ડીસીબી/એમએજી/બી.પી એ/રજી. ૬/૯૮.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) પ્રમાણે અને મળેલી સત્તાની રુએ હું બી. એમ. જોષી જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી આગામી મોહરમ (તાજીયા) નાં તહેવારને તથા પ્રવર્તમાન પરિસ્થિતિ લક્ષમાં લઈ જિલ્લામાં જાહેર શાંતિ અને સલા-મતી અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારું જરૂરી જણાતા ફરમાવું છું કે નવસારી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ તારીખ ૧લી મે ૧૯૯૮ થી તારીખ ૧૦મી મે, ૧૯૯૮ સુધી (બંને દિવસો સુધ્ધાં) ના સમય માટે નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

INDEX

કૃત્યો :—

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી, લાઠી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ.

(ખ) કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ઘ) કોઈપણ સરઘસમાં જલતી અથવા મશાલ લઈ જવાની.

(ગ) કોઈપણ વ્યકિત અથવા તેનાં શબ, અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(ચ) લોકોને બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની, અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળીમાં ફરવાની.

(છ) જેનાથી સુરુચી અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તથા તેવા હાવભાવ કરવાની, તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાં, બતાવવા, તથા ફેલાવો કરવાની આ હુકમ ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિત કે જે તે તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું હોય અથવા તેવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય,

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી નવસારી અથવા તેણે અધિકૃત કરેલ કોઈ પોલીસ અધિકારીશ્રીએ જેને શારિરીક અશકિતને કારણે અથવા લાઠી લઈ ફરવાની પરવાનગી આપી હોય, તે વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતને.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમને (સને ૧૯૫૧ના ૨૨માં) કલમ-૧ ૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને દંડની પણ સજા થશે.

આજરોજ તારીખ ૧લી મે, ૧૯૯૮ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

બી. એન. જોષી,
જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમ)ની કલમ-૩૭ (૧) મુજબ.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસ. આર/૧૮/૯૮.—આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરની જાળવણી વાસ્તે,

હું, એમ. વાય. દક્ષિણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લા મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ના(૨૨માં અધિનિયમ)ની કલમ-૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧લી મે, ૧૯૯૮ થી તારીખ ૧૫મી મે, ૧૯૯૮ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી બંદૂક, ખંજર, અસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાંબુ અને છેડેથી અણીવાળુ પાનુ હોય તેવા ચપ્પુ તથા ત્રણ ઈંચથી વધુ લંબાણ ધરાવતું અણીવાળુ ઘાતક શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું તેમજ લાકડી ,લાઠી, અથવા શારીરિક નુકશાન પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની.

(૨) કોઈપણ રીતે શરીરને હાનીકારક એવો કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું.

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો, ફેંકવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની અને તૈયાર કરવાની.

(૪) સળગતી મશાલ અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(૫) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(૬) લોકોએ બૂમો પાડવાની, ગીતો ગાવાની, તેમજ વાજા વગાડવાની.

(૭) જે છટાદાર ભાષણ આપવાથી ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્ર નિશાનીઓ જાહેર ખબરો અથવા પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાથી દેખાડવાથી અથવા તો તેનો ફેલાવો કરવાથી અથવા અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતીનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજયની સલામતિ જોખમાતી હોય અથવા તેના પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાથી તથા ચાળા વિગેરે કરવાની અને તેના ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની, તથા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર : અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર.
(પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમતના વિસ્તાર સિવાય)

અપવાદ : આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમને જે તે ઉપરી અધિકારીઓને આવુ કોઈ હથીયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથીયાર લઈ જવાની જેની ફરજ હોય.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથીયાર જેવા કે સંગીત વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહીં.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, જિલ્લા પોલીસ અધિકારી અથવા તેમને અધિકૃત કરેલી કોઈપણ પોલીસ અધિકારીઓએ જેને શારીરીક અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવા પરવાનગી આપેલી હોય તે વ્યકિતઓને લાગુ પડશે નહી.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા-કલમ (૧) હેઠળ ઓછામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની અને દંડની અને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૯૬૦ ના અધિનિયમ નં. ૪) ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૦મી એપ્રિલ, ૧૯૯૮ના રોજ મારી સહી અને સિકકો કરી આપ્યો.

INDEX

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમ, નં. ૫૨ માંની કલમ ૩૭ (૩) મુજબ.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસ.આર/૧૯/૯૮.—આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી વાસ્તે, હું, એમ. વાય. દક્ષિણી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ અમદાવાદ જિલ્લા મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧(સને ૧૯૫૧ની ૨૨માંની અધિનિયમની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તારીખ ૧લી મે ૧૯૯૮ થી કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી મે ૧૯૯૮ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી, અગર કોઇ સભા ભરવી કે બોલાવવી નહી, તેમજ કોઇ સરઘસ કાઢવું નહી.

અનુસૂચિ : (વિસ્તાર) :—અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર.

(પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયનો વિસ્તાર).

ખુલાસો : આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફુટપાથો તથા ગલીઓ તથા પેટા-ગલીઓનો પણ સમાવેશ થાય છે.

અપવાદ :—આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ, જેવી ફરજ ઉપર હોય તથા ધાર્મિક અગર મરણોત્તર અથવા તે અંગેની અધિકૃત સત્તાધિકારીના પાસેથી મંજુરી મેળવી હોય તેવી સભા સરઘસોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઇ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૧૩૫ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ ના ૪૫માં અધિનિયમ) ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મે આજ, તારીખ ૩૦મી એપ્રિલ ૧૯૯૮ના રોજ મારી સહી અને સિકકો કર્યો.

એમ. વાય. દક્ષિણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે.
કાઢેલો હુકમ.

ક્રમાંક એમ.એ.જી./વશી/૧૨૯૧-૧૩૦૯.—નર્મદા જિલ્લામાં કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨મા) અધિનિયમની કલમ-૩૭ ની પેટા-કલમ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું, એમ. ડી. મોડિયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા, જાહેર શાંતિ અને સલામતી સારુ ફરમાવું છું કે કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૮ થી તારીખ ૧૪મી એપ્રિલ, ૧૯૯૮ સુધી—

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધારીયા, ધોકા છરા, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈ સાધન સાથે લઈ જવું નહીં;

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ, સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહિ;

(૩) પથ્થર અથવા હાનિકારક પ્રવાહી રસાયણ છાંટવા અથવા ફેંકવા નહિ અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાનાં યંત્રો અથવા સાધનો લઈ જવા નહિ, એકઠા કરવા નહિ તથા તૈયાર કરવા નહિ

(૪) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહિ;

(૫) અપમાન કરવાના અથવા જાહેર કરવાનાં ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહિ, અશ્લીલ ગીતો ગાવા નહિ, અથવા ટોળામાં ફરવું નહિ;

(૬) જેનાથી સુરૂચિ—નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહિ, તેવા હાવભાવ કરવા નહિ તથા તેવા ચિત્રો, પત્રિકા, પોસ્ટકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહિ, બનાવવા નહિ તથા તેનો ફેલાવો કરવો નહિ.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ.—

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતઓને, કે જેને તેના ઉપરી અધિકારીઓ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય;

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીઓ તેને અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીને જેને શારીરિક અશક્તિને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી શકાય તે વ્યકિતને;

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, નર્મદા અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, નર્મદા, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતઓને.

અનુસૂચિ

"નર્મદા જિલ્લાનો સમગ્ર વિસ્તાર."

આ જાહેરનામાંના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સંજા થશે.

આજ તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૮ ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે
કાઢેલો હુકમ.

ક્રમાંક એમ.એ.જી.-વશી-૧૩૧૦-૨૮.—નર્મદા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી-સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાય છે.

તેથી, હવે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨માં) ની કલમ-૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂએ હું, એમ. ડી. મોડિયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા (રાજપીપલા), આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૮ નાં દિવસે સવારના ૦૦-૦૦ કલાકથી તારીખ ૧૪મી એપ્રિલ, ૧૯૯૮ નાં રોજ સાંજના ૨૪-૦૦ સુધી (બંને દિવસો સુધી) ની મુદત માટે નર્મદા જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી-સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

અનુસૂચિ

વધુમાં હું આદેશ કરું છું કે આ હુકમ નીચેનાંને લાગુ પડશે નહીં :—

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને;
(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને;
(૩) કોઈ લગ્નના વરઘોડાને;
(૪) કોઈપણ સ્મશાનયાત્રાને;

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૫ (૧) મુજબ અને ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ (સને ૧૮૬૦ના ૪૫માં) ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૮ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

એમ. ડી. મોડિયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા (રાજપીપલા).

———

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ખ) મુજબનું.

નંબર ઉ/મકપ/પલસ/વશી/૧૯૨૪ થી ૧૯૪૪.—પંચમહાલ જિલ્લાના પાવાગઢ યાત્રાધામમાં તારીખ ૨જી એપ્રિલ ૧૯૯૮ થી ૪થી એપ્રિલ, ૧૯૯૮ દરમ્યાન ચાંપાનેર મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે, તેમજ આ સમય દરમ્યાન ચૈત્રી નોરતા, આઠમ અને પુનમનો મેળો ભરાનાર છે. આ સમય દરમ્યાન લોકોની મોટી અવરજવર પાવાગઢ યાત્રાધામમાં રહેનાર હોવાથી તેમજ પાવાગઢ થી માંચી સુધીનો રસ્તો ખૂબજ વાંકો ચૂકો તથા સાંકડો છે, જેથી લોકોની મોટી અવરજવર દરમ્યાન ટ્રાફિક નિયમન તથા અકસ્માત નિવારવા ઉકત સમય દરમ્યાન ભારે વાહનો, ટેમ્પા, લકઝરી બસોની પ્રવેશબંધી ફરમાવવા જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ, ગોધરાએ તેઓના પત્ર નં. એલઆઈબી-જાહેરનામું-૫૮૪/૯૮, તારીખ ૨૭મી માર્ચ, ૧૯૯૮ થી અભિપ્રાય સહિત અત્રે જણાવેલ છે.

જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ, ગોધરાની ઉકત વિગત ધ્યાને લેતાં પાવાગઢ યાત્રા ધામમાં તારીખ ૧લી એપ્રિલ, ૧૯૯૮ થી ૧૧મી એપ્રિલ ૧૯૯૮ દરમ્યાન ચૈત્રી નોરતા, આઠમ તથા પુનમના મેળા અને ચાંપાનેર મહોત્સવ દરમ્યાન ટ્રાફિક નિયમન તેમજ અકસ્માત કે જાનહાનિ ન થાય તે માટે જાહેર હિતમાં પાવાગઢ થી માંચી સુધીનાં રસ્તા ઉપર ભારે વાહનો જેવા કે ટેમ્પા, લકઝરી, બસો, મેટાડોર વગેરેના પ્રવેશ ઉપર નિયંત્રણ કરવું જરૂરી જણાતાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ ની પેટા કલમ-૧ (ખ) અન્વયે મળેલ અધિકારની રૂએ હું, જે. એમ. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા, પાવાગઢથી માંચી સુધીના રસ્તા ઉપર, ઉપર જણાવ્યા મુજબના વાહનોની તારીખ ૧લી એપ્રિલ, ૧૯૯૮ થી ૧૧મી એપ્રિલ, ૧૯૯૮ (બંને દિવસો સહિત) સુધીના સમયગાળા માટે હેરફેર પર પ્રતિબંધ ફરમાવું છું.

આજ તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૮ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

જે. એમ. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

જાહેરનામું

સને ૧૯૫૧નો મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) મુજબનું.

નંબર મકપ-પલશ/મજશ/વશી. ૯૦૫/૯૮.—આગામી તારીખ ૨૭મી માર્ચ ૧૯૯૮ થી તારીખ ૨૬મી એપ્રિલ ૧૯૯૮ દરમ્યાન બકરી ઈદ, મહાવીર જયંતી, ગુડ ફ્રાઈડે અને ડો. આંબેડકર જયંતી જેવા તહેવારોની ઉજવણી થનાર હોઈ, જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા ની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે અને શાંતિમય વાતાવરણ રહે તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭(૧) હેઠળ જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

જેથી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે મળેલ સત્તાની રુએ હું. કે. એસ. મેણાત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, દાહોદ આથી ફરમાવું છું કે, સમગ્ર દાહોદ જિલ્લામાં તારીખ ૨૭મી માર્ચ ૧૯૯૮થી તારીખ ૨૬મી એપ્રિલ ૧૯૯૮ (બંને દિવસો સહિત):

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ઘોકા, બંદૂક, છરા, લાકડી, કે લાઠી શારિરીક ઈજા પહોચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવો નહીં.

(ગ) પથ્થર અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તો વસ્તુઓ ફેંકવાની ધકેલવાના યંત્રો, સાધનો સાથે લઈ જવા નહીં એકઠાં કરવા નહીં, તથા તૈયાર કરવા નહીં, મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવા નહીં, અપમાન કરવાના અથવા જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાં નહીં, અશ્લીલ ગીતો ગાવા નહીં.

(ઘ) જેનાથી સુરુચિ અથવા નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં, તેવા હાવભાવ કરવા નહીં, તેવી ચેષ્ટા કરવી નહીં, તથા તેવાં પત્રકો પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવી નહીં. બતાવવાં નહી અથવા તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈ વ્યકિતઓને જેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય, અથવા આવું હથીયાર લઈ જવાની જેની ફરજ હોય, પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી નીચેના પાયરીના ન હોય તેવા અધિકારીએ જેને શારિરીક અશકિતના કારણે લાકડી, લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

આજરોજ તારીખ ૨૪મી માર્ચ ૧૯૯૮ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપવામાં આવ્યો.

કે. એસ. મેણાત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, દાહોદ.

———

INDEX

ભાગ-૧

અસાધારણ રાજ્યપત્રની યાદી

(ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખ ૩૦મી જૂન ૧૯૮૭ના ઠરાવ ક્રમાંક મદન /૧૦૮૫/૫૨૯૫/ડના આધારે)

તારીખ ૭, ૧૪, ૨૧, ૨૮ માહે મે સન ૧૯૯૮ ના રોજ પૂરા થયેલા અઠવાડીયામાં નીચે જણાવેલ ગુજરાત સરકારના અસાધારણ રાજ્યપત્રો પ્રસિધ્ધ થયેલા છે.

અનુ. નંબર	અસાધારણ રાજ્યપત્રનો ક્રમાંક અને તારીખ	હોદ્દો
૧	૨	૩
૧	૬૪/૩જી માર્ચ ૧૯૯૮	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, નડીઆદ.
૨	૬૫/૪થી માર્ચ ૧૯૯૮	પોલીસ કમિશનર, વડોદરા શહેર
૩	૬૬/૪થી માર્ચ ૧૯૯૮	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સા.કાં. હિંમતનગર
૪	૬૭/૫મી માર્ચ ૧૯૯૮	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા.
૫	૬૮/૭મી માર્ચ ૧૯૯૮	જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા.
૬	૭૯/૧૮મી માર્ચ ૧૯૯૮	કલેકટર, પંચમહાલ, ગોધરા.
૭	૯૬/૧૩મી એપ્રિલ ૧૯૯૮	જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા.
૮	૯૭/૧૩મી એપ્રિલ ૧૯૯૮	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ.
૯	૧૦૦/૨૭મી એપ્રિલ ૧૯૯૮	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સા.કાં. હિંમતનગર.
૧૦	૧૦૨/૨૯મી એપ્રિલ ૧૯૯૮	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ.
૧૧	૧૦૪/૬ ઠ્ઠી મે ૧૯૯૮	પોલીસ કમીશનર, વડોદરા શહેર
૧૨	૧૦૬/૬ ઠ્ઠી મે ૧૯૯૮	પોલીસ કમીશનર, વડોદરા શહેર
૧૩	૧૦૭/૬ ઠ્ઠી મે ૧૯૯૮	કલેકટર, ગાંધીનગર.
૧૪	૧૧૬/૨૫મી મે ૧૯૯૮	ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટ, વડોદરા.
૧૫	૧૧૭/૨૬મી મે ૧૯૯૮	ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટ, વડોદરા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G-BA 14—E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] THURSDAY, JUNE 4, 1998 / JYAISTHA 14, 1920 | No. 23

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part-I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notification, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders other than those published in Part I A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	193-198
Part I-A	Orders and Notifications, (other than those published in Part IV-B) under the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette.	23
Part I-B	Government Notifications published under Land Acquisition Act only.	431-454
Part I-L	Notifications, Orders and Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.	1129-1189

MISCELLANEOUS, NOTIFICATIONS AND APPOINTENTS, ETC.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વાંચ્યું.—નામદાર સરકારશ્રી ગૃહ વિભાગના પરિપત્ર ક્રમાંક: એચઆરસી/૧૦૯૪/જીઓઆઈ/૧૧૨/ન, તારીખ ૧૫મી જુલાઈ ૧૯૯૭-પેરા-૫.

હુકમ

નંબર ડીસીબી/ એમએજી/જેલ મૃત્યુ —અધિક્ષક નવસારી સબ-જેલના વાયરલેસ સંદેશા નં. ૫૦૦/૯૮ તારીખ ૨૫મી એપ્રિલ ૧૯૯૮ અન્વયે નવસારી સબ જેલના કાચા કામના આરોપી અયોધ્યાપ્રસાદ જંગબહાદુરને તારીખ ૧૦મી માર્ચ ૧૯૯૮ના રોજ નામદાર સેસન્સ કોર્ટ-નવસારીના હુકમ મુજબ ખાનગી હોસ્પીટલ ડો. શ્રી મલ્હાર જે. દેસાઈ નારાયણ મેડીકલ નર્સીંગ હોમ સૂર્યા એપાર્ટમેન્ટ સ્ટેશન રોડ-નવસારી ખાતે સારવાર માટે મોકલવામાં આવેલ જ્યાં મજકુર અંદરના દર્દી તરીકે દાખલ હતા. જેઓનું તારીખ ૨૫મી એપ્રિલ ૧૯૯૮ના રોજ આશરે ૧૪-૪૫ કલાકે મજકુર આરોપીનું સારવાર દરમ્યાન મૃત્યુ નિપજેલ છે, તો સદરહુ બાબતે આ સંદર્ભે કયા

કારણને લઈને સદરહુ કેદીનું મૃત્યુ થયેલ છે તેની મેજિસ્ટ્રેટ તપાસ કરવાનું આવશ્યક જણાતા હું બી.એન જોષી, આઈ એ.એસ જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી જિલ્લો નવસારી આથી શ્રી મહેન્દ્ર પટેલ, જીએએસ સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, નવસારીને ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૧૭૬ હેઠળ તપાસ કરી તપાસનો અહેવાલ ચાર અઠવાડીયામાં હમોને રજુ કરવા હુકમ કરું છું

આજ રોજ તારીખ ૧લી મે ૧૯૯૮ ના રોજ મારી સહી તથા સીક્કો કરી આ હુકમ બહાર પાડવામાં આવ્યો

હુકમ

સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિ- નિયમ (સને ૧૯૫૧નાં મુંબઈ નાં ૨૨માં) ની કલમ ૩૩ (૧)(બી) (એન ઓ.) તથા કલમ ૩૭ મુજબનો.

નંબર ડીસીબી/એમએજી/બી.પી. એ. ૨જી નં. ૧/૯૮.—સને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નાં મુંબઈના ૨૨માં) ની કલમ-૩૩ની પેટા કલમ -૧(બી) (એન) (આ) તથા કલમ ૩૭ અન્વયે મળેલા અધિકારની રુએ જિલ્લા મેજિસ્ટ્રેટ નવસારી આગામી મહોરમના તહેવાર અંગે નવસારી જિલ્લામાં નીચે મુજબનો હુકમ ફરમાવે છે.

૧. નવસારી જિલ્લામાં આવતાં મહોરમના તહેવાર દરમ્યાન કોઈપણ તાબુત પંજા અગર પંજા વગર સવારી, સરઘસ સબંધિત સબ ડીવીઝનલ પોલીસ અધિકારીશ્રીની લેખિત જરૂરી પરવાનગી લીધા સિવાય કાઢી શકાશે નહિ;

૨. આવી પરવાનગી ફકત મુસ્લીમ બીરાદરોનેજ આપવામાં આવશે અને આવી પરવાનગી મેળવનાર ઈસમોએ તે પરવાનગી પોતાની પાસેજ રાખવી પડશે અને જ્યારે કોઈપણ એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ અગર પોલીસ એધિકારીશ્રી તરફથી રજુ કરવા સુચના કરવામાં આવે ત્યારે રજુ કરવી પડશે;

૩. પરવાનગી મેળવવા માટે જે તે અરજદારશ્રી તરફથી ૧ રૂા. કોર્ટ ફી સ્ટેમ્પ લગાડીને અરજી તારીખ ૫મી મે ૧૯૯૮ સુધીમાં ઉપરોકત સબ ડીવીઝનલ પોલીસ અધિકારીશ્રીને પહોંચે તેમ કરવી;

૪. આવી પરવાનગી ધારણ કરનારને કોઈપણ તાબૂત પંજા અગર ઢોલ, પંજા અગર સવારીનાં સરઘસમાં સામેલ થયેલ માણસો ની શાંત વર્તણૂંક માટે અંગત જવાબદારી રહેશે સરઘસમાં એવી રીતે સામેલ થયેલા ઈસમોમાંથી કોઈપણ ઈસમો તોફાની રીતે અગર અયોગ્ય રીતે વર્તે તો જિલ્લા પોલીસ અધિકારીશ્રી સબ ડીવી- ઝનલ પોલીસ અધિકારીશ્રી અગર પોલીસ ઈન્સ્પેકટરશ્રીની નીચલી પાયરીનાં ન હોય તેવા સીનીયર પોલીસ અધિકારીશ્રી અગર પોલીસ ઈન્સ્પેકટરશ્રી જે સ્થળ ઉપર હાજર થશે તેને મૌખીક હુકમ દ્વારા આપેલી પરવાનગી એકદમ રદ થશે. અને સરઘસમાં ભેગા થયેલા સઘળા ઈસમોને તાત્કાલીક વિખરાઈ જવું પડશે અને ફરી ભેગા થઈ શકશે નહિ કે તાબુત પંજા અગર સવારી સરઘસ ગામ લઈ જઈ શકશે નહિ;

૫. મહોરમના તહેવાર દરમ્યાન સબંધિત વિસ્તારનાં શેરી જાહેર જગ્યાની આજુબાજુ લાઉડ સ્પીકર વાજીંત્ર વગાડવાની પરવાનગી તહેવારનાં તારીખ ૬ઠ્ઠી મે ૧૯૯૮થી ૭મી મે ૧૯૯૮ નાં રોજ માટે જ આપવામાં આવશે. અને સિવાયના તે બીજા દિવસો માટે આપવામાં આવશે નહિ અને એવી પરવાનગી અરજદારશ્રી પરવાનગીની શરતોનું પાલન કરવામાં સંમત થશે તો જ આપવામાં આવશે;

૬. મહોરમના તહેવાર દરમ્યાન સબંધિત વિસ્તારનાં પોલીસ સ્ટેશનના પોલીસ સબઈન્સ્પેકટર શ્રીની નીચેની ગ્રેડના નહી હોય તેવા પોલીસ અધિકારીશ્રીની પરવાનગી સિવાય કોઈપણ શેરી કે જાહેર જગ્યાએ લાઉડ સ્પીકર વાજીંત્ર અગર મ્યુઝીક વગાડી શકાશે નહિ;

૭. કતલની રાત્રે કોઈપણ સરઘસ સાંજે ૭-૦૦ કલાક પહેલાં અગર રાત્રે ૨-૩૦ કલાક પછી કાઢી શકાશે નહિ અને સઘળી ક્રિયા બીજે દિવસે એટલે મહોરમનાં દિવસે સુર્યાસ્ત પહેલાં અચુક પુરી કરવી પડશે;

૮. તાબુત, પંજા કે સવારી અંગે રાબેતા મુજબ સબંધિત સબબ ડીવીઝનલ પોલીસ અધિકારીની લેખિત પરવાનગી લેવાની રહેશે;

૯. કતલની રાત્રે તાબુતનો તેમના જુના નિયત રુટ પ્રમાણે ફેરવી શકાશે;

૧૦. કતલન રાત્રે અને તાજીયા ડુબાડવાના દિવસે તાબુત પંજો અગર ઢોલકા પંજા અગર ઢોલકા પંજા અગર સવારી ને ઉંચકીને ફેરવવાના સઘળા સરઘસો સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૬ પ્રમાણે જીલ્લા પોલીસ અધિકારીશ્રીએ નકકી કરેલા સ્થળ સમય અને પ્રોમીટીગમાં નકકી થયેલા નિયત રૂટ પ્રમાણે કાઢવા દેવામાં આવશે.

૧૧. તાબુતનું સરઘસ કાઢવા માટે જવાબદાર ઇસમો નીચે જોવાની ફરજ રહેશે. કે તાબુત સાથે જે સઇમોને કોઇપણ જાતનો સંબંધ નથી એવા ઇસમોને કે અનિષ્ટ તત્વોને તાલુકાના સરઘસમાં સામેલ થવા ન દેવા અને તે ઉપર તાબુતનું સંચાલન કરતી વ્યકિતએ નજરબંધી રાખવી તેમજ રસ્તામાં અડચણ ઉપસ્થિત થાય નહી અને તાબુત લઇ જવામાં બીન જરૂરી ઢીલ વાય નહી તે જોવાની જવાબદારી જવાબદાર ઇસમોને રહેશે;

૧૨. કોઇપણ શેરી કે જાહેર જગ્યાએ જુલ જન્નર પવિત્ર ઘોડાનું સરઘસ અગર માતમ અગર છાતી કુટવા અંગે પરવાનગી આપવામાં આવશે નહી;

૧૩. તાબુત એટલી ઉંચાઇનું હોવું જોઇએ અને એવી રીતે બનાવવું જોઇએ કે જેથી વિદ્યુત લાઇન તથા ટેલીફોન લાઇન વિગેરેને અડે નહી અને આ લાઇનો બંધ ન થઇ જાય તે રીતની ઉંચાઇ રાખવાની રહેશે.

૧૪. જીલ્લા પોલીસ અધિકારીશ્રી અગર સબ ડીવીઝનલ પોલીસ ઓફીસરશ્રી, પોલીસ સબ ઇન્સ્પેકટરશ્રીની નીચેની ગ્રેડના નહી હોય તેવા પોલીસ અધિકારીશ્રીની પરવાનગી સિવાય કોઇપણ જાહેર જગ્યાએ તલવાર, ભાલા, સોટી, બંદૂક, ચાકુ, ચપ્પુ, લાકડી વિગેરે એવા બીજા કોઇપણ શસ્ત્રો હથિયારો કે જે ગુન્હાહીત હથિયાર તરીકે વાપરી શકાય તેવું હોય તેવા હથિયાર લઇ જવા મનાઇ ફરમાવવામાં આવશે;

૧૫. પથ્થરો અગર બીજા શસ્ત્રો ફેકવાના અગર બીજા શસ્ત્રો અગર તો શસ્ત્રો ફેંકવાના અગર નાખવાના યંત્રો અગર સાધનો લઇ જવા એકત્ર કરવાની અને તૈયાર કરવાની મનાઇ કરવામાં આવે છે;

૧૬ (અ). તાજીયા ડુબાડવાના દિવસે શાંતી પૂર્ણ રીતે સુલેહ શાંતી જાળવીને નકકી થયેલા રૂટ પ્રમાણે તાજીયા લઇ જવાના રહેશે. વધુમાં જાહેર હિતમાં સુલેહ શાંતિ જાળવવાની રહેશે અને કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પુરતી કાળજી રાખવાની રહેશે;

૧૬(બ). કોઇ પણ જાહેર જગ્યાએ મુડદાઓ આકૃતિઓ દેખાડવાની મનાઇ કરવામાં આવે છે કોઇપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઇ જવાની મનાઇ કરવામાં આવે છે;

૧૬(ક). જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થવાનો સંભવ હોય અથવા જેનાથી સમાજના જુદા જુદા સમાજના જુદા જુદા વર્ગોમાં ધાર્મિક દુશ્મનાવટ ઉપસ્થિત અથવા ગુનો કરવા અગર

INDEX

જાહેર શાંતિનો ભંગ થાય અગર કાયદાના અગર કાયદેસરના અધિકારીશ્રીની વિરોધ અગર ધૃણા કરવામાં આવે તેવા ચાળા પાડવાની નિશાનીઓ તથા પિક્ચરો સીમ્બોલો પ્લેકાર્ડો અથવા બીજા કોઇ પણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાની બતાવવાની અને તેનો ફેલાવો કરવાની મનાઇ કરવામાં આવે છે.

(૧૭) નીચે જણાવ્યા પ્રમાણેના રસ્તાઓ તેની સામે જણાવેલ દિવસોએ સમયે ટ્રાફીક વ્હીક્યુલર માટે બંધ રહેશે.

(અ) નવસારી ટાઉન

તારીખ ૬ઠ્ઠી મે ૧૯૯૮ ના રોજ કતલની રાત્રે :

અનં. નંબર	પ્રતિબંધિત માર્ગ	પ્રતિબંધિતનો સમય
૧	ટાવરથી પો સ્ટે. મોટા બજાર કંસારવાડ પાંચ હાટડી જુનાથાણા	તા ૬ઠ્ઠી મે ૧૯૯૮ ના રાત્રે ૯-૦૦ થી ૬ઠ્ઠી ડિસેમ્બર ૧૯૯૮
૨	પો. સ્ટે. થી ડબગરવાડ ખાટકી વાડ સહકારી પેટ્રોલ પંપ સુધી.	એજન

ઉપરોકત પ્રતિબંધિત માર્ગ દરમ્યાન સુરતથી આવતા અને શહેરમાં જવા માગતા વાહનો વિરાવળ નાકા ઝવેરી રોડ જુનાથાણા થઇ શહેરમાં જઇ શકશે તેમજ સ્ટેશનથી જુનાથાણા અથવા જુનાથાણાથી સ્ટેશન તરફ જતાં વાહનો સાંઢકુવા આશાનગર દુધિયા તળાવ અથવા શાક ભાજી માર્કેટ ફુવારા ગોલવાડ માર્ગો જઇ શકશે.

તારીખ ૭મી મે ૧૯૯૮ ના રોજ વિસર્જનના દિવસે

૧	જુનાથાણાથી પાંચ હાટડી કંસારવાડ મોટા બજાર	કલાક ૧૫-૦૦ થી કલાક ૨૧-૦૦ સુધી
૨	ટાવરથી પો. સ્ટે. ડબગરવાડ પારસી અગિયારી તરોટા બજાર	કલાક ૧૯-૦૦ થી કલાક ૨૩-૩૦ સુધી.

ઉપરોકત પ્રતિબંધિત માર્ગ દરમ્યાન વિરાવળના નાકાથી ઝવેરી રોડ પ્રજાપિતા આશ્રમ, કાલીયાવાડી નાકા દશેરા ટેકરી, લુન્સીકુઇ થઇને વાહન વ્યવહાર થઇ શકશે. તેમજ સ્ટેશનથી સાંઢકુવા આશાનગર દૂધિયાતળાવ અથવા શાકભાજી માર્કેટ ગોલવાડ ટાવર વનવે ડેપો લુન્સીકુઇ થઇને વાહન વ્યવહાર જઇ શકશે.

જો બધા સરઘસો ઉપર જણાવેલા કોઇપણ રસ્તા ઉપર મના કરેલા સમય પહેલા પસાર થઇ શકે તો રસ્તો જાહેર જનતાના ઉપયોગ માટે ખુલ્લો રહેશે. ઉપર જણાવેલ રસ્તાઓ મના કરેલ સમય દરમ્યાન બ્રીગેડવાન પોસ્ટલવાન એમ્બ્યુલન્સ અને ફરજ પરના અધિકારીઓને વાન માટે ખુલ્લો રહેશે.

(૧૮) કોઇપણ ઇસમ ઉપર જણાવેલા કોઇપણ નિયમોનો ભંગ કરશે અગર અયોગ્ય રીતે વર્તશે અગર કોઇપણ જાતની ધમાલ કરશે તો તેની સામે તાત્કાલિક અટકાયતી પગલાં લઇ કાયદેસર કામ ચલાવવામાં આવશે.

(૧૯) ઉપરના મહોરમ તહેવાર શબ્દનો અર્થ મહોરમ માસના પહેલા દસ દિવસો અને રાત્રી થાય છે "મહોલ્લો।' શબ્દનો અર્થ શેરી અગર ગલી કે જ્યાં તાબુત સ્થાપિત કરવામાં આવે છે હમુજતાબુત શબ્દનો અર્થ તાબુત તાજીયા છે.

નવસારી, તારીખ ૧લી મે ૧૯૯૮.

બી. એન. જોષી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ કાયદાની કલમ-૭(૧) મુજબનું.

ક્રમાંક ડી.બી.પી.એ. ૫/૯૮.—માહે મે ૧૯૯૮ માસમાં મહોરમનો તહેવાર આવતો હોઇ તેમજ ડીસા શહેરમાં વાતાવરણ તંગદીલીભર્યું હોઇ લોકોની જાહેર સલામતી જોખમાય તેવો સંભવ હોવાથી જાહેર શાન્તી અને સલામતી જાળવવા સારું સમગ્ર બનાસકાંઠામાં નીચે જણાવેલ કૃત્યોની મનાઈ કરવાનું મને જરૂરી લાગે છે.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, બંદૂક, છરી, લાકડી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈપણ સાધન સાથે લઈ જવું નહિ.

(ખ) કોઈ ક્ષયકારી કે સ્ફોટક પદાર્થ સાથે લઈ જવો નહી.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા વસ્તુઓ ફેંકવાના ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહીં એકઠા કરવા નહીં

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા પુતળા દેખાડવા નહીં.

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહીં, અશ્લીલ ગીતો ગાવા નહીં.

(છ) અલંકારીક ભાષણો કરવાથી, ચાળા પાડવાથી, નકલ કરવાથી તથા છબીઓ બતાવવાથી અથવા તેનો ફેલાવો કરવાની રૂચી અથવા નીતિનો ભંગ થતો હોય તેવું કરવાનું નહી.

વાસ્તે હું, એસ. એસ. વાઘેલા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં) ની કલમ ૩૭(૧) અન્વયે મને મળેલી સત્તાની રુએ સમગ્ર બનાસકાંઠાના વિસ્તારમાં સદરહું કૃત્યો કરવાની મનાઈ કરું છું. આ હુકમ તારીખ ૧લી મે ૧૯૯૮ થી તારીખ ૩૧મી મે ૧૯૯૮ સુધી બન્ને દિવસો સહિત અમલમાં રહેશે.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિત કે જે તે, ઉપરી અધિકારીએ એવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ, અથવા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ તેમણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીશ્રી જે તે શારીરીક અશકિતના કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

આજરોજ તારીખ ૧ માહે મે, સને ૧૯૯૮ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કા કર્યો.

એસ. એસ. વાઘેલા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
બનાસકાંઠા, પાલનપુર.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨ મો) ની કલમ-૭(૩) અન્વયે.

નંબર ડી.સી.બી. / એમ.એ.જી. / બી.પી.એ. / રજી. ૨૫/૯૮.—જિલ્લામા પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને જાહેર શાંતી અને સલામતી જાળવવા સારું માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, આર. કે. દવે, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, વલસાડ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ નો ૨૨ મો)ની કલમ-૩૭ ની પેટા-કલમ-૩ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, વલસાડ જિલ્લામાં તારીખ ૫ મી મે, ૧૯૯૮ થી ૧૯ મી મે, ૧૯૯૮ સુધી (બંન્ને દિવસો-સુધ્ધા) ચાર માણસા કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહીં કે સરઘસ કાઢવું નહી તેમજ ચારથી વધુ વ્યકિતઓ ભેગા થવું નહી સરઘસ કાઢવું નહીં.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાનયાત્રા કે એસ. ટી. બસમાં મુસાફરી કરવા બોનાફાઈડ વ્યકિતઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનારને ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિ-નિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨ મો) ની કલમ-૧૩૫ (૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ તારીખ ૫ મી મે, ૧૯૯૮ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી આપી છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલ.

નં. ડીસીબી/એમએજી/બી.પી.એ./રજી. નં. ૨૬/૯૮.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને. ૧૯૫૧નાં ૨૨માં) અધિનિયમની કલમ-૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું આર. કે. દવે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ આગામી મોહરમ(તાજીયા)ના તહેવારને તથા પ્રવર્તમાન પરિસ્થિતિ લક્ષમાં લઈ જિલ્લામાં જાહેર શાંતિ અને સલામતી, અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારું જરૂરી જણાતાં ફરમાવું છું કે વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ તારીખ ૫મી મે ૧૯૯૮ થી ૧૯મી મે, ૧૯૯૮ સુધી (બંને દિવસો સુધ્ધાં) નાં સમય માટે નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :—

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી, લાઠી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ.

(ખ) કોઈપણ સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ગગ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ઘ) વ્યકિતઓ અથવા તેનાં શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(ચ) લોકોને બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની અપમાન કરવાની ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની.

(છ) જેનાથી સુરુચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તથા તેવા હાવભાવ કરવાની, તેવી ચેષ્ટા કરવાની, તથા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડ અથવા બીજો કોઈ પણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બતાવવા, તથા ફેલાવો કરવાની આ હુકમ ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિત કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું હોય, અથવા તેવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી વલસાડે અથવા તેણે અધિકૃત કરેલ કોઈ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય, તે વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતને.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમને (સને. ૧૯૫૧ના ૨૨ માં) કાયદાની) કલમ-૧૩૫/(૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષની સુધીની કેદની સજા થશે. અને દંડની પણ સજા થશે.

આજ રોજ તારીખ ૫મી મે, ૧૯૯૮નાં રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

હુકમ

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી વલસાડનાં સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નાં મુંબઈનાં ૨૨માં) ની કલમ-૩૩ (બી) (એન.ઓ.) તથા ૩૭ મુજબનો.

નંબર ડીસીબી /એમએજી/ બીપીએ/રજી નં ૨૭/૯૮ —સને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નાં મુંબઈનાં ૨૨માં) ની કલમ-૩૩ની પેટા કલમ-૧(બી) (એન)(ઓ) તથા કલમ-૩૭ અન્વયે મળેલા અધિકારની રૂએ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ આગામી મહોરમના તહેવાર અંગે વલસાડ જિલ્લામાં નીચે મુજબનો હુકમ ફરમાવે છે.

(૧) વલસાડ જિલ્લામાં મહોરમના તહેવાર દરમ્યાન કોઈપણ તાબુત, પંજા અગર પંજા વગર સવારી, સરઘસ સબ-ડીવીઝનલ પોલીસ અધિકારીશ્રીની લેખિત જરૂરી પરવાનગી લીધા સિવાય કાઢી શકાશે નહીં.

(૨) આવી પરવાનગી ફકત મુસ્લીમ બીરાદરોનેજ આપવામાં આવશે અને એવી પરવાનગી મેળવનાર ઈસમોએ તે પરવાનગી પોતાની પાસેજ રાખવી પડશે અને જયારે કોઈપણ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ અગર પોલીસ અધિકારીશ્રી તરફથી રજુ કરવા સુચના કરવામાં આવે ત્યારે રજુ કરવી પડશે

(૩) પરવાનગી મેળવવા માટે જે તે અરજદારશ્રી તરફથી રૂા. ૧-૦૦ની કોર્ટ ફી સ્ટેમ્પ લગાડીને અરજી તારીખ ૫મી મે, ૧૯૯૮ સુધીમાં ઉપરોકત સબ ડીવીઝનલ પોલીસ અધિકારીશ્રીને પહોંચે તેમ કરવી.

(૪) આવી પરવાનગી ધારણ કરનારને કોઈપણ તાબુત, પંજા અગર ઢોલ, પંજા અગર સવારીના સરઘસમાં સામેલ થયેલ માણસોની માણસોની શાંત વર્તણુંક માટે અંગત જવાબદારી રહેશે સરઘસમાં એવી રીતે સામેલ થયેલા ઈસમોમાંથી કોઈપણ ઈસમો તોફાની રીતે અગર અયોગ્ય રીતે વર્તે તો જિલ્લા પોલીસ અધિકારીશ્રી, સબ-ડીવીઝનલ પોલીસ અધિકારીશ્રી અગર પોલીસ ઈન્સ્પેકટરશ્રી ની નીચલી પાયરીનાં ન હોલય તેવા સીનીયર પોલીસ અધિકારીશ્રી

INDEX

અગર પોલીસ સબ-ઈન્સ્પેકટર જે સ્થળ ઉપર હાજર હશે તેને મૌખિક હુકમ દ્વારા આપેલી પરવાનગી એકદમ રદ થશે અને સરઘસમાં ભેગા થયેલા સઘળા ઈસમોને તાત્કાલિક વિખેરાઈ જવું પડશે અને ફરી ભેગા થઈ શકશે નહીં કે તાબુત પંજા અગર સવારી સરઘસ આમ લઈ જઈ શકાશે નહીં

(૫) મહોરમના તહેવાર દરમ્યાન સબંધિત વિસ્તારનાં શેરી કે જાહેર જગ્યાની આજુબાજુ લાઉડ સ્પીકર વાજીંત્ર વગાડવાની પરવાનગી તહેવારના તારીખ ૬ઠ્ઠી મે ૧૯૯૮ થી તારીખ ૭મી મે ૧૯૯૮ના રોજ માટે જ આપવામાં આવશે. અને તે સિવાયના બીજા દિવસો માટે આપવામાં આવશે નહી અને એવી પરવાનગી અરજદારશ્રી પરવાનગીની શરતોનું પાલન કરવામાં સંમત થશે તો જ આપવામાં આવશે.

(૬) મહોરમના તહેવાર દરમ્યાન સબંધિત વિસ્તારનાં પોલીસ સ્ટેશનના પોલીસ સબ-ઈન્સ્પેકટરશ્રીની નીચેની ગ્રેડના નહી હોય તેવા પોલીસ અધિકારીશ્રીની પરવાનગી સિવાય કોઈપણ શેરી કે જાહેર જગ્યાએ લાઉડ સ્પીકર વાજીંત્ર અગર મ્યુઝીક વગાડી શકાશે નહી.

(૭) કતલની રાત્રે કોઈપણ સરઘસ સાંજે ૭-૦૦ પહેલાં અગર રાત્રે ૨-૩૦ કલાક પછી કાઢી શકાશે નહીં અને સઘળી ક્રિયા બીજે દિવસે એટલે મહોરમના દિવસે સુર્યાસ્ત પહેલા અચૂક કરવી પડશે.

(૮) તાબુત પંજા કે સવારી અંગે રાબેતા મુજબ સબંધિત સબ-ડીવીઝનલ પોલીસ અધિકારીશ્રીની લેખીત પરવાનગી લેવાની રહેશે.

(૯) કતલની રાત્રે તાબુતનો તેમના જુના નિયત રૂટ પ્રમાણે ફેરવી શકાશે.

(૧૦) કતલની રાત્રે અને તાજીયા ડુબાડવાના દિવસે તાબુત, પંજા અગર ઢોલકા, પંજા અગર સવારીને ઉંચકીને ફેરવવાના સઘળા સરઘસો અને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૬ પ્રમાણે જિલ્લા પોલીસ અધિકાઝીશ્રીએ નક્કી કરેલા સ્થળે સમયે અને મીટીંગમાં નક્કી થયેલા નિયઘ રુટ પ્રમાણે કાઢવા દેવામાં આવશે.

(૧૧) તાબુતનું સરઘસ કાઢવા માટે જવાબદારી ઈસમોની એ જોવાની ફરજ રહેશે કે તાબુત સાથે જે ઈસમોને કોઈપણ જાતનો સબંધ નથી. એવા ઈસમોને કે અનિષ્ટ તત્વોને તાબુતના સરઘસમાં સામેલ થવા ન દેવા (અને તે ઉપર તાબુતનું સંચાલન કરતી વ્યકિતએ નજરબંધી રાખવી તેમજ રસ્તામાં અડચણ ઉપસ્થિત થાય નહીં અને તાબુત લઈ જવામાં બીન જરરી ઢીલ થાય નહીં તે જોવાની જવાબદારી જવાબદાર ઈસમોને રહેશે.

(૧૨) કોઈપણ શેરી કે જાહેર જગ્યાએ જુલ જન્નર પવિત્ર ઘોડાનું સરઘસ અગર માતમ અગર છાતી કુટવા અંગે પરવાનગી આપવામાં આવશે નહીં.

(૧૩) તાબુત એટલી ઉંચાઈનું હોવું જોઈએ અને એવી રીતે બનાવવું જોઈએ કે જેથી કરી તેને વિદ્યુત લાઈન તથા ટેલીફોન લાઈન વિગેરેને અડે નહી. અને આ લાઈનો બંધ ન થઈ જાય તે રીતની ઉંચાઈ રાખવાની રહેશે.

(૧૪) જિલ્લા પોલીસ અધિકારીશ્રી અગર સબ-ડીવીઝનલ પોલીસ ઓફિસરશ્રી પોલીસ સબ-ઈન્સ્પેકટરશ્રીની નીચેની ગ્રેડનાં નહીં હોય તેવા પોલીસ અધિકારીશ્રીની પરવાનગી સિવાય કોઈ પણ જાહેર જગ્યાએ તલવાર, ભાલા, સોટા, બંદુક, ચાકુ, ચપ્પુ, લાકડી વિગેરે એવા બીજા કોઈ શસ્ત્રા હથિયારો કે જે ગુન્હાહીત હથિયાર તરીકે વાપરી શકાય તેવું હોય તેવા હથિયારો લઈ જવા મનાઈ ફરમાવવામાં આવશે.

(૧૫) પથ્થરો અગર બીજા શસ્ત્રા અગર તો શસ્ત્રો ફેંકવાના અગર નાંખવાના યંત્રો અગર સાધનો લઈ જવા એકત્ર કરવાની અને તૈયાર કરવાની મના કરવામાં આવે છે.

(૧૬અ) તાજીયા ડુબાડવાના દિવસે શાંતિ પૂર્ણ રીતે સુલેહ શાંતિ જાળવીને નક્કી થયેલા રૂટ પ્રમાણે તાજીયા લઈ જવાના રહેશે. વધુમાં જાહેર હિતમાં સુલેહ શાંતિ જાળવવા ની રહેશે. અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પુરતી કાળજી રાખવાની રહેશે.

(૧૬બ) કોઈપણ જાહેર જગ્યાએ માણસો મુડદાઓ આકૃતિઓ દેખાડવાની મનાઈ કરવામાં આવે છે કોઈ પણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની મના કરવામાં આવે છે.

(૧૬ક) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થવાનો સંભવ હોય અથવા જેનાથી સમાજના જુદા જુદા સમાજના જુદા જુદા વર્ગોમાં ધાર્મિક દુશ્મનાવટ ઉપસ્થિત અથવા ગુનો કરવા અગર જાહેર શાંતિનો ભંગ થાય અગર કાયદાના અગર કાયદેસરનાં અધિકારીશ્રીની વિરોધ અગર ધૃણા કરવામાં આવે તેવા ચાળા પાડવાની નિશાનીઓ તથા પિક્ચરો, સીમ્બોલો, પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાની બતાવવાની અને તેનો ફેલાવો કરવાની મના કરવામાં આવે છે.

(૧૭) નીચે જણાવ્યા પ્રમાણેના રસ્તાઓ તેની સામે જણાવેલા દિવસોએ સમયે ટ્રાફીક વ્હીકયુલર માટે બંધ રહેશે.

વલસાડ ટાઉન	પ્રતિબંધિત માર્ગ	સમય.
(૧) કતલની રાત્રે તારીખ ૬ઠ્ઠી મે ૧૯૯૮	૧. ટાવર થી મોટાબજાર વાયા શાંતિભવન	સાંજે ૭-૦૦થી રાત્રે ૧-૦૦
(૨) ડુબાડવાના દિવસે તા. ૭મી મે ૧૯૯૮	૧. ટાવર થી મોટાબજાર વાયા શાંતિભુવન ફુલ ગલી.	બપોરે ૧-૦૦ થી રાત્રે ૨૧-૦૦

જો બધા સરઘસો ઉપર જણાવેણા કોઈપણ રસ્તા ઉપર મના કરેલા સમય પહેલા પસાર થઈ શકે તો રસ્તો જાહેર જનતાના ઉપયોગ માટે ખુલ્લો રહેશે. ઉપર જણાવેલ રસ્તાઓ મના કરેલ સમય દરમ્યાન ફાયર બ્રીગેડવાન પોસ્ટલવાન એમ્બ્યુલન્સ અને ફરજ પરના અધિકારીશ્રીઓને વાન માટે ખુલ્લો રહેશે.

(૧૮) કોઈપણ ઈસમ ઉપર જણાવેલા કોઈપણ નિયમોનો ભંગ કરશે અગર અયોગ્ય રીતે વર્તશે અગર કોઈપણ જાતની ધાંધલ કરશે તો તેની સામે તાત્કાલિક અટકાયતી પગલાં લઇ કાયદેસર કામ ચલાવવામાં આવશે.

(૧૯) ઉપરના હુકમમાં "મહોરમ તહેવાર" શબ્દનો અર્થ મહોરમ માસના પહેલાં દશ દિવસો અને રાત્રી થાય છે. "મહોલ્લો" શબ્દનો અર્થ શેરી અગર ગલી કે જયાં તાબુત સ્થાપિત કરવામાં આવે છે. "હયુજતાબુત" શબ્દનો અર્થ તાલુકા તાજીયા છે.

વલસાડ, તારીખ ૪થી મે ૧૯૯૮.

આર. કે. દવે,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, કલમ-૩૩ (૧) (બી) હેઠળ.

વાંચ્યો : (૧) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, ભરૂચના પત્ર નંબર એલઆઈબી-૧૮૩૨-૯૮, તારીખ ૨જી મે ૧૯૯૮.

હુકમ

ક્રમાંક એમએજી-વશી/૩૬૧૧.—ભરૂચ શહેરના તાજીયાનો પર્વ રાબેતા મુજબ તારીખ ૬ઠ્ઠી મે ૧૯૯૮ તથા ૭મી મે ૧૯૯૮ના

INDEX

સમય દરમ્યાન ઉજવવામાં આવનાર છે. તારીખ ૬ઠ્ઠી મે ૧૯૯૮ ના રોજ કતલની રાત્રી તથા ૭મી મે ૧૯૯૮ ના રોજ મહોરમના તાજીયા નિમિત્તે જુલુસ નીકળનાર છે. તેમાં મોટી સંખ્યામાં લોકો એકત્રીત થનાર હોય જાહેર જનતાની બાબતે તથા તાજીયાનું જુલુસ સરળતાથી પસાર થાય તે માટે ઉપરોક્ત દિવસો દરમ્યાન વાહન વ્યવહાર ઉપર નિયંત્રણ મુકવાની આવશ્યકતા છે.

વાસ્તે હું, આર. કે. પરમાર, અધિક જીલ્લા મેજિસ્ટ્રેટ ભરૂચ, (સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે ભરૂચ શહેરના વેજલપુર થઈ પીરકાંઠી મોટા ચારરસ્તા છીપવાડ ફાટા તળાવ થઈ કતોપોર દરવાજા થઈ વડાપડા જુમ્મા મસ્જીદ થઈ ભઠીયારવાડ, બીસ્મીલ્લા હોટલ થઈ મોટા ચારરસ્તા, ફુરજારોડ નદી કીનારા સુધીનો રસ્તો તારીખ ૬ઠ્ઠી મે ૧૯૯૮ ના રોજ રાત્રીના કલાક ૨૦.૦૦ થી તારીખ ૭મી મે ૧૯૯૮ ના રોજ રાત્રીના ૨૪-૦૦ કલાક સુધી તમામ વાહન વ્યવહાર માટે બંધ કરવા ફરમાવું છું.

આ હુકમ પોલીસ કે બીજા અધિકારીઓ કે જેઓ પોતાની ફરજો અંગે બંદોબસ્ત માટે વાહન લઈને ફરતા હશે કે રોકાલેલા હશે તેમને લાગુ પડશે નહી.

આજ રોજ આ હુકમ પર તારીખ ૪થી મે ૧૯૯૮ના રોજ સહી સીકકા કરી આપ્યા છે.

આર. કે. પરમાર,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
ભરૂચ.

જાહેરનામું

સને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૧) મુજબ.

નંબર ઉ / મકપ / પલસ / મજસ / વશી / ૨૩૮૨ થી ૨૪૩૭.— આગામી તારીખ ૪ થી મે ૧૯૯૮ થી ૧૬ મી મે, ૧૯૯૮ દરમ્યાન મોહરમ (તાજીયા), બુધ્ધપુર્ણિમા જેવા તહેવારોની ઉજવણી થનાર હોઈ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે અને શાંતીમય વાતાવરણ રહે તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭(૧) હેઠળ જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

જેથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ૩૭(૧) અન્વયે મળેલ સત્તાની રુએ હું, જે. એમ. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા આથી ફરમાવું છું કે, સમગ્ર પંચમહાલ જિલ્લામાં, તારીખ ૪ થી મે, ૧૯૯૮ થી ૧૬મી મે, ૧૯૯૮ (બંન્ને દિવસો સહિત)

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, બંદુક, છરો, લાકડી કે લાઠી અથવા શારીરક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવો નહીં.

(ગ) પથ્થર અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તો વસ્તુઓ ફેંકવાની, ધકેલવાના યંત્રો, સાધનો સાથે લઈ જવા નહીં., એકઠા કરવા નહીં, તથા તૈયાર કરવા નહીં, મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં, અપમાન કરવાના અથવા જાહેરમાં બીભત્સ સુત્રો પોકારવા નહીં, અશ્લીલ ગીતો ગાવા નહીં.

(ઘ) જેનાથી સુરુચિ અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં, તેવા હાવભાવ કરવા નહીં, તેવી ચેષ્ટા કરવી નહીં, તથા તેવા પત્રકો, પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવી નહીં, બતાવવા નહીં, અથવા તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈ વ્યકિતઓને જેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું હથીયાર લઈ જવાની જેની ફરજ હોય, પોલીસ સબ ઈન્સ્પેકટર-શ્રીથી નીચેની પાયરીના ન હોય તેવા અધિકારીએ જેને શારીરિક અશકિતના કારણે લાકડી, લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

આજરોજ તારીખ ૪ થી મે, ૧૯૯૮ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપવામાં આવ્યો.

જે. એમ. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

નાયબ વેચાણ વેરા કમિશનર દ્વારા

વંચાણમાં લીધું :

(૧) વેપારીશ્રીની અરજી તારીખ ૧૯મી જાન્યુઆરી, ૧૯૯૮

(૨) સ. વે. વે. કમિ. શ્રી (વ) વ-૧૩, વલસાડનો પત્રક ક્રમાંક : જનરલ / સ. ક. /વર્તુળ-૧૩ / ૯૭-૯૮ / જા. ૯૯૬૩/૬૪, તારીખ ૧૬મી જાન્યુઆરી, ૧૯૯૮.

જાહેરનામું

ક્રમાંક ના. ક. / ૧૪૮ / સીફોર્મરદ / ૯૭-૯૮ / જા.– કેન્દ્રિય વેચાણવેરા ગુજરાત નિયમોના નિયમ-૪(એ) ના પેટા નિયમ-૭ હેઠળ મે. કુશલ જનરલ સ્ટોર્સ (કબીલપોર નવસારી નો. નં. સને ૧૯૫૬ ના કેન્દ્રિય વેચાણવેરા કાયદા અન્વયેનો ગુજ / ૧૮ / ડી / ૨૨૧૮, તારીખ ૧ લી એપ્રિલ, ૧૯૮૯ થી ધરાવે છે. સદરહું કેસમાં "સી" ફોર્મ નંબર ૨૬ × ૩૮ ૧૪૫૦ નંગ-૧ ગુમ થયેલ છે જેથી હું અરવિંદ વશી, નાયબ વેચાણવેરા કમિશનર, સુરત વિભાગ, સુરત સને ૧૯૫૭ના કેન્દ્રિય વેચાણવેરા ગુજરાતના નિયમ-૪ (એ) ના પેટા-નિયમ-૭ નીચે આપેલી સત્તા અન્વયે ઉપરોક્ત જણાવેલ સી ફોર્મ નંબર ૨૬ × ૩૮ ૧૪૫૦ નંગ--૧ સી ફોર્મ તારીખ ૧લી ઓગસ્ટ, ૧૯૯૭ થી રદબાતલ ઠરાવવા જાહેર કરું છું.

સુરત, તારીખ ૧૩મી અપ્રિલ, ૧૯૯૮.

અરવિંદ વશી,
નાયબ વેચાણવેરા કમિશનર, સુરત
વિભાગ, સુરત.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] THURSDAY, JUNE 11, 1998 / JYAISTHA 21, 1920 [No. 24

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages			Page
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	199-204	Part I-B	Government Notifications published under Land Acquisition Act only.	455-472
Part I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	24	Part I-L	Notifications, Order and Awards other than those published in Parts I, IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	1190-1254

GOVERNMENT NOTIFICATIONS, APPOINTMENTS ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૩) મુજબનો હુકમ.

નંબર ઉ/ગપક/૩૯૫/વિ. શા./૧૯૯૮.—અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, હિરાલાલ, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર મને પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૩) થી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧૭મી મે, ૧૯૯૮ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૧મી મે, ૧૯૯૮ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી. અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહી તેમજ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર : અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમતનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ ઉપર હોય તેઓ તથા સ્મશાનયાત્રાઓ અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ (૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૩મી મે, ૧૯૯૮ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો છે.

હિરાલાલ,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયેનું.

ક્રમાંક ઉ/ગપક/એસ.બી/જાહેરનામું/૨૯/૯૮.—સુરત શહેરમાં શાંતી અને સલામતી જાળવવા પગલા લેવા જરૂરી જણાતું હોવાથી વાસ્તે હું, પી. સી. ઠાકુર, આઇ. પી. એસ. ઇનચાર્જ પોલીસ કમિશનર, સુરત શહેર મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧માંની પેટા-કલમ ૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલાં વિસ્તારોમાં તારીખ ૧૭મી મે ૧૯૯૮ કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૧મી મે ૧૯૯૮ કલાક ૨૪-૦૦ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટી, લાકડી, ચપ્પુ અથવા શારીરીક ઇજા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજવસ્તુ લઈ જવાની.

(ખ) કોઈપણ સ્ફોટક પદાર્થ અથવા ક્ષયધર્મી લઈ જવાની.

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ચ) વ્યકિતઓ અથવા તેના શબો આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(છ) લોકોએ બુમો પાડવાની ગીતો ગાવાની અથવા વાદ્ય વગાડવાની.

(જ) જે છટાદાર ભાષણ આપવાથી ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા નિશાનીઓ જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાથી અથવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતાં હોય અથવા તેનાથી રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાથી અથવા ચાળા વિગેરે કરવાની અથવા ચિત્રો નિશાનીઓ તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર : સુરત શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમને ઉપરી અધિકારીઓએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય તે વ્યકિતઓ.

(૨) પોલીસ કમિશનર અથવા તેમણે અધિકૃત કરેલા કોઈપણ અધિકારીએ જેને અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓને.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનારે ઓછામાં ઓછી ચાર (૪) માસની અને વધુમાં વધુ એક (૧) વર્ષની સજા અને દંડની સજાને મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૧૫મી મે ૧૯૯૮ ના રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

પી. સી. ઠાકુર,
ઇન્ચાર્જ પોલીસ કમિશનર,
સુરત શહેર.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨માં) ની કલમ-૩૭ (૩) અન્વયે કાઢેલ.

નંબર પલસ/વશી/૨૬૨૩/૨૬૨૪/૧૯૯૮.—સુરત ગ્રામ્ય જિલ્લામાં રાજકીય આગેવાની તરફથી "રસ્તા રોકો" આંદોલનનું અલાન આપેલ હોઈ જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના સુરત (ગ્રામ્ય) જિલ્લામાં જાહેર શાંતી અને સલામતી જાળવવા સારુ માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાયું છે.

વાસ્તે હું, આર. એમ. શાહ, આઈ.એ.એસ, જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ની ૨૨માં) ની કલમ-૩૭ ની પેટા કલમ (૪) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે સુરત (ગ્રામ્ય) જિલ્લામાં તારીખ ૧લી મે ૧૯૯૮ ના રોજથી તારીખ ૫મી મે ૧૯૯૮ ના રોજ ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સુધ્ધા) ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહી કે સરઘસ કાઢવું નહીં તેમજ ચારથી વધુ વ્યકિતઓએ ભેગા થવું નહી અથવા સરઘસ કાઢવું નહીં.

અપવાદ :

(૧) આ હુકમ લગ્નના વરઘોડા, સીનેમા, ટાઉનહોલ, સ્મશાનયાત્રા કે એસ. ટી. બસમાં મુસાફરી કરવા માંગતા મંદિર મસ્જીદ દેવળમાં પ્રાર્થના માટે જતી બોનાફાઈડ વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૨) એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટની પરવાનગી મેળવીને ભરાતી સભાને લાગુ પડશે નહીં.

(૩) આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨મો) ની કલમ-૧૩૫ (૩)

INDEX

મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧લી મે ૧૯૯૮ ના રોજ મારી સહી કરી સિક્કો કરી આપ્યો છે.

આર. એમ. શાહ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમ.એ.જી.-વશી-૩૮૧૩.—ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાયું છે.

તેથી હવે, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં) ની કલમ-૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂએ, હું, આર. કે. પરમાર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ માથી સદરહું વિસ્તારમાં તારીખ ૧૨મી મે, ૧૯૯૮ ના દિવસે સવારના ૬-૦૦ કલાકથી તારીખ ૨૬મી મે, ૧૯૯૮ નાં રોજ સાંજના ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સુધ્ધાં) ની મુદત માટે ભરૂચ જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યકિતઆની કોઈ મંડળી સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

અનુસૂચિ

વધુમાં હું આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ:

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને.
(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને
(૩) કોઈ લગ્નાના વરઘોડાને.
(૪) કોઈપણ સ્મશાનયાત્રાને.

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનારે મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ અને ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ (સને ૧૮૬૦ના ૪૫ માં) ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૨ માહે મે, સને ૧૯૯૮ના રોજ મારી સહી કરી અને સિક્કા કરી આપ્યો.

આર. કે. પરમાર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૧) (૨) અન્વયે.

નંબર પલસ/મહોરમ/વ/૨૫૨૧/૧૯૯૮.—૨૫૨૪ થી ૨૫૯૮.—ચાલુ વર્ષે આગામી મહોરમના તહેવારના દિવસો દરમ્યાન જાહેર શાંતિ અને સલામતી જાળવવા (સારૂ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ મુંબઈના ૨૨માં અધિનિયમ)ની કલમ-૩૭ ની પેટા કલમ (૧) (૨) અન્વયે અને મળેલા અધિકારની રૂએ હું વી. ડી. અંસારી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ સુરત ફરમાવું છું કે, નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૧લી મે ૧૯૯૮ થી તારીખ ૧૦મી મે ૧૯૯૮ સુધી (બંને દિવસો સુધ્ધા)

(ક) શસ્ત્રો, તલવાર, ભાલા, ધોકા, બંદૂક, છરા, લાકડા કે લાકડી અથવા શારીરક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈપણ સાધન સાથે લઈ જવું નહીં;
(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં;
(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓને ફેકવાના કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહી એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહી;
(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી;
(ચ) જેનાથી સુરૂચિનો અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં. તેવા હાવભાવ કરવા નહીં તથા તેવી ચેષ્ટા કરવી નહી તથા તેવા ચિત્રો પત્રિકા કે પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહી બનાવવા નહી અથવા તેનો ફેલાવો કરવો નહી.

૨ આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતા કોઈપણ વ્યકિત કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથિયાર લઈ જવાની જેમની ફરજ હોય
૨ જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ અથવા તેમના અધિકૃત કરેલા કોઈ પોલીસ અધિકારીઓએ જેનો શારીરીક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

પરિશિષ્ટ

સુરત જિલ્લાનો વિસ્તાર સુરત શહેર પોલીસ કમિશનર વિસ્તાર સિવાય) આ જાહેર નામાના કોઈપણ ખંડનો ભંગ થતો અથવા ઉલ્લંઘન થતો જણાશે તો તેવી વ્યકિતઓને મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

તારીખ ૨૯મી એપ્રિલ ૧૯૯૮ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૧) (૨) અન્વયે.

નંબર પલસ/જાહેરનામું/વશી/૨૬૨૪/૧૯૯૮.—સુરત ગ્રામ્ય જિલ્લામાં રાજકીય આગેવાનો તરફથી રસ્તા રોકો આંદોલનનું એલાન આપેલ હોઈ અને જિલ્લામાં તંગદીલી ભર્યુ વાતાવરણ સર્જાય તેવી શકયતા હોવાને લીધે જાહેરશાંતી અને સલામતી જાળવવાનું જરૂરી હોવાનું મને જણાય છે. સબબ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ મુંબઈના ૨૨મી અધિનિયમની કલમ ૩૭ પેટ કલમ (૧) (૨) અન્વયે મને મહિલા અધિકારની રૂએ હું વી. ડી. અસારી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ફરમાવું છું કે, નીચેનાં પરિશિષ્ટમાં દર્શાવેલા વિસ્તારમાં તારીખ ૩૦મી અપ્રિલ ૧૯૯૮ થી ૫મે ૧૯૯૮ સુધી બંને દિવસો સુધાં.

(ક) શસ્ત્ર દંડા, તલવાર, ધોકા, ભાલા, બંદૂક, છરા, લાકડી અથવા શારીરીક ઈજા પહોચાડિ શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહીં.
(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવું નહી.

INDEX

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓને ફેકવાના કે ધકેલવાના સસ્રો અથવા સાધનો સાથે લઈ જવા નહીં એકઠા કરવા નહીં તથા તૈયાર કરવા નહીં

(ધ) મનુષ્ય અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવા નહીં.

(ચ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી. તેવા હાવભાવ કરવા નહી તથા તેવી ચેષ્ટા કરવી નહીં તેવા ચિત્રો પ્રતિકો કે પ્લેકાર્ડ અથવા બીજા કોઇ પદાર્થ અથવા વસ્તુ અથવા વસ્તુ તૈયાર કરવી નહીં બનાવવી નહીં અથવા તેનો ફેલાવો કરવો નહીં.

૨ આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં :—

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિત કે જેને ઉપરી અધિકારીએ આવું કોઇ હથિયાર લઇ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું હથિયાર લઇ જવાની જેમની ફરજ હોય.

(૨) જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ અથવા તેમના અધિકૃત કરેલા કોઇ પોલીસ અધિકારીએ જેનો શારીરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઇ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

સુરત જીલ્લાનો વિસ્તાર (સુરત શહેર પોલીસ કમિશનર વિસ્તાર સિવાય) આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ થતો અથવા ઉલ્લંઘન થતો જણાશે તો તેવી વ્યકિતઓ મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની ની કલમ ૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૦મી એપ્રિલ ૧૯૯૮ના રોજ મારી સહી કરી સિકકો કરી આપ્યો.

વી. ડી. અસારી.
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
સુરત.

કલેકટર દ્વારા

વંચાણે લીધાં.—(૧) સરકારશ્રી (અ. ના. પુ. અને ગ્રા. બા.નો વિભાગ) નો તારીખ ૧લી મે, ૧૯૯૮નો પત્ર ક્રમાંક: ઈસીએ/૧૦૯૮/૩૬૩-બ.
(૨) આવશ્યક ચીજવસ્તુ ધારો ૧૯૫૫.

હુકમ

નંબર કમકવ / એસયુપી / અન્ફો/સત્તાસોંપણી/૯૮.—આથી હું, એમ. ડી. માંકડ (આઈ.એ.એસ.) કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ,૧૯૫૫ની કલમ-૨(૨-એ)હેઠળ મળેલ સત્તાની રૂએ સદરહું અધિનિયમની કલમ-૬-એ અને ૬-બી ના મળેલ અધિકારી પૈકી નિયામક નાગરિક પુરવઠા ગુજરાત રાજયની કચેરીના તપાસણી એકમ દ્વારા વલસાડ જિલ્લામાંના પરવાનેદાર/દુકાનદાર/વિક્રેતાઓના કબ્જે કરવામાં આવેલ આવશ્યક ચીજ-વસ્તુના કેસોમાં તેવી માલ મિલ્કતની કિંમત રૂપિયા એક લાખથી ઓછી હોય તો નિયામક નાગરિક પુરવઠાની કચેરીના સંયુકત/નાયબ નિયામકને અને તેવી માલમિલ્કતની કિંમત રૂપિયા અક લાખ તેથી વધારે હોય તો નિયામક નાગરિક પુરવઠાને વાપરવા અધિકૃત કરવા આથી હુકમ કરવામાં આવે છે.

વલસાડ, તારીખ ૧૨મી મે, ૧૯૯૮.

એમ. ડી. માંકડ,
કલેકટર, વલસાડ.

કલેકટર જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણમાં લીધા:
૧. સંયુકત સચિવશ્રી અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતો વિભાંગ, ગાંધીનગરના પત્ર નં. ઈસીએ/૧૦૯૮/૩૬૩/તારીખ ૧લી મે ૧૯૯૮

આદેશ

નંબર પુરવઠા/તપસ/વશી/૯૮/૯૮-આથી હું, ભાગ્યેશ, જહા આઈ. એ. એસ. કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા નડીઆદ આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ, ૧૯૫૫ ની કલમ-૨ (ii-a) નીચે મળેલ સત્તાની રૂએ સદર અધિનિયમની કલમ-૬(એ) અને કલમ-૬ (બી) ની મળેલા અધિકારી પૈકી નિયામક નાગરીક પુરવઠા ગુજરાત રાજયની કચેરીના રાજય તપાસણી એકમ દ્વારા સ્થગીત કરેલ માલ મિલ્કતના કેસોમાં તેવી માલ મિલ્કતની કિંમત રૂપીયા એક લાખથી ઓછી હોય તો નિયામક નાગરીક પુરવઠાની કચેરીના સંયુકત નાયબના નિયામકને અને તેવી માલ મિલ્કતની કિમત રૂપીા એક લાખ કે તેથી વધારે હોય તો નિયામક, નાગરીક પુરવઠાને વાપરવા અધિકૃત કરવા આથી અદેશ કરૂ છું.

ખેડા, તારીખ ૧૮મી મે ૧૯૯૮.

ભાગ્યેશ જહા,
કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રે,ટ
ખેડા.

BY COMPETENT AUTHORITY AND DEPUTY COLLECTOR

Notification

THE URBAN LAND (CEILING AND REGULATION) ACT, 1976.

[Under section 10 (*1*) *read* with rule (6)]

No. ULC-1075/1115 - D-No./888/Sayajipura.—It is hereby notified that such vacant land as is described in the schedule below is to be acquired by the Government of Gujarat. The claims of all persons interested in such vacant land may be made by them personally or by their agent giving particulars of the nature of their interest. The claims will be received by the Competent Authority upto thirty days after the date of publication of this notification in the *Gazette*.

INDEX

SCHEDULE

Name of the Holder : Shah Govindlal Bancilal
Details of vacant lands to be acquired :

District	Taluka	Village	Description of the land		Remarks
			Sr. No.	Area (Sq. mts.)	
1	2	3	4-A	4-B	5
Vadodara	Vadodara	Sayajipur	R. S. No. 168/1/B	302	

Vadodara, 25th March 1998.

B. K. KUMAR,
Competent Authority and Deputy
Collector, Urban Land Ceiling
Vadodara, Unit No.

સક્ષમ અધિકારી અને નાયબ કલેકટર દ્વારા

જાહેરનામું

શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬.

[કલમ ૧૦ (૧) તથા નિયમ ૬ અનુસાર].

નંબર યુએલસી/૧૦૭૬/૧૧૧૫-ડી. ૮૮૮/સયાજીપુર.— આથી જાહેર કરવામાં આવે છે કે, આ સાથે સામેલ રાખેલ પરિશિષ્ટમા જણાવેલી વિગતવાળી ખુલ્લી જમીન ગુજરાત સરકાર સંપાદન કરનાર છે. સદરહુ જમીન ઉપર જે કોઈ ઈસમનો હક્ક દાવો હશે. તેઓએ જાતે અગર અધિકૃત એજન્ટ મારફતે તેઓએ હક્ક અંગેનો હક્ક સંબંધીની સંપૂર્ણ વિગત સહ રજૂ કરશે.

INDEX

હક્ક સંબંધીનો દાવો સક્ષમ અધિકારીશ્રી, સદરહુ જાહેરનામું સરકારી રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી 30 દિવસની મુદત સુધીમાં સ્વીકારશે.

શિડ્યુઅલ

પત્રક ફાઈલ કરનારનું નામ : શાહ ગોવિંદલાલ બંસીલાલ

સંપાદન કરવાની ખુલ્લી જમીનની વિગત :

જિલ્લો	તાલુકો	ગામ	જમીનની વિગત		શેરો
			સર્વે નંબર	વિસ્તાર	
૧	૨	૩	૪અ	૪બ ચો.મી.	૫
વડોદરા	વડોદરા	સયાજીપુરા	૧૬૮/૧બ	૩૦૨ ચો.મી.	

વડોદરા, તારીખ ૨૫મી માર્ચ, ૧૯૯૮.

બી. કે. કુમાર,
સક્ષમ અધિકારી અને નાયબ કલેક્ટર,
શહેરી જમીન ટોચમર્યાદા,
વડોદરા, યુનિટ નં.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G-BA-14-E

©

(25)

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] THURSDAY, JUNE 18, 1998 / JYAISTHA 28, 1920 [No. 24 2

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENTS

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part. I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders (other than these published in Parts I-A, IV-A, IV-B) and IV-C) Pertaining only to the Supplement to the Central Gazette,	205-214
Part I-A	Orders and Notifications (other than those published in Part IV-B) under the Bombay Local Boards Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette.—	25
Part, I-B	Government Notifications published under Land Acquisition Act only.	473—476
Part-I-L	Notifications, Orders and Awards (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.	1255—1305

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૩) મુજબનો હુકમ.

નંબર ઉ/ગપક/૩૯૬/વિ. શા. / ૧૯૯૮.—અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે. વાસ્તે હું, હિરાલાલ, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨ માં અધિનિયમની કલમ- ૩૭ (૩) થી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૨જી જુન, ૧૯૯૮ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી જુન, ૧૯૯૮ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં, અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહી. તેમજ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર.—અમદાવાદ શહેર, પોલીસ કમિશનરની હકુમતનો સમગ્ર વિસ્તાર.

અપવાદ.—આ હુકમ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ ઉપર હોય તેઓ તથા સ્મશાનયાત્રાઓ અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ (૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૭ માહે મે સને ૧૯૯૮ ના રોજ મારી સહી સિક્કા કરી આપ્યા.

હિરાલાલ,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

નાયબ પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

નંબર ઉ/ગપક/ટફક/ટેક્ષટાઈલ માર્કેટ-૧૧૮૦/૧૯૯૮ :— સુરત શહેરમાં ટેક્ષટાઈલ માર્કેટ વિસ્તારમાં વાહન વ્યવહારની સવલત અને સલામતી માટે નીચે જણાવ્યા મુજબ હંગામી ધોરણે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ ૩૩(૧) ની પેટા-કલમ (બી) થી મળેલ સત્તાની રૂએ હું, એન. વી. પટેલ, (આઈ. પી. એસ.) ઈન્ચાર્જ નાયબ પોલીસ કમિશનર, પશ્ચિમ અને ટ્રાફિક, સુરત શહેર, આથી ટેક્ષટાઈલ વિસ્તારમાં ટ્રાફિક નિયમન સુધારવા માટે નીચે મુજબનું જાહેરનામુ બહાર પાડવામાં આવે છે.

જે જે. સિલ્ક માર્કેટ પાસેના રોડથી ગોળવાળા માર્કેટ સાંઈદર્શન ૫૦, તરફ જતાં રસ્તા પર સવારે કલાક ૧૦-૦૦ થી કલાક ૧૨-૩૦ તથા સાંજે કલાક ૧૬-૦૦ થી કલાક ૧૯-૩૦ વાગ્યા સુધી ફોર વ્હીલર વાહનો (ટેમ્પો ટ્રક વિગેરે) ઉપર અવર જવર કરવા માટે પ્રતિબંધ કરવામાં આવે છે.

આ જાહેરનામાનો અમલ તારીખ ૨૦મી જૂન ૧૯૯૮ સુધી રહેશે.

આજ તારીખ ૧૯મી મે ૧૯૯૮ ના રોજ મારી સહી સિક્કા કર્યા.

જાહેરનામું

નંબર ઉ/ગપક/ટફક/ભારે વાહન/કતારગામ/૧૧૯૨/૯૮ .—સુરત શહેરમાં આવેલ કતાર ગામ પોલીસ સ્ટેશનના સોસાયટી વિસ્તારમાં તાપી નદીમાંથી રેતીની ટ્રકે (ટ્રેકટરોની અવરજવરનાં કારણે થતાં કેટલાક ગંભીર પ્રકારના અકસ્માતોના બનાવો અટકાવવાના હેતુસર મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ ૩૩ (૧) બી અને કલમ ૨ (૬) થી મળેલ સત્તાની રૂએ ભારે વાહનોની અવરજવર પર પ્રતિબંધ અંગેનું નીચે મુજબનું જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

(૧) ડેરી ફળિયાથી ઉત્તર તરફ લક્ષ્મીકાન્ત આશ્રમ થઈ મેઈન રોડ તાપી નદીના કિનારા તરફ જતાં રસ્તા પર અને સર્જન સ્પોર્ટસ કલબ તરફથી દક્ષિણે ડેરી ફળિયા તરફ જતાં રસ્તા પર ભારે વાહનોને અવરજવર કરવા ૨૪ કલાક માટે પ્રતિબંધ મુકવામાં આવે છે.

આ જાહેરનામું તારીખ ૧મી મે ૧૯૯૮ થી અમલમાં આવે તે રીતે પ્રાથમિક ધોરણે બહાર પાડવામાં આવે છે. સદર જાહેરનામાનો ભંગ કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૩૧ મુજબ સજાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૨૦મી મે ૧૯૯૮ ના રોજ મારી સહી સિક્કા કર્યા

એન. વી. પટેલ.
નાયબ પોલીસ કમિશનર,
પશ્ચિમ અને ટ્રાફિક, સુરત. શહેર.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેર હુકમનો સુધારો

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ખ) મુજબનો.

નંબર પલસ/મજસ/વશી-૧૨૮૫.—દાહોદ જિલ્લાના દાહોદ શહેર વિસ્તારમાં વેપાર ઉદ્યોગ શહેરીકરણ શહેરની ગીચતા વગેરે વૃધ્ધિ થવાની સાથે વસ્તી વધારો થવાથી રોજબરોજ ઉપયોગમાં લેવાતાં વાહનોનો ખુબ જ વધારો થવાથી જાહેર પ્રજા હિતમાં રસ્તામાંની જગ્યાના ઉપયોગનું નિયમન અને નિયંત્રણ કરવું આવશ્યક જણાતાં અત્રેના હુકમ નંબર : પલસ/મજસ/વશી-૯૭૨, તારીખ ૧૫મી એપ્રિલ, ૧૯૯૮ થી શહેરના હનુમાન બજાર, કથીરીયા બજાર, નીચવાસ બજાર, પડાવ બજાર, બહારપુરા વિસ્તારમાં ભારે વાહનોનો જે માલ ઉતારવા ઉભા રખાતા હોવાથી ટ્રાફિકનો પ્રશ્ન ઉપસ્થિત થવાને કારણે ઉપરોકત વિસ્તારમાં સવારના ૮-૦૦ કલાકથી સાંજના ૨૦-૦૦ કલાક સુધીના સમય દરમ્યાન ભારે વાહનોની અવરજવર ઉપર પ્રતિબંધ ફરમાવવા અંગે જાહેરનામું બહાર પાડવામાં આવેલ જેના અનુસંધાને દાહોદ હોલસેલ મરચન્ટ એશોસીએશન હનુમાન બજાર, દાહોદ તથા ટ્રક માલિકો તરફથી તેમની તારીખ અનુક્રમે તારીખ ૧૯મી અપ્રિલ, ૧૯૯૮ તથા તારીખ ૨૪મી અપ્રિલ, ૧૯૯૮ની અરજી અન્વયે રજુઆત કરી શહેરના હનુમાન બજાર, કથીરીયા બજાર, નીચવાસ બજાર, પડાવ બજાર તથા બહારપુરા વિસ્તારમાં મોટાભાગે હોલસેલ વેપારીઓની વર્ષોથી પેઢીઓ આવેલી હોઈ આ વેપારીઓના હોલસેલના ધંધા માટે માલ ઉતારવા માટે વાહનો ઉભા રાખવા અગવડ પડતી હોઈ આ વિસ્તારમાં ભારે વાહનોની અવર-જવર કરવા પર મૂકેલ પ્રતિબંધ ઉઠાવી લેવા વિનંતી કરેલ છે. તેમજ આ અંગેની અન્ય રજુઆતો ધ્યાને લેતાં આથી હું, અરૂણકુમાર સોલંકી, આઈ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, દાહોદ જિલ્લો દાહોદ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની (સને-૧૯૫૧નો અધિનિયમ-૨૨) કલમ-૩૩ (૧) હેઠળ મને મળેલ અધિકાર અન્વયે જાહેરનામામાં જણાવેલ વિસ્તારમાં ભારે વાહનોના અવરજવર અંગે મૂકવામાં આવેલ સવારના ૮-૦૦ થી સાંજના ૨૦-૦૦ કલાકના પ્રતિબંધના સમયગાળામાં છુટછાટ આપી ભારે વાહનો પરના આ અવરજવર પરનો પ્રતિબંધ બુધવાર સિવાય ૧૦-૩૦ કલાકથી ૧૬-૦૦ કલાકનો કરવાનો હુકમ કરું છું.

INDEX

જ્યારે બુધવારના દિવસ માટે પ્રતિબંધનો સમય સવારના ૮-૦૦ કલાકથી બપોરના ૩-૦૦ કલાક સુધી કરવામાં આવે છે. તેમજ પ્રતિબંધ સિવાયના સમયગાળા દરમ્યાન એકી દિવસે ડાબી બાજુ અને બેકી દિવસે જમણી બાજુ વાહનો ઉભા રાખવા તથા બુધવાર હાટના દિવસે બપોરના ૧૫-૦૦ કલાક પછી ગમે તે એક બાજુ ઉભા રાખવા હુકમ કરવામાં આવે છે.

દાહોદ, તારીખ ૧૩મી મે, ૧૯૯૮.

એ. એમ. સોલંકી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
દાહોદ.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧).

નંબર ડીસીબી / એમએજી /બી.પી.એ./રજી.નં.૨૮/૯૮.—મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ નાં ૨૨ માં અધિનિયમની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, આર. કે. દવે, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ પ્રવર્તમાન પરિસ્થિતિ લક્ષમાં લઈ જિલ્લામાં જાહેર શાંતિ અને સલામતી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારું જરૂરી જણાતાં ફરમાવું છું કે, વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ તારીખ ૨૭મી મે, ૧૯૯૮ થી ૧૦મી જુન, ૧૯૯૮ સુધી (બંને દિવસો સુધ્ધાં) ના સમય માટે નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ.

(ખ) કોઈપણ સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ગગ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ઘ) વ્યકિતઓ અથવા તેનાં શબ અથવા આકૃતિંઓ અથવા પુતળા દેખાડવાની.

(ચ) લોકોને બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની અપમાન કરવાની ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની.

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તથા તેવા હાવભાવ કરવાની, તેવી ચેષ્ટા કરવાની, તથા ચિત્રો, પત્રિકા, પ્લેબોર્ડ અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બતાવવા, તથા ફેલાવો કરવાની.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઆને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિત કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું હોય, અથવા તેવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારી, વલસાડે અથવા તેણે અધિકૃત કરેલ કોઈ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે, વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતને.

આ જાહેરનામા કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને-૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમ (સને-૧૯૫૧ નાં ૨૨માં કાયદાની) કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને દંડની પણ સજા થશે.

આજરોજ તારીખ ૨૬મી મે, ૧૯૯૮ નાં રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧નાં મુંબઈ અધિનિયમ-૨૨ ની કલમ-૩૭(૪) અન્વયેનો હુકમ.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી. ૨૯/૯૮.—વલસાડ શહેરમાં ધરમપુર રોડ ઉપર આવેલ કલેકટર કચેરીના બહુમાળી મકાનમાં જિલ્લાની ૩૦ જેટલી સરકારી કચેરીઓ આવેલી છે. આ કચેરીઓમાં પ્રજાજનો પોતાના કામો અંગે સરળતાથી કોઈ અંતરાય વગર આવાગમન કરી શકે તે ખૂબજ ઈચ્છનીય છે. કેટલાંક ઈસમો આ કચેરીઓમાં તેમજ કચેરીનાં કમ્પાઉન્ડમાં અડચણ થાય તેવા કૃત્યો કરે તે અટકાવવા જરૂરી છે.

વાસ્તે હું, આર. કે. દવે, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નો ૨૨માં)ની કલમ ૩૭ ની પેટા કલમ ૧ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આ અધિનિયમની કલમ-૩૭ની પેટા કલમ-૪ની જોગવાઈ મુજબ વલસાડ કલેકટર કચેરી, બહુમાળી મકાન, ધરમપુર રોડ, વલસાડનાં બિલ્ડીંગમાં તેમજ કંપાઉન્ડમાં કોઈપણ વ્યકિત કે વ્યકિતઓ અથવા સમુહમાં ધરણાના કાર્યક્રમો, ઘેરાવાના કાર્યક્રમો, ઉપવાસ ઉપર બેસવાના કાર્યક્રમો યોજવા માટે પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમ તારીખ ૨૭મી મે, ૧૯૯૮ થી ૧૦મી જૂન, ૧૯૯૮ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ઈસમ ઉકત અધિનિયમની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૬મી મે, ૧૯૯૮થી મારી સહી તથા મુદ્રા કરી આપ્યા છે.

આર. કે. દવે,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૭(૧) અન્વયે.

ક્રમાંક એમ.એ.જી-વશી-૪૦૪૦.—ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ ની પેટા કલમ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું, આર. કે. પરમાર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ જાહેર શાંતી અને સલામતી સારૂ ફરમાવું છું કે કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૨૯મી મે ૧૯૯૮ થી તારીખ ૨૮મી જુન ૧૯૯૮ સુધી (બંને દિવસો સુધ્ધા).

INDEX

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધારીયા ધોકા, છરા, લાકડી કે લાઠી અથવા શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહી.

(ઘ) કોઈપણ ક્ષયકારી પદાર્થ સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહી

(ગ) પથ્થરો અથવા હાનિકારક પ્રવાહી રસાયણ છાંટવા અથવા ફેકવા નહી અથવા ફેકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેકવાના કે ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહી એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહી.

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી.

(ડ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સૂત્રો પોકારવા નહી, અશ્લિલ ગીતો ગાવા નહી અથવા ટોળામાં ફરવું નહી.

(ચ) જેનાથી સુરૂચિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી તથા તેવા ચિત્રો પત્રિકા પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહી બતાવવા નહી તથા તેનો ફેલાવો કરવો નહીં તથા સરકારી રેકર્ડ, નોટીસો પરિપત્ર ખરડા વિગેરેની હોળી કરી સળગાવવા નહી.

આ હુકમ નીચેની વ્યકિતને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઇ વ્યકિતઓને કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ અથવા તેને અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીને કે જે શારીરીક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી શકાય તે વ્યકિતને.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ભરૂચે આ અર્થે ખાસ અધિકૃત કરેલા તેવી બીજી કોઇ વ્યકિતને.

અનુસૂચિ

"ભરૂચ જીલ્લાનો સમગ્ર વિસ્તાર."

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

મેં આજ રોજ તારીખ ૨૫મી મે ૧૯૯૮ ના દિને મારી સહી તથા સિકકો કરી આપ્યો છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૩) અન્વયે

ક્રમાંક એમ.એ.જી/વશી-૪૦૪૦:—ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં વ્યકિતઓની કોઇ મંડળી સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાય છે.

તેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ માં, મુંબઈના ૨૨માં) ની કલમ-૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂએ હું. આર. કે. પરમાર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચમાંથી સદરહુ વિસ્તારમાં તારીખ ૨૮મી મે ૧૯૯૮ ના દિવસે સવારના કલાક ૬-૦૦ કલાકથી તારીખ ૧૫મી જુન ૧૯૯૮ ના રોજ સાંજના ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સુધ્ધા) ની મુદત માટે ભરૂચ જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

અનુસૂચિ

વધુમાં હું આદેશ કરૂ છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને;

(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહ રક્ષક દળની વ્યકિતઓને;

(૩) કોઈ લગ્નના વરઘોડાને;

(૪) કોઈપણ સ્થમશાન યાત્રાને.

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૫ (૧) મુજબ મને ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ (સને ૧૮૬૦ ના ૪૫માં) ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૫મી મે ૧૯૯૮ ના રોજ મારી સહી કરી અને સિકકો કરી આપ્યો.

આર. કે. પરમાર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

કલેકટર દ્વારા

જાહેરનામું

નંબર સીએચ/એન.એ./વશી-૧૦૬૧ થી ૧૦૮૦/૯૮.—ગુજરાત રેવન્યુ રૂલ્સના નિયમ-૮૧ (૧) અન્વયે સને-૧૯૯૧ની વસ્તીનાં ધોરણે બીનખેતીના દરો નક્કી કરવાના થાય છે. જે આધારે સને ૧૯૯૫ માં અધિકૃત વિગતો પ્રદર્શીત થતાં વસ્તીનાં આંકડાઓમાં વૃધ્ધિ થતાં વલસાડ જિલ્લાના ગામોનું ફેરવર્ગીકરણ કરી અત્રેના જાહેરનામા નં. સીએચ/એન.એ./વશી/૩૩૧૦/૯૬, તારીખ ૨૧મી નવેમ્બર, ૧૯૯૬ થી ટેબલ-એ તથા ટેબલ-બી મુજબના બીનખેતીના દરો બીજો ફેરફાર ન થાય ત્યાં સુધી વસુલ લેવા ઠરાવવામાં આવેલ છે. સદર જાહેરનામાંથી ગામોની પરિશિષ્ટ-સી-ડી-ઈ પ્રમાણે વર્ગીકરણ કરવામાં આવેલ છે. ટેબલ-બી, વર્ગ-૨માં નવસારી તથા વલસાડ મ્યુનિસિપાલીટીની હદથી ૧ કિલોમીટરની ત્રિજયામાં આવતાં ગામો અને સર્વે નંબરોની યાદી દર્શાવવામાં આવેલ છે. જયારે ધરમપુર, વાપી, બીલીમોરા, પારડી તથા વિજલપોર નગરપાલિકાની હદથી ૧ કિ. મી. ના વિસ્તારમાં આવતા ગામો તથા સ. નં.નો સમાવેશ કરેલ નથી.

વાસ્તે, આથી હું, એમ.ડી. સાંકડ, આઈ.એ.એસ., કલેકટર, વલસાડ, નગરપાલિકા ધરમપુર, નગરપાલિકા વાપી તથા નગરપાલિકા પારડીની હદથી ૧ કિલોમીટરની ત્રીજયામાં આવતા ગામો અને સર્વે નંબરોની યાદી પ્રસિધ્ધ કરૂં છું. તેમજ અત્રેના તારીખ ૨૧મી નવેમ્બર, ૧૯૯૬ નાં જાહેરનામામાં જણાવ્યા મુજબના ટેબલ મુજબ બીનખેતીનાં દરો બીજા ફેરફાર ન થાય ત્યાં સુધી વસુલ લેવા ઠરાવવામાં આવે છે.

INDEX

ધરમપુર નગરપાલિકાની હદથી ૧ કી. મી ની અંતરમાં આવતાં ગામો તથા પૈકી ગામોની સ. નં. ની વિગત દર્શાવતી યાદી :

ડી. ઈ. લે. રે. શ્રી વલસાડ, મુ. જલાલપોરના પત્ર નં. ડી.એલ.ઓ./આર. કે./વશી-૩૫૧/૯૪, તારીખ ૧૪મી જુન, ૧૯૯૪થી મળેલ યાદી :

આખા ગામના સ. નં. ની યાદી	પૈકી ગામોના સ. નં. ની યાદી
(૧) ધરમપુર.—આખુ ગામ સ. નં. ૧ થી ૧૨૩.	(૧) માસુરા.—સ. નં. ૧, ૨, ૫૨ થી ૬૧, ૬૭, ૭૩ થી ૧૮૦, ૧૮૩ થી ૨૪૭, ૨૫૦ થી ૨૮૯. (૨) ખારવેલ.—સ. નં. ૧ થી ૭૯, ૮૪ થી ૯૩, ૯૫, ૧૦૩ થી ૧૨૪, ૧૫૦ થી ૧૫૬, ૧૬૧ થી ૨૦૪. (૩) બારોલીયા.—સ. નં. ૨ થી ૪, ૮, ૧૦, ૨૦, ૨૩ થી ૮૮, ૯૦ થી ૧૪૩, ૧૫૧, ૧૫૩ થી ૧૫૫, ૧૯૬, ૨૭૩ થી ૨૮૫, ૨૮૬, ૨૮૮ થી ૩૨૨, ૪૦૩, ૪૦૪, ૪૦૬ થી ૪૨૪, ૪૨૬, ૪૨૮, ૪૩૦. (૪) બિલપુડી.—સ. નં. ૩ થી ૧૦૬, ૧૩૪ થી ૧૩૯, ૧૪૧ થી ૧૪૩, ૧૪૬ થી ૧૮૩, ૧૮૫, ૧૮૬, ૧૮૮ થી ૨૩૩, ૨૪૦, ૨૪૪, ૨૪૬ થી ૨૪૮, ૩૨૮ થી ૩૨૯, ૩૩૩ થી ૩૩૪, ૬૦૧, ૬૦૨, ૬૦૭ થી ૬૦૯, ૬૧૭, ૬૧૮, ૬૨૩ થી ૬૪૭, ૬૫૧ થી ૬૫૯, ૬૬૧ થી ૬૭૦, ૬૭૨ થી ૬૭૫, ૬૭૭ થી ૬૮૮, ૬૯૦ થી ૭૪૧, ૭૪૩ થી ૭૭૬, ૭૮૦ થી ૭૯૨, ૯૧૨ થી ૯૧૭, ૯૩૧ થી ૯૩૭, ૯૪૦ થી ૯૪૬, ૯૪૭, ૯૫૦, ૯૫૮ થી ૧૦૮૭, ૧૦૯૪ થી ૧૦૯૭, ૧૧૧૦, ૧૧૨૨ થી ૧૨૨૩, ૧૧૨૫ થી ૧૧૨૭, ૧૧૨૯, ૧૧૩૧ થી ૧૧૩૩.

પારડી નગરપાલિકાની હદથી ૧ કિ. મી. ની અંતરમાં આવતા આખા તથા પૈકી ગામોની સ. નં.ની વિગત દર્શાવતી યાદી:

ડી. ઈ. લે. રે. શ્રી, વલસાડ, મુ. જલાલપોરના પત્ર નં. ડી. એલ. ઓ./આર.કે./વશી/૩૫૧/૯૪, તારીખ ૧૪મી જુન, ૧૯૯૪નાં પત્રથી મોકલેલ યાદી :

આખા ગામના સ. નં. ની યાદી	પૈકી ગામોના સ. નં. ની યાદી
કસ્બે પારડી.—આખું ગામ આવે છે. સ. નં. ૧ થી ૧૨૦૮.	(૧) બાલદા.—સ. નં. ૧ થી ૪૨, ૭૧ થી ૭૩, ૭૫ થી ૨૧૯, ૨૪૫, ૨૪૬, ૨૫૧, ૨૯૯, ૩૦૩, ૩૦૭ થી ૩૨૯, ૩૩૪ થી ૩૪૦, ૩૫૩ થી ૩૫૬, ૫૨૮ થી ૫૭૨ ૫૭૪ થી ૬૦૦, ૬૦૨, ૬૦૩, ૬૦૪. (૨) ખડકી.—સ. નં. ૬૨, ૮૦ થી ૮૩, ૯૩ થી ૯૮, ૧૦૧ થી ૧૨૫, ૧૨૭ થી ૧૨૮, ૧૩૦ થી ૧૩૮, ૧૪૪ થી ૧૫૩, ૧૫૫, ૧૬૩ થી ૧૬૯, ૧૭૧ થી ૧૭૫, ૧૭૮, થી ૧૭૯, ૧૮૧, ૧૮૭, ૧૮૮ થી ૧૯૫, ૧૯૭ થી ૨૦૦, ૨૦૩, ૨૦૪, ૨૦૮, ૨૧૦, ૨૧૧, ૨૧૩, ૨૧૬, ૨૨૦ થી ૨૨૮, ૨૩૧ થી ૨૩૭, ૨૩૯ થી ૨૪૬, ૨૪૮, ૨૪૯, ૨૫૧, ૨૫૪ થી ૨૫૯, ૨૬૩ થી ૨૬૮, ૨૯૧, ૨૯૨, ૨૯૪, ૨૯૭. (૩) વેલપરવા.—સ. નં. ૧૨૪ થી ૧૨૬, ૧૨૮ થી ૧૩૦, ૧૩૬ થી ૧૭૮, ૧૮૧, ૧૮૬ થી ૨૩૦, ૨૩૨, ૨૩૩, ૨૩૪. (૪) ઉમરસાડી.—સ. નં. ૭૩૬ થી ૭૪૪, ૭૪૭ થી ૮૦૧, ૮૦૩, ૮૧૦ થી ૧૦૫૪, ૧૦૫૬ થી ૧૦૭૩, ૧૦૮૦, ૧૦૮૧, ૧૦૯૬ થી ૧૧૧૨, ૧૧૩૫, ૧૧૩૭, ૧૧૩૯ થી ૧૧૫૩, ૧૧૮૮ થી ૧૧૯૫, ૧૧૯૮ થી ૧૨૦૪, ૧૨૧૦ થી ૧૨૪૬. (૫) મોતીવાડા.—સ. નં. ૧૨૫, ૧૨૯ થી ૧૩૧ ૧૩૮ થી ૧૯૦.

પારડી તાલુકો

વાપી, ચણોદ, છીરી, છરવાડા, વિગેરે ગામથી ૧ કિલોમીટરના વિસ્તારમાં આવતાં ગામો તથા સર્વે નંબરોની યાદી :

(૧) ડી. ઈ. લે. રે. શ્રી જલાલપોરના પત્ર નં. આરકે ક્રમાંક ૭૩ / વશી નં. ૪૨ તારીખ ૨૮મી ઓગષ્ટ, ૧૯૯૦ થી મળેલ યાદી.

૧	૨	૩
(૧)	વાપી	... આખું ગામ.
(૨)	ચણોદ	... આખું ગામ
(૩)	છીરી	... આખું ગામ

INDEX

૧	૨	૩
(૪)	છરવાડા	... આખું ગામ
(૫)	સલવાવ	... સ. નં. ૧૩, ૧૫ થી ૫૯, ૭૩, ૭૪, ૭૫ થી ૧૦૩, ૧૨૫ થી ૧૩૬, ૧૫૬ થી ૧૫૮, ૧૭૪, ૫૩૭ થી ૫૫૨, ૫૬૧ થી ૬૬૩, ૬૬૯, ૬૭૧.
(૬)	ચલા	... સ. નં. ૨૪૬ થી ૨૪૯, ૨૫૨ થી ૨૭૧, ૨૭૬ થી ૩૪૮, ૪૦૫, ૪૦૬, ૪૧૧ થી ૪૧૩, ૪૧૬ થી ૪૭૨, ૪૭૫ થી ૪૭૯
(૭)	બલીઠા	... સ. નં. ૧ થી ૮૬, ૮૮ થી ૮૯, ૧૫૪, ૧૫૮ થી ૧૬૪, ૩૨૦ થી ૩૨૩.
(૮)	રાતા	... સ. નં. ૧ થી ૨૨૧, ૨૨૪, ૨૨૫ થી ૨૩૨, ૨૬૯, ૨૭૦, ૨૭૧, ૨૭૭ થી ૨૭૯, ૨૮૮, ૨૮૯, ૨૯૨, ૩૦૫ થી ૩૦૮.
(૯)	ડુંગરા	... સ. નં. ૧ થી ૧૨૩, ૧૨૫ થી ૧૫૭, ૧૬૧, ૨૦૯ થી ૨૨૦, ૨૯૪ થી ૩૧૧, ૩૧૪ થી ૩૨૮, ૩૯૮ થી ૪૦૫, ૪૧૦, ૪૧૯ થી ૫૧૮, ૫૨૬, ૫૩૨, ૫૩૪ થી ૫૩૬.
(૧૦)	કોચરવા	... સ. નં. ૧ થી ૪૬, ૮૨ થી ૯૪, ૨૧૩, ૨૧૪, ૨૨૧ થી ૩૦૭.
(૧૧)	કરવડ	... સ. નં. ૨૮૩, ૨૮૪, ૨૮૭ થી ૩૦૩, ૩૩૧ થી ૩૩૫, ૩૭૪ થી ૪૮૨, ૪૮૪ થી ૪૮૯, ૫૧૪ થી ૫૧૮, ૫૭૮ થી ૫૮૫.
(૧૨)	ચંડોર	... સ. નં. ૫૮, ૬૦ થી ૬૫, ૭૧ થી ૨૩૦, ૨૩૭ થી ૨૫૧, ૨૫૫, ૨૫૭, ૨૫૯, ૩૩૬, ૩૩૮, ૩૩૯, ૩૪૧ થી ૩૪૭.
(૧૩)	નામથા	... સ. નં. ૨૦ થી ૩૪, ૩૮ થી ૪૨, ૮૪, ૮૫, ૮૬, ૮૮ થી ૯૯, ૧૦૧ થી ૧૯૩, ૧૯૬, ૧૯૭.

વલસાડ, તારીખ ૧૮મી મે, ૧૯૯૮.

એમ. ડી. માંકડ,
કલેક્ટર, વલસાડ.

આદેશ

ક્રમાંક પરઠ/એન્ફો/ઈસીએ/વશી-૧૩૧૦.—આથી હું, એસ. અપર્ણા કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ ભરૂચ આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ-૧૯૫૫ ની કલમ-૨ (ii-a) નીચે મળેલ સત્તાની રૂએ સદર અધિનિયમની કલમ-૬-એ અને કલમ-૬-બીના મળેલ અધિકારો પૈકી નિયામક નાગરિક પુરવઠા ગુજરાત રાજયની કચેરીના રાજ્ય તપાસણી એકમ દ્વારા સ્થગિત કરેલ માલમિલકતના કેસોમાં તેવી માલ મિલ્કતની કિંમત રૂપિયા એક લાખથી ઓછી હોય તો નિયામક નાગરિક પુરવઠાની કચેરીના સંયુકત / નાયબ નિયામકને અને તેવી માલ મિલકતની કિંમત રૂપિયા એક લાખ કે તેથી વધારે હોય તો નિયામક નાગરિક પુરવઠાને વાપરવા અધિકૃત કરવા આથી આદેશ કરું છું.

ભરૂચ, તારીખ ૨૦મી મે, ૧૯૯૮.

એસ. અપર્ણા,
કલેકટર, ભરૂચ.

વંચાણમાં લીધું. :—

(૧) અત્રેના જાહેરનામાં ક્રમાંક જમીન-એનએ-લે.-રે. રૂલ્સ-૮૧/વશી/૧૯૫૪ થી ૮૩/૯૨, તારીખ ૧લી જુન ૧૯૯૨.
(૨) ગુજરાત જમીન મહેસૂલ નિયમો ૧૯૭૨ના નિયમ-૮૧ મુજબ.

જાહેરનામું

નંબર જમીન/એનએ-લે.રે. રૂલ્સ/૮૧/વશી/૭૮૬ થી ૭૯૪/૯૮ : વંચાણમાં લીધેલ આમુખ (૧) માં અત્રેના જાહેરનામાથી મહેસાણાં, કલોલ, પાટણ, સિધ્ધપુર, કડી, વિસનગર અને ઉંઝા નગરપાલીકા વિસ્તારના શહેરોમાં ખેતીની સિવાયના દરો નકકી કરવામાં આવેલ હતા. જેમાં વિસનગર અને કડી શહેરનો વર્ગ-સી પ્રકારનો ગણીને બિનખેતી દર નકકી કરેલ છે.

સને ૧૯૯૧ની વસ્તી ગણત્રી પ્રમાણે કડી નગરપાલીકા વિસ્તારની વસ્તી ૫૦૭૩૩ તથા વિસનગર નગરપાલીકા વિસ્તારની વસ્તી ૫૯,૬૪૭ હોઈ જે ૫૦,૦૦૦ થી વધુ હોઈ આ બંને શહેરો વર્ગ "સી" માંથી વર્ગ "બી" માં આવતા હોઈ ખેતી સિવાયના બિનખેતીના ઉપયોગ માટે નવો દર વર્ગ "બી" પ્રમાણે નકકી કરવાના થાય છે.

આથી હું, એમ. એસ. ડાગુર, આઈ. એ. એસ. કલેકટર મહેસાણા તારીખ ૧લી ઓગસ્ટ ૧૯૯૫ થી અમલમાં આવે તે રીતે નવેસરથી ખેતી સિવાયના દરો નીચે પ્રમાણે નકકી કરૂં છું :—

અનુ. નંબર	શહેરનું નામ	ગામનો વર્ગ	બીનખેતીના ઉપયોગ માટે દર ચો. મીટરે લેવાનો દર પૈસામાં			
			રહેઠાણ સારૂ	ઔદ્યાગિક હેતુ માટે		વાણિજય અને અન્ય ઉપયોગ માટે
				ગ્રામ્ય	અન્ય	
૧	૨	૩	૪	૫	૬	૭
૧	વિસનગર	બી	૮	૪	૧૨	૧૬
૨	કડી	બી	૮	૪	૧૨	૧૬

મહેસાણા, તારીખ ૨૯મી એપ્રિલ ૧૯૯૮.

એમ. એસ. ડાગુર,
કલેકટર, મહેસાણા.

INDEX

BY COMPETENT AUTHORITY AND ADDITIONAL COLLECTOR

Notification

THE URBAN LAND (CEILING AND REGULATION) ACT, 1976.

[Section 10 (*1*) *read* with Rule-6].

No. ULC-6(i) 1/137/86/Pandesara/Unit-6.—Whereas draft statement dated 5th April 1977 was served on Shri Dhirajbhai Hirabhai & others under sub-section 3 of section 8 of the Urban Land (Celling and Regulation) Act, 1976 in Form-III appended to rule 5 of the Urban Land (Ceiling and Regulation) Rules, 1976, in respect of the vacant land held by him with a notice inviting the objection to the draft statement and whereas the objections to the draft statement were received from him and after hearing the party and considering the objections, a final statement dated 15th September 199 2 under section 9 was served on him in the manner referred to in the said sub-section 3 of section-8.

Now, therefore, in exercise of the powers conferred on me under sub-section (*1*) of section 10 of the said Act I/he hereby notify that :—

(i) The vacant land as specified in the schedule appended herewith is to be acuquired by the Government of Gujarat; and

(ii) All the persons interested in the vacant lands specified in the schedule may file their claims in respect of the said lands, personally or through their agents giving particulars of the nature of their interest in said lands before the undersigned within 30 days from the date of publication of this notification in the Gujarat Government Gazette.

SCHEDULE

Details of the vacant land held by the person in excess of the ceiling limit.

Sr. No.	Name of the holder	Village	Taluka	Details of the lands		Remarks
				Survey No. Final Plot No.	Area in (Sq. mtrs.)	
1	2	3	4	5-a	5-b	6
				S. No.		
1	Dhirajbhai Hiralal & others	Pandesara	Chorasi	19	13,355-00	
		Do	Do	18	23.270-00	
		,,	,,	4	20,727-48	
				Total ..	57,352-48	

Surat, 15th April 1998.

સક્ષમ અધિકારી અને અધિક કલેકટર દ્વારા

જાહેરનામું

શહેરી જમીન (ટોચ-મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬.

[કલમ-૧૦ (૧) તથા નિયમ-૬ અનુસાર].

નંબર યુ. એલ. સી./ ૬(૧) ૧/૧૩૭-૮૬ પાંડેસરા/ યુનિટ-૬.—જે અર્થે, શ્રી ધીરજભાઈ હીરાભાઈ વિગેરે એ ધારણ કરેલ ખુલ્લી જમીન સંબંધમાં શહેરી જમીન (ટોચ-મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૮ (૩) મુજબ શહેરી જમીન (ટોચ-મર્યાદા અને નિયમન) બાબતના નિયમો, ૧૯૭૬નાં નિયમ-૫ હેઠળ નિયત કરેલ નમૂના નંબર ૩ પ્રમણેનું તારીખ ૫મી એપ્રિલ ૧૯૭૭નું મુસદ્દા પત્રક વાંધા રજુ કરવાની નોટીસ સહિત તેઓને બજાવવામાં આવેલ અને તે સામે તેઓ તરફથી વાંધા રજુ કરવામાં આવેલ હતા અને સદરહુ વાંધાઓ અંગે રૂબરૂ સુનાવણી આપ્યા બાદ તથા તે વિચારણામાં લીધા બાદ કલમ-૯ હેઠળ તારીખ ૧૫મી સપ્ટેમ્બર ૧૯૯૨નું આખરી પત્રક કલમ-૮ (૩) માં ઠરાવ્યા અનુસાર બજાવવામાં આવેલ છે.

વાસ્તે, ઉપરોકત ધારાની કલમ-૧૦ (૧) અન્વયે મળેલ અધિકારની **રૂએ,** હું, આથી જાહેર કરૂં છું કે (૧) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીન ગુજરાત રાજ્ય સરકાર સંપાદન કરનાર છે, અને (૨) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીનમાં હિત ધરાવતા ઈસમો તેમના હક્ક, દાવા જાતે અગર તેમના પ્રતિનિધિ મારફત જમીનમાંના તેમના હિતના પ્રકાર અને વિગતો સાથે નીચે સહી કરનાર સમક્ષ આ જાહેરનામું ગુજરાત સરકારના રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૩૦ માં કરી શકશે .

INDEX

પરિશિષ્ટ

અનુ. નંબર	જમીન ધારકનું નામ	ગામ	તાલુકો	જમીનની વિગત		શેરો
				સર્વે નંબર/ ફાઇનલ પ્લોટ નંબર	ક્ષેત્રફળ (ચોરસ મીટરમાં)	
૧	૨	૩	૪	૫-અ	૫-બ	૬
૧	ધીરજભાઈ હીરાભાઈ વિગેરે.	પાંડેસરા	ચોર્યાસી	૧૯	૧૩,૩૫૫-૦૦	
		"	"	૧૮	૨૩,૨૭૦.૦૦	
		"	"	૪	૨૦,૭૨૭.૦૦	
					૫૭,૩૫૨.૪૮	

સુરત, તારીખ ૧૫મી એપ્રિલ, ૧૯૯૮.

Notification

THE URBAN LAND (CEILING AND REGULATION) ACT, 1976.

[Section 10 (*1*) *read* with Rule 6].

No. ULC/6(i)/2/410 / Adajan / Unit 6. — Whereas draft statement dated 12th October, 1982 was served on Shri Laxmiben w/oNaginbhai Parshottambhai Patel under sub-section (*3*) of section-8 of the Urban Land (Ceiling and Regulation) Act, 1976, in Form III appended to rule 5 of the Urban Land (Ceiling and Regulation) Rules, 1976 in respect of the vacant land held by her with a notice inviting the objection to the draft statement and whereas the objections to the draft statement were received from her and after hearing the party and considering the objections a final statement dated 29th January 1998 under section 9 was served on her in the manner referred to in the said sub-section (*3*) of section 8.

Now, therefore, in exercise of the powers conferred on me under sub-section (*1*) of section 10 of the said Act, I/he hereby notify that:—

(i) the vacant land as specified in the schedule appended herewith is to be acquired by the Government of Gujarat ; and

(ii) all the persons interested in the vacant land specified in the schedule may file their claims in respect of the said land personally or through their agents giving particulars of the nature of their interest in the said land before the undersigned within 30 days from the date of publication of this notification in the Gujarat Government Gazette.

SCHEDULE

Details of the vacant land held by the person in excess of the ceiling limit.

Sr. No.	Name of the holder	Village	Taluka	Details of land		Remarks
				Survey No./ Final plot No.	Area in Sq. Mts.	
1	2	3	4	5(a)	5(b)	6
1	Shri Laxmiben w/o Naginbhai Parshottambhai	Adajan	Chorasi	121 Paiki	4186.49	

Surat, 20th April, 1998.

M. V. PARGI,
Competent Authority
and Additional Collector,
Urban Land Ceiling,
Surat.

INDEX

જાહેરનામું

શહેરી જમીન (ટોચ-મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬.

[કલમ-૧૦ (૧) તથા નિયમ-૬ અનુસાર].

નંબર યુ.એલ.સી. ૬ (૧) ૨/૪૧૦/અડાજણ યુનિટ ૬.—જે અર્થે, શ્રીમતી લક્ષ્મીબેન તે નગીનભાઈ પરસોતમભાઈની વિધવાએ ધારણ કરેલ ખુલ્લી જમીન સંબંધમાં શહેરી જમીન (ટોચ—મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૮ (૩) મુજબ શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) બાબતના નિયમો, ૧૯૭૬નાં નિયમ-૫ હેઠળ નિયત કરેલ નમૂના નં. ૩ પ્રમાણેનું તારીખ ૧૨મી ઓકટોબર, ૧૯૮૨નુ મુસદ્દા પત્ર વાંધા રજૂ કરવાની નોટીસ સહીત તેઓને બજાવવામાં આવેલ અને તે સામે તેઓ તરફથી વાંધા રજુ કરવામાં આવેલ હતા અને સદરહુ વાંધાઓ અંગે રૂબરૂ સુનાવણી આપ્યા બાદ તથા તે વિચારણામાં લીધા બાદ કલમ-૯ હેઠળ તારીખ ૨૮મી જાન્યુઆરી, ૧૯૯૮નું આખરી પત્રક કલમ-૮ (૩) માં ઠરાવ્યા અનુસાર બજાવવામાં આવેલ છે.

વાસ્તે, ઉપરોકત ધારાની કલમ-૧૦ (૧) અન્વયે મળેલ અધિકારની રૂએ, હું, આથી જાહેર કરૂં છું કે :— (૧) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીન ગુજરાત રાજ્ય સરકાર સંપાદન કરનાર છે, અને (૨) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીનમાં હિત ધરાવતા ઈસમો તેમના હક્ક, દાવા જાતે અગર તેમના પ્રતિનિધિ મારફત જમીનમાંના તેમના હિતના પ્રકાર અને વિગતો સાથે નીચે સહી કરનાર સમક્ષ આ જાહેરનામું ગુજરાત સરકારના રાજ્યપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી દિન-૩૦ માં કરી શકશે.

પરિશિષ્ટ

અનુ. નંબર	જમીન ધારકનું નામ	ગામ	તાલુકો	જમીનની વિગત		શેરો
				સર્વે નંબર પ્લોટ નંબર	ક્ષેત્રફળ (ચો. મીટરમાં)	
૧	૨	૩	૪	૫-અ	૫-બ	૬
૧	લક્ષ્મીબેન તે નગીનભાઇ પરસોતમભાઈની વિધવા	અડાજણ	ચોર્યાસી	૧૨૧ પૈકી	૪૧૮૬.૪૯	

સુરત, તારીખ ૨૦મી એપ્રિલ, ૧૯૯૮.

એમ. વી. પારગી,
સક્ષમ અધિકારી અને અધિક કલેક્ટર,
શહેરી જમીન ટોચમર્યાદા, સુરત.

INDEX

મામલતદાર અને કાર્યપાલક મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નંબર ઉમક/ચીખલી/કોલેરા/નિયંત્રણ/૧૯૯૪.—મે. કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ સાહેબ, નવસારીના જાહેરનામા ક્રમાંક ઉમક/ ૯અ/ એસીબીએ/કોલેરા-વશી-૮૬/૯૮એ તારીખ ૨૨મી મે, ૧૯૯૮થી ચીખલી તાલુકાના નીચે પરિશિષ્ટમાં જણાવેલ ગામોને કોલેરા ભયગ્રસ્ત તથા કોલેરા રોગગ્રસ્ત તરીકે જાહેર કરેલ છે. સદરહુ જાહેરનામા અન્વયે મારી કોલેરા નિયંત્રણ અધિકારી તરીકેની નિમણુંક થવાથી હું, શ્રી બી. બી. પટેલ, મામલતદાર અને કાર્યપાલક મેજિસ્ટ્રેટ, ચીખલી અને કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે કોલેરા રેગ્યુલેશન કલમ-૪ અન્વયે ફરમાવું છું કે.

પરિશિષ્ટ

કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર   કોલેરા રોગગ્રસ્ત વિસ્તાર

રૂમલા સ્યાદા, કલીયારી, ઢોલુમ્બર, ધામધુમા, ગોડથલ,
ઘોડવણી, અગાસી, મીયાઝરી, ધોલાર, કણભઈ   તાલુકો : ચીખલી.
ફડવેલ, ખૂડવેલ, અંબાચ, સારવણી, આછ-
વણી, પાણીખડક, જામનપાડાપ, નડગધરી,
તોરણવેરા, કાકડવેલ, માંડવખડક.

૧. ચીખલી તાલુકાની તમામ જનતાને જણાવવાનું કે, કોલેરાના રોગથી કોઈ પીડિત ઈસમ જણાય અગર કોલેરાના કોઈ કેસ માલુમ પડે કે તે તુરત જ તેની ખબર જે તે ગામના તલાટી, સરપંચ કે મામલતદાર કચેરીને કરવી અને તેવા ઈસમો તુરત ખસેડવા તજવીજ કરવી. મકાન સાફસુફ કરી, જંતુન ધોઈ નાંખવું અને સ્વચ્છ રાખવું.

૨. બીન વપરાયેલા જળાશયના પીણાનું ઉપયોગ કરવ નહી રોગથી બગડેલા તથા કોલેરાના ભોગ બનેલાઓના કપડાં ધોવા નહીં.

૩. પીવાના પાણીને ઉકાળીને શુધ્ધ કરીને વાપરવું.

૪. શાકભાજી તેમજ ફળફળાદી વેચનારાઓએ કોહેલા, સડી ગયેલા ફળફળાદી, શાકભાજી વેચવી નહીં.

૫. લારીવાળાઓએ રાંધેલા અનાજ, વટાણા, પકોડી, પુરી. દહીંવડા વેચવું નહીં.

૬. હોટલ માલિકોએ ચવાણું તેમજ મીઠાઈવાળાઓ અને મટન વેચનારાઓએ ખાદ્યવસ્તુઓ ઢાંકી રાખીને વેચવી.

આ હુકમ જાહેરનામું તારીખ ૨૨મી મે, ૧૯૯૮ થી ત્રણ (૩) માસ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ રૂા. ૧,૦૦૦ અંકે રૂપિયા એક હજાર પુરા સુધીના દંડને પાત્ર અથવા ૬ (છ) માસ કેદની સજાને અથવા બન્ને સજાને પાત્ર થશે.

ચીખલી, તારીખ ૨૨મી મે, ૧૯૯૮.

બી. બી. પટેલ,
મામલતદાર ચીખલી અને
કાર્યપાલક મેજિસ્ટ્રેટ/
કોલેરા નિયંત્રણ અધિકારી,
ચીખલી.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] THURSDAY, JUNE 25, 1998 / ASADHA 4, 1920 [No. 26

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages			Page.
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	215-221	Part I-B	Government Notifications published under Land Acquisition Act only.	477-484
Part I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	26	Part I-L	Notifications, Order and Awards other than those published in Parts I, IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	1306-1365

GOVERNMENT NOTIFICATIONS, APPOINTMENTS ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ માંની કલમ-૩૭ (૧) અન્વયે.

ક્રમાંક ઉ/ગપક/એસબી/જાહેરનામું/૩૦/૧૯૯૮—સુરત શહેરમાં શાંતી અને સલામતી જાળવવા પગલા લેવા જરૂરી જણાતું હોવાથી વાસ્તે હું, મનીરામ આઈ. પી. એસ., પોલીસ કમિશનર, સુરત શહેર મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧માંની પેટા કલમ ૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલા વિસ્તારોમાં તારીખ ૫મી જુન ૧૯૯૮ કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૯મી જુન ૧૯૯૮ કલાક ૨૪-૦૦ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટી, લાકડી, ચપ્પુ, અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજ વસ્તુ લઈ જવાની.

(ખ) કોઈપણ સ્ફોટક અથવા ક્ષયધર્મી પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની

(ચ) વ્યકિતઓ અથવા તેના શબો આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(છ) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની.

(જ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા નિશાનીઓ જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાથી અથવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાથી અથવા ચાળા વિગેરે કરવાની અથવા ચિત્રો, નિશાનીઓ તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર :—સુરત શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમને ઉપરી અધિકારીઓએ આવું કોઈ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથીયાર લઈ જવાની ફરજ હોય તે વ્યકિતને.

(૨) પોલીસ કમિશનર અથવા તેમણે અધિકૃત કરેલા કોઈપણ અધિકારીએ જે તે અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓને.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર (૪) માસની અને વધુમાં વધુ એક વર્ષ ની સજા અને દંડની સજાને મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૪થી જુન ૧૯૯૮ના રોજ મારી સહી સિકકા કરી આપેલ છે.

મનીરામ,
પોલીસ કમિશનર.
સુરત શહેર.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માંની કલમ-૩૩ (૧)(બી) (સી) મુજબ.

નંબર પીઓએલ/વશી/૨૦૩/૯૮.—રાધનપુર-સમી-હારીજ રસ્તાના કી. મી. ૪/૬ થી ૪/૮ વચ્ચે આવેલ બગદોયા પુલનું ખાસ રીપેરીંગ બાંધકામ કરવાનું કામ ચાલુ હોઈ સદરહુ પુલનું સ્ટ્રકચર તોડવાની કામગીરી માર્ગ અને મકાન વિભાગ પાલનપુર દ્વારા ચાલુ છે. તેમજ પુલની બાજુમાં ડાયવરઝન કરી વાહનવ્યવહાર ચાલુમાં છે આગામી ચોમાસાની ઋતુમાં આ ડાયવરઝનનું ધોવાણ થઈ જવાની શકયતા જણાય છે. તારીખ ૧૫મી જુન ૧૯૯૮ થી તારીખ ૩૧મી ઓકટોબર ૧૯૯૮ ના સમય સુધી આ રસ્તો વાહન વ્યવહાર માટે બંધ કરવો ઉચિત જણાય છે. જે સંદર્ભે જાહેર સલામતી તેમજ ટ્રાફીકની અવરજવરમાં મુશ્કેલી પડે નહી અને સરળતાથી કામગીરી થઈ શકે તે માટે ટ્રાફીક નિયમન કરવાનું જરૂરી જણાય છે. વાસ્તે હુ, પ્રકાશ શાહ, જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ, મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ ની પેટા-કલમ-૧ ના ખંડ (બી) થી મને મળેલી સત્તાની રૂએ ઉકત રસ્તા માટે ટ્રાફીક નિયમન માટે નીચે મુજબ હુકમ કરૂં છું.

તમામ વાહનો જેવા કે ટ્રક, ટ્રેકટર, ટ્રોલી સાથેના ટ્રેકટર, ખટારા, બસ, મેટાડોર, જીપ, રીક્ષા, મોટર સાયકલ, સ્કુટર, સાયકલ વિગેરે તથા પશુઓથી ચાલતા વાહનો જેવા કે બળદગાડી, ઉંટગાડી વગેરે તેમજ હાથલારી સુધ્ધાંતના વાહનો તારીખ ૧૫મી જુન ૧૯૯૮ થી ૩૧મી ઓકટોબર ૧૯૯૮ સુધીના સમય માટે રાધનપુર સમી હારીજ રસ્તા ઉપર આવેલ બગદોયા પુલ તેમજ આ પુલની બાજુમાં આવેલ ડાયવરઝન ઉપરથી પ્રવેશવા પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

ઉપરોકત પ્રતિબંધને કારણે તમામ વાહનો પ્રવેશ માટે નીચે મુજબ વૈકલ્પીક વ્યવસ્થા ગોઠવવામાં આવે છે.

(૧) રાધનપુર-સમી-હારીજ રસ્તો બંધ થતાં સદર રસ્તા ઉપરનો વાહનવ્યવહાર હારીજથી ટોટાણા-થરા-રાધનપુર રસ્તેથી પસાર થવું.

૨ તેજ રીતે રાધનપુર તરફથી આવતાં વાહનોએ રાધનપુર-થરા-ટોટાણા-હારીજ રસ્તેથી પસાર થવું.

૩ સદરહું જાહેરનામું તારીખ ૧૫મી જુન ૧૯૯૮ થી ૩૧મી ઓકટોબર ૧૯૯૮ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૩જી જુન ૧૯૯૮ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

પી. એસ. શાહ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
પાટણ.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭(૧) અન્વયે કાઢેલ.

ક્રમાંક એમ.એ.જી./વશી./૧૭૩૯.—નર્મદા જિલ્લામાં કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને-૧૯૫૧ના મુંબઈના ૨૨માં અધિનિયમની) કલમ ૩૭ ની પેટા-કલમ (૧) અન્વયે મળેલ સત્તાની રુએ હું, એસ. ડી. મોડીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા જાહેર શાંતિ અને સલામતી સારું ફરમાવું છું કે કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૧લી જુન ૧૯૯૮ થી તારીખ ૧૫મી જુન ૧૯૯૮ સુધી.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધારીયા, ધોકા, છરા, લાકડી, કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજુ કોઈ સાધન સાથે લઈ જવું નહિ.

(૨) કોઈપણ ક્ષયકારી, પદાર્થ, સ્ફોટક, સાથે લઈ જવા નહિ.

(૩) પથ્થર અથવા હાનિકારક પ્રવાહી, રસાયણ, રસાયણ છાંટવા અથવા ફેંકવાના અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવા કે ધકેલવાના યંત્રો અથવા સાધનો લઈ જવા નહિ, એકઠા કરવા નહિ, તથા તૈયાર કરવા નહિ.

(૪) માનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહિ.

(૫) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહિ, અસ્લિલ ગીતો ગાવા નહિ, અથવા ટોળામાં ફરવું નહિ.

INDEX

(૬) જેનાથી સુરૂચિ, નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહિ, તેવા હાવભાવ કરવા નહિ તથા તેવા ચિત્રો, પત્રિકા, પોષ્ટકાર્ડ, અથવા બીજા કોઈ પણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહિ, બતાવવા નહિ, તથા તેનો ફેલાવો કરવો નહિ.

આ હુકમ નીચેની વ્યકિતને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતઓને કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈ પણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય, અથવા આવું કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય;

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ તેને અધિકૃત કરેલા કોઈ પણ પોલીસ અધિકારીને જેને શારીરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી શકાય તે વ્યકિતને;

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી નર્મદા અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, નર્મદા આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતઓને;

અનુસૂચિ

'નર્મદા જિલ્લાનો સમગ્ર વિસ્તાર'

આ જાહેરનામાંના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

આજ તારીખ ૩૦મી મે ૧૯૯૮ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમ.એ.જી./વશી/૧૭/૩૯.—નર્મદા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી ત્યા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી -સરઘસની મનાઈ કરવાનું મને જરુર જણાય છે.

તેથી, -હવે.મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં) ની કલમ ૩૭ (૩) થી મને મળેલ સત્તાની રુએ હું, એમ. ડી. મોડીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા (રાજપીપલા) આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૧લી જુન ૧૯૯૮ના દિવસે સવાર ના ૦૦.-૦૦ કલાકથી તારીખ ૧૫મી જુન ૧૯૯૮ના રોજ સાંજના ૨૪-૦૦ સુધી (બંન્ને દિવસો સુધ્ધા) ની મુદત માટે નર્મદા જિલ્લામાં ચાર કરતા વધુ વ્યકિતઓની કોઈ મંડળી- સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

અનુસુચિ

વધુમાં હું આદેશ કરું છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને;
(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને;
(૩) કોઈ લગ્નના વરઘોડાને;
(૪) કોઈપણ સ્મશાનયાત્રાને;

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૫(૧) મુજબ અને ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ (સને ૧૮૬૦ના ૪૫માં) ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૩૦મી મે, ૧૯૯૮ ના રોજ મારી સહી ત્થા સિક્કો કરી આપ્યો.

એમ. ડી. મોરીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા,
રાજપીપલા.

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) હેઠળનું.

નંબર પલસ/ફાયરીંગ/શેરુલા/વશી/૨૬૬૦.—સુરત જીલ્લાના ઉકાઈ ખાતે સુરત રૂરલ જીલ્લાના વુ. શીફટ પોલીસ કોન્સ્ટેબલનો વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ કાર્યક્રમ તારીખ ૧લી મે ૧૯૯૮ થી ૧૦મી મે ૧૯૯૮ સુધી શેરૂલા ખાતેના ફાયરીંગ બટ ખાતે રાખવામાં આવેલ છે. સબબ આ વિસ્તારની હદમાં તથા આજુબાજુ રહેતી પ્રજાજનોની સલામતી સારૂ હું. વી. ડી. અસારી, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત અને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) મુજબ મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે સોનગઢ તાલુકાનાં ઉકાઈ શેરૂલા ફાયરીંગ બટ ઉપર તારીખ ૧લી મે ૧૯૯૮ થી તારીખ ૧૦મી મે ૧૯૯૮ સુધી ગોળીબાર પ્રેકટીશનો કાર્યક્રમ હોઈ સદરહુ વિસ્તારનાં આજુબાજુ રહેતાં તથા બહારની કોઈપણ અનઅધિકૃત વ્યકિતઓ તેમજ ચરાવવામાં આવતા ઢોર ઢાંખર વિગેરેએ સદરહુ ફાયરીંગ બટ વિસ્તારોની આજુબાજુ ૧૦૦ મીટર વિસ્તારમાં તારીખ ૧લી મે ૧૯૯૮ થી ૧૦મી મે ૧૯૯૮ સુધી પ્રવેશ કરવો નહી તથા તે વિસ્તારમાં હરવું ફરવું નહીં.

આ હુકમનો ભંગ કરનાર ઈન્ડિયન પિનલ કોડની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧લી મે ૧૯૯૮ના રોજ મારી સહી સીકકો કરી આપ્યો.

વી. ડી. અસારી,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
સુરત.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧)(૩) હેઠળ.

ક્રમાંક ઉ/મકડ/પીઓએલ/વશી-૧૪૩૪ / ૯૦ / ૧૯૯૮.—મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો) અધિનિયમની કલમ-૩૭ (૧) (૩) પ્રમાણે મને મળેલી સત્તાની રૂએ હું, બી. પી. સુદાણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ જિલ્લામાં જાહેર શાંતિ જોખમાઈ તેમ હોવાથી તથા જિલ્લામાં જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારું અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે, તેમજ જાહેર સુલેહ શાંતિને ખલેલ ન પહોંચે તે માટે સમગ્ર ડાંગ જિલ્લામાં કોઈપણ વ્યકિતઓને તારીખ ૩જી જુન, ૧૯૯૮ થી તારીખ ૧૭મી જુન, ૧૯૯૮ (બન્ને દિવસો સુધ્ધાં) ના સમય માટે નીચે જણાવેલ કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદૂક, ચપ્પુ, લાકડી અથવા લાઠી, અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની.

INDEX

(ખ) કોઈપણ ક્ષયકારી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.
(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની.
(ગગ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.
(ઘ) વ્યકિતઓ અથવા તેનાં શબ અથવા આકૃતિઓ અથવા પૂતળાં દેખાડવાની.
(ચ) લોકોને બૂમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની.
(છ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી, અથવા નકલો કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાની, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીનાં અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવી છટાદાર ભાષણ આપવાની, તે ચિત્રો, નિશાનીઓ વગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી કામ કરતી વ્યકિત કે જે એના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું હોય અથવા તેવું કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, ડાંગ અથવા તેમણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ કે જેને શારીરિક અશકિતના કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

(૩) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી વ્યકિતઓ.

આ જાહેરનામાંના કોઈ ખંડનાં ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને-૧૯૫૧નાં ૨૨માં) કાયદાની કલમ-૧૩૫ મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને દંડની પણ સજા થશે.

આજ તારીખ ૩જી માહે જુન, સને ૧૯૯૮નાં રોજ મારી સહી કરીને સિક્કા કરેલ છે.

બી. પી. સુદાણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ડાંગ-આહવા.

કલેકટર દ્વારા.

આદેશ.

નંબર ઈ / પુરવઠા / પરવ/૬એ /ડેલ/વશી/૧૧૨૭.—આથી હું, શ્રી પી. ડી. વાઘેલા, કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, બનાસકાંઠા પાલનપુર આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ ૧૯૫૫ ની કલમ-૨ (ii-9) નીચે મળેલ સત્તાની રૂએ સદર અધિનિયમની કલમ-૬ એ અને કલમ-૬બી ના મને મળેલ અધિકારો પૈકી નિયામક નાગરિક પુરવઠા ગુજરાત રાજ્યની કચેરીના રાજ્ય તપાસણી એકમ દ્વારા સ્થગિત કરેલ માલ મિલ્કતના કેસોમાં તેવી માલ મિલ્કતની કિંમત રૂપિયા એક લાખથી ઓછી હોય તો નિયામક નાગરિક પુરવઠા કચેરીના સંયુકત / નાયબ નિયામકને અને તેવી માલ મિલ્કતની કીંમત રૂપિયા એક લાખ કે તેથી વધારે હોય તો નિયામક નાગરિક પુરવઠાને વાપરવા અધિકૃત કરવા આથી આદેશ કરૂ છું.

પાલનપુર, તારીખ ૨૭મી મે, ૧૯૯૮.

પી. ડી. વાઘેલા,
કલેકટર, બનાસકાંઠા, પાલનપુર.

આદેશ

નંબર કમકઅ/એસયુપી/તપસ/વશી/૧૬૯૩ —આથી હું, એ. કે. શર્મા, કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ આણંદ આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ, ૧૯૫૫ ની કલમ-૨ (ii-a) નીચે મળેલ સત્તાની રૂએ સદર અધિનિયમની કલમ-૬એ અને કલમ-૭૬-બી ના મળેલ અધિકારો પૈકી નિયામક નાગરિક પુરવઠા ગુજરાત રાજ્યની કચેરીના રાજ્ય તપાસણી એકમ દ્વારા સ્થગિત કરેલ માલ મિલ્કતના કેસોમાં તેવી માલ મિલ્કતની કિંમત રૂપિયા એક લાખથી ઓછી હોય તો નિયામક નાગરિક પુરવઠાની કચેરીના સંયુકત / નાયબ નિયામકને અને તેવી માલ મિલ્કતની કિંમત રૂપિયા એક લાખ કે તેથી વધારે હોય તો નિયામક, નાગરિક પુરવઠાને વાપરવા અધિકૃત કરવા આથી આદેશ કરૂ છું.

આણંદ, તારીખ ૨૭મી મે, ૧૯૯૮.

એ. કે. શર્મા,
કલેકટર, આણંદ.

આદેશ

ક્રમાંક કમકધ/પરવ/વશી/૯૨૮ :—આથી હુ અરૂણકુમાર સોલંકી, આઈ.એ.એસ. કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ દાહોદ આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ, ૧૯૫૫ ની કલમ-૨ (ii-a) નીચે મળેલ સત્તાની રૂએ સદર અધિનિયમ કલમ-૬-એ અને કલમ-૬બી ના મને મળેલ અધિકારો પૈકી નિયામક નાગરિક પુરવઠા ગુજરાત રાજ્યની કચેરીના રાજ્ય તપાસણી એકમ દ્વારા સ્થગિત કરેલ માલ મિલ્કતના કેસોમાં તેવી માલ મિલ્કતની કિંમત રૂપિયા એક લાખથી ઓછી હોય તો નિયામક નાગરિક પુરવઠાની કચેરીના સંયુકત નાયબ નિયામકને અને તેવી માલ મિલ્કતની કિંમત રૂપિયા એક લાખ કે તેથી વધારે હોય તો નિયામક નાગરિક પુરવઠાને વાપરવા અધિકૃત કરવા આથી આદેશ કરૂં છું.

દાહોદ, તારીખ ૧૪મી મે, ૧૯૯૮.

અરૂણકુમાર સોલંકી,
કલેકટર, દાહોદ.

આદેશ

નંબર કમકપ/પરવ/ઈસીએ/વશી/૯૭૨/૯૮.—આથી હું એ. કે રાકેશ, (આઈ. એ. એસ.) કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ, ૧૯૫૫ ની કલમ--૨ (ii--a) નીચે મળેલ સત્તાની રૂએ સદર અધિનિયમની કલમ--૬ (એ) અને કલમ--૭૬ (બી) નાં મને મળેલ અધિકારો પૈકી નિયામક, નાગરીક પુરવઠા, ગુજરાત રાજ્યની કચેરીના રાજ્ય તપાસણી એકમ દ્વારા સ્થગીત કરેલ માલ મિલ્કતનાં કેસોમાં તેવી માલમિલ્કતની કિંમત રૂપિયા એક

INDEX

લાખથી ઓછી હોય તો નિયામક, નાગરીક, પુરવઠા કચેરીના સંયુકત નાયબ નિયામકને અને તેવી માલમિલ્કતની કિંમત રૂપિયા એક લાખ કે તેથી વધારે હોય તો, નિયામક, નાગરીક પુરવઠાને વાપરવા અધિકૃત કરવા આથી આદેશ કરું છું.

ગોધરા, તારીખ ૩૦ મી મે, ૧૯૯૮.

ઓ. કે. રાકેશ,
કલેકટર પંચમહાલ, ગોધરા.

આદેશ

નંબર સપ / સીઝર / વશી / ૮૩૬ થી ૮૫૬/૯૮.—આથી હું, આર. પી. ગુપ્તા, આઈ. એ. એસ., કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ, ૧૯૫૫ ની કલમ-૨ (ii-એ) નીચે મળેલ સત્તાની રૂએ સદર અધિનિયમની કલમ-૬ (એ) અને કલમ-૬ (બી) ના મળેલ અધિકારો પૈકી નિયામક, નાગરીક પુરવઠા, ગુજરાત રાજ્યની કચેરીના રાજ્ય તપાસણી એકમ દ્વારા સ્થગિત કરેલ માલ મિલકતના કેસોમાં તેવી માલ મિલકતની કિંમત રૂપિયા એક લાખથી ઓછી હોય તો નિયામક, નાગરીક પુરવઠાની કચેરીના સંયુકત / નાયબ નિયામકને અને તેવી માલ મિલકતની કિંમત રુપિયા એક લાખ કે તેથી વધારે હોય તો નિયામક, નાગરીક પુરવઠાને વાપરવા અધિકૃત કરવા આથી આદેશ કરું છું.

મહેસાણા, તારીખ ૨૫મી મે, ૧૯૯૮

આર. પી. ગુપ્તા,
કલેકટર, મહેસાણા.

આદેશ

નંબર ઐફ / પરવ / એન્ફો/ વશી /૭૦૫/૯૮.— આથી હું, આર. એમ. શાહ, કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ, ૧૯૫૫ ની કલમ-૨ (ii-એ) નીચે મળેલ સત્તાની રુએ સદર અધિનિયમની કલમ ૬ (એ) અને કલમ ૬ (બી) નાં મળેલ અધિકારો પૈકી નિયામકશ્રી, નાગરીક પુરવઠા, ગુજરાત રાજ્યની કચેરીનાં રાજ્ય તપાસણી એકમ દ્વારા સ્થગિત કરેલ માલ મિલ્કતનાં કેસોમાં તેવી માલ મિલ્કતની કિંમત રુપિયા એક લાખથી ઓછી હોય તો નિયામક, નાગરીક પુરવઠાની કચેરીનાં સંયુકત / નાયબ નિયામકને અને તેવી માલ-મિલ્કતની કિંમત રુપિયા એક લાખ કે તેથી વધારે હોય તો નિયામક, નાગરિક પુરવઠાને અધિકાર વાપરવા અધિકૃત કરવા આથી આદેશ કરું છું.

સુરત, તારીખ ૨૦ મી મે, ૧૯૯૮.

આર. એમ શાહ,
કલેકટર, સુરત.

જિલ્લા કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

આદેશ

નંબર એસબી/૬-એ/સત્તા/સોંપણી.—આથી હું, વી. એસ. ગઢવી, કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ, ૧૯૫૫ની કલમ-૨(ii-a) નીચે મળેલ સત્તાની રૂએ સદર અધિનિયમની કલમ-૬(એ) અને કલમ-૬(બી) ના મળેલ અધિકારી પૈકી નિયામક, નાગરીક પુરવઠા, ગુજરાત રાજ્યની કચેરીના રાજ્ય તપાસણી એકમ દ્વારા સ્થગિત કરેલ માલ મીલકતના કેસોમાં તેવી માલ મીલકતની કિંમત રૂપિયા એક લાખથી ઓછી હોય તો નિયામક, નાગરિક પુરવઠાની કચેરીના સંયુકત / નાયબ નિયામકને અને તેવી માલ મીલકતની કિંમત રૂપિય એક લાખ કે તેથી વધારે હોય તો નિયામક, નાગરીક પુરવઠાને વાપરવા અધિકૃત કરવા આથી આદેશ કરું છું.

અમદાવાદ, તારીખ ૧૨મી મે ૧૯૯૮.

વી. એસ. ગઢવી,
જિલ્લા કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલો.

નંબર પીઓએલ/કલમ-૧૪૪/જાહેરનામું/ ૧૯૯૮. —ચાલુ સાલે ટેકનીકલ પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા શં.વણ અભ્યાસક્રમની પરીક્ષા તારીખ ૨૫મી મે ૧૯૯૮ થી તારીખ ૧૮મી જુન ૧૯૯૮ ના સમય-ગાળા દરમ્યાન લેવાનાર છે. તે દરમ્યાન ભિલોડા તાલુકાના માંકરોડા ગ્રામ પંચાયતના વિસ્તારમાં જયાં પરીક્ષા લેવામાં આવનાર છે તે સ્થળની આજુબાજુ ૨૦૦ મીટરની મર્યાદામાં જે નીચે અનુસૂચિમાં જણાવેલ વિસ્તાર અંદર આવેલ અનીચ્છનીય બનાવ ન બને જેના કારણે તંગદીલીનું વાતાવરણ પેદા ન થાય જેથી લોકોના અને વિદ્યાર્થીઓના જાનમાલનું જોખમ અને સુલેહ શાંતીનો ભંગ થવાનો સંભવ હોઈ સુલેહ શાંતીનો ભંગ થતો અટકાવવા યોગ્ય જણાય છે.

વાસ્તે, ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવા માટે પુરતું કારણ રહે છે. અને તેમાં થતું અટકાવવાનું ઈચ્છનીય છે. એવો મારો અભિપ્રાય છે. જેથી હું, શ્રી કે. સી. પસાયા, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ ભિલોડા જિલ્લા સાંબરકાંઠા ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે નીચે અનુસૂચિમાં નીર્દેશ કરેલા વિસ્તાર તથા દર્શાવેલ કલાકો દરમ્યાન સદરહુ વિસ્તારની અંદર આવેલા કોઈપણ જાહેર રાહદારી રસ્તા રાજમાર્ગ, શેરી, ગલી, પેટા-ગલીમાં તેમજ સ્થળોએ.

(૧) પાંચ કે તેથી વધારે માણસોએ એક સાથે ભેગા થવું નહી;

(૨) જાહેર સુલેહ શાંન્તી જોખમાય તેવા સૂત્રો પોકારવા નહી;

(૩) જાહેર સુલેહ શાંન્તી જોખમાય તેવી કોઈ અફવા ફેલાવવી નહી;

(૪) કોઈપણ વ્યકિતને લાઠી અગર ઈજા થાય તેવા હથીયાર સાથે ફરવું નહી.

INDEX

અનુસૂચિ

ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલી નીચે જણાવેલ.
સંસ્થાઓ. :

અનુ. નંબર	વિસ્તારનું વર્ણન	તારીખ	સમય
૧	આશા નિકેતન, માંકરોડા	૨૫મી મે ૧૯૯૮થી ૧૮મી જુન ૧૯૯૮	૧૦--૦૦થી ૧૮-૦૦ સુધી

અપવાદ :

આ હુકમ પર હાજર રહેલા સરકારી કર્મચારી તથા પોલીસ સ્ટેશનના હવાલાના અમલદારો અને અધીકૃત કરેલા અમલદારો પાસેથી મેળવેલ પરમીટ ધરાવનાર માણસોને લાગુ પડશે નહી.

મેં આજરોજ તારીખ ૨૫મી મે ૧૯૯૮ ના રોજ મારી સહી કરી સીક્કો કર્યો.

કે. સી. પસાયા,
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
ભીલોડા.

મામલતદાર કાર્યપાલક મેજિસ્ટ્રેટ અને કોલેરા નિયંત્રણ અધિકારી દ્વારા

જાહેરનામું

નંબર આઈડી/કોલેરા/વાંસદા/નિયંત્રણ-૧૯૯૮.—મે. કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ સાહેબ નવસારીના જાહેરનામા ક્રમાંક ઉમક/નવ/અસીબી/કોલેરા/વશી. ૮૧૬/૯૮ તારીખ ૨૨મી મે ૧૯૯૮થી વાંસદા તાલુકાના નીચે પરિશિષ્ટમાં જણાવેલ ગામોને કોલેરા ભયગ્રસ્ત તરીકે જાહેર કરેલ છે. સદરહુ જાહેરનામા અન્વયે મારી કોલેરા નિયંત્રણ અધિકારી તરીકેની નિમણુંક થવાથી હું. એલ. વી. ગામીત, મામલતદાર અને કાર્યપાલક મેજિસ્ટ્રેટ, વાંસદા તથા કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે કોલેરા રેગ્યુલેશન કલમ-૪ અન્વયે ફરમાવું છું કે,

પરિશિષ્ટ

કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર.—પીપલખડ, સુખાબારી, રવાણીયા, કંસારીયા, કેલીયા, વાઘાબારી, રંગપુર, વાંસકુઈ, વાંદરવેલા, ઝરી, ઢોલુમ્બર.

૧. વાંસદા તાલુકાની તમામ જનતાને જણાવવાનું કે કોલેરાના રોગથી પીડીત ઈસમ જણાય અગર કોલેરાના કોઈ કેસ માલુમ પડે તે કે તુરત જ તેની ખબર જે તે ગામના તલાટી કમ મંત્રી, સરપંચ શ્રી, કે મામલતદાર કચેરીને કરવી અને તેવા ઈસમોને તુરત જ દવાખાને ખસેડવા તજવીજ કરવી, મકાન સાફસુફ કરી જંતુનાશક દવાથી ધોઈ નાખવું અને સ્વચ્છ રાખવું.

૨. બીન વપરાયેલા જળાશયના પાણીનો ઉપયોગ કરવો નહિ. રોગથી બગડેલા અને કોલેરાના ભોગ બનેલાઓના કપડાં જળાશયમાં ધોવા નહિ.

૩. પીવાના પાણીને ઉકાળીને શુધ્ધ કરીને વાપરવું.

૪. શાકભાજી, તેમજ ફળફળાદી વેચનારોઓએ કોહેલા, સડી ગયેલા ફળફળાદી, શાકભાજી વેચવી નહિ.

૫. લારીવાળાઓએ રાંધેલા અનાજ, વટાણા, પકોડી, પુરી, દહીં-વડા વેચવું નહિ.

૬. હોટલ માલીકોએ ચવાણું તેમજ મીઠાઈવાળાઓ અને મટન વેચનારાઓએ ખાદ્યવસ્તુઓ ઢાંકીને રાખીને વેચાણ કરવું.

આ હુકમ જાહેરનામું તારીખ ૨૮મી મે ૧૯૯૮થી ત્રણ (૩) માસ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ રૂા. ૧૦૦૦ અંકે એક હજાર પુરા સુધીના દંડને પાત્ર અથવા ૬ (છ) માસ કેદની સજાને અથવા બન્ને સજાને પાત્ર થશે.

વાંસદા, તારીખ ૨૮મી મે ૧૯૯૮.

એલ. વી. ગામીત,
મામલતદાર -વ- કાર્યપાલક મેજિસ્ટ્રેટ,
અને કોલેરા નિયંત્રણ અધિકારી, વાંસદા.

ભાગ-૧

અસાધારણ રાજયપત્રની યાદી

(ઉદ્યોગ ખાણ અને ઉર્જા વિભાગ, સચિવાલય. ગાંધીનગરના તારીખ ૩૦મી જુન ૧૯૮૭ ના ઠરાવ ક્રમાંક મદન/૧૦૮૫/પ૨૯૫/ડના આધારે)

તારીખ ૪, ૧૧, ૧૮, ૨૫. માહે જુન ૧૯૯૮ના રોજ પૂરા થયેલા અઠવાડીયામાં નીચે જણાવેલ ગુજરાત સરકારના અસાધારણ રાજયપત્રો પ્રસિધ્ધ થયેલા છે.

અનુ. નંબર	અસાધારણ રાજયપત્રનો ક્રમાંક અને તારીખ	હોદ્દો.
૧	૨	૩
૧	૬૯/૯મી માર્ચ ૧૯૯૮	પોલીસ કમીશનર, વડોદરા શહેર.
૨	૭૦/૧૧મી માર્ચ ૧૯૯૮	કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત.
૩	૭૧/૧૨મી માર્ચ ૧૯૯૮	પોલીસ કમીશનર, વડોદરા શહેર
૪	૭૨/૧૨મી માર્ચ ૧૯૯૮	જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા

INDEX

૫	૭૩/૧૨મી માર્ચ ૧૯૯૮	જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ
૬	૭૪/૧૨મી માર્ચ ૧૯૯૮	જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ.
૭	૭૫/૧૨મી માર્ચ ૧૯૯૮	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ. આણંદ.
૮	૭૬/૧૬મી માર્ચ ૧૯૯૮	પોલીસ કમીશ્નર, વડોદરા શહેર.
૯	૭૭/૧૬મી માર્ચ ૧૯૯૮	જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ.
૧૦	૭૮/૧૬મી માર્ચ ૧૯૯૮	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા.
૧૧	૮૫/૨૪મી માર્ચ ૧૯૯૮	કલેકટર, પંચમહાલ, ગોધરા.
૧૨	૮૯/૩૦મી માર્ચ ૧૯૯૮	કલેકટર, પંચમહાલ, ગોધરા.
૧૩	૯૮/૧૩મી એપ્રિલ ૧૯૯૮	જિલ્લા મેજિસ્ટ્રેટ. આણંદ
૧૪	૧૦૫/૬ઠ્ઠી મે ૧૯૯૮	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા.
૧૫	૧૦૮/૧૧મી મે ૧૯૯૮	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, નડીયાદ.
૧૬	૧૦૯/૧૨મી મે ૧૯૯૮	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ
૧૭	૧૧૦/૧૨મી મે ૧૯૯૮	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા.
૧૮	૧૧૧/૧૩મી મે ૧૯૯૮	જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા.
૧૯	૧૧૨/૧૬મી મે ૧૯૯૮	પોલીસ કમીશ્નર, વડોદરા શહેર.
૨૦	૧૧૩/૨૨મી મે ૧૯૯૮	જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ (ઉત્તર ગુજરાત)
૨૧	૧૧૪/૨૨મી મે ૧૯૯૮	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ.
૨૨	૧૧૫/૨૨મી મે ૧૯૯૮	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા નડીયાદ
૨૩	૧૨૧/૪થી જુન ૧૯૯૮	ડીસ્ટ્રીકટ અને સેસન્સ જજ અને પ્રેસીડન્ટ બોર્ડ ઓફ અપીલ્સ, વડોદરા.
૨૪	૧૨૪/૫મી જુન ૧૯૯૮	ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટ, પાટણ.
૨૫	૧૨૬/૮મી જુન ૧૯૯૮	જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા.
૨૬	૧૨૭/૮મી જુન ૧૯૯૮	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, નડીયાદ
૨૭	૧૨૮/૨૦મી જુન ૧૯૯૮	કલેકટર, સાબરકાંઠા, હિંમતનગર.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G-BA 14 | E

©

सत्यमेव जयते

નંબર યુ. એલ. સી. /૬(૧)૨/૧૩૧૦ / કતારગામ/યુનિટ-૨.—જે અર્થે, શ્રીમતી મણીબેન તે વસનજી લાલભાઈની છોકરી એ ધારણ કરેલ ખુલ્લી જમીન સંબંધમાં શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ ની કલમ-૮ (૩) મુજબ શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) બાબતના નિયમો, ૧૯૭૬નાં નિયમ-૫ હેઠળ નિયત કરેલ નમૂના નં. ૩ પ્રમાણેનું તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૧૯૮૨નું મુસદા પત્રક વાંધા રજૂ કરવાની નોટીસ સહીત તેઓને બજાવવામાં આવેલ અને તે સામે તેઓ તરફથી વાંધા રજુ કરવામાં આવેલ હતા અને સદરહુ વાંધાઓ અંગે રૂબરૂ સુનાવણી આપ્યા બાદ તથા તે વિચારણામાં લીધા બાદ કલમ-૯ હેઠળ તારીખ ૬ઠ્ઠી જુન ૧૯૯૮નું આખરી પત્રક કલમ-૮ (૩)માં ઠરાવ્યા અનુસાર બજાવવામાં આવેલ છે.

વાસ્તે, ઉપરોક્ત ધારાની કલમ-૧૦ (૧) અન્વયે મળેલ અધિકારની રૂએ, હું, આથી જાહેર કરૂં છું કે (૧) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીન ગુજરાત રાજ્ય સરકાર સંપાદન કરનાર છે, અને (૨) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીનમાં હિત ધરાવતા ઈસમો તેમના હક્ક, દાવા જાતે અગર તેમના પ્રતિનિધિ મારફત જમીનમાંના તેમના હિતના પ્રકાર અને વિગતો સાથે નીચે સહી કરનાર સમક્ષ આ જાહેરનામું ગુજરાત સરકારના રાજ્યપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી દિન-૩૦ માં કરી શકશે.

પરિશિષ્ટ

અનુ. નંબર	જમીન ધારકનું નામ	ગામ	તાલુકો	જમીનની વિગત		શેરો
				પ્લોટ નંબર	ક્ષેત્રફળ (ચોરસ મીટરમાં)	
૧	૨	૩	૪	૫-અ	૫-બ	૬
૧	શ્રી મણીબેન, તે વસનજી લાલભાઈની છોકરી	કતારગામ	ચોર્યાસી	૧૫૦પૈકી	૧૮૦૨૬	

સુરત, તારીખ ૯મી જૂન ૧૯૯૮.

આર. સી. કંસારા,
સક્ષમ અધિકારી અને નાયબ કલેકટર,
શહેરી જમીન ટોચમર્યાદા, સુરત.

Notification

THE URBAN LAND (CEILING AND REGULATION) ACT, 1976.

[Section 10 (1) *read* with Rule (6)]

No. ULC-6 (i) / 1009 / Magob-03-Unit-3.—Whereas draft statement dated 30th May, 1995 was served on Shri Magob Gam Samast's Administrator Committeis Power of Attorney Ganpatsinh Gambhir sinh under sub-section 3 of Section 8 of the Urban Land Ceiling and Regulation) Act 1976, In Form III appended to rule 5 of the Urban (Land Ceiling and Regulation) Rules 1976, in respect of the vacant land held by him with a notice inviting the objection to the draft statement and whereas the objections to the draft statement were received from him and after hearing the party and considering the objections, a final statement dated 31st March, 1998 under section 9 was served on him in the manner refered to in the said sub-section 3 of section 8.

Now, therefore, in exercise of the power conferred on me under sub-sectiot (*1*) of section 10 of the said Act I hereby notify that :—

(i) The vacant land as specified in the Schedule appended herewith is to be acquired by the Government of Gujarat, and

(ii) All the person interested in the vacant land, specified in the Schedule may file their claims in respect of the said land, personally or through their agents giving particulars of the nature of their interest in said land before the undersigned with in 30 days from the date of publication of this notication in the Gujarat Government Gazette.

INDEX

SCHEDULE

Details of the vacant land held by the person in excess of the ceiling limit.

Sr. No.	Name of the Holder	Village	Taluka	Survey No. Final Plot No.	Details of land: Area in Sq. Mts.	Remarks
1	2	3	4	5(a)	5(b)	6
1.	Magob Gam Samast's Administrator committe's power Attorney Ganpatsinh Gambhirsinh Chauhan Ras-Magob Taluka Chorasi.	1. Magob	Chorasi	Sr. No. 4-A Block No. 10 and 10/1.	13.925–73	

Surat, 18th June, 1998.

C. J. PATEL,
Competent Authority and Deputy Collector,
Urban Land Ceiling, Surat.

જાહેરનામું

(કલમ-૧૦(૧) તથા નિયમ-૬ અનુસાર શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૩.

નંબર યુ. એલ. સી. / ૬ (૧) ૬/૧૦૦૯/મગોબ/યુનિટ-૩.— જે અર્થે, શ્રી મગોબ ગામ સમસ્તના વહીવટકર્તા કમિટી સભ્યોના પાવરદાર ગણપતસિહ ગંભીરસિહ ચૌહાણએ ધારણ કરેલ ખુલ્લી જમીન સંબંધમાં શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ ની કલમ-૮ (૩) મુજબ શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) બાબતના નિયમો ૧૯૭૬ નાં નિયમ-૫ હેઠળ નિયત કરેલ નમૂના નં. ૩ પ્રમાણેનું તારીખ ૩૦મી મે, ૧૯૯૫ નું મુસદ્દા પત્ર વાંધા રજૂ કરવાની નોટીસ સહીત તેઓને બજાવવામાં આવેલ અને તે સામે તેઓ તરફથી વાંધા રજુ કરવામાં આવેલ હતા અને સદરહું વાધાઓ અંગે રૂબરૂ સુનાવણી આપ્યા બાદ તથા તે વિચારમાં લીધા બાદ કલમ--૯ હેઠળ તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૮ નું આખરી પત્રક કલમ-૮ (૩) માં ઠરાવ્યા અનુસાર બજાવવામાં આવેલ છે.

INDEX

વાસ્તે, ઉપરોક્ત ધારાની કલમ-૧૦(૧) અન્વયે મળેલ અધિકાર રૂએ, હું આથી જાહેર કરું છું કે :— (૧) આ સાથેના પરિશિ માં જણાવેલ ખુલ્લી જમીન ગુજરાત રાજ્ય સરકાર સંપાદન કરનાર છે, અને (૨) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીનમાં હિત ધરાવતા ઈસમો તેમના હક્ક, દાવા જાતે અગર તેમના પ્રતિનિધિ મારફત જમીનમાંના તેમના હિતના પ્રકાર અને વિગતો સાથે નીચે સહી કરનાર સમક્ષ આ જાહેરનામું ગુજરાત સરકારના રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી દિન--૩૦ માં કરી શકશે.

પરિશિષ્ટ

અનુ. નંબર	જમીન ધારકનું નામ	ગામ	તાલુકો	સર્વે નંબર / ફાઈનલ પ્લોટ નંબર	જમીનની વિગત ક્ષેત્રફળ ચોરસ મીટરમાં	શેરો
૧	૨	૩	૪	૫--અ	૫--બ	૬
(૧)	મગોબ ગામ સમસ્તના વ. ક. કમિટિના સભ્યોના પાવરદાર ગણપતસિહ ગંભીરસિહ ચૌહાણ, રહે. મગોબ, તા. ચોર્યાસી.	મગોબ	ચોર્યાસી	સ. નં. ૪/અ બ્લોક નં. ૧૦ તથા ૧૦/૧.	૧૩,૯૨૫-૭૩ચો.મી.	

સુરત, તારીખ ૧૮મી જુન, ૧૯૯૮.

સી. જે. પટેલ,
સક્ષમ અધિકારી અને નાયબ કલેક્ટર,
શહેરી જમીન ટોચમર્યાદા, સુરત.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G-BA 14 I E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] THURSDAY, JULY 16, 1998 / ASADHA 25, 1920 [No. 29

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part-I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notification, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders other than those published in Part I A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	252-265
Part I-A	Orders and Notifications, (other than those published in Part IV-B) under the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette.	29
Part I-B	Government Notifications published under Land Acquisition Act only.	509-512
Part I-L	Notifications, Orders and Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.	1477-1546

MISCELLANEOUS, NOTIFICATIONS AND APPOINTENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ (૩૭) (૧) નો હુકમ.

નંબર ઉ/ગપક/૩૯૮/વિ. શા. / ૧૯૯૮.—અમદાવાદ શહેરની પરિસ્થિતિ લક્ષમાં લઈ જાહેર શાંતિ અને સલામતી જાળવવા પગલાં લેવા જરૂરી છે. તેમજ અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત નીચેના વિસ્તારમાં બનતાં ગુન્હાઓમાં છરી, ચપ્પા, ખંજર, તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે. અને આવા હથિયારોથી ગુન્હા બનતા હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, હિરાલાલ, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧લી જુલાઈ ૧૯૭૮ થી તારીખ ૩૧મી ઓગસ્ટ ૧૯૯૮ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદૂક, ખંજર, તથા સામાન્ય રીતે રામપુરી બનાવટના કોઈપણ જાતનું ચપ્પુ જેને અઢી ઈંચથી વધારે લાંબા છેડેથી અણીવાળું પાનું હોય તેવા ચપ્પા સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું તેમજ લાકડી અથવા લાઠી અથવા શારીરીક ઈજા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની

(ખ) કોઈપણ શરીરને હાનિકારક અથવા સ્ટોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ગગ) સળગતી અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(ઘ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(ચ) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની.

(છ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવાની તથા ચિત્રો નિશાનીઓ જાહેર ખબરો અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની આવા અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વિગેરે કરવાની અને તેના ચિન્હો નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર :—અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમને જેના ઉપરી અધિકારીઓએ આવા કોઈપણ હથિયાર સાથે લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહી.

(૩) પોલીસ કમિશનર અથવા અધિકૃત કરેલ કોઈપણ અધિકારીઓએ જેને શારીરીક અશકિતના કારણે લાકડી, અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી માગેલ હોય તો તેવી વ્યકિતઓને લાગુ પડશે નહી.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૧૩૫ની પેટા-કલમ (૧) હેઠળ ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની અને દંડની અને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ ના અધિનિયમ નંબર ૪૫) ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૫મી જુન ૧૯૯૮ના રોજ મારી સહી સિકકો કરી આપ્યા.

હિરાલાલ,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

———

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ માંની કલમ ૩૭ (૧) અન્વયેનું.

ક્રમાંક ઉ/ગપક/એસ.બી./જાહેરનામું/૩૧/૯૮.— સુરત શહેરમાં શાંતી અને સલામતી જાળવવા પગલાં લેવા જરૂરી જણાતું હોવાથી વાસ્તે હું મની રામ, આઈ. પી. એસ. પોલીસ કમિશ્નર સુરત શહેર મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ માંની પેટા કલમ ૩૭ (૧)થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૪મી જુન ૧૯૯૮ કલાક ૦૦-૦૦ થી તારીખ ૮મી જુલાઈ ૧૯૯૮ કલાક ૨૪-૦૦ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટી, લાકડી, ચપ્પુ, અથવા શારીરીક ઈજા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજ વસ્તુ લઈ જવાની.

(ખ) કોઈપણ સ્ફોટક અથવા ક્ષયકારી પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની

(ચ) વ્યકિતઓ અથવા તેના શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(છ) લોકોએ બુમો પાડવાની ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની

(જ) જે છટાદાર ભાષણ આપવાથી ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા નિશાનીઓ જાહેરખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાથી અથવા અધિકારીના અભિપ્રાય માટે પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાથી અથવા ચાળા વિગેરે કરવાની અથવા ચિત્રો નિશાનીઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર :—સુરત શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમનો ખંડ (ક) નીચેના વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમને ઉપરી અધિકારીઓએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથીયાર લઈ જવાની ફરજ હોય તે વ્યકિતને.

(૨) પોલીસ કમિશ્નર અથવા તેમણે અધિકૃત કરેલા કોઈપણ અધિકારીએ જેને અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓને.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર (૪) માસની અને વધુમાં વધુ (૧) એક વર્ષની સજા અને દંડની સજાને મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૩મી જુન ૧૯૯૮ ના રોજ મારી સહી સિકકા કરી આપેલ છે.

———

INDEX

જાહેરનામું

નંબર ઉ/ગપક/શેરી ક્રિકેટ/૧૪૮૬૧/૧૯૯૮.—સુરત શહેરમાં આવેલ જાહેર માર્ગો તથા ગલીઓ તેમજ શેરીઓમાં રોડ ઉપર સ્ટમ્પ ગોઠવી કેટલાંક લોકો તથા છોકરાઓ ક્રિકેટની રમત તથા બીજી રમતો રમતાં હોય છે. જેથી વાહન વ્યવહાર તથા અવર-જવર કરતાં લોકોને અવરોધ ઉભો થઈ અકસ્માતો થવાની સંભાવના રહે છે. તે ઉપરાંત બોલ ઉછળીને જતો હોઈ આવતાં જતાં લોકોને વાગવા તથા જાહેર માલ મિલકતને નુકશાન થવાનો સંભવ રહે છે. જેથી જાહેર સલામતી ખાતર રસ્તામાં તથા શેરીઓમાં ક્રિકેટની રમત તેમજ બીજી રમતો રમવા ઉપર જાહેર હિત જળવાય રહે તે માટે પ્રતિબંધ મુકવો જરૂર જણાય છે.

આથી હું, મનીરામ (આઈ. પી. એસ.), પોલીસ કમિશનર, સુરત શહેર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ નીં પેટા-કલમ (૧) (બ) થી મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે સુરત મહાનગરપાલિકા વિસ્તારની હદમાં કોઈપણ વ્યકિતએ જાહેર વિસ્તારમાં અથવા જગ્યાઓ તથા શેરીઓમાં ક્રિકેટની કે બીજી રમત રમવી નહી. અગર રમાડવી નહી.

ઉપરના હુકમનો ભંગ કે અનાદર કરનાર વ્યકિત સદરહું અધિનિયમની કલમ-૧૩૧ મુજબ રૂા. ૫૦. સુધીના દંડની તેમજ ઇન્ડિયન પીનલ કોડની કલમ ૧૮૮ હેઠળ છ મહિના સુધી ની બે માંથી કોઇ પ્રકારની કેદન અથવા એક હજાર રૂપિયા સુધન દંડન **અથવા તે બન્ને** શિક્ષાને પાત્ર થશે.

તારીખ ૨૩મી જુન ૧૯૯૮ ના રોજ મારી સહી સિકકા કર્યા.

મનીરામ,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

BY DISTRICT JUDGE

Notiffification

No. B-46 (ii) 963 of 1998.—The following Judicial Officer working in this from availing of Summar vacation 1998 commencing from 11th May 1998 to 14th June 1998 for the period shown against their respective names under Rule 741 of the Bombay Civil services Rules 1959 ...

Sr. No.	Name and Designation of Judicial Officer	Period for which prevented	No. of days
1	2	3	4
1	Shri P. M. Atodaria, Civil Judge, Sr. Dn., Bharuch.	25th May 1998 to 31st May 1998	7
2	Shri I. C. Shah, Chief Judicial Magistrate, Bharuch.	11th May 1998 to 27th May 1998 8th June 1998 to 14th June 1998	24
3	Shri M. R. Gohil, 2nd Joint Civil Judge, Sr. Dn., Bharuch.	11th May 1998 to 31st May 1998	21
4	Shri K. K. Vaishya, 3rd Joint Civil Judge, Sr. Dn., Bharuch.	11th May 1998 to 31st May 1998	21
5	Shri P. M. Pandya, 4th Joint Civil Judge, Sr. Dn., Bharuch.	11th May 1998 and 12th May 1998 21st May 1998 to 14th June 1998	27
6	Shri J. N. Patel, 5th Joint Civil Judge, Sr. Dn., Bharuch.	11th May 1998 to 24th May 1998 1st June 1998 to 14th June 1998	28
7	Shri P. H. Gohil, Jt. Civil Judge Jr. Dn. and J.M.F.C, Bhruch.	11th May 1998 to 12th May 1998 22nd May 1998 to 14th June 1998	26
8	Shri A. R. Patel, 2nd Jt. Civil Judge, Jr. Dn. and J. M. F. C., Bharuch.	11th May 1998 to 31st May 1998 8th June 1998 to 14th June 1998	28
9	Smt. M. R. Shah, 3rd Jt.civil Judge, Jr. Dn. and J. M. F. C., Bharuch.	11th May 1998 to 24th May 1998 1st June 1998 to 5th June 1998 11th June 1998 to 14th June 1998	23
10	Shri H. J. Joshi. Civil Judge Jr. Dn., and J.M.F.C., Jambusar	11th May 1998 to 31st May 1998	21
11	Shri R. L. Thakkar, Joint Civil Judge Jr. Dn. and J. M. F. C. Jambusar.	11th May 1998 to 24th May 1998 1st June 1998 to 14th June 1998	28
12	Shri K. K. Patel, Civil Judge Jr. Dn., and J. M. F. C., Ankhleshwar,	11th May 1998 to 31st May 1998	21
13	Kum. S. K. Baxi, Jt. Civil Judge Jr. Dn., and J. M. F. C. Ankleshwar.	18th May 1998 to 24th May 1998 1st June 1998 to 14th June 1998	21

INDEX

1	2	3	4
14	Shri M. J. Indrekar, 2nd Jt. Civil Judge Jr. Dn. and J. M. F. C., Ankleshwar.	11th May 1998 to 17th May 1998 25th May 1998 to 14th June 1998	28
15	Shri B. S. Upadhyay, Civil Judge Jr., Dn. and J. M. F. C., Jhagadia.	11th May 1998 to 24th May 1998 1st June 1998 to 7th June 1998	21
16	Shri B. S. Parmar, Civil Judge, Jr. Dn. and J.M.F.C., Valia.	11th May 1998 to 17th May 1998 25th May 1998 to 14th June 1998	28
17	Shri P. M. Patel, Civil Judge Jr. Dn. and J. M. F. C., Rajpipla.	25th May 1998 to 14th June 1998	21
18	Shri S. V. Parekh, Jt., Civil Judge Jr. Dn., and J. M. F. C., Rajpipla.	11th May 1998 to 31st May 1998	21
19	Shri K. M. Patel, P. S. to District Judge, Bharuch.	11th May 1998 to 31st May 1998 8th June 1998 to 14th June 1998	28
20	Shri C. C. Khatri, P. S. to District Judge, Bharuch.	11th May 1998 to 24th May 1998 1st June 1998 to 14th June 1998	28

Bharuch, 19th June 1998.

V. C. VYAS,
District Judge,
Bharuch.

જિલ્લા ન્યાયાધીશ દ્વારા

જાહેરનામું

ક્રમાંક બી-૪૬(ii)/૯૬૩/૧૯૯૮.—મુંબઈ રાજ્ય સેવા નિયમોના પ્રથમ ભાગના ફકરા ૭૪૧ અન્વયે ભરૂચ જિલ્લાના નીચે જણાવેલ સીવીલ જજ અને જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, ફ. ક. ને તેમની સામે જણાવેલ સમય માટે સને ૧૯૯૮ નાં ઉનાળું વેકેશન જે તારીખ ૧૧મી મે ૧૯૯૮ થી ૧૪મી જુન ૧૯૯૮ (બંને દિવસો સહિત) જાહેર કરવામાં આવેલ તે દરમ્યાન તેઓને આસન નંબર-૩ માં જણાવેલ સમય માટે વેકેશન ભોગવવા માટે અટકાયત કરવામાં આવેલ છે.

અનુ. નંબર ૧	જજનું નામ તથા હોદ્દો ૨	વેકેશન ભોગવવા માટે અટકાયત કરવામાં આવેલ તે સમય ૩	કુલ દિવસ ૪
૧	શ્રી પી. એમ. અટોદરીયા, સીવીલ જજ, સી. ડી., ભરૂચ.	૨૫મી મે ૧૯૯૮ થી ૩૧મી મે ૧૯૯૮	૭
૨	શ્રી આઈ. સી. શાહ, ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, ભરૂચ.	૧૧મી મે ૧૯૯૮ થી ૨૭મી મે ૧૯૯૮ ૮મી જુન ૧૯૯૮ થી ૧૪મી જુન ૧૯૯૮	૨૪
૩	શ્રી એમ. આર. ગોહીલ, બીજા જોઈન્ટ સીવીલ જજ, સી. ડી., ભરૂચ.	૧૧મી મે ૧૯૯૮ થી ૩૧મી મે ૧૯૯૮	૨૧
૪	શ્રી કે. કે. વૈશ્ય, ત્રીજા જોઈન્ટ સીવીલ જજ, સી. ડી. ભરૂચ.	૧૧મી મે ૧૯૯૮ થી ૩૧મી મે ૧૯૯૮	૨૧
૫	શ્રી પી. એમ. પંડ્યા, ચોથા જોઈન્ટ સીવીલ જજ, સી. ડી., ભરૂચ.	૧૧મી મે ૧૯૯૮ થી ૧૨મી મે ૧૯૯૮ ૨૧મી મે ૧૯૯૮ થી ૧૪મી જુન ૧૯૯૮	૨૭
૬	શ્રી જે. એન. પટેલ, પાંચમાં જોઈન્ટ સીવીલ જજ, સી. ડી., ભરૂચ.	૧૧મી મે ૧૯૯૮ થી ૨૪મી મે ૧૯૯૮ ૧લી જુન ૧૯૯૮ થી ૧૪મી જુન ૧૯૯૮	૨૮
૭	શ્રી પી. એચ. ગોહીલ, જોઈન્ટ સીવીલ જજ, જુ. ડી., અને જ્યુ. મેજી. ફ. ક., ભરૂચ.	૧૧મી મે ૧૯૯૮ થી ૧૪મી મે ૧૯૯૮ ૨૨મી મે ૧૯૯૮ થી ૧૪મી જુન ૧૯૮૮	૨૬
૮	શ્રી એ. આર. પટેલ, બીજા જોઈન્ટ સીવીલ જજ, જુ. ડી., અને જ્યુ. મેજી. ફ. ક. ભરૂચ	૧૧મી મે ૧૯૯૮ થી ૩૧મી મે ૧૯૯૮ ૮મી જુન ૧૯૯૮ થી ૧૪મી જુન ૧૯૯૮	૨૮
૯	શ્રીમતી એમ. આર. શાહ, ત્રીજા જોઈન્ટ સીવીલ જજ, જુ. ડી., અને જ્યુ. મેજી. ફ.ક., ભરૂચ	૧૧મી મે ૧૯૯૮ થી ૨૪મી મે ૧૯૯૮ ૧લી જુન ૧૯૯૮ થી ૫મી જુન ૧૯૯૮ ૧૧મી જુન ૧૯૯૮ થી ૧૪મી જુન ૧૯૯૮	૨૩

INDEX

૧	૨	૩	૪
૧૦	શ્રી એચ. જે. જોષી. સીવીલ જજ, જુ. ડી., અને જ્યુ. મેજી. ફ. ક., જંબુસર	૧૧મી મે ૧૯૯૮ થી ૩૧મી મે ૧૯૯૮	૨૧
૧૧	શ્રી આર. એલ. ઠક્કર. જોઈન્ટ સીવીલ જજ, જુ. ડી. અને જ્યુ. મેજી. ફ. ક., જંબુસર	૧૧મી મે ૧૯૯૮ થી ૨૪મી મે ૧૯૯૮ ૧લી જુન ૧૯૯૮ થી ૧૪મી જુન ૧૯૯૮	૨૮
૧૨	શ્રી કે. કે. પટેલ. સીવીલ જજ, જુ. ડી. અને જ્યુ. મેજી. ફ. ક., અંકલેશ્વર	૧૧મી મે ૧૯૯૮ થી ૩૧મી મે ૧૯૯૮	૨૧
૧૩	કુ. એસ. કે. બક્ષી, જોઈન્ટ સીવીલ જજ જુ. ડી. અને જ્યુ. મેજી. ફ. ક., અંકલેશ્વર	૧૮મી મે ૧૯૯૮ થી ૨૪મી મે ૧૯૯૮ ૧લી જુન ૧૯૯૮ થી ૧૪મી જુન ૧૯૯૮	૨૧
૧૪	શ્રી એમ. જે. ઈન્દ્રેકર. બીજા જોઈન્ટ સીવીલ જજ, જુ. ડી. અને જ્યુ. મેજી. ફ. ક. અંકલેશ્વર.	૧૧મી મે ૧૯૯૮ થી ૧૭મી મે ૧૯૯૮ ૨૫મી મે ૧૯૯૮ થી ૧૪મી જુન ૧૯૯૮	૨૮
૧૫	શ્રી બી. એસ. ઉપાધ્યાય. સીવીલ જજ, જુ. ડી. અને જ્યુ. મેજી. ફ. ક., ઝઘડીઆ	૧૧મી મે ૧૯૯૮ થી ૨૪મી મે ૧૯૯૮ ૧લી જુન ૧૯૯૮ થી ૭મી જુન ૧૯૯૮	૨૧
૧૬	શ્રી બી. એસ. પરમાર. સીવીલ જજ, જુ. ડી. અને જ્યુ. મેજી. ફ. ક., વાલીઆ.	૧૧મી મે ૧૯૯૮ થી ૧૭મી મે ૧૯૯૮ ૨૫મી મે ૧૯૯૮ થી ૧૪મી જુન ૧૯૯૮	૨૮
૧૭	શ્રી પી. એમ. પટેલ. ... ... સીવીલ જજ, જુ. ડી. અને જ્યુ. મેજી. ફ.ક., રાજપીપળા	૨૫મી મે ૧૯૯૮ થી ૧૪મી જુન ૧૯૯૮	૨૧
૧૮	શ્રી એસ. વી. પારેખ જોઈન્ટ સીવીલ જજ, જુ. ડી., અને જ્યુ. મેજી. ફ.ક., રાજપીપળા	૧૧મી મે ૧૯૯૮ થી ૩૧મી મે ૧૯૯૮	૨૧
૧૯	શ્રી કે. એમ. પટેલ. પી. એસ. ટુ ડીસ્ટ્રીક્ટ જજ, ભરૂચ.	૧૧મી મે ૧૯૯૮ થી ૩૧મી મે ૧૯૯૮ ૮મી જુન ૧૯૯૮ થી ૧૪મી જુન ૧૯૯૮	૨૮
૨૦	શ્રી સી. સી. ખત્રી. પી. એસ. ટુ. ડીસ્ટ્રીક્ટ જજ, ભરૂચ.	૧૧મી મે ૧૯૯૮ થી ૩૧મી મે ૧૯૯૮ ૧લી જુન ૧૯૯૮ થી ૧૪મી જુન ૧૯૯૮	૨૮

ભરૂચ, તારીખ ૧૯મી જુન ૧૯૯૮.

વી. સી. વ્યાસ,
જિલ્લા ન્યાયાધીશ,
ભરૂચ.

Notification

No. CB. 925 of 1998.— In pursuance of the provisions of Rule 743 of B. C. S. Rules, it is hereby certified that the following Civil Judges and Judicial Magistrate, First Class of Vadodara District shown in Column No. 2 were prevented from availing of the part of the Summer Vacation of 35 days from 11th May, 1998 to 14th June, 1998 notified for the Courts of Vadodara District Vide Notification No. CB. 435/98, dated 26th March, 1998 as shown in Column No. 3 against their names.

Sr. No. 1	Name and Designation of the Judge 2	Period for which prevented from availing of Vacation 3
1	Shri F. A. Gadhvi, Judge, Small Cause Court, Vadodara.	11th May, 1998 to 17th May, 1998.
2	Shri A. J. Brahmbhatt, Additional Judge, Small Cause Court, Vadodara.	1st June, 1998 to 14th June, 1998.
3	Miss D. V. Vashi, 2nd Additional Judge, Small Cause Court, Vadodara.	18th May, 1998 to 31st May, 1998.
4	Shri R. G. Chaudhary, Civil Judge (S. D.), Vadodara.	Not presented.
5	Shri D. T. Garasia, Chief Judicial Magistrate, Vadodara.	15th May, 1998 to 18th May, 1998 and 20th May, 1998 to 26th May, 1998 and 28th May, 1998 to 5th June, 1998.

INDEX

1	2	3
6	Smt. M. D. Bhatt, 2nd Joint Civil Judge (S. D.), Vadodara.	Not presented.
7	Shri P. A. Dave, 3rd Joint Civil Judge (S. D.), Vadodara.	11th May, 1998 to 24th May, 1998.
8	Shri M. G. Padhiyar, 4th Joint Civil Judge (S. D.), Vadodara.	Not presented.
9	Shri K. A. Patel, 5th Joint Civil Judge (S. D.), Vadodara.	25th May, 1998 to 7th June, 1998.
10	Shri J. S. Nalierwala, 6th Joint Civil Judge (S. D.), Vadodara.	Not presented.
11	Shri A. G. Raval, 7th Joint Civil Judge (S. D.), Vadodara.	25th May, 1998 to 7th June, 1998.
12	Shri P. U. Patel, 8th Joint Civil Judge (S. D.), Vadodara.	11th May, 1998 to 24th May, 1998.
13	Smt. H. S. Joshi, 9th Joint Civil Judge (S. D.), Vadodara.	1st June, 1998 to 14th June, 1998.
14	Shri R. M. Parikh, Joint Civil Judge (J. D.), Vadodara.	11th May, 1998 to 18th May, 1998 and 20th May, 1998 to 14th June, 1998.
15	Shri S. M. Mehta, 2nd Joint Civil Judge (J. D.), and J. M. F. C., Vadodara.	11th May, 1998 to 17th May, 1998 and 25th May, 1998 to 31st May, 1998 and 8th June, 1998 to 9th June, 1998.
16	Shri H. N. Kazi, 3rd Joint Civil Judge (J. D.), and J. M. F. C., Vadodara.	25th May, 1998 to 8th June, 1998.
17	Shri P. A. Patel, 4th Joint Civil Judge (J. D.), and J. M. F. C., Vadodara.	11th May, 1998 to 24th May, 1998 and 8th June, 1998 to 14th June, 1998.
18	Shri B. P. Pujara, 5th Joint Civil Judge, (J. D.) and J. M. F. C. Vadodara.	11th May 1998 to 7th June 1998
19	Miss S. V. Pinto, 6th Joint Civil Judge (J. D.) and J. M. F. C., Vadodara,	11th May 1998 to 24th May 1998 and 8th June 1998 to 14th June 1998
20	Shri V. R. Raval, 7th Joint Civil Judge (J. D.) and J. M. F. C., Vadodara.	11th May 1998 to 17th May 1998 and 1st June 1998 to 14th June 1998
21	Miss M. M. Patel, 8th Joint Civil Judge (J. D.) and J. M. F. C., Vadodara	11th May 1998 to 4th June 1998
22	Miss D. L. Desai, J. M. F. C., 1st, Court, Vadodara.	11th May 1998 to 31st May 1998
23	Shri D. K. Trivedi, J. M. F. C. 2nd Court, Vadodara.	11th May 1998 to 31st May 1998
24	Smt. D. Y. Patel, J. M. F. C., 3rd Court, Vadodara.	13th May 1998 to 17th May 1998 and 25th May 1998 to 7th June 1998
25	Shri D. J. Shah, J. M. F. C., 4th Court, Vadodara	18th May 1998 to 24th May 1998 and 1st June 1998 to 14th June 1998

1	2	3
26	Shri M. M. Gamit, J. M. F. C., (Municipal) Court, Vadodara.	11th May 1998 to 17th May 1998 and 29th May 1998 to 7th June 1998
27	Shri M. V. Zala, J. M. F. C., (Traffic) Court, Vadodara.	11th May 1998 to 20th May 1998 and 22nd May 1998 to 24th May 1998 and 1st June 1998 to 14th June 1998
28	Shri N. M. Vyas, Civil Judge (J. D.) and J. M. F. C., Chhotaudepur.	11th May 1998 and 18th May 1998 to 14th June 1998
29	A. I. Shaikh, Joint Civil Judge (J. D.) and J. M. F. C., Chhotaudepur	11th May 1998 to 13th May 1998 and 19th May 1998 to 4th June 1998 and 7th June 1998 to 14th June 1998
30	Shiri D. D. Parmar. Civil Judge (J. D.) and J. M. F. C., Sankheda.	11th May 1998 to 17th May 1998 and 25th May 1998 to 2nd June 1998 and 4th June 1998 to 14th June 1998
31	Shri J. H. Joshi Joint Civil Judge (J. D.) and J. M. F. C., Sankheda	11th May 1998 to 28th May 1998 30th May 1998, 8th June 1998 to 14th June 1998
32	Shri F. Y. Ghachibhai, Civil Judge (J. D.) and J. M. F. C., Dabhoi.	18th May 1998 to 14th June 1998
33	Shri S. J. Raje, Joint Civil Judge, (J. D.) and J. M. F. C., Dabhoi	11th May 1998 to 24th May 1998 and 8th June 1998 to 14th June 1998
34	Shri M. P. Patel, Civil Judge (J. D.) and J. M. F. C., Sinor,	25th May 1998 to 2nd June 1998 4th June 1998 to 14th June 1998
35	Shri P. C. Thakar Civil Judge (J. D.) and J. M. F. C., Karjan	11th May 1998 to 31st May 1998
36	Shri S. S. Brahmbhatt, Joint Civil Judge (J. D.) and J. M. F. C., Karjan	11th May 1998 to 17th May 1998 and 25th May 1998 to 29th May 1998 and 1st June 1998 to 14th June 1998
37	Shri D. C. Trivedi, Civil Judge (J. D.) and J. M. F. C., Padra,	11th May 1998 to 14th June 1998
38	Shri D. B. Patel Civil Judge (J. D.) and J. M. F. C., Savli	12th May 1998 to 17th May 1998 to 7th June 1998
39	Shri P. Vl. Joshi, Joint Civil Judge (J. D.) and J. M. F. C., Savli,	11th May 1998 to 24th May 1998 and 8th June 1998 to 14th June 1998.

Vadodara, 19th June 1998.

D. P. BUCH,
District Judge,
Vadodara.

જિલ્લા ન્યાયાધિશ દ્વારા

જાહેરનામું

ક્રમાંક સીબી/૯૨૫/૧૯૯૮ —મુંબઇ રાજ્ય મુલ્કી સેવા નિયમોના નિયમ-૭૪૩ અન્વયે આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે નીચે આસન નં. ૨ માં જણાવેલા વડોદરા જિલ્લાની દિવાની ન્યાયાધીશો અને પ્રથમ વર્ગના મેજિસ્ટ્રેટોને આ ઓફિસના જાહેરનામા ક્રમાંક ૪૩૫/૯૮, તારીખ ૨૬મી માર્ચ ૧૯૯૮ થી વડોદરા જિલ્લાની અદાલતો માટે તારીખ ૧૧મી મે ૧૯૯૮ થી તારીખ ૧૪મી જુન ૧૯૯૮ સુધી ૩૫ દિવસના જાહેર કરેલ ઉનાળું વેકેશન દરમ્યાન તેમની સામે આસન નં. ૩માં જણાવેલ સમય દરમ્યાન વેકેશન ભોગવતા અટકાવવામાં આવેલ હતાં.

અનુ. નંબર	ન્યાયાધિશનું નામ અને હોદ્દો	વેકેશનનો લાભ લેતા અટકાવવામાં આવ્યા તે સમય
૧	૨	૩
૧	શ્રી એફ. એ. ગઢવી. જજ, સ્મોલ કોઝ કોર્ટ, વડોદરા. ...	... ૧૧મી મે ૧૯૯૮ થી ૧૭મી મે ૧૯૯૮
૨	શ્રી એ. જે. બ્રહ્મભટ્ટ, એડીશનલ જજ, સ્મોલ કોઝ કોર્ટ, વડોદરા.	... ૧લી જુન ૧૯૯૮ થી ૧૪મી જુન ૧૯૯૮

INDEX

૧	૨	૩
૩	મીસ ડી. વી. વશી, બીજા એડીશનલ જજ, સ્મોલ કોઝ કોર્ટ, વડોદરા.	... ૧૮ની મે ૧૯૯૮ થી ૩૧ની મે ૧૯૯૮
૪	શ્રી આર. જી. ચૌધરી, ... સીવીલ જજ, સી. ડી. વડોદરા.	... વેકેશનમાં લેતાં અટકાવ્યાં નથી.
૫	શ્રી ડી. ટી. ગરાસીયા, ... ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, વડોદરા.	... ૧૫ની મે ૧૯૯૮ થી ૧૮મી મે ૧૯૯૮ ... ૨૦ની મે ૧૯૯૮ થી ૨૬મી મે ૧૯૯૮ ૨૮ની મે ૧૯૯૮ થી ૫મી જૂન ૧૯૯૮
૬	શ્રીમતી એમ. ડી. ભટ્ટ, બીજા જોઈન્ટ સીવીલ જજ, સી. ડી, વડોદરા.	વેકેશનમાં લેતાં અટકાવ્યા નથી.
૭	શ્રી પી. એ. દવે, ... ત્રીજા જોઈન્ટ સીવીલ જજ, સી. ડી., વડોદરા.	... ૧૧ની મે ૧૯૯૮ થી ૨૪ની મે ૧૯૯૮
૮	શ્રી એમ. જી. પઢીયાર, ... ચોથા જોઈન્ટ સીવીલ જજ, સી. ડી., વડોદરા.	... વેકેશન લેતા. અટકાવ્યા નથી.
૯	શ્રી કે. એ. પટેલ, પાંચમા જોઈન્ટ સીવીલ જજ, સી. ડી. વડોદરા.	૨૫ની મે ૧૯૯૮ થી ૭મી જુન ૧૯૯૮
૧૦	શ્રી જે. એસ. નારીયેલી વાલા, છઠ્ઠી જોઈન્ટ સીવિલ જજ. સી.ડી, વડોદરા.	વેકેશન લેતાં અટકાવ્યા નથી.
૧૧	શ્રી એ. જી. રાવલ, ૭માં જોઈન્ટ સીવીલ જજ, સી. ડી, વડોદરા.	૨૫મી મે ૧૯૯૮ થી ૭મી જુન ૧૯૯૮
૧૨	શ્રી પી. યુ. પટેલ, ૮માં જોઈન્ટ સીવીલ જજ. સી. ડી, વડોદરા.	૧૧મી મે ૧૯૯૮ થી ૨૪મી મે ૧૯૯૮
૧૩	શ્રીમતી એચ. એસ. જોષી, ૯માં જોઈન્ટ સીવીલ જજ, સી. ડી, વડોદરા.	૧લી જુન ૧૯૯૮ થી ૧૪મી જુન ૧૯૯૮
૧૪	શ્રી આર. એમ. પરીખ, જોઈન્ટ સીવીલ જજ, જ્યુ. ડી, વડોદરા.	૧૧મી મે ૧૯૯૮ થી ૧૮મી મે ૧૯૯૮ અને ૨૦મી મે ૧૯૮૮ થી ૧૪મી જુન ૧૯૯૮
૧૫	શ્રી એસ. એમ. મહેતા, બીજા જોઈન્ટ સીવીલ જજ, જ્યુ. ડી વડોદરા.	૧૧મી મે ૧૯૯૮ થી ૧૭મી મે ૧૯૯૮ અને ૨૫મી મે ૧૯૯૮ થી ૩૧મી મે ૧૯૯૮ અને ૮મી જુન ૧૯૯૮ થી ૯મી જુન ૧૯૯૮
૧૬	શ્રી એચ. એન. કાઝી, ત્રીજા જોઈન્ટ સીવીલ જજ, જુ. ડી, વડોદરા.	૨૫મી મે ૧૯૯૮ થી ૮મી જુન ૧૯૯૮
૧૭	શ્રી પી. એ. પટેલ, ચોથા જોઈન્ટ સીવીલ જજ જુ. ડી, વડોદરા.	૧૧મી મે ૧૯૯૮ થી ૨૪મી મે ૧૯૯૮ અને ૮મી જુન ૧૯૯૮ થી ૧૪મી જુન ૧૯૯૮
૧૮	શ્રી બી. પી. પુજારી, છઠ્ઠા જોઈન્ટ સીવીલ જજ, ડી, વડોદરા.	૧૧મી મે ૧૯૯૮ થી ૭મી જુન ૧૯૯૮
૧૯	મીસ એસ. વી. પીન્ટો, છઠ્ઠા જોઈન્ટ સીવીલ જજ, જુ. ડી, વડોદરા	૧૧મી મે ૧૯૯૮ થી ૨૪મી મે ૧૯૯૮ અને ૮મી જુન ૧૯૯૮ થી ૧૪મ જુન ૧૯૯૮.

INDEX

૧	૨	૩
૨૦	વી. આર. રાવલ. ૭માં જોઈન્ટ સીવીલ જજ, જ્યુ. ડી., વડોદરા.	૧૧મી મે ૧૯૯૮ થી ૧૭મી મે ૧૯૯૮ અને ૧લી જુન ૧૯૯૮ થી ૧૪મી જુન ૧૯૯૮
૨૧	મીસ એમ. એમ. પટેલ. ૮માં જોઈન્ટ સીવીલ જજ, જ્યુ. ડી. વડોદરા.	૧૧મી મે ૧૯૯૮ થી ૪થી જુન ૧૯૯૮
૨૨	મીસ ડી. એલ. દેસાઈ. જ્યુડી. મેજી. ફ. ક., પહેલી કોર્ટ, વડોદરા.	૧૧મી મે ૧૯૯૮ થી ૩૧મી મે ૧૯૯૮
૨૩	શ્રી ડી. કે. ત્રિવેદી. જ્યુડી. મેજી. ફ. ક. બીજી કોર્ટ, વડોદરા,	૧૧મી મે ૧૯૯૮ થી ૩૧મી મે ૧૯૯૮
૨૪	શ્રીમતી ડી. વાય. પટેલ. જ્યુડી મેજી. ફ. ક. ત્રીજી કોર્ટ, વડોદરા.	૧૩મી મે ૧૯૯૮ થી ૧૭મી મે ૧૯૯૮ અને ૨૫મી થે ૧૯૯૮ થી ૭મી જુન ૧૯૯૮
૨૫	શ્રી ડી. જે. શાહ. જ્યુડી. મેજી. ફ. ક. ચોથી કોર્ટ, વડોદરા.	૧૮મી મે ૧૯૯૮ થી ૨૪મી મે ૧૯૯૮ ૧લી જુન ૧૯૯૮ થી ૧૪મી જુન ૧૯૯૮
૨૬	શ્રી એમ. એમ. ગામિત. જ્યુડી. મેજી. ફ. ક. મ્યુનિ. કોર્ટ, વડોદરા.	૧૧મી મે ૧૯૯૮ થી ૧૭મી મે ૧૯૯૮ અને ૨૯મી મે ૧૯૯૮ થી ૭મી જુન ૧૯૯૮
૨૭	શ્રી એમ. વી, ઝાલા જ્યુડી. મેજી. ફ. ક., ટ્રાફીક કોર્ટ, વડોદરા.	૧૧મી મે ૧૯૯૮ થી ૨૦મી મે ૧૯૯૮ અને ૨૨મી મે ૧૯૯૮ થી ૨૪મી મે ૧૯૯૮ ૧લી જુન ૧૯૯૮ થી ૧૪મી જુન ૧૯૯૮
૨૮	શ્રી એન. એમ. વ્યાસ સીવીલ જજ, જુ. ડી., છોટાઉદેપુર.	૧૧મી મે ૧૯૯૮ અને ૧૮મી મે ૧૯૯૮ થી ૧૪મી જુન ૧૯૯૮.
૨૯	શ્રી એ. આઈ. શેખ. જોઈન્ટ સીવીલ જજ જુ. ડી., છોટાઉદેપુર.	૧૧મી મે ૧૯૯૮ થી ૧૩મી મે ૧૯૯૮ ૧૯મી મે ૧૯૯૮ થી ૪થી જન ૧૯૯૮ ૭મી જુન ૧૯૯૮ થી ૧૪મી જુન ૧૯૯૮
૩૦	શ્રી ડી. ડી. પરમાર સીવીલ જજ, જુ. ડી., સંખેડા.	૧૧મી મે ૧૯૯૮ થી ૧૭મી મે ૧૯૯૮ અને ૨૫મી મે ૧૯૯૮ થી ૨જી જુન ૧૯૯૮ અને ૪થી જુન ૧૯૯૮ થી ૧૪મી જુન ૧૯૯૮
૩૧	શ્રી જે. એચ. જોષી. જોઈન્ટ સીવીલ જજ જુ. ડી. સંખેડા.	૧૧મી મે ૧૯૯૮ થી ૨૮મી મે ૧૯૯૮ અને ૩૦મી મે ૧૯૯૮ ૮મી જુન ૧૯૯૮ થી ૧૪મી જુન ૧૯૯૮.
૩૨	શ્રી એફ. વાય. ઘાંચીભાઈ સીવીલ જજ જુ. ડી., ડભોઈ.	૧૮મી મે ૧૯૯૮ થી ૧૪મી જુન ૧૯૯૮.
૩૩	શ્રી એસ. જે. રાજે જોઈન્ટ સીવીલ જજ, જુ. ડી., ડભોઈ.	૧૧મી મે ૧૯૯૮ થી ૨૪મી મે ૧૯૯૮ અને ૮મી જુન ૨૯૯૮ થી ૧૪મી જુન ૧૯૯૮
૩૪	શ્રી એમ. પી. પટેલ. સીવીલ જજ, જુ. ડી., શિનોર.	૨૫મી મે ૧૯૯૮ થી ૨જી જુન ૧૯૯૮ અને ૪થી જુન ૧૯૯૮ થી ૧૪મી જુન ૧૯૯૮
૩૫	શ્રી પી. સી. ઠાકર. સીવીલ જજ જુ. ડી., કરજણ.	૧૧મી મે ૧૯૯૮ થી ૩૧મી મે ૧૯૯૮
૩૬	શ્રી એસ. એસ. બ્રહમભટ્ટ. જોઈન્ટ સીવીલ જજ, જુ. ડી., કરજણ.	૧૧મી મે ૧૯૯૮ થી ૧૬મી મે ૧૯૯૮ અને. ૨૫મી મે ૧૯૯૮ થી ૨૮મી મે ૧૯૯૮ અને ૧લી જુન ૧૯૯૮ થી ૧૪મી જુન ૧૯૯૮
૩૭	શ્રી ડી. સી. ત્રિવેદી. સીવીલ જજ, જુ. ડી., પાદરા.	૧૧મી મેં ૧૯૯૮ થી ૧૪મી જુન ૧૯૯૮
૩૮	શ્રી ડી. બી. પટેલ. સીવીલ જજ જુ. ડી., સાવલી.	૧૨મી મે ૧૯૯૮ થી ૧૫મી મે ૧૯૯૮ અને ૧૭મી મે ૧૯૯૮ થી ૭મી જુન ૧૯૯૮
૩૯	શ્રી પી. વી. જોષી. જોઈન્ટ સીવીલ જજ જુ. ડી., સાવલી.	૧૧મી મે ૧૯૯૮ થી ૨૪મી મે ૧૯૯૮ અને ૮મીજુન ૧૯૯૮ થી ૧૪મો જુન, ૧૯૯૮

વડોદરા, તારીખ ૧૯મી જુન ૧૯૯૮.

ડી. પી. બુચ,
જિલ્લા ન્યાયાધિશ,
વડોદરા.

INDEX

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઇના ૨૨મા)ની કલમ-૩૭ ની પેટા કલમ-૧ હેઠળ.

નંબર ડીસી/બીપીએ/જાહેરનામું/૩૭(૧) વશી-૨૯૩૧-૪૦/૯૮ .— ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો, ખાતાના વડાઓની કચેરીઓ, એમએલએ ક્વાટર્સ શાળા કોલેજ જેવી સરકારી ઇમારતો આવેલી છે અને અવાર નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માગણી અર્થે રજુઆતો કરવા આવતા હોય કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે જોવાની ખુબજ જરૂરીયાત છે.

જેથી જાહેર વ્યવસ્થાજાળવવાના હેતુ માટે તેમજ જાહેર સુલેહ શાંતિ જાળવવાના હેતુથી હું કે. એલ. બચાણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૬મી જન ૧૯૯૮ થી તારીખ ૩૦મી જુન ૧૯૯૮ સુધીની મુદત માટે નીચેના કૃત્ય કરવા નહી કરવા ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ધોકા, બંદૂક, છરા, સળગતી મશાલ, અન્ય બીજા હથિયાર કે જેનાથી શારીરીક ઇજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

(૨) કોઇપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ટોટક પદાર્થ સાથે રાખી ફરવાનું.

(૩) પત્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના કે ઉકેલવાના યંત્રો સાથે લઇ જવા તથા તૈયાર કરવાનું.

(૪) મનુષ્યોની આકૃતિઓ અથવા પુતળા દેખાડવાનું.

(૫) અપમાનીત કરવાના અથવા જાહેર કરવાના ઇરાદાથી જાહેરમાં બીભત્સ સુત્રો પોકારવાનું, અશ્લીલ ગીતો ગાવાનું અથવા ટોળામાં ફરવાનું.

(૬) જે છટાદાર ભાષણ આપવાની, ચાળા, પાડવાની, અથવા નકલ કરવાની તથા ચીત્રો નીશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઇ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેને ફેલાવો કરવાની અથવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરુચી અથવા નીતિને ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય, અથવા જેને પરિણામે રાજય ઉથલી પડવાને સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની કે ચાળ વગેરે કરવાની અને તેવી ચીત્રો, નિશાનીઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર : ગાંધીનગર શહેરનો સમગ્ર ટાઉનશીપ વિસ્તાર.

અપવાદ :

(૧) આ જાહેરનામું ધાર્મિક કે મરણોત્તર ક્રિયાને લાગુ પડશે નહી

(૨) ફરજ પરના સરકારી કર્મચારીઓ કે જે ફરજ ઉપર હથિયાર લઇ જવાનું ધારણ કરવાનું હોય તેને લાગુ પડશે નહી.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ગાંધીનગર, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી ગાંધીનગરે જેઓને શારીરીક અશકિત છે તેવા કારણોસર લાકડી/સોટી રાખવાની પરવાનગી આપી હોય તેઓને લાગુ પડશે નહી.

(૪) અત્રેથી આપવામાં આવેલ ખાસ કીસ્સા તરીકેની પરવાનગીને.

સદરહુ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત સદરહું અધિ-અધિનિયમની કલમ-૧૩૫ તથા ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૯૫૯ ના ૪૫માંની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૧૬મી જુન ૧૯૯૮ ના રોજ મારી સહી સીકકા કરી આપ્યાં.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં) ની કલમ-૩૭ ની પેટા કલમ-૩ હેઠળ.

નંબર ડીસી/બીપીએ/જાહેરનામું/૩૭/(૩)/વશી-૨૯૪૧-૫૦/૧૯૯૮.— ગાંધીનગર ગુજરાતના પાટગનગરનું શહેર છે. ગાંધીનગર શહેર વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસ સ્થાનો, ખાતાના વડાઓની કચેરીઓ, એમએલએ ક્વાટર્સસ શાળા કોલેજો જેવી સરકારી ઇમારતો આવેલી છે અને અવાર નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા આવતા હોય કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે જોવાની ખુબજ જરૂરીયાત છે.

જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ વિસ્તારમાં (જેનો આમ. સદરહું વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે.) તે વિસ્તારમાં વ્યકિતઓની કોઇ મંડળી બનાવી સરઘસ કાઢવાની મનાઇ ફરમાવવાનું જરૂરી જણાય છે. જેથી હવે મુંબઇ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ મુંબઇ ૨૨માં) ની કલમ- ૩૭ ની પેટા કલમ-૩થી મારી સત્તાની રૂએ હું કે. એલ. બચાણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર આથી સદરહું વિસ્તારમાં ૧૬મી જુન ૧૯૯૮ થી ૩૦મી જન ૧૯૯૮ સુધીની મુદત માટે ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઇ મંડળી કે સરઘસ માટે મનાઇ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરૂ છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ પર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતને.

(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહ રક્ષક દળની વ્યકિતને.

(૩) કોઇ લગ્નના વરઘોડાને તથા સ્મશાન યાત્રાને

(૪) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને

વિસ્તાર :—ગાંધીનગર શહેરનો નીચે દર્શાવેલ વિસ્તાર.

(૧) જ-૩ થી ઘ-૩ સુધીનો રોડ સિવાયનો ઉત્તર તરફનો સમગ્ર વિસ્તાર.

(૨) ઘ-૩ થી ઘ-૫ સુધીનો રોડ સિવાયનો પૂર્વ તરફનો સમગ્ર વિસ્તાર.

(૩) ઘ-૫ થી છ-૫ સુધીનો રોડ તથા ચ-૫ સે. ૨૧ ના ખુણાના ભાગ સિવાયનો દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર.

(૪) છ-૫ થી છ-૬ સુધીનો રોડ તથા પૂર્વ તરફનો સમગ્ર વિસ્તાર.

(૫) છ-૬ થી જ-૬ સુધીનો રોડ તથા દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર.

(૬) જ-૬ થી જ-૩ સુધીનો રોડ તથા પૂર્વ તરફને સમગ્ર વિસ્તાર.

INDEX

(૭) રાજભવન મંત્રીશ્રીઓના નિવાસસ્થાન તથા સદસ્ય નિવાસના વિસ્તારની ચારે તરફનો ફરતો ૫૦૦ મીટરનો સમગ્ર વિસ્તાર.

સદરહુ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યકિત સદરહું અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ-૩ તથા ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૯૫૯ ના ૪૫માંની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૧૬મી જુન ૧૯૯૮ ના રોજ મારી સહી સીક્કા કરી આપ્યાં.

કે. એલ. બચાણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ગાંધીનગર.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમ.એ.જી.-વશી-૪૬૪૦.—ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાયું છે.

તેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને-૧૯૫૧ના મુંબઈના ૨૨માં) ની કલમ-૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂએ હું આર. કે. પરમાર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચમાંથી સદરહું વિસ્તારમાં તારીખ ૨૧મી જુન, ૧૯૯૮ નાં દિવસે સવારના ૬-૦૦ કલાકથી તારીખ ૫મી જુલાઈ, ૧૯૯૮ ના રોજ સાંજના ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સુધ્ધાં) ની મુદત માટે ભરૂચ જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

અનુસૂચિ

વધુમાં હું આદેશ કરું છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને.
(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને.
(૩) કોઈ લગ્નના વરઘોડાને.
(૪) કોઈ સ્મશાનયાત્રાને.

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ અને ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ (સને ૧૮૬૦ના ૪૫માં) ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૧મી જુન, સને ૧૯૯૮ ના રોજ મારી સહી કરી અને સિક્કો કરી આપ્યો.

આર. કે. પરમાર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ.

જાહેરનામું

સને ૧૯૫૧નો મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૧) મુજબનું.

નં. ઉ/મકપ/પલસ / મજસ / વશી / ૩૦૪૧ થી ૩૦૯૬.—આગામી તારીખ ૨૨મી જુન, ૧૯૯૮ થી ૨૧મી જુલાઈ, ૧૯૯૮ દરમ્યાન રથયાત્રા, ઈદેમિલાદ જેવા તહેવારોની ઉજવણી થનાર હોઈ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે અને શાંતીમય વાતાવરણ રહે તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) હેઠળ જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

જેથી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું જે. એમ. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા આથી ફરમાવું છું કે, સમગ્ર પંચમહાલ જિલ્લામાં તારીખ ૨૨મી જુન, ૧૯૯૮ થી ૨૧મી જુલાઈ, ૧૯૯૮ (બંને દિવસો સહિત)—

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ધોકા, બંદુક, છરો, લાકડી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવો નહીં.

(ગ) પથ્થર અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તો વસ્તુ ફેંકવાની, ધકેલવાની યંત્રે, સાધનો સાથે લઈ જવા નહીં, એકઠા કરવા નહીં, તથા તૈયાર કરવા નહીં, મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ, અથવા પુતળાં દેખાડવા નહીં, અપમાન કરવાના અથવા જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહીં, અશ્લીલ ગીતો ગાવા નહીં.

(ઘ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં, તેવા હાવભાવ કરવા નહીં, તેવી ચેષ્ટા કરવી નહીં, તથા તેવા પત્રકો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવી નહીં, બતાવવા નહીં, અથવા તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમનો ખંડ(ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈ વ્યકિતઓને જેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું હથિયાર લઈ જવાની જેની ફરજ હોય, પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રીથી નીચેની પાયરીના ન હોય તેવા અધિકારીએ જેને શારીરિક અશકિતના કારણે લાકડી, લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

આજરોજ તારીખ ૨૨મી જુન, ૧૯૯૮ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપવામાં આવ્યો.

જે. એમ. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

INDEX

જાહેરનામું

ક્રમાંક મકડ/ઉ/એમ.એ.જી/વશી/૧૫૬૧ થી ૧૬૧૦/૧૯૯૮.—મોટર વ્હિકલ એકટ, ૧૯૩૯ ની કલમ-૭૪ તથા સરકારશ્રી (ગૃહ વિભાગ) ના તારીખ ૧૩મી જુલાઈ ૧૯૯૫ ના જાહેરનામાં ક્રમાંક એમ.વી.એ/૬૬૭૫ થી મને મળેલ સત્તાની રૂએ બી. પી. સુદાણી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ નીચે જણાવેલ કાચા રસ્તાઓ વરસાદની મૌસમ દરમ્યાન કાંઈ હોનારત ન સર્જાય તથા લોકોની સલામતીને ધ્યાનમાં લઈ અકસ્માત નિવારવા તમામ ભારે વાહનો માટે બંધ કરવાનું જરૂરી જણાતા સબબ કાચા રસ્તાઓ તારીખ ૧૫મી જુન ૧૯૯૮ થી તારીખ ૧૫મી નવેમ્બર ૧૯૯૮ સુધી તમામ ભારે વાહનો માટે બંધ રાખવા આથી આદેશ આપવામાં આવે છે.

સબબ જાહેરનામાં હોવા છતાં પણ ડોકટરી વૈદકીય અથવા તો બીજી કોઈપણ અપવાદરૂપ અગત્યતા કારણો માટે જિલ્લા મેજિસ્ટ્રેટ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અથવા સબ ડીવીઝનલ મેજીસ્ટ્ર ટ, ડાંગ આ હુકમમાંથી મુકિત આપવા લેખીત મંજુરી આપી શકશે.

ક્રમ.	રસ્તાનું નામ	કિલોમીટર
	(૧) કાર્યપાલક ઈજનેરી, ડાંગ પંચમહાલ (મા × મ) વિભાગના રસ્તાઓ	
૧	શિંગાણા ધુલદા રોડ, (ગીરમાળ ગામથી ધુલદા સુધી)	૧૨/૦ થી ૨૨/૦
૨	ઘોઘલી સુંદા કાસવદહાડ રોડ	૧/૦ થી ૧૯/૦
૩	લવચાલી થી દહેર રો	૦/૦ થી ૩/૦
૪	બિજુરપાડા ાચચવિહીર રોડ	૦/૦ થી ૪/૦
૫	શેપ્રુ આંબા મોટીઝાડદર લહાન ઝાડદર રોડ	૦/૦ થી ૬/૦
૬	વડપાડા ચિચપાડા સાદડવિહીર રોડ	૦/૦ થી ૩/૦
૭	ચિખલી/લવચાલી રોડ	૦/૦ થી ૨/૪
૮	ગલકુંડ પાયરપાડા જામદર રોડ	૨/૫ થી ૩/૦
૯	કોસંબીયા ગારમાળ જવતાળા રોડ	૦/૦ થી ૪/૦
૧૦	હિદળા ધુળા રોડ	૦/૦ થી ૨/૦
૧૧	નકટયાહનવંતથી ઝરી રોડ	૦/૦ થી ૩/૨
૧૨	આહિરપાડા ઝરી વાડયાવન રોડ	૧/૫ થી ૪/૦
૧૩	ઢ્રોગી આંબા લહાન મોટી કસાડ રોડ	૦/૦ થી ૪/૦
૧૪	કસાડબારી હાંડોળ રોડ	૦/૦ થી ૪/૦
૧૫	ઉમરપાડા નાની દંભાસ મોટી દંભાસ	૦/૦ થી ૫/૦
૧૬	ધુલડીયા વી ચનખલ રોડ	૦/૦ થી ૩/૬
૧૭	આહેરડી નડગચોડ રોડ	૦/૦ થી ૧૨/૬
૧૮	ચિકટીયા ગાંઢવી રોડ.	૪/૦ થી ૧૦/૦
૧૯	કાલીબેલ વાંકન પાંડરના માળ રોડ	૦/૦ થી ૪/૨
૨૦	બાંરપાંધ્યા ખિરમાણી દગડપાડા ભૂરભેડી રોડ	૦/૦ થી ૮/૯
૨૧	માહળી થી દિવડયાવન રોડ	૦/૦ થી ૩/૬
૨૨	ભાલખેતથી ખોપરીઆંબા રોડ	૦/૦ થી ૩/૬
૨૩	ડોકપાતળ વી. એ. રોડ	૦/૦ થી ૮/૦
૨૪	રંભાસ ફાર્મથી વાનરચોડ રોડ	૦/૦થી ૨/૬
૨૫	નાની દાબદર મોટી દાબદર નાનાપાડા રોડ	૦/૦ થી ૫/૦
૨૬	ચિપલદા થી ધાંગડી રોડ	૦/૦ થી ૩/૦
૨૭	નાના કમાડા કુમારબંધ રોડ	૦/૦ થી ૩/૨
૨૮	ઘોડવહળ રોડ	૦/૦ થી ૨/૦
૨૯	સુસરદા રોડ	૦/૦ થી ૪/૦
૩૦	ઢોલ્યા ઉંબર માળગા રોડ	૦/૦ થી ૮/૦
	(૨) નાયબ વન સંરક્ષકશ્રી, દક્ષિણ ડાંગ વન વિભાગ, હસ્તકના રસ્તાઓ.	
૩૧	દેવીપાડા થી હડકાઈ રોડ	૦/૦ થી ૫/૪૩
૩૨	જામલાપાડા થી ઉંગ	૦/૦ થી /૯/૦૬
૩૩	નાના પાડાથી ખાપરી નદી	૦/૦ થી ૯/૬૬
૩૪	કિલાઈબારીથી ભેડમાળ	૦/૦ થી ૪/૦૨
૩૫	માળગીથી શ્રી ભુવન (બરડા)	૦/૦૦ થી ૨.૪૧
૩૬	ગલકુંડ થી કાંચનઘાટ	૩/૦ થી ૮/૦૫

INDEX

૧	૨	3
૩૭	ગલકુંડથી કાંચનઘાટ	... ૦/૦ થી ૩/૦૦
૩૮	કહાડોળ ઘોડીથી ખોખરચોડું	... ૦/૦૦ થી ૩/૦૦
૩૯	ગલકુંડથી ચૌકયા વાયા લીંગા	... ૦/૦ થી ૬/૮૪
૪૦	ગલકુંડથી ચોકયા વાયા લીંગા.	... ૬/૮૪ થી ૧૫/૦૦
૪૧	બોરખલથી લીંગા	... ૦/૦ થી ૬/૮૪
૪૨	ભુસ્દાથીસુન્દા	... ૦/૦ થી ૫/૫૦
૪૩	ચૌકયા થી પાંડવા.	... ૫/૦ થી ૧૨.૨૯
૪૪	કુડકસથી ચિકાર	... ૦/૦ થી ૪/૮૩
૪૫	પીંપરીથી ભવાનદગડ ...	... ૦/૦ થી ૩.૬૨
૪૬	ઘુસમાઈબારીથી ઝરીયા	... ૦/૦ થી ૧.૮૧

(૩) નાયબ વન સંરક્ષકશ્રી, ઉત્તર-ડાંગ, વન વિભાગ, હસ્તકના રસ્તાઓ.

૪૭	ચીખલીથી ધુડા રોડ.	૦૫૭૫
૪૮	લવચાલીથી ધુડા રોડ.	૬,૦૦૦
૪૯	ધાણાથી બરડીપાડા રોડ.	૪.૦૦૦
૫૦	ધુંબાટાથી ચનખલ રોડ.	૧.૫૦૦
૫૧	ચીકટીયાથી કલમપાણી રોડ.	૧.૬૧૦
૫૨	કાકડબારીથી કરંજ્યાપાણી રોડ.	૫.૦૦૦
૫૩	કાસવદહાડ થી ઘોઘલી રોડ.	૪.૦૦૦
૫૪	પીંપલદહાડ થી વાયા જામનસોંઢા સાદડુન રોડ	૦.૦૨૫
૫૫	કરંજડા થી શીવબારા.	૩.૦૦૦
૫૬	બરડીપાડા ગામમાં	૦.૪૦૦
૫૭	મહાલથી ચીખલા.	૬.૦૦૦
૫૮	ભાલખેત પાટીયાથી ચીખલા સુધી.	૫.૦૦૦
૫૯	ગોદડીયાથી કુશમાળ.	૪.૦૦૦
૬૦	મોહપાડાથી કાકશાળા	૬.૦૦૦
૬૧	બોકડમાળથી ચીખલી	૧૬.૦૦૦
૬૨	બોકડમાળથી ગારખડી	૮.૦૦૦
૬૩	ભૂજાડ વાટીયાથી ભાંગરાપાણી.	૪.૦૦૦
૬૪	ખોપરીથી સાવરખડી	૮.૦૦૦
(૪)	કાર્યપાલક ઈજનેર શ્રી, ડાંગ (મા.મ) વિભાગ, આહવાના રસ્તાઓ.	
૬૫	બારીપાડા માનમોડી સુરગાણા રોડ.	... ૧૦.૦૦ થી ૧૫.૧૪૦

આજ તારીખ ૧૨મી જુન ૧૯૯૮ ના રોજ મારી સહી કરી સિકકો કરી આપ્યો.

બી. પી. સુદાણી,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
ડાંગ, આહવા.

BY COLLECTOR

Subject.—Delegation of Powers Under Land Revenue Code to Shri C. L. Patel Incharge Alian Recovery Mamlatdar, Ahmedabad.

Order

No. U.M.K.A./CB/ADM/278/Ws.—In exercise of the Powers vested in him under section 10 of Land Revenue Code The Collector of Ahmedabad hereby delegates the following Power under Land Revenue Code to Shri C. L. Patel Incharge Allian Recovery, Mamlatdar, Ahmedabad form the date of taken over his charge.

(1) Powers to issue notice of demand under Section 152 of Land Revenue Code.

2) Power to destain the Sale of Moveble Property under Section 154 of Land Revenue Code.

(3) Power to issue Recovery Certificate under Land Revenue Code.

Ahmedabad, 21st May, 1998.

V. S. GADHAVI,
Collector of Ahmedabad.

INDEX

કલેક્ટર દ્વારા

વિષય :—એલીયન રીકવરી મામ. શ્રી અમદાવાદને જમીન મહેસુલ કાયદા હેઠળ સત્તાઓ આપવા બાબત.

હુકમ

નંબર ઉ.મ.ક.અ. / સી.બી. / એ.ડી.એમ. / ૨૭૮ / વશી.—જમીન મહેસુલ કાયદાની કલમ-૧૦ નીચે મળેલ સત્તા અન્વયે જિલ્લા-કલેકટરશ્રી, અમદાવાદ જમીન મહેસુલ કાયદાની નીચે જણાવેલ-સત્તાઓ શ્રી સી. એલ. પટેલ ઈન્ચાર્જ એલીયન રીકવરી મામલતદાર, અમદાવાદને ચાર્જ સંભાળ્યા તારીખથી સુપ્રત કરે છે.

(૧) જમીન મહેસૂલ કાયદાની કલમ-૧૫૨ હેઠળ માંગણીની-નોટીસ કાઢવાની સત્તા.

(૨) જમીન મહેસુલ કાયદાની કલમ-૧૫૪ હેઠળ જંગમ મિલકતનો નિકાલ તથા વેચાણ કરવાની સત્તા.

(૩) રેવન્યુ રીકવરી એકટ--૧૮૯૦ ની જે વસુલાતના પ્રમાણ--પત્રની કાર્યવાહી કરવાની સત્તા.

અમદાવાદ, તારીખ ૨૧ મી મે, ૧૯૯૮.

વી. એસ. ગઢવી,
જિલ્લા કલેકટર, અમદાવાદ.

કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

આદેશ

નંબર પ૨૭/૬એ/વશી-૧૨૭૮ થી ૮૫/૯૮—આથી હું, આર. એમ. જોષી કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ જિલ્લો: ગાંધીનગર આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ ૧૯૫૫ ની કલમ-૨ (iia) નીચે મળેલ સત્તાની રૂએ સદર અધિનિયમની કલમ-૬એ અને કલમ-૬બી ના મળેલ અધિકારો પૈકી નિયામક નાગરીક પુરવઠા ગુજરાત રાજ્યની કચેરીના રાજ્ય તપાસણી એકમ દ્વારા સ્થગિત કરેલ માલ મિલકતના કેસોમાં તેવી માલ મિલકતની કિંમત રૂપિયા એક લાખથી ઓછી હોય તો નિયામક નાગરિક પુરવઠાની કચેરીના સંયુકત/નાયબ નિયામકને અને તેવી માલ મિલકતની કિંમત એક લાખ કે તેથી વધારે હોય તો નિયામક, નાગરીક પુરવઠાને વાપરવા અધિકૃત કરવા આથી આદેશ કરું છું.

ગાંધીનગર, તારીખ ૨૦મી મે ૧૯૯૮.

આર. એમ. જોષી,
કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ,
ગાંધીનગર.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G-BA-14-[illegible]

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] THURSDAY, JULY 23, 1998 / SRAVANA 1, 1920 [No. 30

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	266-275
Part I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	30
Part I-B	Government Notifications published under Land Acquisition Act only.	513-530
Part I-L	Notifications, Order and Awards other than those published in Parts I, IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	1547-1590

GOVERNMENT NOTIFICATIONS, APPOINTMENTS ETC.

BY DISTRICT JUDGE

Read :—(1) This Office Notification No. CB-1686/98, dated 20th November 1997.

(2)High Court Letter No. C 2105/74, dated 1t8h April 1994.

Notification

No. CB-966 of 1998.—The District and Sessions Judge, Vadodara is pleased to declare Friday 26th June, 1998 as an additional Public Holiday for the District Court and Courtsand Subordinate toit,in th District, on account of " RATHYATRA " and in lieu of this Saturday, 11th July 1998 the Distrct Court and Curts Subordinate to it will remain open and it will be a working day,

Vadodara, 25th June 1998.

D. P. BUCH,
District Judge,
Vadodara.

INDEX

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

પ્રાથમિક જાહેરનામું

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/વશી/૧૦૬૬/૯૮.– મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨ માં) ની કલમ-૩૩ ની પેટા કલમ (૧) ના કલોઝ (બી) હેઠળના કાઢવા ધારેલ જાહેરનામાનો નીચેનો મુસદ્દો સદરહુ કાયદાની કલમ-૩૩ની પેટા કલમ-૬ થી ઠરાવ્યા પ્રમાણે પ્રસિધ્ધ કરવામાં આવે છે. અને નોટીસ આપવામાં આવે છે કે, સદરહું મુસદ્દો રાજયપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પુરા થયા પછી મળેલા કોઈપણ વાંધા અથવા સુચનો જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી વિચારણામાં લેશે નહિ. ઉપરોકત મુદત પૂરી થાય તે પહેલાં સદરહું મુસદ્દોના સંબંધમાં કોઈ વ્યકિત પાસેથી જે કોઈ વાંધા અથવા સુચનો અત્રે મળશે તેના ઉપર વિચારણા કરવામાં આવશે.

મુસદ્દા

મુંબઈ પોલીસ અધિનિયમ, (સને-૧૯૫૧ના મુંબઈના ૨૨માં) કલોઝ (બી) હેઠળ મળેલી સત્તાની રૂએ નવસારી જિલ્લા મેજિસ્ટ્રેટ આથી નીચેના નિયમો કરે છે.

"ચીખલી તથા વલસાડ તરફથી આવતા જતાં તમામ વાહન વ્યવહાર કે જે ખેરગામ બજારમાંથી આવ-જાવ કરે છે. ખેરગામ બજારના રસ્તા સાંકડા હોઈ, ટ્રાફિકમાં અડચણ ઉભી થાય છે અને અકસ્માત થવાની શકયતા રહે છે.

આથી ખેરગામ બજારના રસ્તાને ચાર પૈડાવાળા વાહન તથા ત્રણ પૈડાવાળા યાંત્રિક તેમજ અન્ય જેવા કે ગાડુ, બળદગાડુ, ઊંટ ગાડુ, એક્કો વગેરે (ગુજરાત સ્ટેટ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનની ઉતારૂ બસ સિવાયના) વાહન માટે એક માર્ગીય" કરવાની ખાસ જરૂરીયાત રહેલ છે. આથી વલસાડ થી ખેરગામ જતાં ઉપર જણાવેલ પ્રકારના તમામ વાહન સીધા દશેરા ટેકરી રોડ દીપમાલા ટોકીઝ તરફના રસ્તેથી બજારમાં થઈ ચીખલી રોડ પર જઈ શકશે અને ચીખલી તરફથી આવતા તમામ વાહનોએ સીધા પરત બજારમાંથી ન અવતા પોસ્ટ ઓફીસથી રામજી મંદિરવાળા રસ્તે કોલેજ આગળ થઈ વલસાડ જતા મુખ્ય માર્ગ પર જવાનું રહેશે.

આજ રોજ તારીખ ૬ માહે જુન, સને ૧૯૯૮ના રોજથી મારી સહી કરી મુદ્રા કરી આપી.

બી. એન. જોષી,
જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે કરેલો :

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી. નં. ૭/૯૮.–મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને-૧૯૫૧ના ૨૨ માં) ની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ શત્તાની રૂએ હું આર. સી. ગોહિલ જિલ્લા મેજિસ્ટ્રેટ. નવસાર જિલ્લામાં આગામી રથયાત્રા (દ્વારકાધીશ) નો તહેવાર આવતો હોવાથી જાહેર શાંતિ અને સલામતી કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારું જરૂરી જણાતાં ફરમાવું છું કે, નવસારી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ તારીખ ૨૪મી જુન, ૧૯૯૮ થી ૩૦મી જુન, ૧૯૯૮ સુધી (બંને દિવસો સુધ્ધાં) ના સમય માટે નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટાં, બંદુક, ચપ્પુ, છરા, લાકડી, લાઠી, અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ.

(ખ) કોઈપણ સ્ફોટક પદાર્થ લઈ જવાન મનાઈ.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની, એકઠા કરવાની, તથા તૈયાર કરવાની.

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ચ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા પુતળા દેખાડવાની.

(છ) લોકોને બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની, અપમાન કરવા ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની.

(જ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની, તેવી ચેષ્ઠા કરવાની તથા ચિત્રો પત્રિકા અને પ્લે બોર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બનાવવાની અથવા ફેલાવો કરવાની.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતોને લાગુ પડશે નહિ

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિતઓ કે જે તે તેના ઉપરી અધિકારીએ પોતાની ફરજના ભાગ રૂપે સોંપ્યા બદલ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું હોય અથવા એવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, નવસારી અથવા તેણે અધિકૃત કરેલ હોઈ, પોલીસ અધિકારીને જે તે શારીરિક અશકિતને કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ,આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન થવાના પ્રસંગે સને-૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમનો (સને-૧૯૫૧ના ૨૨માં) કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ ૧ એક વરસ સુધીની કેદની સજા થવાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૨૪મી જુન, ૧૯૯૮ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

હુકમ.

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે કરેલો

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી. નં. ૭/૯૮ :—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨માં) ની કલમ- ૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું આર. સી. ગોહિલ. જિલ્લા મેજિસ્ટ્રેટ નવસારી જિલ્લામાં આગામી તારીખ ૭મી જુલાઈ ૧૯૯૮ ના રોજ ઈદે મિલાદ નો તહેવાર આવતો હોવાથી જાહેર શાંતિ અને સલામતી કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતા ફરમાવું છું કે. નવસારી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ તારીખ ૧લી જુલાઈ ૧૯૯૮ થી ૧૦મી જુલાઈ ૧૯૯૮ સુધી (બંને દિવસો સુધ્ધા) ના સમય માટે નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદૂક, ચપ્પુ, છરા. લાકડી, લાઠી અથવા શારીરીક હિસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની મનાઈ;

INDEX

(ખ) કોઈપણ સ્ફોટક પદાર્થ લઈ જવાની મનાઈ;
(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની એકઠા કરવાની, તથા તૈયાર કરવાની;
(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની;
(ચ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા પુતળા દેખાડવાની;
(છ) લોકોને બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની, અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની;

(જ) જેનાથી સુરૂચિ અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની, તેવી ચેષ્ઠા કરવાની તથા ચિત્રો, પત્રિકા અને પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બનાવવાની અથવ ફેલાવો કરવાની.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જે તે તેના ઉપરી અધિકારીએ પોતાની ફરજના ભાગ રૂપે સોંપ્યા બદલ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું હોય અથવા એવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી નવસારી અથવા તેણે અધિકૃત કરેલ કોઈ પોલીસ અધિકારીને જે તે શારીરીક અશકિતને કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.
(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન થવાના પ્રસંગે સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમને (સને ૧૯૫૧ ના ૨૨માં) કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થવાને પાત્ર થશે.

આજ તારીખ ૨૬મી જુન ૧૯૯૮ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

આર. સી. ગોહિલ,
જિલ્લા મેજિસ્ટ્રેટ.
નવસારી.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ના મુંબઈ અધિનિયમ ૨૨ની કલમ-૩૭ (૪) અન્વેનો હુકમ.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી. ૩૨/૯૮.—વલસાડ શહેરમાં ધરમપુર રોડ ઉપર આવેલ કલેકટર કચેરીનાં બહુમાળી મકાનમાં જિલ્લાની ૩૦ જેટલી સરકારી કચેરીઓ આવેલી છે. આ કચેરીઓમાં પ્રજાજનો કામો અંગે સરળતાથી કોઈ અંતરાય વગર આવાગમન કરી શકે તે ખૂબજ ઈચ્છનીય છે. કેટલાંક ઈસમો આ કચેરીઓમાં તેમજ કચેરીનાં કમ્પાઉન્ડમાં અડચણ થાય તેવા કૃત્યો કરે તે અટકાવવા જરૂરી છે.

વાસ્તે હું આર. કે. દવે, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, વલસાડ સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ નો ૨૨મો) ની કલમ-૩૭ ની પેટા કલમ-૧ હેઠળ મને મળેલ સત્તાની રૂએ, આ અધિનિયમની કલમ-૩૭ ની પેટા કલમ ૪ ની જોગવાઈ મુજબ વલસાડ કલેકટર કચેરી બહુમાળી મકાન ધરમપુર રોડ, વલસાડના બિલ્ડીંગમાં તેમજ કમ્પાઉન્ડમાં કોઈપણ વ્યકિત કે વ્યકિતઓ અથવા સમુહમાં ધરણાના કાર્યક્રમો ઘેરાવાના કાર્યક્રમો ઉપવાસ ઉપર બેસવાના કાર્યક્રમો યોજવા માટે પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમ તારીખ ૨૯મી જુન, ૧૯૯૮ થી ૮મી જુલાઈ, ૧૯૯૮ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ઈસમ ઉકત અધિનિયમની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૯મી જુન ૧૯૯૮ થી મારી સહી તથા મુદ્રા કરી આપ્યા છે.

આર. કે. દવે,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) મુજબનું.

ક્રમાંક એમ.એ.જી./પી.ઓ.એલ./વશી-૪૬૫૧.— ભરૂચ શહેરમાં તારીખ ૨૬માં જુન, ૧૯૯૮ નાં રોજ જગન્નાથ રથયાત્રા દત્તમંદિર ફુરજારોડથી નીકળી મોટા ચારરસ્તા, કતોપોર બજાર, કતોપોર સ્લોપ થઈ વડાપાડા, ચોકસીવડ, લાલબજાર, જુના બજાર, લલ્લુભાઈ ચકલા, હાજીખા ત્રણ રસ્તા, આચારવાડ રોડ સોનેરી મહેલ મોટા ભોઈવાડ થઈ ભોઈપંચની વાડીમાં જશે સદર રથયાત્રામાં મોટી મેદનીમાં ભાવિકો જોડાશે. જેથી જાહેર જનતાની સલામતી માટે ઉપરોકત દિવસો દરમ્યાન વાહન-વ્યવહાર ઉપર અંશત : નિયંત્રણ મુકવાની આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું આર. કે. પરમાર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચને સને-૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, ભરૂચ શહેરમાં નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૬મી જુન, ૧૯૯૮ નાં રોજ બપોરના ૧૨-૦૦ કલાકથી રથયાત્રાનાં વિસર્જન થતાં સુધી નીચેના રૂટનો રસ્તો વાહન વ્યવહાર માટે બંધ રાખવા ફરમાવું છું. આ હુકમ પોલીસ કે બીજા અધિકારીઓ કે જે પોતાની ફરજો અંગે બંદોબસ્ત માટે વાહન લઈ ફરતા હશે તેને બંધનકર્તા રહેશે નહિ.

વિસ્તાર :

(૧) વડાપાડાથી ચાર રસ્તા સુધી
સદર રસ્તો બંધ થતાં ટ્રાફિક લાલબજાર ચોકી સામેથી ફાટાતળાવ, ગાંધીબજારનાં રસ્તે થઈને જશે.
(૨) હાજીખાના ત્રણ રસ્તાથી ચકલા તરફ જતો રસ્તો;
સદર રસ્તો બંધ થતાં હાજીખાના ત્રણ રસ્તાથી બજેલી ખો, અથવા સોનેરી મહેલ તરફના રસ્તે થઈને જશે.
(૩) ચોકસીવાડ અને વડાપાડામાં થઈને જતો રસ્તો :
સદર રસ્તો બંધ થતાં વાહન વ્યવહાર ડો. બાબરઅલીના દવાખાનાથી પાયોનીયર હાઈસ્કુલ તરફ થઈને જશે.
(૪) રથયાત્રા હાજીખાના ત્રણ રસ્તેથી સોનેરી મહેલ તરફ જવા રવાના તથા ત્યારે સોનેરી મહેલથી હાજીખાના તરફ જતો રસ્તો ટ્રાફિક રતન તળાવવાળા રસ્તે થઈને જશે.
આ હુકમનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરના પગલાં ભરવામાં આવશે.

આજ તારીખ ૨૪મી માહ જુન, સને ૧૯૯૮નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

INDEX

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમ.એ.જી./વશી-૪૬૪૩.--ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નાં મુંબઈના ૨૨ માં) અધિનિયમની કલમ-૩૭ ની પેટા-કલમ (૧) અન્વયે મને મળેલી સત્તાની રૂએ હું આર. કે. પરમાર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ શહેર જાહેર શાંતિ અને સલામતી સારું ફરમાવું છું કે, કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૩૦મી જુન, ૧૯૯૮ થી તારીખ ૨૯મી જુલાઈ, ૧૯૯૮ સુધી (બંને દિવસો સુધ્ધાં).

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધારીયા ધોકા, છરા, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહિ;

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહિ;

(ગ) પત્થરો અથવા હાનિકારક પ્રવાહી, રસાયણ છાંટવા અથવા ફેંકવા નહિ, અથવા ફેંકી શકાય એવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના યંત્રો, અથવા સાધનો સાથે લઈ જવા નહિ, એકઠા કરવા નહિ, તથા તૈયાર કરવા નહિ;

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવા નહિ;

(ઙ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહિ, અશ્લીલ ગીતો ગાવા નહિ, અથવા ટોળામાં ફરવું નહિ.

(ચ) જેનાથી સુરૂચિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહિ, તેવા હાવભાવ કરવા નહિ, તેવી ચેષ્ટા કરવી નહિ, તથા તેવા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહિ, બતાવવા નહિ, તથા તેનો ફેલાવો કરવો નહિ, તથા સરકારી રેકર્ડ, નોટીસો, પરિપત્ર, ખરડા વિગેરેની હોળી કરી સળગાવવા નહિ.

આ હુકમ નીચેની વ્યકિતને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતઓને કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય. અથવા આવું કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ અથવા તેને અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીને કે જે શારીરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી શકાય તે વ્યકિતને.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ભરૂચ અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચે આ અર્થે ખાસ અધિકત કરે તેવી બીજી કોઈ વ્યકિતને.

અનુસૂચિ

"ભરૂચ જિલ્લાનો સમગ્ર વિસ્તાર".

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૧) (૧) મુજબ દંડની પણ સજા થશે.

મેં આજરોજ તારીખ ૨૫મી જુન સને ૧૯૯૮નાં દિને મારી સહી તથા સિક્કો કરી આપ્યો છે.

આર. કે. પરમાર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૩) અન્વયે. કાઢેલો.

ક્રમાંક એમ.એ.જી/વશી/૧૮૨૬.—નર્મદા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાય છે.

તેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈ ના ૫૨માં) ની કલમ-૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂએ હુ. એમ. ડી. મોડીયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નર્મદા (રાજપીપળા) આથી સદરહું વિસ્તારમાં તારીખ ૧૫મી જૂન ૧૯૯૮ ના દિવસે સવારના ૦૦-૦૦ કલાકથી તારીખ ૩૦મી જૂન ૧૯૯૮ ના રોજ સાંજના ૨૪-૦૦ સુધી (બંન્ને દિવસો સુધ્ધા) ની મુદત માટે નર્મદા જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

અનુસૂચિ.

વધુમાં હું આદેશ કરૂ છું કે, આ હુકમની નીચેનાને લાગુ પડશે નહી:—

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને
(૨) ફરજ ઉપર હેય તેવી ગૃહ રક્ષક દળની વ્યકિતઓને.
(૩) કોઈ લગ્નના વરઘોડાને
(૪) કોઈપણ સ્મશાન યાત્રાને.

આ હુકમનો ભંગ કરનારી ઉલ્લંઘન કરનારી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૫ (૧) મુજબ અને ભાંરતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ (સને ૧૮૬૦ના ૪૫૮માં ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૫મી જૂન ૧૯૯૮, ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

એમ. ડી. મોડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા,
રાજપીપળા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) (૩) હેઠળ,

ક્રમાંક/ઉં/મકડ/પીઓએલ/વશી-૧૬૭૪ થી ૧૭૨૩/૧૯૯૮.—મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨મો) અધિનિયમની કલમ-૩૭ (૧) (૩) પ્રમાણે મને મળેલી સત્તાની રૂએ

INDEX

હું, શ્રી બી. પી. સુદાણી અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ જીલ્લામાં જાહેર શાંતિ જોખમાય તેમ હોવાથી તથા જિલ્લામાં જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂ અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઇ રહે તેમજ જાહેર સુલેહ શાંતિને ખલેલ ન પહોંચે તે માટે સમગ્ર ડાંગ જીલ્લામાં કોઇપણ વ્યકિતઓને તારીખ ૨૭મી જુન ૧૯૯૮ થી તારીખ ૧૧મી જુલાઇ ૧૯૯૮ (બંન્ને દિવસો સુધ્ધા) ના સમય માટે નીચે જણાવેલ કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદૂક ચપ્પુ, લાકડી અથવા લાઠી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઇ શકે તેવી બીજી કોઇપણ ચીજો લઇ જવાની.

(ખ) કોઇપણ ક્ષયધર્મી અથવા સફ્ટેક પદાર્થ લઇ જવાની.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઇ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ગ) કોઇ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઇ જવાની

(ઘ) વ્યકિતઓ અથવા તેનાં શબ અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવાની.

(ચ) લોકોને બૂમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની.

(છ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઇ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કરવાથી, આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નિતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવી છટાદાર ભાષણ આપવાની, તે ચિત્રો નિશાનીઓ વગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા ફેલાવો કરવાની.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિત કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઇપણ હથિયાર લઇ જવાનું હોય અથવા તેવું કોઇપણ હથિયાર લઇ જવાની તેની ફરજ હોય.

(૨) જીલ્લા પોલીસ અધિકારીશ્રી ડાંગ અથવા તેમણે અધિકૃત કરેલ કોઇપણ પોલીસ અધિકારીએ કે જેને શારીરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઇ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

(૩) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી વ્યકિતઓ.

આ જાહેરનામાના કોઇ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ને સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના ૨૨માં) કાયદાની કલમ-૧૩૫ મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા થશે અને દંડની પણ સજા થશે.

આજ તારીખ ૨૫મી જુન ૧૯૯૮ ના રોજ મારી સહી કરીને સિકકા કરેલ છે.

બી. પી. સુદાણી,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ.
ડાંગ, આહવા.

કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ક્રમાંક એમઇડી/રોગચાળો/પશુ/વશી/૯૭૪ થી ૯૯૬.—નાયબ જિલ્લા પશુપાલન નિયામકશ્રી, જિલ્લા પંચાયત ભરૂચ/નર્મદા ના પત્રરા જા. નં. જી. પં./પસ/રોગચાળો/૯૮ તારીખ ૨૩મી જુન ૧૯૯૮ થી જણાવ્યા અનુસાર નર્મદા જિલ્લામાં સાગબારા તાલુકાના દેવમોગરા ગામમાં જાનવરોમાં કાલીયાતાવ રોગચાળો ચાલતો હોઇ નીચે જણાવેલ વિસ્તાર "કાવીયાતાવ ભયગ્રસ્ત વિસ્તાર" તરીકે જાહેર કરવા નિવેદન કરેલ છે. તેજ રીતે નીચે જણાવેલ બીજા વિસ્તારો કાવીયાતાવ ગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવા નિવેદન કરેલ છે.

ઉકત નિવેદન વિચારણામાં લઇને બોમ્બે પોલીસ એકટની કલમ ૩૩ (૧) (ઢ) અન્વયે હું, શ્રી ર. ન. યાજ્ઞિક કલેકટર, અને જીલ્લા મેજીસ્ટ્રેટ નર્મદા નીચે દર્શાવેલ પરિશિષ્ટના કોલમ નંબર-૨ માં જણાવ્યા મુજબના વિસ્તાર ને "કાવીયાતાવ ગ્રસ્ત વિસ્તાર" તથા કોલમ-૩ માં જણાવેલ વિસ્તાર ને "કાવીયાતાવ ભય ગ્રસ્ત વિસ્તાર" તરીકે જાહેર કરૂં છું તથા કોલમ નંબર-૪માં જણાવેલ અધિકારીઓને આ બાબતે જરૂરી ઉપચારાત્મક પગલાં લેવા નિમણુંક કરૂં છું.

અનુ. નંબર	કાવીયાતાવગ્રસ્ત વિસ્તાર	કાવીયાતાવ ભયગ્રસ્ત વિસ્તાર	નિમણુંક કરેલ અધિકારીશ્રી
૧	૨	૩	૪
૧	દેવમોગરા, ગોડદા, દેવીદવ, કાનાપાડા, નાનીમોગરી, મોટીમોગરી, ગુંદવણ. પાડા.	સાગબારા તાલુકો	૧. પશુડોકટર, પશુ દવાખાનું સાગબારા ૨. નાયબ જિલ્લા પશુપાલન નિયામકશ્રી ભરૂચ/નર્મદા જિલ્લો.

નીચે સાગબારા તાલુકાના ગામોના પશુ રાખનારા લોકોને જણાવવાનું કે આ રોગ અતિ ભયંકર છે અને જાનવરો માંથી માણસોમાં પણ ફેલાવો થઇ શકે છે તેમ છે. કાળજી ન લેવામાં ન આવે તો માનવોમાં પણ મૃત્યુ થવા સંભવ છે આથી (૧) ગોડદા (૨) દેવીદવ (૩) કાનાપાડા (૪) નાની મોગરી (૫) મોટી મોગરી (૬) ગુંદવણ (૭) પાડા તથા આજુબાજુના પશુપાલકો ને નીચે જણાવ્યા મુજબના સાવધાનીના પગલાં લેવા જાણ કરવામાં આવે છે.

(૧) રોગીષ્ટ પશુઓમાં આ રોગમાં નાક-કાન-ગુદા-આંખ વગેરે ભાગમાંથી તાવ સાથે કાળું લોહી નિકળતું હોય છે. જે જામતું નથી હોતું. આ લોહી કેરોસીન કે લાકડાનો ઉપયોગ કરી બાળીને નાશ કરવો.

INDEX

(૨) કાવીયાતાવ જેવા ચિન્હો ધરાવતા બીમાર પશુને તંદુરસ્ત પશુથી અલગ રાખવું તથા તેના શરીરમાં ભાગોમાંથી નિકળતું લોહી માણસ તથા પશુના સંપર્કમાં ન આવે તેની કાળજી રાખવી.

(૩) આ રોગથી મરણ પામેલા જાનવરોની ચીરફાડ કરવી નહી તથા જમીનમાં ઉંડો ખાડો ખોદી મીઠું અને ચુના સાથે દાટી દેવા ખાસ કાળજી રાખવા જણાવવામાં આવે છે.

(૪) આ રોગથી સપડાયેલ પશુને નજીકના પશુ દવાખાનાનો સંપર્ક કરી સાંધી સારવાર કરાવવી તથા તંદુરસ્ત પશુઓને રોગ વિરોધી રસી મુકાવવા આથી જણાવવામાં આવે છે.

આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩ (ત્રણ) માસ સુધી અમલમાં રહેશે.

રાજપીપળા, તારીખ ૨૪મી જુન ૧૯૯૮.

ર. ન. યાજ્ઞિક,
કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપલા.

BY COMPETENT AUTHORITY AND DEPUTY COLLECTOR

Notification

THE URBAN LAND (CEILING AND REGULATION) ACT, 1976.

[Under Section 10 (*I*) read with Rule (6)]

No. ULC-1076-1115-D-D.-No. 7501 / Danteshwar.—It is hereby noiified that such vacant land as is descibed in the schedule below is to be acquired by the Government of Gujarat. The claims of all persons interested in such vacant land may be made by them personally or by their agents giving particulars of the nature of their interest. The clims will be received by the Competent Authority upto thirty days after the date of publication of this notification in the Gazette.

SCHEDULE

Name of the Holder : Narmadaben Widow of Shri Ishwarbhai Prahaladbhai Patni.

Details of vacant lands to be acqiired :—

District	Talukaz	Village	Description of the land		Remarks
			Sr. No.	Area Sq. mtrs.	
1	2	3	4 a	4-B	5
Vadodara	Vadodara	Danteshwar	719	44,199	

Vadodara, 23rd April, 1998.

સક્ષમ અધિકારી અને નાયબ કલેકટર દ્વારા

જાહેરનામું

શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬.

[કલમ ૧૦ (૧) તથા નિયમ ૬ અનુસાર].

નંબર યુ.એલ.સી. - ૧૦૭૬/૧૧૧૫-ડી. ડે. નં. ૭૫૦૧/ દંતેશ્વર.—આથી જાહેર કરવામાં આવે છે કે, આ સાથે સામેલ રાખેલ પરિશિષ્ટમાં જણાવેલી વિગતવાળી ખુલ્લી જમીન ગુજરાત સરકાર સંપાદન કરનાર છે. સદરહુ જમીન ઉપર જે કોઈ ઈસમનો હક્ક દાવો હશે. તેઓએ જાતે અગર અધિકૃત એજન્ટ મારફતે તેઓએ હક્ક અંગેનો હક્ક સંબંધીની સંપૂર્ણ વિગત સહ રજુ કરશો.

હક્ક સંબંધીનો દાવો સક્ષમ અધિકારીશ્રી સદરહુ જાહેરનામું સરકારી રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની મુદત સુધીમાં સ્વીકારાશે.

INDEX

શિડ્યુઅલ

પત્રક ફાઈલ કરનારનું નામ : નર્મદાબેન તે ઈશ્વરભાઈ પ્રહલાદભાઈ પટણીની વિધવા.
સંપાદન કરવાની ખુલ્લી જમીનની વિગત.

જિલ્લો	તાલુકો	ગામ	જમીનની વિગત	વિસ્તાર	શેરો
			સ. નં.	ચો. મી.	
૧	૨	૩	૪-અ	૪-બ	૫
વડોદરા	વડોદરા	દંતેશ્વર	૭૧૯	૪૪,૧૯૯ ચો.મી.	

વડોદરા, તારીખ ૨૩મી એપ્રિલ, ૧૯૯૮.

Notification

THE URBAN LAND (CEILING AND REGULATION) ACT, 1976.

[Section 10 (*1*) *read* with Rule-6].

No. ULC-1076-1115-D.No. 8949 / Sayajipura.—It is hereby notified that such vacant land as is described in the schedule below is to be acquired by the Government of Gujarat. The claims of all person interested in such vacant land may be made by them personally or by their agent giving particulars of the nature of their interest. The claims will be received by the Competent Authority upto thirty days after the date of publication of this of notification in the Gazette.

SCHEDULE

Name of the Holder : Shri Surajsinh Kamalsinh Barot.
Resi. Rajpardi, District : Bharuch.

Details of vacant lands to be acquired :

District	Taluka	Village	Description of the land		Remarks
			Sr. No.	Area Sq. mtrs.	
1	2	3	4-a	4-b	5
Vadodara	Vadodara	Sayajipura	276	1,214	
			278	5,362	
			284	5,261	
			285	3,356	
			287/2	1,416	
			Total	16,609	

Vadodara, 11th May, 1998.

જાહેરનામું

શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમ) અધિનિયમ, ૧૯૭૬.

(કલમ-૧૦ (૧) તથા નિયમ ૬ અનુસાર)

નંબર યુ. એલ. સી. ૧૦૭૬ / ૧૧૧૫ ડી. ૮૯૪૯ (સયાજીપુરા).- આથી જાહેર કરવામાં આવે છે કે, આ સાથે સામેલ રાખેલ પરિશિષ્ટમાં જણાવેલી વિગતવાળી ખુલ્લી જમીન ગુજરાત સરકાર સંપાદન કરનાર છે. સદરહુ જમીન ઉપર જે કોઈ ઈસમનો હક્ક દાવો હશે તેઓએ જાતે અગર અધિકૃત એજન્ટ મારફતે તેઓએ હક્ક અંગેનો હક્ક સંબંધિની સંપૂર્ણ વિગત સહ રજૂ કરશો.

હક્ક સંબંધિનો દાવો સક્ષમ અધિકારીશ્રી સદરહુ જાહેરનામું સરકારી રાજ્યપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની મુદત સુધીમાં સ્વીકારશે.

સિડ્યુઅલ

પત્રક ફાઈલ કરનારનું નામ : સુરજસિંહ કમલસિંહ બારોટ હાલ રે. ઝઘડીયા, જિ. ભરુચ, તા. રાજપારડી સંપાદન કરવાની ખુલ્લી જમીનની વિગત.

જિલ્લો	તાલુકો	ગામ	જમીનોની વિગત--સર્વે નંબર	વિસ્તાર	શેરો
૧	૨	૩	૪-અ	૪-બ	(૫)
વડોદરા	વડોદરા	સયાજીપુરા	૨૭૬	૧૨૧૪	
			૨૭૮	૫૩૬૨	
			૨૮૪	૫૨૬૧	
			૨૮૫	૩૩૫૬	
			૨૮૭/૨	૧૪૧૬	
			કુલ ...	૧૬૬૦૯ ચો. મી.	

વડોદરા, તારીખ ૧૧મી મે, ૧૯૯૮.

Notification

THE URBAN LAND (CEILING AND REGULATION) ACT, 1976.

[Under Section 10 (1) Read with Rule (6)]

No. ULC-1076-1115-D No. 4025/Danteshwar.—It is hereby notified that such vacant land as is described in the schedule below is to be acquired by the Government of Gujarat. The claims of all persons interested in such vacant land may be made by them personally or by their agent giving particulars of the nature of their interest. The clamis will be received by the Compent Authority upto thirty days after the date of publication of this notification in the gazette.

Name of the Holder : Shri Dineshchandra Ramlal Patel.
Residence : Wadi Dalia Pole, Baroda.

Details of vacant lands to be acquired :

District	Taluka	Village	Description of the lands		Remarks
			Sr. No.	Area Sq. Mtrs.	
1	2	3	4-a	4-b	5
Vadodara	Vadodara	Danteshwar	343	7,487	
			365	1518	
			368		
		Vadodara Kasba	45 F. P.	911	
			46 No.		
			705 Paiki	250	
			Total	10,166 Sq.mt.	

Vadodara, 11th May, 1998.

જાહેરનામું

શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬
કલમ ૧૦ (૧) તથા નિયમ ૬ અનુસાર.

નંબર યુએલસી/૧૦૭૬/૧૧૧૫/ડી/૪૦૨૫/દંતેશ્વર.—આથી જાહેર કરવામાં આવે છે કે આ સાથે સામેલ રાખેલ પરિશિષ્ટમાં જણાવેલી વિગતવાળી ખુલ્લી જમીન ગુજરાત સરકાર સંપાદન કરનાર છે. સદરહું જમીન ઉપર જે કોઇ ઇસમનો હકક દાવો હશે તેઓએ જાતે અગર અધિકૃત એજન્ટ મારફતે તેઓએ હકક અંગેનો હકક સંબંધીની સંપૂર્ણ વિગતસહ રજુ કરશો.

હકક સંબંધીનો દાવો સક્ષમ અધિકારીશ્રી, સદરહું જાહેરનામું સરકારી રાજયપત્રમાં પ્રસિધ્ધ થયાની તારખથી ૩૦ દિવસની મુદત સુધીમાં સ્વીકારશે.

INDEX

શિડ્યુઅલ

પત્રક ફાઈલ કરનારનું નામ દિનેશચંદ્ર રામલાલ પટેલ.
સંપાદન કરવાની ખુલ્લી જમીનની વિગત રહે. વાડી, દાલીયા પોળ, વડોદરા.

જિલ્લો	તાલુકો	ગામ	જમીનની વિગત		શેરો
			સ. નં.	વિસ્તાર	
૧	૨	૩	૪-અ	૪-બ	૫
વડોદરા	વડોદરા	દંતેશ્વર	૩૪૩	૭૪૮૭	
		દંતેશ્વર	૩૬૫	૧૫૧૮	
		દંતેશ્વર	૩૬૮	૯૧૧	
		વડોદરા કસ્બા	૪૫ ના ૪૬ એફ. પી. નં. ૭૦૫ પૈકી	૨૫૦	
			કુલ	૧૦૧૬૬ ચો.મીટર	

વડોદરા, તારીખ ૧૧મી મે, ૧૯૯૮

Notification

THE URBAN LAND (CEILING AND REGLATION) ACT, 1976.
[Under section 10 (1) with Rule (6)]

No. ULC-1076-1115-D.No./5713/Vadsar.—It is hereby notified that such vacant land as is described in the schedule below is to be acquired by the Government of Gujarat. The claims of all person interested interested in such vacant land may be made by them personally or by their agent giving particulars of the nature of their interest. The claims will be received by the Competent Authority upto thirty days after the date of publication of this notification in the gazette.

SCHEDULE

Name of the Holder : Shri Mohanbhai Koyabhai Vartaniya, at Vadsar Taluka : Vadodara.

Details of vacant land to be acquired :

District	Taluka	Village	Description of the land		Remarks
			Sr. No.	Area Sq. mtrs.	
Vadodara	Vadodara	Vadsar	5 Paiki	1,400	

Vadodara, 22nd June, 1998.

B. K. KUMAR,
Competent Authority,
And Deputy Collector, U. L. C.
Vadodara, Unit No. 2.

જાહેરનામું

શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) અધિનિયમ. ૧૯૭૬
કલમ ૧૦ (૧) તથા નિયમ ૬ અનુસાર.

નંબર યુ. એલ. સી. ૧૦૭૬/૧૧૧૫/ડી ૫૭૧૩/વડસર.—આથી જાહેર કરવામાં આવે છે કે આ સાથે સામેલ રાખેલ પરિશિષ્ટમાં જણાવેલી વિગતવાળી ખુલ્લી જમીન ગુજરાત સરકાર સંપાદન કરનાર છે. સદરહુ જમીન ઉપર જે કોઈ ઈસમનો હક્ક દાવો હશે તે તેઓએ જાતે અગર અધિકૃત એજન્ટ મારફતે તેઓએ હક્ક અંગેનો હક્ક સંબંધિતની સંપૂર્ણ વિગતસહ રજૂ કરશે.

હક્ક સંબંધીનો દાવો સક્ષમ અધિકારીશ્રી સદરહુ જાહેરનામું સરકારી રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની મુદત સુધીમાં સ્વીકારશે.

સિડયુઅલ

પત્રક ફાઈલ કરનારનું નામ શ્રી મોહનભાઈ કોયાભાઈ વરતણીયા.
સંપાદન કરવાની ખુલ્લી જમીનની વિગત.

જિલ્લો	તાલુકો	ગામ	જમીનની વિગત સ. નં.	વિસ્તાર	શેરો
૧	૨	૩	૪-અ	૪-બ	૫
વડોદરા	વડોદરા	વડસર	૫ પૈકી	૧૪૦૦ ચો.મી.	

વડોદરા, તારીખ ૨૨મી જુન ૧૯૯૮.

બી. કે. કુમાર,
સક્ષમ અધિકારી અને નાયબ કલેકટર,
વડોદરા, યુનિટ નં. ૨.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G—GA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] THURSDAY, JULY 30, 1998 / SRAVANA 8, 1920 [No. 31

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I–A, Part I–B, and Part I–L

	Pages		Pages
Part I–Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	276-283	**Part I-B**-Government Notifications published under Land Acquisition Act only.	531-547
Part I-A-Orders and Notifications, other than those published in Part IV-E under the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette.	31	**Part I-L**-Notifications, Orders and Awards, other than those published in Parts I, IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.	1591-1640

Miscellaneous Notifications, Appointments, etc.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭ (૩) મુજબનો હુકમ.

નંબર ઉ/ગપક/૩૯૯/વિ. શા./૧૯૯૮ :–અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું હિરાલાલ, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર મને પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૩) થી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે નીચે જણાવેલ વિસ્તારો i તારીખ: ૨જી જુલાઈ ૧૯૯૮ ના કલાક ૦૦.૦૦ થી તારીખ ૧૫મી જુલાઈ ૧૯૯૮ ની કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસે એ ભેગા થવું નહી અગર સભા ભરવી કે બોલાવવી નહી તેમજ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર : અમદાવાદ શહેર, પોલીસ કમિશનરની હકુમતનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ ઉપર હોય તેઓ તથા સ્મશાન યાત્રાઓ અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા-કલમ (૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૯ની જુન ૧૯૯૮ ના રોજ મારી સહી સિકકો કરી આપ્યા.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૪) અન્વયેનો.

ક્રમાંક ઉ/ગપક/આઇ/૩૭૨/૧૬૨૯/૯૮.—અમદાવાદ શહેર પોલીસ મુખ્ય મથક ખાતે આવેલ રીવોલ્વર ફાયરીંગ બટ જે સુભાષ બ્રીજના દક્ષિણ છેડે પશ્ચિમ ભાગ તરફ આવેલ છે. તે સદરી જગ્યા પર તારીખ ૧લી જુલાઇ ૧૯૯૮ થી ૩૦મી સપ્ટેમ્બર ૧૯૯૮ સુધીના સમય દરમીયાન પોલીસ અધિકારીઓની રીવોલ્વરની વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ થવાની હોઇ સદર જણાવેલ હદમાં રહેતા પ્રજાજનો તથા ઢોરઢાંખરની સલામતી સારૂ સને ૧૯૫૧ ના મુંબઇ અધિનિયમ કલમ-૩૭ (૪) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું.

અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળ આવેલ પોલીસ મુખ્ય મથક ખાતે ફાયરીંગ બટની આજુબાજુ પૈકી ઉત્તર, દક્ષિણ અને પશ્ચિમ દિશામાં ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૧૯૯૮ સુધી સવાર કલાક ૬-૦૦ થી ૧૨-૦૦ વાગ્યા સુધી સદર બટની આજુબાજુ રહીશો તેમજ બહારની કોઇપણ અનધિકૃત વ્યકિતએ ઉપરોકત સમય દરમિયાન આ જમીનની હદમાં જવું નહી. અને ઢોર ઢાખરને પ્રવેશ આપવો નહી રીવોલ્વર ફાયરીંગ પ્રેકટીસને સમય સવારના કલાક ૬-૦૦ થી ૧૨-૦૦ સુધીનો રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ઇસમ ભારતીય ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

મેં, આજ તારીખ ૩૦મી જુન ૧૯૯૮ના રોજ સહી કરી સિકકા માર્યા છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

જાહેરનામું

સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) બી હેઠળનો નિયમ.

ક્રમાંક ઉગપક/ટફક/જાહેરનામું-૧૪૩૭૫/૯૮.—મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧નાં મુંબઈના ૨૨માંની કલમ-૩૩ની પેટા-કલમ (૧) બી હેઠળ મળેલ સત્તાની રૂએ, હું મીરા રામનિવાસ પોલીસ કમિશનર વડોદરા શહેર વતી ભરૂચ જિલ્લામાંથી પસાર થતાં રાષ્ટ્રીય ધોરી માર્ગ નં. ૮ પર ઝાડેશ્વર ગામ પાસે નર્મદા નદીના પુલનું તારીખ ૫મી જુલાઈ, ૧૯૯૮નાં રોજ સવારના ૦૬-૦૦ કલાકથી સાંજના કલાક ૨૦-૦૦ સુધી રીપેરીંગ કરવામાં આવનાર હોઈ જેના કારણે વડોદરા શહેર પાસેથી પસાર થતા નેશનલ હાઈવે નં. ૮ ઉપરનાં ટ્રાફિક વાહન વ્યવહારને વડોદરા બાયપાસ પાસેથી (કિ. મી. ૧૨૨/૨ પર) ડાયવર્ટ કરવાનો રહે છે. જે હંગામી વૈકલ્પિક ટ્રાફિક વ્યવસ્થા અંગેનો જાહેર જનતાની સગવડતા અન્વયે નીચે મુજબનો નિયમ કરું છું.

જાહેરનામાની વિગત

ભરૂચ જિલ્લામાંથી પસાર થતા રાષ્ટ્રીય ધોરી માર્ગ નં. ૮ ઉપર ઝાડેશ્વર ગામ પાસે નર્મદા નદી ઉપરનાં સરદાર પુલનું તારીખ ૫મી જુલાઈ, ૧૯૯૮નાં રોજ સવારનાં કલાક ૦૬-૦૦ થી સાંજના કલાક ૨૦-૦૦ સુધી રીપેરીંગ કરવામાં આવનાર હોઈ, સદર પુલ પરથી પસાર થતાં ટ્રાફિકને સંપૂર્ણપણે બંધ કરવામાં આવનાર છે. જેના કારણે વડોદરા શહેર પોલીસ કમિશનર હદ વિસ્તારમાંથી પસાર થતાં નેશનલ હાઈવે નં. ૮ ઉપર વાહન વ્યવહારને સુરત, મુંબઈ તરફ જવા તથા સુરત મુંબઈ તરફથી આવવા માટે નીચે મુજબની હંગામી વૈકલ્પિક ટ્રાફિક વ્યવસ્થા કરવામાં આવે છે.

(૧) અમદાવાદ વડોદરાથી સુરત તરફ જવા માટે ટ્રક, ટેન્કર જેવા ભારદારી વાહનો તથા એસ. ટી. બસો, લકઝરી બસો વિ. વાહનો નેશનલ હાઈવે નં. ૮ ઉપર વડોદરા બાયપાસ પાસેથી (કિ. મી. ૧૨૨/૨) એટલે કે, કપુરાઈ ચોકડી પાસેથી ડાયવરઝન કરી વાયા ડભોઈ, તિલકવાડા, દેવલીયા, રાજપીપળા, ઝઘડીયા થઈ જઈ શકશે. તથા તેજ માર્ગે થઈ વડોદરા તરફ આવી શકશે.

(૨) છ વ્હીલથી વધારે વ્હીલવાળા વાહનો તેમજ મોટા વાહનો તથા અતિભારે વાહનો ઉપરોકત અનુક્રમ નં. (૧) માં જણાવેલ વૈકલ્પિક રસ્તા પરથી કોઈપણ સંજોગોમાં પસાર થવા દેવામાં આવશે નહીં.

(૩) નાના વાહનો જેવા કે કાર, જીપ, મોટર સાયકલ વિગેરે વડોદરાથી નેશનલ હાઈવે નં. ૮ ઉપર થઈ ભરૂચના જુના રાષ્ટ્રીય ધોરી માર્ગ પરના ગોલ્ડન બ્રીજ પરથી પસાર થઈ સુરત તરફ જઈ શકશે.

મેં, આજરોજ, તારીખ ૪ માહે જુલાઈ, ૧૯૯૮નાં રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

મીરા રામનિવાસ,
પોલીસ કમિશનર વતી
વડોદરા શહેર.

BY DISTRICT AND SESSIONS JUDGE

Read :—This Office Notification No. H/6/6026/97, dated 8th December, 1997.

Read :—High Court Fax Letter No. C.2101/98, dated 25th June, 1998.

Read :—High —Court Letter No. C/21/5/74 dated 18th April, 1974.

Notification

No. H-6 / 1896 / 1998.— The District Judge, Banaskantha, Palanpur, is pleased to declare Friday, June 26th, 1998, to be a Public Holiday, for the District Court and Courts Subordinate to it in the District, on account of Rathyatra.

The District Judge, Banaskantha, Palanpur, is further pleased to direct that Saturday, July 11th, 1998 will be a working day for the District Court and all the Courts Subordinate to it in the District.

Palanpur, 25th June, 1998.

B. S. JAISWAL,
District and Sessions Judge, Palanpur.

જિલ્લા અને સત્ર ન્યાયાધીશ દ્વારા

વંચાણે લીધા : અત્રેની કચેરીના જાહેરનામા નં. એચ (૬)-૬૦૨૬/૯૭, તારીખ ૮મી ડિસેમ્બર, ૧૯૯૭.
" હાઈકોર્ટ ફેક્ષ નોટીફીકેશન નં. સી. ૨૧૦૧/૯૮, તારીખ ૨૫મી જુન, ૧૯૯૮.
" હાઈકોર્ટ પત્ર નં. સી. ૨૧૦૫/૭૪, તારીખ ૧૮મી એપ્રિલ, ૧૯૭૪.

જાહેરનામું

નંબર અચ.૬/૧૮૯૬/૧૯૯૮.—આથી "રથયાત્રા" તહેવાર નિમિત્તે, બનાસકાંઠા જિલ્લાની જિલ્લા અદાલત અને તમામ તાબાની ન્યાયિક અદાલતોમાં શુક્રવાર તારીખ ૨૬મી જુન, ૧૯૯૮ ના રોજ રજા જાહેર કરવામાં આવે છે.

અમો જિલ્લા ન્યાયાધીશ, બનાસકાંઠા, પાલનપુર, તારીખ ૧૧મી જુલાઈ, ૧૯૯૮ ના દિવસે, જિલ્લા અદાલત અને તેની તાબાની અદાલતો ચાલુ રાખવા અને કામકાજ કરવા ફરમાવીએ છીએ.

પાલનપુર, તારીખ ૨૫મી જુન, ૧૯૯૮.

બી. એસ. જયસ્વાલ ,
જિલ્લા અને સત્ર ન્યાયાધીશ,
પાલનપુર.

BY DISTRICT JUDGE

Read :—Notification No. C/2101/98, dated 25th June 1998 the Hon'ble High Court of Gujarat, Ahmedabad.

Notification

No. ADM/2/1144 of 1998 .—The undersigned is pleased to declare Friday, June 26th 1998, to be a public Hoilday for the Court and offices of the District Judge, Valsad at Navsari and all the subordinate courts and Offices of the Judicial District of Valsad on account of Rathyatra. The court and Offices of the District Judge, Valsad at Navsari and all the Courts and Offices subordinate to it shall remain closed on that day.

Further it is directed that Saturday, July 11th 1998 will be a working day for the offices of the District Judge, Valsad at Navsari and their Surbodinate Courts and Offices.

Navsari, 25th June 1998.

Miss P. S. SHUKLA,
District Judge,
Valsad.
AT-Navsari

ડીસ્ટ્રીકટ જજ દ્વારા.

વંચાણમાં લીધું :—નામદાર ગુજરાત હાઈકોર્ટ અમદાવાદનો નોટીફીકેશન નંબર સી/૨૧૦૧/૯૮, તારીખ ૨૫મી જુન ૧૯૯૮.

અધિસૂચના

નંબર વહીવટી/૨/૧૧૪૪/સને ૧૯૯૮ .—હું નીચે સહી કરનાર સહર્ષ જણાવું છું કે શુક્રવાર જુન ૨૬ સને ૧૯૯૮ ના દિવસના ડીસ્ટ્રીકટ જજ વલસાડ મુકામ નવસારીની કોર્ટ અને કચેરીઓ અને વલસાડ જિલ્લા ન્યાયાધિશની તાબાનાં તમામ કોર્ટ અને કચેરીઓ માટે "રથયાત્રા" નિમીતે જાહેર રજા તરીકે જાહેર કરૂ છું. ડીસ્ટ્રીકટ જજ વલસાડ, મુકામ નવસારીની કોર્ટ અને કચેરીઓ અને તેની તાબાની તમામ કોર્ટ અને કચેરીઓ તે દિવસ બંધ રહેશે.

વધુમાં આથી જણાવવામાં આવે છે કે ડીસ્ટ્રીકટ જજ, વલસાડ મુકામ નવસારીની કોર્ટ તથા કચેરીઓ તથા તેના તાબાની કોર્ટો અને કચેરીઓ શનિવાર જુલાઈ ૧૧ સને ૧૯૯૮ ના દિવસે કામકાજ માટે ચાલુ રહેશે.

નવસારી, તારીખ ૨૫મી જુન ૧૯૯૮.

કુ. પી. એસ. શુકલ,
ડીસ્ટ્રીકટ જજ,
વલસાડ, મુકામ નવસારી.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) (૨) અન્વયેનો.

નંબર પલસ/જાહેરનામું/વશી-૩૦૪૨/૯૮.—સુરત (ગ્રામ્ય) જિલ્લામાં વ્યારા પોલીસ સ્ટેશન વિસ્તારના વ્યારા ટાઉનમાં તારીખ ૧લી જુન, ૧૯૯૮ તથા ૨જી જુન, ૧૯૯૮ ના દિને હિંદુ મંદિર ઉપર ઈંડા નાંખવા બાબતનો બનાવ બનવા પામેલ છે. જે અન્વયે વ્યારા ટાઉનમાં તથા સમગ્ર જિલ્લામાં તંગદિલી ભર્યું વાતાવરણ સર્જાય તેવી શકયતા હોવાને લીધે જાહેર શાંતિ અને સલામતી જાળવવાનું જરૂરી હોવાનું મને જણાયું છે. સબબ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ મુંબઈના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ ની પેટા કલમ (૧) (૨) અન્વયે મને મળેલા અધિકારની રૂએ હું આર. એમ. શાહ, જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત ફરમાવું છું કે, નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલા વિસ્તારમાં તારીખ ૪થી જુન, ૧૯૯૮ થી ૧૫મી જુન, ૧૯૯૮ સુધી બંને દિવસો સુધ્ધાં :—

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ધોકા, ભાલા, બંદુક, છરા, લાકડી, અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવું નહીં.

INDEX

(ગ) પથ્થર અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓને ફેંકવાના કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહીં, એકઠા કરવા નહીં તથા તૈયાર કરવા નહીં.

(ઘ) મનુષ્ય અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવા નહીં.

(ચ) જેનાથી સુરૂચિનો અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં તેવા હાવભાવ કરવા નહીં તથા તેવી ચેષ્ટા કરવી નહીં તેવા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવી નહીં, બનાવવી નહીં અથવા તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં. :—

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિત કે જેને ઉપરી અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથિયાર લઈ જવાની જેમની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીએ અથવા તેમને અધિકૃત કરેલા કોઈ પોલીસ અધિકારીશ્રીએ જેની શારીરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

સુરત જિલ્લાનો વિસ્તાર (સુરત શહેર પોલીસ કમિશ્નર વિસ્તાર સિવાય) આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ થતો અથવા ઉલ્લંઘન થતો જણાશે તો તેવી વ્યકિત મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૪થી જુન, ૧૯૯૮ ના રોજ મારી સહી કરી સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને-૧૯૫૧ નો ૨૨મો) ની કલમ-૩૭ (૩) અન્વયે.

નંબર પલસ/વશી-૩૦૪૨/૯૮.—સુરત (ગ્રામ્ય) જિલ્લામાં વ્યારા પોલીસ સ્ટેશન વિસ્તારના વ્યારા ટાઉનમાં તારીખ ૧લી જુન, ૧૯૯૮ તથા ૨જી જુન, ૧૯૯૮ ના દિને હિંદુ મંદિર ઉપર ઈંડા નાંખવા બાબતનો બનાવ બનવા પામેલ છે. જે અન્વયે વ્યારા ટાઉનમાં તથા જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના સુરત (રૂરલ) જિલ્લામાં જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂં માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાયું છે.

વાસ્તે હું આર. એમ. શાહ, આઈ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને-૧૯૫૧ની ૨૨માં) ની કલમ-૩૭ની પેટા કલમ (૪) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે સુરત (રૂરલ) જિલ્લામાં તારીખ ૪થી જુન, ૧૯૯૮ ના રોજથી તારીખ ૧૫મી જુન, ૧૯૯૮ ના રોજ ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સુધ્ધાં) ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહીં. કે સરઘસ કાઢવું નહીં. તેમજ ચારથી વધુ વ્યકિતઓએ ભેગા થવું નહીં. અથવા સરઘસ કાઢવું નહીં.

અપવાદ :—

(૧) આ હુકમ લગ્નના વરઘોડા, સીનેમા, ટાઉનહોલ, સ્મશાન-યાત્રા કે એસ. ટી. બસમાં મુસાફરી કરવા માંગતા, મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના માટે જતી બોનોફાઈડ વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૨) એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીની પરવાનગી મેળવીને ભરાતી સભાને લાગુ પડશે નહીં.

(૩) આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને-૧૯૫૧નો ૨૨મો) ની કલમ-૧૩૫ (૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આથી હું આર. એમ શાહ., આઈ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત ફરમાવું છું કે આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં વર્તમાન-પત્રો દ્વારા તેની જાહેરાત કરી પ્રસિધ્ધ કરવી.

આજ તારીખ ૪થી જુન, ૧૯૯૮ ના રોજ મારી સહી કરી સિક્કો કરી આપ્યો છે.

આર. એમ. શાહ,
જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ કાયદાની કલમ-૩૭ (૧) મુજબનું.

ક્રમાંક ડી.બી.પી/એ/૭/૯૮ .વશી-૨૦૫૪- તારીખ ૮મી જુલાઈ ૧૯૯૮ના રોજના ઈદએ મિલાદનો તહેવાર ઉજવનાર હોઈ તેમજ ચાલુ માસમાં દશામાંના વ્રત તેમજ બીજા વ્રતો બહેનો તરફથી રાખવામાં આવે છે. બહેનો રાત્રીના મોડા સમય સુધી જાગરણ કરતી હોઈ લોકોની જાહેર સલામતી જોખમાય તેવો સંભવ હોવાથી જાહેર શાંતિ અને સલાંમતી જાળવવા સારૂ સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં નીચે જણાવેલ કૃત્યોની મનાઈ કરવાનું મને જરૂરી લાગે છે.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, બંદૂક, છરી, લાકડી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કઈપણ સાધન સાથે લઈ જવું નહી.

(ખ) કોઈ ક્ષયકારી કે સ્ફોટક પદાર્થ સાથે લઈ જવો નહી.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તો વસ્તુઓ ફેકવાના ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહી એકઠા કરવા નહી.

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા પુતળા દેખાડવાં નહીં.

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સૂત્રો પોકારવા નહી અશ્લીલ ગીતો ગાવા નહી.

(છ) અલંકારીક ભાષણો કરવાથી ચાળા પાડવાથી નકલ કરવાથી તથા છબીઓ બતાવવાથી અથવા તેનો ફેલાવો કરવાની રૂચી અથવા નીતિનો ભંગ થતો હોય તેવું કરવાનું નહી.

વાસ્તે હું એસ. એસ. વાઘેલા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨માં) ની કલમ-૩૭ (૧)અન્વયે મને મળેલી સત્તાની રૂએ સમગ્ર બનાસકાંઠા જિલ્લાના વિસ્તારમાં સદરહું કૃત્યો કરવાની મના કરું છું. આ હુકમ તારીખ ૨જી જુલાઈ ૧૯૯૮ થી તારીખ ૩૧મી જુલાઈ ૧૯૯૮ સુધી બન્ને દિવસો સહીત અમલમાં રહેશે.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિત કે જેને તેના ઉપરી અધિકારીએ એવું કંઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કંઈ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અથવા જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ તેમને અધિકૃત કરેલા

કોઈપણ પોલીસ અધિકારીશ્રી જે તે શારીરીક અશકિતના કારણે લાઠી અથવા લાકડી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

આજ રોજ તારીખ ૧લી, માહે જુલાઈ, સને ૧૯૯૮ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કર્યો.

એસ. એસ. વાઘેલા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ.
બનાસકાંઠા, પાલનપુર.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સન ૧૯૫૧ના મુંબઈ ૨૨માં) ની કલમ ૩૭ની પેટા કલમ-૧ હેઠળ.

નંબર ડીસી/બીપીએ/જાહેરનામું/૩૭(૧)વશી-૩૦૪૭-૫૫/૧૯૯૮.— ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો, ખાતાના વડાઓની કચેરીઓ, એમએલએ કવાટર્સ શાળા કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે અને અવાર-નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માગણી અર્થે રજુઆતો કરવા આવતાં હોય કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખુબજ જરૂરીયાત છે.

જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે તેમજ જાહેર સુલેહ શાંતિ જાળવવાના હેતુથી હું, કે. એલ. બચાણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૮મી જુન ૧૯૯૮ થી તારીખ ૧૨મી જુલાઈ ૧૯૯૮ સુધીની મુદત માટે નીચેના કૃત્ય નહી કરવા ફરમાવું છું:—

(૧) હથિયાર, તલવાર, ધોકા, બંદૂક છરા, સળગતી મશાલ કે અન્ય બીજા હથિયાર કે જેનાથી શારીરીક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું.

(૩) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના કે ઉકેલવાના યંત્રો સાથે લઈ જવા તથા તૈયાર કરવાનું.

(૪) મનુષ્યોની આકૃતિઓ અથવા પુતળા દેખાડવાનું.

(૫) અપમાનીત કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બીભત્સ સુત્રો પોકારવાનું, અશ્લીલ ગીતો ગાવાનું અથવા ટોળામાં ફરવાનું.

(૬) જે છટાદાર ભાષણ આપવાની, ચાળા પાડવાની, અથવા નકલ કરવાની તથા ચીત્રો નીશાનીઓ, જાહેર ખબરો, અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતીનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય, અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની કે ચાળા વગેરે કરવાની અને તેવા ચિત્રો, નિશાનીઓ તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર :—ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસૂલી વિસ્તાર.

અપવાદ :

(૧) આ જાહેરનામું ધાર્મિક વિધિ કે મરણોત્તર ક્રિયાને લાગુ પડશે નહીં.

(૨) ફરજ પરના સરકારી કર્મચારીઓ કે જે ફરજ ઉપર હથિયાર લઈ જવાનું, ધારણ કરવાનું હોય તેને લાગુ પડશે નહી.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગર, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી ગાંધીનગરે જેઓને શારીરિક અશકિત છે તેવા કારણોસર લાકડી /લાઠી રાખવાની પરવાનગી આપી હોય તેઓને લાગુ પડશે નહીં.

(૪) ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ અથવા સરકારી કામે પ્રવાસ કરતાં વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહી.

(૫) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

સદરહું હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યકિત સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ તથા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૯૫૯ ના ૪૫માંની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

તેમજ અત્રેની કચેરી દ્વારા આ અગાઉ તારીખ ૧૬મી જુન ૧૯૯૮ થી મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) હેઠળ બહાર પાડેલ જાહેરનામું સદર જાહેરનામાની અમલની તારીખથી રદ કરવા ફરમાવું છું.

આજ તારીખ ૨૮મી જુન ૧૯૯૮ના રોજ મારી સહી-સિકકા કરી આપ્યાં.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧(સને ૧૯૫૧ના મુંબઈ૨૨માં) ની કલમ-૩૭ ની પેટા-કલમ ૩ હેઠળ.

નંબર ડીસી/બીપીએ/જાહેરનામું/૩૭(૩)વશી-૩૦૫૬-૬૫/૯૮.— ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસ સ્થાનો, ખાતાના વડાઓની કચેરીઓ, એમએલએ કવાટર્સ, શાળા-કોલેજો જેવી ઈમારતો આવેલી છે અને અવાર નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા આવતા હોઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખૂબજ જરૂરીયાત છે.

જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ વિસ્તારમાં (જેનો આમાં સદરહું વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે, તે વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી બનાવી સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે. જેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧ ના મુંબઈ ૨૨માં) ની કલમ-૩૭ ની પેટા-કલમ ૩ થી મારી સત્તાની રૂએ હું, કે. એલ. બચાણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૨૮મી જુન ૧૯૯૮ થી ૧૨મી જુલાઈ ૧૯૯૮ સુધીની મુદત માટે ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી કે સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરૂં છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.:—

(૧) ફરજ પર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતને.

(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને તથા સ્મશાન યાત્રાને

(૪) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

વિસ્તાર : ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસૂલી વિસ્તાર.

સદરહુ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યકિત સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા-કલમ-૩ તથા ભા[illegible]

અધિનિયમ સને ૧૯૫૯ ના ૪૫માંની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

અત્રેની કચેરી દ્વારા આ અગાઉ તારીખ ૧૬મી જુન ૧૯૯૮ થી મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૩) હેઠળ બહાર પાડેલ જાહેરનામું આ જાહેરનામાની અમલની તારીખથી રદ કરવા ફરમાવું છું.

આજ તારીખ ૨૮મી જુન ૧૯૯૮ ના રોજ મારી સહી-સિકકા કરી આપ્યાં.

કે. એલ. બચાણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ગાંધીનગર,

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમ.એ.જી./વશી/૧૮૨૭.—નર્મદા જિલ્લામાં કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી મુંબ ઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં અધિનિયમ)ની કલમ-૩૭ ની પેટા કલમ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું એમ. ડી. મોડીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા જાહેર શાંતિ અને સલામતી સારું ફરમાવું છું કે કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૧૫મી જુન, ૧૯૯૮ થી તારીખ ૩૦મી જુન, ૧૯૯૮ સુધી.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધારીયા, ઘોકા, છરા, લાકડી, કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈ, સાધન સાથે લઈ જવું નહિ.

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ, સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહિ.

(૩) પથ્થર અથવા હાનિકારક પ્રવાહી, રસાયણ છાંટવા અથવા ફેંકવા નહિ, અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના યંત્રો અથવા સાધનો લઈ જવા નહિ, એકઠા કરવા નહિ, તથા તૈયાર કરવા નહિ.

(૪) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહિ.

(૫) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહિ, અશ્લીલ ગીતો ગાવા નહિ અથવા ટોળામાં ફરવું નહિ.

(૬) જેનાથી સુરૂચિ નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહિ, તેવા હાવભાવ કરવા નહિ તથા તેવા ચિત્રો, પત્રિકા, પોષ્ટકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહિ, બનાવવા નહિ, તથા તેનો ફેલાવો કરવો નહિ.

આ હુકમ નીચેની વ્યકિતને લાગુ પડશે નહિ :—

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતઓને કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય, અથવા આવું કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય,

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ તેને અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીને જેને શારીરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી શકાય તે વ્યકિતને.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, નર્મદા અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી નર્મદા આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતઓને.

અનુસૂચિ

"નર્મદા જિલ્લાનો સમગ્ર વિસ્તાર".

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

આજ તીરીખ ૧૫મી જુન, ૧૯૯૮ના રોજ મારી સહી સિકકો કરી આપ્યો.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલ.

ક્રમાંક એમ.એ.જી/વશી/૧૮૫૯.—નર્મદા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે હેતુથી મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઇના ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ ની પેટા કલમ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું એમ. ડી. મોડીયા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ. નર્મદા જાહેર શાંતિ અને સલામતી સારૂ ફરમાવું છું કે કોઇએ નીચેની અનુંસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૧લી જુલાઇ ૧૯૯૮ થી તારીખ ૧૫મી જુલાઇ ૧૯૯૮ સુધી.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધારીયા ઘોકા, છરા, લાકડી, કે લાઠી અથવા શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઇ સાધન સાથે લઇ જવું નહી.

(૨) કોઇપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઇ જવા નહી.

(૩) પથ્થર અથવા હાનિકારક પ્રવાહી, રસાયણ છાંટવા અથવ ફકવા નહી અથવા ફેકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેકવાના કે ધકેલવાના યંત્રો અથવા સાધનો લઇ જવા નહી એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહી.

(૪) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી.

(૫) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સૂત્રો પોકારવા નહી અસ્લિલ ગીતો ગાવા નહી અથવા ટોળામાં ફરવું નહી.

(૫) જેનાથી સુરૂચિ અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી તેવા હાવભાવ કરવા નહી તથા તેવા ચિત્રો, પત્રિકા, પોષ્ટકાર્ડ, અથવા બીજા કોઇપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહી, બનાવવા નહી. તથા તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમ નીચેની વ્યકિતને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઇ વ્યકિતઓને કે જેને તેનાં ઉંપરી અધિકારીએ આવું કોઇપણ હથિયાર લઇ જવાનું ફરમાવ્યુ હોય, અથવા આવું કોઇપણ હથિયાર લઇ જવાની જેની ફરજ હોય.

(૨) જિલ્લામાં પોલીસ અધિકારી અથવા તેને અધિકૃત કરેલા કોઇપણ પોલીસ અધિકારી કે જેને શારિરીક અશકિતને

INDEX

લાકડી અથવા લાઠી લઇ જવાની પરવાનગી આપી શકાય તે વ્યકિતને.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, નર્મદા અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, નર્મદા આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઇ વ્યકિતઓને.

અનુસૂચિ

નર્મદા જિલ્લાનો સમગ્ર વિસ્તાર

આ જાહેરનામાના કોઇપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

આજ તારીખ ૩૦મી જુન ૧૯૯૮ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમ.એ.જી.વશી/૧૮૬૦.—નર્મદા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતું માટે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં વ્યકિતઓની કોઇ મંડળી સરઘસની મનાઇ કરવાનું મને જરૂર જણાય છે.

તેથી હવે, મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઇના ૨૨માં) ની કલમ-૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂએ હું એમ. ડી. મોડીયા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા, (રાજપીપળા), આથી સદરહું વિસ્તારમાં તારીખ ૧લી જુલાઇ ૧૯૯૮ ના દિવસે સવારના ૦૦-૦૦ કલાકથી તારીખ ૧૫મી જુલાઇ ૧૯૯૮ ના રોજ સાંજના ૨૪-૦૦ સુધી (બન્ને દિવસો સુધ્ધાં) ની મુદત માટે નર્મદા જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઇ મંડળી સરઘસ માટે મનાઇ ફરમાવું છું.

અનુસૂચિ

વધુમાં હું આદેશ કરૂં છું કે આ હુકમની નીચેનાને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી અથવા રોજગારીમાં હોય તે વ્યકિતઓને

(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને

(૩) કોઇ લગ્નના વરઘોડાને

(૪) કોઇપણ સ્મશાનયાત્રાને

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૫ (૧) મુજબ અને ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ (સને ૧૮૬૦ ના ૪૫માં) ની કલમ ૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૩૦મી જુન ૧૯૯૮ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

એમ. ડી. મોડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા રાજપીપળા.

એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ દ્વારા

કરફ્યુ હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના બીજો) ની કલમ- ૧૪૪ અન્વયે હુકમ.

ક્રમાંક એમ.એ.જી./કરફ્યુ/બારડોલી/૧/૯૮.—બારડોલી તાલુકાના બારડોલી નગરપાલિકા વિસ્તારમાં વિશ્વ હિંદુ પરિષદ તરફથી યોજવામાં આવેલ રેલી દરમ્યાન કેટલાક તોફાની ટોળાઓએ એકઠા થઈ પથ્થરમારો કરતા તેમજ જાહેર તથા ખાનગી મિલકતને નુકશાન પહોંચાડેલ હોવાથી જાહેર સુખ શાંતિનો ભંગ થવાનો સંભવ હોવાથી તારીખ ૨૫મી જુન, ૧૯૯૮ના રોજ બપોરના ૧૬-૨૫ કલાકથી અચોક્કસ મુદતના સમય માટે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪નો બીજો) ની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવાના પુરતા કારણો છે. અને ઝડપી ઉપાય યોજવાનું ઈષ્ટ છે તેવો મારો અભિપ્રાય છે. જેથી હું, શ્રી ડી. સી. પટેલ, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, બારડોલી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, બારડોલી નગરપાલિકા વિસ્તારમાં તારીખ ૨૫મી જુન, ૧૯૯૮ ના રોજ બપોરના ૧૬-૨૫ કલાકથી અચોક્કસ મુદત માટે કરફ્યુ લાદુ છું. જેથી નગરપાલિકા વિસ્તારના રહેવાસીઓ તેમજ અવર-જવર કરનારાઓએ અને પ્રસંગોપાત આવનારાઓએ આ સમય દરમ્યાન બારડોલી નગરપાલિકા વિસ્તારના અંદર આવેલ કોઈપણ માર્ગ, જાહેર રાહદારી રસ્તાઓ, રાજમાર્ગ, શેરી, ગલી પેટાગલીમાં સવારી કરવી નહીં. વાહન હંકારવું નહી, ચાલવું નહી, ઉભા રહેવુ નહીં, રખડવું નહીં અથવા હરવું-ફરવું નહીં અથવા તેનો બીજો કોઈ રીતે ઉપયોગ કરવો નહીં.

અપવાદ :

આ હુકમ ફરજ પરના પોલીસ દળ, ફાયર બ્રિગેડ, રેડક્રોસ, એમ્બ્યુલન્સ, હોમગાર્ડ, મીલીટ્રી, આવાશ્યક સેવાની સરકારી કર્મચારીઓ, પ્રેસ રીપોર્ટરો, ડોકટરો, આવશ્યક સેવાના ઓળખપત્ર ધરાવનારા ખરેખર ફરજ ઉપર જતા આવતા ઈસમોને, કરફ્યુ વિસ્તારમાં ફરવા માટે આપેલી પરમીટ ધરાવતી વ્યકિતઓને લાગુ પડશે નહીં.

બારડોલી, તારીખ ૨૫મી જુન, ૧૯૯૮.

ડી. સી. પટેલ,
એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,
બારડોલી.

અસાધારણ રાજ્યપત્રની યાદી.

ભાગ-૧

(ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખ ૩૦મી જૂન ૧૯૮૭ના ઠરાવ ક્રમાંક મદન/૧૦૮૫/૫૨૯૫/ડના આધારે.)

INDEX

તારીખ ૨,૯,૧૬,૨૩,૩૦ માહે જુલાઈ, ૧૯૯૮ ના રોજ પૂરા થયેલા અઠવાડીયામાં નીચે જણાવેલ ગુજરાત સરકારના અસાધારણ રાજ્યપત્રો પ્રસિધ્ધ થયેલા છે :—

અનુ. નંબર	અસાધારણ રાજ્યપત્રનો ક્રમાંક અને તારીખ	હોદ્દો
૧	૨	૩
૧	૮૦/૧૯મી માર્ચ ૧૯૯૮	જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા.
૨	૮૧/૧૯મી માર્ચ ૧૯૯૮	એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, બાયડ.
૩	૮૨/૧૯મી માર્ચ ૧૯૯૮	સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, મોડાસા.
૪	૮૩/૨૦મી માર્ચ ૧૯૯૮	જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા.
૫	૮૪/૨૧મી માર્ચ ૧૯૯૮	જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા, હિંમતનગર
૬	૮૬/૨૬મી માર્ચ ૧૯૯૮	જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા.
૭	૮૭/૨૬મી માર્ચ ૧૯૯૮	જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ (ઉત્તર ગુજરાત)
૮	૮૮/૨૭મી માર્ચ ૧૯૯૮	જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા.
૯	૯૦/૩૧મી માર્ચ ૧૯૯૮	પોલીસ કમિશનર, વડોદરા શહેર.
૧૦	૯૧/૨જી એપ્રિલ ૧૯૯૮	જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા
૧૧	૯૨/૨જી એપ્રિલ ૧૯૯૮	પોલીસ કમિશનર, વડોદરા શહેર.
૧૨	૯૪/૭મી એપ્રિલ ૧૯૯૮	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, નડીઆદ.
૧૩	૯૫/૭મી એપ્રિલ ૧૯૯૮	પોલીસ કમિશનર, વડોદરા શહેર.
૧૪	૯૯/૧૫મી એપ્રિલ ૧૯૯૮	પોલીસ કમિશનર, વડોદરા શહેર.
૧૫	૧૦૧/૨૯મી એપ્રિલ ૧૯૯૮	જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ, (ઉત્તર ગુજરાત)
૧૬	૧૦૩/૨૯મી એપ્રિલ ૧૯૯૮	એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, હિંમતનગર.
૧૭	૧૧૮/૩૦મી મે ૧૯૯૮	એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, પ્રાંતિજ.
૧૮	૧૨૦/૩જી જુન ૧૯૯૮	પોલીસ કમિશનર, વડોદરા શહેર.
૧૯	૧૨૨/૪થી જુન ૧૯૯૮	કલેકટર, મહેસાણા.
૨૦	૧૨૩/૫મી જુન ૧૯૯૮	કલેકટર, દાહોદ.
૨૧	૧૨૫/૬ઠ્ઠી જુન ૧૯૯૮	જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.
૨૨	૧૨૯/૨૨મી જુન ૧૯૯૮	જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા, પાલનપુર.
૨૩	૧૩૦/૨૩મી જુન ૧૯૯૮	જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.
૨૪	૧૩૧/૨૩મી જુન ૧૯૯૮	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ
૨૫	૧૩૨/૨૪મી જુન ૧૯૯૮	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા.
૨૬	૧૩૩/૨૫મી જુન ૧૯૯૮	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ.
૨૭	૧૩૪/૨૫મી જુન ૧૯૯૮	કલેકટર, સાબરકાંઠા, હિંમતનગર.
૨૮	૧૩૫/૨૯મી જુન ૧૯૯૮	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, નડીઆદ.
૨૯	૧૩૬/૨૯મી જુન ૧૯૯૮	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા.
૩૦	૧૩૭/૨૯મી જુન ૧૯૯૮	એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, હિંમતનગર.
૩૧	૧૩૮/૩૦મી જુન ૧૯૯૮	જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત.
૩૨	૧૩૯/૧લી જુલાઈ ૧૯૯૮	કલેકટર, ગાંધીનગર
૩૩	૧૪૦/૧લી જુલાઈ ૧૯૯૮	પોલીસ કમિશનર, વડોદરા શહેર.
૩૪	૧૪૧/૨જી જુલાઈ ૧૯૯૮	કલેકટર, પંચમહાલ, ગોધરા.
૩૫	૧૪૨/૪થી જુલાઈ ૧૯૯૮	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા.
૩૬	૧૪૩/૬ઠ્ઠી જુલાઈ ૧૯૯૮	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ
૩૭	૧૪૪/૬ઠ્ઠી જુલાઈ ૧૯૯૮	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા.
૩૮	૧૪૫/૬ઠ્ઠી જુલાઈ ૧૯૯૮	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, નડીઆદ.
૩૯	૧૪૬/૭મી જુલાઈ ૧૯૯૮	જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા.
૪૦	૧૪૭/૯મી જુલાઈ ૧૯૯૮	પોલીસ કમીશ્નર, વડોદરા શહેર.
૪૧	૧૪૮/૧૧મી જુલાઈ ૧૯૯૮	ડીસ્ટ્રીક્ટ મેજિસ્ટ્રેટ, વડોદરા.
૪૨	૧૪૯/૧૬મી જુલાઈ ૧૯૯૮	જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા.
૪૩	૧૫૦/૧૭મી જુલાઈ ૧૯૯૮	જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ
૪૪	૧૫૧/૧૮મી જુલાઈ ૧૯૯૮	ડીસ્ટ્રીક્ટ મેજિસ્ટ્રેટ, વડોદરા.
૪૫	૧૫૨/૧૮મી જુલાઈ ૧૯૯૮	જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ
૪૬	૧૫૩/૧૮મી જુલાઈ ૧૯૯૮	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ
૪૭	૧૫૪/૧૮મી જુલાઈ ૧૯૯૮	ડીસ્ટ્રીક્ટ મેજિસ્ટ્રેટ, વડોદરા.
૪૮	૧૬૧/૩૦મી જુલાઈ ૧૯૯૮	જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G—BA-14-E

©

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] THURSDAY, AUGUST 6, 1998 / SRAVANA 15, 1920 [No. 32

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B, and Part I-L.

	Pages		Pages
Part I-Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	284-297	Part I-B-Government Notifications published under Land Acquisition Act only.	548-559
Part I-A-Orders and Notifications, other than those published in Part IV- under the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette.	32	Part I-L-Notifications, Orders and Awards, other than those published in Parts I, IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.	1641-1689

Miscellaneous Notifications, Appointments, etc.

BY DISTRICT AND SESSIONS JUDGE

Notification

No. ADM / 1 / 1113 of 1998.— During the Summer Vacation Six Weeks from 4th May, 1998 to 14th June 1998, in the Judicial District of Valsad, the following Civil Judges and Judicial Magistrates were prevented from enjoying Vacation for the period shown against their names in Column No. 3 and they were allowed to enjoy Vacation for the period shown in Column No. 4, under the Provisions of Rule 741 read with Rule 743 of the Bombay Civil Services Rules.

Sr. No.	Name of Civil Judge and Judicial Magistrate	Period of which prevented from enjoying Vacation	Period for which Vacation enjoyed	Remarks
1	2	3	4	5
1	Mr. D. C. Shah, Civil Judge (S. D.), Navsari.	5th May, 1998 to 11th May, 1998. 13th May, 1998 to 24th May, 1998 29th May, 1998 31th May, 1998 to 4th June, 1998 6th June, 1998 11th June, 1998 to 14th June, 1998. (30 days)	4th May, 1998 12th May, 1998 25th May, 1998 To 28th May, 1998 30th May, 1998 5th June, 1998 7th June, 1998 to 10th June, 1998 (12 days)	Transferred as Civil Judge (S. D.) Vadodara.
2	Mr. N. C. Shukla, Chief Judicial Magistrate, Valsad at Navsari.	4th May, 1998 to 31st May, 1998,	1st June, 1998 to 14th June, 1998	Transferred Chief judicial Magistrate, Bharuch.
3	Mr. I. M. Shaikh, 2nd Joint Civil Judge (S. D.) and J. M. F. C., Navsari.	4th May, 1998 to 24th May, 1998. 8th June, 1998 to 14th June., 1998. (28 days).	25th May, 1998 to 7th June, 1998. (14 days).	Transferred as 3 rd Jt. Civil Judge (S.D.) Godhra.
4	Mr. H. P. Baxi, 3rd Joint Civil Judge (S. D.) and J. M. F. C., Navsari.	4th May, 1998 to 11th May, 1998 26th May, 1998 to 14th June, 1998. (28 days)	12th May, 1998 to 25th May, 1998. (14 days)	
5	Mr. N. N. Parmar, Civil Judge (J. D.) and J.M.F.C. Chikhli.	4th May, 1998 to 8th May, 1998 17th May, 1998 and 18th May, 1998 23rd May, 1998 to 14th June, 1998. (30 days)	9th May 1998 to 16th May, 1998 19th May, 1998 22nd May, 1998. (12 days)	
6	Mr. P. K. Joshi, Civil Judge (J.D.) and J.M.F.C., Vansda.	4th May, 1998 to 7th May, 1998 15th May, 1998 to 31st May, 1998. (21 days).	8th May, 1998 to 14th May, 1998 1st June, 1998 to 14th June, 1998. (21 days)	Transferred as Civil Judge (J.D.) Lunawada.
7	Mr. D. V. Vaidya, Joint Civil Judge (J. D.) and J. M. F. C., Valsad.	18th May, 1998 to 7th June, 1998. (21 days)	4th May, 1998 to 17th May, 1998 8th June, 1998 to 14th June 1998. (21 days)	Transferred as Joint Civil Judge (J.D.) and J. M. F. C., Patan.
8	Mr. L. S. Rabari, Civil Judge (J. D.) and J.M.F.C., Umbergaon.	4th May, 1998 to 31st May, 1998. (28 days)	1st June 1998 to 14th June, 1998. (14 days)	Transferred as Civil Judge (J. D.), Harijsami.
આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર (૪) માસની અને વધુમાં વધુ એક (૧) વરસની સજા અને દંડની સજાને મુંબઈ પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૧૭મી જુલાઈ, ૧૯૯૮નાં રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

મનીરામ,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

નાયબ પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

નંબર ઉ/ગપક/મુ.મ/ફા.પ્રે./૯૮.—સને-૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમ કલમ-૩૭ (૪) મુજબ જાહેરનામું સુરત શહેર પોલીસ ખાતા હસ્તકનાં ઉંમરા ગામ નજીક ફાયરીંગ બટ સર્વે નં. ૯૪, ૯૫, ૯૬ અને સર્વે નં. ૮ ની વચ્ચે આવેલ જમીન ઉપર તારીખ ૬ઠ્ઠી જુલાઈ, ૧૯૯૮ના દિન-૧ માટે પોલીસ હેડ કવાર્ટર સુરતના-ઓનાં તરફથી રિક્રુટ વુંમન પોલીસ કોન્સ્ટેબલનું ફાયરીંગ ટેસ્ટ કરનાર હોવાથી આ વિસ્તારની હદમાં રહેતા પ્રજાજનોની સલામતિ જાળવવા માટે સને-૧૯૫૧ નાં મુંબઈ અધિનિયમ કલમ-૩૭ (૪) પ્રતિબંધી હુકમ પ્રસિધ્ધ કરવો જરૂરી છે.

આથી હું, પી. આઈ. બુનેત, નાયબ પોલીસ કમિશનર -(વહીવટ) સુરત શહેરના હુકમ નંબર કે.એમ.સી./બી.૧/૧૯૮૮/૨૯૦૬૫, તારીખ ૧૪મી નવેમ્બર, ૧૯૮૮ મુજબ સને-૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) મળેલ સત્તાની રૂએ ફરમાવું છુ કે સુરત શહેર જિલ્લામાં આવેલ ચોર્યાસી તાલુકાનાં ઉંમરા ગામની નજીક આવેલ સર્વે નં. ૯૪, ૯૫, ૯૬ અને સર્વે નં. ૮ વચ્ચે આવેલ પોલીસ ફાયરીંગ બટની જમીન ઉપર તારીખ ૬ઠ્ઠી જુલાઈ, ૧૯૯૮ દિન-૧ માટે પોલીસ હેડ કવાર્ટર સુરત શહેરનાં રીક્રુટ વુમન પોલીસ કોન્સ્ટેબલ સુરતનાઓનાં તરફથી રીક્રુટ વૂમન પોલીસ કોન્સ્ટેબલનું ટેસ્ટ ફાયરીંગ કરનાર હોવાથી આજુબાજુનાં રહીશો તથા બહારના કોઈપણ અન અધિકૃત વ્યકિતઓએ ઉપરોકત તારીખ દરમ્યાન સવારનાં કલાક ૬ થી સાંજના કલાક ૧૮ સુધી આ જમીનની હદમાં પ્રવેશ કરવો નહીં તેમજ તે હદમાં આવેલ તાપી નદીમાંના વિસ્તારમાં હોડી ફેરવવી નહીં કે માછલાં પકડવા નહીં તેમજ હોડી ઉભી રાખવી નહીં.

આ હુકમનો ભંગ કરનાર ઈસમને ઈ.પી. કો કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૩જી જુલાઈ, ૧૯૯૮નાં રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

પી. આઈ. બુનેત,
નાયબ પોલીસ કમિશનર (વહીવટ),
સુરત શહેર.

કલેકટર દ્વારા

આદેશ.

ક્રમાંક પરવ/વહટ/વશી-૨૭૫૬/૯૮.—આથી હું, શ્રી કે. એ. પટેલ, આઈ. એ. એસ. કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ, આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ, ૧૯૫૫ ની કલમ-(૨) (એ) નીચે મળેલ સત્તાની રૂએ સદર અધિનિયમની કલમ ૬ (એ) અને કલમ-૬ (બી) ના મને મળેલ અધિકારો પૈકી નિયામક, નાગરીક પુરવઠા ગુજરાત રાજ્યની કચેરીના રાજ્ય તપાસણી એકમ દ્વારા સ્થગીત કરેલ માલ મિલ્કતના કેસોમાં તેવી માલ મિલ્કતની કિંમત રૂપિયા એક લાખથી ઓછી હોય તો નિયામકશ્રી નાગરિક પુરવઠાની કચેરીના સંયુકત/નાયબ નિયામકશ્રીને અને તેવી માલ મિલ્કતની કિંમત રૂપિયા એક લાખ કે તેથી વધારે હોય તો નિયામક, નાગરીક પુરવઠાને વાપરવા અધિકૃત કરવા-આથી આદેશ કરૂ છું.

ડાંગ આહવા, તારીખ ૬ઠ્ઠી જુલાઇ ૧૯૯૮.

કે. એ. પટેલ,
કલેકટર, ડાંગ.

INDEX

વંચાણે લીધું: (૧) ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની જોગવાઈઓ.

(૨) નવસારી નગરપાલિકાના પ્રમુખશ્રી, ઝફરૂદીન એફ. કાદરીએ રૂબરૂમાં રજુ કરેલ તારીખ ૧૪મી જુલાઈ ૧૯૯૮ નો રાજીનામાનો પત્ર.

હુકમ

નંબર ક્રમકન/એસીબી /એમયુએન /વશી-૬૪૪/ ૯૮.—નવસારી નગરપાલિકાના પ્રમુખશ્રી ઝફરૂદીન એફ. કાદરીએ તારીખ ૧૪મી જુલાઈ ૧૯૯૮ ના ૧૧-૪૫ કલાકે અમારી રૂબરૂ ઉપસ્થિત થઈ આમુખ-૨માં જણાવ્યા અન્વયેનો પત્ર રજુ કરેલ. જેમાં જણાવ્યા પ્રમાણે શ્રી ઝફરૂદીન એફ. કાદરીએ નવસારી નગરપાલિકાના પ્રમુખ પદનાં હોદ્દા પરથી રાજીનામું આપેલ છે.

ગુજરાત નગરપાલિકાં અધિનિયમની કલમ-૩૫ (૧) અન્વયે નગરપાલિકાના પ્રમુખશ્રીનું રાજીનામું સ્વીકારવા માટે અમોને સત્તા પ્રાપ્ત થયેલ છે. જે અન્વયે આજ તારીખ ૧૪મી જુલાઈ ૧૯૯૮ ના ૧૧-૪૫ કલાકે શ્રી ઝફરૂદીન એફ. કાદરી પ્રમુખશ્રી નવસારી નગરપાલિકાનું રાજીનામું મંજુર કરવા હુકમ કરવામાં આવે છે. તેમજ રાજીનામું સ્વીકાર્યાના તારીખ અને સમયથી તેઓશ્રી નવસારી નગરપાલિકાના પ્રમુખ તરીકેનો હોદો ધરાવતા બંધ થાય છે અને નગરપાલિકાના પ્રમુખશ્રીની જગ્યા તેમના રાજીનામું સ્વીકારવાના કારણે ખાલી પડેલી જાહેર કરવામાં આવે છે.

નવસારી, તારીખ ૧૪મી જુલાઈ ૧૯૯૮.

(સહી) અવાચ્ય,
કલેક્ટર, નવસારી.

અધિક જિલ્લ મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (ખ) હેઠળનો.

નંબર ઉ/મકપ/પલસ/મજસ/વશી/૩૨૬૨ થી ૩૨૮૨.—તારીખ ૭મી જુલાઈ, ૧૯૯૮ થી ૧૨મી જુલાઈ, ૧૯૯૮ ના સમય દરમ્યાન "ગૌરીવ્રત" ના તહેવારની ઉજવણી થનાર છે. આ તહેવારની ઉજવણી પ્રસંગે કુમારીકાઓ તેમજ સ્ત્રીઓ સાંજના સમયે બગીચાઓમાં ફરવા જાય છે. આ તહેવારની ઉજવણી દરમ્યાન કોઈ છેડતીના બનાવો ન બને તેમજ કાયદો વ્યવસ્થા યોગ્ય રીતે જળવાય તે માટે જિલ્લા પોલીસ અધિકારીશ્રી, પંચમહાલ, ગોધરાએ તેઓના પત્ર ક્રમાંક : એલઆઈબી/જાહેરનામું-૧૧૩૯/૯૮, તારીખ ૫મી જુલાઈ ૧૯૯૮થી ગોધરા શહેરના તળાવ ઉપર આવેલ બગીચો તથા હાલોલ મુકામે આવેલ બગીચામાં પુરૂષો અને છોકરાઓને પ્રવેશ કરવા પર પ્રતિબંધ માટેનું જાહેરનામું બહાર પાડવા વિનંતી કરેલ છે.

સબબ ઉપરોકત સંજોગોમાં હુ જે. એમ. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (ખ) હેઠળ મને મળેલ સત્તાની રૂએ ગોધરા શહેરના તળાવ ઉપર આવેલ બગીચો તથા હાલોલ મુકામે આવેલ બગીચામાં પુરૂષો અને છોકરાઓને તારીખ ૭મી જુલાઈ, ૧૯૯૮થી ૧૪મી જુલાઈ, ૧૯૯૮ ના સમય દરમ્યાન પ્રવેશ કરવા માટે પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમ સરકારી ફરજ પરના પોલીસ સ્ટાફને તથા બગીચામાં ફરજ બજાવતા કર્મચારીઓને લાગુ પડશે નહી.

આજરોજ તારીખ ૭મી જુલાઈ, ૧૯૯૮ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) મુજબનું.

નંબર ઉ/મકપ/પલસ/મજસ/વશી. ૩૪૫૪ થી ૩૪૯૯.—આગામી તારીખ ૨૨મી જુલાઈ ૧૯૯૮ થી ૨૧મી ઓગસ્ટ ૧૯૯૮ દરમ્યાન દિવાસો, રક્ષાબંધન, નાગપાંચમ, રાંધણછઠ, શિતળાસાતમ, જન્માષ્ટમી, અને પંદરમી ઓગષ્ટ જેવા તહેવારોની ઉજવણી થનાર હોઈ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે અને શાંતીમય વાતાવરણ રહે તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭(૧) જાહેરનામું બહાર પાડવું જરુરી જણાય છે.

આથી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે મળેલ સત્તાની રઈએ હું, જે. એમ. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા આથી ફરમાવું છું કે, સમગ્ર પંચમહાલ જિલ્લામાં તારીખ ૨૨મી જૂલાઈ ૧૯૯૮ થી ૨૧મી ઓગસ્ટ ૧૯૯૮ (બંને દિવસો સહિત)

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ધોકા, બંદુક, છરી, લાકડી કે લાઠી, અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજુંકોઈપણ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવો નહી.

(ગ) પત્થર અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તો વસ્તુઓ ફેંકવાની, ધકેલવાના યંત્રો, સાધનો સાથે લઈ જવા નહીં, એકઠા કરવા નહીં, તથા તૈયાર કરવા નહીં, મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં, અપમાન કરવાના અથવા જાહેરમાં બીભત્સ સુત્રો પોકારવા નહીં, અશ્લીલ ગીતો ગાવા નહીં.

(ઘ) જેનાથી સુરુચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં, તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહીં, તથા તેવા પત્રકો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવી નહીં, બતાવવા નહીં, અથવા તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં. :

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈ વ્યકિતઓને જેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવુ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય, પોલીસ સબ-ઈન્સ્પેકટરકક્ષાથી નીચેની પાયરીના ન હોય તેવા અધિકારીઓ જેને શારીરિક અશકિતના કારણે લાકડી, લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

આજરોજ તારીખ ૨૨મી જુલાઈ ૧૯૯૮ના રોજ મારી સહી તથા સીક્કો કરી આપવામાં આવ્યો.

જે. એમ. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

INDEX

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩ (૧) અન્વયે કાઢેલ.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ / રજી.-નં. ૩૪ / ૯૮.—મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમ) ની કલમ૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, આર. કે. દવે, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ આગામી દિવાસાનો તહેવાર તથા પ્રવર્વમાન પરિસ્થિતિને અનુલક્ષીને જિલ્લામાં જાહેર શાંતિ અને સલામતી તેમજ કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતા ફરમાવું છું કે વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઇપણ વ્યકિતએ તારીખ ૧૮મી જુલાઇ ૧૯૯૮ થી તારીખ ૩૧મી જુલાઇ ૧૯૯૮ સુધી (બંને દિવસો સુધ્ધા) ના સમય માટે નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદૂક, ચપ્પુ, છરી, લાકડી, લાઠી અથવા શારીરીક ઇજા પહોચાડવામાં ઉપયોગ થઇ શકે તેવી બીજી ચીજો લઇ જવાની મનાઇ.

(ખ) કોઇપણ સ્ફોટક પદાર્થ લઇ જવાની.
(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો, અથવા સાધનો સાથે લઇ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.
(ગ) કોઇ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઇ જવાની
(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.
(ચ) લોકોને બુમ પાડવાની ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની અપમાન કરવાના ઇરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની.
(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવા, તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડ, અથવા બીજા કોઇપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિત કે જેને ઉપરી અધિકારીએ આવું કોઇપણ હથિયાર લઇ જવાનું હોય અથવા તેવું કોઇપણ હથિયાર લઇ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, વલસાડ અથવા તેણે અધિકૃત કરેલ કોઇ પોલીસ અધિકારીએ જેને શારીરીક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઇ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યકિતને.

આ જાહેરનામાના કોઇ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમન (સને ૧૯૫૧ ના ૨૨માં કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે.

આજ રોજ તારીખ ૧૮મી જુલાઇ ૧૯૯૮ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

હુકમ

મુંબઇ પોલીસ અધિનયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨માં) ની કલમ-૩૭ (૩) અન્વયે.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી.-૩૫/૧૯૯૮.—જિલ્લામાં આગામી દિવાસાનો તહેવાર તથા પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂ માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઇ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું આર. કે. દવે, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, વલસાડ મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ નો ૨૨મો) ની કલમ-૩૭ ની પેટા કલમ કલમ-૩ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે વલસાડ જિલ્લામાં તારીખ ૧૮મી જુલાઇ ૧૯૯૮ થી તારીખ ૩૧મી જુલાઇ ૧૯૯૮ સુધી (બંને દિવસો સુધ્ધા) ચાર માણસ કરતા વધુ માણસોની કોઇ સભા ભરવી કે બોલાવવી નહી કે સરઘસ કાઢવું નહીં તેમજ ચારથી વધુ વ્યકિતઓ ભેગા થવું નહી સરઘસ કાઢવું નહી.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાનયાત્રા કે એસ. ટી. બસમાં મુસાફરી કરવા બોનોફાઇડ વ્યકિતઓને લાગુ પડશે નહી.

આ હુકમનો ઉલ્લંઘન કરનારને મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨મો) ની કલમ ૧૩૫ (૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૮મી જુલાઇ ૧૯૯૮ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી આપી છે.

આર. કે. દવે,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૧) અન્વયે કાઢેલ.

ક્રમાંક એમ.એ.જી. વશી.—નર્મદા જિલ્લામાં કાયદો- વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુંથી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૩ (સને ૧૯૫૧ના મુંબઈ ૨૨માં અધિનિયમની) કલમ-૩૭ ની પેટા કલમ-(૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું આર. ડી. વરસાત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા જાહેર શાંતિ અને સલામતી સારૂ ફરમાવું છું, કે કોઈએ નીચેની અનુંસૂચિતમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૧૬મી જૂલાઈ ૧૯૯૮ થી તારીખ ૩૧મી જૂલાઈ ૧૯૯૮ સુધી.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા ધારીયા ધોકા, છરા, લાકડી, કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજુ કોઈ સાધન સાથે લઈ જવું નહિ.
(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ, સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહિ.
(૩) પથ્થર અથવા હાનિકારક પ્રવાહી રસાયણ છાંટવા અથવા ફેંકવા નહિ અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના યંત્રો અથવા સાધનો લઈ જવા નહિ. એકઠા કરવા નહિ તથા તૈયાર કરવા નહિ.
(૪) મનુષ્યો અથવા સબો અથવા આકૃતિઓ અથવા પુતળ દેખાડવા નહિ.

INDEX

(૫) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો, પોકારવા નહિ. અશ્લિલ ગીતો ગાવા નહિ અથવા ટોળામાં ફરવું નહિ.

(૬) જેનાથી સુરુચિ નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું. નહિ તેવા હાવ ભાવ કરવા નહિ તથા તેવા ચિત્રો પત્રિકા, પ્લેકાર્ડ અથવા જાહેરાત કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહિ બનાવવા નહિ તથા તેનો ફેલાવો કરવો નહિ.

આ હુકમ નીચેની વ્યકિતને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતઓને કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનુ ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય,

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ તેને અધિકૃત કરેલા કોઈ પણ પોલીસ અધિકારીને જેને શારીરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી શકાય તે વ્યકિતને.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી નર્મદા અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી નર્મદા આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઇ વ્યકિતઓને.

અનુસૂચિ

'નર્મદા જિલ્લાનો સમગ્ર વિસ્તાર'

આ જાહેરનામાનાં કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫(૧) મુજબ દંડની પણ સજા થશે.

આજ તારીખ ૧૮મી જુલાઈ ૧૯૯૮ ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો.

———

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમ.એ.જી. વશી.--નર્મદા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુંથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમા વ્યકિતઓની કોઈ મંડળી-સરઘસની મનાઈ કરવાનું મને જરૂર જણાય છે.

તેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં) ની કલમ-૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂએ હું આર. ડી. વરસાત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ નર્મદા (રાજપીપલા) આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૧૯મી જૂલાઈ ૧૯૯૮ ના દિવસે સવારના ૦૦-૦૦ કલાકથી તારીખ ૩૧મી જૂલાઈ ૧૯૯૮ ના રોજ સાંજના ૨૪-૦૦ કલાક સુધી (બંન્ને દિવસો સુધ્ધા) ની મુદત માટે નર્મદા જિલ્લામાં ચાર કરતા વધુ વ્યકિતઓની કોઇ મંડળી સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

અનુસૂચિ

વધુમાં હું આદેશ કરું છું કે આ હુકમની નીચેનાને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને.

(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) કોઈપણ સ્મશાનયાત્રાને.

આ હુકમના ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૫ (૧) મુજબ અને ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ (સને-૧૮૬૦ ના ૪૫માં) ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૮મી જુલાઈ ૧૯૯૮ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

આર. ડી. વરસાત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા,
રાજપીપલા.

———

PRINTED AT THE GOVERNMENT PRESS. VADODARA.

INDEX

REGISTERED No. G-BA-1[illegible]

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] THURSDAY, AUGUST 20, 1998 / SRAVANA 29, 1920 [No. 34

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages			Page
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	308-321	Part I-B	Government Notifications published under Land Acquisition Act only.	564-568
Part I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	34	Part I-L	Notifications, Order and Awards other than those published in Parts I, IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	1759-1844

GOVERNMENT NOTIFICATIONS, APPOINTMENTS ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨મા અધિનિયમની કલમ-૩૭(૩) મુજબનો હુકમ.

નંબર ઉ/ગપક/૪૦૧/વિ.શા./૧૯૯૮.—અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, હિરાલાલ, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૩) થી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૨જી ઓગષ્ટ, ૧૯૯૮ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી ઓગષ્ટ, ૧૯૯૮ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતા વધારે માણસોએ ભેગા થવું નહીં, અગર સભા ભરવી કે બોલાવવી નહીં, તેમજ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર.—અમદાવાદ શહેર, પોલીસ કમિશનરની હકુમતનો સમગ્ર વિસ્તાર.

અપવાદ.—આ હુકમ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ ઉપર હોય તથા સ્મશાનયાત્રાઓ અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ આધનિયનની કલમ-૧૩૫નો પેટા-કલમ (૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૮મી માહે જુલાઈ સને ૧૯૯૮ ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો.

હિરાલાલ,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧માંની કલમ. ૩૭(૧) અન્વયેનું.

ક્રમાંક ઉ/પગક/ /એસ.બી./જાહેરનામું/૩૩/૯૮.—સુરત શહેરમાં શાંતી અને સલામતી જાળવવા પગલા લેવા જરુરી જણાતું હોવાથી વાસ્તે હું મનીરામ આઈ.પી.એસ.,પોલીસ કમિશનર, સુરત શહેર મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની પેટા-કલમ, ૩૭(૧) થી મને મળેલ સત્તાની રુએ નીચે જણાવેલા વિસ્તારોમાં તારીખ ૪થી ઓગસ્ટ ૧૯૯૮ કલાક ૦૦.૦૦ થી તારીખ ૧૮મી ઓગસ્ટ ૧૯૯૮ કલાક ૨૪-૦૦ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટી, લાકડી, ચપ્પુ અથવા શારીરીક ઈજા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજવસ્તુ લઈ જવાની,.

(ખ) કોઈપણ સ્ફોટક અથવા ક્ષયધર્મી પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની,

(ઘ) કોઇ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની

(ચ) વ્યકિતઓ અથવા તેના શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(છ) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની ;

(જ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની અથવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરુચી અથવા નિતીનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાથી અથવા ચાળા વિગેરે કરવાની અથવા ચિત્રો નિશાનીઓ તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની,

વિસ્તાર.—સુરત શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ.—આ હુકમનો ખંડ (ક) નીચેનો વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમને ઉપરી અધિકારીઓએ આવું કોઈ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવુ કોઈ હયીયાર લઈ જવાની ફરજ હોય તે વ્યકિતને.

(૨) પોલીસ કમિશનર અથવા તેમણે અધિકૃત કરેલા કોઈપણ અધિકારીઓ જેને અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓને.

આ જાહેનામાના કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર (૪) માસની અને વધુમાં વધુ એક (૧) વર્ષની સજા અને દંડની સજાને મુંબઈ પોલીસ અધિનિયમ સને. ૧૯૫૧ની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૩જી ઓગસ્ટ ૧૯૯૮નાં રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

મનીરામ,
પોલીસ કમિશનર,
સુરત શહેર, સુરત.

BY DISTRICT JUDGE

Notification

No. B.10/1069 of 1998.—During the Summer Vacation observed for five Week from 11th May, 1998 to 14th June, 1998 (both days inclusive), in the Judicial District of Surat, the following Judicial Officers, were prevented from availing the benefit of Summer Vacation for the period shown against their names in Column No. 3, under the provision of Rule-741 read with Rule-743 of B.C.S. Rules, Volume-I.

Sr. No.	Name and Designation of the Judicial Officers	Period for which Prevented	Days for which prevented	Remarks
1	2	3	4	5
1	Mr. M. I. L. Dalal Judge, Small Cause Court, Surat.	11th May, 1998 to 24th May, 19 8 and 1st June, 1998 to 14th June, 1998	28	

1	2	3		4	5
2	Mr. H. A. Shah, Additional Judge, Small Cause Court, Surat.	11th May, 1998 12th May, 1998 22nd May, 1998 31st May, 1998 2nd June, 1998 14th June, 1998	to and to and to	25	
3	Mr. H. S. Tripathi, Civil Judge (SD), Surat.	11th May, 1998 3rd June, 1998 8th June, 1998 14th June, 1998	to to	31	
4	Mr. V. R. Vyas, Chief Judicial Magistrate, Surat.	11th May, 1998 18th May, 1998 20th May, 1998 24th May, 1998 4th June, 1998 9th June, 1998 12th June, 1998 14th June, 1998	to and to and to and to	22	
5	Mr. M. M. Popat, 2nd Joint Civil Judge (S.D.) and J. M. F. C., Surat.	11th May, 1998 13th May, 1998 1st June, 1998	and to	21	Transferred and posted as, Metropolitan Magistrate Ahmedabad.
6	Kum. S. C. Srivastava, 3rd Joint Civil Judge (S.D.) and J. M. F. C., Surat.	13th May, 1998 28th May, 1998 30th May, 1998 14th June, 1998	to and to	32	
7	Mr. S. R. Goswami, 4th Joint Civil Judge (S.D.) and J. M. F. C., Surat.	11th May, 1998 15th May, 1998 30th May, 1998 14th June, 1998	to and to	21	
8	Mr. B. K. Patel, Joint Civil Judge (J. D.) and JMFC, Surat.	11th May, 1998 4th June, 1998 12th June, 1998 14th June, 1998	to and to	28	
9	Miss. A. P. Kansara, 2nd Joint Civil Judge (J. D.) and J. M. F. C., Surat.	11th May, 1998 13th May, 1998 22nd May, 1998 14th June, 1998	to and to	27	
10	Mr. R. T. Panchal, 3rd Joint Civil Judge (J. D.) and J. M. F. C., Surat.	18th May, 1998 14th June, 1998	to	28	
11	Mr. J. B. Parikh, 4th Joint Civil Judge (J. D.) and J. M. F. C., Surat.	11th May, 1998 24th May, 1998 31st May, 1998 14th June, 1998	to to	29	
12	Mr. N. K. Parikh, 5th Joint Civil Judge (J. D.) and J. M. F. C., Surat.	11th May, 1998 15th May, 1998 22nd May, 1998 4th June, 1998 6th June, 1998 14th June, 1998	to and to and to	28	

INDEX

1	2	3	4	5
13	Mr. M. I. Pathan, 6th Joint Civil Judge (J. D.) and J. M. F. C., Surai.	11th May, 1998 to 17th May, 1998 and 24th May, 1998 to 4th June, 1998 and 12th June, 1998 to 14th June, 1998	22	
14	Kum. S. R. Oza, 7th Joint Civil Judge (J. D.) and J. M. F. C., Surai.	11th May, 1998 to 13th May, 1998 and 18th May, 1998 ta 14th June, 1998	31	
15	Mr. K. B. Gujarathi, JMF.C., 1st Court, Surat.	18th May, 1998 to 6th June, 1998	20	
16	Mr. J. R. Padvi, JMFC., 2nd Court, Surat.	11th May, 1998 to 26th May, 1998 and 29th May, 1998 to 2nd June, 1998	21	
17	Mr. M. T. Dave, JMFC., 3rd Court, Surat.	11th May, 1998 to 13th May, 1998 and 22th May, 1998 to 14th June, 1998.	27	
18	Mr. A. M. Desai, JMFC., (Muni.) Court, Surat.	11th May, 1998 to 19th May, 1998 and 21st May, 1998 to 25th May, 1998 and 27th May, 1998 to 31st May, 1998 and 2nd June, 1998 to 3rd June, 1998	21	Transferred and posted as 2nd Jt. Civil Judge (JD) and JMFC., Valsad. Dharampur, district Valsad.
19	Mr. V. M. Chawada, JMFC., (Railways) Court, Surat.	25th May, 1998 to 14th June, 1998.	21	
20	Mr. D. D. Thakkar, Civil Judge (JD) and JMFC., Olpad.	11th May, 1998 to 24th May, 1998 and 4th June, 1998 to 14th June, 1998.	25	
21	Mr. B. N. Makwana, Civil Judge (JD) and J.M.F.C., Kathor.	11th May, 1998. to 24th May, 1998 and 8th June, 1998 to 14th June, 1998.	21	
22	Mr. R. M. Sareen, Civil Judge (J.D.) and J.M.F.C., Bardoli.	18th May, 1998 to 24th May, 1998 and 8th June, 1998 to 9th June, 1998	09	
23	Mr. A. M. Dave, Jt. Civil Judge (J. D.) and J.M.F.C., Bardoli.	11th May, 1998 to 15th May, 1998 and 25th May, 1998 to 9th June, 1998	21	Transferred and posted as Joint Civil Judge (JD) and JMFC, Borsad) district : Kheda.
24	Mr. J. K. Ghoghra, Civil Judge (J. D.) and J.M.F.C., Mandvi.	11th May, 1998 to 6th June, 1998.	27	Transferred and posted as Civil Judge (JD) and JMFC, Devgadh - Baria, district : Panchmahal.

INDEX

1	2	3	4	5
25	Mr. I. D. Patel Civil Judge (J.D.) and J.M.F.C., Vyara-Nizar, at Vyara	11th May, 1998 to 17th May, 1998 and 20th May, 1998 to 24th May, 1998 and 10th June, 1998 to 14th June, 1998	17	
26	Mr. P. C. Joshi Joint Civil Judge (J.D.) and J.M.F.C. Mangrol.	11th May, 1998 to 13rh May, 1998 and 17th May, 1998 to 3rd June, 1998	21	Transferred and poste as Judicial Magistrate, F. C., (Municipal) Surat.

Surat, 15th July, 1998.

A. A. KURESHI,
District Judge,
Surat.

જિલ્લા ન્યાયાધિશ દ્વારા.

જાહેરનામું

નંબર બી/૧૦/૧૦૬૯/સને ૧૯૯૮.—તારીખ ૧૧મી મે, ૧૯૯૮ થી તારીખ ૧૪મી જુન ૧૯૯૮ સુધીના પાંચ અઠવાડીયાના ઉનાળું વેકેશન સુરત જ્યુડીશીયલ ડીસ્ટ્રીકટ કામ કરતાં નીચે જણાવેલ જ્યુડીશીયલ ઓફીસરોને તેઓના નામની સાથે કોલમનં. ૩ માં દર્શાવેલ સમયગાળા દરમ્યાન ઉનાળું વેકેશન પર જતા રોકવામાં આવ્યા હતા. -(બી. સી. એસ. આર. ના ૭૪૧ સાથે ૭૪૩ વોલ્યુમ વાંચતા)

અનુક્રમ નંબર	ન્યાયાધીકારીનું નામ	વેકેશન ભોગવવા માટે અટકાયત કરવામાં આવેલ તે સમય	અટકાયત	રીમાર્કસ
૧	૨	૩	૪	૫
૧	શ્રી એમ. આઇ. એલ. દલાલ, જજ, સ્મોલ કોઝ કોર્ટ, સુરત.	૧૧મી મે, ૧૯૯૮ થી ૨૪મી મે ૧૯૯૮ અને ૧લી જુન ૧૯૯૮ થી ૧૪મી જુન ૧૯૯૮	૨૮	...
૨	શ્રી એચ. એ. શાહ. એડી. જજ, સ્મોલ કોઝ કોર્ટ, સુરત.	૧૧મી મે ૧૯૯૮ થી ૧૨મી મે ૧૯૯૮ અને ૨૨મી મે ૧૯૯૮ થી ૩૧મી મે ૧૯૯૮ અને ૨જી જુન ૧૯૯૮ થી ૧૪મી જુન ૧૯૯૮	૨૫	...
૩	શ્રી એચ. એસ. ત્રિપાઠી, સીવીલ જજ (સી. ડી.) સુરત	૧૧મી મે ૧૯૯૮ થી ૩જી જુન ૧૯૯૮ અને ૮મી જુન ૧૯૯૮ થી ૧૪મી જ'ન ૧૯૯૮	૩૧	...
૪	શ્રી વી. આર. વ્યાસ. ચીફ જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ. સુરત	૧૧મી મે ૧૯૯૮ થી ૧૮મી મે ૧૯૯૮ અને ૨૦મી મે ૧૯૯૮ થી ૨૪મી મે ૧૯૯૮ અને ૪થી જુન ૧૯૯૮ થી ૯મી જુન ૧૯૯૮ અને ૧૨મી જુન ૧૯૯૮ થી ૧૪મી જુન ૧૯૯૮	૨૨	...
૫	શ્રી એમ. એમ. પોપટ, બીજા જોઇન્ટ સીવીલ જજ, (સી. ડી.) અને જ્યુ. મેજિ. ફ. ક., સુરત.	૧૧મી મે ૧૯૯૮ અને ૧૩મી મે ૧૯૯૮ થી ૧લી જુન ૧૯૯૮	૨૧	મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, અમદાવાદ તરીકે બદલી થઇ.
૬	કુ. એસ. સી. શ્રી વાસ્તવ ત્રીજા જો. સીવીલ જજ, (સી. ડી.) અને જ્યુ. મેજિ. ફ. ક., સુરત.	૧૩મી મે ૧૯૯૮ થી ૨૮મી મે ૧૯૯૮ અને ૩૦મી મે ૧૯૯૮ થી ૧૪મી જુન ૧૯૯૮	૩૨	"
૭	શ્રી એસ. આર. ગોસ્વામી ચોથા જો. સીવીલ. જજ, (સી.ડી.) અને અને જ્યુ. મેજિ. ફ. ક. સુરત.	૧૧મી મે ૧૯૯૮ થી ૧૫મી મે ૧૯૯૮ થી અને ૩૦મી મે ૧૯૯૮ થી ૧૪મી જુન ૧૯૯૮	૨૧	"
૮	શ્રી બી. કે. પટેલ. જો. સીવીલ. જજ, (જુ. ડી.) અને જ્યુ. મેજિ. ફ. ક., સુરત.	૧૧મી મે ૧૯૯૮ થી ૪થી જુન ૧૯૯૮ અને ૧૨મી જુન ૧૯૯૮ થી ૧૪મી જૂન ૧૯૯૮	૨૮	"

૧	૨	૩	૪	૫
૯	કુ. એ. પી. કંસારા બીજા જો. સીવીલ જડજ (જુ. ડી.) અને જ્યુ. મેજિ. ફ. ક. સુરત.	૧૧મી મે ૧૯૯૮ થી ૧૩મી મે ૧૯૯૮ અને ૨૨મી મે ૧૯૯૮ થી ૧૪મી જુન ૧૯૯૮	૨૭	મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, અમદાવાદ તરીકે બદલી થઈ.
૧૦	શ્રી આર. ટી. પંચાલ. ત્રીજા. જો. સીવીલ. જડજ. (જુ. ડી.) અને જ્યુ. મેજિ. ફ. ક., સુરત.	૧૮મી મે ૧૯૯૮ થી ૧૪મી જુન ૧૯૯૮	૨૮	,,
૧૧	શ્રી જે. બી. પરીખ, ચોથા જો. સીવીલ જડજ, (જુ. ડી.) અને જ્યુ. મેજિ. ફ. ક., સુરત.	૧૧મી મે ૧૯૯૮ થી ૨૪મી મે ૧૯૯૮ અને ૩૧મી મે ૧૯૯૮ થી ૧૪મી જુન ૧૯૯૮	૨૯	,,
૧૨	શ્રી એન. કે. પરીખ, પાંચમા જો. સીવીલ જડજ., (જુ. ડી.) અને જ્યુ. મેજિ., ફ. ક. સુરત.	૧૧મી મે ૧૯૯૮ થી ૧૫મી મે ૧૯૯૮ અને ૨૨મી મે ૧૯૯૮ થી ૪થી જુન ૧૯૯૮ અને ૬ ઠ્ઠી જુન ૧૯૯૮ થી ૧૪મી જુન ૧૯૯૮	૨૮	,,
૧૩	શ્રી એમ. આઇ. પઠાણ. છઠ્ઠા જો. સીવીલ જડજ.. (જુ. ડી.) અને જ્યુ. મેજિ. ફ. ક. સુરત.	૧૧મી મે ૧૯૯૮ થી ૧૭મી મે ૧૯૯૮ અને ૨૪મી મે ૧૯૯૮ થી ૪થી જુન ૧૯૯૮ ૧૨મી જુન, ૧૯૯૮ થી ૧૪મી જુન, ૧૯૯૮	૨૨	,,
૧૪	કું. એસ. આર ઓઝા ... સાતમા જો. સીવીલ જડજ. (જુ. ડી) અને જ્યુ. મેજિ. ફ. ક, સુરત.	૧૧મી મે, ૧૯૯૮ થી ૧૩મી મે ૧૯૯૮ અને ૧૮મી મે, ૧૯૯૮ થી ૧૪મી જુન, ૧૯૯૮	૩૧	
૧૫	શ્રી કે. બી. ગુજરાથી ... જ્યુ. મે.જિ. ફ. ક., પ્રથમ કોર્ટ, સુરત.	૧૮મી મે, ૧૯૯૮ થી ૬ઠ્ઠી જુન, ૧૯૯૮	૨૦	
૧૬	શ્રી જે. આર. પાડવી ... જ્યુ મેજિ ફ. ક., બીજી કોર્ટ સુરત.	૧૧મી મે, ૧૯૯૮ થી ૨૬મી મે, ૧૯૯૮ અને ૨૯મી મે, ૧૯૯૮ થી ૨જી જુન, ૧૯૯૮	૨૧	
૧૭	શ્રી બી. ટી. દવે, જ્યુ. મેજિ. ફ.ક., બીજી કોર્ટ, સુરત.	૧૧મી મે, ૧૯૯૮ થી ૧૩મી મે, ૧૯૯૮ અને ૨૨મી મે, ૧૯૯૮ થી ૧૪મી જુન, ૧૯૯૮	૨૭	
૧૮	શ્રી એ. એમ. દેસાઈ ... જ્યુ. મેજિ ફ.ક. મ્યુની. કો,ર્ટ સુરત.	૧૧મી મે, ૧૯૯૮ થી ૧૯મી મે, ૧૯૯૮ અને ૨૧મી મે' ૧૯૯૮ થી ૨૫મી મે, ૧૯૯૮ અને ૨૭મી મે, ૧૯૯૮ થી ૩૧મી મે, ૧૯૯૮ અને ૨જી જુન, ૧૯૯૮ થી ૩જી જુન, ૧૯૯૮	૨૧	બીજા જો. સી. જડજ (જુ.ડી.) અને જ્યુ. મેજિ. ફ. ક, વલસાડ ધરમપુર જિલ્લો. વલસાડ તરીકે બદલી થઈ.
૧૯	શ્રી વી એમ ચાવડા ... જ્યુ. મેજિ. ફ. ક., રેલ્વે કોર્ટ, સુરત.	૨૫મી મે, ૧૯૯૮ થી ૧૪મી જુન, ૧૯૯૮	૨૧	
૨૦	શ્રી ડી. ડી. ઠક્કર ... સીવીલ જ.જ (જુ. ડી.) અને જ્યુ મેજિ. ફ. ક., ઓલપાડ.	૧૧મી મે, ૧૯૯૮ થી ૨૪મી મે, ૧૯૯૮ અને ૪થી જુન, ૧૯૯૮ થી ૧૪મી જુન, ૧૯૯૮	૨૫	
૨૧	શ્રી બી. એન. મકવાણા ... સીવીલ જડજ (જુ. ડી) અને જ્યુ. મેજિ. ક. ફ. કઠોર.	૧૧મી મે, ૧૯૯૮ થી ૨૪મી મે, ૧૯૯૮ અને	૨૧	

INDEX

૧	૨	૩	૪	૫
		૮મી જુન, ૧૯૯૮ થી ૧૪મી જુન, ૧૯૯૮		
૨૨	શ્રી આર. એમ. સરીન ...	૧૮મી મે, ૧૯૯૮ થી ૨૪મી મે, ૧૯૯૮ અને ૮મી જુન, ૧૯૯૮ થી ૯મી જુન, ૧૯૯૮	૯	
૨૩	શ્રી એ. એમ. દવે ... જો. સીવીલ જજ (જુ. ડી.) અને જ્યુ. મેજિ. ફ. ક., બારડોલી	૧૧મી મે, ૧૯૯૮ થી ૧૫મી મે, ૧૯૯૮ અને ૨૫મી મે, ૧૯૯૮ થી ૯મી જુન, ૧૯૯૮	૨૧	જો. સીવીલ જજ (જુ. ડી.) અને જ્યુ. મેજિ. ફ. ક., બોરસદ જિ. ખેડા તરીકે બદલી થઈ.
૨૪	શ્રી. જે. કે. ઘોઘરા ... સીવીલ જજ (જુ. ડી.) અને જ્યુ. મેજિ. ફ. ક., માંડવી.	૧૧મી મે, ૧૯૯૮ થી ૬ઠ્ઠી જુન, ૧૯૯૮	૨૭	સીવીલ જજ (જુ. ડી.) અને જ્યુ. મેજિ. ફ.ક., દેવગઢ બારીઆ, જિ. પંચમહાલ, તરીકે બદલી થઈ.
૨૫	શ્રી આઈ. ડી. પટેલ ... સીવીલ જજ (જુ. ડી.) અને જ્યુ. મેજિ. ફ. ક., વ્યારા નીઝર. મુ. વ્યારા.	૧૧મી મે, ૧૯૯૮ થી ૧૭મી મે, ૧૯૯૮ અને ૨૦મી મે, ૧૯૯૮ થી ૨૪મી મે, ૧૯૯૮ અને ૧૦મી જુન, ૧૯૯૮ થી ૧૪મી જુન, ૧૯૯૮	૧૭	
૨૬	શ્રી પી. સી. જોષી. ... સીવીલ જજ (જુ. ડી.) અને જ્યુ. મેજિ. ફ. ક., માંગરોલ.	૧૧મી મે, ૧૯૯૮ થી ૧૩મી મે, ૧૯૯૮ અને ૧૭મી મે, ૧૯૯૮ થી. ૩જી જુન, ૧૯૯૮	૨૧	જ્યુ. મેજિ. ફ. ક., મ્યુની. કોર્ટ, સુરત, તરીકે બદલી થઈ.

સુરત. તારીખ ૧૫મી જુલાઈ, ૧૯૯૮.

એ. એ. કુરેશી,
ડિસ્ટ્રીકટ જજ, સુરત.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા.

જાહેરનામું.

નંબર ડી/એમએજી-૧/ટ્રાફીક/વ/શી.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (મુંબઈ ૨૨માં) ની કલમ-૩૩ (૧) પેટા કલમ (૧) ના ખંડ (ક) મુજબ કાઢવા ધારેલા જાહેરનામાની નીચે મુજબનો મુસદો તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી સર્વે વ્યકિતઓની જાણ સારૂ સદરહુ કલમ-૩૩ ની પેટા કલમ (૧) ના ખંડ (ક) થી ઠરાવ્યા પ્રમાણે પ્રસિધ્ધ કર્યો છે. અને આથી નોટીસ આપવામાં આવે છે કે સદરહુ મુસદો જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા પાલનપુર જે રાજયપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી એક મહિનો પુરો થયે ફેર વિચારણામાં લેશે.

ઉપરોકત મુદત પુરી થતાં પહેલાં સદરહુ મુસદા સંબંધમાં કોઈ વ્યકિત તરફથી જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠાને જે કોઈ વાંધા કે સુચનો મળશે તેની ઉપર તેઓ વિચારણા કરશે.

જાહેરનાનો મુસદ્દો.

ક્રમાંક ડી/એમએજી-૧/ટ્રાફીક/વશી.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (મુંબઈના ૨૨માં) ની કલમ-૩૩ ની પેટા કલમ (૧) ના ખંડ (ક) થી જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠાને મળેલ અધિકારોની રૂએ આ કચેરીના જાહેરનામાં ક્રમાંક ડી/એમએજી/૧/ટ્રાફીક/તારીખ ૨૬મી ઓકટોબર ૧૯૯૫માં અંશતઃ ફેરફાર કરી પાલનપુર શહેરના રેલ્વે બ્રીજથી ગઠામણ સર્કલ સુધીના રોડ ઉપર સવારના ૦૮-૦૧૦

INDEX

થી બપોરના ૧૨-૦૦ તથા સાંજના ૧૬-૦૦ થી ૨૧-૦૦ કલાક સુધી ધીમી ગતીના વાહનો જેવા કે બળદગાડા, ઉંટગાડી માલ ભરેલી લારીઓ ચલાવવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે. આ સમય દરમ્યાન ધીમા વાહનોએ જિલ્લા કલ્યાણ તંત્ર ભવનની જમણી બાજુ પાકો ડામર રોડ છે ત્યાંથી સરકારી વસાહતથી આંબેડકરનગર સોસાયટીથી લક્ષ્મીપુરા ફાટક ઉપર થઇ ઇદગાહના રસ્તાનો માર્કેટ યાર્ડમાં જવા આવવા ઉપયોગ કરવાનો રહેશે.

આજ રોજ તારીખ ૨૧મી માહે જુલાઇ ૧૯૯૮ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

પી. ડી. વાઘેલા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
બનાસકાંઠા, પાલનપુર.

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૩) હેઠળ.

નંબર ડીસી/બીપીએ/૩૩(૧)/(૫)(૩)/વ.૩૫૩૦/૯૮ .— ગાંધીનગર જિલ્લાના રૂપાલ ગામે શ્રી વરદાયિની હાઇસ્કુલ અને ઉચ્ચતર માધ્યમિક શાળા આવેલી છે. આ શાળામાં બાળકો ભણે છે. જેથી શાળાના સમય દરમ્યાન શાંત વાતાવરણ રહે તે જરૂરી છે. આ હાઇસ્કુલ અને ઉચ્ચતર માધ્યમિક શાળાની બાજુમાં વરદાયિની માતાજીનું મંદીર આવેલું હોવાથી ભાવિક ભકતો યાત્રાળુઓ વગેરે દર્શનાર્થે આવતા હોવાથી દુકાનો, ગલ્લાઓ, પાથરણાવાળા વગેરે દ્વારા આનંદ પ્રમોદ મેળવવા તથા ખાસ કરીને ગ્રાહકોને આકર્ષવા માટે સ્પીકરો દ્વારા અવાજનું શકય માત્રા કરતાં વધુ પ્રમાણમાં પ્રદુષણ કરવામાં આવે છે. તેના પરિણામે બાળકોના ભણતરમાં વિક્ષેપ પડવાથી અભ્યાસ બગડતો હોવાથી સ્પીકરો બંધ કરાવવા એ બાળકોના હીતમાં જરૂરી જણાય છે. જેથી હું સંજયપ્રસાદ જિલ્લા મેજિસ્ટ્રેટ ગાંધીનગર સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (૫) (૩) થી મને મળેલ સત્તાની રૂએ શ્રી વરદાયીની હાઇસ્કુલ અને ઉચ્ચતર માધ્યમિક શાળા રૂપાલ તાલુકો જીલ્લો ગાંધીનગરની આજુબાજુના ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં સ્પીકરથી અવાજના પ્રસારણ દ્વારા અડચણ/ખલેલ પહોંચાડવા ઉપર તારીખ ૩૧મી ડિસેમ્બર ૧૯૯૮ સુધી પ્રતિબંધ ફરમાવું છું.

સદરહું જાહેરનામાનો ઉલ્લંઘન કરનાર શખ્સને મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૧૩૧ ૧માં જણાવેલ રીતે શિક્ષાને પાત્ર ઠરશે.

અપવાદ :—
૧ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી ગાંધીનગરે આપેલી પરવાનગીને
૨ ધાર્મિક વિધિની ક્રિયાને.

આજ તારીખ ૨૮મી જુલાઇ ૧૯૯૮ ના રોજ મારી સહી સિકકા કર્યા.

સંજયપ્રસાદ
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ગાંધીનગર.

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (સી) હેઠળનો **હુકમ.**

ક્રમાંક એમ. એ. જી./પી.ઓ/એલ-વશી-૫૨૬૨ .—મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઇના ૨૨માંની) કલમ-૩૩ (૧) (સી) આધારે મને મળેલ સત્તાની રૂએ હું. એસ. અપર્ણા, આઇ. એ. એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, બહાર પાડવા ધારેલા જાહેરનામાનો મુસદ્દો અને તેનાથી અસર થતા લાગતા વળગતા તમામની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે કે જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ (ત્રીસ) દિવસની અંદર કોઇપણ વાંધાઓ સૂચનાઓ, જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ભરૂચ જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી ભરૂચ તરફ લેખિત મોકલી આપવામાં આવશે તો તે અંગે યોગ્ય વિચારણા કરવામાં આવશે.

જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ (ત્રીસ) દિવસની મુદત બાદ મળેલ વાંધા/સૂચનાઓ ધ્યાને લેવામાં આવશે નહીં.

પ્રાથમિક જાહેરનામાનો મુસદ્દો

મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઇના ૨૨માં) ની કલમ-૩૩ ની પેટા-કલમ ૧ (સી) થી મળેલ સત્તાની રૂએ ભરૂચ, શહેર મ્યુનિસિપલ હદમાં જુદા જુદા સ્થળોએ આ સાથે સામેલ રાખેલ પરિશિષ્ટ "અ" માં જણાવ્યા મુજબના રિક્ષા સ્ટેન્ડ, અને પરિશિષ્ટ "બ" માં જણાવ્યા મુજબના ટેક્ષી સ્ટેન્ડ નકકી કરવા આથી હુકમ કરૂ છું.

પરિશિષ્ટ-અ

ભરૂચ શહેરમા રીક્ષા સ્ટેન્ડ નકકી કરવા બહાર પાડેલ મુંબઇ પોલીસ અધિનિયમની કલમ ૩૩ (૧) (સી) હેઠળ બહાર પાડેલ પ્રાથમિક જાહેરનામાનું બિડાણ.

અનુ. નંબર.	રીક્ષા સ્ટેન્ડનું સ્થળ.	કેટલી રીક્ષા માટે છે.
૧	જંબુસર બાયપાસ ઉપર દહેજ રોડ પશ્ચિમ દિશાએ.	૧૦ રીક્ષા

પરિશિષ્ટ—બ

ભરૂચ શહેરમાં ટેક્ષી સ્ટેન્ડ નકકી કરવા મુંબઇ પોલીસ અધિનિયમની કલમ ૩૩ (૧) (સી) હેઠળ બહાર પાડેલ પ્રાથમિક જાહેરનામાનું બિડાણ.

અનુ. નંબર.	ટેક્ષી સ્ટેન્ડનું સ્થળ.	કેટલી ટેક્ષી માટે છે
૧	ભરૂચ શહેરના રેલ્વે સ્ટેશન નજીક કુંભારીયા બિલ્ડીંગ સામે આવેલ નગર-પાલિકાની જગ્યામાં	હાલમાં ૫ (પાંચ) ટેક્ષી સ્ટેન્ડ માટે છે. તે ઉપરાંત ૫ (પાંચ) ટેક્ષી સ્ટેન્ડ માટે કુલ ૧૦ (દશ)ટે ટેક્ષી સ્ટેન્ડ.

૧	૨	૩
૨	જુના નેશનલ હાઈવે નં. ૮ ઉપર શહેરના પ્રવેશવાના માર્ગે દરગાહ પાસે	૧૦ (દશ) ટેક્ષી સ્ટેન્ડ માટે

આજ તારીખ ૨૭મી જુલાઇ ૧૯૯૮ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

એસ. અપર્ણા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭(૧) મુજબ.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસ.આર.૨૭/૯૮.—આગામી દિવસોમાં અમદાવાદ રુરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરની જાળવણી વાસ્તે,

હું એમ. વાય. દક્ષિણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) થી મને મળેલ સત્તાની રુઈએ નીચે જણાવેલ વિસ્તારો માં તારીખ ૫મી ઓગસ્ટ ૧૯૯૮થી તારીખ ૧૯મી ઓગસ્ટ ૧૯૯૮ સુધી નીચેના કૃત્ય પર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, સોટા, બંદૂક, ખંજર, અસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાંબુ અને છેડેથી અણીવાળું પાનું હોય તેવા ચપ્પુ તથા ત્રણ ઈંચથી વધુ લંબાણ ધરાવતું અણીવાળું ઘાતક શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઇ ફરમાવું છું તેમજ લાકડી, લાઠી, અથવા શારીરીક નુકશાન પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની.

(૨) કોઈપણ રીતે શરીરને હાનિકારક એવો કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું.

(૩) પત્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવાની, યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા અને તૈયાર કરવાની,

(૪) સળગતી મશાલ અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની,

(૫) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની,

(૬) લોકોએ બૂમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાજા વગાડવાની,

(૭) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાની તથા ચિત્ર, નીશાનીઓ, જાહેરખબરો, અથવા પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તો તેનો ફેલાવો કરવાની અથવા અધિકારીઓના અભિપ્રાયો પ્રમાણે સુરુચિ અથવા નીતીનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતિ જોખમાતી હોય અથવા જેના પરીણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાથી તથા ચાળા વિગેરે કરવાની અને તેના ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવા ન દેખાડવાની તથા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર.—અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર. (પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેરની હકુમતના વિસ્તાર સિવાય)

અપવાદ.—આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમને જે તે ઉપરી અધિકારીઓને આવું કોઈ હથીયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથીયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને,

(૨) સરકારી નોકરો કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધીત હથીયાર જેવા કે, સંગીત વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહીં.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સબ- ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, જિલ્લા પોલીસ અધિકારી અથવા તેમને અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીઓએ જેને શારીરીક અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવા પરવાનગી આપેલ હોય તે વ્યકિતઓને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ-૧ હેઠળ ઓછામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની અને દંડની અને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૯૬૦ના અધિનિયમ નં. ૪) ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૧મી જૂલાઈ ૧૯૯૮ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ નં. ૫૨) માંની કલમ-૩૭ (૩) મુજબનો હુકમ

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસ.આર. ૨૮-૯૮.—આગામી દિવસોમાં અમદાવાદ રુરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી વાસ્તે હું એમ. વાય. દક્ષિણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ ની ૨૨માંથી) અધિનિયમની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકાર ની રુઈએ ફરમાવું છું, કે નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તારીખ ૫મી ઓગસ્ટ ૧૯૯૮ થી કલાક ૦૦.૦૦ થી તારીખ ૧૯મી ઓગસ્ટ ૧૯૯૮ ના કલાક ૨૪.૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

અનુસૂચિ.—(વિસ્તાર) અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર. (પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયને, વિસ્તાર.)

ખુલાસો.—આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફૂટપાથો તથા ગલીઓ તથા પેટા ગલીઓનો પણ આ રસ્તામાં સમાવેશ થાય છે.

INDEX

અપવાદ.—આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેવી ફરજ ઉપર હોય તથા ધાર્મિક અગર મરણોત્તર અથવા તો તે અંગેની અધિકૃત સત્તાધિકારીની પાસેથી મંજુરી મેળવી હોય તેવી સભા-સરઘસોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ અને ભારત ના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૫માં અધિનિયમ) કલમ -૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૩૧મી જૂલાઈ ૧૯૯૮ ના રોજ મારી સહી અને સિક્કો કર્યો.

એમ. વાય. દક્ષિણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈ ૨૨ માં) ની કલમ-૩૭ ની પેટા કલમ-૧ હેઠળ .

નંબર ડીસી / બીપીએ / જાહેરનામું/૩૭(૧)/વશી-૩૫૦૫-૧૫/૯૮.—ગાંધીનગર ગજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો, ખાતાના વડાઓની કચેરીઓ, એમએલએ ક્વાટર્સ શાળા-કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે અને અવાર-નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માગણી અર્થે રજુઆતો કરતાં હોય કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તે જોવાની ખુબજ જરૂરીયાત છે.

જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે તેમજ જાહેર સુલેહ શાંતિ જાળવવાના હેતુથી હું, કે. એલ. બચાણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ગાંધીનગર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂઈએ નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૮મી જુલાઈ, ૧૯૯૮ થી ૧૧મી ઓગષ્ટ, ૧૯૯૮ સુધીની મુદત માટે નીચેના કૃત્યો નહીં કરવા ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ધોકા, બંદુક, છરા, સળગતી મશાલ કે અન્ય બીજા હથિયાર કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.
(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું.
(૩) પત્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના યંત્રો સાથે લઈ જવા તથા તૈયાર કરવાનું
(૪) મનુષ્યોની આકૃતિઓ અથવા પુતળા દેખાડવાનું.
(૫) અપમાનીત કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બીભત્સ સુત્રો પોકારવાનું, અસ્લીલ ગીતો ગાવાનું અથવા ટોળામાં ફરવાનું.
(૬) જે છટાદાર ભાષણ આપવાની, ચાળા પાળવાની, અથવા નકલ કરવાની તથા ચિત્રો નિશાનીઓ, જાહેરખબરો, અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય, અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની કે ચાળા વિગેરે કરવાની અને તેવા ચિત્રો, નિશાનીઓ તૈયાર કરવાની, દેખાડવાન અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર : ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસૂલી વિસ્તાર.

અપવાદ :

(૧) આ જાહેરનામું ધાર્મિક વિધિ કે મરણોત્તર ક્રિયાને લાગુ પડશે નહીં.
(૨) ફરજ પરના સરકારી કર્મચારીઓ જે ફરજ ઉંપર હથિયાર લઈ જવાનું, ધારણ કરવાનું હોય તેને લાગુ પડશે નહીં.
(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગર એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગરે જેઓને શારીરિક અશકિત છે તેવા કારણોસર લાકડી / સોટી રાખવાની પરવાનગી આપી હોય તેઓને લાગુ પડશે નહીં.
(૪) ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ અથવા સરકારી કામે પ્રવાસ કરતાં વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહીં.
(૫) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

સદરહુ હુકમનો ભંગ કે ઉંલ્લંઘન કરનાર કોઈપણ વ્યકિત સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ તથા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૯૫૯ના ૪૫માંની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૨૮મી જુલાઈ, ૧૯૯૮ ના રોજ મારા સહી-સીક્કા કરી આપ્યાં.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં) ના કલમ-૩૭ની પેટા કલમ (૩) હેઠળ.

નંબર ડીસી/બીપીએ/જાહેરનામું / ૩૭(૩) /વશી-૩૫૧૬-૨૫/૯૮.—ગાંધીનગર ગજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસ સ્થાનો, ખાતાના વડાઓની કચેરીઓ, એમએલએ ક્વાટર્સ, શાળા-કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે અને અવાર-નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા આવતાં હોઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખુબજ જરૂરીયાત છે.

જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ વિસ્તારમાં (જેનો આમાં સદરહુ વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે.) તે વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી બનાવી સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે. જેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ મુંબઈ ૨૨માં) ની કલમ-૩૭ની પેટા કલમ-૩ થી મારી સત્તાની રૂઈએ હું, કે. એલ. બચાણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૨૮મી જુલાઈ, ૧૯૯૮ થી ૧૧મી ઓગષ્ટ, ૧૯૯૮ સુધીની મુદત માટે ચાર કરતાં વધું વ્યકિતઓની કોઈ મંડળી કે સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરું છું કે આ હુકમ નીચેનાને લાગું પડશે નહીં.
(૧) ફરજ પર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતને.
(૨) ફરજ ઉંપર હોય તેવી ગૃહરક્ષકદળની વ્યકિતને.
(૩) કોઈ લગ્નના વરઘોડાને તથા સ્મશાનયાત્રાને.
(૪) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

વિસ્તાર.—ગાંધીનગર જીલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર.

INDEX

સદરહુ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યકિત સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-(૩) તથા ભારતના ફોજદારી અધિનિયમ, સને ૧૯૫૯ના જાપ્તામાંની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૨૮મી જુલાઈ, ૧૯૯૮ ના રોજ મારા સહી-સિક્કા કરી આપ્યાં.

કે. એલ. બચાણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ગાંધીનગર.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમ.એ.જી./વશી/૧૯૯૭.—નર્મદા જિલ્લામાં કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં અધિનિયમ)ની કલમ-૩૭ની પેટા કલમ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું, આર. ડી. વરસાત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા, જાહેર શાંતિ અને સલામતી સારૂં ફરમાવું છું કે, કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૧લી ઓગષ્ટ, ૧૯૯૮ થી તારીખ ૧૫મી ઓગષ્ટ, ૧૯૯૮ સુધી.—

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધારીયા, ધોકા, છરા, લાકડી, કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈ સાધન સાથે લઈ જવું નહિ;

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ, સ્ફોટક પદાર્થ, સાથે લઈ જવા નહિ;

(૩) પથ્થર અથવા હાનિકારક પ્રવાહી, રસાયણ છાંટવા અથવા ફેકવા નહિ, અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેકવાના કે ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહિ, એકઠા કરવા નહિ, તથા તૈયાર કરવા નહિ.

(૪) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહિ;

(૫) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો, પોકારવા નહિ, અશ્લિલ ગીતો ગાવા નહિ અથવા ટોળામાં ફરવું નહિ.

(૬) જેનાથી સુરૂચિ નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહિ. તેવા હાવભાવ કરવા નહિ તથા તેવા ચિત્રો, પત્રિકા, પોસ્ટકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહિ, બનાવવા નહિ, તથા તેનો ફેલાવો કરવો નહિ.

આ હુકમ નીચેની વ્યકિતને લાગુ પડશે નહિ :—

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતઓને કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય, અથવા આવું કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય;

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ તેને અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીને જેને શારીરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી શકાય તે વ્યકિતને;

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, નર્મદા, અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, નર્મદા, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતઓને.

અનુસૂચિ

"નર્મદા જિલ્લાનો સમગ્ર વિસ્તાર"

આ જાહેરનામાંના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૧) મજબ દંડની પણ સજા થશે.

આજ તારીખ ૩૦મી જુલાઈ, ૧૯૯૮ના રોજ મારી સહી-સિક્કો કરી આપ્યો.

આર. ડી. વરસાત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા (રાજપીપળા).

જાહેરનામું.

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૭ (૧) મુજબ.

નંબર મકમ/પલસ/મજસ/વશી/૨૦૮૯.—આગામી તારીખ ૨૩મી જુલાઈ, ૧૯૯૮ થી તારીખ ૨૨મી ઓગસ્ટ ૧૯૯૮ દરમિયાન દિવાસો, રક્ષાબંધન, નાગપાંચમ. રાંધણછઠ. શિતળા સાતમ, જન્માષ્ટમીઅને પંદરમી ઓગસ્ટ જેવા તહેવારોની ઉજવણી થનાર હોઈ. જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે અને શાંન્તિમય વાતાવરણ રહે તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) હેઠળ જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

જેથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું., કે. એસ. મેણાંત અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, દાહોદ, આથી ફરમાવું છું કે સમગ્ર દાહોદ જિલ્લામાં તારીખ ૨૩મી જુલાઈ ૧૯૯૮ થી ૨૨મી ઓગસ્ટ ૧૯૯૮ (બંન્ને દિવસો સહિત)

(ક) શસ્ત્રો, દંડા, તલવાર. ધોકા, બન્દુક, છરો, લાકડી કે લાઠી અથવા શારીરીક ઈજા પહોચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહ;

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવો નહીં;

(ગ) પથ્થર અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના ધકેલવાના યંત્રો, સાધનો સાથે લઈ જવા નહીં, એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહીં, મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં અપમાન કરવાના અથવા જાહેરમાં બિભત્સ સૂત્રો પોકારવા નહી. અશ્લીલ ગીતો ગાવા નહી;

(ઘ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં તેવા હાવાભાવ કરવા નહીં તેવી ચેષ્ટા કરવી નહી, તથા તેવા પત્રકો પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવા નહી. બતાવવી નહીં; અથવા તેનો ફેલાવો કરવો નહીં.

INDEX

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં:—

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈ વ્યકિતઓને જેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું હથિયાર લઈ જવાની જેની ફરજ હોય, પોલીસ સબ-ઈન્સ્પેકટરશ્રીથી નીચેની પાયરીના ના હોય તેવા અધિકારીએ જેને શારીરિક અશકિતના કારણે, લાકડી, લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

આજરોજ તારીખ ૨૩મી જુલાઈ, ૧૯૯૮ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપવામાં આવ્યો.

કે. એસ. મેણાત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
દાહોદ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) (૨) અન્વયે.

નંબર પલસ/જાહેરનામું/વશી/૩૬૭૪ થી ૩૮૧૪/૯૮ .—સુરત રૂરલ જિલ્લાના તાલુકાઓમાં સુરત જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા રેલીઓ કાઢવા માટેનું એલાન આપેલ હોઈ અને જિલ્લામાં તંગદીલીભર્યું વાતાવરણ સર્જાય તેવા શકયતા હોવાને લીધે જાહેર શાંતિ અને સલામતિ જાળવવાનું જરૂરી હોવાનું મને જણાયું છે. સબબ, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧(મુંબઈના ૨૨મા અધિનિયમ)ની કલમ-૩૭ ની પેટા-કલમ (૧) (૨) અન્વયે મને મળેલા અધિકારની રૂએ હું, વી. ડી. અંસારી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, ફરમાવું છું કે નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૧૭મી જુલાઈ, ૧૯૯૮ થી ૩૧મી જુલાઈ ૧૯૯૮ સુધી બન્ને દિવસો સુધ્ધાં—

(ક) શસ્ત્ર, દંડા, તલવાર, ધોકા, ભાલા, બંદૂક, છરા, લાકડી અથવા શારીરીક ઈજા પહોચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવા નહીં;

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવું નહીં;

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓને ફેકવાના કે ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહી એકઠા કરવા નહીં અથવા તૈયાર કરવા નહીં.

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવા નહીં ;

(ચ) જેનાથી સુરૂચિનો અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં, તેવા હાવભાવ કરવા નહીં તથા તેવી ચેષ્ટા કરવી નહી. તેવા ચિત્રો, પત્રિકા કે પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તું તૈયાર કરવી નહી. બનાવવી નહી તથા તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.:—

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિત કે જેને ઉપરી અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથીયાર લઈ જવાની જેની ફરજ હોય ;

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા તેમના અધિકૃત કરેલા પોલીસ અધિકારીએ જેની શારીરીક અશકિતન કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

સુરત જિલ્લાનો વિસ્તાર (સુરત શહેર પોલીસ કમિશનર વિસ્તાર સિવાય)

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ થતો અથવા ઉલ્લંઘન થતો જણાશે તો એવી વ્યકિતઓ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૭મી જુલાઈ ૧૯૯૮ ના રોજ મારી સહી કરી સિકકા કરી આપ્યો.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨માં) ની કલમ-૩૭ (૧) અન્વયે.

નંબર પલસ/વશી/૩૬૬૪ થી ૩૮૧૪/૯૮ .—સુરત રૂરલ જિલ્લાના તાલુકામાં સુરત જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા રેલીઓ કાઢવા માટે રાજકીય આગેવાનો તરફથી "રસ્તા રોકો" આંદોલનનું એલાન આપેલ હોઈ જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના સુરત રૂરલ જિલ્લામાં જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂ માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું, વી. ડી. અંસારી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨મા) ની કલમ-૩૭ ની પેટા-કલમ (૪)થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે સુરત (રૂરલ) જિલ્લામાં તારીખ ૧૭મી જૂલાઈ ૧૯૯૮ ના રોજથી તારીખ ૩૧મી જુલાઈ ૧૯૯૮ના રોજ ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સુધ્ધા) ચાર કરતાં વધારે માણસોની કોઈ સભા ભરવી બોલાવવી નહી કે સરઘસ કાઢવું નહી તેમજ ચારથી વધુ વ્યકિતઓએ ભેગા થવું નહી અથવા સરઘસ કાઢવું નહી.

અપવાદ :

(૧) આ હુકમ લગ્નના વરઘોડા, સીનેમા, ટાઉનહોલ, સ્મશાનયાત્રા કે એસ. ટી. બસમાં મુસાફરી કરવા માંગતા મંદિર મસ્જિદ, દેવળમાં, પ્રાર્થના માટે જતા બોનોફાઈડ વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૨) એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીની પરવાનગી મેળવીને ભરાતી સભાને લાગુ પડશે નહી.

(૩) આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨મા) ની કલમ ૧૩૫ (૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ ૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ, તારીખ ૧૭મી જુલાઈ ૧૯૯૮ના રોજ મારી સહી કરી સિકકો કરી આપ્યો છે.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) હેઠળ.

નંબર પલસ/ફાયરીંગ/શેરૂલા/વશી-૩૮૮૬/૯૮. —સુરત જિલ્લાના ઉકાઈ ખાતે રાજ્ય અનામત દળ જુથ-૧૦ ઉકાઈનાં જવાનોનો વાર્ષિક ફાયરીંગ કાર્યક્રમ તારીખ ૩જી ઓગસ્ટ ૧૯૯૮ થી ઓગસ્ટ ૧૯૯૮ સુધી શેરૂલા ખાતેનાં ફાયરીંગ બટ ખાતે રાખવામાં આવેલ છે. સબબ આ વિસ્તારની હદમાં તથા આજુબાજુ રહેતા

INDEX

પ્રજાજનોની સલામતી સારૂ હું, વી. ડી. અંસારી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત અને ૧૯૫૨ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) મુજબ મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે સોનગઢ તાલુકાના ઉકાઈ શેફુલા ફાયરીંગ બટ ઉપર તારીખ ૩જી ઓગસ્ટ ૧૯૯૮ થી ૨૩મી ઓગસ્ટ ૧૯૯૮ સુધી ગોળીબાર પ્રેક્ટીશનો કાર્યક્રમ હોઈ સદરહું વિસ્તારની આજુબાજુ રહેતા તથા બહારની કોઈપણ અનઅધિકૃત વ્યકિતઓ તેમજ ચરાવવામાં આવતા ઢોર ઢાંખર વિગેરે સદરહુ ફાયરીંગ બટ વિસ્તારોન. આજુબાજુ ૧૦૦ મીટર વિસ્તારમાં તારીખ ૩જી ઓગસ્ટ ૧૯૯૮ થી ૨૩મી ઓગસ્ટ ૧૯૯૮ સુધી પ્રવેશ કરવો નહીં તથા તે વિસ્તારમા હરવું ફરવું નહીં.

આ હુકમનો ભંગ કરનાર ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૧મી જુલાઈ ૧૯૯૮ ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો.

બી. ડી. અંસારી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

કલેક્ટર દ્વારા

વંચાણમાં લીધો — (૧) અત્રેની કચેરીનો હુકમ નં. સપ/એલડીઓ/વશી/૪/૯૪, તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૪.
(૨) અન્ન નાગરિક પુરવઠા અને ગ્રા. બા. વિભાગનો પત્ર ક્રમાંક કસન/૧૧૯૭/૨૩૫૪/ભા-૧-બ તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૮ તથા પત્ર ક્રમાંક કસન/૧૧૯૭/૨૩૫૪/ભા.-૧-બ, તારીખ ૧૯મી જાન્યુઆરી, ૧૯૯૮.
(૩) મહેસાણા જિલ્લા કેરોસીન ક્રુડ ડીલર્સ એસોસીએશનની તારીખ મે, ૧૯૯૮ની રજુઆત.
(૪) ગુજરાત સરકાર નાગરિક પુરવઠા વિભાગના લાઈટ ડિઝલ ઓઈલ ફીકસેશન ઓફ સીલીંગ પ્રાઈસ ઓર્ડર ૧૯૭૩ની જોગવાઈઓ.

હુકમ

નં. કમકસ/સપ/એલ.ડી.ઓ./વશી/૧૬૨૩ થી ૧૬૮૨/૯૮.—આમુખ (૧) ના હુકમથી મુળ મહેસાણા જિલ્લાના કુલ ૪૫ સેન્ટરોના એલ. ડી. ઓ. વેચાણ ભાવ નક્કી કરવામાં આવેલ હતા.

આમુખ (૨) ના પત્રથી એલ. ડી. ઓ. ડીલરના કમિશનમાં વધારો કરવામાં આવેલ છે. એલ. ડી. ઓ. ડીલરનું કમિશન રૂા. ૬૯ નક્કી થઈ આવેલ છે.

આમુખ (૩) થી મહેસાણા જિલ્લા કેરોસીન ક્રુડ ડીલર્સ એસોસીએશન એ એલ. ડી. ઓ. ના કમિશનમાં વધારો થતાં કોયલી સેન્ટરથી સપ્લાય થતા એલ. ડી. ઓ. ના ભાવ કમિશન ઉમેરી નવેસરથી નક્કી કરી આપવા રજુઆત કરેલ છે.

ઉપરોકત વિગતો ન જરે નવીન બનેલ મહેસાણા જિલ્લાના ૨૫ સેન્ટરો માટે એલ. ડી. ઓ. ના છુટક વેચાણ ભાવ નક્કી કરવા નાગરિક પુરવઠા વિભાગના ગુજરાત લાઈટ ડીઝલ ઓઈલ ફીકસેશન ઓફ સીલીંગ પ્રાઈઝ ઓર્ડર, ૧૯૭૩થી મળેલ અધિકારની રૂઈએ હું, આર. પી. ગુપ્તા, આઈ.એ.એસ., કલેકટર, મહેસાણા આ જિલ્લાના ઉપરોકત ૨૫ સેન્ટરો માટે એલ. ડી. ઓ. ના જથ્થાબંધ તથા છુટક ભાવો નીચે પ્રમાણે શરતોને આધીન રહી ઠરાવું છું.

અનુ. નંબર	કેન્દ્રનું નામ	કોયલી રીફાઈનરીના ભાવ		
		એજન્ટએ જથ્થાબંધ વિક્રેતાને વેચાણ કરવાનો ભાવ	જથ્થાબંધ વિક્રેતાએ જથ્થાબંધ વપરાશકારને વેચાણ કરવાનો ભાવ	એક લીટરનો છૂટક ભાવ
		રૂા. પૈ.	રૂા. પૈ.	રૂા. પૈ.
૧	૨	૩	૪	૫
૧	કલોલ ...	૯,૩૫૧.૯૦	૯,૩૮૨.૯૦	૯.૪૦
૨	આંબલીયાસણ	૯,૪૦૩.૧૦	૯,૪૩૪.૧૦	૯.૪૫
૩	જગુદણ	૯,૪૧૧.૧૦	૯,૪૪૨.૧૦	૯.૪૫
૪	ખેરવા ...	૯,૪૩૮.૩૦	૯,૪૬૯.૩૦	૯.૫૦

INDEX

૧	૨	૩	૪	૫
૫	જોટાણા	૯,૪૫૭.૫૦	૯,૪૮૮.૫૦	૯.૫૦
૬	મહેસાણા	૯,૪૨૭.૧૦	૯,૪૫૮.૧૦	૯.૪૫
૭	વિસનગર	૯,૪૫૨.૭૦	૯,૪૮૩.૭૦	૯.૫૦
૮	ભાન્ડુ	૯,૪૪૭.૯૦	૯,૪૭૮.૯૦	૯.૫૦
૯	ખેરાલુ	૯,૫૦૩.૯૦	૯,૫૩૪.૯૦	૯.૫૫
૧૦	વડનગર	૯,૪૭૩.૫૦	૯,૫૦૪.૫૦	૯.૫૦
૧૧	તારંગા	૯,૫૨૪.૭૦	૯,૫૫૫.૭૦	૯.૫૫
આવું નોંધણી પ્રમાણપત્ર જે વર્ષમાં આપવામાં આવ્યું હોય તે વર્ષથી શરૂ કરી (પ્રમાણપત્ર અપાયાના વર્ષ સહિત) દસમાં વર્ષની ૩૧મી ડિસેમ્બર સુધી કાયદેસર ગણાશે. નોંધણી પ્રમાણપત્ર મેળવવા માટે અરજદારે રૂા. ૨,૫૦૦ નોંધણી પ્રમાણપત્ર ફી તરીકે ભરવાના રહેશે. નોંધણી પ્રમાણપત્ર રીન્યુઅલ ફી દસ વર્ષ માટે રૂા. ૨,૫૦૦ રહેશે. નોંધણી પ્રમાણપત્ર જો દસ વર્ષ કરતા ઓછા સમય માટે મેળવવાનું હોય / રીન્યુ કરાવવાનું હોય તો, એક વર્ષના ભાગ અંગે રૂા. ૨૫૦ ના દરે ફી લઈ નોંધણી પ્રમાણપત્ર આપી શકાશે / તાજું કરી આપી શકાશે. કોઈ મેળા કે હંગામી બજાર કે જે એક અઠવાડિયાથી વધુ મુદત માટે ચાલુ રહેવાનું ન હોય તો, તેવા સ્થળે હંગામી ધોરણે આહારગૃહ ચલાવવા માટે રૂા. ૭૫ ફી વસુલ લઈ હંગામી ધોરણે નોંધણી પ્રમાણપત્ર આપી શકાશે.

ઉકત મજકુર મુજબ ફીના નવા દરો આ જાહેરનામાની તારીખથી લાગુ પડશે. ચાલુ આહારગૃહો માટે નોંધણી પ્રમાણપત્રની મુદત પુરી થયેથી નવા દરો લાગુ કરવાના રહેશે.

આજ તારીખ ૧૧ માહે ઓગષ્ટ, ૧૯૯૮ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો છે.

વી. એસ. ગઢવી,
જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) ના ખંડ (સી) મુજબનું.

નંબર ડી/એમએજી-૧/બીપીએ/શોભાયાત્રા/૯૮-વશી-૪૨૦૩ / ૧૬.—બનાસકાંઠા જિલ્લાના પાલનપુર શહેરમાં તારીખ ૧૫મી ઓગષ્ટ, ૧૯૯૮ ના રોજ જન્માષ્ટમીના તહેવાર નિમિત્તેશોભા યાત્રા નિકળનાર છે. આ શોભાયાત્રામાં બહોળા પ્રમાણમાં માનવમેદની સામેલ થવાની શકયતા છે. જેથી વાહનોની હેરાફેરીથી જાહેર અવ્યવસ્થા ઉભી થવાની સંભવના છે. જેથી મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ (૨૨માં) ની કલમ-૩૩ (૧) ના ખંડ (સી) અન્વયે મળેલ સત્તાની રૂએ હું પી. ડી. વાઘેલા, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા, પાલનપુર તારીખ ૧૫મી ઓગષ્ટ, ૧૯૯૮ના રોજ સવારે ૧૦-૦૦ કલાકથી સાંજના ૨૦-૦૦ કલાક દરમ્યાન પાલનપુર શહેરના સમગ્ર નગરપાલિકાના વિસ્તારમાં બે વ્હીલ, ત્રણ વ્હીલ તેમજ ચાર વ્હીલના વાહનો જેવા કે રીક્ષા, જીપ, ટ્રક, ટેમ્પો, ઉંટગાડી, મેટાડોર વિગેરે વાહનો ફેરવવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ પ્રતિબંધ શોભાયાત્રા પસાર થવાના સમય પુરતો પોલીસ નિયંત્રણ મુજબ રહેશે.

આજરોજ તારીખ ૧૧મી માહે ઓગષ્ટ, સને ૧૯૯૮ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

પી. ડી. વાઘેલા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
બનાસકાંઠા, પાલનપુર.

જાહેરનામું

આહાર ગૃહો ખોલવા/ચલાવવા માટે લેવા પડતા રજીસ્ટ્રેશન અંગે નિયમોમાં નિયમ-૫ માં સુધારો કરવા બાબતે.

નંબર પીઓએલ/હોટલ/વશી ૧૪૭૩.—નંબર પીઓએલ/૧૧૧૪.—સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના મુંબઇના ૨૨માં) ની કલમ ૩૩ની પેટા કલમ (૧) ડબલ્યુ થી મળેલી સત્તાની રૂએ ખેડા જિલ્લાના જિલ્લા મેજિસ્ટ્રેટ રાજય સરકારની અગાઉની સંમતિ અનુસાર ખેડા જિલ્લાના સને ૧૯૮૯ના આહાર ગૃહોની નોંધણી (રજીસ્ટ્રેશન) બાબતના કરેલા નિયમો નં. પીઓએલ વશી/ ૧૧૧૪-ઉમકલ-૨૦/૮૯ તારીખ ૧૯મી ઓગસ્ટ ૧૯૮૯ થી પ્રસિધ્ધ કરેલા છે. જેમાં નિયમ-૫ સુધારવા નીચેના નિયમો પ્રસિધ્ધ કરવામાં આવે છે.

(૧) આ નિયમો સને ૧૯૯૮ ના આહાર ગૃહોની નોંધણી (રજીસ્ટ્રેશન) બાબતના સુધારા નિયમો કહેવાશે. ને સને ૧૯૯૮ ના ઓગસ્ટ માસની ૧લી તારીખથી અમલમાં આવશે અને ચાલુ આહારગૃહો માટે નોંધણી પ્રમાણપત્રની મુદત પુરી થયેથી આ નવા દરો લાગુ પડશે.

(૨) સદરહુ સને ૧૯૮૯ ના મુળ નિયમોના નિયમ-૫માં નિયમ-૫ ને બદલે નવો નિયમ-૫ પ્રમાણે દાખલ કરવામાં આવે છે.

નિયમ-૫

(અ) નોંધણી પ્રમાણપત્ર રજીસ્ટ્રેશન ફી ૧૦ વર્ષ માટે રૂા. ૨૫૦૦/-

(બ) નોંધણ. પ્રમાણપત્ર રજીસ્ટ્રેશન રીન્યુઅલ ફી દશ વર્ષ માટે રૂા. ૨૫૦૦/-

(ક) જો દશ (૧૦) વર્ષ કરતા ઓછા સમય માટે નોંધણી પ્રમાણપત્રનું રજીસ્ટ્રેશન કરાવવાનું હોય રીન્યુ કરાવવાના હોય તો એક વર્ષના ભાગ અંગે રૂા. ૨૫૦/- ના દરે ફી લઇ નોંધણી પ્રમાણપત્ર આપી શકાશે તાજુ કરી આપી શકાશે.

(ડ) કોઇ મેળા કે હંગામી બજાર કે જે એક અઠવાડીયાથી વધુ મુદત માટે ચાલુ રહેવાનું ન હોય તો. તેવા સ્થળે હંગામી ધોરણે આહારગૃહ ચલાવવા માટે રૂા. ૭૫/- ફી વસુલ લઇ હંગામી ધોરણે નોંધણી પ્રમાણપત્ર આપી શકાશે.

નડિયાદ, તારીખ ૧૧મી ઓગસ્ટ ૧૯૯૮.

ભાગ્યેશ જહા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા—નડિયાદ.

INDEX

જાહેરનામું

નંબર એમએજી/અધિકાર/૨૮૨૫/૯૮.—સને ૧૯૭૩ના (સને ૧૯૭૪ ની ૨જી. એક્ટ) ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૧૪૩ અને ૧૭૪ (૪) થી મળેલ અધિકારની રૂએ હું, શ્રી. આર. એમ. શાહ, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત આથી નીચે જણાવેલ એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીને તેઓએ હોદ્દો સંભાળ્યાની તારીખથી તેઓની સામે જણાવેલ તાલુકા માટે સદરહુ અધિનિયમનાં કલમ-૧૪૭ અને ૧૭૪ હેઠળના અધિકાર આપું છું

અ. નં.	એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટનું નામ	વિસ્તાર
૧	શ્રી આર. આર. પટેલ, મામલતદારશ્રી, ઉમરપાડા, તાલુકો ઉમરપાડા, જિલ્લો સુરત.	ઉમરપાડા તાલુકો

સુરત, તારીખ ૧૩મી જુલાઈ, ૧૯૯૮

હુકમ

નંબર એમએજી/અધિકાર/વશી/૨૮૨૫/૯૮.— સને ૧૯૭૩ ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ ની કલમ ૨૨ (૧) થી જિલ્લના મેજિસ્ટ્રેટશ્રીને મળેલ અધિકારીની રૂએ હું આર. એમ. શાહ, આઈ. એ. એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત નીચે જણાવેલ એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટને તેઓ હાજર થવાની તારીખથી તેમનાં નામની સામે જણાવેલા તાલુકામાં એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ તરીકેના હવાલામાં મુકું છું.

અનુ. નંબર	અધિકારીનું નામ	તાલુકો
૧	શ્રી આર. આર. પટેલ, મામલતદાર ઉંમરપાડા	ઉમરપાડા

સુરત, તારીખ ૨૮મી જુલાઈ ૧૯૯૮.

આર. એમ. શાહ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (૨૨માં) ની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલો.

નંબર ડીસીબી/ એમએજી / બીપીએ / ૨જી. ૩૮/૯૮.—જિલ્લામાં આગામી જન્માષ્ટમી, રાષ્ટ્રીય તહેવાર ૧૫મી ઓગષ્ટ, તથા પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને જાહેર શાંતિ અને સલામતી સારુ સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવાની જરૂર જણાય છે.

વાસ્તે હું સી.બી. પરમાર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, વલસાડ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ નો અધિનિયમ-૨૨મો) ની કલમ-૩૭ની પેટા કલમ (૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, વલસાડ જિલ્લામાં તારીખ ૧૨મી ઓગષ્ટ, ૧૯૯૮ થી ૧૮મી ઓગષ્ટ, ૧૯૯૮ સુધી (બંને દિવસો સહિત) ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી નહિ કે બોલાવવી નહિ કે સરઘસ કાઢવું નહિ. તેમજ ચારથી વધુ વ્યકિતઓએ (એકત્ર) ભેગા થવું નહિ.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રા કે એસ. ટી. બસમાં રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા, મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના કરવા માટે જતી બોનાફાઈડ વ્યકિતઓને તથા રાષ્ટ્રીય પર્વની ઉજવણી માટે ભેગા થયેલા વ્યકિતઓને લાગુ પડશે નહી.

આ હુકમનો ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ-૧૩૫ (૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૧મી ઓગષ્ટ, ૧૯૯૮ના રોજ મારી સહી-સિક્કા કરી આપવામાં આવ્યા છે.

સી. બી. પરમાર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ખ) મુજબનું.

ક્રમાંક ડીસી/બીપીએ/૩૩ (૧) (ખ) જા.નામું/વ. ૩૬૨૬-૪૦/૯૮.—આગામી તારીખ ૧૫મી ઓગષ્ટ, ૧૯૯૮ ના રોજ નામદાર રાજયપાલ શ્રી દ્વારા સરકીટ હાઉસ, ગાંધીનગર ખાતે "એટહોમ" કાર્યક્રમનું આયોજન થયેલ છે. સદર કાર્યક્રમમાં મોટી સંખ્યામાં મહાનુભાવો તથા આમંત્રિત મહેમાનો પધારનાર હોઈ તેઓની સલામતી જળવાઈ રહે તે જોવાની ખૂબજ જરૂરિયાત છે. વળી સરકીટ હાઉસ એ જ રોડ ઉપર આવેલું છે. તથા જ-રોડ ઉપરથી ભારે વાહનો સતત પસાર થતા હોય છે.

આ સમયે ટ્રાફિકના પ્રશ્નો પણ ઉભા થવાની શકયતા રહેલી છે. તેથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની જરૂરીયાત છે. જેથી કાયદો અને વ્યવસ્થાનો ભંગ ન થાય તેમજ જાહેર સુલેહ શાંતી જળવાઈ રહે તે હેતુથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ખ) તેમજ મોટર વાહન નિયમન નિયમો-૧૯૮૯ નાં નિયમ-૧૮૪ થી મળેલ સત્તાની રૂએ તથા મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ની કલમ-૧૬૨ (૨) માં થયેલ જોગવાઈ મુજબ હું કે. એલ. બચાણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર નીચે દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૧૫મી ઓગષ્ટ, ૧૯૯૮ના કલાક ૧૬-૦૦ થી કલાક ૧૯-૦૦ સુધી નીચે જણાવ્યા મુજબ વાહનોના અવર-જવર કરવા ફરમાવું છું.

(૧) ઈન્દ્રોડા સર્કલ તરફથી આવતા વાહનો જ-રોડને બદલે ચ-રોડ થઈ ચ-૭ થઈ સે. ૩૦ સર્કલ તરફ જશે.

(૨) સે.-૩૦ સર્કલ તરફથી આવતાં વાહનો જ-રોડને બદલે રોડ નં. ૭ થઈ ચ-૭, ચારોડ થઈ ઈન્દ્રોડા સર્કલ તરફ જશે.

સદરહુ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર કોઈપણ શખ્સને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ (૪) માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરશે તેમજ મોટર વાહન અધિનિયમ ૧૯૮૮ ની કલમ-૧૮૩ (૧) તથા (૨) માં થયેલ જોગવાઈ અનુસાર દંડને પાત્ર ઠરશે.

INDEX

અપવાદ :

(૧) સરકારી ફરજ સાથે સંકળાયેલ કર્મચારી / અધિકારાશ્રીઓ ધારાસભ્યશ્રીઓ, સંસદ સભ્યશ્રીઓ, પદાધિકારીશ્રીઓ તથા આમંત્રીતોને લઈ જતા વાહનોને સદર જાહેરનામું લાગુ પડશે નહીં.

(૨) એસ. ટી. વાહનોને, તાત્કાલિક સારવાર માટે દર્દીને લઈ જતા એમ્બ્યુલન્સ વાહનને, તથા અગ્નિશામક વાહનોને સદર જાહેરનામું લાગુ પડશે નહીં.

આજ તારીખ ૧૩મી ઓગષ્ટ, ૧૯૯૮ ના રોજ મારી સહી-સિક્કા કર્યા.

કે. એલ. બચાણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર.

જાહેરનામું

ક્રમાંક એમ.એ.જી/વશી-૫૬૭૬ .—ભરૂચ શહેરમાં ગોકુળ અષ્ટમીના તહેવાર અંગે સોનેરી મહેલ વિસ્તારમાં રાબેતા મુજબ તારીખ ૧૩મી ઓગસ્ટ ૧૯૯૮ થી તારીખ ૧૭મી ઓગસ્ટ ૧૯૯૮ સુધીના સમય દરમ્યાન જાહેર મેળો ભરાશે અને તેમાં મોટી સંખ્યામાં લોકો એકત્રિત થનાર હોય, જાહેર જનતાની સલામતી માટે ઉપરોક્ત દિવસો દરમ્યાન વાહન વ્યવહાર ઉપર અંશત: નિયંત્રણ મુકવાની આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું, આર. કે. પરમાર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચને સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાઉં છું કે ભરૂચ શહેરમાં નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૩મી ઓગસ્ટ ૧૯૯૮ થી તારીખ ૧૭મી ઓગસ્ટ ૧૯૯૮ (બંને દિવસો સહિત) બપોરના ૧૨-૦૦ કલાકથી રાત્રીના ૨૪-૦૦ કલાક સુધી તમામ વાહન વ્યવહાર બંધ રહેશે. આ હુકમ પોલીસ કે બીજા અધિકારીએ કે જે પોતાની ફરજો અંગે બંદોબસ્ત માટે વાહન લઈને ફરતા હશે તેમને બંધનકર્તા રહેશે નહી.

વિસ્તાર

(૧) પાંચબત્તીથી સોનેરી મહેલ સુધી.
(૨) લલ્લુભાઇ ચકલાથી સોનેરી મહેલ સુધી.
(૩) હાથીખાના બજાર ત્રણ રસ્તાથી સોનેરી મહેલ સુધી.
(૪) વલંદા કોઠીથી સોનેરી મહેલ સુધી.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરના પગલાં ભરવામાં આવશે.

આજ તારીખ ૧૧મી ઓગસ્ટ ૧૯૯૮ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

સને૧ ૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિમમની કલમ ૩૩ (૧) (બી) અન્વયે.

ક્રમાંક પી.ઓ.એલ.-વશી-૫૬૭૭ .—ભરૂચ શહેરના સોનેરી મહેલ વિસ્તારમાં પ્રતિવર્ષની માફક ચાલુ વર્ષે જન્માષ્ટમી છડીનોમ, મેઘરાજાના ઉત્સવ નિમિત્તે તારીખ ૧૩મી ઓગસ્ટથી તારીખ ૧૭મી ઓગસ્ટ ૧૯૯૮ સુધીના સમયમાં જાહેર મેળો ભરાશે. આ મેળામાં આજુબાજુના ગામોમાંથી પ્રમાણમાં સમુદાય એકત્રિત થશે જેથી મેળામાં હાથલારીઓમાં માલ સામાન રાખી વેપાર કરનાર વેપારીઓ ઉપર નિયંત્રણ મુકવા માટે જે જગ્યાએ લારીઓ ઉભી રાખવા નક્કી કરેલ હોઈ તે જગ્યા સિવાય અન્ય કોઇ જગ્યાએ લારીઓ ઉભી રાખી વેપાર કરવા પર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું, આર. કે. પરમાર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, સને ૧૯૫૧ મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે તારીખ ૧૩મી ઓગસ્ટ ૧૯૯૮ થી તારીખ ૧૭મી ઓગસ્ટ ૧૯૯૮ સુધીના સમય માટે (બંને દિવસો સહિત) ભરૂચ શહેરના સોનેરી મહેલ વિસ્તારના મેળામાં કોઇપણ ઇસમે પોતાની હાથલારીઓ મેળામાં એક જગ્યાએથી બીજી જગ્યાએ ફેરવવી નહી. પરંતુ પોલીસ ખાતા અગર નગર પાલિકા તરફથી નિયત કરેલ જગ્યાએ જ ઉભી રાખવી.

આ હુકમનો ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરના પગલાં લેવામાં આવશે.

આજ તારીખ ૧૧મી ઓગસ્ટ ૧૯૯૮ ના રોજ મારી સહી કરી સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૪૩ (૧) અન્વયેનું.

ક્રમાંક પીઓએલ—વશી/૫૬૭૮—. ભરૂચ શહેરના સોનેરી મહેલ વિસ્તારમાં જન્માષ્ટમી, છડી નોમ, મેઘરાજા ઉત્સવ નીમિત્તે તારીખ ૧૩મી ઓગસ્ટ ૧૯૯૮ થી તારીખ ૧૭મી ઓગસ્ટ ૧૯૯૮ સુધી જાહેર મેળો ભરાનાર છે. અને તમારા અભિપ્રાય મુજબ નીચે જણાવેલ કૃત્યોના ચેપી રોગચાળો ફાટી નીકળવાનો પૂરો સંભવ છે તેથી દરેક વ્યકિતએ નીચેના નિયમોનું પાલન કરવું જરૂરી છે.

(૧) જે સ્થળે પાણી પીવા માટે નિયત કર્યા હોય તેની નજીકમાં ૧૨ ફૂટના વિસ્તારમાં અથવા તે જગ્યા ઉપર ન્હાવું, ધોવું કે કપડા ધોવા કે જાનવરોને ન્હવડાવવા નહી અને વાહનો ધોવા નહી.

(૨) યાત્રાના સમયે મેળાના સમયે, નિયત કરેલ જગ્યા સિવાય અન્ય જગ્યાઓ પર ઝાડો પેશાબ કરવો નહીં.

(૩) ગંધાતા વાસી અને ઉતરી ગયેલા અગર માનવખાદ્ય માટે બિન ઉપયોગી એવા ફળફળાદી પીણા તથા ખોરાક વેચવા નહીં.

(૪) ખાનપાનની દુકાનો, હોટલો, રેસ્ટોરન્ટ તથા દુકાનો અસ્વચ્છ અને ગંદી રાખવી નહી.

(૫) જે યાત્રાળુઓ કોલેરા, શીતળા, પ્લેગ જેવા ચેપી રોગથી પીડાતા હોય તેમને ફરજ પરના સેનેટરી ઇન્સ્પેકટર પાસેથી એવા રોગ અટકાવવા માટેની દવા ઇન્જેકશનો વિગેરે અગાઉથી લીધા વગર મેળામાં આવવું નહી.

વાસ્તે હું, આર. કે. પરમાર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ ૪૩ (૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ભરૂચ શહેરનાં સોનેરી મહેલ વિસ્તારમાં જયાં મેળો ભરાતાં હોય તેવા સ્થળોમાં ઉપર જણાવેલ કૃત્યો કરવાની આથી મનાઇ હુકમ ફરમાવું છું.

ઉપર જણાવેલ નિયમોનો જે કોઇ વ્યકિત ભંગ કરશે અથવા તેમ કરવામાં મદદ કરશે તેને મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૧૩૧ અનુસાર ત્રણ માસની કેદ અથવા રૂા. ૨૦૦/- (બસો)

INDEX

સુધીમાં દંડ અગર બંને શિક્ષાને પાત્ર થશે. આ હુકમ તારીખ ૧૩મી ઓગસ્ટ ૧૯૯૮થી તારીખ ૧૭મી ઓગસ્ટ ૧૯૯૮ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે

આજ તારીખ ૧૧મી ઓગસ્ટ ૧૯૯૮ ના રોજ મારી સહી કરી સિક્કો કર્યો છે.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ ૩૩ (૧) (યુ) અન્વયે.

હુકમ

ક્રમાંક પીઓએલ/વશી/૫૬૭૯.—ભરૂચ શહેરના સોનેરી મહેલ વિસ્તારમાં જન્માષ્ટમી, છડીનોમ, મેઘરાજા, ઉત્સવ નિમીત્તે તારીખ ૧૩મી ઓગસ્ટ ૧૯૯૮ થી તારીખ ૧૭મી ઓગસ્ટ ૧૯૯૮ દરમ્યાન પ્રતિવર્ષની માફક જાહેર મેળો ભરાશે. આ મેળામાં ઘણી મોટી સંખ્યામાં લોકો એકત્રીત થશે અને ઘાસપાળા, વાંસ, વિગેરેથી માંડવા તૈયાર કરવામાં આવશે જેથી ઉપરોકત દિવસો દરમ્યાન સોનેરી મહેલ વિસ્તારની હદમાં દવાખાનું ફોડવા પર પ્રતિબંધ મુકવાનું આવશ્યક જણાય છે.

વાસ્તે હું આર. કે. પરમાર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ ૩૭ (૧) (યુ) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે ઉપરોકત મેળાના દિવસો દરમ્યાન ભરૂચ શહેરના સોનેરી મહેલ વિસ્તારની હદમાં કોઈપણ વ્યકિતએ કોઈપણ પ્રકારનું દારૂખાનું ફોડવું નહિ.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર વ્યકિત કાયદાની કલમ-૧૩૧ પ્રમાણે સજા અને દંડને પાત્ર થશે.

આજ તારીખ ૧૧મી ઓગસ્ટ સને ૧૯૯૮ ના રોજ મારી સહી કરી સિક્કો કર્યો છે.

આર. કે. પરમાર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૧૪૪ હેઠળનો.

નંબર ઉ/મકપ/પલસ/મજસ/વશી / ૩૨૬૨ થી ૩૨૮૨.—તારીખ ૭મી જુલાઈ, ૧૯૯૮ થી ૧૨મી જુલાઈ, ૧૯૯૮ ના સમય દરમ્યાન "ગૌરીવ્રત" ના તહેવારની ઉજવણી થનાર છે. આ તહેવારની ઉજવણી પ્રસંગે કુમારિકાઓ તેમજ સ્ત્રીઓ સાંજના સમયે બગીચાઓમાં ફરવા જાય છે. આ તહેવારની ઉજવણી દરમ્યાન કોઈ છેડતીના બનાવો ન બને તેમજ કાયદો વ્યવસ્થા યોગ્ય રીતે જળવાય તે માટે જિલ્લા પોલીસ અધિકારીશ્રી, પંચમહાલ ગોધરાએ તેઓના પત્ર ક્રમાંક: એલઆઈબી-જાહેરનામું-૧૧૩૯/૯૮, તારીખ ૫મી જુલાઈ, ૧૯૯૮ થી ગોધરા શહેરના તળાવ ઉપર આવેલ બગીચો તથા હાલોલ મુકામે આવેલ બગીચામાં પુરૂષો અને છોકરાઓને પ્રવેશ કરવા પર પ્રતિબંધ માટેનું જાહેરનામું બહાર પાડવા વિનંતી કરેલ છે

સબબ ઉપરોકત સંજોગોમાં હું, જે. એમ. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ, ગોધરા શહેરના તળાવ ઉપર આવેલ બગીચો તથા હાલોલ મુકામે આવેલ બગીચામાં પુરૂષો અને છોકરાઓને તારીખ ૭મી જુલાઈ, ૧૯૯૮ થી ૧૪મી જુલાઈ, ૧૯૯૮ના સમય દરમ્યાન પ્રવેશ કરવા માટે પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમ સરકારી ફરજ પરના પોલીસ સ્ટાફને તથા બગીચામાં ફરજ બજાવતા કર્મચારીઓને લાગુ પડશે નહીં.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૭મી જુલાઈ, ૧૯૯૮ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી હુકમ કરવામાં આવ્યો.

જે. એમ. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

કલેકટર દ્વારા

જાહેરનામું

નંબર મ્યુનિ/કોલેરા/વશી/૨૯૬૩/૭૩/૯૮.—વાઘોડીયા તાલુકાના કામરોલ ગામે કોલેરાગ્રસ્ત વિસ્તાર અને તેના આજુબાજુના ૮ કી. મી ના વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, વડોદરાના તેઓના પત્રાંક/ઈઓઓ/કોલેરા/જાહેરનામું/૧૪૫૮/૯૮, તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ ૧૯૯૮ થી અત્રે નિવેદન કરેલ છે.

કોલેરા રેગ્યુલેશન તારીખ ૧૬મી મે ૧૯૫૬ ના મુંબઈ સરકારશ્રીના એકસ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટ ભાગ-૪માં પ્રસિધ્ધ થયેલ છે, તેના રેગ્યુલેશન ૨, ૩, અને ૪ અન્વયે મળેલ સત્તાની રૂએ વાઘોડીયા તાલુકાના કાંમરોલ ગામને કોલેરાગ્રસ્ત વિસ્તાર અને તેની આજુબાજુના ૮ કી. મી. ના વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે આથી જાહેર કરવામાં આવે છે

મામલતદારશ્રી વાઘોડીયાને કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે નિમવામાં આવે છે. તેઓએ કોલેરા રેગ્યુલેશન મુજબની તમામ ફરજો બજાવવી.

વડોદરા, તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ ૧૯૯૮.

અનિલ મુકીમ,
કલેકટર, વડોદરા.

જિલ્લા પુરવઠા અધિકારી દ્વારા

વંચાણે લીધા.—ધી ગુજરાત આવશ્યક ચીજવસ્તુઓ (પરવાના નિયંત્રણ અને જથ્થા જાહેરાત) આદેશ ૧૯૮૧ની કંડીકા ૨૪.
અત્રેની કચેરીના પત્ર નં. પરવ/કશન/વિતણ પ્રમાણ ૫/૯૭/વશી/૧૮૬૪/તા. ૫મી મે, ૧૯૯૭.

આદેશ

નંબર પરવ/એસ.એ./કશન પ્રમાણ/વશી/૧૫૩૩.—ઉપરોકત વંચાણે લીધેલ આમુખ નં. ૨ નાં પત્ર અન્વયે કેરોસીન વિતરણ પ્રમાણ નક્કી કરવામાં આવેલ હતું. સરકારશ્રીના તારીખ ૩૦મી જુલાઈ,

INDEX

૧૯૯૮ ના પત્ર ક્રમાંક અતલ/કશન/૩૨૩૭/૯૬/૯૭ થી રાજ્યમાં તારીખ ૧લી ઓગષ્ટ, ૧૯૯૮ થી અમલી બને તે રીતે કેરોસીન વિતરણ પ્રમાણ જે રીતે ઓઈલ કું. ઓના ગેસ ઉપભોકતાને લાગુ પાડવામાં આવેલ છે, તે જ રીતે સમાંતર બજાર યોજના (પેરેલલ માર્કેટ) અન્વયેનો કાર્ડ હોલ્ડરોને પણ લાગુ પાડવાની સુચના હોઈ તથા સિંગલ બોટલ એલપીજી. કનેકશન ધરાવનાર કાર્ડધારકોને ૫ લિટર કેરોસીનનાં બદલે કાર્ડ દીઠ માસિક ૨ લીટર આપવાની સુચના કરેલ હોઈ, તારીખ ૧લી ઓગષ્ટ, ૧૯૯૮ થી કેરોસીનનું વિતરણ પ્રમાણ નીચે મુજબ ઠરાવવા હુકમ કરું છું.

અનુ. નંબર	કેટેગરી	કાર્ડદીઠ માસિક મહત્તમ પ્રમાણ લીટર
૧	૨	૩
૧	તાલુકા મથકે (હેડકવાર્ટર) (ઘોઘંબા, ખાનપુર મોરવાહડક સિવાય)	૧૫ લિટર સુધી
૨	તાલુકાના ગ્રામ્ય વિસ્તારો કે જે ગામની ૧૯૯૬ ની પ્રોજેકટેડ વસ્તી ૫,૦૦૦ થી વધુ હોય તેવા વિસ્તાર માટે.	૧૦ „ સુધી
૩	૫,૦૦૦ થી ઓછી વસ્તીવાળા તાલુકાવાળા ના તમામ ગ્રામ્ય વિસ્તાર માટે.	૭ „ સુધી
૪	ઓઈલ કું. ઓનો ગેસ ઉપભોકતાઓ તથા સમાંતર બજાર યોજના (પેરેલલ માર્કેટ) નો રાંધણગેસનો સિંગલ બોટલ ધરાવતા કાર્ડ-ધારકોને.	૨ લીટર સુધી

ઉપરોકત કેટેગરીવાઈઝ વિતરણ પ્રમાણ મુજબ કેરોસીનનાં જથ્થાંની ફાળવણી કરવી. તેમજ કેરોસીનમાં ગેરરીતીઓ કે કૃત્રિમ તંગી પ્રવર્તાય નહીં તે માટે પુરતી તકેદારી રાખવા તથા ઉકત નક્કી થયેલ વિતરણ પ્રમાણ કાર્ડધારકો જોઈ શકે તે મુજબ વાજબી ભાવના દુકાનદારો તેમજ છુટક વિક્રેતાઓ કે જેઓ કેરોસીન વિતરણ કરતાં હોય તેઓએ ધંધાના સ્થળે તેમજ ફેરીયાએ તેમની લારી ઉપર કાર્ડ ધારકો વાંચી શકે તે રીતે પ્રદર્શિત કરવાનું રહેશે.

આ આદેશ ધી ગુજરાત આવશ્યક ચીજવસ્તુઓ પરવાના નિયંત્રણ અને જથ્થા જાહેરાત આદેશ, ૧૯૮૧ની કલમ-૨૪ હેઠળ બહાર પાડવામાં આવેલ છે. તેનો ભંગ કરનાર પરવાનેદારો સામે તે હેઠળ પગલા લેવાની કાર્યવાહી હાથ ધરવામા આવશે. તેની કેરોસીનનાં તમામ વિક્રેતા, ફેરીયાઓ નોંધ લેવી. આ આદેશનો અમલ તારીખ ૧લી ઓગષ્ટ, ૧૯૯૮ થી શરૂ થયેલ ગણાશે.

ગોધરા, તારીખ ૩જી ઓગષ્ટ, ૧૯૯૮.

(સહી) અવાચ્ય,
જિલ્લા પુરવઠા અધિકારી,
પંચમહાલ, ગોધરા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

INDEX

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] THURSDAY, SEPTEMBER 10, 1998 / BHADRA 19, 1920 [No. 37

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages			Page,
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	344-351	Part I-B	Government Notifications published under Land Acquisition Act only.	700-708
Part I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	37	Part I-L	Notifications, Order and Awards other than those published in Parts I, IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	1939-2019

GOVERNMENT NOTIFICATIONS, APPOINTMENTS ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૩) મુજબનો હુકમ.

નંબર ઉ/ગપક/૪૦૨/વિ.શા./૧૯૯૮.—અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું હિરાલાલ, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૩) થી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧૭મી ઓગસ્ટ ૧૯૯૮ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૧મી ઓગસ્ટ ૧૯૯૮ ના કલાક ૨૪૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી, અગર સભા ભરવી કે બોલાવવી નહી તેમજ સરઘસ કાઢવું નહી.

(૧) સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમને ઉપરી અધિકારીઓએ આવું કોઇ હથીયાર લઇ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઇ હથીયાર લઈ જવાની ફરજ હોયતે વ્યકિતને,

(૨) પોલીસ કમિશનર અથવા તેમણે અધિકૃત કરેલા કોઇપણ અધિકારીએ જેને અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓને.

આ જાહેરનામાના કોઇપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર (૪) માસની અને વધુમાં વધુ એક (૧) વર્ષની સજા અને દંડની સજાને મુંજબ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૨૦મી ઓગસ્ટ ૧૯૯૮ ના રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

મનીરામ,
પોલીસ કમિશનર,
સુરત શહેર સુરત.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલો :

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી. નં. ૮/૯૮.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં) ની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, આર. સી. ગોહિલ, જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી જિલ્લામાં આગામી ગણેશ ચતુર્થીનો તહેવાર આવતો હોવાથી જાહેર શાંતિ અને સલામતી કાયદો જાળવવા સારૂ જરૂરી જણાતા ફરમાવું છું કે નવસારી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ તારીખ ૨૬મી ઓગસ્ટ ૧૯૯૮ થી ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૧૯૯૮ સુંધી (બંને દિવસો સુંધ્ધાં) ના સમય માટે નીચે જણાવેલા કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :—

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટાં, બંદુ ચપ્પું, છરા, લાકડી, લાઠી, અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ;

(ખ) કોઈપણ સ્ફોટક પદાર્થ લઈ જવાની મનાઈ;

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની;

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની;

(ચ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા પુંતળા દેખાડવાની,

(છ) લોકોને બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની, અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની.

(જ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની, તેવી ચેષ્ટા કરવાની, તથા ચિત્રો, પત્રિકા અને પ્લે બોર્ડ અથવા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બનાવવાની અથવા ફેલાવો કરવાની.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ. :

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જે તે તેના ઉપરી અધિકારીએ પોતાના ફરજના ભાગ રૂપે સોંપ્યા બદલ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું હોય અથવા એવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય ;

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, નવસારી અથવા તેણે અધિકૃત કરેલ હોઈ, પોલીસ અધિકારીને જે તે શારીરિક અશકિતને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત:

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન થવાના પ્રસંગે સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમનો (સને ૧૯૫૧ના ૨૨માં) કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ૪ (ચાર) માસની અને વધુમાં વધુ ૧ (એક) વરસ સુધીની કેદની સજા થવાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૨૧મી ઓગષ્ટ, ૧૯૯૮ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

આર. સી. ગોહિલ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

જાહેરનામું.

નંબર એમ.એ.જી/વશી/૩૬૧૭/૯૮ :—આહારગૃહ ખોલવા ચલાવવા અંગેના આહારગૃહ નોંધણી પ્રમાણપત્ર નિયમો ૧૯૯૮ અમારા જાહેરનામાં નંબર એમએજી/વશી/૨૦૫૫/૯૦ તારીખ ૧૯મી જુલાઇ ૧૯૯૦ થી બનાવવામાં આવેલ છે.

સરકારશ્રીના ગૃહ વિભાગના તારીખ ૧૭મી જુલાઇ ૧૯૯૮ના પત્રથી થયેલ સધારા આધારે હું. આર. પી. ગુપ્તા આઈ. એ. એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ મહેસાણા, મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ના (૨૨માંની કલમ ૩૩ની પેટા કલમ-૧ના ખંડ ગ એકસ-એ)સને વાંચથી મળેલ સત્તાની રૂએ મહેસાણા જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે આહારગૃહો ખોલવા/ચલાવવા માટેના આહારગૃહ નોંધણી પ્રમાણપત્ર નિયમો૧૯૮૯ના નિયમ-૫માં નીચે મુજબનો સુધારો કરૂ છું.

(૧) આ નિયમો સને ૧૯૮૯ ના આહારગૃહ નોંધણી પ્રમાણપત્ર નિયમો હેઠળ સુધારેલ નિયમો ૧૯૯૮ કહેવાશે.

(૨) તે સમગ્ર મહેસાણા જિલ્લાના વિસ્તારને લાગુ પડશે.

(૩) આ નિયમો ૧૯૯૮ ના ઓગસ્ટ માસની તારીખ ૨૪મી ઓગસ્ટ ૧૯૯૮ થી અમલમા આવશે.

(૪) આહારગૃહ નોંધણી પ્રમાણપત્ર નિયમો ૧૯૮૯ ના નિયમ-૫ ની જોગવાઇઓ રદ કરી નવેસરથી નીચે મુજબ જોગવાઇઓ કરવામાં આવે છે.

(અ) આહારગૃહો ખોલવા/ચલાવવા માટેનું નોંધણી પ્રમાણપત્ર જે વર્ષમાં આપવામાં આવ્યું હોય તે વર્ષથી શરૂ કરી (પ્રમાણપત્ર અપાયાના વર્ષ સહીત,) દશમાં વર્ષના ૩૧ મી ડિસેમ્બર સુધી કાયદેસર ગણાશે. નોંધણી પ્રમાણપત્ર મેળવવા અરજદારે નિર્દિષ્ટ કરેલ દશ વર્ષના સમયગાળા માટે નોંધણી પ્રમાણપત્ર ફી તરીકે રૂા. ૨૫૦૦/ ભરવાના રહેશે.

(બ) નોંધણી પ્રમાણપત્રની મુદત પૂર્ણ થયા પછી તે દર વર્ષના સમયગાળા માટે રીન્યુ કરાવી શકશે અને દશ વર્ષના સમયગાળા માટે રીન્યુઅલ ફી પણ રૂા. ૨૫૦૦/ રહેશે.

(ક) નોંધણી પ્રમાણપત્ર જો દશ વર્ષથી ઓછા સમય માટે મેળવવા કે રીન્યુ કરાવવાનું હોય તો એક વર્ષના ભાગ અંગે વર્ષ

INDEX

વિસ્તાર : અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરની હકુમતનો સમગ્ર વિસ્તાર.

અપવાદ :—આ હુકમ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ ઉપર હોય તેઓ તથા સ્મશાન-યાત્રાઓ અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ (૩) હેઠળ અને ભારતના ફોજદાર અધિનિયમ સને ૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૨મી ઓગસ્ટ સને ૧૯૯૮ ના રોજ મારી સહી કરી સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) નો હુકમ.

નંબર ઉ/ગપક/૪૦૩/વિ.શ /૧૯૯૮ — અમદાવાદ શહેરની પરિસ્થિતિ લક્ષમાં લઇ જાહેર શાંતિ અને સલામતી જાળવવા પગલાં લેવા જરૂરી છે, તેમજ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર હકુમત નીચેના વિસ્તારોમાં બનતા ગુન્હાઓમાં છરી, ચપ્પા ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે. અને આવા હથિયારોથી ગુન્હા બનતાં હોવાથી જાહેર જનતાની સુલેહ શાંતિ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું હિરાલાલ, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧લી સપ્ટેમ્બર ૧૯૯૮ થી તારીખ ૩૧મી ઓકટોબર ૧૯૯૮ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી બંદૂક, ખંજર, તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઇપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઇંચથી વધારે લાંબુ અને છેડેથી અણીવાળુ પાનુ હોય તેવા ચપ્પુ શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું તેમજ લાકડી, લાઠી, અથવા શારીરીક નુકશાન પહોંચાડવામાં ઉપયોગ થઇ શકે તેવી બીજી કોઇ ચીજો લઇ જવાની.

(ખ) કોઇપણ શરીરને હાનીકારક પદાર્થ અથવા સ્ફોટક પદાર્થો લેઈ જવાની.

(ગ) પથ્થર બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઇ જવાની એકઠા કરવાની અને તૈયાર કરવાની.

(ગગ) સળગતી અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(ચ) લોકોએ બૂમો પાડવાની, ગીતો ગાવાની, તથા વાધ્યો વગાડવાની.

(છ) જે છટાદાર ભાષણ આપવાથી ચાળા પાડવાથી અથવા નકલો કરવાથી તથા ચિત્ર નિશાનીઓ જાહેર ખબરો અથવા પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાથી દેખાડવાથી અથવા તો તેનો ફેલાવો કરવાથી અથવા અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતીનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતિ જોખમાતી હોય અથવા તેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાથી તથા ચાળા વિગેરે કરવાની અને તેના ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની,અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર : અમદાવાદ શહેરની પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેના ઉપરી અધિકારીઓએ આવા કોઇપણ હથીયાર સાથે લઇ જવા ફરમાવ્યું હોય અથવા કોઇપણ હથીયાર લઈ જવાની જેની ફરજ હોય. તેમેને,

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથીયાર જેવા કે સંગીત વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહીં.

(૩) પોલીસ કમિશ્નર અથવા અધિકૃત કરેલ કોઇપણ અધિકારી જેને શારીરીક અશકિતને કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી માંગેલ હોય તો તેવી વ્યકિતઓને લાગુ પડશે નહી.

આ જાહેરનામાના કોઇપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ-૧૩૫ ની પેટા કલમ (૧) હેઠળ ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની અને દંડની અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ ના અધિનિયમ નંબર ૪૫ ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૫મી ઓગસ્ટ ૧૯૯૮ના રોજ મારી સહી કરી સિકકો કરી આપી.

હિરાલાલ
પોલીસ કમિશનર,
અમદાવાદ

જાહેરનામું

સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમનની કલમ-૩૩(૧)બી હેઠળનો નિયમ.

ક્રમાંક જાહેરનામું /ઉગપક/૧૭૮૮૫/૯૮.—મુંબઈ પોલાસ અધિનિયમ સને ૧૯૫૧નાં મુંબઈના ૨૨માની કલમ-૩૩ના પેટા-કલમ (૧)બી હેઠળ મળેલ સત્તાની રૂએ વડોદરા શહેર મ્યુ. કોર્પો. ના હદ વિસ્તાર માં આવેલ ખંડેરાવ માર્કેટના પાછળના રસ્તા ઉપર સવારનાં કલાક ૦૭-૦૦ થી કલાક ૧૯-૦૦ સુધી તમામ પ્રકારનાં વાહનો માટે જાહેર-નામા ક્રમાંક-ઉગપક- જાહેરનામા-૧૬૨૦૪/૯૭ તારીખ ૧૪મી જુલાઈ ૧૯૯૭ મુજબનું પ્રસિધ્ધ કરી પ્રવેશબંધી ફરમાવવામાં આવેલ. જે જાહેરનામામાં સુધારો કરી ઉપરોકત રસ્તા ઉપર ભારદારી વાહનોને પ્રવેશ કરવા છુટછાટ આપવા અંગેની ખંડેરાવ માર્કેટનાં વેપારીઓના લોકમાગણી ધ્યાને લઈ પ્રવેશબંધીનાં સમયમાં ફેરફાર કરી ભારદારી વાહનોને છુટછાટ આપવા અંગેનું સુધારેલ જાહેરનામું તૈયાર કરી તેનાથી અસર પામતા લાગતા વળગતા તમામની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

INDEX

સુધારેલ જાહેરનામાનો મુસદ્દો

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧નાં મુંબઈનાં ૨૨માંની કલમ-૩૩ની પેટા કલમ(૧) બી હેઠળ મળેલ સત્તાની રૂએ હું કે.એન. શર્મા, પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરામ્યુ. કોર્પો. ના હદ વિસ્તારમાં આવેલ ખંડેરાવ માર્કેટ પાછળના રસ્તા ઉપર તમામ પ્રકારનાં વાહનોને જાહેરનામાં ક્રમાંક-ઉગપક-૧૬૨૦૪/૯૭, તારીખ ૧૪મી જુલાઈ ૧૯૯૭થી પ્રવેશ કરવા ઉપર ફરમાવવામાં આવેલ પ્રતિબંધ મુજબનાં જાહેરનામામાં સુધારો કરી નિયમ કરૂ છું. કે, સવારનાં કલાક ૦૭-૦૦ થી કલાક ૦૯-૦૦ સુધી તથા કલાક ૧૨-૦૦ થી ૧૬-૦૦ સુધી ભારદારાં વાહનો ઉપરોકત રસ્તા ઉપર પ્રવેશ કરી શકશે તથા પાંચ કરતાં વધુ નહીં તેટલા ભારદારી વાહનો ઉપરોકત સમય દરમ્યાન સદરહુ રસ્તા ઉપર પાર્કીંગ કરવા માટે દોરવામાં આવેલ સફેદ પટીના અંદર ઉભા રહી શકશે. હવેથી પ્રતિબંધનો સમય સવારના કલાક ૦૯-૦૦ થી ૧૨-૦૦ તથા ૧૬-૦૦ થી ૧૯-૦૦ સુધીનો રહેશે.

મેં આજરોજ તારીખ ૧૮-માહે ઓગસ્ટ ૧૯૯૮ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

જાહેરનામું.

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના ૨૨માં) ની કલમ-૩૩ (૧) ડબલ્યું મુજબનો હુકમ.

ક્રમાંક એફ/હટલ/૧૮૧૮૦/૯૮.—ગુજરાત સરકારે રાજ્યમાં આહાર ગૃહો ખોલવા / ખોલાવવા માટે લેવા પડતા લાયસન્સ ને બદલે નોંધણી પ્રમાણપત્ર (રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ) આપવા નિર્ણય કરેલ હોવાથી અને બોમ્બે પોલીસ એકટ ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) ડબલ્યુંમાં જરૂરી સુધારા વધારાથી બોમ્બે પોલીસ (ગુજરાત એમેન્ડમેન્ટ) અધિનિયમ, ૧૯૮૯ થી કરેલ હોવાથી વડોદરા શહેરમાં ચાલતાં આહારગૃહોને લાયસન્સને બદલે નોંધણી પ્રમાણપત્ર (રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ) આપવા અંગે.

હું કે. એન. શર્મા, આઇ. પી. એસ. પોલીસ કમિશનર, વડોદરા શહેર મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨ ની કલમ-૩૩ (૧) ડબલ્યું મને પ્રાપ્ત થયેલ અધિકારો અને રાજ્ય સરકારશ્રીની મંજુરીથી વડોદરા શહેરમાં આહારગૃહો ખોલવા/ચલાવવા માટે લેવા પડતા નોંધણી પ્રમાણપત્ર (રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ ના નિયમો તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૮૯ થી અમલમાં આવેલ છે. જે અંગેના નિયમો અત્રેના ક્રમાંક છ/હટલ/૫૭૯/૧૯૮૯ તારીખ ૨૦મી માર્ચ ૧૯૮૯ થી જાહેરનામાં દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ છે જેમાં જણાવેલ આહારગૃહો નોંધણી નિયમોની નિયમ-૫માં જે હાલમાં નોંધણી ફી તથા રીન્યુઅલ ફી લેવામાં આવે છે તેમાં સરકારશ્રીના ગૃહ વિભાગના પત્રાંક ક્રમાંક જમસ/૧૦૯૩/ ૫૦૨૯/મ તારીખ ૧૭મી જુલાઈ ૧૯૯૮ નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે. અને આ નોંધણી ફી તથા રીન્યુઅલ ફી ના વધારાના દરનો અમલ આ જાહેરનામું પ્રસિદ્ધ થયા તારીખથી અમલમાં આવે તે પ્રમાણે હુકમ કરૂ છું. હાલમાં ચાલુ આહારગૃહો માટે નોંધણી પ્રમાણપત્રની મુંદત પુરી થયેથી નવા દરો લાગુ કરવાના રહેશે.

નિયમો-૫

(અ) નોંધણી પ્રમાણપત્ર રજીસ્ટ્રેશન ફી દશ વર્ષ માટે ૨,૫૦૦

(બ) નોંધણી પ્રમાણપત્ર રજીસ્ટ્રેશન રીન્યુઅલ ફી દશ વર્ષ માટે ૨,૫૦૦

(ક) જો દશ વર્ષ કરતાં ઓછા સમય માટે નોંધણી એક વર્ષના ભાગ પ્રમાણપત્રનું રજીસ્ટ્રેશન કરાવવનું હોય, અંગે રૂા. ૨૫૦/ રીન્યુ કરાવવાનું હોય તો એક વર્ષના ભાગ નોંધણી ફી તથા અંગે રૂા. ૨૫૦/- ના દરે ફી લઇ નોંધણી રીન્યુઅલ ફી એક પ્રમાણપત્ર આપી શકાશે તાજુ કરી આપી અઠવાડીયા માટે. શકાશે.

(ડ) કોઈ મેળા કે હંગામી બજાર કે જે એક હંગામી ધોરણે અઠવાડીયાથી વધું મુંદત માટે ચાલુ રહેવાનું આહારગૃહ ચલાવવા ન હોય તો તેવા સ્થળે હંગામી ધોરણે માટેની ફી રૂા. ૭૫/- આહારગૃહ ચલાવવા માટે રૂા. ૭૫/- ફી વસુલ લઇ હંગામી નોંધણી પ્રમાણપત્ર આપી શકશે.

મેં આજ તારીખ ૧૯મી ઓગસ્ટ ૧૯૯૮ ના રોજ મારી સહી કરી સિકકો મારેલ છે.

કે. એન. શર્મા,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર, વડોદરા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૩૭-(૧) અન્વયેનું.

ક્રમાંક ઉ/ગપક/એસ.બી./ જાહેરનામું /૩૪/૯૮ :—સુરત જિલ્લામાં સુરત શહેરમાં શાંતી અને સલામતી જાળવવા પગલા લેવા જરૂરી જણાતું હોવાથી વાસ્તે હું મનીરામ આઇ. પી. એસ. પોલીસ કમિશનર સુરત શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ માંની પેટા કલમ ૩૭-(૧) થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલા વિસ્તારોમાં તારીખ ૨૧મી ઓગસ્ટ ૧૯૯૮ કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૯મી સપ્ટેમ્બર ૧૯૯૮ કલાક ૨૪-૦૦ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટી, લાકડી, ચપ્પુ, અથવા શારીરીક ઈજા પહોંચાડવામાં ઉપયોગ થઇ શકે તેવી બીજી કોઇ ચીજ વસ્તુ લઇ જવાની.

(ખ) કોઈપણ સ્ફોટક અથવા ક્ષયધર્મી પદાર્થો લઇ જવાની.

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો ફેકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનોલઇ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની

(ચ) વ્યકિતઓ અથવા તેના શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(છ) લોકોએ બુમો પાડવાની ગાતો ગાવાની તથા વાદ્ય વગાડવાની

(જ) જે છટાદાર ભાષણ આપવાથી ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાથી અથવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચી અથવા નીતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજય ઉથવા પડવાનો સંભવ હોય, તેવા છટાદાર ભાષણ આપવાથી અથવા ચાળા વિગેરે કરવાથી અથવા ચિત્રો, નિશાનીઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની,

વિસ્તાર :—સુરત શહેર પોલીસ કમિશનરનો હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ :—આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

INDEX

દીઠ રૂ. ૨૫૦/- ફી લઇ નોંધણી પ્રમાણપત્ર આપી શકાશે રજુ કરી શકાશે. જો વર્ષ કરતાં ઓછો સમયગાળો હોય તો તેની ફી ની વસુલાતના સંદર્ભમાં સંપૂર્ણ વર્ષ ગણી વાર્ષિક દરે લેવાની થતી ફી રૂ. ૨૫૦/ લેખે વસુલ લેવાની રહેશે.

(ડ) કોઇ મેળા કે હંગામી બજાર કે જે એક અઠવાડીયાથી વધુ મુદત માટે ચાલુ રહેવાનું ન હોય તો તેવા સ્થળે હંગામી ધોરણે આહાર-ગૃહ ચલાવવા માટે રૂ. ૭૫/- ફી વસુલ લઇ હંગામી ધોરણે નોંધણી પ્રમાણપત્ર આપી શકાશે.

ચાલુ આહારગૃહો માટે નોંધણી પ્રમાણપત્રની મુદત પૂરી થયેથી આ નવા દરો લાગુ કરવાના રહેશે.

મહેસાણા, તારીખ ૨૪મી ઓગસ્ટ, ૧૯૯૮.

આર. પી. ગુપ્તા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલ.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી. નં. ૩૯/૯૮. — મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, સી. એમ. પાડલીયા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ. વલસાડ, આગામી ગણેશ ચતુર્થી તહેવાર તથા પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને જિલ્લામાં જાહેર શાંતી અને સલામતી તેમજ કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઇપણ વ્યકિતએ તારીખ ૨૮મી ઓગસ્ટ, ૧૯૯૮ થી તારીખ ૯મી સપ્ટેમ્બર, ૧૯૯૮ સુધી (બંને દિવસો સુધી) ના સમય માટે નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા. તલવાર, ભાલા, સોટા. બંદુક. ચપ્પુ, છરી. લાકડી લાઠી અથવા શારીરીક ઇજા પહોંચાડવામાં ઉપયોગ થઇ શકે તેવી બીજી ચીજો લઇ જવાની મનાઇ.

(ખ) કોઇપણ સ્ફોટક પદાર્થ લઇ જવાની.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઇ જવાની એકઠા કરવાથી તથા તૈયાર કરવાની.

(ગ) કોઇ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઇ જવાની.

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(ચ) લોકોને બુમ પાડવાની ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની અપમાન કરવાના ઇરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળીમાં ફરવાની.

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવા તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો; પત્રિકા, પ્લેકાર્ડ, અથવા બીજી કોઇપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવી, બતાવવી તથા ફેલાવો કરવાની, આ હુકમ ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિત કે જેને ઉપરી અધિકારીએ આવું કોઇપણ હથિયાર લઇ જવાનું હોય. અથવા તેવું કોઇપણ હથિયાર લઇ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, વલસાડ અથવા તેણે અધિકૃત કરેલ કોઇ પોલીસ અધિકારીએ જેને શારીરીક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઇ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યકિતને.

આ જાહેરનામાના કોઇ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમને (સને ૧૯૫૧ ના ૨૨માંની કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે.

આજ રોજ તારીખ ૨૬મી ઓગસ્ટ, ૧૯૯૮ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (૨૨માં) ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલ.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી./૪૦/૯૮.—જિલ્લામાં આજે આગામી ગણેશ ચતુર્થી તહેવાર તથા પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને જાહેર શાંતિ અને સલામતી સારૂ સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઇ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, સી. એમ. પાડલીયા. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી વલસાડ, મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ નો અધિનિયમ ૨૨મો) ની કલમ-૩૭ ની પેટા કલમ (૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે વલસાડ જિલ્લામાં તારીખ ૨૬મી ઓગસ્ટ, ૧૯૯૮ થી ૯મી સપ્ટેમ્બર, ૧૯૯૮ સુધી (બન્ને દિવસો સહીત ચાર કરતા વધુ માણસોની કોઇ સભા ભરવી નહી કે બોલાવવી નહી કે સરઘસ કાઢવું નહી તેમજ ચારથી વધુ વ્યકિતઓએ (એકત્ર) ભેગા થવું નહી.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રા કે એસ. ટી. બસમાં રેલ્વેમાં મુસાફરી કરવા' માંગતા મંદિર મસ્જિદ, દેવળમાં પ્રાર્થના માટે જતી બોનાફાઇડ વ્યકિતઓને લાગુ પડશે નહી.

આ હુકમનો ઉલ્લંઘન કરનારને મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨મો) ની કલમ-૧૩૫ (૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૨૬મી ઓગસ્ટ, ૧૯૯૮ ના રોજ મારી સહી સિકકા કરી આપવામાં આવ્યા છે.

જાહેરનામું

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/ફાયર/તલખ/રજિ.નં.૪૧/૯૮.— આસી. સીકયુરીટી કમિશનરશ્રી, આર.પી.એફ. ટ્રેનીંગ ઈન્સ્ટીટયુટ, વેસ્ટર્ન રેલ્વે વલસાડનાં પત્ર નંબર જી/ટીઆરજી/સ્ટાફનું ફાયરીંગ પ્રેકટીશ નીચે જણાવેલા સ્થળે અને સમયે યોજવામાં આવનાર છે. આથી કોઇપણ વ્યકિતને ગોળીબાર દરમ્યાન ઈજા ન થાય તે માટે નીચે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાય છે.

વાસ્તે હું, સી. એમ. પાડલીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ સને-૧૯૫૧ મુંબઇ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ-૩૭ની પેટા કલમ-૪ની જોગવાઈ મુજબ ફાયરીંગ બટ

INDEX

ભિલાડ તાલુકા ઉંમ-ગામ જિલ્લો વલસાડનાં ૨ કિ. મી. વિસ્તારમાં તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૧૯૯૮ થી ૨૨મી સપ્ટેમ્બર, ૧૯૯૮ સુધી સમય સવારે ૭-૦૦ થી સાંજના ૧૮-૦૦ સુધી ગોળીબાર પ્રેકટીશ દરમ્યાન આજુબાજુનાં રહિશો તેમજ બહારનાં કોઈ અન-અધિકૃત વ્યકિતઓ ઉપરોકત સમય દરમ્યાન આ જમીનની હદ વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા તેમજ ઢોર-ઢાંખર સાથે અને ઢોર-ઢાંખરને પ્રવેશ આપવા મનાઈ ફરમાવું છું.

સદરહુ ગોળીબાર પ્રેકટીશ દરમ્યાન ગોળીબારથી ઈજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત રહેવા જણાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ઈસમને ઉંકત અધિનિયમની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૧મી ઓગષ્ટ, ૧૯૯૮ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

સી. એમ. પાડલીયા,
અધિક મેજિસ્ટ્રેટ,
વલસાડ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમ.એ.જી.-વશી-૧૯૯૮.—નર્મદા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં વ્યકિતઓના કોઈ મંડળી, સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાય છે.

તેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં) ની કલમ-૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂએ હું, આર. ડી. વરસાત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા (રાજપીપલા) આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૧લી ઓગષ્ટ, ૧૯૯૮ના દિવસે સવારના ૦૦-૦૦ કલાકથી તારીખ ૧૫મી ઓગષ્ટ, ૧૯૯૮ના સાંજના ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સુધી)ની મુદત માટે નર્મદા જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

અનુસૂચિ

વધુમાં હું આદેશ કરું છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને.

(૨) ફરજ ઉપર હોય તેવા ગૃહરક્ષક દળની વ્યકિતઓને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) કોઈપણ સ્મશાનયાત્રાને.

આ હુકમનો ભંગ કરનાર, ઉલલઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૫ (૧) મુજબ અને ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ (સને ૧૮૬૦ના ૪૫ માં) ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૩૦મી જૂલાઈ, ૧૯૯૮ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલ.

ક્રમાંક એમ.એ. જી./વશી/૨૧૭૫ થી ૨૧૯૦.—નર્મદા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થતિ જળવાઈ રહે તે હેતુથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨મી અધિનિયમ) કલમ-૩૭ ની પેટા-કલમ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું, આર. ડી. વરસાત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા જાહેર શાંતી અને સલામતી સારૂ ફરમાવું છું કે કોઈએ નીચેની, અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૧૮મી ઓગસ્ટ ૧૯૯૮ થી તારીખ ૩૧મી ઓગસ્ટ ૧૯૯૮ સુધી.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધારીયા, ધોકા, છરા, લાકડી, કે લાંઠી અથવા શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવું બીજુ કોઈ સાધન સાથે લઈ જવું નહી.

(૨) કોઈપણ ક્ષયકારા પદાર્થ સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહી.

(૩) પથ્થર અથવા હાનિકારક પ્રવાહી, રસાયણ છાંટવા અથવા ફેંકવા નહી અથવા ફેંકી શકાય તેવા બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના યંત્રો અથવા સાધનો લઈ જવા નહી. એકઠા કરવા નહી. તથા તૈયાર કરવા નહી.

(૪) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી.

(૫) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો, પોકારવા નહી. અશ્લિલ ગીતો ગાવા નહી અથવા ટોળામાં ફરવું નહી.

(૬) જેનાથી સુરૂચિ નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી તેવા હાવભાવ કરવા નહી તથા તેવા ચિત્રો પત્રિકા, પોષ્ટકાર્ડ અથવા બીજા કોઈ પણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવી નહી, બનાવવાં નહી, તથા તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમ નીચેની વ્યકિતને લાગુ પડશે નહીં .—

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતઓને કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ તેને અધિકૃત કરેલા કોઈ-પણ પોલીસ અધિકારીને જેને શારીરીક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી શકે. તે વ્યકિતને

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી નર્મદા, અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી નર્મદા, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતઓને.

અનુસૂચિ

નર્મદા જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમા વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

આજ તારીખ ૧૪મી ઓગસ્ટ, ૧૯૯૮ ના રોજ મારી સહી સિકકો કરી આપ્યો.

INDEX

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭(૩) અન્વયે કાઢેલ.

ક્રમાંક એમ.એ.જી/વશી/૨૧૯૧ થી ૨૨૦૬.—નર્મદા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં વ્યકિતઓની કોઇ મંડળી સરઘસની મનાઇ કરવાનું મને જરૂર જણાય છે.

તેથી હવે, મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઇના ૨૨માં) ની કલમ-૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂએ હું આર. ડી. વરસાત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા (રાજપીપળા આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૧૬મી ઓગસ્ટ ૧૯૯૮ ના દિવસે સવારના ૦૦.૦૦ કલાકથી તારીખ ૩૧મી ઓગસ્ટ ૧૯૯૮ના રોજ સાંજના ૨૪-૦૦ સુધી (બંને દિવસો સુધ્ધાં) ની મુદત માટે નર્મદા જિલ્લામાં ચાર કરતા વધુ વ્યકિતઓની કોઇ મંડળી સરઘસ માટે મનાઇ ફરમાવું છું.

અનુસૂચિ

વધુમાં હું આદેશ કરૂ છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને.

(૨) ફરજ ઉપર હોય તેવા ગૃહ રક્ષક દળના વ્યકિતઓને,

(૩) કોઇ લગ્નના વરઘોડાને,

(૪) કોઇપણ સ્મશાનયાત્રાને.

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૫ (૧) મુજબ અને ભારતના ફોજદારી, અધિનિયમ ૧૮૬૦ (સને ૧૮૬૦ ના ૪૫માં ની કલમ-કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૪મી ઓગસ્ટ ૧૯૯૮ ના રોજ મારા સહી તથા સિકકો કરી આપ્યો.

આર. ડી. વરસાત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા રાજપપલા.

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) મુજબ

નંબર ઉં/મપક/પલસ મજસ/વશી/૩૮૮૦ થી ૩૯૩૦.—આગામી તારીખ ૨૨મી ઓગસ્ટ ૧૯૯૮ થી ૨૧મી સપ્ટેમ્બર ૧૯૯૮ દરમ્યાન ગણેશ સ્થાપના વિસર્જન જેવા તહેવારોની ઉજવણી થનાર હોઇ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતિ યોગ્ય રીતે જળવાઇ રહે અને શાંતીમય વાતાવરણ રહે તે માટે મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) હેઠળ જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

જેથી મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૧) અટેવયે મળેલ સત્તાની રૂએ હું જે. એમ. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા આથી ફરમાવું છું સમગ્ર પંચમહાલ જિલ્લામાં તારીખ ૨૨મી ઓગસ્ટ ૧૯૯૮ થી ૨૧મી સપ્ટેમ્બર ૧૯૯૮ બન્ને દિવસો સહીત.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ધોકા, બંદૂક, છરી, લાકડી કે લાઠી અથવા શારીરીક ઇજા પહોંચાડી શકાય તેવું બીજું કોઇપણ સાધન સાથે લઇ જવું નહી.

(ખ) કોઇપણ શયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઇ જવો નહી.

(ગ) પથ્થર અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તો વસ્તુઓ ફેંકવાની ધકેલવાની યંત્રો સાધનો સાથે લઇ જવા નહી એકઠા કરવા નહીં, મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવા નહી, અપમાન કરવાના અથવા જાહેર બીભત્સ સુત્રો પોકારવા નહી, અશ્લીલ ગીતો ગાવા નહીં.

(ઘ) જેનાથી સુરૂચિ અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી તેવા હાવભાવ કરવા નહી, ચેષ્ટા કરવી નહીં તથા તેવા પત્રકો પ્લેકાર્ડ અથવા બીજા કોઇપણ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવી નહી અથવા તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી:—

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઇ વ્યકિતઓને જેના ઉપરી અધિકારીએ આવું કોઇપણ હથીયાર લઇ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું હથીયાર લઇ જવાની જેની ફરજ હોય પોલીસ સબ ઇન્સ્પેકટરશ્રીથી નીચેની પાયરીના ન હોય તેવા અધિકારીએ જેને શારીરીક અશકિતના કારણે, લાકડી લાઠી લઇ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

આજરોજ તારીખ ૨૦મી ઓગસ્ટ ૧૯૯૮ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપવામાં આવ્યો.

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૩) મુજબનું

ક્રમાંક ઉ/મકમ/પલસ/વશી/૩૯૩૧ થી ૩૯૮૧. — પંચમહાલ જિલ્લામાં તારીખ ૨૬મી સપ્ટેમ્બર ૧૯૯૮ થી ગણપતી ઉત્સવની ઉજવણી શરૂ થનાર છે. સાર્વજનિક સ્થળોએ ગણપતી સ્થાપના કરી જાહેર કાર્યક્રમો રાખવામાં આવે છે. તેજ રીતે ગણપતીના વિસર્જન અંગે શોભાયાત્રાઓ કાઢવામાં આવે છે. આ પ્રસંગો દરમ્યાન થતા નાચગાનમાં જુદા જુદા પ્રકારના રંગો ગુલાલ અબીલ વગેરે પદાર્થનું બહોળા પાયે ઉપયોગ થાય છે. શાંતી સમીતીની મીટીંગમાં થયેલ ચર્ચા અને રજુઆતો મુજબ આ પ્રસંગોએ કેટલીક વ્યકિતઓ શરીરના કોમળ ભાગો અને મુખ્યત્વે આંખને હાની કરે તેવા પદાર્થ પાવડર કે ભુકીના સ્વરૂપમાં ઉપયોગ કરે છે, જેથી આવી મુશ્કેલી નિવારવા માટે આંખને તેમજ શરીરને હાની કરે તેવા પાવડર પદાર્થ કે ભુકીનું વિતરણ અને છંટકાવ અટકાવવો જરૂરી છે.

આથી હું, જે.એમ. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા સને ૧૯૫૧ ના મુંબઇ પોલાસ અધિનિયમની કલમ૩૩ (૩) મુજબ પંચમહાલ જિલ્લાના કોઇપણ સ્થળે આંખ તેમજ શરીરને નુકશાન કરે તેવા પાવડર કે અન્ય કોઇ સ્વરૂપના પદાર્થને વેચાણ વિતરણ પર પ્રતિબંધ ફરમાવું છું. તેમજ ગણપતિ વિર્સજનના શોભાયાત્રા દરમ્યાન કોઇપણ વ્યકિતએ આવો આંખ તેમજ શરીરને હાનિ પહોંચાડે તેવા પાવડર, ભુકો કે પદાર્થ પોતાના પાસે રાખવો કે તેનો ઉપયોગ કરવો નહી.

ઉપરોકત હુકમનો ભંગ કરનાર કોઇપણ ઇસમને સને ૧૯૫૧ના મુંબઇ પોલાસ અધિનિયમની કલમ-૩૧૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

INDEX

આજ તારીખ ૨૦મી ઓગસ્ટ ૧૯૯૮ ના રોજ મારા સહી અને કચેરીનો સિક્કો કર્યો.

જે. એમ. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ

જાહેરનામું

નંબર એચબી/એમઈડી/જા. ના./વ.—અમદાવાદ જિલ્લાના ગામ જુહાપુરા તાલુકા સીટીમાં કોલેરાનો ટોક્ઝીવીવટીવ કેસ થયેલ હોઈ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી અમદાવાદ પત્ર અંક. જી. પં./અરગ/કોલેરા, જાહેરનામું જુહાપુરા/૨૦૧૬/૬/૮/૯૮ તારીખ ૧૪મી ઓગસ્ટ ૧૯૯૮માં જણાવ્યા મુજબ જાહેર આરોગ્યના હિતમાં ચેતવણીના પગલાં લેવાનું જરૂરી જણાતાં હું, જે. ડી. ભાડ, કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ આથી કોલેરા અધિનિયમ, ૧૯૭૧ ની મ-(૩) અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ પરિશિષ્ટના કોલમ-૪માં જણાવેલ વિસ્તારોને કોલેરાગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરૂં છું સદરહુ જાહેરનામાનો અમલ તારીખ ૩૧મી ઓક્ટોબર ૧૯૯૮ સુધી રહેશે.

અનુ. નંબર	જિલ્લાનું નામ	તાલુકાનું નામ	કોલેરાગ્રસ્ત વિસ્તાર
૧	૨	૩	૪
૧	અમદાવાદ	સીટી	જુહાપુરા.

મામલતદારશ્રી સીટીને ઉપરોક્ત વિસ્તાર માટે કોલેરા નિયંત્રક અધિકારી તરીકે નીમવામાં આવે છે.

અમદાવાદ, તારીખ ૨૮મી ઓગસ્ટ ૧૯૯૮.

જે. ડી. ભાડ,
કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G—BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] THURSDAY, SEPTEMBER 17, 1998 / BHADRA 26, 1920 [No. 38

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B, and Part I-L

	Pages		Pages
Part I-Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	352-361	Part I-B-Government Notifications published under Land Acquisition Act only.	709-758
Part I-A-Orders and Notifications, other than those published in Part IV-C under the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette.	38	Part I-L-Notifications, Orders and Awards, other than those published in Parts I, IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.	2020-2086

Miscellaneous Notifications, Appointments, etc.

પોલીસ કમિશનર દ્વારા

હુકમ

જાવક ક્રમાંક જ/૬૫૯/૭૧૫૮/૯૮.—હું, હીરાલાલ, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, બોમ્બે પોલીસ એક્ટ-૧૯૫૧ (બોમ્બે એક્ટ-૨૨ સને ૧૯૫૧) ની કલમ-૩૩ની પેટા કલમ (૧) (યુ) થી મને મળેલ સત્તાની રૂએ જાહેર જનતાના જાનમાલની તેમજ મિલ્કતોની સલામતી માટે નીચે મુજબનો હુકમ કરું છું.

પોલીસ કમિશનર, અમદાવાદ શહેરની હકુમત હેઠળનાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ ઈસમ, જાહેર રસ્તા ઉપર તેમજ જાહેર રસ્તાની ૫૦ ફૂટની અંદરના વિસ્તારમાં કોઈપણ જાતનું દારૂખાનું તેમજ દુર ફેંકી શકાય તેવા બલુનના રોકેટ હવાઈ અથવા અન્ય કોઈપણ નામે ઓળખાતાં કોઈપણ પ્રકારના ફટાકડા ફોડી શકશે નહી તેમજ ફેંકી શકશે નહી કોઈપણ ઈસમ, કોઈપણ વ્યકિત ઉપર કે પશુ-પંખી

ઉપર તથા જાહેરરસ્તા ઉપર, કે મકાન ઉપર, દારૂખાનું પડે તેવી રીતે ફોડી શકશે નહીં કે ફેંકી શકશે નહીં, જો તેમ કરતાં પકડાશે તો મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

સદરહુ હુકમ તારીખ ૪થી ઓકટોબર ૧૯૯૮ થી તારીખ ૩જી નવેમ્બર ૧૯૯૮ સુધી અમલમાં રહેશે.

આજ રોજ તારીખ ૩૧મી ઓગસ્ટ ૧૯૯૮ એ મેં મારા સહી સિક્કા કરેલ છે.

હુકમ

જાવક ક્રમાંક જ/૬૫૯/૭૧૫૯/૯૮.—હું હીરાલાલ, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર બોમ્બે પોલીસ એકટ-૧૯૫૧ (બોમ્બે એકટ-૨૨સને ૧૯૫૧) ની કલમ-૩૩ ની પેટા કલમ (૧) (યુ) થી મને મળેલ સત્તાની રૂએ જાહેર જનતાના જાનમાલની તેમજ મિલ્કતોની સલામતી માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

પોલીસ કમિશનર, અમદાવાદ શહેર વિસ્તારમાં આવેલ સાબરમતી વિસ્તારમાં ચેનપુર રોડ પાસે ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન ડેપો આવેલ છે તે ડેપોની હદથી ૬૦૦ મીટરની હદમાં કોઈ વ્યકિત કોઈપણ પ્રકારના ફટાકડા ફોડી શકશે નહીં.

સદરહુ હુકમ તારીખ ૪થી ઓકટોબર ૧૯૯૮ થી તારીખ ૩જી નવેમ્બર ૧૯૯૮ સુધી અમલમાં રહેશે.

આજ રોજ તારીખ ૩૧મી ઓગસ્ટ ૧૯૯૮ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિમયમ સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭ (૩) મુજબનો હુકમ.

નંબર ઉં/ગપક/૪૦૪/વિ. શા./૧૯૯૮.—અમદાવાદ શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, હીરાલાલ, પોલીસ કમિશનર અમદાવાદ શહેર, મને પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૨જી સપ્ટેમ્બર ૧૯૯૮ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી સપ્ટેમ્બર ૧૯૯૮ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી અગર સભા ભરવી કે બોલાવવી નહી તેમજ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર : અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમતનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ ઉપર હોય તેઓ તથા સ્મશાનયાત્રાઓ અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ (૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ ના કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧લી સપ્ટેમ્બર ૧૯૯૮ ના રોજ મારી સહી અને સિકકો કરી આપ્યા.

હીરાલાલ,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧) (બી) મુજબ.

નંબર એસ.બી/ગણપતિ/જાહેરનામું/૩૫/૯૮.—આગામી તારીખ ૫મી સપ્ટેમ્બર ૧૯૯૮ ના રોજ સુરત શહેરમાં યોજવામાં ગણપતિ વિસર્જન યાત્રાના રૂટ ઉપર વિસર્જન યાત્રાની સરળતા માટે તથા જાહેર વ્યવસ્થાની જાળવણી ખાતર અન્ય તમામ વાહન વ્યવહારો વ્યવહારોના ટ્રાફિક ઉપર નિયંત્રણ રાખવાની આવશ્યતકતા જરૂરી બનતી હોવાથી હું મનીરામ, આઈ. પી. એસ. પોલીસ કમિશનર, સુરત શહેર મુંબઈ ટોલીસ અધિનિયમની સને ૧૯૫૧ની કલમ-૩૩ (૧) બી મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાન કરું છું કે,

તારીખ ૫મી સપ્ટેમ્બર ૧૯૯૮ ના રોજ ગણપતિ વિસર્જન યાત્રા દરમ્યાન કલાક ૮-૦૦ થી વિસર્જન કાર્ય પૂર્ણ થાય ત્યાં સુધીના સમય માટે નીચે જણાવેલા માર્ગોનો વાહન વ્યવહાર માટે બંધ રહેશે અને બંધ કરેલા માર્ગોનો વાહન વ્યવહાર અન્ય વૈકલ્પીક માર્ગોથી પસાર થશે.

બંધ કરેલ માર્ગો	સુચવેલ વૈકલ્પીક માર્ગ વ્યવસ્થા.
(૧) દિલ્હીગેટથી સીનેમા રોડ થઈ ચોકબજાર તરફ જતા ટ્રાફિક દિલ્હીગેટ પોલીસ ચોકી પાસેથી બંધ કરવામાં આવશે.	આ રસ્તાનો ટ્રાફિક દિલ્હીગેટથી રીંગરોડના માર્ગે આગળ જઈ શકશે.
(૨) ગલેમંડી પોલીસ ચોકીથી પાણીની ટાંકી તરફ આવતો દારૂખાના રોડ ગલેમંડી ગેટથી બંધ કરવામાં આવશે.	
(૩) ગલેમંડીથી ભવાનીવડ તરફ આવતો રસ્તો ભવાની માતા મંદિર પાસેથી બંધ રહેશે. રૂવાલા ટેકરા તરફ જઈ શકશે નહીં.	

INDEX

(૪) કાંસકીવાડથી કલજુગ મહોલ્લો થઇ ભવાની માતાના મંદિર તરફ આવતો રસ્તો બંધ રહેશે.	
(૫) રૂવાલા ટેકરાથી શાકભાજી માર્કેટ તરફનો રસ્તો રૂવાલા ટેકરાથી બંધ રહેશે.	
(૬) નવસારી બજાર ચાર રસ્તાથી ભાગળ તરફ કોટસફીલ રોડ વાયા રૂવાલા ટેકરા પીરછડી રોડથી દિલ્હીગેટ સુધી.	(૧) નવસારી બજાર ચાર રસ્તાથી હનુમાન ચાર રસ્તા ગોપીપુરા ચોકી, ખપાટીયા ચકલા, ચૌટાપુલ નીચે થઇ નાણાંવટ થઇ મહાનગરપાલીકાના રસ્તેથી જશે. (૨) નવસારી બજાર ચારરસ્તા તરફ ગોપીપુરા તરફથી આવતો ટ્રાફિક રાજેશ્રી સિનેમા ઢેડ તલાવડી, કૈલાસનગર, મજુરા ગેટથી રીંગરોડ જશે.
(૭) નવાપુરા કરવા રોડથી પારસી શેરી તરફનો રાજ્યમાર્ગ ચાર રસ્તાથી બંધ કકવામાં આવશે.	
(૮) લીનીયર બસ સ્ટેન્ડ સામે હોટલ સમ્રાટની બાજુમાં ડાંગી શેરી તરફ જતો રસ્તો ટ્રાફિક અને ગણપતિ માટે બ્લોક રહેશે.	
(૯) કાંસકીવાડ બસ સ્ટેન્ડથી કલજુગ મહોલ્લો તરફ જતો રસ્તો તેમજ-- કળજુગ મહોલ્લો શરુ થાય તેના નાકાથી ભવાનીવાડ તરફ જતો-રસ્તો વાહનો તથા ગણપતિ માટે બંધ રહેશે. ...	
(૧૦) ગોળવાલા ચકલાના પશ્ચિમ તરફનો રસ્તો વાહનો તથા ગણપતિ માટે બંધ રહેશે. ...	
(૧૧) સૈયદપુરા પંપીંગ સ્ટેશનથી હરીજનવાસ રાણીતળાવ બસ સ્ટેન્ડ,- ભાજીવાલી પોળ ભાગળ તરફ આવતા ડાબા હાથ તરફથી તમામ- ગલીઓ બેરીકેટીંગ કરવાથી બંધ રહેશે. ...	
(૧૨) ડી. કે. એમ. મુલ્લાજીની દેવડી તરફ જવાનો રસ્તો બંધ રહેશે ...	
(૧૩) રુખમાબાઈ હોસ્પીટલથી નાણાવટ તરફ જતો રસ્તો વાહનો માટે- બંધ રહેશે.	
(૧૪) લાલગેટથી સૌદાગરવાડ તથા નાણાવટ તરફ જતો રસ્તો તેમજ ચોકી પાછળની ખાલી જગ્યા વાહન વ્યવહાર અને ગણપતિ માટે બંધ રહેશે.	
(૧૫) ચૌકબજાર સર્કલ પાસે ચોકબજાર પોલીસ સ્ટેશન તરફ જવાનો રસ્તો વાહનો તથા ગણપતિ માટે બંધ રહેશે. ...	
(૧૬) ઠાકોરભાઈ મીઠાઈવાલાના ગલીની એન્ટ્રી લીમડાશેરી આગળ આવેલ બંન્ને ગલીઓ, લાલગેટ સામે મુસા ચશ્માઘરની ગલી, લાબેલા સામે ચૌટાબજારમાં જવાનો રસ્તો, રુખમાભાઈ હોસ્પીટલની સામેની ગલી સલીમભાઈ સોપારીવાલાના ઘર તરફ જતી ગલી, સિલ્ક હાઉસનો રસ્તો તથા મ્યુઝીયમ તરફ જવાનો રસ્તો વાહનો ગણપતિ માટે બંધ રહેશે.	
(૧૭) રુવાલા ટેકરાથી ભાગળ આવતો રસ્તો બંન્ને બાજુ ગણપતિ તથા વાહનો માટે બંધ રહેશે.	
(૧૮) નવસારી બજાર ચાર રસ્તાથી ભાગળ કોટ સર્કલ રોડ વાયા રુવાલા ટેકરા, પીરછડી રોડથી દિલ્હીગેટ તરફ જવાનો રસ્તો. ...	
(૧૯) હોપપુલથી આવતો તેમજ ચોકબજાર ગાંધીજીની પ્રતિમા તરફ જતો રસ્તો વાહન વ્યવહાર માટે બંધ કરવામાં આવશે. ...	
(૨૦) સાગર હોટલથી ગાંધીજીની પ્રતિમા તરફ આવતો રસ્તો જુની સીવીલ હોસ્પીટલ પાસેથી બંધ રહેશે.	
(૨૧) ચારા ગલીમાંથી ચોકબજાર ટ્રાફિક સર્કલ તરફ આવતો રસ્તો વાહન વ્યવહાર માટે બંધ રહેશે.	

INDEX

(૨૨) ગોવાલક તરફથી ખરવરનગર તરફ આવતો રસ્તો બંધ રહેશે. ...

સરકારી સેવાના આવશ્યક વાહનો, પોસ્ટલ વાહનો, ફાયરબ્રીગેડ, એમ્બ્યુલન્સ વાહનોને ઉપરોકત જાહેરનામામાંથી મુકતી આપવામાં આવે છે.

સદર જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત મુંબઈ પોલીસ અધિનિયમની કલમ--૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૨૯મી ઓગસ્ટ, ૧૯૯૮ ના રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

જાહેરનામું

પાસા, ૧૯૮૫ હેઠળના અટકાયતોને હાજર થવા ફરમાવવાનું સી. આર. પી. સી. કલમ-૮૨ હેઠળ.

નંબર ઉ/ગપક/વશી/પીસીબી/પાસા/૩૭/૯૮/જાહેરનામું/૨૧૨૦૪/૯૮. અમારા ધ્યાન પર આવેલ છે કે, શ્રી નરેશ ઉર્ફે વિજય લાલજીભાઈ બટાણી ઉં. વ. આ. ૨૧, શરીરે પાતળા બાંધાનો, રંગે શ્યામ વર્ણ, ડાબા હાથે પહેલી આંગળી ઉપર કપાયેલાની નિશાની છે. તે રહેવાસી અક્ષર ડાયમંડ મકાનના ધાબા ઉપર, કાપોદ્રા વરાછા રોડ સુરતનાને ગુંજરાત, અસામાજિક પ્રવૃત્તિ પ્રતિબંધક અધિનિયમ,૧૯૮૫ હેઠળ અટકાયત કરવા તારીખ ૧૮મી જુન, ૧૯૯૮ નાં રોજ હુકમ કરવામાં આવેલ છે. અને અટકાયતી હુકમની બજવણી આજદિન સુધી થઈ શકેલ નથી. હુકમની બજવણી કરનાર અધિકારીશ્રી તરફથી એવી માહિતી મળેલ છે કે, સદરહુ નરેશ ઉર્ફે વિજય લાલજીભાઈ બુટાણી મળી આવતો નથી અને તે પોતાની અટકાયત ટાળવા અર્થે નાસતો ફરે છે. તેની ખાત્રી થયેલ છે.

આથી જાહેરનામું પ્રસિધ્ધ કરીને ફરમાવવામાં આવે છે કે, સદરહુ નરેશ ઉર્ફે વિજય લાલજીભાઈ બુટાણી, રહેવાસ અક્ષર ડાયમંડ મકાનના ધાબા ઉપર, કાપોદ્રા—વરાછા રોડ, સુરત શહેરનાએ તેના વિરૂધ્ધના સદરહું અટકાયતી હુકમની બજવણી માટે તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૮ ના કલાક ૧૧-૦૦ વાગ્યા સુધીમાં અમારી સમક્ષ બહુમાળી કંપાઉન્ડ, જુની સેસન્સ કોર્ટ બિલ્ડીંગમાં આવેલ અમારી કચેરીમાં હાજર રહેવું.

તારીખ, ૩૧મી ઓગષ્ટ, ૧૯૯૮.
સ્થળ : પોલીસ કમિશનર કચેરી, સુરત શહેર.

મનીરામ,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

BY DISTRICT JUDGE

Notification

No. B-7(i)/1403/1998.—The following Assistants (Junior Clerks), working in the Judicial Department of Bharuch District have been declared Passed in Higher and Lower Standard Departmental Examiaations held on 6th and 7th July 1998, in District Court, Bharuch.

Their names are arranged in order of merits.

Higher Standard Departmental Examination

1. Smt. M. J. Pathak,	Assistant	Civil Court, S. D. Bharuch.
2. Kum. N. D. Bhatt,	"	3rd Joint C. C. J. D., Bharuch.
3. Shri J. B. Rana,	"	District Court, Bharuch.

Out of the successful candidates in higher standard departmental Examiaation, Exemption was granted in the paper shown against their names, as under : -

Sr. No. 02.	Paper No. II & Oral Test.
Sr. No. 03.	Paper No. I & II & Oral Test.

Lower Standard Departmental Examination

1. Shri B. B. Arya,	Assistant	Civil Court, J. D. Valia.
2. Smt. K. M. Majmudar,	"	Civil Court, S. D. Bharuch.
3. Smt. B. G. Joshi,	"	District Court, Bharuch.

INDEX

Out of the successful candidates in Standard Lower Departmental Examination, Exemption, was granted in the paper shown against their names, as under :—

Sr. No. 2. Paper No. II & Typing Test.
Sr. No. 3. Paper No. I & II & III.

Bharuch, 2nd September 1998.

V. C. VYAS,
District Judge, Bharuch.

જિલ્લા ન્યાયાધિશ દ્વારા

જાહેરનામું

જાવક નંબર બી ૭(૧) ૧૪૦૩/૧૯૯૮.— ભરૂચ જિલ્લાના ન્યાયખાતાની તારીખ ૬ઠ્ઠી અને ૭ મી જુલાઈ, ૧૯૯૮ ના રોજ જિલ્લા ન્યાયાધીશ કોર્ટ, ભરૂચમાં લેવામાં આવેલ ખાતાકીય ઉચ્ચ અને નિમ્ન શ્રેણીની પરીક્ષામાં નીચે જણાવેલ આસીસ્ટન્ટ (જુનીયર કલાર્ક) ઉત્તીર્ણ થયેલ છે. તેમના ગુણવત્તા પ્રમાણે ગોઠવવામાં આવેલ છે.

ઉચ્ચ શ્રેણી પરીક્ષા

અનુ. નંબર	નામ	કચેરીનું નામ
૧.	શ્રીમતિ એમ. જે. પાઠક,	જુનીયર કલાર્ક, સીવીલ કોર્ટ (એસ. ડી.), ભરૂચ.
૨.	કુ. એન. ડી. ભટ્ટ	જુનીયર કલાર્ક, ત્રીજા જો. સીવીલ કોર્ટ (જુ. ડી.), ભરૂચ.
૩.	શ્રી જે. બી. રાણા,	જુનીયર કલાર્ક, જિલ્લા ન્યાયાલય, ભરૂચ.

ઉચ્ચ શ્રેણીની પરીક્ષામાં પાસ થયેલ ઉમેદવારો માંથી નીચે જણાવ્યા મુજબના અનુક્રમ નંબરોને તેમની સામેના પેપરોમાં-- મુકિત આપવામાં આવેલી હતી.

અનુ. નં. ૨ પેપર નંબર ૨ અને મૌખિક પરીક્ષા.
અનુ. નં. ૩ પેપર નંબર ૧, ૨ અને મૌખિક પરીક્ષા.

નિમ્ન શ્રેણીની પરીક્ષા

૧. શ્રી બી. બી. આર્ય, જુનીયર કલાર્ક, સીવીલ કોર્ટ (જે. ડી.), વાલીઆ.
૨. શ્રીમતી કે. એમ. મજમુદાર, જુનીયર કલાર્ક, સીવીલ કોર્ટ (એસ. ડી.), ભરૂચ.
૩. શ્રીમતિ બી. જી. જોષી, જુનીયર કલાર્ક, જિલ્લા ન્યાયાલય, ભરૂચ.

નિમ્ન શ્રેણીના પરીક્ષામાં પાસ થયેલા ઉમેદવારોમાંથી નિચે જણાવ્યા મુજબના અનુક્રમ નંબરોને તેમની સામેના પેપરોમાંથી-- મુકિત આપવામાં આવેલ હતી.

અનુ. નં. ૨ પેપર ૨ અને ટાઈપીંગ ટેસ્ટ.
અનુ. નં. ૩ પેપર--૧, ૨ અને ૩.

ભરૂચ, તારીખ ૨જી સપ્ટેમ્બર, ૧૯૯૮.

વિ. સી. વ્યાસ,
જિલ્લા ન્યાયાધીશ, ભરૂચ.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નંબર ડીસીબી / એમએજી / બીપીએ/ફાયર/તલમ/રજી.-૫ / ૯૮.— કમાન્ડીંગ ઓફીસરશ્રી, એન.સી.સી. નવસારીના તારીખ ૨૨મી જુલાઈ, ૧૯૯૮ થી જણાવ્યા મુજબ એન.સી.સી. ની ફાયરીંગ પ્રેકટીસ નીચે જણાવેલ સ્થળે સમયે, અને તારીખે યોજવામાં આવનાર છે. આથી કોઈપણ વ્યકિતને ગોળીબાર ઈજા ન થાય તે માટે નીચે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાય છે.

વાસ્તે હું આર. સી. ગોહિલ, જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી સને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નો ૨૨ માં) ની કલમ-૩૭ ની પેટા કલમ (૧) હેઠળ મને મળેલ સત્તાની રૂએ આ અધિનિયમની કલમ-૩૭ની પેટા કલમ-જની જોગવાઈ મુજબ હેમગાર્ડ શોર્ટ રેંજ બંદ રોડ, નવસારી અને મુ. પો. દાંડી રેન્જ

INDEX

ખાતે તારીખ ૩જી સપ્ટેમ્બર, ૧૯૯૮ થી તારીખ ૯મી સપ્ટેમ્બર, ૧૯૯૮ નાં રોજ સવારે ૮-૦૦ થી સાંજે ૧૭-૦૦ કલાક દરમ્યાન ગોળીબાર પ્રેકટીસ થનાર છે. જેથી આજુબાજુના રહીશો તેમજ બહારનાં કોઈ અનઅધિકૃત વ્યકિતઓને ઉપરોકત સમય દરમ્યાન આ ફાયરીંગ રેન્જની જમીનની હદ વિસ્તારમાં કે તેના ફરતેનાં ૧ કી. મી. વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા તેમજ ઢોરઢાંખર સાથે જવા અને ઢોરઢાંખરને પ્રવેશ આપવા મનાઈ ફરમાવું છું. સદરહું ગોળીબારથી પ્રેકટીસ દરમ્યાન ગોળીબારથી ઈજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત રહેવા જણાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ઈસમને ઉકત અધિનિયમની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨જી સપ્ટેમ્બર, ૧૯૯૮ નાં રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

આર. સી. ગોહિલ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

વાંચ્યો :—

(૧) અત્રેની કચેરીના તારીખ ૨૯મી જુલાઈ ૧૯૮૯ના નં. પીઓ-એલ/જમસ/એસકે/૮૯નું જાહેરનામું.

(૨) સરકારશ્રીના ગૃહ વિભાગના તારીખ. ૧૭મી જુલાઈ ૧૯૯૮ના પત્ર ક્રમાંક ; જમસ/૧૦૯૩/૫૦૨૯/મ.

આદેશ

નંબર પીઓએલ /જમસ/એસકે/૯૮.—આમુખ-૧ના અત્રેની કચેરીના જાહેરનામાથી સાબરકાંઠા જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે આહારગૃહો ખોલવા/ચલાવવા માટે લેવા પડતા રજિસ્ટ્રેશન (નોંધણી પ્રમાણપત્ર) અંગેના નિયમો બનાવવામાં આવેલ હતા.

આમુખ-૨ ના વિગતેના સરકારશ્રીના ગૃહ વિભાગના પત્રથી જણાવ્યા મુજબ આહાર ગૃહ નોંધણી પ્રમાણપત્ર રજિસ્ટ્રેશન અંગેના દરોમાં સુધારો કરવા નિર્ણય કરેલ છે. અને જે મુજબ જરૂરી સુધારો કરવા માટે અત્રે જણાવેલ છે.

અત્રેના તારીખ ૨૯મી જુલાઈ ૧૯૮૯ ના જાહેરનામા નંબર પીઓએલ/જમસ એસકે-૮૯થી જે નિયમો બનાવેલ હતા તેના નિયમ-૫ થી આહારગૃહ ખોલવા ચલાવવા માટે લેવાતા દરો અંગેના નિયમો બનાવવામાં આવેલ હતા, જેમાં સરકારશ્રીએ સુધારો કરેલ હોઈ અત્રેના જાહેરનામાના નિયમ-૫ માં પણ તે મુજબ સુધારો કરવો જરૂરી હોઈ આ જિલ્લા માટે બનાવેલ આહારગૃહ નોંધણી નિયમોના નિયમ-૫માં સુધારા કરી નવા નિયમ નીચેની વિગતે બનાવવા આથી આદેશ કરવામાં આવે છે.

નિયમ-૫ : —

(અ) નોંધણી પ્રમાણપત્ર રજિસ્ટ્રેશન ફી-૧૦ વર્ષ માટે રૂા. ૨૫૦૦

(બ) નોંધણી પ્રમાણપત્ર રજિસ્ટ્રેશન રીન્યુઅલ ફી-દસ વર્ષ માટે રૂા. ૨૫૦૦

(ક) જો દસ વર્ષ કરતાં ઓછા સમય માટે નોંધણી પ્રમાણપત્રનું રજિસ્ટ્રેશન કરાવવાનું હોય / રીન્ય કરાવવાનું હોય તો એક વર્ષના ભાગે રૂા. ૨૫૦ ના દરે ફી લઈ નોંધણી પ્રમાણપત્ર આપી શકાશે / તાજું કરી આપી શકાશે.

(ડ) કોઈ મેળા કે હંગામી બ[illegible] જે એ[illegible] [illegible]ઠવાડીયાથી વધુ મુદત માટે ચાલુ રહેવાનું ન હોય તેવા સ્થળે હંગામી ધોરણે એક આહારગૃહ ચલાવવા માટે રૂા. ૭૫ ફી વસુલ લઈ હંગામી ધોરણે નોંધણી પ્રમાણપત્ર આપી શકાશે.

અત્રેના તારીખ ૨૯મી જુલાઈ ૧૯૮૯ના જાહેરનામાથી બનાવેલ નિયમોના નિયમ-૫ રદ કરવામાં આવે છે. તથા નવો બનાવેલ નિયમ-૫ તારીખ ૧લી ઓગસ્ટ ૧૯૯૮ થી અમલી બનાવવા આથી આદેશ કરવામાં આવે છે.

હિંમતનગર, તારીખ ૧લી ઓગસ્ટ ૧૯૯૮.

વિરાટ એમ. વોરા,
જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા,
હિંમતનગર.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ ૨૨માં) ની કલમ ૩૭ની પેટા કલમ-૧ હેઠળ

નંબર ડીસી/બીપીએ/જાહેરનામુ ૩૭ (૧) /વશી ૩૮૨૫-૩૫/૯૮.—ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો, ખાતાના વડાઓની કચેરીઓ, એમએલએ કવાટર્સ, શાળા કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે અને અવાર-નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માગણી અર્થે રજૂઆતો કરવા આવતાં હોય કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તે જોવાની ખુબજ જરૂરીયાત છે.

જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે તેમજ જાહેર સુલેહ શાંતિ જાળવવાના હેતુથી હું કે. એલ. બચાણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ગાંધીનગર મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭(૧) થી મને મળેલ સત્તાની રૂઈએ નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૯મી ઓગસ્ટ ૧૯૯૮ થી ૧૦મી સપ્ટેમ્બર ૧૯૯૮ સુધીની મુદત માટે નીચેના કૃત્ય નહીં કરવા ફરમાવુ છું.

(૧) હથિયાર, તલવાર, ધોકા, બંદુક, છરા, સળગતી મશાલ કે અન્ય બીજા હથિયાર કે જેનાથી શારીરીક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું;

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું;

(૩) પત્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના કે ઉકેલવાના યંત્રો સાથે લઈ જવા તથા તૈયાર કરવાનું;

INDEX

(૪) મનુષ્યોની આકૃતિઓ અથવા પુતળા દેખાડવાનું;

(૫) અપમાનીત કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બીભત્સ સુત્રો પોકારવાનું, અસ્લીલ ગીતો ગાવાનું અથવા ટોળામાં ફરવાનું;

(૬) જે છટાદાર ભાષણ આપવાની, ચાળા પાળવાની, અથવા નકલ કરવાની તથા ચીત્રો નીશાનીઓ, જાહેર ખબરો, અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરુચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય, અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની કે ચાળા વગેરે કરવાની અને તેવા ચિત્રો, નિશાનીઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર.—ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસૂલી વિસ્તાર.

અપવાદ.—

(૧) આ જાહેરનામું ધાર્મિક વિધિ મરણોત્તર ક્રિયાને લાગુ પડશે નહીં;

(૨) ફરજ પરના સરકારી કર્મચારીઓ કે જે ફરજ ઉપર હથિયાર લઈ જવાનું, ધારણ કરવાનું હોય તેને લાગુ પડશે નહીં;

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી, ગાંધીનગર, એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી ગાંધીનગરે જેઓને શારીરીક અશકિત છે તેવા કારણોસર લાકડી/સોટી રાખવાની પરવાનગી આપી હોય તેઓને લાગુ પડશે નહીં;

(૪) ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ અથવા સરકારી કામે પ્રવાસ કરતાં વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહીં;

(૫) અત્રેથી આપવામાં આવેલ ખાસ કીસ્સા તરીકેની પરવાનગીને.

સદરહુ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યકિત સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ તથા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૯૫૯ ના ૪૫માની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૨૯મી ઓગસ્ટ ૧૯૯૮ના રોજ મારી સહી-સીક્કા કરી આપ્યાં.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈ ૨૨માં) ની કલમ-૩૭ ની પેટા કલમ-૩ હેઠળ.

નંબર ડીસી/બીપીએ/જાહેરનામું/૩૭/(૩)/વશી-૩૮૩૬-૪૫/૯૮.—ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસ સ્થાનો, ખાતાના વડાઓની કચેરીઓ, એમએલએ કવાટર્સ, શાળા કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે અને અવાર નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા આવતાં હોઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખુબજ જરૂરીયાત છે. જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ વિસ્તારમાં (જેનો આમાં સદરહું વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે) તે વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી બનાવી સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે. જેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ મુંબઈ ૨૨માં) ની કલમ-૩૭ ની પેટા કલમ-૩ થી મારી સત્તાની રૂએ હું કે. એલ. બચાણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર આથી સદરહું વિસ્તારમાં તારીખ ૨૯મી ઓગસ્ટ ૧૯૯૮ થી ૧૦મી સપ્ટેમ્બર ૧૯૯૮ સુધીની મુદત માટે ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી કે સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરૂ છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.

(૧) ફરજ પર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતને.
(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહ રક્ષક દળની વ્યકિતને
(૩) કોઈ લગ્નના વરઘોડાને તથા સ્મશાન યાત્રાને.
(૪) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સ તરીકેની પરવાનગીને.

વિસ્તાર :—ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસૂલી વિસ્તાર.

સદરહુ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યકિત સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ તથા ભારતના ફોજદારી અધિનિયમ, સને ૧૯૫૯ ના ૪૫માંની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૨૯મી ઓગસ્ટ ૧૯૯૮ ના રોય મારી સહી સિકકા કરી આપ્યાં.

કે. એલ. બચાણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ગાંધીનગર.

હુકમ

ક્રમાંક એમ.એ.જી.-વશી-૬૦૩૪.—ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ નાં (મુંબઈના ૨૨ માં અધિનિયમ) ની કલમ-૩૭ ની પેટા-કલમ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું સી. એમ. ગામીત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ જાહેર શાંતિ અને સલામતી સારૂ ફરમાવું છું કે કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૧લી સપ્ટેમ્બર, ૧૯૯૮ થી તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૮ સુધી (બંને દિવસો સુધ્ધાં) :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધારીયા, ધોકા, છરા, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહિ.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ, સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહિ.

(ગ) પત્થરો અથવા હાનિકારક પ્રવાહી રસાયણ છાંટવા અથવા ફેંકવા નહિ, અથવા ફેંકી શકાય એવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહિ, એકઠા કરવા નહિ, તથા તૈયાર કરવા નહિ.

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહિ.

INDEX

(ડ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહિ, અશ્લિલ ગીતો ગાવા નહિ, અથવા ટોળામાં ફરવું નહિ.

(ચ) જેનાથી સુરૂચિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહિ, તેવા હાવભાવ કરવા નહિ, તેવી ચેષ્ટા કરવી નહિ, તથા તેવાં ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહિ, તથા તેનો ફેલાવો કરવો નહિ, તથા સરકારી રેકર્ડ નોટીસો, પરિપત્ર, ખરડા વિગેરેની હોળી કરી સળગાવવા નહિ.

આ હુકમ નીચેની વ્યકિતને લાગુ પડશે નહિ :—

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતઓને કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય, અથવા આવું કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ અથવા તેને અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીને જે શારીરિક અશકિતને કારણે લાકડી, અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી શકાય તે વ્યકિતને.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચે આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતને.

અનુસૂચિ

"ભરૂચ જિલ્લાનો સમગ્ર વિસ્તાર".

આ જાહેરનામાની કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

મેં આજરોજ તારીખ ૨૮મી ઓગષ્ટ, સને ૧૯૯૮ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો છે.

સી. એમ. ગામીત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ.

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમ) ની કલમ-૩૭ (૧) અને (૨) મુજબ.

નંબર પલસ/વશી-૪૦૪૪/૯૮.—ચાલુ વર્ષે ઓગષ્ટ ૧૯૯૮ મહીનામાં જન્માષ્ટમી તેમજ ગણેશ ચતુર્થી તહેવારની ઉજવણી થનાર હોવાથી સુરત જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવાની જરૂર છે. તેવું મને જણાય છે.

જે અર્થે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમ ની કલમ-૩૭ ની પેટા કલમ (૧) અને (૨) અન્વયે મળેલ અધિકારની રૂએ હું શ્રી વી. ડી. અંસારી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ સુરત આથી ફરમાવું છું કે નીચેના પરિશિષ્ટમાં જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૪મી ઓગસ્ટ ૧૯૯૮ થી તારીખ ૨૮મી ઓગસ્ટ ૧૯૯૮ (બંને દિવસો સુધ્ધા) કોઈપણ વ્યકિતએ.

(ક) શસ્ત્રો, દંડો, તલવાર, ધોકા, બંદૂક, છરા લાકડા કે લાઠી લાકડી શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવું બીજુ કોઈપણ સાધન સાથે લઈ જવું નહી.

(ખ) કોઈપણ ક્ષયધર્મી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં.

(ગ) પત્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓને ફેંકવામાં કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહી, એકઠા કરવા નહીં તથા તૈયાર કરવા નહીં.

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં.

(ચ) જેનાથી સુરૂચિનો અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી તેવા હાવભાવ કરવા નહીં તેવી ચેષ્ટા કરવી નહીં તેમજ તેવા ચિત્રો, પત્રિકા પ્લેકાર્ડો અથવા બીજી કોઇ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવી નહી અથવા તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈપણ વ્યકિત જેને ઉપરી અધિકારીએ આવું કોઈપણ પ્રકારનું હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું હથિયાર લઈ જવાની જેની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ કે જિલ્લા પોલીસ વડાએ તેમના અધિકૃત કરેલા અધિકારી કે કર્મચારી કે કોઇ પોલિસ અધિકારીએ જેને શારીરીક અશકિતને કારણે લાકડી લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિતઓ.

પરિશિષ્ટ

સુરત શહેરનો સમગ્ર વિસ્તાર
(પોલીસ કમિશનરશ્રી, વિસ્તાર સિવાય,

(૧) આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ થતો અથવા ઉલ્લંઘન થતો જણાશે તો તેવી વ્યકિતઓ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૨મી ઓગષ્ટ ૧૯૯૮ ના રોજ મારી સહી અને સિકકો કરી આપ્યો છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨ મો) કલમ--૩૭ (૩) અન્વયે કાઢેલ.

નંબર પલસ / વશી / ૪૦૪૫/૯૮.— સુરત રુરલ જિલ્લાના તાલુકામાં રાજકીય પક્ષો તરફથી આંદોલનો થવાની શકયતા હોવાથી કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરતનો હકુમત હેઠળના સુરત (રુરલ) જિલ્લામાં જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂ માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું વી. ડી. અંસારી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨ મા) ની કલમ-૩૭ ની પેટા કલમ ૪ થી મને મળેલ સત્તાની રુએ ફરમાવું છું કે સુરત (રુરલ) જિલ્લામાં તારીખ ૧૪મી ઓગસ્ટ, ૧૯૯૮ ના રોજ તારીખ ૨૮મી ઓગસ્ટ, ૧૯૯૮ ના રોજ ૨૪-૦૦ કલાક સુધી (બન્ને દિવસો સુધ્ધા) ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહી કે સરઘસ કાઢવું નહીં. તેમજ ચારથી વધુ વ્યકિતઓએ ભેગા થવું નહીં, અથવા સરઘસ કાઢવું નહીં.

INDEX

અપવાદ :

(૧) આ હુકમ લગ્નના વરઘોડા, સીનેમા, ટાઉનહોલ, સ્મશાન યાત્રા, કે એસ. ટી. બસમાં મુસાફરી કરવા માંગતા મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના માટે જતી બોનાફાઈડ વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૨) એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીની પરવાનગી મેળવીને ભરાતી સભાને લાગુ પડશે નહીં.

(૩) આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨ મો) ની કલમ-૧૩૫ (૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૨મી ઓગસ્ટ, ૧૯૯૮ના રોજ મારી સહી કરી સિક્કો કરી આપ્યો છે.

વી. ડી. અસારી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નંબર એસયુપી/ઉમક/વલ/વશી-૩૧૧૪-૪૦—૯૮.—ધી લાઇટ-ડીઝલ ઓઇલ (ફીકસેશન ઓફ સીલીંગ પ્રાઇસીસ) ઓર્ડર ૧૯૭૩ ની કંડીકા-૨ (બી) (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું, પંકજકુમાર આઇ. એ. એસ. કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, આથી વલસાડ જિલ્લાના લાઇટ ડીઝલ ઓઇલ/ફુડતેલના જથ્થાબંધ અને છુટક વિક્રેતાઓ માટેના હાલમાં કેન્દ્ર સરકારના નિર્ણય મુજબ કેરોસીનના જથ્થાબંધ વિક્રેતા (કંપની/એજન્ટ) ના કમીશનમાં સરકારશ્રીના તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૮ના પત્રમાં દર્શાવ્યા મુજબ વધારો થતા નવેસરથી ભાવો નકકી કરવાના થાય છે.

સરકારશ્રીના તારીખ ૧૯મી જાન્યુઆરી ૧૯૯૮ ના પત્રમાં દર્શાવ્યા મુજબ કેરોસીનમાં થયેલ ભાવ વધારાને ફુડતેલ ઓઇલના ભાવમાં અસર આપવાની થતી હોય, લાઇટ ડીઝલ ઓઇલ (ફુડતેલ) ના જથ્થાબંધ ભાવો પરિશિષ્ટ-અ અને છૂટક ભાવો પરિશિષ્ટ-બ મુજબ નીચેની શરતોને આધિન રહીને જથ્થાબંધ અને છૂટક વેચાણ આપવાના ગુરૂત્તમ ભાવો તારીખ ૧લી એપ્રિલ ૧૯૯૮ થી વહેલી સવારથી અમલમાં આવે તે રીતે ઠરાવું છું.

પરિશિષ્ટ-અ

પેટ્રોલીયમ કંપનીના અધિકૃત એજન્ટો/જથ્થાબંધ/છૂટક વિક્રેતાઓ/પેટા છૂટક વિક્રેતાઓ અને જથ્થાબંધ વાપરનારાઓને લાઇટ ડીઝલ ઓઇલ (ફુડતેલ) ના વાપી કોયલી ડેપોના ગુરૂત્તમ વેચાણ આપવાના જથ્થાબંધ ભાવો.

અનુ. નંબર	વિગત	એજન્ટના ધંધાના સ્થળેથી વાપી ડેપોમાંથી સપ્લાય સ્થળે ફુડતેલના લેવાના ગુરૂત્તમ ભાવો		એજન્ટના ધંધાના સ્થળેથી કોયલી ડેપોમાંથી સપ્લાય સ્થળે લેવામાં આવતાં ફુડતેલના ગુરૂત્તમ ભાવો	
		પારડી, વાપી, ધરમપુર	વલસાડ, ઉંમરગામ	વલસાડ, પારડી	ધરમપુર, વાપી, ઉંમરગામ
૧	૧000 (એક હજાર) લીટર એટલે કે ૧ કી. લી. જથ્થાબંધ ગુરૂત્તમ વેચાણ આપવાના ભાવો.	૭,૧૭૪,૯૨	૭,૧૭૪,૯૨	૭,૧૬૮,૪૧	૭,૧૯૮,૪૧
	૨૨00 લીટર એટલે કે એક બેરલના જથ્થાબંધ વેચાણ આપવાના ગુરૂત્તમ ભાવ.	૧,૪૩૪,૯૫	૧,૪૩૪,૯૫	૧,૪૩૩,૬૫	૧,૪૩૯,૬૫

(૩) આ ભાવો તારીખ ૧લી એપ્રિલ ૧૯૯૮ થી અમલમાં આવે છે જેથી અત્રેથી અગાઉ અત્રેની કચેરીના જાહેરનામાં નંબર એસયુપી/ઉમક/કડત/વલ/વશી-૧૯૦૧-૧૯૫૦/૯૬ તારીખ ૩જી જુન ૧૯૯૬ થી મુકરર કરેલ ભાવો રદ ગણાશે. પરંતુ આ અગાઉ નકકી થયેલા ભાવો અંગે જે કોઈ ગુન્હાઓ બનેલા હશે તેને આ જાહેરનામાથી કોઈ અસર થશે નહીં.

(૪) વાપી અને કોયલી ડેપોથી મળતાં એલ. ડી. ઓના જથ્થાનું વિતરણ જે તે ભાવે વેચાણ કરી અલગ હિસાબ રાખવાનો રહેશે.

(૫) ઉપરોકત નકકી કરેલ ભાવોથી વધુ ભાવો લેનાર સામે આવશ્યક ચીજ વસ્તુ ધારા-૧૯૫૫ અન્વયે કાયદાની કોર્ટમાં ધારાકિય જોગવાઈઓ અનુસાર ફોજદારી રાહે પગલાં લેવામાં આવશે.

વલસાડ, તારીખ ૨૪મી ઓગસ્ટ ૧૯૯૮.

પંકજકુમાર,
કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

INDEX

કલેકટર દ્વારા

જાહેરનામું.

નંબર એમઈડી/કોલેરા/વશી/૩૨૧૭ થી ૨૮/૧૯૯૮.—ડભોઈ તાલુકાના ડભોઈ ગામે કોલેરાગ્રસ્ત વિસ્તાર અને તેની આજુબાજુના ૮ કી.મી. ના વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયત વડોદરાના પત્રાંક/ઈએમઓ/કોલેરા/જાહેરનામું/૧૭૬૦/૯૮, તારીખ ૨૪મી ઓગસ્ટ ૧૯૯૮ થી અત્રે નિવેદન કરેલ છે.

કોલેરા રેગ્યુલેશન તારીખ ૨૬મી મે ૧૯૫૬ ના મુંબઈ સરકારશ્રીના એકસ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટ ભાગ-૪માં પ્રસિધ્ધ થયેલ છે, તેના રેગ્યુલેશન ૨, ૩ અને ૪ અન્વયે મળેલ સત્તાની રૂએ ડભોઈ તાલુકાના ડભોઈ ગામને કોલેરા ગ્રસ્ત વિસ્તાર અને તેની આજુબાજુના ૮ કી. મી. ના વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે આથી જાહેર કરવામાં આવે છે.

મામલતદારશ્રી ડભોઈને કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે નિમવામાં આવે છે તેમણે કોલેરા રેગ્યુલેશન મુજબની તમામ ફરજો બજાવવી.

વડોદરા, તારીખ ૨૪મી ઓગસ્ટ ૧૯૯૮.

એ. જી. મુકીમ,
કલેકટર, વડોદરા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G-BA 14—E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] THURSDAY, SEPTEMBER 24, 1998 / ASVINA 2, 1920 [No. 39

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part-I, Part I-A, Part I-B and Part I-L

Part	Contents	Pages
Part-I	Government Notification, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders other than those published in Part I A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	362-373
Part I-A	Orders and Notifications, (other than those published in Part IV-B) under the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette.	39
Part I-B	Government Notifications published under Land Acquisition Act only.	769
Part I-L	Notifications, Orders and Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.	2087-2142

MISCELLANEOUS, NOTIFICATIONS AND APPOINTMENTS, ETC.

BY DISTRICT JUDGE

Notification

No. B/7/1/852/1998.—The following Assistants serving in the District Court, and Subordinate courts in the Judicial District of Sabarkantha who have appeared in the Higher and Lower Standard Departmental Examination held on 6th and 7th ,July'1998 are declared successful.

I

Higher Standard Examination

Nil

II

Lower Standard Examination

1. Mr. J. J. Bhati. Assistant, Civil Judge (S. D.) Himatnagar.
2. Mrs. H. R. Champavat, Assistant, 4th Extra Assistant Judge and Additional .,Sessions Judge, Himatnagar.
3. Mr. N. U. Pathan, Assistant, Civil Judge (J.D.) and J.M.F.C., Modasa.!
4. Mr. S. V. Kotwal, Assistant ,Joint Civil Judge (J.D.) and J.M.F.C., Himatnagar.
5. Miss. K. N. Pandor, Assistant ,Civil Judge (J.D.) and J.M.F.C., Modasa.
6. Mr. C. B. Kalab, Assistant, District Court, Legal Aid, Himatnagar.
7. Mr. B. B. Purohit, Assistant ,District Court, Himatnagar.

Out of the candidates, who had appeared in the Departmental Examination held on 6th and 7th July 1998, the following candidates have failed but have obtained exemption in the papers shown against their names as under :

Higher Standard Examination

Sr No.	Name	Paper in which exemption is earned.
1.	2	3
1.	Mr. M. V. Lodha	Paper-II
2.	Mr. M. C. Soni	Paper-II
3.	Mr. M. D. Chauhan	Paper-II
4.	Mr. R. T. Trivedi	Paper-II
5.	Mr. V. V. Ninama	Paper-II
6.	Mr. C. P. Barot	Paper-II

Sabarkantha at Himatnagar, 1st September 1998.

M. B. MASARIA,
District Judge,
Sabarkantha, Himatnagar.

જિલ્લા ન્યાયાધીશ દ્વારા

જાહેરનામું

જા. નંબર બી/૭/૧/૮૫૨/સને૧૯૯૮,—સાબરકાંઠા જિલ્લામાં તારીખ ૬ઠ્ઠી અને ૭મી જુલાઈ સને ૧૯૯૮ ના રોજ લેવાયેલી ન્યાય ખાતાની ખાતાકીય ઉચ્ચ અને નિમ્ન શ્રેણી પરીક્ષામાં બેસેલ ઉમેદવારો પૈકી નીચે જણાવેલ ઉમેદવારો ઉકત પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ જાહેર કરવામાં આવે છે.

ઉચ્ચ શ્રેણીની પરીક્ષા : કોઈ નહી.

નિમ્ન શ્રેણી પરીક્ષા :

૧ શ્રી જે. જે. ભાટી, આસીસ્ટન્ટ, સીવીલ જજ (સી. ડી.) કોર્ટ, હિમતનગર.
૨ શ્રીમતી એચ. આર. ચંપાવત, આસીસ્ટન્ટ, ચોથા એક્સ્ટ્રા, આસીસ્ટન્ટ કોર્ટ, હિમતનગર.
૩ શ્રી એન. યુ. પઠાણ, આસીસ્ટન્ટ, સીવીલ જજ, (જુ. ડી.) અને જયુડી. મેજિ. ફ. ક. કોર્ટ, મોડાસા.
૪ શ્રી એસ. વી. કોટવાલ, આસીસ્ટન્ટ, જોઈન્ટ સીવીલ જજ, (જુ. ડી.) અને જયુડી. મેજિ. ફ. ક. કોર્ટ, હિંમતનગર.
૫ કુમારી, કે. એન. પોંડોર, આસીસ્ટન્ટ, સીવીલ જજ (જુ. ડી.) અને જયુડી. મેજી. ફ. ક. કોર્ટ, મોડાસા.
૬ શ્રી સી. બી. કળબ, આસીસ્ટન્ટ, ડીસ્ટ્રીક્ટ કોર્ટ, લીગલ એઈડ, હિમતનગર.
૭ શ્રી બી. બી. પુરોહીત, આસીસ્ટન્ટ, ડીસ્ટ્રીક્ટ, કોર્ટ, હિમતનગર

ઉપરોકત નામો ગુણવત્તાના ક્રમમાં ગોઠવેલા છે.

INDEX

ખાતાકીય ઉચ્ચ શ્રેણીની પરીક્ષામાં જે ઉમેદવારો બેસેલ તે પૈકી અનઉત્તીર્ણ થયેલ નીચે જણાવેલ ઉમેદવારને તેમના નામ સામે જણાવેલ પેપરમાં ફરીને બેસવામાંથી મુકિત મળેલ છે.

ઉચ્ચ શ્રેણીની પરીક્ષા

૧	શ્રી એમ. વી. લોઢા, આસીસ્ટન્ટ,	પેપર સેકન્ડ.
૨	શ્રી એમ. સી. સોની, આસીસ્ટન્ટ	પેપર સેકન્ડ
૩	શ્રી એમ. ડી. ચૌહાણ, આસીસ્ટન્ટ	પેપર સેકન્ડ.
૪	શ્રી આર. ટી. ત્રીવેદી, આસીસ્ટન્ટ	પેપર સેકન્ડ
૫	શ્રી વી. વી. નીનામા, આસીસ્ટન્ટ	પેપર સેકન્ડ.
૬	શ્રી સી. પી. બારોટ, આસીસ્ટન્ટ	પેપર સેકન્ડ.

હિંમતનગર, તારીખ ૨જી સપ્ટેમ્બર ૧૯૯૮.

એમ. બી. મસરીઆ,
જિલ્લા ન્યાયાધિશ,
સાબરકાંઠા, હિમતનગર

Notification

No. B. 69/1321 of 1998.—The following employees, working in the District Court, Surat and its subordinate Courts in Surat District, who appeared in the Departmental Examination held in 1998 are declared to have passed the Examinations. Their names are arranged in order of merits.

Higher Standard Departmental Examiaations :

1	Smt. Gandhi D. J.	Assistant	District Court, Surat.
2	Kum. Mecwan S. P.	,,	Civil Court, Surat.
3	Mr. Malek J. H.	,,	Civil Court, Olpad.
4	Mr. Painter B. A.	,,	Chief Judicial Magistrate, Surat.

Lower Standard Departmental Examinations :

1	Miss Sarang H. H.	Assistant	Civil Court, Surat.
2	Mr. Jariwala P. R.	,,	J. M. F. C., (Rlys.) Surat.
3	Mr. Patel J. N.	,,	District Court, Surat.
4	Mr. Patel D. G.	,,	Civil Court, Surat.
5	Mr. Tikiwala R. J.	,,	District Court, Surat.
6	Mr. Modi D. P.	,,	District Court, Surat.
7	Mr. Sayania R. B.	,,	Civil Court, Kathor.
8	Mr. Patel B. G.	,,	District Court, Surat.

The following employees who appeared in the Departmental Examination and have failed, are entitled to exemption from appearing in paper / papers mentioned against their names.

Higher standard Departmental Examiaations :

				paper No.
1	Mr. Bhagwagar J. P.	Assistant	Civil Court, Surat.	I & II
2	Smt. Kapadia A. N.	,,	Civil Court. Surat.	I
3	Mr. Mehta H. M.	,,	District Court, Surat.	I
4	Mr. Solanki B. M.	,,	District Court, Surat.	I & II

Lower Standard Departmental Examinations :

				Paper No.
1	Mr. Garasia B. N.	Assistant	Civil Court, Surat.	III & IV (Type Test)
2	Miss. Halpati B. C.	,,	J.M.F.C., (Rlys) Surat.	III & IV (Type Test)
3	Smt. Patel Y. R.	,,	Civil Court, Surat.	II & III

Surat, 1st September 1998.

A. A. KURESHI,
District Judge, Surat.

INDEX

જાહેરનામું.

સિવિલ મેન્યુઅલ ચેપ્ટર ૨૮ ના રૂલ ૫૬૯ (૮) મુજબ.

જા. નંબર બી/૬૯/૧૩૨૧ સને ૧૯૯૮:—સુરત જિલ્લાની જિલ્લા અદાલત અને તાબાની અદાલતોમાં કામ કરતાં નીચે જણાવેલા કર્મચારીઓ સને ૧૯૯૮માં લેવાયેલ ખાતાકીય પરીક્ષામાં ઉત્તીર્ણ થયા છે. તેમનાં નામો ગુણવત્તાના ધોરણે ગોઠવવામાં આવ્યા છે.

ઉચ્ચ શ્રેણીની ખાતાકીય પરીક્ષા

૧	શ્રીમતી ગાંધી ડી. જે.	આસીસ્ટન્ટ	ડીસ્ટ્રીકટ કોર્ટ, સુરત.
૨	કુ મેકવાન એસ. પી.	આસીસ્ટન્ટ	સીવીલ કોર્ટ, સુરત.
૩	શ્રી મલેક જે. એચ.	આસીસ્ટન્ટ	સીવીલ કોર્ટ, ઓલપાડ
૪	શ્રી પેઈન્ટર બી. એ.	આસીસ્ટન્ટ	ચીફ જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ, સુરત.

નિમ્ન શ્રેણીની ખાતાકીય પરીક્ષા

૧	કું. સારગ એચ. એચ.	આસીસ્ટન્ટ	સીવીલ જજ, કોર્ટ, સુરત.
૨	શ્રી જરીવાલા પી. આર.	આસીસ્ટન્ટ	જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ, ફ. ક., (રેલ્વે) સુરત.
૩	શ્રી પટેલ જે. એન.	આસીસ્ટન્ટ	ડીસ્ટ્રીકટ કોર્ટ, સુરત.
૪	શ્રી પટેલ ડી. જી.	આસીસ્ટન્ટ	સીવીલ કોર્ટ, સુરત.
૫	શ્રી ટીકીવાલા આર. જે.	આસીસ્ટન્ટ	ડીસ્ટ્રીકટ કોર્ટ, સુરત.
૬	શ્રી મોદી ડી. પી.	આસીસ્ટન્ટ	ડીસ્ટ્રીકટ કોર્ટ, સુરત.
૭	શ્રી સાયણીયા આર. બી.	આસીસ્ટન્ટ	સીવીલ કોર્ટ, કઠોર.
૮	શ્રી પટેલ બી. જી.	આસીસ્ટન્ટ	ડીસ્ટ્રીકટ કોર્ટ, સુરત.

નીચે જણાવેલા કર્મચારીઓ જે ખાતાકીય પરીક્ષામાં બેઠા હતા અને અનુત્તીર્ણ થયા છે, તેઓ તેમના નામની સામે જણાવેલ પેપરની પરીક્ષા આપવામાંથી મુકિતને પાત્ર છે.

ઉચ્ચ શ્રેણીની ખાતાકીય પરીક્ષા

				પેપર નંબર
૧	શ્રી ભગવાગર જે. પી.	આસીસ્ટન્ટ	સીવીલ કોર્ટ, સુરત.	૧ અને ૨
૨	શ્રીમતી કાપડીયા એ. એન.	આસીસ્ટન્ટ	સીવીલ કોર્ટ, સુરત	૧
૩	શ્રી મહેતા એચ. એમ.	આસીસ્ટન્ટ	ડીસ્ટ્રીકટ કોર્ટ, સુરત.	૧
૪	શ્રી સોલંકી બી. એમ.	આસીસ્ટન્ટ	ડીસ્ટ્રીકટ કોર્ટ, સુરત.	૧ અને ૨

નિમ્ન શ્રેણીની ખાતાકીય પરીક્ષા.

				પેપર નંબર
૧	શ્રી ગરાસીયા બી. એન.	આસીસ્ટન્ટ	સીવીલ કોર્ટ. સુરત.	૩ અને ૪ (ટાઈપ ટેસ્ટ)
૨	કુ. હળપતિ બી. સી.	આસીસ્ટન્ટ	જે. એમ. એફ. સી રેલ્વે, સુરત	૩ અને ૪ ટાઈપ ટેસ્ટ
૩	શ્રીમતી પટેલ. વાય. આર	આસીસ્ટન્ટ	સીવીલ કોર્ટ, સુરત	૨ અને ૩

સુરત, તારીખ ૧લી સપ્ટેમ્બર ૧૯૯૮.

એ. એ. કુરેશી,

ડીસ્ટ્રીકટ જજ,
સુરત.

BY COMPETENT AUTHORITY AND DEPUTY COLLECTOR

Notification

THE URBAN LAND (CEILING AND REGULATION) ACT, 1976.

[Under section 10(*1*) *read* with rule 6].

No. ULC/1076-1115/D No. 6803/8139/98—It is hereby notified that such vacant land as is described in the schedule below is to be acquired by the .Government of Gujarat. The claims of all persons interested in such vacant land may be made by them personally or by their agents giving particulars of the nature of their interest. The claims will be received by the Competent Authority upto thirty days after the date of publication of this notification in the *Gazette*.

INDEX

SCHEDULE

Name of the holder : Shri Pravinchandra Hiralal Shah's powers of At. Shri Kaushikbhai R. Parikh.

Details of vacant lands to be acquired :—

District	Taluka	Village	Description of the land Sr. No.	Area Sq. mtr .	Remark
Vadodara	Vadodara	Bapod	14+71 F.P.No.43.	4838 Sq. mtrs.	

Vadodara 15th September 1998.

B. C. CHUDASAMA,
Competent Authority
and Deputy Collector, U.L.C.
Vadodara, Unit No. 3.

સક્ષમ અધિકારી અને નાયબ કલેકટર દ્વારા

જાહેરનામું

શહેરી જમીન (ટોચ-મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬.

[કલમ ૧૦ (૧) તથા નિયમ ૬ અનુસાર].

નંબર યુ.એલ.સી./૧૦૭૬/૧૧૧૫ ડી. નં. /૬૮૦૩/૧૩૯ /બાપોદ.—આથી જાહેર કરવામાં. આવે છે કે આ સાથે સામેલ રાખેલ પરિશિષ્ટમાં જણાવેલી વિગતવાળી ખુલ્લી જમીન ગુજરાત સરકાર સંપાદન કરનાર છે. સદરહુ જમીન ઉપર જે કોઈ ઈસમનો હક્ક દાવો હશે. તેઓએ જાતે અગર અધિકૃત એજન્ટ મારફતે તેઓએ હક્ક અંગેનો હક્ક સંબંધીની સંપૂર્ણ વિગત સહ રજુ કરશો.

હક્ક સંબંધીનો દાવો સક્ષમ અધિકારીશ્રી સદરહુ જાહેરનામું સરકારી રાજયપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની મુદત સુધીમાં સ્વીકારશે.

શિડયુઅલ

પત્રક ફાઈલ કરનારનું નામ: શ્રી પ્રવિણચંદ્ર હીરાલાલ શાહના કુ. મુ. શ્રી કૌશિકભાઈ આર. પરીખ ૧૧૦, રે. ચાણકય કોમ્પલેક્ષ આવકાર હોલની બાજુનૌ વડોદરા.

સંપાદન કરવાની ખુલ્લી જમીનની વિગત :—

જિલ્લો	તાલુકો	ગામ	જમીનની વિગત સ. નં.	વિસ્તાર ચો.મી.	શેરો
૧	૨	૩	૪-અ	૪-બ	૫
વડોદરા	વડોદરા	બાપોદ	સ. નં. ૧૪+૭૧ એફ. પી. નં. ૪૩	૪.૮૩૮ ચો. મી.	

વડોદરા, તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૯૮.

બી. સી. ચુડાસમા,
સક્ષમ અધિકારી અને નાયબ કલેકટર
(જ. ટો. મ.) વડોદરા, યુનિટ નં. ૩.

Notification

THE URBAN LAND (CEILING AND REGULATION) ACT, 1976.

[Section 10 (*1*) *read* with Rule-6].

No. ULC-6(i) Case No /1/91/Anjana/Unit-4.—Whereas draft statement dated 17th uly 1995 was served on Smt puspaben w/o. chimanbhai Nathabhai Dhamwalaunder sub-section 3 of section 8 of the Urban Land (Celling and Regulation) Act, 1976 in Form-III appended to rule 5 of the Urban Land (Ceiling and Regulation) Rules, 1976, in respect of the vacant land held by him with a notice inviting the objection to the draft statement and whereas the objections to the draft statement were received from him and after hearing the party and considering the objections, a final statement dated 6th August 199 2 under section 9 was served on him in the manner referred to in the said sub-section 3 of section-8.

INDEX

Now, therefore, in exercise of the powers conferred on me under sub-section (*1*) of section 10 of the said Act I/he hereby notify that :—

(i) The vacant land as specified in the schedule appended herewith is to be acuquired by the Government of Gujarat; and

(ii) All the persons interested in the vacant lands specified in the schedule may file their claims in respect of the said lands, personally or through their agents giving particulars of the nature of their interest in said lands before the undersigned within 30 days from the date of publication of this notification in the Gujarat Government Gazette.

SCHEDULE

Details of the vacant land held by the person in excess of the ceiling limit.

Sr. No.	Name of the holder	Village	Taluka	Details of the lands		Remarks
				Survey No. Final Plot No.	Area in (Sq. mtrs.)	
1	2	3	4	5-a	5-b	6
(1)	Pushpaben W/ofChimanbhai Nathubhai Dhanawala.	Anjana	Chorasi	56/Paiki 55/1+2 T.P.S.No. 7 F.P.No. 96 F.P.No. 122	 4155 54 8947 40 ——— 13102 94	

Surat, 17th August 1998.

જાહેરનામું

શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬,

[કલમ-૧૦ (૧) તથા નિયમ ૬ અનસાર]

નંબર ય.એલ.સી/૬/(૧ કેસ નં. ૧/૦૯૧/આંજણા/યુનિટ-૪.—જે અર્થે પુષ્પાબેન તે ચીમનભાઈ નાથાભાઈ ધાણાવાલાની વિધવા એ ધારણ કરેલ ખુલ્લી જમીન સંબંધમાં શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ ૧૯૭૬ની કલમ-૮ (૩) મુજબ શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) બાબતના નિયમો ૧૯૭૬માં નિયમ-૫ હેઠળ નિયત કરેલ નમૂના નં. ૩ પ્રમાણેનું તારીખ ૧૭મી જુલાઈ ૧૯૯૫ નું મુસદ્દા પત્ર વાંધા રજુ કરવાની નોટીસ સહીત તેઓને બજાવવામાં આવેલ અને તે સામે તેઓ તરફથી વાંધા રજુ કરવામાં આવેલ હતા અને સદરહુ વાંધાઓ અંગે રૂબરૂ સુનાવણી આપ્યા બાદ તથા તે વિચારણામાં લીધા બાદ કલમ-૯ હેઠળ તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ ૧૯૯૮નું આખરી પત્રક કલમ-૮ (૩) માં ઠરાવ્યા અનુંસાર બજાવવામાં આવેલ છે.

વાસ્તે ઉપરોકત ધારાની કલમ-૧૦ (૧) અન્વયે મળેલ અધિકારની રૂએ, હું આથી જાહેર કરૂ છું કે (૧) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીન ગુજરાત રાજ્ય સરકાર સંપાદન કરનાર છે' અને (૨) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીનમાં હિત ધરાવતા ઈસમો તેમના હકક દાવા જાતે અગર તેમના પ્રતિનિધિ મારફત જમીનમાંના તેમના હિતના પ્રકાર અને વિગતો સાથે નીચે સહી કરનાર સમક્ષ આ જાહેરનામું ગુજરાત સરકારના રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૧૦માં કરી શકશે.

પરિશિષ્ટ

અનુ. નંબર	જમીન ધારકનું નામ	ગામ	તાલુકો	સર્વે નંબર/ફાઈલ પ્લોટ નંબર	જમીનની વિગત ક્ષેત્રફળ ચોરસ મીટરમાં	શેરો
૧	૨	૩	૪	૫-અ	૫-બ	૬
૧	પુષ્પાબેન તે ચીમનભાઈ નાથુભાઈ ધાણાવાલાની વિધવા	આંજણા	ચોર્યાસી	૫૬/પૈકી તથા ૫૫/૧+૨ ટી. પી. નં. ૭ ફા. પ્લોટ નં. ૯૬ ફા. પ્લોટ નં. ૧૨૧	 ચો.મી. ૪૧૫૫-૫૪ ૮૯૪૭-૪૦	
				કુલ	૧૩૧૦૨-૯૪	

સુરત, તારીખ ૧૭મી ઓગસ્ટ ૧૯૯૮.

—

INDEX

Notification

THE URBAN LAND (CEILING AND REGULATION) ACT, 1976.

[Section 10 (*1*) *read* with Rule-6]

No. ULC 6 (i) Case No. 1/103/Anjana/Unit-4.—Whereas draft statement dated 17th July 1995 was served on Mahalaxmiben W/o. Babubhai Nathubhai Dhanawala under sub-section 3 of section 8 of the Urban Land (Ceiling and Regulation) Act 1976., in Form III appended to rule 5 of the Urban Land (Ceiling and Regulation) Rules, 1976 in respect of the vacant land held by her with a notice inviting the objection to the draft statement and whereas the objections to the draft statement were received from her and after hearing the party and considering the objections, a final statement dated 6th August 1998 under section 9 was served on her in the manner referred to in the said sub-section 3 of section-8.

Now, therefore, in exercise of the power conferred on me under sub-section (1) of section 10 of the said Act, I hereby notify that :—

(i) The vacant land as specified in the schedule appended herewith is to be acquired by the Government of Gujarat ; and

(iii) All the persons interested in the cvacant land, specified in the Schedule may file their claims in respect of the said land, personally or through their agents giving particulars of the nature of their interest in said land before the undersigned within 30 days from the date of publication of this notification in the *Gujarat Government Gazette.*

SCHEDULE

Details of the vacant land held by the person in excess of the ceiling limit.

Sr. No.	Name of the holder	Village	Taluka	Survey No./ Final Plot No.	Details of land Area in Sq. Mts.	Remarks
1	2	3	4	5-a	5 b	6
(1)	Mahalaxmiben W/o Babubhai Nathubhai Dhanawala	Anjana	Chorasi	56 Paiki 55/ 1+2 T.P.No. 7		
				F.P.No. 95	100 58	
				F.P.No. 122	10462 39	
					10562 97	

Surat, 17th August 1998.

જાહેરનામું

શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬.

[કલમ-૧૦(૧) તથા નિયમ-૬ અનુસાર.]

નંબર યુ.એલ.સી./૬ (૧) કેસ નં. ૧/૧૦૩ આંજણા/યુનિટ/૪.—જે અર્થે મહાલક્ષ્મીબેન તે બાબુભાઇ નાથુભાઇ ધાણાવાલાની વિધવા એ ધારણ કરેલ ખુલ્લી જમીન સંબંધમાં શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) અધિનિયમ ૧૯૭૬ ની કલમ-૮ (૩) મુજબ શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) બાબતના નિયમો ૧૯૭૬નાં નિયમ-૫ હેઠળ નિયત કરેલ નમૂનાં નં. ૩ પ્રમાણેનું તારીખ ૧૭મી જુલાઇ ૧૯૯૫ નું મુસદ્દાપત્ર વાંધારજુ કરવાની નોટીસ સહીત તેઓને બજાવવામાં આવેલ અને તે સામે તેઓ તરફથી વાંધા રજુ કરવામાં આવેલ હતા અને સદરહુ વાંધાઓ અંગે રૂબરૂ સુનાવણી આપ્યા બાદ તથા તે વિચારણામાં લીધા બાદ કલમ-૯ હેઠળ તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ ૧૯૯૮ નું આખરી પત્રક કલમ-૮ (૩) માં ઠરાવ્યા અનુસાર બજાવવામાં આવેલ છે.

વાસ્તે, ઉપરોકત ધારાની કલમ-૧૦ (૧) અન્વયે મળેલ અધિકાર રૂએ, હું, આથી જાહેર કરૂં છું કે (૧) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીન ગુજરાત રાજ્ય સરકાર સંપાદન કરનાર, છે અને (૨) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીનમાં હિત ધરાવતા ઈસમો તેમના હકક, દાવા જાતે અગર તેમના પ્રતિનિધિ મારફત જમીનમાંના તેમના હિતના પ્રકાર અને વિગતો સાથે નીચે સહી કરનાર સમક્ષ આ જાહેરનામું ગુજરાત સરકારના રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૩૦માં કરી શકશે.

INDEX

પરિશિષ્ટ

અનુ. નંબર	જમીન ધારકનું નામ	ગામ	તાલુકો	સર્વે નંબર/ ફાઇનલ પ્લોટ નંબર	જમીનની વિગત ક્ષેત્રફળ ચોરસ મીટરમાં.	શેરો
૧	૨	૩	૪	૫-અ	૫-બ	૬
૧	મહાલક્ષ્મીબેન તે બાબુભાઈ નાથુભાઈ ધાણાવાલાની વિધવા	આંજણા	ચોર્યાસી	૫૬/પૈકી તથા ૫૫/૧+૨ટી. પી. સ્કીમ નં. ૭		
				ફા. પ્લોટ નં. ૯૫	૧૦૦-૫૮	
				ફા. પ્લોટ નં. ૧૨૨	૧૦૪૬૨-૩૯	
				કુલ	૧૦૫૬૨-૯૭	

સુરત, તારીખ ૧૭મી ઓગસ્ટ ૧૯૯૮.

Notfication

THE URBAN LAND (CEILING AND REGULATION) ACT, 1976.

[Section 10 (*1*) *read* with Rule-6]

No. ULC 6 (i) / Case No. 2/ 82 /Anjana/Unit-4.—Whereas draft statement dated 17th July 1995 was served on Shri Jayantibhai Nathubhai Dhanawala under sub-section 3 of Section 8 of the Urban Land (Ceiling and Regulation) Act., 1976, In Form III appended to rule 5 of the Urban Land (Ceiling and Regulation) Rules, 1976, in respect of the vacant land held by him with a notice inviting the objection to the draft statement and whereas the objections to the draft statement were received from him and after hearing the party and considering the objections, a final statement dated 6th August 1998 under section 9 was serve on him in the manner referred to in the said sub-section 3 of section-8.

Now, therefore, in exercise of the power conferred on me under sub-section (1) of section 10 of the said Act, 1 hereby notify that.—

(i) The vacant land as specified in the Schedule appended herewith is to be acquired by the Government of Gujarat ; and

(ii) All the persons interested in the vacant land, specified in the Scheduled may file their claim in respect of the said land, personally or through their agents giving particulars of the naturs of their interest in said land before the undersgined within 30 days from the date of publication of this notification in the Gujarat Government Gazette.

SCHEDULE

Details of the vacant land held by the person in execess of the ceiling limit.

Sr. No.	Name of the holder	Village	Taluka	Survey No./ Final Plot No.	Details of land Area in Sq. Mts.	Remarks
1	2	3	4	5(a)	5(b)	6
(1)	Shri Jayantibhai Nathubhai Dhanawala	Anjana	Chorasi	56/Paiki 55/1+2 P.T.P.S. No. 7		
				F.P.No. 97	3524 89	
				F.P.No. 120	8727 74	
					12252 63	

Surat, 17th August 1998.

C. J. PATEL
Competent Authority and Deputy Collector,
Urban Land Ceiling, Surat.

INDEX

જાહેરનામું

શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬.
[કલમ-૧૦ (૧) તથા નિયમ-૬ અનુસાર].

નંબર યુ.એલ.સી./૬(૧) કેસ નં. ૨/૮૨/આંજણા યુનિટ-૪.—જે અર્થે શ્રી જયંતિભાઇ નાથુભાઇ ધાણાવાલા એ ધારણ કરેલ ખુલ્લી જમીન સંબંધમાં શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૮ (૩) મુજબ શહેરી જમીન ટોચમર્યાદા અને નિયમન) બાબતના નિયમો, ૧૯૭૬ ના નિયમ-૫ હેઠળ નિયત કરેલ નમૂના નં. ૩ પ્રમાણેનું તારીખ ૧૭મી જુલાઇ ૧૯૯૫ નું મુસદ્દા પત્ર વાંધા રજુ કરવાની નોટીસ સહીત તેઓને બજાવવામાં આવેલ અને તે સામે તેઓ તરફથી વાંધા રજુ કરવામાં આવેલ હતા અને સદરહું વાંધાઓ અંગે રૂબરૂ સુનાવણી આપ્યા બાદ તથા તે વિચારમાં લીધા બાદ કલમ-૯ હેઠળ તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ ૧૯૯૮નું આખરી પત્રક કલમ-૮ (૩) માં ઠરાવ્યા અનુસાર બજાવવામાં આવેલ છે.

વાસ્તે, ઉપરોકત ધારાની કલમ ૧૦ (૧) અન્વયે મળેલ અધિકાર રૂએ, હું આથી જાહેર કરૂ છું કે (૧) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીન ગુજરાત રાજ્ય સરકાર સંપાદન કરનાર છે, અને (૨) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીનમાં હિત ધરાવતા ઈસમો તેમના હકક, દાવા જાતે અગર તેમના પ્રતિનિધિ મારફત જમીનમાંના તેમના હિતના પ્રકાર અને વિગતો સાથે નીચે સહી કરનાર સમક્ષ આ જાહેરનામું ગુજરાત સરકારના રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૩૦ માં કરી શકાશે.

પરિશિષ્ટ

અનુ. નંબર	જમીન ધારકનું નામ	ગામ	તાલુકો	સર્વે નંબર/ ફાઇનલ પ્લોટ નંબર	જમીનની વિગત ક્ષેત્રફળ ચો. મી.	શેરો
૧	૨	૩	૪	૫-અ	૫-બ	૬
૧	શ્રી જયંતિભાઇ નાથુભાઇ ધાણાવાલા	આંજણા	ચોર્યાસી	૫૬/પૈકી તથા ૫૫/૧+૨ ટી. પી. સ્કીમ નં. ૭		
				ફા. પ્લોટ નં. ૯૭	૩૫૨૪-૮૯	
				ફા. પ્લોટ નં. ૧૨૦	૮૭૨૭-૭૪	
				કુલ	૧૨૨૫૨-૬૩	

સુરત, તારીખ ૧૭મી ઓગસ્ટ, ૧૯૯૮.

સી. જે. પટેલ,
સક્ષમ અધિકારી અને નાયબ કલેકટર,
શહેરી જમીન ટોચ મર્યાદા, સુરત.

Notification

THE URBAN LAND (CEILING AND REGULATION) ACT, 1976.
[Under Section *10(1)* R*e* *d* with Rule *(6)*]

No. ULC—6 (i) 1/1115/Nanavarachha/Unit-5.—Whereas draft statement dated 1st February 1993 was servedon Shri Hasmukhbhai Chhotubhai Patel under sub-section 3 of section 8 of the Urban Land (Ceiling and Regulation) Act, 1976 in Form III appended to rule 5 of the Urban Land (Ceiling and Regulation) Rules, 1976 in respect of the vacant land held by him with a notice inviting the objection to the draft statement and whereas the objections to the draft statement were received from him and after hearing the party and considering the objections, a final statement dated 10th August 1998 under section 9 was served on him in the manner referred to in the said sub-section 3 of section 8.

Now, therefore, in exercise of the power conferred on me under sub-section (1) of section 10 of the said Act I hereby notify that :—

(i) The vacant land as specified in the Schedule appended herewith is to be acquired by the Government of Gujarat; and

(ii) All the persons interested in the vacant land, specified in the schedule may file their claims in respect of the said land, personally or through their agents giving particulars of the nature of their interest in said land before the undersigned within 30 days from the date of publication of this notification in the *Gujarat Government Gazette*.

INDEX

SCHEDULE

Details of the vacant land held by the person in excess of the ceiling limit:—

Sr. No.	Name of the holder	Village	Taluka	Details of land: Survey No. Final Plot No.	Details of land: Area in (Sq. Mts.)	Remarks
1	2	3	4	5 (a)	5 (b)	6
1.	Hasmukhbhai Chhotubhai Patel	Nana Varachha	Chorasi	37/3	4045-66	

Surat, 24th August 1998.

જાહેરનામું

શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૩.

[કલમ-૧૦(૧) તથા નિયમ-૬ અનુસાર]

નંબર યુ. એલ. સી. / ૬ (૧) ૧/૧૧૧૫/નાનાવરાછા/યુનિટ-૫.— જે અર્થે, શ્રી હસમુખભાઈ છોટુભાઈ પટેલએ ધારણ કરેલ ખુલ્લી જમીન સંબંધમાં શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ ની કલમ-૮ (૩) મુજબ શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) બાબતના નિયમો, ૧૯૭૬ નાં નિયમ-૫ હેઠળ નિયત કરેલ નમૂના નં. ૩ પ્રમાણેનું તારીખ ૧લી ફેબ્રુઆરી ૧૯૯૩ નું મુસદ્દા પત્ર વાંધા રજૂ કરવાની નોટીસ સહીત તેઓને બજાવવામાં આવેલ અને તે સામે તેઓ તરફથી વાંધા રજુ કરવામાં આવેલ હતા અને સદરહું વાધાઓ અંગે રૂબરૂ સુનાવણી આપ્યા બાદ તથા તે વિચારણામાં લીધા બાદ કલમ--૯ હેઠળ તારીખ ૧૦મી ઓગસ્ટ, ૧૯૯૮ નું આખરી પત્રક કલમ-૮ (૩) માં ઠરાવ્યા અનુસાર બજાવવામાં આવેલ છે.

વાસ્તે, ઉપરોકત ધારાની કલમ-૧૦(૧) અન્વયે મળેલ અધિકાર રૂએ, હું આથી જાહેર કરું છું કે (૧) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીન ગુજરાત રાજય સરકાર સંપાદન કરનાર છે, અને (૨) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીનમાં હિત ધરાવતા ઈસમો તેમના હક્ક, દાવા જાતે અગર તેમના પ્રતિનિધિ મારફત જમીનમાંના તેમના હિતના પ્રકાર અને વિગતો સાથે નીચે સહી કરનાર સમક્ષ આ જાહેરનામું ગુજરાત સરકારના રાજયપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી દિન--૩૦ માં કરી શકશે.

પરિશિષ્ટ

અનુ. નંબર	જમીન ધારકનું નામ	ગામ	તાલુકો	સર્વે નંબર / ફાઈનલ પ્લોટ નંબર	જમીનની વિગત ક્ષેત્રફળ ચોરસ મીટરમાં	શેરો
૧	૨	૩	૪	૫--અ	૫--બ	૬
૧	શ્રી હસમુખભાઈ છોટુભાઈ પટેલ	નાનાવરાછા	ચોર્યાસી	૩૭/૩	૪૦૪૫.૬૬	

સુરત, તારીખ ૨૪મી ઓગસ્ટ, ૧૯૯૮.

Notification

The Urban Land (Ceiling and Regulation) Act, 1976

[Section 10 (*1*) read with Rule-6]

No. ULC 6 (i) 1/1956,1/1726,/1/1795/Rander/U-5 Whereas draft statement dated 17th September 1982 was served on Shri Gulam Haider Gulamnabi Battiwala & others under sub-section 3 of Section-8 of the Urban Land (Ceiling and Regulation) Act, 1976. In Form III appended to rule 5 of the Urban Land (Ceiling and Regulation) Rules 1976. In respect of the vacant land held by him with a notice inviting the objection to the draft statement and whereas the objections to the draft statement were received from him and after hearing the party and considering the objections, a final statement dated 4th August 1998 under section 9 was served on him in the manner referred to in the said sub section 3 of Section-8.

INDEX

Now therefore, in exercise of the power conferred on me under sub-section(1)of section 10 of the said Act I hereby notify that.—

(i) The vacant land as specified in the Schedule appended herewith is to be acquired by the Government of Gujarat:: and

(ii) All the persons interested in the Vacant land specified in the Schedule may file their claims in respect of the said land, personally or through their agents giving particulars of the nature of their interest in said land before the undersigned within 30 days from the date of publication of this notification in the Gujarat Government Gazette.

SCHEDULE

Details of the vacant land held by the person in pexcess of the ceiling limit.

Sr No.	Name of the holder	Village	Taluka	Survey No. Final plot No.	Details of land Area in Sq. Mts.	Remarks
1	2	3	4	5(a)	5(b)	6
1	Shri Gulam Haidar Gulamnabi Battiwala and others	Rander	Chorasi	194+196 Paiki	11479.00	

Surat, 31st August 1998.

M. S. GOHIL,
Competent Authority and Deputy Collector,
Urban Land Ceiling, Surat.

INDEX

જાહેરનામું

શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬.

[કલમ ૧૦ (૧) તથા નિયમ—૬ અનુસાર].

નંબર યુ.એલ.સી. ૬(૧) ૧/૧૯૫૬,૧/૧૭૨૬,૧/૧૭૯૫/રાંદેર—યુનિટ-૫.—જે અર્થે , શ્રી ગુલામહૈદર ગુલામનબી બબત્તીવાલા અને અન્યએ ધારણ કરેલ ખુલ્લી જમીન સંબંધમાં શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ ની કલમ-૮ (૩) મુજબ શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) બાબતના નિયમો, ૧૯૭૬નાં નિયમ-૫ હેઠળ, નિયત કરેલ નમૂના નં. ૩ પ્રમાણેનું તારીખ ૧૭મી સપ્ટેમ્બર ૧૯૮૨નું મુસદ્દા પત્રક વાંધા રજુ કરવાની નોટીસ સહિત તેઓને બજાવવામાં આવેલ અને તે સામે તેઓ તરફથી વાંધા રજુ કરવામાં આવેલ હતા અને સદરહુ વાંધાઓ અંગે રૂબરૂ સુનાવણી આપ્યા બાદ તથા તે વિચારણામાં લીધા બાદ કલમ-૯ હેઠળ તારીખ જથી ઓગસ્ટ, ૧૯૯૮નું આખરી પત્રક કલમ-૮ (૩) માં ઠરાવ્યા અનુસાર બજાવવામાં આવેલ છે.

વાસ્તે, ઉપરોકત ધારાની કલમ-૧૦ (૧) અન્વયે મળેલ અધિકારની રૂએ, હું, આથી જાહેર કરૂં છું કે —(૧) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીન ગુજરાત રાજ્ય સરકાર સંપાદન કરનાર છે, અને (૨) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીનમાં હિત ધરાવતા ઈસમો તેમના હક્ક, દાવા જાતે અગર તેમના પ્રતિનિધિ મારફત જમીનમાંના તેમના હિતના પ્રકાર અને વિગતો સાથે નીચે સહી કરનાર સમક્ષ આ જાહેરનામું ગુજરાત સરકારના રાજ્યપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી દિન-30 માં કરી શકશે.

પરિશિષ્ટ

અનુ. નંબર	જમીન ધારકનું નામ	ગામ	તાલુકો	જમીનની વિગત		શેરો
				સર્વે નંબર/ ફાઈનલ પ્લોટ નંબર	ક્ષેત્રફળ (ચોરસ મીટરમાં)	
૧	૨	૩	૪	૫-અ	૫-બ	૬
૧	ગુલામહૈદર ગુલામનબી બત્તીવાલા અને અન્ય	રાંદેર	ચોર્યાસી	૧૯૪+૧૯૬ પૈકી	૧૧,૪૭૯-૦૦	

સુરત, તારીખ ૩૧મી ઓગસ્ટ, ૧૯૯૮.

એમ. એસ. ગોહિલ,
સક્ષમ અધિકારી અને નાયબ કલેકટર,
શહેરી જમીન ટોચમર્યાદા, સુરત.

PRINTED AT THE GOVERNMENT PRESS. VADODARA.

INDEX

REGISTERED No. G—BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] THURSDAY, OCTOBER 1, 1998 / ASVINA 9, 1920 [No. 40

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENTS

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages			Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders (other than these published in Parts I-A, IV-A, IV-B) and IV-C) Pertaining only to the Supplement to the Central Gazette.	374-383	Part-	I-B-Government Notifications published under Land Acquisition Act only.	770—798
Part	I-A—Orders and Notifications (other than those published in Part IV-B) under the Bombay Local Boards Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette.—	40	Part-I-L-	Notifications, Orders and Awards (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.	2143-2204

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશ્નર દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, સને ૧૯૭૩ ની કલમ ૧૪૪ અન્વયે ફરમાવેલ હુકમ.

નંબર ઉં/જપક/૭૩/૧૯૯૮.—આગામી નવરાત્રી અને દશેરાના તહેવારો દરમ્યાન જાહેર જગ્યાઓએ આવતા જતા રાહદારીઓ અને વાંહનોમાં જતા આવતા ઈસમોને રોકી બળજબરીથી પૈસા ઉઘરાવવાની તથા નવરાત્રિની ઉજવણી દરમ્યાન જાહેર ત્રાસદાયક કૃત્યો થવાની શકયતા રહે છે.

અને તેવા કૃત્યોથી લોકોને અડચણ ત્રાસ અથવા ઈજા થવાની અથવા જાહેર સુલેહ શાંતિનો ભંગ થવાની તથા બખેડો કે હુલ્લડ થવાની પ્રબળ શકયતા રહે છે.

અને તેમ થતું અટકાવવું જરૂરી હોવાથી ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવા માટેના પુરતા કારણો અસ્તિત્વમાં હોવાનું મારૂ માનવું છે.

તેથી હું, હીરાલાલ, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમ, સને ૧૯૭૩ ની કલમ-૧૪૪ તળે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે.

અમદાવાદ શહેરના પોલીસ કમિશનરની હકુમત હેઠળના વિસ્તારમાં તારીખ ૧૮મી સપ્ટેમ્બર ૧૯૯૮ થી તારીખ ૧લી ઓકટોબર ૧૯૯૮ (બન્ને દિવસો સહિત) દરમ્યાન કોઈપણ વ્યકિતએ કોઈપણ જાહેર જગ્યાએ આવતા જતા રાહદારીઓ કે વાહનોમાં જતા આવતા શખ્સો યા ઈસમો પાસેથી નવરાત્રિ કે દશેરા અંગે બળ જબરીથી પૈસા ઉઘરાવવા નહી અથવા બીજા કોઈ ઈરાદાથી જાહેર રસ્તા ઉપર જતા આવતાં રાહદારીઓ અથવા વાહનોને રોકવા નહી. નવરાત્રિની ઉજવણી દરમ્યાન કોઈ અશ્લિલ અરૂચિકર કે ત્રાસદાયક લેખાય તેવા કોઈ પણ કૃત્યો કરવા નહી.

ઉપરોકત હુકમનો ભંગ કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે. જે ગુન્હો ગૃહ વિભાગના જાહેરનામાં ક્રમાંક જીજી/૩૬૫ એસબી/૧/સીએલએ/૧૦૮૯/૧૦૭૨૬, તારીખ ૧૮મી ડિસેમ્બર ૧૯૭૯ નથી એક પોલીસ અધિકારીનો અને બિન જામીન લાયક ગુન્હો જાહેર થયેલ છે.

આજ તારીખ ૪થી સપ્ટેમ્બર સને ૧૯૯૮ ના રોજ મારી સહી અને સિકકો કરી આપ્યા.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ હુકમ.

ક્રમાંક ઉ/ગપક/ ૪૦૬/વિ.શા./ ૧૯૯૮.—અમદાવાદ શહેરમાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની જુદા જુદા પરીક્ષા કેન્દ્રો ઉપર પરીક્ષાઓ યોજનાર હોઈ આ પરીક્ષા કેન્દ્રો. ઉપર વિદ્યાર્થીઓ / વિદ્યાર્થીનીઓને તેઓના વાલી તથા સગાવ્હાલાઓ મુકવા આવે ત્યારે પરીક્ષા કેન્દ્રો ઉપર ભીડ થતી હોય છે અને પરીક્ષા કેન્દ્રોનું શાંત વાતાવરણ ડહોળાય છે. જેથી પરીક્ષાર્થીઓ મુકત મને પરીક્ષા આપી શકતા નથી.

તેથી હું હીરાલાલ, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ ની કલમ ૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે,

અમદાવાદ શહેરના પોલીસ કમિશનર હકુમત હેઠળના જે પરીક્ષા કેન્દ્રો ઉપર પરીક્ષા ચાલતી હોય તે વિસ્તારમાં તારીખ ૫મી ઓકટોબર ૧૯૯૮ થી તારીખ ૧૭મી ઓકટોબર ૧૯૯૮ સુધી ક. ૧૦-૦૦ થી ક. ૧૮-૩૦ દરમ્યાન (રવિવાર તથા જાહેર રજાના દિવસો સિવાય) કોઈપણ બીનઅકૃિત વ્યકિતઓએ પરીક્ષા કેન્દ્રથી ૧૦૦મીટર એરીયામાં પ્રવેશ કરવો નહી. તેમજ ચાર કરતા વધારે વ્યકિતએ ભેગા થવું નહી.

આજ તારીખ ૨૪ માહે સપ્ટેમ્બર સને ૧૯૯૮ ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યા.

હીરાલાલ
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

જાહેરનામું.

સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૩ની **પેટા** કલમ (૧) (બી) હેઠળ

ક્રમાંક જાહેરનામાં/ઉગપક/૧૯૯૮ :—મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના મુંબઈના રસ્તાની કલમ-૩૩ની પેટા કલમ (૧) બી હેઠળ મળેલ સત્તાની રૂએ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન હદ વિસ્તારમાં આવેલ કાલાઘોડા, વિશ્વામિત્રી પુલ, બરોડા ઓટોમોબાઈલ વિસ્તારની ટ્રાફિકનો પ્રશ્ન હલ કરવા સારૂ બરોડા ઓટોમોબાઈલ્સ થી કોઠી ચાર રસ્તા સુધીનો રાવપુરા રોડ તથા રેલ્વે હેડકવાર્ટરથી બરોડા ઓટોમોબાઈલ્સથી કોઠી ચાર રસ્તા સુધીનો જેલરોડ ઉપર નિયમ કલાકો દરમ્યાન એકમાર્ગી કરવા અંગે બહાર પાડવામાં ધારેલા જાહેરનામા મુસદાથી અસર પામતા લાગતા વળગતા તમામની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે કે સદરહું જાહેરનામું ગુજરાત સરકારશ્રીના ગેઝેટમાં પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૩૦માં કોઈપણ વ્યકિત સંસ્થા તરફથી વાંધા સૂચનો લેખીતમાં પોલીસ કમિશનર, વડોદરા, શહેર નાઓ તરફ મોકલવામાં આવશે. તો તે અંગે યોગ્ય વિચારણા કરવામાં આવશે.

પ્રાથમિક જાહેરનામાનો મુસદ્દો

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨માંની કલમ-૩૩ ની પેટા કલમ (૧) બી હેઠળ મળેલ સત્તાની રૂએ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન વડોદરાની હદ વિસ્તારમાં આવેલ કાલાઘોડા, વિશ્વામિત્રી પુલ, બરોડા ઓટોમોબાઈલ્સ વિસ્તારના ટ્રાફીક જામનો પ્રશ્ન હલ થાય તથા વાહન વ્યવહાર સરળતાથી પસાર થાય તે હેતુસર બરોડા ઓટોમોબાઈલ્સથી કોઠી ચાર રસ્તા સુધીનો રાવપુરા રોડ તથા બરોડા ઓટોમોબાઈલ્સથી રેલ્વે હેડકવાર્ટર સુધીના જેલરોડ તમામ પ્રકારના વાહનો માટે નકકી કરેલ કલાકો દરમ્યાન જવા આવવા માટે એકમાર્ગી કરવા અંગેનો નીચે મુજબનો નિયમ કરૂ છું.

(૧) સવારના કલાક ૯-૩૦ થી ૧૨-૦૦ તેમજ સાંજના કલાક ૧૭-૦૦ થી ૧૯-૩૦ સુધી કાલાઘોડાથી વિશ્વામિત્રી પુલ ઉપર થઈને આવતાં વાહનો બરોડા આટોમોબાઈલ્સ થઈ એસ. એસ. જી. હોસ્પીટલ થઈ, કોઠી ચાર રસ્તાથી જમણી બાજુ વળાંક લઈ, પશ્ચિમ રેલ્વે હેડકવાર્ટર થઈ જઈ શકશે. તેમજ કોઠી ચાર રસ્તાથી સીધા રાવપુરા રોડ થઈ જઈ શકશે. પરંતુ રાવપુરા રોડ થઈ આવતાં વાહનો સીધા નહીં જતાં કોઠી ચાર રસ્તાથી ડાબી બાજુ વળાંક લઈ રેલ્વે હેડકવાર્ટર થઈ જેલરોડ થઈ સ્ટેશન તરફ જઈ શકશે. તેમજ આજ સમય દરમ્યાન રેલ્વે હેડકવાર્ટર તથા નર્સીગ હોમ પોઈન્ટ તરફથી આવતા વાહનો જેલરોડ થઈ બરોડા ઓટોમોબાઈલ્સ કાલાઘોડા, જઈ શકશે.

(૨) આ સમય દરમ્યાન ફતેગંજ થી કોઠી તરફ આવતો ટ્રાફીક પ્રવાહ ચાલુ રહેશે.

(૩) આ સમય દરમ્યાન કોઠી ચાર રસ્તા ખાતે હાલ અમલમાં રહેલ "નો રાઈટ ટર્ન" અંગેનું જાહેરનામું ક્રમાંક-ઉગપક-૧૧૫૩-૮૯ તારીખ ૨૩મી મે ૧૯૯૮ મુજબના જાહેરનામાનો અમલ મુલતવી રાખવામાં આવે છે.

(૪) આ સમય દરમ્યાન તમામ વાહનો બરોડા ઓટોમોબાઈલ્સ, વિશ્વામિત્રી પોઈન્ટથી જેલરોડ તરફ આગળ જઈ શકશે નહીં.

(૫) આ સમય દરમ્યાન ફુલબારી નાકાથી સ્ટેશન તરફ જતા તમામ વાહનો ફુલબારી નાકાથી ડાબી બાજુ વળાંક લઈ, કોઠી ચાર રસ્તા થઈ ટેલીફોન એક્ષચેન્જથી જમણી બાજુ વળાંક લઈ જેલરોડ થઈ કાલાઘોડા તરફ જઈ શકશે.

(૬) આ સમય દરમ્યાન રાવપુરા રોડ તથા જેલરોડ ઉપર રસ્તો ક્રોસ કરવા અંગે માટે બરોડા ઓટોમોબાઈલ્સ પાસે ફતેસિંહરાવ ગાયકવાડ એસ. એસ. જી. હોસ્પીટલના મેઈન ગેટ સામે કોઠી બીલ્ડીંગના પ્રથમ ગેટ સામે, જેલરોડ ઉપર એસ. એસ. જી.

INDEX

હોસ્પીટલના ઈમરજન્સી સારવાર કેન્દ્રનાં ગેટ સામે ટેલીફોન એક્ષચેન્જ સામે બનાવેલ ઝીબ્રા ક્રોસીંગથી રાહદારીઓ રસ્તો ક્રોસ કરશે.

(૭) આ સમય દરમ્યાન કિર્તીમંદિર રોડ ઉપરથી એસ. એસ. જી. હોસ્પીટલમાં દાખલ થવાનાં રસ્તા ઉપર એમ્બ્યુલન્સ સિવાય કોઈપણ વાહન જઈ શકશે નહીં.

(૮) એમ્બુલન્સ તથા ફાયરબ્રીગેડ સેવા ઈમરજન્સી સંજોગો દરમ્યાન ઉપરોકત જાહેરનામાનાં અમલમાંથી મુકિતને પાત્ર રહેશે.

(૯) આ સમય દરમ્યાન જેલરોડ તથા રાવપુરા રોડ ઉપર પડતા નજીકની ગલી માર્ગોમાંથી આવતાં વાહનો માત્ર ટ્રાફીક પ્રવાહન દિશામાંજ વળી શકશે.

મે આજ તારીખ ૧૦મી સપ્ટેમ્બર ૧૯૯૮ના રોજ મારી સહી કરી સિક્કો કરેલ છે.

કે. એન. શર્મા,
પોલીસ કમિશ્નર,
વડોદરા. શહેર.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ની કલમ-૩૭ ની પેટા-કલમ ૩ હેઠળ.

નંબર ઉગપક/એસબી/જાહેરનામું/૩૭/૧૯૯૮.—તાજેતરમાં તાપી નદીમાં આવેલ પૂરની પરિસ્થિતિ ધ્યાને લેતા આ બાબતના અનુસંધાનમાં પ્રવર્તમાન સંજોગોમાં કોઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ભીન થાય તે માટે સુરત શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને શાંતી અને સલામતી જાળવવા સારૂ પગલાં લેવા જરૂરી જણાય છે જેથી કાયદો અને વ્યવસ્થાની હોદ્દો માટે પોલીસ કમિશનરની હકુમત હેઠળના નીચે મુજબના વિસ્તારેમાં ચાર કે ચારથી વ્યકિતઓને ભેગા થવા કે સભા ભરવા કે સરઘસ કાઢવા દેવા ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

તેથી સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમના કલમ-૩૭ (૩) મુજબ મને મળેલ સત્તાની રૂએ હું, મનીરામ, આઈ. પી. એસ., પોલીસ કમિશનર, સુરત શહેર આથી સદર વિસ્તારમાં તારીખ ૨૦મી સપ્ટેમ્બર ૧૯૯૮ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૬મી સપ્ટેમ્બર ૧૯૯૮ના કલાકે ૨૪-૦૦ સુધીની મુદત માટે ચાર કે ચાર થી વધુ વ્યકિતઓને ભેગા થવા પર સભા ભરવા ઉપર કે સરઘસ કાઢવા ઉપર મનાઈ ફરમાવું.

વિસ્તાર: સુરત શહેર પોલીસ કમિશનરનો સમગ્ર વસ્તાર.

વધુમાં હું આદેશ કરૂં છું કે આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરીમાં અથવા રોજગારમાં ફરજ ઉપર હોય તેવી વ્યકિતઓને.

(૨) ફરજ પર હોય તેવી હોમગાર્ડ દળની વ્યકિતઓને.

(૩) કોઈ લગ્નના વાઘોડાને કોઈ સ્મશાન યાત્રાને.

(૪) તારીખ ૨૧મી સપ્ટેમ્બર ૧૯૯૮ થી નવરાત્રી ઉત્સવ શરૂ થનાર હોઈ આ ઉત્સવ હેતુસર ભેગા થનાર વ્યકિતઓ કે જેમણે આ હેતુ માટે અત્રેની કચેરીએથી જરૂરી પરવાનગી મેળવેલ હોય, તેવા વ્યકિતઓને.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર સદરહુ અધિનિયમની કલમ ૧૩૫ તથા ભારતીય ફોજદારી અધિનિયમની કલમ (૧૮૮) હેઠળ શિક્ષાને પાત્ર થશે. સદરહુ કલમ મુજબનો ગુન્હો પોલીસ અધિકારનો અને બીજા જામીન લાયક ગુન્હો છે.

આજ તારીખ ૧૯મી સપ્ટેમ્બર ૧૯૯૮ ના રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને. ૧૯૫૧માંની કલમ. ૩૭ (૧) અન્વયેનું.

ક્રમાંક ઉ/૫પ એસ.બી./ જાહેરનામું/૩૮/૯૮.—સુરત શહેરમાં શાંતી અને સલામતી જાળવવા પગલા લેવા જરૂરી જણાતું હોવાથી વાસ્તે હું, મનીરામ, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, સુરત શહેર મુંબઈ પોલીસ અધિનિયમ સને. ૧૯૫૧માંની પેટા કલમ. ૩૭(૧) થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલા વિસ્તારોમાં તારીખ ૨૧મી સપ્ટેમ્બર ૧૯૯૮ કલાક ૦૦-૦ થી તારીખ ૫મી ઓકટોબર ૧૯૯૮ કલાક ૨૪-૦૦ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો દંડા, તલવાર, સોટી, લાકડી, ચપ્પુ અથવા શારીરીક ઈજા પહોંચાડવામાં પ્રયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજવસ્તુ લઈ જવાની.

(ખ) કોઈપણ સ્ફાટક અથવા ક્ષયધર્મી પદાર્થો લઈ જવાની.

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ગ) વ્યકિતઓ અથવા તેના શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(છ) લોકોએ બૂમો પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની

(જ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાથી અથવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુચી અથવા નીતિનો ભંગ થતો હોય અથવા તેના થી રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાથી અથવા ચાળા વિગેરે કરવાની અથવા ચિત્રો, નિશાનીઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર.—સુરત શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ.—આ હુકમનો ખાંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય, તેમને ઉપરી અધિકારીઓએ આવું કોઈ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથીયાર લઈ જવાની ફરજ હોય તે વ્યકિતઓને.

(૨) પોલીસ કમિશનર, અથવા તેમણે અધિકૃત કરેલા કોઈપણ અધિકારીએ જેને અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓને.

INDEX

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર(૪) માસની અને વધુમાં વધુ એક (૧) વર્ષની સજા કે દંડની સજાને મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર છે.

આજરોજ તારીખ ૧૯મી સપ્ટેમ્બર ૧૯૯૮નાં રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨મા) ની કલમ ૪૩ (૧) મુજબનો.

ક્રમાંક ઉ/ગપક/ એસ.બી./ જાહેરનામું ૩૯/૯૮.—તારીખ ૨૧મી સપ્ટેમ્બર ૧૯૯૮ થી તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૧૯૯૮ સુધી સુરત શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં નવરાત્રીના ગરબા અંગેનો કાર્યક્રમ યોજાયેલ છે. જેમાં હાલમાં તાપી નદીમાં આવેલ પૂરના કારણે જાહેર સુખાકારી ભયમાં મુકાય તેવું મને લાગે છે.

વાસ્તે, હું મનીરામ, પોલીસ કમિશનર, સુરત શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૪૩(૧) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચેના નિયમો ગરબામાં ભાગ લેનાર તથા જોનાર દરેક વ્યકિતએ પાલન કરવા બંધાયેલ છે.

(૧) ગરબામાંની કોઈપણ વ્યકિત સડી ગયેલા ફળો, ખાદ્ય પદાર્થો તથા અશુધ્ધ પીણાં ગરબાના સ્થળે વેચી શકશે નહીં. ફરજ ઉપર હાજર રહેલ આરોગ્ય નિરીક્ષક આવી વસ્તુઓ જપ્ત કરી શકશે અને પોલીસ અમલદારો નિરીક્ષકને આ અંગે જરૂરી મદદ પૂરી પાડશે.

(૨) ગરબાના સ્થળે ખાસ નક્કી કરેલ જગ્યા સિવાય કોઈપણ ઈસમ પેશાબ કે જાજરૂ કરશે નહીં.

(૩) આ વિસ્તારમાં હાજર રહેલ આરોગ્ય નિરીક્ષક ચ્હાની તથા ઠંડા પીણાંની અને ખાનપાન દુકાનો તપાસી શકશે અને સ્વચ્છતા માટે જરૂરી સુચનાઓ આપશે, જે સુચનાઓનો અમલ કરવા તમામ શખ્સો બંધાયેલા છે.

(૪) ફરજ પર હાજર રહેલ આરોગ્ય નિરીક્ષક તથા રોગચાળો અટકાવવા માટે જવાબદાર કર્મચારીઓ દરેક વ્યકિતને જરૂર પડે તપાસી શકશે અને કોઈપણ રોગથી પીડાતા રોગીને તાત્કાલીક ત્યાંથી ખસેડી શકશે.

ઉપરના નિયમોનો ભંગ કરનાર મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૯ મુજબ વધુમાં વધુ ત્રણ માસની કેદ અથવા રૂા. ૨૦૦ સુધી દંડ અથવા બંને સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૩મી સપ્ટેમ્બર ૧૯૯૮નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

મનીરામ,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

નાયબ પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

નંબર ઉ/ગપક / અંબાજી રોડ/નવરાત્રા/૨૧૦૯/૯૮.—સુરત શહેરમાં અંબાજી પર અંબાજી માતાના મંદિર આગળ આગામી નવરાત્રી દિવસોમાં તારીખ ૨૧મી સપ્ટેમ્બર ૧૯૯૮થી તારીખ ૧લી ઓકટોબર ૧૯૯૮ સુધી અને તારીખ ૫મી ઓકટોબર ૧૯૯૮ના રોજ ઘણાં દર્શનાર્થીઓ અંબાજી માતાના મંદિરે દેવ દર્શન અર્થે આવતા હોય, તે દિવસો દરમ્યાન લોકોનો ઘણો ધસારો રહે તેવો સંભવ હોવાથી તેમજ અંબાજી રોડ ઘણો સાંકડો હોવાથી આ રોડ પરનો ટ્રાફીક નવરાત્રી દિવસોમાં પણ ચાલુ રાખવામાં આવે તો જાહેર જનતા માટે ટ્રાફીકની દ્રષ્ટિએ ઘણી મુશ્કેલી ઉભી થાય તેમ છે. અને યોગ્ય ટ્રાફીક નિયમન નહી જળવાય તો અકસ્માતો થવાની સંભાવના છે.

આથી મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩ (૧) (બી)થી મળેલ સત્તાની રૂએ, આથી હુકમ કરવામાં આવે છે કે—

સુરત શહેરમાં આવેલ અંબાજી રોડના પૂર્વમાં મહાકાળીના મંદીરથી પશ્ચિમમાં જતો હવાળીયા ચકલા સુધીનો રોડ નવરાત્રીના દિવસો દરમ્યાન નીચે જણાવેલ તારીખોએ તેની સામે જણાવેલ સમય દરમ્યાન વાહન વ્યવહાર માટે બંધ રહેશે :—

અનું. નંબર	તારીખ	સમય
(૧)	૨૧મી સપ્ટેમ્બર ૧૯૯૮ થી ૧લી ઓકટોબર ૧૯૯૮ સુધી.	સવારે ક ૦.૩૦ થી ૧૧.૦૦ સુધી સાંજે ક. ૧૭.૩૦ થી ૨૩.૩૦ સુધી.
(૨)	૨૯મી સપ્ટેમ્બર ૧૯૯૮નાં રોજ આઠમ તથા તારીખ ૧લી ઓકટોબર ૧૯૯૮ના રોજ દુર્ગા પુજા નિમિત્તે	સવારે ક ૬.૦૦ થી રાત્રે ક. ૨૪.૦૦ સુધી.
(૩)	તારીખ ૫મી ઓકટોબર ૧૯૯૮નાં રોજ દીપદર્શન હોવાથી.	કલાક ૧૮.૦૦ થી રાત્રે ક. ૨૪.૦૦ સુધી.

ઉપરોકત તારીખોએ સામે જણાવેલ સમય દરમ્યાન વાહનો આ વિસ્તારમાં બીજા માર્ગે વાળવા.

ઉપરોકત પ્રતિબંધમાંથી પોલીસના વાહનો, ફરજ પરના અધિકારીના વાહનો, આગ બુજાવવાના બંબાઓ તથા એમ્બ્યુલન્સ વાહનોને મુકિત આપવામાં આવે છે.

આજ તારીખ ૨૧મી સપ્ટેમ્બર ૧૯૯૮ના રોજ મારી સહી સિક્કા કર્યાં.

જી. એસ. રાવ,
નાયબ પોલીસ કમિશનર,
પશ્ચિમ અને ટ્રાફીક, સુરત શહેર.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ. ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ ૫૨) માંની કલમ-૩૭(૧) મુજબનો :

નંબર ડીસી / પીઓએલ / એમએજી / એસ.આર. ૩૦/૯૮.—આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરના જાળવણી વાસ્તે,

INDEX

હું એમ. વાય. દક્ષિણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) થી મને મળેલ સત્તાની રુઈએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૨૪મી ઓગસ્ટ, ૧૯૯૮ થી તારીખ ૭ મી સપ્ટેમ્બર, ૧૯૯૮ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, શેટી, બંદૂક, ખંજર, અસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાંબું અને છેડેથી અણીવાળુ પાનું હોય તેવા ચપ્પુ તથા ત્રણ ઈંચથી વધુ લંબાણ ધરાવતું અણીવાળુ ઘાતક શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું તેમજ લાકડી, લાઠી, અથવા શારીરીક નુકસાન પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની,

(૨) કોઈપણ રીતે શરીરને હાનીકારક એવો કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું,

(૩) પત્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવાની યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા અને તૈયાર કરવાની.

(૪) સળગતી મશાલ અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(૫) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની.

(૬) લોકોએ બૂમો, પાડવાની, ગીતો ગાવાની તેમજ વાજા વગાડવાની,

(૭) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાના તથા ચિત્રો, નીશાનીઓ, જાહેરખબરો અથવા પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તો તેનો ફેલાવો કરવાનો અથવા અધિકારીઓના અભીપ્રાયો પ્રમાણે સુરુચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી-રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા તેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાથી તથા ચાળા વિગેરે કરવાની અને તેના ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની તથા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર :— અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસૂલી વિસ્તાર (પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેરની હકુમતના વિસ્તાર-સિવાય).

અપવાદ .—આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેને જે તે ઉપરી અધિકારીઓને આવું કોઈ હથીયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને,

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધીત હથિયાર જેવા કે, સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહીં.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, એકઝી. મેજિસ્ટ્રેટ, જિલ્લા પોલીસ અધિકારી અથવા તેમને અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીઓએ જેને શારીરિક અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવા પરવાનગી આપેલ હોય તે વ્યકિતઓને લાગુ પડશે નહી.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા-કલમ-૧ હેઠળ ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની અને દંડની અને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૯૬૦ના અધિનિયમ નં. ૪) ના કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૧મી ઓગષ્ટ, ૧૯૯૮ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ નં. ૫૨માંના) કલમ-૩૭(૩) મુજબનો.

નંબર ડીસી/પીઓએલ / એમએજી / એસ. આર.-૩૧/૯૮.—આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી વાસ્તે હું એમ. વાય. દક્ષિણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨ માંથી) અધિનિયમની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે, નીચેની અનસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તારીખ ૨૪મી ઓગષ્ટ, ૧૯૯૮ થી કલાક ૦૦-૦૦ થી તારીખ ૭મી સપ્ટેમ્બર, ૧૯૯૮ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

અનુસૂચિ.—(વિસ્તાર) અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસૂલી વિસ્તાર. (પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયનો વિસ્તાર)

ખલાસો.—આ વિસ્તારમાં રસ્તો, રસ્તાઓનો ફુટપાથો તથા ગલીઓ તથા પેટા ગલીઓનો પણ આ રસ્તામાં સમાવેશ થાય છે.

અપવાદ.—આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેવી ફરજ ઉપર હોય તથા ધાર્મિક અગર મરણોત્તર અથવા તો તે અંગેના અધિકૃત સત્તાધિકારીની પાસેથી મંજુરી મેળવી હોય તેવા સભા સરઘસોને લાગ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૫માં અધિનિયમ) કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨૧મી ઓગષ્ટ, ૧૯૯૮ ના રોજ મારી સહી અને સિક્કો કર્યો.

એમ. વાય. દક્ષિણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ.

INDEX

જાહેરનામું

સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી).

ક્રમાંક પી.ઓ.એલ.-વશી-૫૯૭૬.—ભરૂચ જિલ્લામાં પ્રતિવર્ષની માફક ચાલુ વર્ષે, પણ તારીખ ૧લી સપ્ટેમ્બર, ૧૯૯૮ તથા ૫મી સપ્ટેમ્બર, ૧૯૯૮ નાં રોજ ગણેશજીની મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવનાર છે. સદર શોભાયાત્રામાં આજુબાજુના ગામોમાંથી મોટા પ્રમાણમાં જન સમુદાય એકત્રીત થશે. અનુભવે જણાયેલ છે કે, ગણેશજીની વિસર્જનની શોભાયાત્રામાં જોડાયેલ તથા અન્ય લોકો દ્વારા ઝટપટ પાવડરનો છૂટથી ઉપયોગ થાય છે. ઝટપટ પાવડરમાં સમાવિષ્ટ ઝેરી કેમીકલ્સના કારણે શરીરને વિપરિત અસર થાય છે. જેથી ગણેશજીની મૂર્તિઓની શોભાયાત્રા દરમ્યાન ઝટપટ પાવડરના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું આર. કે. પરમાર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, ભરૂચ જિલ્લામાં તારીખ ૧લી સપ્ટેમ્બર, ૧૯૯૮ તથા ૫મી સપ્ટેમ્બર, ૧૯૯૮ નાં રોજ આનંદ ચૌદશનાં દિવસે ગણેશજીની શોભાયાત્રા નિકળનાર છે તેમાં ઝટપટ પાવડરનો ઉપયોગ પર પ્રતિબંધ મુકવા આથી ફરમાવું છું.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર ઉકત કાયદાની કલમ-૧૩૧ પ્રમાણે સજા અને દંડને પાત્ર થશે.

આજ તારીખ ૨૫મી ઓગષ્ટ, સને ૧૯૯૮નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ક્રમાંક એમ.એ.જી.-વશી-૫૯૭૮.—ભરૂચ શહેરમાં ગણેશ વિસર્જન તહેવાર અંગે સોનેરીમહેલ વિસ્તારમાં રાબેતા મુજબ તારીખ ૫મી સપ્ટેમ્બર, ૧૯૯૮નાં સવારનાં ૯-૦૦ થી રાત્રીના ૮-૦૦ના સમય દરમ્યાન ગણેશ વિસર્જનના સંદર્ભે સરઘસ નિકળનાર હોવાથી અને તેમાં મોટી સંખ્યામાં લોકો એકત્રિત થનાર હોય, જ્યારે જનતાની સલામતી માટે તારીખ ૫મી સપ્ટેમ્બર, ૧૯૯૮ શનિવારના રોજ વાહન વ્યવહાર ઉપર અંશત : નિયંત્રણ મુકવાની આવશ્યકતા જણાય છે.

વાસ્તે, હું આર. કે. પરમાર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચને સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે ભરૂચ શહેરમાં નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૫મી સપ્ટેમ્બર, ૧૯૯૮ શનિવારના દિવસે સવારના ૯-૦૦ થી રાત્રીના ૮-૦૦ કલા સુધી નીચે જણાવેલા માર્ગો ઉપર તમામ પ્રકારના વાહન વ્યવહાર બંધ રહેશે. આ હુકમ પોલીસ કે બીજા સરકારી અધિકારીઓ કે જે પોતાની ફરજો અંગે બંદોબસ્ત માટે વાહન લઈને ફરતા હશે તેઓને બંધનકર્તા રહેશે નહિ.

વિસ્તાર :

(૧) પાંચબત્તીથી સોનેરી મહેલ સુધી.
(૨) લલ્લુભાઈ ચકલાથી ભોઈવાડ સોનેરી મહેલ સુધી.
(૩) કતોપોર સ્લોપથી કોઠી થઈ સોનેરીમહેલ તરફ.
(૪) હાજીખાના બજાર ત્રણ રસ્તાથી સોનેરી મહેલ સુધી.
(૫) કસક ગરનાળા (રેલ્વે અંડરબ્રીજ) થી ધોળીકુઈ તરફનો માર્ગ.
(૬) લાયબજારથી લલ્લુભાઈ ચકલા સુધીનો માર્ગ.
(૭) મોટા ચાર રસ્તાથી વેજલપુર નાના ચાર રસ્તા તરફ.

ઉપરોકત માર્ગો ઉપરથી પસાર થતાં ગણપતિ વિસર્જનના સરઘસમાં ગણપતિની મુર્તિ બેસાડેલ ગોઠવેલ હોય તેવા વાહનોને આ સમય પુરતી જ મુકિત રહેશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરના પગલાં ભરવામાં આવશે.

આજ તારીખ ૨૫મી ઓગષ્ટ, સને ૧૯૯૮ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો છે.

આર. કે. પરમાર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૭ (૩) અન્વયે.

ક્રમાંક એમ.એ.જી/વશી/૬૩૪૭.—ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં વ્યકિતઓની કોઇ મંડળી સરઘસની મનાઇ કરવાનું મને જરૂરી જણાય છે.

તેથી હવે, મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧માં મુંબઇના ૨૨માં) ની કલમ-૩૭ થી મને મળેલ સત્તાની રૂએ હું. સી. એમ. ગામીત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ આથી સદરહું વિસ્તારમાં તારીખ ૧૧મી સપ્ટેમ્બર ૧૯૯૮ના દિવસે સવારના ૬-૦૦ કલાકથી તારીખ ૨૫મી સપ્ટેમ્બર ૧૯૯૮ ના રોજ સાંજના ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સુધ્ધા) ની મુદત માટે ભરૂચ જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઇ મંડળી સરઘસ માટે મનાઇ ફરમાવું છું.

અનુસૂચિ

સમગ્ર ભરૂચ જિલ્લો ”

વધુમાં હું આદેશ કરૂ છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને.
(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને
(૩) કોઇ લગ્નના વરઘોડાને
(૪) કોઇપણ સ્મશાન યાત્રાને

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનારને મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૫ (૧) મુજબ મને ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ (સને ૧૮૬૦ ના ૪૫માં) ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૯મી સપ્ટેમ્બર સને ૧૯૯૮ ના રોજ મારી સહી કરી અને સિક્કો કરી આપ્યો.

સી. એમ. ગામીત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ..
ભરૂચ.

INDEX

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના મુંબઇના ૨૨માં અધિનિયમ)ની કલમ-૩૭ (૧) અને (૨) મુજબ.

નંબર પલસ/વશી/જાહેરનામું/૯૮.—ચાલુ વર્ષે ઓગસ્ટ—સપ્ટેમ્બર ૧૯૯૮ મહીનામાં ગણેશ ચતુર્થી તહેવારની ઉજવણી થનાર હોવાથી સુરત જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા, જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવાની જરૂર છે, તેવું મને જણાયું છે;

જે અર્થે મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમ)ની કલમ-૩૭ની પેટા કલમ (૧) અને (૨) અન્વયે મળેલ અધિકારની રૂએ હું, શ્રી વી. ડી. અંસારી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, આથી ફરમાવું છું કે નીચેની પરિશિષ્ટમાં જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૯મી ઓગસ્ટ ૧૯૯૮ થી તારીખ ૧૨મી સપ્ટેમ્બર ૧૯૯૮ (બંને દિવસો સુધ્ધાં) સુધી કોઇપણ વ્યકિતએ

(ક) શસ્ત્રો, દંડો, તલવાર, ધોકા, બંદૂક છરા, લાકડી કે લાઠી શારીરીક ઇજા પહોંચાડી શકાય તેવું બીજું કોઇપણ સાધન સાથે લઇ જવું નહીં;

(ખ) કોઇપણ ક્ષયધર્મી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઇ જવા નહીં;

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓને ફેંકવાનાં કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઇ જવા નહીં, એકઠા કરવા નહીં તથા તૈયાર કરવા નહી;

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં;

(ચ) જેનાથી સુરૂચિનો અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી, તેમજ તેવા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડો અથવા બીજા કોઇ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવી નહીં અથવા તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં:

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઇપણ વ્યકિત કે જેને ઉપરી અધિકારીએ આવું કોઇપણ પ્રકારનું હથિયાર લઇ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું હથિયાર લઇ જવાની જેની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ, કે જિલ્લા પોલીસ વડાએ તેમના અધિકૃત કરેલા અધિકારી કે કર્મચારી કે કોઇપણ પોલીસ અધિકારીએ જેને શારીરીક અશકિતને કારણે લાકડી લાઠી લઇ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિતઓ.

પરિશિષ્ટ

સુરત જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

(પોલીસ કમિશનરશ્રી, વિસ્તાર સિવાય)

આ જાહેરનામાના કોઇપણ ખંડનો ભંગ થતો અથવા ઉલ્લંઘન થતો જણાશે તો તેવી વ્યકિતઓ મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૨૭મી ઓગસ્ટ, ૧૯૯૮ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો છે.

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ,૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) મુજબ.

નંબર પલસ/ગણપતિ વિસર્જન/ગાય પગલા/૯૮ :—સુરત જિલ્લાના કામરેજ તાલુકામાં કામરેજ ખાતે આવેલ નદીમાં ગાય પગલા ઓવારે તારીખ ૫મી સપ્ટેમ્બર ૧૯૯૮ ના રોજ ગણેશ વિસર્જન કરવામાં આવનાર છે, જે દિવસે ગાયપગલા તાપી નદીનાં ઓવારે ગણેશ વિસર્જન કરવા માટે ઘણો ધસારો રહે છે. કામરેજ તાલુકાના તથા શહેરમાંથી પણ ગણેશ વિસર્જન કરવા માટે આવે છે. ગાય પગલા ખાતે અગાઉ પણ ઘણાં લોકો નદીના પાણીમાં અકસ્માત ડુબી જઇ મરણ પામેલાનું કામરેજ પોલીસ સ્ટેશને નોંધાયેલ છે. સુરત શહેરનાં લોકો ગાય પગલાં ખાતે ગણેશ વિસર્જનનો આગ્રહ રાખતા હોઇ પરિણામે કોઇ અનિચ્છનીય બનાવ નહીં બને તે માટે તારીખ ૫મી સપ્ટેમ્બર ૧૯૯૮ ના રોજ કામરેજમાં તાપી નદી ગાય પગલા ઓવારે ગણેશ વિસર્જન પર પ્રતિબંધ મુકવાનું મને જરૂરી જણાયું છે.

સબબ, હુ વી. ડી. અંસારી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) થી મળેલા અધિકારની રૂએ સુરત જિલ્લાના કામરેજ મુકામે તાપી નદીના ગાય પગલા ઓવારે કોઇપણ વ્યકિતએ જનસમુદાયે ગણપતિ વિસર્જન હેતુસર જવું નહીં અને ગાય પગલાં ઓવારે વિસર્જન કરવું નહી જે માટે પ્રતિબંધ ફરમાવું છું. આ હુકમનો અમલ તારીખ ૪થી સપ્ટેમ્બર ૧૯૯૮ થી ૬ઠ્ઠી સપ્ટેમ્બર ૧૯૯૮ (બંન્ને દિવસો સુધ્ધાં) રહેશે.

નોંધ :—ગાય પગલાં ઓવારામાં ઓવારાની આજુબાજુ તાપી નદીને લાગુની જગ્યા અથવા વિસ્તારનો પણ સમાવેશ ગણવાનો છે.

આજ તારીખ ૩જી સપ્ટેમ્બર ૧૯૯૮ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

વી. ડી. અંસારી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

કલેકટર, દ્વારા

વંચાણે લીધાં :

(૧) અત્રેના હુકમ નં. એસયુપી/એન્ફો/સત્તાસોંપણી/૯૮, તારીખ ૧૨મી મે, ૧૯૯૮.

(૨) સરકારશ્રીના પત્ર ક્રમાંક : ઇસીએ/૧૦૯૮/૩૬૩/બ, તારીખ ૧૪મી ઓગષ્ટ, ૧૯૯૮.

(૩) આવશ્યક ચીજવસ્તુ ધારો, ૧૯૫૫.

હુકમ

નંબર એસયુપી/એન્ફો / સત્તા સોંપણી / ૨૬૬૫-૭૪/૯૮.—આથી હું, પંકજકુમાર (આઇ.એ.એસ.) કલેકટર, વલસાડ, આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ-૧૯૫૫ની કમલમ-૨ (૨-એ) હેઠળ મળેલ સત્તાની રૂએ સદરહું અધિનિયમની કલમ-૬-(એ)તથા ૬-(બી) હેઠળના મળેલા અધિકારો પૈકી નિયામક, નાગરિક પુરવઠા, ગુજરાત રાજ્યની કચેરીના તપાસણી એકમ દ્વારા વલસાડ જિલ્લામાંના પરવાનેદાર / દુકાનદાર વિક્રેતાઓના કબ્જે કરવામાં આવેલ આવશ્યક ચીજવસ્તુઓના કેસોમાં તેવી માલ મિલકતની કિંમત રૂપિયા બે લાખથી ઓછી હોય તો નિયામક, નાગરિક પુરવઠા કચેરી, ગાંધીનગરના

INDEX

સંયુકત નાયબ નિયામકને અને તેવી માલ-મિલકતની કિંમત રૂપિયા બે લાખ કે તેથી વધુ હોય તો નિયામક નાગરિક પુરવઠા ગાંધીનગરને વાપરવા અધિકૃત કરવા આથી આદેશ કરું છું.

વલસાડ, તારીખ ૮મી સપ્ટેમ્બર, ૧૯૯૮.

પંકજકુમાર,
કલેકટર, વલસાડ.

ગુજરાત આવશ્યક ચીજવસ્તુ (પરવાના નિયંત્રણ અને જથ્થા જાહેરાત આદેશ ૧૯૮૧ની કલમ-૨૪, ૨૫, હેઠળ હુકમ.

હુકમ

નંબર કમકમ/સપ/હલર/વહી/૫૭૬/૯૮.—સાબરકાંઠા જિલ્લામાં તાજેતરમાં મોડાસા અને ધનસુરા તાલુકામાં જલોદર (ડ્રોપ્સી) ના રોગે દેખા દીધી છે. પ્રાથમિક તપાસમાં સાબરકાંઠા જિલ્લાના બન્ને તાલુકાઓમાં આ રોગ ખાદ્યતેલમાં ભેળસેળના કારણે થયાનું માલુમ પડેલ છે. આ સંજોગોમાં સાબરકાંઠા જિલ્લાની નજીકના જિલ્લા તરીકે અત્રેના જિલ્લામાં આ રોગચાળો પ્રસરે નહી ભેળસેળવાળાં ખાદ્યતેલનો વપરાશ તેમજ વેચાણ ન થાય તે માટે સાવચેતીના પગલાં ભરવાનું જરૂરી બન્યું છે.

વાસ્તે, હું, આર. પી. ગુપ્તા, આઇ. એ. એસ., કલેકટર મહેસાણા, ગુજરાત આવશ્યક ચીજવસ્તુ (પરવાના નિયંત્રણ અને જથ્થા જાહેરાત) આદેશ ૧૯૮૧ ની કલમ-૨૪, ૨૫ થી મને મળેલ સત્તાની રૂએ આ જિલ્લાના તમાંમ નાગરિકોના આરોગ્યના જાહેર હિતમાં નીચે મુજબના નિયમોનું પાલન કરવા આદેશ ફરમાવું છું.

(૧) સરકારશ્રીના નાગરિક પુરવઠા વિભાગ તથા અરોગ્ય વિભાગ તરફથી નિયંત્રણ મુકયાં હોય તેવા ખાદ્યતેલો વાપરવાં નહીં.

(૨) મોડાસા મુકામેથી ઉત્પાદિત "કૃષ્ણ બ્રાન્ડ" તથા કેનલ ઓઇલ એન્ડ એકસપોર્ટ પ્રા. લી., કરણનગર તાલુકા કડી ઉત્પાદિત પામોલીન તેલ (સુરધારા બ્રાન્ડ) તેલના વેચાણ તથા ઉપયોગ ઉપર પ્રતિબંધ ફરમાવું છું

(૩) જાહેર જનતાએ ખરીદ કરેલ આવા પ્રકારનાં ભેળસેળ યુકત તેલનો ઉપયોગ કરવો નહી.

(૪) ખાદ્યતેલના વેપારીઓ તથા ઉત્પાદકોએ ઉપરની સુચના નં. ૧ તથા ૨ મુજબના બ્રાન્ડવાળા તેલનો જથ્થો વેચવો નહી.

(૫) જિલ્લા બજારમાં "કૃષ્ણ બ્રાન્ડ" તેમજ ઉપરોકત પામોલીન તેલ (સુરધારા બ્રાન્ડ)થી બનતી ચીજવસ્તુઓ ફરસાણનો ઉપયોગ કરવો નહી. તેમજ આવા ફરસાણના વેપારીઓ કે જેઓ દ્વારા આવા પ્રતિબંધિત તેલનો ઉપયોગ કર્યો હોય તેવી ચીજવસ્તુઓ વેચાણ માટે મુકવી નહીં.

(૬) ફરજ ઉપરના હાજર રહેલા સેનેટરી ઇન્સ્પેકટરો, નિરીક્ષકો તથા અધિકૃત અધિકારીઓને આવા પ્રતિબંધિત તેલના વેચાણ/વપરાશ સંબંધે સૂચનાઓ આપવા અધિકાર આપેલ છે. જેની તેઓની સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

(૭) આ જિલ્લામાં આ પ્રકારના રોગની જે કોઇને માહિતી મળે તેની તાત્કાલીક જાણ નજીકના આરોગ્ય કેન્દ્ર તથા મામલતદારશ્રી ને કરવી.

(૮) આ જિલ્લામાં "કૃષ્ણ બ્રાન્ડ" તેલનો તથા ઉપરોકત પામોલીન તેલ (સુરધારા બ્રાન્ડ) જથ્થો માલુમ પડે તો તાલુકા મામલતદારશ્રી તથા જિલ્લા પુરવઠા અધિકારીશ્રીને તુરતજ જાણ કરવી.

ઉપરોકત નિયમોનું ઉલ્લંઘન કરનાર કોઇપણ વ્યકિત/વેપારી/ઉત્પાદક કે ખાદ્યતેલથી બનતી વસ્તુઓ બનાવનારની સામે આવશ્યક ચીજવસ્તુધારા હેઠળ પગલાં લેવામાં આવશે.

આ હુકમની જાહેરાત મહેસાણા જિલ્લાની તમામ નગરપાલીકાઓની કચેરીઓ, નગરપાલિકા બરોની કચેરીઓ ગ્રામ પંચાયત કચેરીઓ તેમજ જાહેર સ્થળોએ દેખી શકાય તેવી રીતે પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

મેં આજ તારીખ ૭મી સપ્ટેમ્બર ૧૯૯૮ના રોજ મારી સહી સિકકો કરી આપેલ છે.

આર. પી. ગુપ્તા,
કલેકટર, મહેસાણા.

આદેશ

નંબર કમકપ/પરવ/ઈીએ/વશી ૧૯૦૪/૯૮.—તાજેતરમાં સીંગતેલના ભાવ બાંધણાનો હુકમ રાજ્ય સરકાર તરફથી રદ કરતાં સીંગતેલના ભાવોમાં એકદમ ઉછાળો આવેલ જણાયો છે. તેથી સામે મગફળીના જથ્થાની અછત હોવાનું મીલરો વેપારીઓ તરફથી જણાવવામાં આવે છે. પરંતુ તાજેતરમાં મગફળી પકવતા ગામો પૈકી અમુક ગામોની તપાસ કરતાં ત્યાં ખેડૂતો પાસે મગફળીનો મોટા પ્રમાણમાં જથ્થો સંગ્રહેલ માલુમ પડેલ છે. કેટલાંક કીસ્સામાં ઓઇલ મીલરોએ આ જથ્થો ખરીદી ખેડૂતને ત્યા જથ્થા મર્યાદાથી બચવા યા તો વધુ નફો કમાવવાના હેતુથી મગફળીનો જથ્થો રાખેલાનો માલુમ પડેલ છે આ રીતે ઓઇલ મીલરો ખેડૂતોના નામે મગફળીનો જથ્થો ખેડૂતોના દરે રાખતા જણાયા હોઇ મુકત રીતે મગફળી સીંગદાણાનો જથ્થો ઓઇલ મીલો પર પીલાણ માટે આવતો નથી આ જથ્થો પીલાણ માટે બહાર આવે અને લોકોને સિંગતેલનો જથ્થો સરળતાંથી નીચા ભાવે મળી રહે તે હેતુથી હું, એ. કે. રાકેશ, કલેકટર, પંચમહાલ, ગોધરા, ધી ગુજરાત આવશ્યક ચીજ વસ્તુ લાયસન્સ નિયંત્રણ અને જથ્થા જાહેરાત આદેશ ૧૯૮૧ની કલમ-૨૪ અને ૨૫ થી મળેલ સત્તાની રૂએ પંચમહાલ જિલ્લાના ઓઇલ મીલરો મગફળી સીંગદાણા, સીંગતેલના જથ્થાબંધ વિક્રેતાઓ છુટક વિક્રેતાઓ તેમજ ખેડૂતો અગર જે કોઇ ઇસમો મગફળી સીંગદાણાનો જથ્થો તારીખ ૧લી સપ્ટેમ્બર ૧૯૯૮ ની સ્થિતિએ ધરાવતા હોય તે તમામે ૨૪.૦૦ કલાકમાં તેમની પાસેના જથ્થાની વિગત સંબંધીત મામલતદારશ્રીને લેખિતમાં જાહેર કરવાની રહેશે. અને જથ્થો જાહેર કર્યાની પહોચ મેળવી પોતાની પાસે રાખવાની રહેશે.

જે કોઇ ઇસમો વેપારીઓ ખેડૂતોએ આ સુચનાનું ઉલ્લંઘન કરવાનું માલુમ પડશે તેઓની સામે આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ, ૧૯૫૫ની ધી ગુજરાત આવશ્યક ચીજવસ્તુ પરવાના નિયંત્રણ અને જથ્થા જાહેરાત આદેશ ૧૯૮૧ તેમજ ગુજરાત આવશ્યક ચીજ વસ્તુઓ વેપારી નિયમન આદેશ ૧૯૭૭ હેઠળ પગલાં લેવામાં આવશે.

ગોધરા, તારીખ ૨જી સપ્ટેમ્બર ૧૯૯૮.

એ. કે. રાકેશ,
કલેકટર,
પંચમહાલ, ગોધરા.

INDEX

સુધારા આદેશ

ક્રમાંક પરવ / વહટ / વશી-૩૬૭૫ / ૧૯૯૮.— અત્રેની કચેરીનાં તારીખ ૬ઠ્ઠી જુલાઈ, ૧૯૯૮ ના હુકમ ક્રમાંક પરવ / વહટ / વશી--૨૭૫૬ / ૯૮, અન્વયે આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ, ૧૯૫૫ની કલમ--૨ (ા--એ) નીચે મળેલ સત્તાની રૂએ સદર અધિનિયમની કલમ--૬ (એ) અને ૬ (બી) ના અધિકારોની સોંપણી અંગે આદેશ કરેલ છે, ઉકત આદેશમાં નીચે મુજબ સુધારો કરવામાં આવે છે.

રૂપિયા બે લાખ સુધીની માલ મિલકતના કિસ્સામાં આવશ્યક ચીજ વસ્તુઓના અધિનિયમ, ૧૯૫૫ની કલમ--૬ (એ) હેઠળની કાર્યવાહી કરવાના અધિકાર નિયામકશ્રી, નાગરીક પુરવઠા કચેરી હેઠળના રાજય તપાસણી એકમના સંયુકત, / નાયબ નિયામકશ્રીઓને અને તેથી વધુ કિંમતના માલ મિલકતના કિસ્સામાં કલમ--૬ (એ) હેઠળની કાર્યવાહી નિયામકશ્રી, નાગરીક પુરવઠાને વાપરવા અધિકૃત કરવા આથી આદેશ કરવામાં આવે છે.

ડાંગ-આહવા, તારીખ ૧લી સપ્ટેમ્બર, ૧૯૯૮.

કે. એ. પટેલ,
કલેકટર, ડાંગ-આહવા.

સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર એમ.એ.જી./જા.ના. ૯-૯૮/વશી-૧૮૯૯થી ૧૯૩૮.—રાધનપુર તાલુકાના દહેગામ ગામેથી હિજરત કરી ગયેલા નાગરિકોને પુન: દહેગામ મુકામે પરત વસાવવા નામદાર ગુજરાત હાઈકોર્ટના આદેશ મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. આ માટે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુસર પાટણ જિલ્લાના રાધનપુર સબ ડીવીઝનના રાધનપુર તાલુકાના દહેગામ, દેલાણા, ગોતરકા, કમાલપુર, નાનીપીપળી, મોટી પીપળી, ધોળકડા, અગીચાણા, કરશનગઢ, પેદાશપુરા, જોરાવરગંજ, છાણિયાથળ, રાધનપુર, મહેમદાવાદ, ઈન્દ્રનગર અને સાંતલપુર તાલુકાના વારાહી, ગોખાંતર, લોપગામડા, લુણીયાણા, ઉંનડી ગામોના સમગ્ર વિસ્તારમાં સરકારી ફરજ ઉપરના કર્મચારીઓ સિવાય ચાર કે તેથી વધુ માણસો એકઠા થવા ઉપર તથા દહેગામના મુળ રહેવાસીઓ સિવાયના અન્ય કોઈપણ ગામના ઈસમોને પરવાનગી સિવાય દહેગામ ગામે પ્રવેશ કરવા પર હાલના વર્તમાન સંજોગો ધ્યાને લેતાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે ઘણુ જ આવશ્યક હોઈ ઉપરોકત જણાવેલ રાધનપુર તાલુકાના તથા સાંતલપુર તાલુકાના ગામોએ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ પ્રતિબંધ મુકવાનું જાહેરનામું સલામતી માટે ઈષ્ટ છે તેવો અમારો અભિપ્રાય થાય છે.

વાસ્તે હું જી. સી. બ્રહ્મભટ્ટ (જી.એ.એસ.) સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, રાધનપુર ઉપર જણાવેલ રાધનપુર તાલુકા અને સાંતલપુર તાલુકાના ગામોમાં સમગ્ર વિસ્તારમાં તારીખ ૩જી સપ્ટેમ્બર, ૧૯૯૮ થી તારીખ ૨જી ઓકટોબર ૧૯૯૮ સુધી સરકારી ફરજ ઉપરના કર્મચારીઓ સિવાયના ચાર કે તેથી વધુ માણસો એકઠા થવા પર તથા દહેગામ ગામના મૂળ રહેવાસીઓ સિવાયના અન્ય કોઈપણ ગામના ઈસમોને અમારી પરવાનગી સિવાય દહેગામ મુકામે પ્રવેશ કરવા પર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલા અધિકારની રૂએ પ્રતિબંધ મુકવા હુકમ કરૂ છું.

જો કે સદરહુ હુકમ વ્યકિતગત રીતે જાહેર જનતાને બજાવી શકાય તેમ નથી તેમ છતાં આ હુકમ કરવો અતિ આવશ્યક હોઈ એક તરફી હુકમ કરવામાં આવે છે.

આ હુકમ તારીખ ૩જી સપ્ટેમ્બર, ૧૯૯૮ થી તારીખ ૨જી ઓકટોબર, ૧૯૯૮ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૩જી માહે સપ્ટેમ્બર, ૧૯૯૮ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

જી. સી. બ્રહ્મભટ્ટ,
સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ,
રાધનપુર.

INDEX

ભાગ-૧

અસાધારણ રાજ્યપત્રની યાદી

(ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખ ૩૦મી જૂન ૧૯૮૭ના ઠરાવ ક્રમાંક મદન /૧૦૮૫/૫૨૯૫/ડ ના આધારે)

તારીખ ૩,૧૦, ૧૭, ૨૪ માહે સપ્ટેમ્બર ૧લી ઓકટોબર, સન ૧૯૯૮ના રોજ પૂરા થયેલા અઠવાડીયામાં નીચે જણાવેલ ગુજરાત સરકારના અસાધારણ રાજ્યપત્રો પ્રસિધ્ધ થયેલા છે.

અનુ. નંબર	અસાધારણ રાજ્યપત્રનો ક્રમાંક અને તારીખ	હોદ્દો
૧	૨	૩
૧	૧૭૫/૨૪મી ઓગસ્ટ ૧૯૯૮	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા.
૨	૧૭૬/૨૭મી ઓગસ્ટ ૧૯૯૮	પોલીસ કમિશનર, વડોદરા શહેર
૩	૧૭૭/૨૭મી ઓગસ્ટ ૧૯૯૮	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.
૪	૧૭૮/૨૭મી ઓગસ્ટ ૧૯૯૮	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ
૫	૧૭૯/૨૮મી ઓગસ્ટ ૧૯૯૮	અધિક જિલ્લા મેજિટ્રેસ્ટ, ખેડા, નડીઆદ
૬	૧૮૦/૩૧મી ઓગસ્ટ ૧૯૯૮	પોલીસ કમીશનર, અમદાવાદ શહેર
૭	૧૮૧/૧લી સપ્ટેમ્બર ૧૯૯૮	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા.
૮	૧૮૨/૫મી સપ્ટેમ્બર ૧૯૯૮	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, નડીઆદ
૯	૧૮૩/૫મી સપ્ટેમ્બર ૧૯૯૮	કલેકટર, પંચમહાલ, ગોધરા.
૧૦	૧૮૪/૮મી સપ્ટેમ્બર ૧૯૯૮	કલેકટર, પંચમહાલ, ગોધરા.
૧૧	૧૮૫/૯મી સપ્ટેમ્બર ૧૯૯૮	ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટ, વડોદરા.
૧૨	૧૮૬/૧૦મી સપ્ટેમ્બર ૧૯૯૮	કલેકટર, પંચમહાલ, ગોધરા.
૧૩	૧૮૭/૧૦મી સપ્ટેમ્બર ૧૯૯૮	જિલ્લા મેજિસ્ટ્રેટ બનાસકાંઠા હિંમતનગર
૧૪	૧૮૮/૧૧મી સપ્ટેમ્બર ૧૯૯૮	પોલીસ કમીશનર, વડોદરા શહેર
૧૫	૧૮૯/૧૬મી સપ્ટેમ્બર ૧૯૯૮	કલેકટર. પંચમહાલ, ગોધરા.
૧૬	૧૯૦/૧૮મી સપ્ટેમ્બર ૧૯૯૮	પોલીસ કમીશનર, વડોદરા શહેર

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

INDEX

REGISTERED No. [illegible]

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] THURSDAY, OCTOBER 8, 1998 / ASVINA 16, 1920 [No. 41

Separate paging is given to [illegible] the supplement to the Central Gazette and Central Section [illegible] as separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I–A, Part I–B, and Part I–L

	Pages		Pages
Part I-Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	384-391	Part I-B-Government Notifications published under Land Acquisition Act only.	799-808
Part I-A-Orders and Notifications, other than those published in Part IV-(under the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette.	41	Part I-L-Notifications, Orders and Awards, other than those published in Parts I,IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.	2205-2271

Miscellaneous Notifications, Appointments, etc.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ (૩) મુજબ.

નંબર ઉ-ગપક/૪૦૫/વિ.શા./૧૯૯૮.—અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું હીરાલાલ, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ (૩) થી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૧૯૯૮ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૮ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં. અગર સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ સરઘસ કાઢવું નહીં.

INDEX

વિસ્તાર.—અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમતનો સમગ્ર વિસ્તાર.

અપવાદ.—આ હુકમ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ ઉપર હોય તથા સ્મશાનયાત્રાઓ અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ (૩) હેઠળ તેમજ ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૫મી માહે સપ્ટેમ્બર, સને ૧૯૯૮ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યા.

હીરાલાલ,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ની પેટા-કલમ (૧) બી હેઠળનો નિયમ.

ક્રમાંક જાહેરનામું/ઉગપક-નં./૯૮—મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માંની કલમ-૩૩ની પેટા-કલમ (૧) બી હેઠળ મળેલ સત્તાની રૂએ વડોદરા શહેરની સુરસાગર અને તેની આજુબાજુ વિસ્તારને પ્રતિબંધીત જાહેર કરવા અંગેનું પ્રાથમિક જાહેરનામા ક્રમાંક : જાહેરનામું-ઉગપક-૬૮૫૭/૯૮ તારીખ ૧લી એપ્રિલ, ૧૯૯૮ મુજબ બહાર પાડવામાં આવેલ ગુજરાત સરકારના ગેઝેટમાં અંક નં. તારીખ ૨જી એપ્રિલ, ૧૯૯૮માં પ્રસિધ્ધ થયેલ જે જાહેરનામા સામે કોઈ વાંધો સુચનો આવેલા ન હોઈ નીચે મુજબનું આખરી જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવે છે.

આખરી જાહેરનામાનો મુસદ્દો

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માંની કલમ-૩૩ એમ હેઠળ મળેલ સત્તાની રૂએ હું કે. એન. શર્મા, પોલીસ કમિશનર, વડોદરા શહેર શહેરની મધ્યમાં આવેલ સુરસાગર સરોવરની આજુબાજુના ધંધા કરનાર તેમજ જાહેર જનતા તરફથી સુરસાગરમાં ફેંકવામાં આવતા એંઠવાડ કચરો, ગંદકીના કારણે તેમજ તેમાં બિન અધિકૃત રીતે છોડવામાં આવતા કેમીકલયુકત પાણીના કારણે તેમજ બીજા અન્ય કારણોસર સુરસાગર સરોવર પ્રદુષિત થતું હોઈ સુરસાગર સરોવર અને તેના ગોળ ફરતો આજુબાજુનો વિસ્તાર એટલે કે બંબાખાનાથી શરૂ કરી ફેકલ્ટી ઓફ પરફોર્મીંગ આર્ટસ થઈ પેટ્રોલ પંપ થઈ પ્રિન્સ ટોકીઝ મહારાણી શાંતાદેવી સ્કુલ થઈ પુન: બંબાખાના સુધીના સુરસાગરને ફરતો "નોન હોકીંગ ઝોની" વિસ્તારને પ્રતિબંધિત વિસ્તાર તરીકે જાહેર કરવા નિયમ કરું છું.

(૧) કોઈપણ નાગરિક સુરસાગરને ફરતે કોઈપણ ધંધો વિગેરેથી જાહેર ઉપદ્રવ ફેલાવે તેવી કોઈપણ પ્રકારની પ્રવૃત્તિઓ કરી શકશે નહીં.

(૨) કોઈપણ નાગરિક સુરસાગર સરોવરનું પાણી પ્રદુષિત થાય તે રીતે કોઈપણ પ્રકારની ચીજવસ્તુઓ સુરસાગર સરોવરમાં ફેંકી શકશે નહીં.

(૩) કોઈપણ નાગરિક સુરસાગરની ચોફેર આવેલ ગટર લાઈનમાં ધંધાની એકમોમાંથી નિકળતું પાણી, કચરો, એંઠવાડ નાંખી શકશે નહીં.

(૪) સુરસાગર તળાવની ચોફેર કોઈપણ જાતનો મેળાવડો કે તમાસા વિગેરે કાર્યક્રમો કે સુરસાગરના પાણીને પ્રતિકુળ અસર પાડતા હોઈ તેવી કોઈપણ પ્રવૃત્તિ કરી શકશે નહીં.

(૫) કોઈપણ નાગરિક કેમીકલયુકત પાણી ડીટરજન્ટ પાવડર, સાબુ વિગેરેને ઉપયોગ કરેલું પાણી નાંખી શકશે નહી.

(૬) કોઈપણ નાગરિક પોતાના ઢોર-ઢાંખર પશુ-પક્ષીઓને નવડાવવા નહીં કે તેમના મળમુત્રનો નિકાલ સુરસાગર સરોવરમાં કરવો નહી સર્કસના કોઈપણ જાનવરો-પશુઓ કે ઢોરને નવડાવી શકશે નહીં.

(૭) સુરસાગર ફરતો કોઈપણ પ્રકારના વાહનોને ઉભા રાખી વાહનો ધોવા નહી.

(૮) કોઈપણ નાગરિક સુરસાગરમાં માછલી પકડી શકશે નહીં અથવા આવી બીજી કોઈપણ પ્રકારની પ્રવૃત્તિ કરી શકશે નહીં.

(૯) કોઈપણ નાગરિક સુરસાગરની પાળ કે રેલીંગ ઉપર બેસી શકશે નહીં.

મેં આજરોજ તારીખ ૧૨મી માહે સપ્ટેમ્બર, ૧૯૯૮ના રોજ મારી સહી કરી સિક્કો કરેલ છે.

કે. એન. શર્મા,
પોલીસ કમિશનર, વડોદરા શહેર.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે કરેલો.

નંબર ડીસીબી / એમએજી / બીપીએ/રજિ.નં.૯/૯૮.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧, (સને ૧૯૫૧ના ૨૨ માં) ની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું આર. સી. ગોહિલ જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી જિલ્લામાં હાલના પ્રવર્તમાન પરિસ્થિતિને લક્ષમાં રાખી જાહેર શાંતિ અને સલામતી કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂં જરૂરી જણાતાં ફરમાવું છું કે નવસારી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ તારીખ ૭મી સપ્ટેમ્બર, ૧૯૯૮ થી ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૯૮ સુધી (બંને દિવસો સુધ્ધાં) ના સમય માટે નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદુક, ચપ્પુ, છરા, લાકડી, લાઠી, અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ.

(ખ) કોઈપણ સ્ફોટક પદાર્થ લઈ જવાની મનાઈ.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

INDEX

(ઘ) કોઈ સરઘસમાં જલતા અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ચ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા પુતળા દેખાડવાની.

(છ) લોકોને બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવા અથવા ટોળામાં ફરવાની.

(જ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની, તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા અને પ્લે બોર્ડ અથવા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બનાવવાની અથવા ફેલાવો કરવાની.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જે તે તેના બદલ ઉંપરી અધિકારીએ પોતાના ફરજના ભાગ રૂપે સોંપ્યા આવું કોઈપણ હથિયાર લઈ જવાનું હોય અથવા એવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, નવસારી અથવા તેણે અધિકૃત કરેલ હોઈ, પોલીસ અધિકારીને જે તે શારીરિક અશકિતને કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉંલ્લંઘન થવાના પ્રસંગે સને-૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને-૧૯૫૧ના ૨૨ માં) કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ૪-ચાર માસની અને વધુમાં વધુ ૧-એક વરસ સુધીની કે ની સજા થવાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૧૯૯૮ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

આર. સી. ગોહિલ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ નંબર ૫૨ માંની કલમ-૩૭ (૧) મુજબનો.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસ.આર/૩૨/૧૯૯૮.—આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરની જાળવણી વાસ્તે.

હું એમ. વાય. દક્ષિણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૨૦મી સપ્ટેમ્બર ૧૯૯૮ થી તારીખ ૪થી ઓકટોબર ૧૯૯૮ સુધી નીચેના કૃત્ય ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, શોટી, બંદૂક, ખંજર, શસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ, કે જેને અઢી ઈંચથી વધારે લાંબુ અને છેડેથી અણીવાળું પાનુ હોય તેવા ચપ્પુ તથા ત્રણ ઈંચથી વધુ લંબાણ ધરાવતું અણીવાળુ ઘાતક શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું તેમજ લાકડી, લાઠી, અથવા શારીરિક નુકશાન પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવા બીજા કોઈ ચીજો લઈ જવાની.

(૨) કોઈપણ રીતે શરીરને હાનિકારક એવી કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું.

(૩) પથ્થરો અથવા બાજા શસ્ત્રો, ફેંકવાની યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા અને તૈયાર કરવાની.

(૪) સળગતો મશાલ અગર સળગાવેલો મશાલ સરઘસ સાથે રાખવાની.

(૫) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(૬) લોકોએ બુમો પાડવાની, ગાતો ગાવાની તેમજ વાજા વગાડવાની

(૭) જે છટાદાર ભાષણ આપવાથી ચાળા પાડવાથી અથવા નકલ કરવાની તથા ચિત્ર, નિશાનીઓ, જાહેર ખબરો અથવા પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાની દેખાડવાની અથવા તે તેનો ફેલાવો કરવનો અથવા અધિકારીઓની અભીપ્રાયો પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યના સલામતી જોખમાતી હોય અથવા તેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાથી તથા ચાળા વિગેરે કરવાની અને તેના ચિત્રો નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની દેખાડવાની તથા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર : અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર.

(પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમતની વિસ્તાર સિવાય.

અપવાદ : આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) (૧) સરકારી નોકરી અથવા કામગીરી હોય તેમને જેતે ઉંપરી અધિકારીઓને આવું કોઈ હથીયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવ કોઈપણ હથીયાર લઈ જવાની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકનો કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથીયાર જેવા કે, સંગીત વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહીં.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, એકઝીકયુટીવ મેજિસ્ટ્ર ટ, જિલ્લા પોલીસ અધિકારી અથવા તેમને અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીઓ જેને શારીરીક અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવા પરવાનગી આપેલ હોય તે યકિતઓને લાગુ પડશે નહીં.

આ જાહેર નામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉંલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ એક હેઠળ ઓછામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની અને દંડની અને ભાટતના ફોજદારી અધિનિયમ (સને ૧૯૬૨ના અધિનિયમની નંબર ૪)ની કલમ-૧૮૮ મુજબ શિક્ષા ને પાત્ર થશે.

આજ તારીખ ૯મી સપ્ટેમ્બર ૧૯૯૮ ના રોજ મારી સહી અને સિકકો કરી આપ્યો.

INDEX

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ નં. ૫૨) માંની કલમ-૩૭ (૩) મુજબનો.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસ.આર. ૩૩/૯૮.— આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી વાસ્તે હું એમ. વાય. દક્ષિણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨ માંની) અધિનિયમની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે, નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તારીખ ૨૦મી સપ્ટેમ્બર, ૧૯૯૮ થી કલાક ૦૦-૦૦ થી તારીખ ૪થી ઓકટોબર, ૧૯૯૮ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

અનુસૂચિ.—(વિસ્તાર) અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર, (પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયનો વિસ્તાર)

ખુલાસો.—આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફુટપાથો તથા ગલીઓ તથા પેટા ગલીઓનો પણ આ રસ્તામાં સમાવેશ થાય છે.

અપવાદ.—આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેવી ફરજ ઉપર હોય તથા ધાર્મિક અગર મરણોત્તર અથવા તો તે અંગેની અધિકૃત સત્તાધિકારીની પાસેથી મંજૂરી મેળવી હોય તો સભા સરઘસો લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને-૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના- ૫માં અધિનિયમ) ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૯મી સપ્ટેમ્બર, ૧૯૯૮ ના રોજ મારી સહી અને સિક્કો કર્યો.

એમ. વાય. દક્ષિણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૧) અન્વયે કાઢેલ.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી. નં. ૪૨/૯૮. —મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) પ્રમાણે મળેલ સત્તાની રૂએ હું સી. બી. પરમાર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ હાલની પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને જિલ્લામાં જાહેર શાંતિ અને સલામતી તેમજ કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતા ફરમાવું છું કે વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ તારીખ ૧૭મી સપ્ટેમ્બર ૧૯૯૮ થી તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૧૯૯૮ સુધી (બંને દિવસો સુધ્ધા) ના સમય માટે નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદૂક, ચપ્પુ, છરી, લાકડી લાઠી, અથવા શારીરીક ઈજા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ.

(ખ) કોઈપણ સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો, અથવા સાધનો સાથે લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ગ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(ચ) લોકોને બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળીમાં ફરવાની.

(છ) જેનાથી સુરૂચ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવા તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ઠા કરવાની તથા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડ, અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવી બતાવવા તથા ફેલાવો કરવાની,

આ હુકમ ખંડ(ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિત કે જેને ઉપરી અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવાનું હોય, અથવા તેવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી વલસાડ અથવા તેણે અધિકૃત કરેલ કોઈ પોલીસ અધિકારીએ જેને શારીરીક અશકિતને કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ, આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યકિતને.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૬૧ ના મુંબઈ પોલીસ અધિનિયમને (સને ૧૯૫૧ના ૨૨માં કાયદાની) કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એ વર્ષ સુધીની કેદની સજા થશે.

આજ રોજ તારીખ ૧૬મી સપ્ટેમ્બર ૧૯૯૮ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧(૨૨માં)ની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલો.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ /રજી. ૪૩ /૯૮. —જિલ્લામાં આગામી પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને જાહેર શાંતિ અને સલામતી સારૂ સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવી જરૂર જણાય છે.

વાસ્તે હું સી.બી. પરમાર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, વલસાડ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ ના અધિનિયમ-૨૨મા) ની કલમ-૩૭ ની પેટા કલમ (૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે વલસાડ જિલ્લામાં તારીખ ૧૭મી સપ્ટેમ્બર ૧૯૯૮ થી ૩૦મી સપ્ટેમ્બર ૧૯૯૮ સુધી (બન્ને દિવસો સહિત) ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી નહી કે બોલાવવી નહી કે સરઘસ કાઢવું નહીં. તેમજ ચારથી વધુ વ્યકિતઓએ (એકત્ર) ભેગા થવું નહી.

INDEX

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રા કે એસ. ટી. બસમાં રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા મંદિર મસ્જિદ દેવળમાં પ્રાર્થના માટે જતી બોનાફાઇડ વ્યકિતઓને લાગુ પડશે નહી.

આ હુકમનો ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨માં) ની કલમ ૧૩૫ (૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૧૬મી સપ્ટેમ્બર ૧૯૯૮ ના રોજ મારી સહી સિક્કા કરી આપવામાં આવ્યા છે.

સી. બી. પરમાર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમ. એ. જી.-વશી.-૨૩૧૧ થી ૨૩૨૮.— નર્મદા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતું થી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતું માટે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી-સરઘસ ની મનાઈ કરવાનું મને જરૂર જણાય છે.

તેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨માં) ની કલમ ૩૭(૩) થી મને મળેલ સત્તાની રૂએ હું આર. એમ. ચૌધરી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા (રાજપીપલા) આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૧ લી સપ્ટેમ્બર, ૧૯૯૮ ના દિવસે સવારના ૦૦-૦૦ કલાક થી તારીખ ૧૫ મી સપ્ટેમ્બર, ૧૯૯૮ ના રોજ સાંજના ૨૪-૦૦ સુધી (બન્ને દિવસો સુધ્ધા) ની મુદત માટે નર્મદા જિલ્લામાં ચાર કરતા વધુ વ્યકિતઓની કોઈ મંડળી સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

અનુસૂચિ

વધુમાં હું આદેશ કરું છું કે, આ હુકમની નીચેનાને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને
(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને
(૩) કોઈ લગ્નના વરઘોડાને.
(૪) કોઈપણ સ્મશાનયાત્રાને.

આ હુકમના ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૫(૧) મુજબ અને ભારના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ (સને ૧૮૬૦ ના ૪૫ માં) ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧ લી સપ્ટેમ્બર, ૧૯૯૮ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭(૧) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમ.એ.જી.-વશી-૨૩૨૯ થી ૨૩૪૬.—નર્મદા જિલ્લામાં કાયદો વ્યવસ્થાના પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ ની પેટા કલમ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું આર. એમ. ચૌધરી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા જાહેર શાંતિ અને સલામતી સારૂ ફરમાવું છું કે કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૧લી સપ્ટેમ્બર ૧૯૯૮ થી તારીખ ૧૫મી સપ્ટેમ્બર ૧૯૯૮ સુધી

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, ધારીયા ધોકા, છરા, લાકડી કે લાઠી અથવા શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવું બીજુ કોઈ સાધન સાથે લઈ જવું નહી.

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહી.

(૩) પથ્થર અથવા હાનિકારક પ્રવાહી, રસાયણ છાંટવા અથવા મુકવા નહી, અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના યંત્રો અથવા સાધનો લઈ જવા નહી. એકઠા કરવા નહી, તથા તૈયાર કરવા નહી.

(૪) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી.

(૫) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા, નહી. અશ્લિલ ગીતો ગાવા નહી અથવા ટોળામાં ફરવું નહી.

(૬) જેનાથી સુરૂચિ નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં તેવા હાવભાવ કરવા નહીં તથા તેવા ચિત્રો પત્રિકા, પોષ્ટકાર્ડ અથવા બીજા કોઇ પણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહીં, બતાવવા નહીં, તથા તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમ નીચેની વ્યકિતને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઇ વ્યકિતઓને કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઇ પણ હથિયાર લઇ જવાનું ફરમાવ્યું હોય, અથવા આવું કોઈપણ હથિયાર લઇ જવાની તેના ફરજ હોય,

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ તેને અધિકૃત કરેલા કોઇ પણ પોલીસ અધિકારીને જેને શારીરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઇ જવાની પરવાનગી આપી શકાય તે વ્યકિતને

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી નર્મદા અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી નર્મદા આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઇ વ્યકિતઓને.

અનુસૂચિ

" નર્મદા જિલ્લાનો સમગ્ર વિસ્તાર "

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાના અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

આજ તારીખ ૧લી સપ્ટેમ્બર ૧૯૯૮ ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો.

આર. એમ. ચૌધરી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા (રાજપીપળા).

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૩) અન્વયે.

નંબ ઉં/મકપ/પલસ/મજશ/વશી ૪૨૭૪ થી ૪૩૨૪.—તાજેતરમાં આવશ્યક ચીજવસ્તુઓમા થયેલ ભાવ વધારાને લીધે વિરોધ પક્ષો તેમજ કેટલાક વેપારી મંડળોએ તારીખ ૧૮મી સપ્ટેમ્બર ૧૯૯૮ના રોજ ગુજરાત બંધનું એલાન આપેલ છે. જેના અનુસંધાને કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે સમગ્ર જિલ્લામાં અમલમાં રહે તે પ્રમાણેનું ચાર કરતાં વધુ વ્યકિતઓ એકઠા ન થાય તે માટેનું જાહેરનામું આગમી દિવસોમાં કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઇ રહે તેમજ ખલેલ ન પહોંચે તે માટે સમગ્ર પંચમહાલ જિલ્લામાં ચાર કરતાં વધુ માણસો એકઠા થવા પર તેમજ સભા સરઘસ ઉંપર પ્રતિબંધ મુકવાની જરૂરીયાત જણાય છે.

તેથી હું જે. એમ. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના મુંબઇના ૨૨માં અધિનિયમની કલમ ૩૭ (૩) મુજબ મને મળેલ સત્તાની રુંઇએ ફરમાવુ છુ કે પંચમહાલ ગોધરા જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં તારીખ ૧૬મી સપ્ટેમ્બર ૧૯૯૮ થી તારીખ ૨૦મી સપ્ટેમ્બર ૧૯૯૮ (બંને દિવસો સહીત)ચાર કરતા વધુ માણસો એકઠા થવુ નહી કે સરઘસ કાઢવુ નહી.

અપવાદ :

આ હુકમ ફરજ પરના સરકારી કર્મચારીઓ તેમજ લગ્ન મરણ જેવા સામાજીક અને ધાર્મિક પ્રસંગોએ માણસો એકઠા ના થવા પર લાગુ પડશે નહી. આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૧૩૫ (૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમને સને ૧૯૬૦ ના ૪૫માં અધિનિયમની કલમ ૧૮૮ મજબ સજા થશે.

ગોધરા, તારીખ ૧૬મી સપ્ટેમ્બર ૧૯૯૮.

જે. એમ. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ.
પંચમહાલ, ગોધરા.

કલેકટર દ્વારા

વંચાણમાં લીધું :—

(૧) અન્ન નાગરિક પુરવઠા અને ગ્રા. બા. ના વિભાગના તારીખ ૧લી મે, ૧૯૯૮ ના પત્ર ક્રમાંક ઈસીએ/૧૦૯૬/૩૬૩/બ.

(૨) અત્રેની કચેરીના આદેશ નં. સપ/વશી/૪૨૮/૯૮, તારીખ ૧૨મી મે ૧૯૯૮.

(૩) અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રા. બા. ના વિભાગના પત્ર ક્રમાંક : ઈસોએ/૧૦૯૮/૩૬૩/બ તારીખ **૧૪મી** ઓગષ્ટ, ૧૯૯૮.

આદેશ

નંબર સપ/વશી/૧૫૦૨/૯૮.—આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ, ૧૯૯૫ ની કલમ-૨ (ii-વ) હેઠળ મળેલ સત્તાની સોંપણી બાબતે **આમુખ-૧ ના પત્ર અન્વયે અત્રેથી** આમુખ-૨ મુજબનો આદેશ **કરવામાં આવેલ છે.** આમુખ-૩ મુજબ સત્તાની સોંપણીના હુકમોમાં સુધારા કરતા હુકમો કરવા જણાવેલ છે.

આથી હું, હિમાંશું શેઠ, જી. એ. એસ. કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ-૧૯૫૫ની કલમ-૨(ii-વ) નીચે મળેલ સત્તાની રૂઈએ સદર અધિનિયમની કલમ-૬ (એ) અને કલમ-૬ (બી) ના મળેલ અધિકારો પૈકી રૂા. બે લાખ સુધીનો માલ મિલ્કતના કિસ્સામાં આવશ્યક ચીજવસ્તુઓના અધિનિયમ-૧૯૫૫ની કલમ-૬-એ હેઠળની કાર્યવાહી કરવાના અધિકાર નિયામકશ્રી, નાગરિક પુરવઠા કચેરી હેઠળના રાજ્ય તપાસણી એકમના સંયુકત / નાયબ નિયામકશ્રી, તથા રૂા. બે લાખથી વધુ કિંમતના માલ મિલ્કતના કિસ્સામાં કલમ-૬-એ હેઠળની કાર્યવાહી નિયામકશ્રીએ કરવા / વાપરવા અધિકૃત કરવા સુધારા આદેશ કરું છું.

પાટણ, તારીખ ૨૯મી ઓગષ્ટ, ૧૯૯૮.

હિમાંશુ શેઠ,
કલેકટર, પાટણ.

વંચાણમાં લીધું :—(૧) અત્રેની કચેરીના આદેશ નંબર સપ/સીઝર/વશી/૮૩૬ થી ૮૫૬/૯૮ તારીખ ૨૫મી મે ૧૯૯૮.

(૨) સંયુકત સચિવ શ્રી, અન્ન નાગરિક પુરવઠા અને ગ્રા. બા. વિભાગ, ગાંધીનગરનો પત્ર ક્રમાંક ઇસીએ/૧૦૯૮/૩૬૩/બ, તારીખ ૧૪મી ઓગસ્ટ ૧૯૯૮

સુધારા હુકમ

નંબર સપ/સીઝર/વશી/૧૯૧૨ થી ૧૯૩૨/૯૮.—આમુખ-૧ના અત્રેની કચેરીના તારીખ ૨૫મી મે ૧૯૯૮ ના હુકમથી આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ ૧૯૫૫ની કલમ-૧ (ii-a) નીચે મળેલ સત્તાની રૂએ સદર અધિનિયમની કલમ-૬ એ અને કલમ-૬બીના મળેલ અધિકારો પૈકી નિયામક નાગરીક પુરવઠા ગુજરાત રાજ્યની કચેરીના રાજ્ય તપાસણી એકમ દ્વારા સ્થગિત કરેલ માલ મિલકતના કેસોમાં તેવી માલ મિલકતની કિંમત રૂપિયા એક લાખથી ઓછી હોય તો નિયામક નાગરીક પુરવઠા કચેરીના સંયુકત નાયબ નિયામકને અને તેવી માલ મિલતકતની કિંમત રૂપિયા એક લાખ કે તેથી વધારે હોય તો નિયામક નાગરિક પુરવઠાને વાપરવા અધિકૃત કરવાનો હુકમ કરેલ છે.

આમુખ-૨ થી સરકારશ્રીએ અત્રેના આમુખ-૧ ના હુકમથી આપેલ અધિકારો, બાબતે સુધારા હુકમ કરવા અત્રે જણાવેલ છે.

સબબ અત્રેના આમુખ-૧ ના હુકમમાં નીચે પ્રમાણે સુધારા હુકમ કરવામાં આવે છે. નિયામક નાગરીક પુરવઠા ગુજરાત રાજ્યની કચેરીના રાજ્ય તપાસણા એકમ દ્વારા સ્થગિત કરેલ માલ મિલકતની કિંમત રૂપિયા બે લાખ સુધીની હોય તો નિયામક નાગરાક પુરવઠા કચેરીના સંયુકત નાયબ નિયામકને અને તેવા માલ મિલકતની કિંમત રૂપીયા બે લાખ ઉપરથી હોય તો નિયામકશ્રી નાગરાક પુરવઠાને વાપરવા અધિકૃત કરવાનો આથી સુધારા હુકમ કરવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૫મી સપ્ટેમ્બર ૧૯૯૮.

INDEX

વંચાણમાં લીધું :— (૧) અત્રેની કચેરીનો હુકમ નં. સપ / કસન /ભા.વ. / વશી / ૨૨૧ થી ૨૮૦/૯૮, તારીખ ૧૫મી જાન્યુઆરી, ૧૯૯૮.
(૨) સરકારશ્રીના અન્ન, ના. પુ. અને ગ્રા. બા. ના વિભાગનો પત્ર ક્રમાંક : કસન / ૧૧૯૭ / ૨૩૫૪'ખ તારીખ ૧૧મી-જુલાઈ, ૧૯૯૮.
(૩) ધી કેરોસીન રીસ્ટ્રીક્શન ઓફ યુઝ એન્ડ ફીકસેશન ઓફ સીલીંગ પ્રાઈઝ ઓર્ડર, ૧૯૯૩.

હુકમ

નંબર સપ / કસન / ભા. વ. / ૨૧૩૩ થી ૨૨૮૨/૯૮.—આમુખ (૧) માં જણાવેલ અત્રેની કચેરીના તારીખ ૧૫મી જાન્યુઆરી, ૧૯૯૮ના હુકમથી મહેસાણા જિલ્લામાં જુદા જુદા કેન્દ્રો માટે કેરોસીન એજન્ટો / જથ્થાબંધ વિક્રેતાઓ તેમજ છુટક વિક્રેતાઓના સિધ્ધપુર-(સુજાણપુર) ડેપોથી પ્રાપ્ત થતાં કેરોસીનના વેચાણ ભાવો ઠરાવવામાં આવેલ છે.

આમુખ (૨) માં જણાવેલ સરકારશ્રીના તારીખ ૧૧મી જુલાઈ, ૧૯૯૮ ના પત્રથી કેરોસીનના છુટક વિક્રેતાના હાલમાં મળતા કમિશન (રૂા. ૬૯.૦૦) માં વધારો કરી રૂા. ૧૧૩.૦૦ પ્રતિ કિલોલીટરરે નક્કી કરેલ છે. એટલે કે હાલના મળતા કમિશનમાં રૂા. ૪૪.૦૦ નો વધારો નક્કી કરેલ છે.

આમ સરકારશ્રીએ કેરોસીનના છુટક વિક્રેતાના કમિશનમાં વધારો કરેલ હોઈ તેમજ સિધ્ધપુર (સુજાણપુર) ડેપોથી પ્રાપ્ત થતા કેરોસીનના ભાવોમાં દર કિલોલીટરએ રૂા. ૧/૬૫ નો વધારો થતાં અત્રેના તારીખ ૧૫મી જાન્યુઆરી, ૧૯૯૮ ના હુકમથી નક્કી કરેલ કેરોસીનના વેચાણ ભાવમાં વધારેલ કમિશન તથા કેરોસીનના ભાવમાં થયેલ વધારો લઈ નવેસરથી કેરોસીનના વેચાણભાવ નક્કી કરવાના થાય છે.

સબબ સમગ્ર બાબતો ધ્યાને લઈ ધી કેરોસીન રીસ્ટ્રીકશન ઓફ યુથ એન્ડ ફીકસેશન ઓફ સીલીંગ પ્રાઈઝ ઓર્ડર, ૧૯૯૩ અન્વયે મને મળેલ સત્તાની રુઈએ હું આર પી. ગુપ્તા (આઈ. એ. એસ.) જિલ્લા કલેકટર, મહેસાણા કેરોસીન એજન્ટ તથા જથ્થાબંધ વિક્રેતાઓએ છુટક વિક્રેતાઓને તથા છુટક વિક્રેતાઓએ ગ્રાહકોને વેચાણ કરવાના કમિશન સાથેના ભાવો કેન્દ્રવાર નીચે મુજબ આ સાથેની શરતોને આધીન રહીને-ઠરાવું છું.

અનુ. નંબર	સેન્ટરનું નામ	કેરોસીન એજન્ટે જથ્થાબંધ વિક્રેતાને ૧૦૦૦ લીટર વેચાણ આપવાનો ભાવ.	જથ્થાબંધ વિક્રેતાએ રીટેઈલર / ફેરીયાને ૧૦૦૦ લીટર વેચાણ આપવાનો ભાવ	રીટેઈલર/ફેરીયાએ ગ્રાહકોને ૧ (એક) લીટર વેચાણ આપવાનો ભાવ
૧	૨	૩	૪	૫
૧	મહેસાણા ...	૨૬૩૦.૮૦	૨૬૩૦.૮૦	૨.૮૦
૨	આંબલીયાસણ ...	૨૬૧૯.૫૦	૨૬૧૯.૫૦	૨.૭૫
૩	નાગલપુર ...	૨૬૨૫.૫૦	૨૬૨૫.૫૦	૨.૭૫
૪	જોટાણા ...	૨૬૨૯.૫૦	૨૬૨૯.૫૦	૨.૮૦
	વિજાપુર ...	૨૬૨૯.૫૦	૨૬૨૯.૫૦	૨.૮૦
૬	કુકરવાડા ...	૨૬૧૯.૫૦	૨૬૧૯.૫૦	૨.૭૫
૭	ગોઝારીયા ...	૨૬૧૯.૫૦	૨૬૧૯.૫૦	૨.૭૫
૮	લાડોલ ...	૨૬૧૯.૫૦	૨૬૧૯.૫૦	૨.૭૫
૯	વિસનગર ...	૨૬૨૯.૫૦	૨૬૨૯.૫૦	૨.૮૦
૧૦	ગોઠવા ...	૨૬૧૯.૫૦	૨૬૧૯.૫૦	૨.૭૫
૧૧	ઉમતા ...	૨૬૧૯.૫૦	૨૬૧૯.૫૦	૨.૭૫

INDEX

૧	૨		૩	૪	૫
૧૨	કલોલ	...	૨૬૪૮.૫૦	૨૬૪૮.૫૦	૨.૮૦
૧૩	નારદીપુર	...	૨૬૧૯.૫૦	૨૬૧૯.૫૦	૨.૭૫
૧૪	કડી	...	૨૬૪૨.૬૯	૨૬૪૨.૬૯	૨.૮૦
૧૫	ઝુલાસણ	...	૨૬૧૯.૫૦	૨૬૧૯.૫૦	૨.૭૫
૧૬	નંદાસણ	...	૨૬૧૯.૫૦	૨૬૧૯.૫૦	૨.૭૫
૧૭	વડનગર	...	૨૬૨૯.૫૦	૨૬૨૯.૫૦	૨.૮૦
૧૮	ખેરાલું	...	૨૬૨૯.૫૦	૨૬૨૯.૫૦	૨.૮૦
૧૯	સતલાસણા	...	૨૬૧૯.૫૦	૨૬૧૯.૫૦	૨.૭૫
૨૦	ડભોડા	...	૨૬૧૯.૫૦	૨૬૧૯.૫૦	૨.૭૫
૨૧	જગુદણ	...	૨૬૩૪.૨૭	૨૬૩૪.૨૭	૨.૮૦
૨૨	બેચરાજી	...	૨૬૧૯.૫૦	૨૬૧૯.૫૦	૨.૭૫
૨૩	મોઢેરા	...	૨૬૧૯.૫૦	૨૬૧૯.૫૦	૨.૭૫

શરતો :

(૧) જે વિક્રેતાઓ સ્ટોરેજ ટેન્કની સુવિધા ધરાવતા નથી તેમની પાસેથી ઓઈલ કંપની અલાયદી રીતે રૂા. ૪૩.૦૦ કિલોલીટર દીઠ વસૂલ કરશે.

(૨) જ્યારે કેરોસીન એજન્ટ, કેરોસીન જથ્થાબંધ વિક્રેતાને વેચાણ કરશે ત્યારે કેરોસીન એજન્ટએ કેરોસીન જથ્થાબંધ વિક્રેતા પાસેથી કિલો લીટરદીઠ રૂા. ૪૦/૩૦ ભાવ ઓછો લેવાનો રહેશે.

(૩) સેન્ટરથી ૫ કી. મી. ફરતાં વધુ દુરના સ્થળ માટે ૧ લીટરના ૦.૦૫ પૈસા પ્રમાણે વધુ ભાવ ગણવાના રહેશે.

(૪) ઉપરના ભાવોમાં તમામ સ્ટેજે આવતા કમિશનની રકમનો સમાવેશ કરવામાં આવેલ છે.

(૫) આ હુકમનો અમલ તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૧૯૯૮ થી કરવાનો રહેશે.

(૬) ઉપરોકત બાંધેલ ભાવોથી વધુ ભાવો એજન્ટ/જથ્થાબંધ વિક્રેતા કે છુટક વિક્રેતા/ફેરીયા લઈ શકશે નહીં.

(૭) ઉપરોકત ભાવો સિધ્ધપુર (સુજાણપુર) ઈન્સ્ટોલેશન પોઈન્ટ ઉપરથી સપ્લાય થતાં કેરોસીનના જથ્થાને લાગુ પડશે.

(૮) ઉપરના ભાવોમાં સુટલટેક્ષ/સરચાર્જ/સ્થાનિક જકાત વિગેરે મજરે આપવામાં આવેલ છે.

(૯) આ ભાવો જાહેર થયા પછી અગર તો નવીન ભાવો જાહેર થાય ત્યાં સુધી સ્થાનિક જકાતમાં ફેરફાર થાય તે ફેરફાર પ્રમાણે ગણતરી કરી મામલતદારશ્રીએ નવીન ભાવ ઠરાવવાના રહેશે અને તે પ્રમાણે ઠરાવેલ ભાવોથી વિતરણ કરી શકાશે.

(૧૦) આ ભાવો જાહેર થયા બાદ અગાઉના ભાવો અમલમાં રહેશે નહીં.

(૧૧) કેરોસીન વેચાણ કરતા એજન્ટ / જથ્થાબંધ વિક્રેતા / છુટક વિક્રેતાઓએ પોતાની દુકાનના પ્રવેશદ્વાર આગળ ભાવ જથ્થાનું બોર્ડ-- ગ્રાહકો જોઈ શકે રીતે પ્રદર્શીત કરવાનું રહેશે.

(૧૨) ફેરીયાએ પોતાની લારી ઉપર છુટક વેચાણભાવ પ્રદર્શીત કરવાનો રહેશે.

ઉપરોકત દર્શાવેલ ભાવો કરતાં વધુ ભાવ લેનાર સામે આવશયક ચીજવસ્તુ ધારા, ૧૯૫૫ હેઠળ કાયદેસરનાં પગલાં લેવામાં આવશે.

મહેસાણા, તારીખ ૯મી સપ્ટેમ્બર, ૧૯૯૮.

આર. પી. ગુપ્તા,
કલેકટર, મહેસાણા.

PRINTED AT THE GOVERNMENT PRESS. VADODARA.

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] THURSDAY, OCTOBER 15, 1998 / ASVINA 23, 1920 [No. 42

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages			Page
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	392-398	Part I-B	Government Notifications published under Land Acquisition Act only.	809-821
Part I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	42	Part I-L	Notifications, Order and Awards other than those published in Parts I, IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	2272-2347

GOVERNMENT NOTIFICATIONS, APPOINTMENTS ETC.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૨ની કલમ-૩૩ (૧) (ખ) અન્વયેનો.

નંબર ડીસી/એમએજી/ એસ.આર./૩૪/૯૮.—અમદાવાદ જિલ્લાની મહેસુલી સરહદમાં પસાર થતા મોજે બાવલીયારી તાલુકો ધંધુકા પાસે ખાડી પર રસ્તાના કી. મી. ૧૨૮/૨ થી ૧૨૮/૪ માં આવેલ પુલની ક્ષમતા જોતા ૨૦ મે. ટનથી વધારે વજનવાળા વાહનોને પસાર ન થવા દેવા તેમજ પુલ પરથી પસાર થતા વાહનોની ઝડપ કલાકના ૨૦ કી. મી. સુધી સીમિત રાખવાનું તકેદારીના પગલાં તરીકે જરૂરી જણાતું હોવાથી મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ખ) અન્વયે નીચે મુજબનું જાહેરનામું બહાર પાડવું જાહેર હિતમાં અનિવાર્ય, આવશ્યક અને ઈષ્ટ જણાય છે.

વાસ્તે હું વી. એસ. ગઢવી, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ તે ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (ખ) થી મને મળેલ સત્તાની રૂએ અમદાવાદ જિલ્લાના મહેસુલી હદમાંથી પસાર થતા ધંધુકા તાલુકાના બાવલીયા ગામ પા ખાડી પર રસ્તાના કિ. મી. ૧૨૮/૨ થી ૧૨૮/૪ માં આવેલ પુલ ઉપર ૨૦ મેટ્રીક ટનથી વધારે વજનવાળા વાહનોને પસાર ન થવા તેમજ પુલ પરથી પસાર થતા વાહનોની મહત્તમ ગતિ મર્યાદા કલાકના ૨૦ કિ. મી. સુધી સીમિત રાખવા હુકમ કરું છું.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત / વાહન ચાલક મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૧ (૪) તેમજ ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૮ માહે સપ્ટેમ્બર, ૧૯૯૮ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

———

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, સને ૧૯૭૩ ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર ડીસી/એમએજી/એસ.આર/૩૮/૧૯૯૮.—કેટલાક રાજકીય પક્ષોએ તારીખ ૧૮મી સપ્ટેમ્બર ૧૯૯૮ ના રોજ ગુજરાત બંધનુ એલાન આવેલ છે. તેમજ આગામી નવરાત્રિ અને દશેરાના તહેવારો દરમ્યાન જાહેર ત્રાસદાયક કૃત્યો થવાની શકયતા રહે છે અને તેવા કૃત્યોથી લોકોને અડચણ, ત્રાસ, અથવા ઈજા થવાની અથવા જાહેર સુલેહ શાંતિનો ભંગ થવાની તથા બખેડો કે હુલ્લડ થવાની પ્રબળ શકયતા રહે છે.

અને તેમ છતાં અટકાવવું જરૂરી હોવાથી ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ ની કલમ ૧૪૪ મુજબ પગલાં લેવા માટેના પુરતા કારણો અસ્તિત્વમાં હોવાનું મારૂ માનવું છે.

તેથી હું વી.એસ. ગઢવી, જીલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ ની કલમ-૧૪૪ ધળે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે

અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તારીખ ૧૭મી સપ્ટેમ્બર ૧૯૯૮ થી તારીખ ૧લી ઓકટોબર ૧૯૯૮ (બન્ને દિવસો સહિત) દરમ્યાન કોઈપણ વ્યકિતએ જાહેર રસ્તા ઉપર જતા આવતા રાહદારીઓ અથવા વાહનોને રોકવા નહી. તેમજ કોઈ અશ્લિલ અરૂચિકર કે ત્રાસદાયક લેખાય તેવા કોઈ પણ કૃત્યો કરવા નહી.

ઉપરોકત હુકમનો ભંગ કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ ની કલમ ૧૪૪ મુજબ શિશાને પાત્ર થશે

આજ તારીખ ૧૭મી સપ્ટેમ્બર ૧૯૯૮ ના રોજ મારી સહી અને સિકકો કરી આપ્યા.

વી. એસ. ગઢવી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

———

આખરી જાહેરનામું

નંબર ડીસીબી / હોટલ / બીપીએ / રજિ.૪૩/૯૮.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં) કલમ-૩૩ ની પેટા-કલમ (૧) ના ખંડ (ડબલ્યુ) થી મળેલી સત્તાની રૂએ હું પંકજકુમાર આઈ.એ.અસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ રાજય સરકારની પૂર્વે મંજૂરી લઈને વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે આહારગૃહો ખોલવા, ચલાવવા માટે લેવા પડતા રજિસ્ટ્રેશન અંગેના સુધારેલા આખરી નિયમો કરે છે.

(૧) આ નિયમો સને ૧૯૯૮ ના આહારગૃહોના નોંધણી (રજિસ્ટ્રેશન) બાબતના (સુધારેલા) નિયમો કહેવાશે.

(૨) તે સમગ્ર વલસાડ જિલ્લાને લાગુ પડશે.

(૩) તે સને ૧૯૯૮ તારીખ ૧લી ઓકટોબર, ૧૯૯૮ થી અમલમાં આવશે.

(૪) સને ૧૯૮૯ ના આહારગૃહ નોંધણીના નિયમોના નિયમ-૫ માં અરજદારે નોંધણી પ્રમાણપત્ર ફી નીચે જણાવેલ દરે રહેશે.

	રૂા.
(અ) નોંધણી પ્રમાણપત્ર રજિસ્ટ્રેશન ફી દશ વર્ષ માટે	૨,૫૦૦
(બ) નોંધણી પ્રમાણપત્ર રજિસ્ટ્રેશન રીન્યુઅલ ફી દશ વર્ષ માટે.	૨,૫૦૦
(ક) જો દશ વર્ષ કરતાં ઓછા સમય માટે નોંધણી. પ્રમાણપત્રનું રજીસ્ટ્રેશન કરાવવાનું હોય / રીન્યુ કરાવવાનું હોય તો એક વર્ષના ભાગ અંગે રૂા. ૨૫૦ ના દરે ફી લઈ નોંધણી પ્રમાણપત્ર આપી શકાશે / તાજુ કરી આપી શકાશે.	...
(ડ) કોઈ મેળા કે હંગામી બજાર કે જે એક અઠવાડીયાથી વધુ મુદત માટે ચાલુ હોવાનું ન હોય તેવા સ્થળે હંગામી ધોરણે આહારગૃહ ચલાવવા માટે રૂા. ૭૫ ફી વસુલ લઈ હંગામી ધોરણે નોંધણી પ્રમાણપત્ર આપી શકાશે.	...
(ઈ) ચાલુ આહારગૃહો માટે નોંધણી પ્રમાણપત્રની મુદત પુરી થયેથી નવા દરો લાગુ કરવાના રહેશે.	...

વલસાડ, તારીખ ૧૭મી સપ્ટેમ્બર ૧૯૯૮.

પંકજ કુમાર,
જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ.

———

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલ.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી. નં. ૧૧/૯૮.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં) ની કલમ-૩ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું. આર. સી. ગોહિલ, જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી જિલ્લામાં આગામી નવરાત્રિના તહેવાર આવતો હોવાથી જાહેર શાંતિ અને સલામતી કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિની જાળવવા સારૂ જરૂરી જણાતા ફરમાવું છું કે નવસારી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ પણ વ્યકિતએ તારીખ ૨૧મી સપ્ટેમ્બર ૧૯૯૮ થી તારીખ ૩જી ઓકટોબર ૧૯૯૮ સુધી (બંને દિવસો સુધ્ધા)ના સમય માટે નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

INDEX

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદૂક, ચપ્પુ, છરા, લાકડી લાઠી અથવા શારીરીક હિંસા પહોંચાડવામા ઉપયોગ થઇ શકે તેવા બીજી ચીજો લઇ જવાની મનાઇ.

(ખ) કોઇપણ સ્ફોટક પદાર્થ લઇ જવાની મનાઇ.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો, અથવા સાધનો લઇ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ઘ) કોઇ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઇ જવાની

(ચ) વ્યકિતઓ અથવા તેના સબ અથવા પુતળા દેખાડવાની.

(છ) લોકોને બુમ પાડવાની ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની અપમાન કરવાના ઇરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની.

(જ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ઠા કરવાની તથા ચિત્રો પત્રિકા અને પ્લેકાર્ડ અથવા બીજા કોઇ પણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બનાવવાની અથવા ફેલાવો કરવાની.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી:—

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જે તે તેના ઉપરી અધિકારીએ પોતાની ફરજના ભાગ રૂપે સોંપ્યા બદલ આવું કોઇ પણ હથિયાર લઇ જવાનું હોય અથવા અવું કોઇ પણ હથિયાર લઇ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, નવસારી અથવા તેણે અધિકૃત કરેલ કોઇ પોલીસ અધિકારીને જે તે શારીરિક અશકિતને કારણે અથવા લાઠી લઇ જવાની પરવાનગી આપી હોય તેતી વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાના કોઇ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન થવાના પ્રસંગે સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમને (સને ૧૯૫૧ના ૨૨માં) કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછા ચાર માસની અને વધુમાં વધુ એક વરસ સુધીની કેદની સજા થવાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૮મી સપ્ટેમ્બર ૧૯૯૮ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

આર. સી ગોહિલ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

જાહેરનામું

આહારગૃહો ખોલવા ચલાવવા માટે લેવા પડતા રજિસ્ટ્રેશન અંગેના નિયમોમાં નિયમ-૫માં સુધારા કરવા બાબત.

નંબર પીઓએલ/૧૧૧૪/પીઓએલ/ટાટલ/વશી-૫૮૬ થી ૬૨૪.—સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના મુંબઇના ૨૨માં) ની કલમ-૩૩ની કલમ (૧) ડબલ્યુ થી મળેલ સત્તાની રૂએ આણંદ જિલ્લાના જિલ્લા મેજિસ્ટ્રેટ, રાજ્ય સરકારની અગાઉથી સંમતિ અનુસાર આણંદ જિલ્લાના સને ૧૯૮૯ ના આહારગૃહોની નોંધણી રજીસ્ટ્રેશન) બાબતના કરેલા નિયમો નંબર પીઓએલ/વશી-૧૧૧૪/ઉમકલ/૨૦/૮૯, તારીખ ૧૯મી ઓગસ્ટ ૧૯૮૯ થી પ્રસિધ્ધ કરેલા છે. જેમાં નિયમ ૫ સુધારવા નીચેના નિયમો પ્રસિધ્ધ કરવામાં આવે છે.

(૧) આ નિયમો સને ૧૯૯૮ના આહારગૃહોના નોંધણી (રજીસ્ટ્રેશન) બાબતના સુધારા નિયમો કહેવાશે.

તે સને ૧૯૯૮ ના ઓગસ્ટ માસની ૧લી અમલમાં આવશે અને ચાલુ આહારગૃહો માટે નોંધણી પ્રમાણપત્રની મુસુદત પુરી થયેથી આ નવા દરો લાગુ પડશે.

(૨) સદરહું સને ૧૯૮૯ ના મુળ નિયમોના નિયેમ-૫ માં નિયમ-૫ અને બદલે નવો નિયમ-૫, પ્રમાણે દાખલ કરવામાં આવે છે.

નિયમ-૫.—

(અ) નોંધણી પ્રમાણપત્ર રજીસ્ટ્રેશન ફી ૧૦ (દશ) વર્ષ માટે રૂા. ૨૫૦૦.

(બ) નોંધણી પ્રમાણપત્ર રજીસ્ટ્રેશન રીન્યુઅલ ફી ૧૦ (દશ) વર્ષ માટે રૂા. ૨૫૦૦.

(ક) જો દશ વર્ષ કરતાં ઓછાં સમય માટે નોંધણી પ્રમાણપત્રનું રજીસ્ટ્રેશન કરાવવાનું હોય રીન્યુ કરાવવાનું હોય તો એક વર્ષના ભાગ અંગે રૂા. ૨૫૦/- ના દરે ફી લઇ નોંધણી પ્રમાણપત્ર આપી શકાશે/તાજુકરી આપી શકાશે.

(ડ) કોઇ મેળા કે હંગામી બજાર કે જે એક અઠવાડીયાથી વધુ મુદત માટે ચાલુ રહેવાનું ન હોય તેવા સ્થળે હંગામી ધોરણે આહારગૃહ ચલાવવા માટે રૂા. ૭૫/- ફી વસુલ લઇ હંગામી ધોરણે નોંધણી પ્રમાણપત્ર આપી શકાશે.

આણંદ, તારીખ ૧૯મી સપ્ટેમ્બર ૧૯૯૮.

કે. એન. ભટ્ટ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧ ૫૧ના ૨૨ મા અધિનિયમ) ૩૩ (૧) (યુ) મુજબનો.

નંબર ડીસી/એમએજી/એસ.આર. ૩૫/૯૮.—હું એમ. વાય. દક્ષિણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (બોમ્બે એકટ-૨૨ સને ૧૯૫૧) ની કલમ-૩૩ની પેટા-કલમ-૧ (યુ)થી મળેલ સત્તાની રૂઈએ જાહેર જનતાના જાનમાલની તેમજ મિલ્કતોની સલામતી માટે નીચે મુજબનો હુકમ કરું છું.

અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લા સમગ્ર મહેસુલી વિસ્તારમાં કોઈપણ ઈસમે જાહેર રસ્તા ઉપર તેમજ રસ્તાની ૨૦ ફુટની અંદરના વિસ્તારમાં કોઈપણ જાતનું દારૂખાનું તેમજ દૂર ફેંકી શકાય તેવા બલૂનના રોકેટ, હવાઈ અથવા કોઈપણ નામે ઓળખાતા કોઈપણ પ્રકારના ફટાકડા ફોડી શકાય નહીં. તેમજ ફેંકી શકશે નહીં. કોઈપણ ઈસમ કોઈપણ વ્યકિત ઉપર કે પશુ / પંખી ઉપર તથા રસ્તા

INDEX

ઉપર કે મકાન ઉપર દારૂખાનુ પડે તેવી રીતે ફોડી શકશે નહીં કે ફેંકી શકશે નહીં. જો તેમ કરવામાં પકડાશે તો મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

સદરહું હુકમ તારીખ ૭મી ઓકટોબર, ૧૯૯૮ થી તારીખ ૫મી નવેમ્બર, ૧૯૯૮ સુધી અમલમાં રહેશે.

આજરોજ તારીખ ૧૪મી સપ્ટેમ્બર, ૧૯૯૮ના રોજ મારી સહી તેમજ સિકકો કરી આપેલ છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ નં. ૫૨ માં) ની કલમ-૩૭ (૧) મુજબનો.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસ. આર. ૩૬ / ૯૮.—આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લા કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરની જાળવણી વાસ્તે,

હું એમ. વાય. દક્ષિણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂઈએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૧૯૯૮ થી તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૯૮ સુધી નીચેના કૃત્ય ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, સોટી, બંદૂક, ખંજર, અસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાંબુ અને છેડેથી અણીવાળુ પાનું હોય તેવા ચપ્પુ તથા ત્રણ ઈંચથી વધુ લંબાઈ ધરાવતું અણીવાળુ ઘાતક શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું. તેમજ લાકડી, લાઠી, અથવા શારીરિક નુકશાન પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની.

(૨) કોઈપણ રીતે શરીરને હાનિકારક એવી કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું.

(૩) પત્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવાની, યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા અને તૈયાર કરવાની.

(૪) સળગતી મશાલ અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(૫) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની,

(૬) લોકોએ બૂમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાજા વગડાવવાની.

(૭) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાના તથા ચિત્ર, નિશાનીઓ, જાહેર ખબરો અથવા પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તો તેનો ફેલાવો કરવાનો અથવા અધિકારીઓના અભિપ્રાયો પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા તેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાથી તથા ચાળા વિગેરે કરવાની અને તેના ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની દેખાડવાની તથા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર.—અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર. (પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમતના વિસ્તાર સિવાય).

અપવાદ.—આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમને જે તે ઉપરી અધિકારીએ આવું કોઈ હથીયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને

(૨) સરકારી નોકરો કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીત વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહીં.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, જિલ્લા પોલીસ અધિકારી અથવા તેમને અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીઓને જેને શારીરિક અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવા પરવાનગી આપેલ હોય તે વ્યકિતઓને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાની કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૧ હેઠળ ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની અને દંડની અને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૯૬૦ના અધિનિયમ નં. ૪) ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૧૯૯૮ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમ નં. ૫૨માંની) કલમ ૩૭ (૩) મુજબનો.

નંબર ડીસી / પીઓએલ / એમએજી / એસ. આર. ૩૭/૯૮.—આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી વાસ્તે હું એમ. વાય. દક્ષિણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માંની) અધિનિયમની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૧૯૯૮ થી કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૯૮ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

અનુસૂચિ.—(વિસ્તાર) અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર. (પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયનો વિસ્તાર)

INDEX

ખુલાસો.—આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફૂટપાથો તથા ગલીઓ તથા પેટા ગલીઓનો પણ આ રસ્તામાં સમાવેશ થાય છે.

અપવાદ.—આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેવી ફરજ ઉપર હોય તથા ધાર્મિક અગર મરણોત્તર અથવા તો તે અંગેની અધિકૃત સત્તાધિકારીની પાસેથી મંજૂરી મેળવી હોય તેવી સભા સરઘસોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૫માં અધિનિયમ) કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૧૯૯૮ ના રોજ મારી સહી અને સિક્કા કર્યો.

એમ. વાય. દક્ષિણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૧) મુજબનું.

નંબર ઉ-મકપ/પલસ/મજસ / વશી ૪૩૪૫ થી ૪૩૯૫.—આગામી તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૧૯૯૮ થી ૨૧મી આકટોબર, ૧૯૯૮ દરમ્યાન નવરાત્રી, દશેરા, ગાંધીજયંતી તથા દિવાળી જેવા તહેવારોની ઉજવણી થનાર હોઈ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે અને શાંતીમય વાતાવરણ રહે તે માટે મુંબઈ પોલીસ અધિનિયમની ૧૯૫૧ની કલમ-૩૭(૧) હેઠળ જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

જેથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે મળેલ સત્તાની રૂઈએ હું જે. એમ. પટેલ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા આથી ફરમાવું છું કે સમગ્ર પંચમહાલ જિલ્લામાં તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૧૯૯૮ થી ૨૧મી ઓકટોબર, ૧૯૯૮ (બંને દિવસો સહિત) :—

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ધોકા, બંદૂક છરી, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવો નહીં.

(ગ) પથ્થર અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તો વસ્તુઓ ફેંકવાની, ધકેલવાની, યંત્રો, સાધનો સાથે લઈ જવા નહીં, એકઠા કરવા નહિ. તથા તૈયાર કરવા નહીં, મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળાઓ દેખાડવા નહીં, અપમાન કરવાના અથવા જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહીં, અશ્લીલ ગીતો ગાવા નહીં.

(ઘ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં, તેવા હાવભાવ કરવા નહીં, તેવી ચેષ્ટા કરવી નહીં, તથા તેવા પત્રકો, પ્લેકાર્ડ, અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવી નહીં, અથવા તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં :

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈ વ્યકિતઓને જેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું હથિયાર લઈ જવાની જેની ફરજ હોય, પોલીસ સબ-ઈન્સ્પેકટર શ્રી નીચેની પાયરીનાં ન હોય તેવા અધિકારીએ જેને શારીરિક અશકિતનાં કારણે લાકડી, લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

આજરોજ તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૯૮ ના રોજ મારી સહી તથા સિક્કા કરી આપવામાં આવ્યો છે.

જે. એમ. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

જિલ્લા પુરવઠા અધિકારી દ્વારા

વંચાણમાં લીધું :—

(૧) ધી આ. વી. વસ્તુ પરવાના નિયંત્રણ અને જથ્થા જાહેરાત આદેશ ૧૯/૧ કંડિકા-૨૪.

(૨) નિયામકશ્રી ના. પુ. કચેરી નવા સચિવાલય, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક રહત-કશન-૩૨૩૭ ૯૬/૯૭, તારીખ ૩૦મી જુલાઈ, ૧૯૯૮.

(૩) જિલ્લા પુરવઠા અધિકારી પંચમહાલ ગોધરાના આદેશ નં. પરવ-કશન પ્રમાણ ૫/૯૭ વશી ૨૮૬૪, તારીખ ૫મી મે, ૧૯૯૭.

આદેશ

નંબર પરવ / ઈસીએ - ૬એ - વશી.— આમુખ નં. ૩ના આદેશથી આ જિલ્લામાં વિભાજીત પંચમહાલ જિલ્લાની જેમ કેરોસીન વિતરણ પ્રમાણ કેટેગરીવાઈસ નક્કી કરવામાં આવેલ છે.

આમુખ નં. ૨ ના સરકારશ્રીના પત્રથી કેરોસીનના નવીનિતી નક્કી કરેલ છે. અને તે પ્રમાણે પ્રમાણમાં ફેરફાર કરવાનો થાય છે.

સબબ અત્રેના જિલ્લાનાં કેરોસીનનું ઈલાયદીથી વિતરણ પ્રમાણ પણ બહાર પાડવાનું થાય છે. તે આમુખ નં. ૧ ના આદેશ ૧૯૮૧ ની કંડિકા ૨૪ થી મળેલ સત્તાની રુએ દાહોદ જિલ્લા માટે કેરોસીનનું કેટેગરી પ્રમાણ નીચે મુજબ નક્કી કરવામાં આવે છે.

અનુ. નંબર	કેટેગરી	કાર્ડદીઠ માસિક પ્રમાણ
૧	તાલુકા મથક હેડ કવાર્ટર	૧૫ લીટર
૨	તાલુકા મથક બહાર ગ્રામ વિસ્તાર માટે	
	(૧) ૫૦૦૦ ની વધુ વસ્તીવાળા ગામો- માટે).	૧૦ લીટર

INDEX

૧	૨	૩
	(૨) ૫૦૦૦ થી ઓછી વસ્તીવાળા ગામો માટે.	૦૭ લીટર
૩	રાંધણ ગેસના સીંગલ બોટલ ધરાવતા કાર્ડ ધારકો માટે.	૦૨ લીટર
૪	રાંધણ ગેસના ડબલ બોટલ ધરાવતા કાર્ડ ધારકો માટે.	કાંઈ નહિ.

(૧) ઉપરોકત કેટેગરીવાઈઝ વિતરણ પ્રમાણ તારીખ ૧ લી ઓગસ્ટ, ૧૯૯૮ થી અમલી બનશે.

(૨) જે વ્યકિત જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળનું એલ. પી. જી. કનેકશન ધરાવતા નથી પરંતુ પેરેલલ માર્કેટીંગ સ્કીમ હેઠળ પ્રાઈવેટ ગેસ વિતરણ કનેકશન, ગેસ કનેકશન ધરાવે છે, (સીંગલ બોટલ અથવા ડબલ બોટલ) તેઓએ પણ જાહેર વિતરણ યોજનાના ગેસ ધરાવતા ૨ થી જેમ જે કેરોસીન વિતરણ કરવાનું રહેશે અર્થાત કે સીંગલ બોટલ ધરાવતા હોય તો કાર્ડ દીઠ ૨ બે લીટર અને ડબલ બોટલ ધરાવતા કાર્ડ ધારકોને કેરોસીન આપવાનું રહેશે નહિ.

(૩) ઉપરોકત કેટેગરીવાઈઝ ફાળવણીથી કૃત્રિમ તંગી ન સર્જાય તેની તકેદારી રાખવાની રહેશે.

(૪) સદરહુ આદેશ સને ૧૯૮૧ ના આદેશની કલમ--૨૪ હેઠળ બહાર પાડેલ હોઈ તેનો ભંગ કરનાર સામે ઉકત આદેશ હેઠળ પગલાં લેવાને પાત્ર ઠરશે.

આ આદેશની અમલવારી તારીખ ૧ લી ઓગસ્ટ, ૧૯૯૮ થી અમલ માં ગણાશે.

દાહોદ, તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૯૮.

(સહી) અવાચ્ય,

જિલ્લા પુરવઠા અધિકારી, દાહોદ.

કલેકટર દ્વારા.

વંચાણમાં લીધું :—

(૧) અત્રેના હુકમ નં. ઈ. પુરવઠા/પરવ/૬-એ/ડેલીગેશન-વશી-૧૧૨૭, તારીખ ૨૭મી મે, ૧૯૯૮.

સુધારા હુકમ

નંબર ઈ-પુરવઠા/૬/અ/ડેલીગેશન-વશી-૨૧૯૯.—આમુખ-૧ માં જણાવેલ હુકમથી આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ, ૧૯૫૫ ની કલમ-૬ (એ) અને ૬ (બી) ના અધિકારી નિયામકશ્રી, નાગરિક પુરવઠા કચેરી હેઠળનાં રાજ્ય તપાસણી એકમ દ્વારા સ્થગિત કરેલ માલ મિલ્કતનાં કેસોમાં માલ મિલ્કતની કિંમત રૂપિયા એક લાખથી ઓછી હોય તો નિયામક, નાગરિક પુરવઠા કચેરીના સંયુકત / નાયબ નિયામકને અને તેવી માલ મિલ્કતની કિંમત રૂપિયા એક લાખથી કે તેથી વધારે હોય તો નિયામકશ્રી, નાગરિક પુરવઠાને વાપરવા અધિકૃત કરેલ છે. તેમાં સુધારો કરી રૂપિયા બે લાખ સુધીની માલ મિલ્કતના કેસોમાં નિયામકશ્રી, નાગરિક પુરવઠા કચેરીના સંયુકત / નાયબ નિયામકને અને તેથી વધુ કિંમતના માલ મિલકતનાં કેસોમાં નિયામકશ્રી, નાગરિક પુરવઠાને રાજ્ય તપાસણી એકમ દ્વારા સ્થગિત કરેલ માલ મિલ્કતના કેસોમાં આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ, ૧૯૫૫ની કલમ-૬ (એ) અને ૬ (બી) હેઠળની કાર્યવાહી કરવા અધિકૃત કરવા આથી સુધારા હુકમ કરું છું.

પાલનપુર, તારીખ ૩જી સપ્ટેમ્બર, ૧૯૯૮.

પી. ડી. વાઘેલા,
કલેકટર, બનાસકાંઠા.

હુકમ.

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો અધિનિયમ ૨૨મો) ની કલમ-૩૭ (૩) અન્વયે કાઢેલો.

નંબર ડીસીબી/એમએજી/૨જી-૫/૯૮ .—નવસારી જિલ્લામાં ગુજરાત બંધના અપાયેલ એલાનને અનુલક્ષીને જાહેર શાંતિ અને સલામતી સારૂ જાહેર સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઇ ફરમાવવી જરૂરી જણાય છે. વાસ્તે હું, આર. સી. ગોહિલ, જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, નવસારી, મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો અધિનિયમ-૨૨મો) ની કલમ-૩૭ ની પેટા-કલમ (૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે નવસારી જિલ્લામાં તારીખ ૧૮મી સપ્ટેમ્બર ૧૯૯૮ના દિવસ દરમ્યાન ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી નહી કે બોલાવવી નહી કે સરઘસ કાઢવું નહી. તેમજ ચારથી વધુ વ્યકિતઓને (એકત્ર) ભેગા થવું નહી.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાનયાત્રા કે એસ.ટી. બસમાં રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા/ મંદિર, મસ્જિદ, દવળમાં પ્રાર્થના માટે જતી બોનાફાઇડ વ્યકિતઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને પોલિસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો અધિનિયમ-૨૨) ની કલમ-૧૩૫ (૩) મુજબ ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૧૯૯૮ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

આર. સી. ગોહિલ,
કલેકટર, નવસારી.

આદેશ

નંબર એફ / પરવ / એનફો / વશી / ૧૫૩૭/૯૮.— અત્રેની કચેરીના તારીખ ૨૦મી મે, ૧૯૯૮ના આદેશ નં. એફ / પરવ / એન્ફો/ વશી / ૭૦૫/૯૮ થી આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ, ૧૯૫૫ ની કલમ-૨ (ii--એ) હેઠળ સદરહું અધિનિયમની કલમ--૬ (એ) અને કલમ--૬ (બી) ના અધિકારો પૈકી નિયામકશ્રી, નાગરીક પુરવઠા, ગુજરાત રાજ્યની કચેરીનાં રાજ્ય તપાસણી એકમ દ્વારા સ્થગિત કરેલ માલ મીલકતના કેસોમાં તેવી માલ મીલકતની કિંમત રૂપીયા એક લાખથી

INDEX

ઓછી હોય તે નિયામક, નાગરીક પુરવઠાની કચેરીના સંયુકત / નાયબ નિયામકને અને તેવી માલ મીલકતની કીંમત રૂપીયા એક લાખ કે તેથી વધારે હોય તો નિયામક, નાગરીક પુરવઠાને અધિકાર વાપરવા અધિકૃત કરેલ છે. હવે તે આદેશમાં ફેરફાર કરી આથી હું, આર. એમ. શાહ, કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ, ૧૯૫૫ ની કલમ-૨ (ii--એ) નીચે મળેલ સત્તાની રૂએ સદર અધિનિયમની કલમ-૬ (એ) અને કલમ-૬ (બી) ના મને મળેલ અધિકારો પૈકી નિયામક, નાગરીક પુરવઠા, ગુજરાત રાજયની કચેરીનાં રાજય તપાસણી એકમ દ્વારા સ્થગિત કરેલ માલ મીલકતના કેસોમાં તેવી માલ મીલકતની કીંમત રુપીયા બે લાખથી ઓછી હોય તો નિયામક, નાગરીક પુરવઠાની કચેરીના સયુંકત / નાયબ નિયામકને અને તેવી માલ મીકલકતની કીંમત રુપીયા બે લાખ કે તેથી વધારે હોય તો નિયામક, નાગરીક પુરવઠાને વાપરવા અધિકૃત કરવા આથી આદેશ કરું છું.

સુરત, તારીખ ૯મી સપ્ટેમ્બર, ૧૯૯૮.

આર. એમ. શાહ,
કલેકટર, સુરત.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G-BA-14-E

44

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] THURSDAY, OCTOBER 29, 1998 / KARTIKA 7, 1920 [No.

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENTS

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders (other than these published in Parts I-A, IV-A, IV-B) and IV-C) Pertaining only to the Supplement to the Central Gazette,	405-410
Part I-A	Orders and Notifications (other than those published in Part IV B) under the Bombay Local Boards Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette.—	44
Part-	I-B—Government Notifications published under Land Acquisition Act only.	872—887
Part-I-L	Notifications, Orders and Awards other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act,	2397-2452

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૪) અન્વયેનો.

ક્રમાંક ઉ/ગપક/આઈ/૩૭૨/૨૪૫૨/૯૮.—અમદાવાદ શહેર પોલીસ મુખ્ય મથક ખાતે આવેલ રીવોલ્વર ફાયરીંગ બટ જે સુભાષ બ્રીજના દક્ષિણ છેડે પશ્ચિમ ભાગ તરફ આવેલ છે. તે સદરી જગ્યા પર તારીખ ૧લી આકટોબર ૧૯૯૮ થી તારીખ ૩૧મી ડીસેમ્બર ૧૯૯૮ સુધીના સમય દરમીયાન પોલીસ અધિકારીઓની રીવોલ્વરની વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ થવાની હોઈ સદર જણાવેલ હદમાં રહેતા પ્રજાજનો તથા ઢોર-ઢાંખરની સલામતી સારુ સને-૧૯૫૧ ના મુંબઈ અધિનિયમ કલમ-૩૭ (૪) થી મને મળેલ અધિકારની-રુંએ ફરમાવુ છું:-

અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળ આવેલ પોલીસ મુખ્ય મથક ખાતે ફાયરીંગ બટની આજુ-બાજુ પૈકી ઉત્તર

INDEX

દક્ષિણ અને પશ્ચિમ દિશામાં ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં તારીખ ૩૧મી ડીસેમ્બર ૧૯૯૮ સુધી સવાર કલાક ૬-૦૦ થી ૧૨.-૦૦ વાગ્યા સુધી સદર બટની આજુબાજુ રહીશો તેમજ બહારના કોઈ પણ અનધિકૃત વ્યકિતએ ઉપરોકત સમય દરમ્યાન આ જમીન હદમાં જવું નહિ અને ઢોર-ઢાંખરને પ્રવેશ આપવો નહિ. રીવોલ્વર ફાયરીંગ પ્રેકટીસનો સમય સવારના કલાક ૬-૦૦ થી ૧૨-૦૦ સુધીનો રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ઈસમ ભારતીય ફોજદારી અધિનિયમની કલમ -૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨૪મી સપ્ટેમ્બર ૧૯૯૮ના રોજ સહી કરી સિક્કા માર્યા છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે કરેલો.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી. નં.૧૨/૯૮.—મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને-૧૯૫૧ના ૨૨માં) ની કલમ-૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું આર. સી. ગોહિલ જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી જિલ્લામાં પ્રવર્તમાન પરિસ્થિતિને લક્ષમાં રાખીને જાહેર શાંતિ અને સલામતી તથા કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિની જાળવવા સારું, જરુરી જણાતા ફરમાવું છું કે, નવસારી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ પણ વ્યકિતએ તારીખ ૫મી ઓકટોબર ૧૯૯૮ થી તારીખ ૧૨મી ઓકટોબર ૧૯૯૮ સુધી (બંને દિવસો સુધ્ધાં) ના સમય માટે નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું..

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટાં, બંદુક, ચપ્પુ, છરા, લાકડી, લાઠી, અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ;
(ખ) કોઈપણ સ્ફોટક પદાર્થ લઈ જવાની મનાઈ;
(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની;
(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની;
(ચ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા પુતળા દેખાડવાની;
(છ) લોકોને બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વગાડવાની, અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની.
(જ) જેનાથી સુરૂચિ અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ઠા કરવાની તથા ચિત્રો, પત્રિકા અને પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બનાવવાની અથવા ફેલાવો કરવાની.

આ હુકમ ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ.
(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેના ઉપરી અધિકારીએ પોતાની ફરજના ભાગ રૂપે સોંપ્યા બદલ આવું કોઈ પણ હથિયાર લઈ જવાનું હોય અથવા એવું કોઈ પણ હથિયાર લઈ જવાની ફરજ હોય,
(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, નવસારી અથવા તેણે અધિકૃત કરેલ કોઈ, પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.
(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન થવાના પ્રસંગે સને-૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમનો (સને-૧૯૫૧ના ૨૨માં) કાયદાની કલમ-૧૩૫(૧) મુજબ ઓછામાં ઓછી ૪ ચાર માસની અને વધુમાં વધુ ૧ એક વરસ સુધીની કેદની સજા થવાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૨૯મી સપ્ટેમ્બર ૧૯૯૮ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ (૨૨માં) ની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલો.

નં. ડીસોબી/એમએજી/બીપીએ/રજી. ૬/ ૯૮.—નવસારી જિલ્લામાં આગામી તારીખ ૫મી ઓકટોબર ૧૯૯૮ થી ૧૭મી ઓકટોબર ૧૯૯૮ (બંને દિવસો સુધ્ધાં) દરમ્યાન એસ.એસ.સી. તથા એચ.એસ.સી. બોર્ડની પરીક્ષાઓ લેવાનાર છે. આ બંને પરીક્ષાઓનું સંચાલન સરળતાથી થાય તેમજ પરીક્ષાર્થીઓ, ખંડ નિરીક્ષકો, અવરોધ અને ભય વગર નિરીક્ષણ કાર્ય કરે અને પરીક્ષાર્થીઓની શાંતિ અને સલામતી જાળવવા સારુ સરઘસ કાઢવાની તથા સભા ભરવાની મનાઈ ફરમાવવાનું જરુરી જણાય છે.

વાસ્તે હું આર. સી. ગોહિલ, જી.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને) ૧૯૫૧ના ૨૨માં) ની કલમ-૩૭ની પેટા કલમ-૩ થી મને મળેલ સત્તાની રુએ ફરમાવું છું કે,

નવસારી જિલ્લામાં ગુજરાત એસ.એસ.સી. બોર્ડ તથા એચ.એસ.સી. બોર્ડ સંચાલિત પરીક્ષાના તમામ કેન્દ્રોની હદમાં ૧૦૦ મીટરનાં વિસ્તારમાં તારીખ ૫મી ઓકટોબર ૧૯૯૮ થી તારીખ ૧૭મી ઓકટોબર ૧૯૯૮ સુધી (બંને દિવસો સુધ્ધાં) ચાર કરતા વધુ માણસોની કોઈ સભા ભરવી નહી કે સભા બોલાવવી નહી અથવા સરઘસ કાઢવું નહી કે ભેગા થવું નહીં.

આ હુકમ લગ્નના વરઘોડાને કે સ્મશાનયાત્રાને કે રેલ્વે/એસ.ટીમાં. મુસાફરી કરવા માંગતા બોનાફાઈડ વ્યકિતઓ તથા ઉકત પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓ/ પરીક્ષાર્થી તેમજ પરીક્ષાની કામગારી માટે અધિકૃત વ્યકિતઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં) ની કલમ-૧૩૫(૩) મુજબ અથવા ભારતીય ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજે તારીખ ૨જી ઓકટોબર ૧૯૯૮ના રોજ મારી સહી મુદ્રા કરી છે.

આર. સી. ગોહિલ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

INDEX

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) ના ખંડ (સી) મુજબ.

નંબર ડી/એમએજી/૧/બીપીએ/દશેરા/૯૮ / વશી .—બનાસકાંઠા જિલ્લાના પાલનપુર શહેરમાં તારીખ ૧લી ઓક્ટોબર ૧૯૯૮ ના રોજ દશેરાના તહેવાર નિમીત્તે શોભાયાત્રા નિકળનાર છે. તથા રાવણ દહનનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. આ શોભાયાત્રામાં બહોળા પ્રમાણમાં માનવ મેદની સામેલ થવાની શકયતા છે. જેથી વાહનોની હેરાફેરીથી જાહેર અવ્યવસ્થા ઉભી થવાની સંભાવના છે. જેથી મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૨૨માં) ની કલમ-૩૩ (૧) ના ખંડ (સી) અન્વયે મળેલ સત્તાની રૂએ હું એમ.બી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા પાલનપુર તથા તારીખ ૧લી ઓક્ટોબર ૧૯૯૮ ના રોજ બપોરે ૧૪-૦૦ કલાકથી સાંજે ૨૦-૦૦ કલાક સુધી પાલનપુર શહેર રેલ્વે બ્રીજ અંદરના તમામ વિસ્તારમાં બે વ્હીલ ત્રણ વ્હીલ તેમજ ચાર વ્હીલના વાહનો જેવાં કે રીક્ષા, જીપ ટ્રક ટેમ્પો, ઊંટગાડી મેટાડોર વિગેરે વાહનો ફેરવવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ પ્રતિબંધ શોભાયાત્રા પસાર થવાના સમય પુરતો પોલીસ નિયંત્રણ મુજબ રહેશે.

આજ રોજ તારીખ ૨૮મી સપ્ટેમ્બર ૧૯૯૮ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

એમ. બી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
બનાસકાંઠા, પાલનપુર.

જાહેરનામું

નંબર ડીસીઆ/એમએજી/બીપીએ/ફાયર/તલમ/રજી./નં.૪૪/૧૯૯૮.— જિલ્લા પોલીસ અધિકારીશ્રી વલસાડના પત્ર નંબર હથર/સીબી/૨/ ફાયરીંગ /તાલીમ/૪૬૧૮/૯૮ તારીખ ૨૫મી સપ્ટેમ્બર ૧૯૯૮ થી જણાવ્યાનુસાર જિલ્લાના રીકુટ પોલીસ કોન્સ્ટેબલોનું ફાયરીંગ પ્રેકટીશ નીચે જણાવેલ સ્થળે અને સમયે યોજવામાં આવનાર છે. આથી કોઇપણ વ્યકિતને ગોળીબાર દરમ્યાન ઇજા ન થાય તે માટે નીચે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાય છે.

વાસ્તે હું સી. બી. પરમાર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, સને ૧૯૫૧ મુંબઇ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ નો ૨૨મો) ની કલમ-૩૭ ની પેટા કલમ-૪ ની જોગવાઇ મુજબ ફાયરીંગ બટ ભિલાડ તાલુકા ઉંમરગાવ જિલ્લા વલસાડના ૨ કી. મી. વિસ્તારમાં તારીખ ૨જી ઓકટોબર ૧૯૯૮ થી તારીખ ૧૫મી ઓકટોબર ૧૯૯૮ સુધી સમય સવારે ૭-૦૦ થી સાંજના ૧૮ ૦૦ કલાક સુધી ગોળીબાર પ્રેકટીશ દરમ્યાન આજુબાજુનાં રહિશો તેમજ બહારના કોઇ અનઅધિકૃત વ્યકિતઓ ઉપરોકત સમય દરમ્યાન આ જમીનની હદ વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા તેમજ ઢોર-ઢાંખર સાથે અને ઢોર-ઢાંખરને પ્રવેશ આપવા મનાઇ ફરમાવું છું.

સદરહુ ગોળીબાર પ્રેકટીશ દરમ્યાન ગોળીબારથી ઇજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત રહેવા જણાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ઇસમને ઉકત અધિનિયમની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૧૯૯૮ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

સી. બી. પરમાર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમ.એ.જી/વશ-૬૭૧૫.—ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં વ્યકિતઓની કોઇ મંડળી સરઘસની મનાઇ કરવાનું મને જરૂરી જણાય છે.

તેથી હવે મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઇના ૨૨માં) નો કલમ-૩૭ (૩) મને મળેલ સત્તાની રૂએ હું, સી. એમ. ગામીત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૨૭મી સપ્ટેમ્બર ૧૯૯૮ ના દિવસે સવારના ૬.૦૦ કલાકથી તારીખ ૧૧મી ઓકટોબર ૧૯૯૮ ના રોજ સાંજના ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સુધ્ધા) ની મુદત માટે ભરૂચ જિલ્લામાં ચાર કરતા વધુ વ્યકિતઓની કોઇ મંડળી-સરઘસ માટે મનાઇ ફરમાવું છું.

અનુસૂચિ

"સમગ્ર ભરૂચ જિલ્લો"

વધુમાં હું આદેશ કરું છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

૧. સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને;

૨. ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને;

૩. કોઇ લગ્નના વરઘોડાને;

૪. કોઇપણ સ્મશાન યાત્રાને.

આ હુકમને ભંગ કરનાર ઉલ્લંઘન કરનાર મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૩૫ (૧) મુજબ મને ભારતના ફોજદારી અધિનિયમ ૧૯૬૦ (સને ૧૮૬૦ ના ૪૫માં) ની કલમ-૧૭૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૫મી સપ્ટેમ્બર સને ૧૯૯૮ના રોજ મારી સહી કરી અને સિકકો કરી આપ્યો.

સી. એમ. ગામીત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

INDEX

કલેકટર દ્વારા

જાહેરનામુ

ગુજરાત ગૌણ ખનીજ નિયમો, ૧૯૬૬.

નંબર એજીકે/કયુએલ/૯૮-૯૯.—આથી ગુજરાત ગૌણ ખનીજ નિયમ ધારો, ૧૯૬૬ના નિયમો અન્વયે નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ વિસ્તારમાંથી રીન્યુ નામંજુર, દફતરે કરેલ અને કવોરી લીઝ હુંકમ રીબેક કરેલ હોઈ લેવી નીચે જણાવેલ લીઝોની વિસ્તાર જાહેર જનતા માટે ફરી ખુલ્લો મૂકવા માટે ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬ના નિયમ ૧૮(૧) સા મુજબ ગેઝેટમાં જાહેરનામુ પ્રસિધ્ધ કરવાનું હોઈ હું કલેકટર અને સક્ષમ અધિકારી ખેડાને મળેલ સત્તાની રૂએ નીચે પરિશિષ્ટમાં જણાવેલ વિસ્તાર ફરીથી ઉપલબ્ધ વિસ્તાર તરીકે આ જાહેર-નામુ પ્રસિધ્ધ થયા તારીખ પછીના ૩૦ દિવસ બાદ સરકારી કામકાજના દિવસના અસરથી જાહેર કરૂ છું. નિયત સમય પહેલાં આવેલ અસરો અપરિપકવ ગણવામાં આવશે.

પરિશિષ્ટ

અનુ. નંબર	નામ	ગામ	તાલુકો	સર્વે નંબર	ખનિજ	વિસ્તાર
(૧)	વિનોદકુમાર એસ. તિવારી	પૂંનાદરા	કપડવંજ	૨૬૨પૈકી	રેતી ગ્રેવલ	૧ ૦૦ ૭૪હેકટર
(૨)	ભોલાસિગ જયપ્રકાશ કન્સ્ટ્રકશન	પાલી	ઠાસરા	મહી નદી પટ્ટ પૈકી	રેતી ગ્રેવલ	૧ ૫૯ ૦૦હેકટર
(૩)	દેવુબા પ્રતાપસિહ સોલંકી	દવાદરા	કપડવંજ	૩૨૬પૈકી	બ્લેક ફ્લ	૧ ૦૦ ૦૦હેકટર

નડીયાદ, તારીખ ૨૯મી સપ્ટેમ્બર ૧૯૯૮.

(સહી) અવાચ્ય,
કલેકટર, ખેડા.

BY COMPETENT AUTHORITY AND DEPUTY COLLECTOR

Notifiction

THE URBAN LAND (CEILING AND REGULATION) ACT, 1976.

[Under Section 10 (*1*) *read* with Rule (6)]

No. ULC-1076-1115-D. No. 44117/487/Vadesar.—It is hereby notified that such vacant land as is described in the schedule below is to be acquired by the Government of Gujarat. The claims of all person interested in such vacant land may be made by them personally or by their agent giving particulars of the nature of their interest. The claims will be received by the Competent Authority up to thirty days after the date of publication of this notification in the gazette.

SCHEDULE

Name of the Holder : Patel Fakirbhai Laxmidas
Patel Jashbhai Laxmidas

Datails of vacant lands to be acquired : Re. Manj, Tal. Dist. Vadodara.

District	Taluka	Village	Description of the land Sr. No.	Area Sq. mtrs.	Remarks
Vadodara	Vadodara	Vadesar	90	3739	
Patel Fakirbhai Laxmidas			226	21853	
				25592	
Patel Jashbhai Laxmidas			1	1113	
			155	1692	
			11	10218	
			743	3642	
				16665	

Vadodara, 22nd September 1998.

P. V. NATHANI,
Competent Authority
and Deputy Collector, U.L.C.
Vadodara Unit No. 2.

INDEX

સક્ષમ અધિકારી અને નાયબ કલેક્ટર દ્વારા

જાહેરનામું.

શહેરી જમીન (ટોચ-મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬
[કલમ ૧૦ (૧) તથા નિયમ-૬ અનુસાર]

નંબર યુ.એલ.સી./૧૦૭૬/૧૧૧૫/ડી/ડિ. નં./૪૧૧૭/૪૮૭૧/વડસર.—આથી જાહેર કરવામાં આવે છે કે આ સાથે સામેલ રાખેલ પરિશિષ્ટમાં જણાવેલી વિગતવાળી ખુલ્લી જમીન ગુજરાત સરકાર સંપાદન કરનાર છે. સદરહું જમીન ઉપર જે કોઇ ઇસમનો હકક દાવો હશે તેઓએ જાતે અગર અધિકૃત એજન્ટ મારફતે તેઓએ હકક અંગેના હકક સંબંધિતના સંપૂર્ણ વિગતસહ રજુ કરશો.

હકક સંબંધિનો દાવો સક્ષમ અધિકારીશ્રી સદરહુ જાહેરનામું સરકારી રાજયપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની મુદત સુધીમાં સ્વાકારશે.

સિડયુઅલ

પત્રક ફાઈલ કરનારનું નામ : શ્રી ફકીરભાઇ લક્ષ્મીદાસ પટેલ, સંપાદન કરવાની ખુલ્લી જમીનની વિગત શ્રી જશભાઇ લક્ષ્મીદાસ પટેલ, બન્ને રે. માણેજા, તાલુકો-વડોદરા.

જિલ્લો	તાલુકો	ગામ	જમીનની વિગત સર્વે નંબર	વિસ્તાર	શેરો
(૧)	(૨)	(૩)	(૪અ)	(૪-બ)	(૫)
				ચો.મી.	
શ્રી ફકીરભાઇ લક્ષ્મીદાસ પટેલ.					
વડોદરા	વડોદરા	વડસર	૯૦	૩૭૩૯	
			૨૨૬	૨૧૮૫૩	
				૨૫૫૯૨	
શ્રી જશભાઇ લક્ષ્મીદાસ પટેલ.			૧	૧૧૧૩	
			૧૫૫	૧૬૯૨	
			૧૧	૧૦૨૧૮	
			૭૪૩	૩૬૪૨	
				૧૬૬૬૫	ચો.મી.

વડોદરા, તારીખ ૨૨મી સપ્ટેમ્બર ૧૯૯૮.

પી. વી. નાથાણી,
સક્ષમ અધિકારી અને નાયબ કલેક્ટર. (શ. જ. ટો. મ.)
વડોદરા, યુનિટ નંબર ૨.

એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૪--૭૮ નો એકટ--૨ ની કલમ--૧૪૪ અન્વયે.

નંબર પી.ઓએલ / પ્રતિબંધ.— સિધ્ધપુર ઐતિહાસિક સ્થળ રૂદ્રમહાલય આવેલ છે. તેની બાજુમાં એક મસ્જિદ આવેલ છે જે જામા મસ્જીદ તરીકે ઓળખાય છે. અને તે મીલકતો ભારત સરકારના પુરાતત્ત્વખાતા રક્ષિત ઈમારત તરીકે જાહેર કરેલ છે. અને તે ઈમારતોનો ઉપયોગ સારું હિન્દુ તથા મુસલમાનોની કોમો વચ્ચે સિધ્ધપુરમાં ઘણી ભારે તંગ પરિસ્થિતિ પેદા થાય છે. અને તે હાલ પ્રવર્તે છે. આ બાબતે ના. ગુજરાત સરકારે અગાઉ પ્રતિબંધ વિસ્તાર તરીકે બહાર પાડેલ છે. જાહેરનામાની મુદત પુરી થાય છે. તેથી બંને કોમો તરફથી રૂદ્રમહાલય અને જુમ્મા મસ્જીદમાં પાક કરવા અને નમાજ પઢવા જાય તેવું માનવાને કારણ છે. હાઈકોર્ટમાં કેસો ચાલે છે. તેનો નિકાલ હજુ આવેલ નથી બંને કોમો વચ્ચે ફરીથી તબદીલી ઉભી થવા સંભવ છે. જેથી જાહેર સુલેહશાંતિનો ભંગ થતો અટકાવવાનું ઈચ્છનીય જણાય છે. અને જો તેમ થતું તાત્કાલિક અટકાવવા તથા ઝડપી ઉપાય યોજવાનું ઈચ્છનીય છે.

તેથી હું, એમ. પી. પુનડીયા, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, સિધ્ધપુર મને મળેલ ખાસ સત્તાની રૂએ આથી હું ફરમાવું છું કે, નીચે અનુસંધાનમાં જણાવેલ મીલકતોમાં તારીખ ૨જી ઓકટોબર, ના રોજથી ૬૦ દિવસ સુધી સદર મીલકતોમાં અગર તેની અંદર આવેલ કોઈપણ સ્થળે કોઈપણ રીતે ઉપયોગ કરવો નહીં. તેનો પ્રબંધ ફરમાવું છું.

મિલકતોના વિસ્તારની ચતુઃસીમા

પૂર્વ દિશા :—ઘર નં. ૧-૧૦-૧૯૮૪ ની પછીત નદીમાં જવાનો રસ્તો તથા ઘર નં. ૧-૧૦-૧૯૮૫ નો કરો.

INDEX

પશ્ચિમ દિશા :— રૂદ્રમહાલયે તથા મસ્જીદની હદથી રસ્તો દેસાઈના મહાડ તરફ જવાનો તથા ત્યાંથી વહોરવાડ તરફ જવાનો રસ્તો મૂકી ઘર નં. ૧-૧૦-૪૩, ૧/૧૦/૪૪, તથા ૧-૧૦-૪૫ ની પછીત તથા બારણું.

ઉત્તર દિશા :— રૂદ્રમહાલય તથા મહોલ્લામાં ઘર નં. ૧/૧૦/૭૨ થી થી ૧/૧૦/૭૬ ના મકાનની પછીત તથા પશુવાદળની પોળ તરફ જવાનો રસ્તો જે દેસાઈના માઢ તરફ જાણાય છે. તેની બીજી બાજુએ ઘર નં. ૧/૧૧/૯૫ થી ૧/૧૧/૧૦૦ ના મકાનોનો આગળનો ભાગ.

દક્ષિણ દિશા :—જૂની વહોરવાડ તથા દેસાઈના માઢ તરફ જવાનો રસ્તો ઓળંગી ઘર નં. ૧/૫/૫ તથા ૧/૫/૬ નો આગળનો ભાગ તથા બારણા તથા ત્યારબાદ રસ્તો મુકીને ઘર નં. ૧/૧૦/૪૭ ના મકાનનો કરાનો ભાગ.

સદરહું હુકમનો ભંગ કરનાર ભારતના ફોજદારી અધિનિયમની કલમ--૧૮૮ મુજબની શિક્ષાને પાત્ર થશે, આ ગુનો કોગ્નીઝેબલ-બીન જામીનલાયક ગુનો છે. આ હુકમ જિલ્લા મેજિસ્ટ્રેટ મહેસાણા જિ લા પોલીસ વડાશ્રી પાટણ તથા એક્ઝીક્યુટીવશ્રી સિધ્ધપુર અથવ આ અર્થે તેમને અધિકૃત કરેલા અધિકારીએ પાસેથી પરમીટ ધરાવનાર વ્યક્તિઓને લાગુ પડશે નહીં. અગર ફરજ ઉપર હાજર થનારી પુરાતત્ત્વ ખાતાના તથા રાજ્ય સરકારના અધિકારીઓ તથા નોકરીને લાગુ પડશે નહીં.

આજ તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૧૯૯૮ના રોજ મારી સહી તથા સીક્કો કરી આપેલ છે.

એમ. પી. પુનડીયા,
એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, સિધ્ધપુર.

ભાગ-૧

અસાધારણ રાજ્યપત્રની યાદી

(ઉદ્યોગ ખાણ અને ઉર્જા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખ ૩૦મી જુન ૧૯૮૭ ના ઠરાવ ક્રમાંક મદન/૧૦૮૫/૫૨૯૫/ડના આધારે

તારીખ ૧૮, ૧૫, ૨૨, ૨૯ માહે ઓકટોબર સન ૧૯૯૮ ના રોજ પૂરા થયેલ અઠવાડીયામાં નીચે જણાવેલ ગુજરાત સરકારના અસાધારણ રાજ્યપત્રો પ્રસિધ્ધ થયેલા છે.

અનુ. નંબર	અસાધારણ રાજ્યપત્રનો ક્રમાંક અને તારીખ	હોદ્દો
૧	૨	૩
૧	૧૯૧/૧૭મી સપ્ટેમ્બર ૧૯૯૮	કલેકટર પંચમહાલ, ગોધરા.
૨	૧૯૨/૧૮મી સપ્ટેમ્બર ૧૯૯૮	કલેકટર પંચમહાલ, ગોધરા
૩	૧૯૩/૧૮મી સપ્ટેમ્બર ૧૯૯૮	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, નડીયાદ.
૪	૧૯૪/૧૯મી સપ્ટેમ્બર ૧૯૯૮	જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા
૫	૧૯૬/૧૯માં સપ્ટેમ્બર ૧૯૯૮	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ.
૬	૧૯૯/૨૨મી સપ્ટેમ્બર ૧૯૯૮	સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, રાધનપુર.
૭	૨૦૦/૨૩મી સપ્ટેમ્બર ૧૯૯૮	કલેકટર, પંચમહાલ, ગોધરા.
૮	૨૦૧/૨૩મી સપ્ટેમ્બર ૧૯૯૮	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ.
૯	૨૦૨/૨૩મી સપ્ટેમ્બર ૧૯૯૮	જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ
૧૦	૨૦૩/૨૪મી સપ્ટેમ્બર ૧૯૯૮	સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, પાટણ.
૧૧	૨૦૫/૨૮મી સપ્ટેમ્બર ૧૯૯૮	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા
૧૨	૨૦૬/૨૯મી સપ્ટેમ્બર ૧૯૯૮	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા
૧૩	૨૦૭/૩૦મી સપ્ટેમ્બર ૧૯૯૮	કલેકટર, સાબરકાંઠા, હિંમતનગર
૧૪	૨૦૮/૩૦મી સપ્ટેમ્બર ૧૯૯૮	જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, નડીઆદ.
૧૫	૨૦૯/૩૦મી સપ્ટેમ્બર ૧૯૯૮	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, નડીઆદ
૧૬	૨૧૦/૩જી ઓકટોબર ૧૯૯૮	પોલીસ કમિશનર, વડોદરા શહેર.
૧૭	૨૧૧/૩જી ઓકટોબર ૧૯૯૮	કલેકટર, પંચમહાલ, ગોધરા

PRINTEND AT THE GOVERNMENT PRESS, VADODARA.

REGISTERED No. G-BA-14—E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] THURSDAY, NOVEMBER 5, 1998 / KARTIKA 14, 1920 [No. 45

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part-I, Part I-A, Part I-B and Part I-L

		Pages			Pages
Part-I	Government Notification, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders other than those published in Part I A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	411-420	Part I-B	Government Notifications published under Land Acquisition Act only.	888-898
Part I-A	Orders and Notifications, (other than those published in Part IV-B) under the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette.	45	Part I-L	Notifications, Orders and Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.	2453-2541

MISCELLANEOUS, NOTIFICATIONS AND APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭ (૩) મુજબનો હુકમ.

નંબર ઉ/ગપક/૪૦૭/વિ. શા./૧૯૯૮.—અમદાવાદ શહેર પોલીસ કમિશનર, હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું હીરાલાલ, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર મને પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૩) થી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૨જી ઓક્ટોબર ૧૯૯૮ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી ઓક્ટોબર, ૧૯૯૮ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતા વધારે માણસોએ ભેગા થવું નહી અગર સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર :—અમદાવાદ શહેર પોલીસ કમિનરની હકુમતનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ ઉપર હોય તેઓ તથા સ્મશાન યાત્રાઓ અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ (૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

૨૩	શ્રી એન. એમ. વ્યાસ. સીવીલ જજ, (જુ. ડી.) અને જ્યુ. મેજિ. ફ. ક. છોટાઉદેપુર.	વેકેશન લેતા અટકાવ્યાં નથી.
૨૪	શ્રી એ. આઇ. શેખ, જોઇન્ટ સીવીલ જજ, (જુ.ડી.) અને જ્યુ. મેજિ. ફ. ક. છોટાઉદેપુર.	વેકેશન લેતા અટકાવ્યા નથી.
૨૫	શ્રી જે. એચ. જોષી. સીવીલ જજ, (જુ. ડી.) અને જ્યુ. મેજિ. ફ. ક. સંખેડા	૨૮મી ઓકટોબર ૧૯૯૮ થી ૧લી નવેમ્બર ૧૯૯૮
૨૬	શ્રી પી. એ. પટેલ. જોઇન્ટ સીવીલ જજ, (જુ. ડી.) અને જ્યુ. મેજિ. .ફ.ક. સંખેડા	૨૬મી ઓકટોબર ૧૯૯૮ અને ૨૭મી ઓકટોબર ૧૯૯૮
૨૭	શ્રી એફ. વાય. વાંચીભાઇ સીવીલ જજ, (જુ. ડી.) અને જ્યુ, મે.જિ. ફ. ક. ડભોઇ.	૨૬મી ઓકટોબર ૧૯૯૮ થી ૧લી નવેમ્બર ૧૯૯૮
૨૮	શ્રી એસ. જે. રાજે. જોઇન્ટ સીવીલ જજ (જુ. ડી.) અને જ્યુ. મેજિ. ફ.ક.	૨૬મી ઓકટોબર ૧૯૯૮ થી ૧લી નવેમ્બર ૧૯૯૮
૨૯	શ્રી એચ. એન. કાઝી. સીવીલ જજ (જુ. ડી.) અને જ્યુ. મેજિ. ફ. ક. શિનોર.	વેકેશન લેતાં અટકાવ્યાં નથી.
૩૦	શ્રી પી. સી. ઠાકર. સીવીલ જજ, (જુ. ડી.) અને જ્યુ. મેજિ. ફ. ક., કરજણ.	૨૬મી ઓકટોબર ૧૯૯૮ થી ૧લી નવેમ્બર ૧૯૯૮
૩૧	શ્રી એસ. એસ. બ્રહ્મભટ્ટ, જોઇન્ટ સીવીલ જજ, (જુ. ડી.) અને જ્યુ. મેજિ. ફ. ક., કરજણ.	વેકેશન લેતાં અટકાવ્યા નથી.
૩૨	શ્રી ડી. સી. ત્રિવેદી, સીવીલ જજ (જુ. ડી.) અને જ્યુ. મેજિ. ફ. ક., પાદરા.	૨૬મી ઓકટોબર ૧૯૯૮ થી ૧લી નવેમ્બર ૧૯૯૮
૩૩	શ્રી ડી. બી. પટેલ, સીવીલ જજ (જુ. ડી.) અને જ્યુ. મેજિ. ફ. ક., સાવલી.	૨૬મી ઓકટોબર ૧૯૯૮ થી ૧લી નવેમ્બર ૧૯૯૮
૩૪	શ્રી પી. વી. જોષી, જોઇન્ટ સીવીલ જજ, (જુ ડી.) અને જ્યુ. મેજિ. ફ.ક., સાવલી.	૨૭મી ઓકટોબર ૧૯૯૮ થી ૧લી નવેમ્બર ૧૯૯૮

વડોદરા, તારીખ ૯મી નવેમ્બર ૧૯૯૮.

આર. એમ. પરમાર,
ડીસ્ટ્રીક્ટ જજ,
વડોદરા.

Read.—High Court Letter No. C. 2103/98, dated 14th October, 1998.

Notfication

No. B.10 / 1611 of 1998.— The District and Session Judge Surat declares that all the Judicial Courts Stationed at Surat are closed on 17th September, 1998 (Thur day) on account of Heavy Flood / Prevalent in the city of Surat.

Surat, 28th October, 1998.

A. A. KURESHI,
District Judge, Surat.

વંચાણમાં લીધા.—હાઈકોર્ટ પત્ર નંબર : સી-૨૧૦૩/૯૮, તારીખ ૧૪મી ઓકટોબર, ૧૯૯૮.

જાહેરનામું

નંબર બી.-૧૦/૧૬૧૧.—સને ૧૯૯૮. —જિલ્લા અને સેશન્સ ન્યાયાધીશ સુરત તરફથી તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૧૯૯૮ (ગુરૂવાર), ના રોજ ભારે પૂર સંકટના કારણે સુરત શહેરની તાબાની તમામ કોર્ટમાં રજા જાહેર કરવામાં આવેલ છે.

સુરત, તારીખ ૨૮મી ઓકટોબર, ૧૯૯૮.

એ. એ. કુરેશી,
જિલ્લા ન્યાયાધીશ,
સુરત.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નંબર ડી. / એમ.એ.જી. ૧ / ટ્રાફીક / વશી.— તારીખ ૨૧મી જુલાઈ ૧૯૯૮ ના પ્રાથમિક હુકમનો ખરડો બહાર પાડવામાં આવેલ, જેના અનુસંધાનમાં નિયત મુદતમાં વાંધાઓ આવેલ છે જે વિચારણામાં લેવામાં આવેલ છે. વાસ્તે સદરહું હુકમનો ખરડો નીચે પ્રમાણે- છેવટનો હુકમ મંજુર કરવામાં આવે છે.

INDEX

હુકમનો અમલ તાત્કાલીક અસરથી એટલે કે જાહેરનામાની તારીખ કરવાનો રહેશે.

હુકમ

નંબર ડી / એમ.એ.જી. ૧ / ટ્રાફીક / વશી.— મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (મુંબઈના ૨૨ મા) ની કલમ ૩૩ ની પેટા કલમ (૧) ના ખંડ (ક) થી જિલ્લા મેજિસ્ટ્રેટ બનાસકાંઠાને મળેલ અધિકારોની રૂએ આ કચેરીના જાહેરનામા ક્રમાંક ડી / એમ.એ.જી.-૧ / ટ્રાફીક, તારીખ ૨૬મી ઓકટોબર, ૧૯૯૫ માં અંશત : ફેરફાર કરી પાલનપુર શહેરના રેલ્વે બ્રીજથી ગઠામણ સર્કલ સુધીના રોડ ઉપર સવારના--૦૮--૦૦ થી બપોરના ૧૨--૦૦ તથા સાંજના ૧૬--૦૦ થી ૨૧--૦૦ કલાક સુધી ધીમી ગતિના વાહનો જેવાં કે બળદગાડા, ઉંટગાડી, માલ ભરેલી લારીઓ ચલાવવા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે. આ સમય દરમ્યાન ધીમા વાહનો એ જિલ્લા કલ્યાણ તંત્ર ભવનની જમણી બાજુ પાકો ડામર રોડ છે ત્યાંથી સરકારી વસાહતથી આંબેડકરનગર સોસાયટીથી લક્ષ્મીપુરા ફાટક ઉપર થઈ ઈદગાહના રસ્તાનો--માર્કેટયાર્ડમાં જવા આવા ઉપયોગ કરવાનો રહેશે.

આજરોજ તારીખ ૧૧ મી માહે ઓકટોબર, ૧૯૯૮ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

પી. ડી. વાઘેલા,
જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા,

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈ અધિનિયમ નંબર-૨૨) ની કલમ-૩૭ મુજબ :

નંબર ડીસી / પીઓએલ / એમએજી / એસ.આર. ૪૪/૯૮.— આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરની જાળવણી વાસ્તે હું એમ. વાય. દક્ષિણી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો મુંબઈ અધિનિયમ નંબર-૨૨) ની કલમ ૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૩૧મી ઓકટોબર, ૧૯૯૮થી તારીખ ૧૪મી નવેમ્બર, ૧૯૯૮ સુધી નીચેના કૃત્ય ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, શોટી, બંદૂક, ખંજર, અસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાબું અને છેડેથી અણીવાળુ પાનું હોય તેવું ચપ્પુ તથા ત્રણ ઈંચથી વધારે લંબાણ ધરાવતું અણીવાળુ ઘાતક શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું તેમજ લાકડી, લાઠી અથવા શારીરીક નુકશાન પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની.

(૨) કોઈપણ રીતે શરીરને હાનિકારક એવો કોઈપણ ક્ષયકારી પદાર્થ સાથે રાખી ફરવાનું.

(૩) પત્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(૪) સળગતા મશાલ અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(૫) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા- દેખાડવાની.

(૬) લોકોએ બૂમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાજા વગડાવાની.

(૭) જે છટાદાર ભાષણ આપવાની, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો- ફેલાવો કર્યાથી આવા અધિકારીઓના અભીપ્રાયો પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યના સલામતિ જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવાની અને ચિત્રો નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાના અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર :

અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર.
(પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમતના વિસ્તાર સિવાય)

અપવાદ :

આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં :—

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમને, જે તે ઉપરી અધિકારીએ આવું કોઈ પણ હથીયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથીયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરો કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધીત હથીયાર જેવા કે, સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહીં.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, જિલ્લા પોલીસ અધિકારી અથવા જેને અધિકૃત કરેલા હોય તેવા કોઈપણ પોલીસ અધિકારીઓને જેને શારીરિક અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવા પરવાનગી આપેલ હોય તે વ્યકિતઓને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાની કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા-કલમ-૧ હેઠળ ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની અને દંડની તથા ભારતના જિદારી અધિ-નિયમ, ૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૮મી ઓકટોબર, ૧૯૮ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

INDEX

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ નંબર ૨૨ માંની) કલમ-૩૭ (૩) મુજબનો.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસ. આર. ૪૫ / ૯૮.—આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી વાસ્તે હું એમ. વાય. દક્ષિણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નંબર ૨૨ માંથી) અધિનિયમની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે, નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તારીખ ૩૧મી ઓકટોબર, ૧૯૯૮ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૪મી નવેમ્બર, ૧૯૯૮ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ કોઈ સર ઘસ, કાઢવું નહીં.

અનુસૂચિ.—અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસૂલી વિસ્તાર.
(વિસ્તાર) (પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરના હકુમત સિવાયનો વિસ્તાર)

ખુલાસો.—આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફૂટપાથો, ગલીઓ તથા પેટા ગલીઓનો પણ સમાવેશ થાય છે.

અપવાદ.—આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેવી ફરજ ઉપર હોય તથા ધાર્મિક અગર મરણોત્તર અથવા તો તે અંગેની અધિકૃત સત્તાધિકારીની પાસેથી મંજુરી મેળવી હોય તેવા સભા-સરઘસોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા-કલમ-૩ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨૮મી ઓકટોબર, ૧૯૯૮ ના રોજ મારી સહી અને સિક્કો કર્યો.

એમ. વાય. દક્ષિણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે.

ક્રમાંક પી.ઓ.એલ.-વશી / ૩૦૯૧.—તિલકવાડા તાલુકાના ભાદરવા ગામેપ્રતિ વર્ષની માફક ચાલુ વર્ષે કાર્તિકી પૂનમનો મેળો તારીખ ૩જી નવેમ્બર, ૧૯૯૮ થી તારીખ ૫મી નવેમ્બર, ૧૯૯૮ સુધીનાં સમયમાં જાહેર મેળો ભરાશે. આ મેળામાં આજુબાજુના ગામોમાંથી મોટા પ્રમાણમાં સમુદાય એકત્રિત થશે. જેથી મેળામાં હાથલારીઓમાં માલસામાન રાખી તૈયાર કરનાર વેપારીઓ ઉપર નિયંત્રણ મુકવા માટે જે જગ્યાએ લારીઓ ઉભી રાખવાનું નક્કી કરેલ હોય તે જગ્યા સિવાય અન્ય જગ્યાએ લારીઓ ઉભી રાખવી વેપાર કરવા પર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું, કે. કે. વાગડીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે તારીખ ૩જી નવેમ્બર, ૧૯૯૮ થી તારીખ ૫મી નવેમ્બર, ૧૯૯૮ સુધીનાં સમયગાળામાં (બંને દિવસો સહિત) ભાદરવા ગામનાં મેળામાં કોઈપણ ઈસમે પોતાની હાથલારીઓ મેળામાં એક જગ્યાએથી બીજી જગ્યાએ ફેરવવી નહી. પરંતુ પોલીસ ખાતા અગર ગ્રામ પંચાયત તરફથી નિયત કરેલ જગ્યાએ ઉભી રાખવી.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરના પગલાં લેવામાં આવશે.

આજ તારીખ ૩જી નવેમ્બર, ૧૯૯૮ના રોજ મારી સહી કરી સિક્કો કર્યો.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (યુ) અન્વયે.

ક્રમાંક પી.ઓ.એલ./વશી-૩૦૮૨.—તિલકવાડા તાલુકાના ભાદરવા ગામે તારીખ ૩જી નવેમ્બર, ૧૯૯૮ થી તારીખ ૫મી નવેમ્બર, ૧૯૯૮ દરમ્યાન પ્રતિવર્ષની માફક જાહેર મેળો ભરાશે. આ મેળામાં ઘણી મોટી સંખ્યામાં લોકો એકત્રિત થશે અને ઘાસ, કામળા, વાંસ વિગેરેથી માંડવા તૈયાર કરવામાં આવશે. જેથી ઉપરોકત દિવસે દરમ્યાન ભાદરવા ગામની હદમાં દારૂખાનુ ફોડવા પર પ્રતિબંધ મુકવાનું આવશ્યક જણાય છે.

વાસ્તે, હું કે. કે. વાગડીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા, સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (યુ) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે ઉપરોકત મેળાના દિવસો દરમ્યાન ભાદરવા ગ્રામ પંચાયતની હદમાં કોઈપણ વ્યકિતએ કોઈપણ પ્રકારનું દારૂખાનું ફોડવું નહીં.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર ઉકત કાયદાની કલમ-૧૩૧ પ્રમાણે સજા અને દંડને પાત્ર થશે.

આજ તારીખ ૩જી નવેમ્બર, ૧૯૯૮ ના રોજ મારી સહી કરી સિક્કો કર્યો છે.

જાહેરનામું

ક્રમાંક પી.ઓ.એલ./વશી/૩૦૭૦.—તિલકવાડા તાલુકાના ભાદરવા ગામે કાર્તિકી પૂનમે તારીખ ૩જી નવેમ્બર, ૧૯૯૮ થી તારીખ ૫મી નવેમ્બર, ૧૯૯૮ સુધી જાહેર મેળા ભરાનાર છે. અને અમારા અભિપ્રાય મુજબ નીચે જણાવેલા કૃત્યોથી ચેપી રોગચાળો ફાટી નીકળવાનો પૂરો સંભવ છે. જેથી દરેક વ્યકિતએ નીચેના નિયમોનું પાલન કરવું જરૂરી છે.

(૧) જે સ્થળે પાણી પીવા માટે નિયત કર્યા હોય તેની નજીકના ૧૨ ફૂટના વિસ્તાર અથવા જે તે જગ્યા ઉપર નહાવું ધોવું કે કપડા ધોવા કે જાનવરોને નવડાવવા નહી. અને વાહનો ધોવા નહી.

(૨) જાત્રાના સમયે નિયત કરેલ જગ્યા સિવાય અન્ય જગ્યા પર ઝાડો પેશાબ કરવા નહીં.

(૩) ગંધાતા વાસી અને ઉતરી ગયેલા અગર માનવ ખાદ્ય માટે બીન ઉપયોગી એવા ફળફળાદિ, પીણા તથા ખોરાક વેચવા નહીં.

INDEX

(૪) ખાનપાનની દુકાનો હોટલો રેસ્ટોરંન્ટ તથા પોતાની દુકાનો અસ્વચ્છ અને ગંદા રાખવા નહીં.

(૫) જે યાત્રાળુઓ કોલેરા-શીતળા, પ્લેગ જેવા ચેપીરોગથી પીડાતા હોય તેમજ ફરજ પરના સેનેટરી ઈન્સ્પેકટર પાસેથી એવા રોગચાળા અટકાવવા માટેની દવા ઈન્જેકશન વિગેરે અગાઉથી લીધા વગર યાત્રામાં આવવું નહીં.

વાસ્તે:--

હું કે. કે. વાગડીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૪૩ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ભાદરવા અને જયાં જયાં આજુબાજુના ગામમાં જયાં જયાં યાત્રા ભરાતી હોય તેવા સ્થળોમાં ઉપર જણાવેલ કૃત્યો કરવાની આથી મનાઈ હુકમ ફરમાવું છું.

ઉપર જણાવેલા નિયમોનો જે કોઈ વ્યકિત ભંગ કરશે અથવા તેમ કરવામાં મદદ કરશે તેને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ અનુસાર ત્રણ માસની કેદ અથવા રૂા. ૨૦૦ સુધીના દંડ અગર બન્ને શિક્ષાને પાત્ર થશે. આ હુકમ તારીખ ૩જી નવેમ્બર, ૧૯૯૮ થી તારીખ ૫મી નવેમ્બર, ૧૯૯૮ સુધી બન્ને દિવસો સહિત અમલમાં રહેશે.

આજ તારીખ ૩જી નવેમ્બર, ૧૯૯૮ના રોજ મારી સહી કરી સિક્કો કરેલ છે.

જાહેરનામું

સને ૧૯૫૧ ની મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (એમ) અન્વયે.

ક્રમાંક એમ.એ.જી./વશી-૩૦૬૬.--તિલકવાડા તાલુકાના ભાદરવા ગામે તારીખ ૩જી નવેમ્બર, ૧૯૯૮ થી તારીખ ૫મી નવેમ્બર, ૧૯૯૮ દરમિયાન પ્રતિ વર્ષની માફક જાહેર મેળો ભરાશે. આ મેળામાં આજુબાજુના ગામોમાંથી તેમજ સમગ્ર અન્ય રાજયોમાંથી પણ ઘણી મોટી સંખ્યામાં લોકો એકત્રિત થાય છે. અને ભાદરવા મેળામાંથી ગરૂડેશ્વર પાસે નર્મદા નદીના ઘાટ પર લોકો સ્નાન કરે છે. નર્મદા નદીના પાણી ઉંડા હોવાથી તેમજ નદીમાં ખાડા પડેલ હોવાથી અકસ્માત થવાની શકયતા છે. જેથી નર્મદા નદીમાં અમુક વિસ્તારમાં સ્નાન કરવા પર નિયમન કરવાનું આવશ્યક જણાય છે.

વાસ્તે હું, કે.કે. વાગડીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,(નર્મદા) સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (એમ) અન્વયે મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે તારીખ ૩જી નવેમ્બર, ૧૯૯૮ થી તારીખ ૫મી નવેમ્બર, ૧૯૯૮ સુધીના સમયમાં (બંને દિવસો સહિત) ગરૂડેશ્વર મુકામે નર્મદા નદીમાં પોલીસ ખાતા તરફથી નક્કી થયેલ હદની અંદર જ લોકોએ પાણીમાં સ્નાન કરવું. તથા નિયત ઘાટની બહાર સ્નાન કરવા પર પ્રતિબંધ મૂકવા આદેશ કરું છું.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરના પગલાં લેવામાં આવશે.

આજ તારીખ ૩જી નવેમ્બર, ૧૯૯૮ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

કે. કે. વાગડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ (નર્મદા),
રાજપીપલા.

જાહેરનામું

સને ૧૯૫૧નો મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૧)મુંજબનું.

નંબર મકમ-પલસ / મજસ / વશી. ૩૨૦૭.-- આગામી તારીખ ૨૩મી ઓકટોબર, ૧૯૯૮ થી તારીખ ૨૨મી નવેમ્બર, ૧૯૯૮-- દરમ્યાન લાભ પાંચમ, સરદાર પટેલ જયંતિ, દેવ દિવાળી, ગુરુ નાનક જયંતિ જેવા તહેવારોની ઉજવણી થનાર હોઈ, જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે અને શાંતિમય વાતાવરણ રહે તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭(૧) હેઠળ જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

જેથી મુંબઈ પોલીસ અધિનિયમની ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે મળેલ સત્તાની રુએ હું કે. એસ. મેણાત, અધિક જિલ્લા-મેજિસ્ટ્રેટ, દાહોદ આથી ફરમાવું છું કે, સમગ્ર દાહોદ જિલ્લામાં-- તારીખ ૨૩મી ઓકટોબર, ૧૯૯૮ થી ૨૨ મી નવેમ્બર, ૧૯૯૮-- (બન્ને દિવસો સહિત).

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ઘોકાબંદૂક, છરો, લાકડી કે લાઠી-- અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવો નહીં.

(ગ) પથ્થર અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુ અથવા તો-- વસ્તુઓ ફેંકવાની ધકેલવાના યંત્રો સાધનો સાથે લઈ જવા નહીં. એકઠા કરવા નહીં. તથા તૈયાર કરવાં નહીં. મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવાં નહીં. અપમાન-- કરવાના અથવા જાહેરમાં બિભત્સ પોકારવાં નહીં. અશ્લીલ ગીતો ગાવાં નહીં.

(ઘ) જેના સુરુચિ અથવા નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં. તેવા હાવભાવ કરવા નહીં. તેવી ચેષ્ટા કરવી નહીં. અથવા તેવા પત્રકો પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવી નહીં. બતાવવી નહીં અથવા તેનો ફેલાવો કરવો નહીં

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી

(૧) સરકારી નોકર કે, કામ કરતી કોઈ વ્યકિતઓને જેના ઉપર અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય, અથવા આવું હથિયાર લઈ જવાની જેની ફરજ હોય, પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રીથી નીચેની પાયરીના હોય તેવા અધિકારીએ જે તે શારિરીક અશકિતના કારણે લાકડી, લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને,

આજરોજ તારીખ ૨૩મી ઓકટોબર, ૧૯૯૮ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપવામાં આવ્યો.

કે. એસ. મેણાત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, દાહોદ.

INDEX

BY COMPETENT AUTHORITY AND DEPUTY COLLECTOR

Notification

THE URBAN LAND (CEILING AND REGULATION) ACT, 1976.

[Under Section 10 (*1*) *read* with Rule (6)]

No. ULC-1076-1115-D--No. 8543 / Danteshwar.—It is hereby notified that such vacant land as is descibed in the schedule below is to be acquired by the Government of Gujarat. The claims of all persons interested in such vacant land may be made by them personally or by their agents giving particulars of the nature of their interest. The claims will be received by the Competent Authority upto thirty days after the date of publication of this notification in the Gazette.

SCHEDULE

Name of the Holder : Haji Alibhai Haji Esabhai.

Details of vacant lands to be acquiired :— ,

District	Taluka	Village	Description of the land		Remarks
			Sr. No.	Area Sq. mtrs.	
1	2	3	4-A	4-B	5
Vadodara	Vadodara	Danteshwar	97 paiki	7100	

Vadodara, 27th October, 1998.

સક્ષમ અધિકારી અને નાયબ કલેકટર દ્વારા

જાહેરનામું

શહેરી જમીન (ટોચ—મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬.

[કલમ-૧૦ (૧) તથા નિયમ-૬ અનુસાર].

નંબર યુ.એલ.સી. ૧૦૭૬/૧૧૧૫-ડી./૮૫૪૩/દંતેશ્વર.--આથી જાહેર કરવામાં આવે છે કે આ સાથે સામેલ રાખેલ પરિશિષ્ટમાં જણાવેલી વિગતવાળી ખુલ્લી જમીન ગુજરાત સરકાર સંપાદન કરનાર છે. સદરહુ જમીન ઉપર જે કોઇ ઇસમનો હકક દાવો હશે. તેઓએ જાતે અગર અધિકૃત એજન્ટ મારફતે તેઓએ હકક અંગેનો હકક સંબંધીની સંપૂર્ણ વિગત સહ રજુ કરશો.

હકક સંબંધીનો દાવો સક્ષમ અધિકારીશ્રી સદરહુ જાહેરનામું સરકારી રાજયપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની મુદત સુધીમાં સ્વીકારશે.

શીડયુઅલ

પત્રક ફાઇલ કરનારનું નામ : શ્રી હાજી અલીભાઇ હાજી ઇસાભાઇ

સંપાદન કરવાની ખુલ્લી જમીનની વિગત :

જિલ્લો	તાલુકો	ગામ	જમીનની વિગત	વિસ્તાર (ચો.મી.)	શેરો
			સર્વે નંબર		
૧	૨	૩	૪-અ	૪-બ	૫
વડોદરા	વડોદરા	દંતેશ્વર	૯૭પૈકી	૭૧૦૦ ચો.મી.	

વડોદરા, તારીખ ૨૭મી ઓકટોબર, ૧૯૯૮.

INDEX

Notification

THE URBAN LAND (CEILING AND REGULATION) ACT, 1976.

[Under Section 10 (*1*) *read* with *rule* (6)]

No. ULC-1076-1115-D./168/ -Danteshwar .—It is hereby notified that such vacant land as is described in the schedule below is to be acquired by the Government of Gujarat. The claims of all person interested in such vacant land may be made by them personally or by their agent giving particulars of the nature of their interest. The claims will be received by the competent Authority upto thirty days after the date of publication of this notification in the Gazette.

SCHEDULE

Name of the Holder : Shri Nagjibhai Dhulabhai Solanki
Details of vacant lands to be acquired

District	Taluka	Village	Description of the land		Remarks
			Sr. No.	Area Sq. mtrs.	
1	2	3	4-a	4-b	5
Vadodara	Vadodara	Danteshwar	220	2508	

Vadodara, 6th November, 1998.

P. V. NATHANI,
Competent Autharity and
Deputy Collector, U.L. C.,
Vadodara, Unit No. 2.

જાહેરનામું

થહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬.

[કલમ ૧૦ (૧) તથા નિયમ ૬ અનુસાર].

નંબર યુ. એલ. સી./૧૦૭૬/૧૧૧૫-ડી/૧૬૮/દંતેશ્વર.—આથી જાહેર કરવામાં આવે છે કે, આ સાથે સામેલ રાખેલ પરિશિષ્ટમાં જણાવેલી વિગતવાળી ખુલ્લી જમીન ગુજરાત સરકાર સંપાદન કરનાર છે. સદરહુ જમીન ઉપર જે કોઈ ઈસમનો હક્ક દાવો હશે તેઓએ જાતે અગર અધિકૃત એજન્ટ મારફતે તેઓએ હક્ક અંગેનો હક્ક સંબંધીની સંપૂર્ણ વિગત સહ રજુ કરશે.

હક્ક સંબંધીનો દાવો સક્ષમ અધિકારીશ્રી સદરહુ જાહેરનામું સરકારી રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની મુદત સુધીમાં સ્વીકારશે.

શીડયુઅલ

પત્રક ફાઇલ કરનારનું નામ : નાગજીભાઈ ધુળાભાઈ સોલંકી.

સંપાદન કરવાની ખુલ્લી જમીનની વિગત :—

જિલ્લો	તાલુકો	ગામ	જમીનની વિગત		શેરો
			સર્વે નંબર	વિસ્તાર (ચો. મી)	
૧	૨	૩	૪-અ	૪-બ	૫
વડોદરા	વડોદરા	દંતેશ્વર	૨૨૦	૨૫૦૮ ચો. મીટર	

વડોદરા, તારીખ ૬ઠ્ઠી નવેમ્બર, ૧૯૯૮.

પી. વી. નાથાણી,
સક્ષમ અધિકારી અને નાયબ કલેકટર,
(શ.જ.ટો.મ.) વડોદરા, યુનિટ નં. ૨.

INDEX

Notifiction

THE URBAN LAND (CEILING AND REGULATION) ACT, 1976.

[Under Section 10 (*1*) *read* with Rule (6)]

No. ULC-1076-1115-D. No. 8076, 3687/Savad.—It is hereby notified that such vacant land as is described in the schedule below is to be acquired by the Government of Gujarat. The claims of all person interested in such vacant land may be made by them personally or by their agent giving particulars of the nature of their interest. The claims will be received by the Competent Authority up to thirty days after the date of publication of this notification in the gazette.

SCHEDULE

Name of the Holder : Babuben D/o. Haribhai Zaverbhai

Datails of vacant lands to be acquired :

District	Taluka	Village	Description of the land Sr. No.	Area Sq. mtrs.	Remarks
Vadodara	Vadodara	Savad	377	319	

Vadodara, 19th November 1998.

B. C. CHUDASAMA,
Competent Authority
and Deputy Collector, U.L.C.
Vadodara Unit No. . . . . .

જાહેરનામું

શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬.

[કલમ ૧૦ (૧) તથા નિયમ ૬ અનુસાર].

નંબર યુ.એલ.સી. - ૧૦૭૬/૧૧૧૫-ડી. નં. ૮૦૭૬, ૩૬૮૭/સવાદ.—આથી જાહેર કરવામાં આવે છે કે, આ સાથે સામેલ રાખેલ પરિશિષ્ટમાં. જણાવેલી વિગતવાળી ખુલ્લી જમીન ગુજરાત સરકાર સંપાદન કરનાર છે. સદરહુ જમીન ઉપર જે કોઈ ઈસમનો હક્ક દાવો હશે. તેઓએ જાતે અગર અધિકૃત એજન્ટ મારફતે તેઓએ હક્ક અંગેનો હક્ક સંબંધીની સંપૂર્ણ વિગત સહ રજુ કરશો.

હક્ક સંબંધીનો દાવો સક્ષમ અધિકારીશ્રી સદરહુ જાહેરનામું સરકારી રાજ્યપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની મુદત સુધીમાં સ્વીકારાશે.

શિડ્યુઅલ

પત્રક ફાઈલ કરનારનું નામ : બાબુબેન, તે હરીભાઈ ઝવેરીભાઈની દિકરી
સંપાદન કરવાની ખુલ્લી જમીનની વિગત

જિલ્લો	તાલુકો	ગામ	જમીનની વિગત સ. નં.	વિસ્તાર	શેરો
૧	૨	૩	૪-અ	૪-બ	૫
વડોદરા	વડોદરા	સવાદ	૩૭૭	૩૧૯	

વડોદરા, તારીખ ૧૯મી નવેમ્બર, ૧૯૯૮.

બી. સી. ચુડાસમા,
સક્ષમ અધિકારી અને નાયબ
કલેક્ટર, વડોદરા.

INDEX

Notification

THE URBAN LAND (CEILING AND REGULATION) ACT, 1976.

[Under Section 10(1) *Read* with Rule (6)]

No. ULC—6 (i) Case No. 1103/87 to 1107/87/Surat-city/Unit-4.—Whereas draft statement dated 24th Sepetmber, 1982 was servedon Shri Ambaben w/of Girdbhrbhai Govindbhai and her's Legal Heirs under sub-section 3 of section 8 of the Urban Land (Ceiling and Regulation) Act, 1976 in Form III appended to rule 5 of the Urban Land (Ceiling and Regulation) Rules, 1976 in respect of the vacant land held by her with a notice inviting the objection to the draft statement and whereas the objections to the draft statement were received from her and after hearing the party and considering the objections, a final statement dated 3rd November, 1998 under section 9 was served on him/her in the manner referred to in the said sub-section 3 of section 8.

Now, therefore, in exercise of the power conferred on me under sub-section (*i*) of section 10 of the said Act I hereby notify that :—

(i) The vacant land as specified in the Schedule appended herewith is to be acquired by the Government of Gujarat; and

(ii) All the persons interested in the vacant land, specified in the schedule may file their claims in respect of the said land, personally or through their agents giving particulars of the nature of their interest in said land before the undersigned within 30 days from the date of publication of this notification in the *Gujarat Government Gazette.*

SCHEDULE

Details of the vacant land held by the person in excess of the ceiling limit:—

Sr. No.	Name of the holder	Village	Taluka	Details of land: Survey No. Final Plot No.	Details of land: Area in (Sq. Mts.)	Remarks
1	2	3	4	5 (a)	5 (b)	6
1.	Ambaben W/of Girdharbhai Govindbhai and her's Legal Heirs.	Majura	Chorasi	68/1	20250	

Surat, 5th November 1998.

M. S. GOHIL,
Competent Authority and
Deputy Collector
Urban Land Ceiling, Surat.

જાહેરનામું

શહેરી જમીન (ટોચ—મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬.

[કલમ ૧૦ (૧) તથા નિયમ—૬ અનુસાર].

નંબર યુ.એલ.સી. ૬(૧) ૧/કેસ નં. ૧૧૦૩/૮૭ થી /૧૧૦૭/૮૭/સુશ. યુનિટ-૪.—જે અર્થે, અંબાબેન તે ગીરધરભાઇ ગેવિંદભાઈની વિધવા તથા તેમના વારસો એ ધારણ કરેલ ખુલ્લી જમીન સંબંધમાં શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ ની કલમ-૮ (૩) મુજબ શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) બાબતના નિયમો, ૧૯૭૬નાં નિયમ-૫ હેઠળ, નિયત કરેલ નમૂના નં. ૩ પ્રમાણેનું તારીખ ૨૪મી સપ્ટેમ્બર ૧૯૮૨નું મુસદ્દા પત્રક વાંધા રજુ કરવાની નોટીસ સહિત તેઓને બજાવવામાં આવેલ અને તે સામે તેઓ તરફથી વાંધા રજુ કરવામાં આવેલ હતા અને સદરહુ વાંધાઓ અંગે રૂબરૂ સુનાવણી આપ્યા બાદ તથા તે વિચારણામાં લીધા બાદ કલમ-૯ હેઠળ તારીખ ૩જી નવેમ્બર, ૧૯૯૮નું આખરી પત્રક કલમ-૮ (૩) માં ઠરાવ્યા અનુસાર બજાવવામાં આવેલ છે.

વાસ્તે, ઉપરોકત ધારાની કલમ-૧૦ (૧) અન્વયે મળેલ અધિકારની રૂએ, હું, આથી જાહેર કરૂં છું કે —(૧) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીન ગુજરાત રાજય સરકાર સંપાદન કરનાર છે, અને (૨) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીનમાં

INDEX

હિત ધરાવતા ઈસમો તેમના હક્ક, દાવા જાતે અગર તેમના પ્રતિનિધિ મારફત જમીનમાંના તેમના હિતના પ્રકાર અને વિગતો સાથે નીચે સહી કરનાર સમક્ષ આ જાહેરનામું ગુજરાત સરકારના રાજ્યપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી દિન-30 માં કરી શકશે.

પરિશિષ્ટ

અનુ. નંબર	જમીન ધારકનું નામ	ગામ	તાલુકો	જમીનની વિગત		શેરો
				સર્વે નંબર/ ફાઈનલ પ્લોટ નંબર	ક્ષેત્રફળ (ચોરસ મીટરમાં)	
૧	૨	૩	૪	૫-અ	૫-બ	૬
૧	અંબાબેન તે ગીરધરભાઈ ગોવિંદભાઈની વિધવા તથા તેમના વારસો	મજુરા	ચોર્યાસી	૬૮/૧	૨૦૨૫૦	

સુરત, તારીખ ૫મી નવેમ્બર, ૧૯૯૮.

એમ. એસ. ગોહિલ,
સક્ષમ અધિકારી અને નાયબ કલેક્ટર,
શહેરી જમીન ટોચ-મર્યાદા, સુરત.

Supple. C. G I—127

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXIX] THURSDAY, DECEMBER 10, 1998 / AGRAHAYANA 19, 1920 [No. 50

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part-I, Part I-A, Part I-B and Part I-L

		Pages			Pages
Part-I	Government Notification, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders other than those published in Part I A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	472-485	Part I-B	Government Notifications published under Land Acquisition Act only.	947-965
Part I-A	Orders and Notifications, (other than those published in Part IV-B) under the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette.	50	Part I-L	Notifications, Orders and Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.	2796-2861

MISCELLANEOUS, NOTIFICATIONS AND APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨ માં અધિનિયમની કલમ-૩૭ (૩) મુજબનો હુકમ.

નંબર ઉ/ગપક/૪૧૨/વિ. શા./૧૯૯૮.—અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુંમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, હીરાલાલ, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર મને પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨ માં અધિનિયમની કલમ-૩૭ (૩) થી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧૭મી નવેમ્બર, ૧૯૯૮ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૦મી નવેમ્બર, ૧૯૯૮ ના કલાક ૨૪-૦૦ સધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં.

વિસ્તાર.—અમદાવાદ શહેર પોલીસ કમિશનરના હકુમતના સમગ્ર વિસ્તાર.

અપવાદ.—આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમને ઉપરી અધિકારીઓએ આવું કોઈ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવુ કોઇ હથિયાર લઈ જવાની ફરજ હોય તે વ્યકિતઓને.

(૨) પોલીસ કમિશનર અથવા તેમણે અધિકૃત કરેલા કોઈપણ અધિકારીએ જેને અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓને.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર (૪) માસની અને વધુમાં વધુ એક (૧) વર્ષની સજા કે દંડની સજાને મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૨મી નવેમ્બર, ૧૯૯૮ ના રોજ મારી સહી સિક્કો કરી આપેલ છે.

મનીરામ,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

BY DISTRICT JUDGE

Notification

No. B-10 / 1656 of 1998,— During the Second porion of Summer Vacotion Observed for One Week from 26th October, 1998 to 1st November 1998 (both days inclusive), in the judicial District of Surat, the following judicial Officers, were prevented from availing the benefit of Summer Vacation for the period shown aganinst their name in Col, No. 3 under the Provision of Rule 741 read with Rule743 of BCS Rule Volume-I

Sr. No,	Name and Designation of the Judicial Officers	Period for which Prevented	Days for which Prevented	Remarks
1	2	3	4	5
1.	Mr, M. I. L. Dalal, Judge Small Cause Court, Surat.	29th October, 1998	1	
2.	Mr. H. A. Shah, Add. Judge Small Cause Court, Surat.	26th October, 1998 to 1st November, 1998	7	
3.	Mr.H. S. Tripathi, Civil Judge (S.D.), Surat.	26th October, 1998 to 27th October 1998	2	
4.	Mr. V. R. Vyas, Chief Judicial Magistrate, Surat.	26th October, 1998 to 1st November, 1998.	7	
5.	Mr. C. C. Patel, 2nd Joint Civil Judge (S. D.) and J. M. F. C., Surat.	26th October, 1998 to 1st November, 1998	7	
6.	Kum. S. C. Srivastava, 3rd Joint Civil Judge (S. D.) and J. M. F. C. Surat.	26th October, 1998 to 29th October, 1998	4	
7.	Mr. S. R. Goswami, 4th Joint Civil Judge (S. D.) and J. M. F. C., Surat.	26th October, 1998 to 1st November, 1998	7	
8.	Mr. V. M. Chawada, Joint Civil Judge (J. D.) and J. M. F. C. Surat.	—		
9.	Mr. B. K. Patel, 2nd Joint Civil Judge (J. D.) and J. M. F. C. Surat.	26th October, 1998 to 29th October, 1998.	4	
10.	Miss A. P. Kansara, 3rd Joint Civil Judge (J. D.) and J. M. F. C., Surat.	26th October, 1998 to 1st November, 1998	7	

INDEX

1	2	3	4	5
11	Mr. J. B. Parikh, 4th Joint Civil Judge (J. D.) and J. M. F. C. Surat.	26th October, 1998 to 1st November, 1998	7	
	Mr. N. K. Parikh, 5th Joint Civil Judge (J. D.) and J. M. F. C., Surat	26th October, 1998 to 1st November, 1998	7	
13	Mr. M. Pathan, 6th Joint Civil Judge (J. D.) and J. M. F. C, Surat.	26th October, 1998 to 1st November, 1998	7	
14	um S. R. Oza, 7th Joint Civil Judge (J. D.) and J. M. F. C. Surat.	26th October, 1998 to to 1st November 1998	7	
15	M . Gujarathi, J. M. F. C., 1st Court, Surat.	26th October, 1998 to 1st November, 1998	7	
16	J. R. Padvi, J. M. F. C., 2nd Court, Surat.	26th October, 1998 to 1st November, 1998	7	
17	Mr. B. Y. Dave, J. M. F. C., 3rd Court, Surat.	26th October, 1998 to 28th October, 1998.	3	
18	Mr. P. C. Joshi, J. M. F. C., (Munl.) Court, Surat.	26th October, 1998 to 1st November, 1998	7	
19	Mr. R. T. Panchal, J. M. F. C., (Railways) Court, Surat.	26th October, 1998 to 1st November. 1998.	7	
20	Mr. D. D. Thakkar, Civil Judge (J. D.) and J. M. F. C., Olpad.	26th October 1998 to 1st November 1998.	7	
21	Mr. B. N. Makwana, Civil Judg (J. D.) and J. M F, C. Kathor	26th October 1998 to 1st November, 1998.	7	
22	M. R. M. Sareen, Civil Judge (J. D.) and J. M. F. C. Bardoli	26th October 1998 to 1st November, 1998	7	
23	Mr. K. D. Parmar, Joint Civil Judge (J. D.) and J. M. F. C. Bardoli.	26th October 1998 to 1st November 1998.	7	
24	Mr. J. K. Thoria, Civil Judge (J. D.) and J. M. F. C. Mandvi.	26th October 1998 to 1st November 1998	7	
25	Mr. I. D. Patel, Civil Judge (J. D.) and J. M. F. C., Vyara-Nizar, at Vyara.	26th October, 1998 to 1st November 1998	7	
26	Smt. S. B. Vyas, Joint Civil Judge (J. D.) and J. M. F. C., Mangrol.	26th October 1998 to 1sr November 1998	7	

Surat, 3rd November 1998.

A. A. KURESHI,
District Judge, Surat .

જિલ્લા ન્યાયાધિશ દ્વારા

જાહેરનામું

નંબર બી. ૧૦/૧૬૫૬ સને ૧૯૯૮.—તારીખ ૨૬મી ઓક્ટોબર, ૧૯૯૮ થી તારીખ ૧લી નવેમ્બર, (બન્ને દિવસો ગણતાં) ૧૯૯૮ સુધીના એક અઠવાડિયાના ઉનાળુ વેકેશન સુરત જ્યુડીશીયલ ડીસ્ટ્રીકટમાં કામ કરતાં નીચે જણાવેલ જ્યુડીશીયલ ઓફીસરોને તેઓના નામની સામે કોલમ નંબર-૩ માં દર્શાવેલ સમયગાળા દરમ્યાન ઉનાળુ વેકેશન પર જતાં રોકવામાં આવ્યા હતાં. બી. સી. એસ. આર.ના ૭૪૧ સાથે ૭૪૩ વોલ્યુમ વાંચતા.

અનુક્રમ નંબર	ન્યાયાધિકારીનું નામ	વેકેશન ભોગવવા માટે અટકાયત કરવામાં આવેલ તે સમય	અટકાયત કરવામાં આવેલ દિવસો	રીમાર્કસ
૧	૨	૩	૪	૫
૧	શ્રી એમ. આઈ. એલ. દલાલ જડજ, સ્મોલ કોઝ કોર્ટ, સુરત.	... ૨૯મી ઓક્ટોબર, ૧૯૯૮	૧	
૨	શ્રી એચ. એ. શાહ, એડી. જડજ, સ્મોલ કોઝ કોર્ટ, સુરત	... ૨૬મી ઓક્ટોબર, ૧૯૯૮ થી ૧લી નવેમ્બર, ૧૯૯૮	૭	
૩	શ્રી એચ. એસ. ત્રિપાઠી, સીવીલ જડજ (સી. ડી.), સુરત	... ૨૬મી ઓક્ટોબર, ૧૯૯૮ થી ૨૭મી ઓક્ટોબર, ૧૯૯૮	૨	
૪	શ્રી વી. આર. વ્યાસ, ચીફ જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ, સુરત.	... ૨૬મી ઓક્ટોબર, ૧૯૯૮ થી ૧લી નવેમ્બર, ૧૯૯૮	૭	
૫	શ્રી સી. સી. પટેલ બીજા જો.સીવીલ જડજ (સી.ડી.) અને જ્યુડી. ફ. કલા., સુરત.	... ૨૬મી ઓક્ટોબર, ૧૯૯૮ થી ૧લી નવેમ્બર, ૧૯૯૮	૭	
૬	કું. એસ. સી. શ્રીવાસ્તવ, ત્રીજા જો. સીવીલ જડજ, (સી.ડી.) અને જ્યુ. મેજિ. ફ.કલા.,સુરત	... ૨૬મી ઓક્ટોબર, ૧૯૯૮ થી ૨૯મી ઓક્ટોબર, ૧૯૯૮	૪	
૭	શ્રી એસ. આર. ગોસ્વામી ચોથા જો. સીવીલ જડજ (સી. ડી.) અને જ્યુ. મેજિ. ફ.કલા., સુરત	... ૨૬મી ઓક્ટોબર, ૧૯૯૮ થી ૧લી નવેમ્બર, ૧૯૯૮	૭	
૮	શ્રી વી. એમ. ચાવડા જો. સીવીલ જડજ (જુ.ડી.) અને જ્યુ. મેજિ. ફ. કલા., સુરત	... ...	...	
૯	શ્રી બી. કે. પટેલ બીજા જો સીવીલ જડજ (જુ.ડી.) અને જ્યુ. મેજિ. ફ.કલા., સુરત	... ૨૬મી ઓક્ટોબર, ૧૯૯૮ થી ૨૯મી ઓક્ટોબર, ૧૯૯૮	૪	
૧૦	કું. એ. પી. કંસારા ત્રીજા જો સીવીલ જડજ (જુ. ડી.) અને જ્યુ. મેજિ. ફ.કલા., સુરત	... ૨૬મી ઓક્ટોબર, ૧૯૯૮ થી ૧લી નવેમ્બર, ૧૯૯૮	૭	
૧૧	શ્રી જે. બી. પરીખ ચોથા જો. સીવીલ જડજ (જુ.ડી.) અને જ્યુ. મેજિ. ફ.કલા., સુરત.	... ૨૬મી ઓક્ટોબર, ૧૯૯૮ ૧લી નવેમ્બર, ૧૯૯૮ થી	૭	
૧૨	શ્રી એન. કે.પરીખ પાંચમા જો. સીવીલ જડજ (જુ.ડી.) અને જ્યુ. મેજિ. ફ. કલા., સુરત.	... ૨૬મી ઓક્ટોબર, ૧૯૯૮ થી ૧લી નવેમ્બર, ૧૯૯૮	૭	
૧૩	શ્રી એમ. આઈ. પઠાણ છઠ્ઠા જો. સીવીલ જડજ (જુ.ડી.) અને જ્યુ. મેજિ. ફ.કલા., સુરત	... ૨૬મી ઓક્ટોબર, ૧૯૯૮ થી ૧લી નવેમ્બર, ૧૯૯૮	૭	
૧૪	કું. એસ. અર. ઓઝા સાતમા જો.સીવીલ જડજ (જુ.ડી.) અને જ્યુ. મેજિ. ફ.કલા., સુરત.	... ૨૬મી ઓક્ટોબર, ૧૯૯૮ થી ૧લી નવેમ્બર, ૧૯૯૮	૭	
૧૫	શ્રી કે. બી. ગુજરાથી જ્યુડી. મેજિ. ફ. કલા., પ્રથમ કોર્ટ, સુરત.	... ૨૬મી ઓક્ટોબર, ૧૯૯૮ થી ૧લી નવેમ્બર, ૧૯૯૮	૭	
૧૬	શ્રી જે. આર. પાડવી જ્યુડી. મેજિ. ફ. કલા., બીજી કોર્ટ, સુરત	... ૨૬મી ઓક્ટોબર, ૧૯૯૮ થી ૧લી નવેમ્બર, ૧૯૯૮	૭	
૧૭	શ્રી બી. ટી. દવે જ્યુડી. મેજિ. ફ. લા., ત્રીજી કોર્ટ, સુરત.	... ૨૬મી ઓક્ટોબર, ૧૯૯૮ થી ૨૮મી ઓક્ટોબર, ૧૯૯૮	૩	
૧૮	શ્રી પી. સી. જોષી જ્યુડી. મેજિ. ફ. કલા., (મ્યુની.) કોર્ટ, સુરત.	... ૨૬મી ઓક્ટોબર, ૧૯૯૮ થી ૧લી નવેમ્બર, ૧૯૯૮	૭	

INDEX

૧	૨	૩	૪	૫
૧૯	શ્રી આર. ટી. પંચાલ ... જ્યુડી. મેજિ. ફ. કલા., (રેલ્વે) કોર્ટ, સુરત.	૨૬મી ઓક્ટોબર, ૧૯૯૮ થી ૧લી નવેમ્બર, ૧૯૯૮	૭	
૨૦	શ્રી ડી. ડી. ઠક્કર ... સીવીલ જડજ (જુ. ડી.) અને જ્યુડી. મેજિ. ફ.કલા., ઓલપાડ.	૨૬મી ઓક્ટોબર, ૧૯૯૮ થી ૧લી નવેમ્બર, ૧૯૯૮	૭	
૨૧	શ્રી બી. એન. મકવાણા ... સીવીલ જડજ (જુ. ડી.) અને જ્યુડી. મેજિ. ફ. કલા., કઠોર	૨૬મી ઓક્ટોબર, ૧૯૯૮ થી ૧લી નવેમ્બર, ૧૯૯૮	૭	
૨૨	શ્રી આર. એમ. સરીન ... સીવીલ જડજ (જુ. ડી.) અને જ્યુડી. મેજિ. ફ.કલા., બારડોલી	૨૬મી ઓક્ટોબર, ૧૯૯૮ થી ૧લી નવેમ્બર, ૧૯૯૮	૭	
૨૩	શ્રી કે. ડી. પરમાર ... જો. સીવીલ જડજ (જુ.ડી.) અને જ્યુડી. મેજિ. ફ.કલા., બારડોલી.	૨૬મી ઓક્ટોબર, ૧૯૯૮ થી ૧લી નવેમ્બર, ૧૯૯૮	૭	
૨૪	શ્રી જે. કે. થોરીયા ... સીવીલ જડજ (જુ.ડી.) અને જ્યુડી. મેજિ. ફકલ માંડવી.	૨૬મી ઓક્ટોબર, ૧૯૯૮ થી ૧લી નવેમ્બર, ૧૯૯૮	૭	
૨૫	શ્રી આઈ. ડી. પટેલ ... સીવીલ જડજ (જુ.ડી.) અને જ્યુડી. મેજિ. ફ. કલા., વ્યારા, નીઝર મુ. વ્યારા	૨૬મી ઓક્ટોબર ૧૯૯૮ થી ૧લી નવેમ્બર, ૧૯૯૮	૭	
૨૬	શ્રીમતી એસ. બી. વ્યાસ ... જો. સીવીલ જડજ (જુ.ડી.) અને જ્યુડી. મેજિ. ફ.કલા., માંગરોળ.	૨૬મી ઓક્ટોબર, ૧૯૯૮ થી ૧લી નવેમ્બર, ૧૯૯૮	૭	

સુરત, તારીખ ૩જી નવેમ્બર, ૧૯૯૮.

એ. એ. કુરેશી,
ડીસ્ટ્રીક્ટ જડજ,
સુરત.

Read.—1. High Court letter No. A-2401/89, dated 27th October, 1998.

2. Provistion contained under section 15 of the Bombay Civil Courts Act, 1869.
3. In modification in the notification dated 28th October, 1998 the undersigned is pleased to issue the following notification.

Notification

No. Adm/1055 of 1998.— In view of the High Court letter cited at serial No. 1 in the premble the District and Sessions Judge, Sabarkantha at Himatnagar is pleased to pass the followtng orders.

The Assistant Judge and Additional Sessions Judge, Sabarkantha at Himatnagar should hold his Court at Modasa as Assistant Judge for 29 (twenty nine) days every month commencing from 1st (first) day of each smonth for the disposal of Ctvil work i. e. Regular / Misc. Civil Appeals / Civil Revision Applicattons / Misc. Civil Applications, M.A.C.P. etc. arising from the area of Modasa Revenue Sub-Division comprising of Talukas of Modasa, Bayad, Malpru and Meghraj.

For the rest of the days in the month, he should hold his court as the Assistant Judge and Additional Session Judge, Sabarkantha at Himatnagar.

It is further directed that the filing of the Civil matters arising from the jurisdiction of Modasa Revenue Sub-Division shall be at the headquarter at Himatnagar only.

The above order shall take effect from the month of November, 1998 and the Assistanr Judge should commence his sitttngs at Modasa as an Assistant Judge from 1st November 1998 and to hold the same from 29 days *i. e.* from 1st November 1998 to 29th November, 1998 (both days inclusive,) and there after continue to hold such sitting accordingly,

It is further directed that this notification shall be deemed to have been effective from dated 28th October, 1998.

Himatnagar, 5th November, 1998.

MRS. K. M. VIN,
District Judge,
Sabarkantha, Htmatnagar.

વંચાણે લીધા.—(૧) નામદાર ગુજરાત હાઈકોર્ટ પત્ર નંબર : એ. ૨૪૦૧/૯૮, તારીખ ૨૭મી ઓકટોબર, ૧૯૯૮.

(૨) મુંબઈ દિવાની અદાલત કાયદા-૧૮૬૯ ની કલમ-૧૫ મુજબ કરેલ સમાવેલ છે.

(૩) તારીખ ૨૮મી ઓકટોબર, ૧૯૯૮ ના જાહેરનામાના સુધારા મુજબ નીચે સહી કરનાર નીચે મુજબ જાહેરનામું બહાર પાડે છે.

INDEX

જાહેરનામું

નંબર વહીવટ/૧૦૫૫/૯૮.—આમુખમાં ક્રમ નંબર (૧) માં જણાવેલ નામદાર ગુજરાત હાઈકોર્ટ પત્ર અનુસંધાનમાં જિલ્લા અને સત્ર ન્યાયાધીશ સાબરકાંઠા, મુકામ હિંમતનગરના નીચે મુજબનો હુકમ બહાર પાડે છે.

(૧) મદદનીશ ન્યાયાધીશ અને અધિક સત્ર ન્યાયાધીશ, સાબરકાંઠા હિંમતનગરનાએ દરેક મહિનાના ૨૯ દિવસો માટે સીવીલ કામો જેવા કે રેગ્યુલર / સી. પ. અપીલો / સીવીલ રીવીઝન અરજીઓ પરચુરણ સીવીલ અરજીઓ / એમ. એ. સી. પી. વગેરે કે જે મોડાસા રેવન્યુ સબ-ડીવીઝન હેઠળના તાલુકા મોડાસા, બાયડ, માલપુર અને મેઘરજ) ના નિકાલ માટે મદદનીશ ન્યાયાધીશ અને અધિક સત્ર ન્યાયાધીશ, હિંમતનગરનાએ મદદનીશ ન્યાયાધીશ મોડાસા તરીકે કોર્ટ ચલાવવાની રહેશે.

(૨) મહિનાના બાકીના દિવસ માટે તેમણે હિંમતનગર ખાતે મદદનીશ ન્યાયાધીશ અને અધિક સત્ર ન્યાયાધીશ, હિંમતનગર ખાતે કોર્ટ ચલાવવાની રહેશે. વધુમાં, મોડાસા રેવન્ય સબ ડીવીઝન હકુમતના સીવીલ કામોનું ફાઈલીંગ ફકત હિંમતનગર ખાતે કરવાનું રહેશે.

આ હકુમની અસર ૧લી નવેમ્બર, ૧૯૯૮ થી રહેશે અને અધિક સત્ર ન્યાયાધિસ તેમના બેઠક મોડાસા ખાતે તારીખ ૧લી નવેમ્બર, ૧૯૯૮થી) કરવાની રહેશે અને તે બેઠક ૨૯ દિવસ માટે એટલે કે તારીખ ૧લી નવેમ્બર, ૧૯૯૮ થી ૨૯મી નવેમ્બર, ૧૯૯૮ અને ત્યારપછી આ બેઠક તે જ રીતે ચાલુ રહેશે.

આ જાહેરનામાની અસર ૨૮મી ઓકટોબર, ૧૯૯૮ થી ગણવાની રહેશે.

શ્રીમતી કે. એમ. વીણ,
જિલ્લા ન્યાયાધીશ,
સાબરકાંઠા, હિંમતનગર.

હિંમતનગર, તારીખ ૫મી નવેમ્બર, ૧૯૯૮.

હુકમ

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) બી અન્વયે કાટેલો.

ક્રમાંક એમ. એ. જી.-વશી.-૩૨૪૨ થી ૫૩.— ભારતના નિર્વાચન આયોગ દ્વારા ૨૩--ભરૂચ લોકસભા મતદાર વિભાગની પેટા ચૂંટણી તારીખ ૨૫મી નવેમ્બર ૧૯૯૮ના રોજ જાહેર કરેલ છે તે અને તે મુજબ જિલ્લામાં દેડીયાપાડા, સાગબારા તાલુકામાં મતદાન થનાર છે. ભારતની નિર્વાચન આયોગ બંધારણની કલમ ૩૨૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક ૪૬૪ / એલ.એન.ઓ.-ઈ.એલ.-એસ.-૦૨૧/૯૪, તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૧૯૯૪ ના પારા ૪/૧ માં આપેલ સુચના મુંજબ ચુંટણી જાહેર થયા પછી ત્રણ થી વધુ વાહનોમાં કાફલામાં મોટરકાર અન્ય વાહનોની અવર જવર કરવા દેવામાં આવશે નહી.

લોકસભાની પેટા ચુંટણી દરમ્યાન ચુંટણી પ્રચાર કે અન્ય હેતુર્થી રાજકીય પક્ષો ઉમેદવારો તથા લોકોનાં વાહનો જાહેર રસ્તા ઉપર મોટી સંખ્યામાં એક જ સાથે ફરે તો લોકોમાં ભય પેદા થઈ શકે છે. અને વાહન વ્યવહારને અડચણ ઉભી થઈ શકે છે. વધુંમાં ચુંટણી પ્રક્રિયા દરમ્યાન રાજકિય પક્ષો અને ઉમેદવાર અને તેમનાં ટેકેદારો દ્વારા જાહેર રસ્તા ઉપર મોટા પ્રમાણમાં વાહનો ફેરવવામાં આવતા હોય છે. જેનાથી જાહેર રસ્તાઓ ઉપર જતા આવતા અન્ય સર્વે પ્રકારના વાહનો ગાડીઓ તથા સવાર થઈને જનારા અથવા ગાડીમાં જનારા અથવા સાયકલ ઉપર જનારા અથવા ચાલતાં જનારાઓને અગવડ ઉભી થવા સંભવ છે. જે ઉપર નિયંત્રણ રાખવું જરૂરી છે.

જેથી હું આર. એન. યાજ્ઞિક, જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી નર્મદા ધી મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧)(બી) થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરું છું.

(૧) દેડીયાપાડા, સાગબારા તાલુકાનાં આવેલાં ગામોના જાહેર રસ્તાઓ પર ત્રણથી વધુ વાહનોનાં કાફલાંમાં મોટરકાર / અન્ય વાહનો ઉપર અવર જવર કરવા દેવામાં આવશે નહીં.

આ હુકમ નીચેના વાહનો ધારકોને લાગુ પડશે નહીં.

(૧) એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ અને પોલીસના વાહનોને.

(૨) ચુંટણી કામે જતાં સરકારી વાહનો તથા સક્ષમ અધિકારીશ્રી દ્વારા ચુંટણીના કામે સંપાદન કરેલા વાહનો.

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૪થી ડિસેમ્બર, ૧૯૯૮ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૯મી નવેમ્બર, ૧૯૯૮ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો છે.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૩ (૧) (ડી. એ) અન્વયે કાઢેલા.

ક્રમાંક એમ.એ.જી-વશી-૩૨૫૪ થી ૬૪—ભારતના નિર્વાચન આયોગ દ્વારા ૨૩ ભરૂચ લોકસભાની પેટા ચુંટણી ૧૯૯૮ નો કાર્યક્રમ જાહેર કરેલ છે. અને તે મુજબ નર્મદા જિલ્લામાં દેડીયાપાડા તથા સાગબારા તાલુકામાં મતદાનની તારીખ ૨૫મી નવેમ્બર ૧૯૯૮ ના રોજ નકકી કરવામાં આવેલ છે. ભારતનાં નિર્વાચન આયોગ બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સભાની રૂએ આપેલ આદેશ ક્રમાંક ૩-૧૦/ઈ.એસ.-૦૦૭-૯૪ જે એસ ૨/૫૧૨૬ તારીખ ૨જી સપ્ટેમ્બર ૧૯૯૪ મુજબ ચુંટણી પ્રક્રિયા દરમ્યાન વિશાળ કટ આઉટ જાહેરાત પાટીયા બેનર વગેરે મુકવા ઉપર નિયંત્રણ રાખવાની જરૂર છે.

ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો અને ઉમેદવારોને દ્વારા જાહેર માર્ગની બંને બાજુ વાહન વ્યવહારથી ધમધમતા ચાર રસ્તા, શેરીઓ, નાકા જાહેર માર્ગ માલીકી મકાનો વગેરે ઉપર પોસ્ટરો બેનરો, રાજકીય અગ્રણીઓના કટ આઉટ વગેરે ઉભા કરવામાં આવે છે અને પ્રદર્શિત કરવામાં અવે છે. એજ રીતે સરકારી અથવા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાના પ્રકારની જગ્યાએ વિશાળ પોસ્ટરો કટઆઉટ વગેરે ઉભા કરે છે. અથવા મુકે છે. અને લીધે ટ્રાફીકની સમસ્યાઓ ઉભી થવા સંભવ છે. રાહદારીઓની અસલામતી વધે છે. તેમજ

જાહેર રસ્તાઓ અથવા સાર્વજનિક જગ્યાઓનું અયોગ્ય રીતે ઉપયોગ થવા સંભવ છે. અને તેથી આ માટેની જરૂરી કાર્યવાહી કરવાની જરૂર જણાય છે.

જેથી હં ર. ન. યાજ્ઞિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, નર્મદા, રાજપીપલા ધી મુંબઇ પોલીસ, અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (ડી. એ.) થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે.—

(અ) કટ આઉટ હોર્ડીંગ્સ બેનર્સ વગેરે કોઇપણ જાહેર જગ્યાએ મુકી શકાશે નહી. એટલે કે સરકાર કે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ વગેરે હસ્તકની જાહેર જગ્યાએ (આવી જગ્યા કે મીલ્કત ભાડે આપી શકશે તો પણ) મુકી શકાશે નહી.

(બ) જો કટ આઉંટ હોર્ડીંગ્સ વગેરે ખાનગી માલીકીની જગ્યામાં મુકવામાં આવે તો નીચે દર્શાવેલ તમામ શરતોનું પાલન થવું જોઈએ અને તોજ ખાનગી માલીકીની જગ્યા આવા કટ આઉંટ જાહેરાત પાટીયા બેનર વિગેરે મુકી શકાશે.

૧. હોર્ડીંગ્સની સાઇઝ ૧૫ફૂટ × ૮ ફૂટથી વધારે હોવી જોઈએ નહીં.

૨. કટ આઉંટની ઉંચાઇ ૮ ફૂટથી વધવી જોઈએ નહીં.

૩. જે તે રાજકીય પક્ષ ઉમેદવારે ખાનગી જગ્યામાં કટ આઉટ જાહેરાત પાટીયા, બેનર વગેરે મુકયા હશે તે જગ્યાના માલીકની લેખીત મંજુરી લીધેલી હોવી જોઈએ. આ મંજુરી જિલ્લા ચુંટણી અધિકારી, ચુંટણી અધિકારી/પોલીસ અધિકારી જયારે માંગશે ત્યારે તેઓ સમક્ષ રજુ કરવાની રહેશે.

૪. કુટ આઉંટ, જાહેરાત પાટીયા, બેનર વગેરે કોઇ સ્થળે મુકતાં પહેલા તે અંગેની જાણ જિલ્લા ચુંટણી અધિકારી જિલ્લા પોલીસ અધિકારીને કરવાની રહેશે.

૫. ખાનગી મીલ્કતોમાં હોડીગ્સ, કટ આઉંટ વગેરે મુકવા માટે સ્થાનિક કાયદાનુંસાર એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ અને મામલતદારશ્રીની પરવાનગી જરૂર હોય તેવા પ્રસંગે આવી પરવાનગી મેળવી લીધેલી હોવી જોઈએ.

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનારને મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૪થી ડિસેમ્બર ૧૯૯૮ સુધી અમલમાં રહેશે. આજ તારીખ ૯મી નવેમ્બર ૧૯૯૮ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૩(૧)(બી) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમ. એ. જી. વશી. ૩૨૭૨ થી ૮૩.— ભારતના નિર્વાચન આયોગ દ્વારા ૨૩-ભરુચ લોકસભાની પેટા ચૂંટણી-૧૯૯૮ નો કાર્યક્રમ જાહેર કરેલ છે. અને તે મુજબ નર્મદા જિલ્લામાં દેડીયાપાડા, સાગબારા તાલુકામાં મતદાનની તારીખ ૨૫મી નવેમ્બર, ૧૯૯૮ ના રોજ નક્કી કરવામાં આવેલ છે. ભારતના નિર્વાચન આયોગ તેમના હુકમ નં. ૫૭૬/૧૧ ઈ.એસ. ૦૨૮/૯૫૩ એસ. ૮, તારીખ ૧૦મી જાન્યુઆરી, ૧૯૯૫નાં પેરા નં. ૪(૧) માં આવેલ સૂચના મુજબ ચૂંટણી નાં મતદાન મથકથી ૨૦૦ મીટરનાં ત્રિજયામાં કોઈપણ રાજકીય પક્ષમાં કે અપક્ષ ઉયેમેદવારનું સૂચના આપવા માટેનું અથવા મતદારોને મતદાર યાદીમાં અરજદારોને નામ તથા નંબર આપેલ છે તે માટેની સ્લીપો આપવા માટેનું ટેબલ ગોઠવવામાં આવે છે. તે ટેબલ મતદાન મથકનાં ૨૦૦ મીટરની અંદરના ત્રિજયામાં ગોઠવવા દેવામાં આવશે નહીં.

૨૩-ભરૂચ લોકસભાની પેટા ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો ઉમેદવારો તથા તેમના સંસ્થા મારફતે જાહેર રસ્તાઓ પર ટેબલ ગોઠવવામાં આવે છે. આ ટેબલ ગોઠવવાથી લોકોમાં ભય હરકત, અથવા અગવડ ન થાય તેટલા માટે રસ્તામાં તથા સાર્વજનિક જગ્યા ઉપર કોઈ પ્રકારે રાહદારી તથા મત આપવા જનાર લોકોને અગવડ ઉભી થાય જે ઉપર નિયંત્રણ રાખવું જરૂરી છે.

જેથી હું આર. એન. યાજ્ઞિક, જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, નર્મદા ધી મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧) બી) થી મને મળેલ સત્તાની રુએ હુકમ કરું છું કે,—

(૧) તારીખ ૨૫મી નવેમ્બર, ૧૯૯૮ ના રોજ દેડીયાપાડા / સાગબારા તાલુકામાં ગ્રામ્ય વિસ્તારમાં તમામ મતદાન મથકોની ૨૦૦ મીટરની ત્રિજયામાં કોઈપણ પક્ષનાં ઉમેદવારોએ મત આપવા જનાર લોકોને મતદાર યાદીમાંથી તેમના નામ તથા મતદાર યાદીનો નંબર કાઢવા માટેની સ્લીપો આપવા માટેનું ટેબલ ગોઠવું નહી કે ગોઠવવાની કોશિષ કરવી નહીં.

(૨) તથા આવું ટેબલ જાહેર રસ્તાની બાજુમાં ઉપર ગોઠવવા ગ્રામ્ય વિસ્તારમાં જે તે ગામના તલાટી કમ મંત્રીની અગાઉથી પરવાનગી લેવાની રહેશે. તથા જો ખાનગી જમીન પરં ટેબલ ગોઠવવામાં આવે તો જે તે જમીન માલીકની લેખીતમાં સંમતિ લેવાની રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૨૫મી નવેમ્બર, ૧૯૯૮ ના રોજ એક દિવસ પુરતો અમલમાં રહેશે.

આજ તારીખ ૯ મી માહે નવેમ્બર, ૧૯૯૮ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૩(૧)(આર)(૩)અન્વયે કાઢેલો.

ક્રમાંક એમ. એ. જી. વશી. ૩૨૮૪ થી ૯૪.— ભારતના નિર્વાચન આયોગ દ્વારા ૨૩-ભરૂચ લોકસભા મતદાર વિભાગની પેટા ચૂંટણી--૧૯૯૮ નો કાર્યક્રમ જાહેર કરેલ છે. અને તે મુજબ નર્મદા જિલ્લામાં દેડીયાપાડા તથા સાગબારા તાલુકામાં મતદાનની તારીખ ૨૫મી નવેમ્બર, ૧૯૯૮ ના રોજ નક્કી કરવામાં આવેલ છે.

ભારતના નિર્વાચન આયોગ બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રુએ આપેલ આદેશ ક્રમાંક ૩.૮.૯૪ જે. એસ. ૨, તારીખ ૧૩મી જાન્યુઆરી, ૧૯૯૪ના પારા નં. ૩૩ અને ૨૫ માં આપેલ સુચનાઓ મુજબ ચૂંટણી જાહેર થયા પછી લાઉડ સ્પીકરમાં ઉપયોગ ઉપર નિયંત્રણ રાખવા જણાવેલ છે.

ચૂંટણી પ્રક્રિયાં દરમ્યાન રાજકીય, પક્ષો, ઉમેદવારો અને તેમના કાર્યકર્તાઓ, સમર્થકો ચૂંટણી પ્રચાર ઝુબેશ માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ મોટા પાયે કરે છે. આ લાઉડ સ્પીકરનો ઉપયોગ ફકત--નિયત મંચ ઉપર નજ નહીં. પરંતુ ટ્રક, ટેમ્પો, કાર, જીપ, ટેક્ષીવાન ત્રણ પૈડાવાળા વાહનો, સ્કુટરો, સાયકલ, રીક્ષા વગેરે જેવા વાહનો ઉપર ગોઠવીને પણ તેનો ઉપયોગ કરવામાં આવે છે. ખુબ જ ઉંચા અવાજે પ્રચાર કરતાં લાઉડ સ્પીકર સાથેનાં આ વાહનો તમામ માર્ગો, શેરીઓ, અને ગલીઓમાં ફરે છે. તેમજ જુદા જુદા ગામો એ વસવાટી એ મહોલ્લાઓ, વસાહતોએ અને લત્તાઓમાં પણ જાય છે. આને કારણે ખુબ ધ્વનિ પ્રદુષણ થાય છે. અને આમ જનતાની શાંતિમાં ખલેલ પહોંચે છે. અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પર આની ખુબ જ પ્રતિકુળ અસર પડે છે. કારણ કે વહેલી સવારથી લાઉડ સ્પીકરો વગાડવાનું શરૂ થઈ જાય છે. અને તે ખુબ જ મોડી રાત સુધી વગાડવામાં આવે છે. આના પરિણામે વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડે છે. વૃધ્ધો અશકત અને માંદગીવાળી વ્યકિતઓને પણ ઉંચા અવાજથી, ખુજબ તકલીફ પડે છે. સામાન્ય પ્રજાને ખુબ જ હરકત, અસગવડ ત્રાસ, જોખમ, અને ભય થાય છે. જેથી ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન લાઉડ સ્પીકર બેફામ અને મનસ્વી રીતે વગાડવા ઉપર પ્રતિબંધ મુકવાની જરૂરી રહે છે.

જેથી હું આર. એન. યાજ્ઞિક, જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા, રાજપીપલા મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૩ (૧) (આર) (૩)થી મને મળેલ સત્તાની રૂએ હું એમ કહું છું કે :—

(૧) ચૂંટણી પ્રચારના કોઈપણ હેતુ માટે કોઈપણ પ્રકારના વાહનો ઉપર ગોઠવેલા લાઉડસ્પીકરનો ઉપયોગ સવારના ૬.૦૦ વાગ્યાથી રાત્રીના ૨૨.૦૦ વાગ્યા સુધી જ કરવાનો રહેશે. કોઈપણ વિસ્તારમાં સવારના ૬.૦૦ વાગ્યા પહેલા અને રાત્રીના ૨૨.૦૦ વાગ્યા પછી કોઈપણ પ્રકારના ફરતા વાહનો ઉપર લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવા દેવામાં આવશે નહીં.

(૨) કોઈપણ જાહેર સભા કે સરઘસના હેતુસર સવારે ૬.૦૦ વાગ્યા પહેલા કે રાત્રે ૨૨.૦૦ કલાક પછી સ્થળ પર જ રખાયેલા લાઉડ સ્પીકરનો ઉપયોગ કરાવાનો હોય તો તેને માટે સંબંધિત એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ અને મામલતદારશ્રીની અગાઉથી લેખીત પરવાનગી લેવાની રહેશે. આવી પરવાનગી આપતી વખતે સંબંધિત સરકારી સત્તાધિકારીને પોલીસનો અભિપ્રાય મેળવીને પરવાનગીને લીધે જાહેર શાંતિ જોખમાય નહી તે સુનિશ્ચિત કરીને આવી પરવાનગી આપશે અને લાઉડસ્પીકરના ઉપયોગની પરવાનગી માટે કલાકો નક્કી કરવાના રહેશે.

(૩) ચૂંટણી પ્રચાર માટે જાહેર મંચ ઉપર અથવા વાહનો દ્વારા ફરતાં લાઉડ સ્પીકરનાં વાહનોમાં ગોઠવેલ લાઉડ સ્પીકરના ઉપયોગ મા કરવામાં આવતા અરજીમાં વાહનોનો પ્રકાર અને રજિસ્ટ્રેશન નંબર લખવાનો રહેશે. જે વાહન માટે પરવાનગી આપી હોય તે વાહન સંચાલક પરવાનગીના હુકમ વાહનો સાથે રાખવો પડશે.

(૪) સક્ષમ અધિકારી દ્વારા વાહનો ઉપર ગોઠવેલ લાઉડસ્પિકરને ઉપયોગ માટે જ પરવાનગી પ્રત (પરમીટ) આપવામાં આવે તેમાં વાહનનો પ્રકાર અને રજિસ્ટ્રેશન નંબર લખવાનું રહેશે.

(૫) ફરતાં વાહનો ઉપર અથવા નિયતસ્થળે ગોઠવવામાં આવેલ કોઈ લાઉડસ્પિકર માં ઉપયોગ માટે આવી પરવાનગી પરમીટ મેળવ્યા પછી તેનો ઉપયોગ કરનારે તે વિસ્તાર નાં પોલીસ મથકને તેમજ સંબધિત મતદાર વિભાગની ચુંટણી અધિકારીશ્રી અથવા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીને તેમના દ્વારા મેળવેલ ૫ વાનાપત્ર પરમીટની લેખીતમાં જાણ કરવાની રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૪ થી ડિસેમ્બર, ૧૯૯૮ સુધી અમલાં હેશે.

આજે તારીખ ૯મી માહે નવેમ્બર, ૧૯૯૮ ના રોજ મારી સહી તથા સિક્કો કર્યો.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલો.

ક્રમાંક એમ. એ. જી. વશી. ૩૨૯૫ થી ૩૩૦૫.— ભારતના નિર્વાચન આયોગ દ્વારા ૨૩-ભરૂચ લોકસભા મતદાર વિભાગની પેટા ચૂંટણીમાં ૧૯૯૮ નો કાર્યક્રમ જાહેર કરેલ છે. અને તે મુજબ નર્મદા જિલ્લામાં દેડીયાપાડા / તથા સાગબારા તાલુકામાં મતદાનની તારીખ ૨૫મી નવેમ્બર, ૧૯૯૮ ના રોજ નક્કી કરવામાં આવેલ છે. ભારતના નિર્વાચન આયોગ બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ હથિયારો અંગે પ્રતિબંધ મુકવા માટે આદેશ ક્રમાંક ૪૬૪ કાયદો અને વ્યવસ્થા / ઈ.એસ.ઓ. ૨૧--૯૪, તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૧૯૯૪ થી જરૂરી આદેશ બહાર પાડેલ છે.

અનુભવે જણાવેલ છે કે સને ૧૯૮૯ ની લોકસભા સામાન્ય ચૂંટણી ૧૯૯૧ ની લોકસભા સામાન્ય ચૂંટણી તથા ૧૯૯૮ ની લોકસભા સામાન્ય ચૂંટણી દરમ્યાન નર્મદા જિલ્લાનાં જુદાં જુદાં સ્થળોએ મોટા પાયે હિંસા ફાટી નીકળેલી હતી. અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળી ગયેલી હતી. તે ધ્યાનમાં લેતાં આ વખતની ૨૩-ભરૂચ લોકસભા મતદાર વિભાગની પેટા ચૂંટણી તારીખ ૨૫મી નવેમ્બર ૧૯૯૮ ના રોજ દેડીયાપાડા / સાગબારા તાલુકામાં થનાર છે તે દરમ્યાન હિંસક બનાવો ન બને અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જરૂરી પ્રબંધ કરવા આવશ્યક જણાય છે.

સબબ મુકત અને ન્યાયી ચૂંટણી યોજાય તેમજ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન લોકોની સલામતી રહે. સુલેહશાંતિનો ભંગ થતો અટકાવી શકાય તે હેતુસર નર્મદા જિલ્લાનાં દેડીયાપાડા સાગબારા તાલુકામાં આવેલાં તમામ હથિયાર પરવાનેદારોને હથિયાર સાથે હરવા ફરવાં ઉપર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

જેથી હું આર. એન. યાજ્ઞિક, જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ ૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરું છું :—

(૧) નર્મદા જિલ્લાના દેડીયાપાડા, સાગબારા તાલુકા સમગ્ર વિસ્તારના કોઈપણ વ્યકિતને શસ્ત્ર અધિનિયમ, ૧૯૫૯ ની કલમ-૨ ની વ્યાખ્યામાં આવતું કોઈપણ હથિયાર ધારણ કરી હરવું ફરવું નહિ. તેમજ હથિયાર પોતાનાં રહેઠાણના સ્થળે પોતાની સેફ કસ્ટડીમાં રાખવાં.

(d) Where an application for renewal of a licence for three years is made, the licence fee--shall be equivalent to three times the annual fee as fixed, therefor under Rule 4".

(2) The licensing authority may refuse to renew a licence if, he is satisfied after such inquiry as he thinks fit, that the licensee is not a suitable person for continuing to hold the licence.

(3) Where an application is made in accordance with sub-rule (1) the premises, in respect of which the licence is to be renewed, shall be deemedt o be duly licensed until such licence is renewed and delivered to the applicant or his agent or until on intimation tht the renewal of the licence has been refused is communicated to such person.

Rulr--6 :

A licence granted under rule 4 or renewed under Rule 5 shall not be transferable or assignable but shall be personal for the benefit only of the person to whom it is granted.

Provided that in the case of death of the licensee, his heir or legal representatives may make an application, within one month from the date of death of the licensee to the licensing authority to have the benefit of the licence for the unexpired portion of the term of the licence and the licensing authority shall take a decision regarding the application taking into account the provisions of Rule-2. However, pending the decision of the licensing authorit the uccessor may run the place of entertainment.

The fee payable by the licensee on such transfer or assignment shall be Rs. 2--00.

6(A) Where an application for a new licence is made by the purchaser of a place of public enter--tainment along with its goodwill, the premises in respect of which the licence is asked for, shall, not-with-standing anything to the contrary contained in this rules, be deemed to be duly licensed until such new licence is granted and delivered to the applicant or his agent or until an intimation that the grant of a licence has been refused is communicated to the applicant".

Rule--7 :

Every person who has been granted a licence under these Rules shall comply with the provisions of the Bombay Shops and Establishment Act, 1948, and the rules made thereunder in so far as they apply to him.

Rule--8 :

No person keeping a place of public entertainment shall keep it open except during such hours as may be specified in his licence.

Provided that if on any of the following occasions, the provisions of the Bombay Shops and Establishment Act, 1948, in respect of closing hours are suspended under section 6 of the said Act, in respect of places of public entertainment or class of such places, a licensee of such place may keep his place open upto such hours on the occasion as may be notified by the Commissioner of Police in this behalf, without obtaining any special permission or payment of additional fees therefor :

1. Republic Day
2. Independence Day
3. Month of Ramzan
4. Christmas Day
5. Diwali (all the 5 Days of Diwali i. e. from Dhanteras to Bhaibij).
6. Gokul Astmi
7. Dashera
8. Ganesh Chaturthi
9. Navratri

Rule--9 :

(1) Unless a person, permitted to act under sub-rule (2) (in this rule referred as "the agent"), is--present, no person keeping a place of public entertain ment shall absent himself thereform during the time it is opened without obtaining the previous permi--ssion of the licensing authority, to be endorsed on the licence.

(2) No person keeping a place of public entertain-ment shall at any time permit an agent to Act for him in the management of such place without the like permission similarly endorsed.

Provided that permision to Act as agent shall not ordinarily be refused if the person is a member of the licensee"s family or him paid serveant.

(3) Where on appointment of a new agent by licensee, an appliction is made for a change of the name of the agent in the licence and such application is rejected, then not with standing such rejetion the new agent in respect of whom such application was made, shall be deemed to be duly authorised until the licensee is informed of the rejection of his application.

Rule--10 :

No person keeping a place of public entertainment shall refuse admission to such place to any person on grounds only of religion, race, caste, sex, place of birth or any or them, or do any act which discriminates against any such person after admission to such place on the aforesaid grounds.

10(A) If a licensee is convicted of an offence of contravention of rule 10, the licence granted to him under these rules shall be liable to be cancelled forth-with.

10(B) Every licensed hotel, restaurant, lodging house etc should display at a prominent place a board on which the following words should be written (Printed) in Hindi and /or the Gujarat Language :

INDEX

" Admission to this establishment shall not be re fused to any person on grounds of religion, race, caste sex, etc ."

Rule--11 :

No person keeping a place of public entertainment shall display or casue to be disply any placard or board indicating that the admission to the place is restricted only to the members o any caste or co-community or class of persons.

Provided that nothing in this rule shall apply to the display of a placard or board indicating vegetarian or non-vegetarian catering, as the case may be, at uch place.

Rule--12 :

No person keeping a place of public entertainment shall allow in such place gambling or any other Act which constitutes an offence under the Bombay Prevention of Gambling Act, 1887.

Rule--13 :

(1) No person keeping a place of public entertainment ahall play or allow any music to be played in such place except in accordance with the following provisions :—

(a) Music shall not be played or allowed to be played in a place at public entertainment at such a time as to attarct an assemblage or persons. Music shall be stopped immediatly if a crowd has gathered in front of a place of public entertainment for the purpose of listening to such music.

(b) The source of music or the musical instrument shall be so situated as to be at least twenty feet away from any road, street or other public place.

(c) Notwithstanding anything contained in clauses (a) and (b), no music shall be played in a place of public entertainment if such place is within a distance of 100 yards :

(i) From a place of public worship, during the hours of worship, usually observed in such place of worship ;

(ii) From any court house or public office, during the hours of business observed by such court or office ;

(iii) From any college or school, during the hours of studies of such college or school.

(iv) From any hospital and nursing home, during any time.

(2) Without prejudice to the provisions of sub-rule (1), the Commissioner of Police, Vadodara-City, or Deputy Commissioner of Police (Admn.) may, by general or special order madein this behalf, direct that no music shall be played or allowed to be played by a person keeping a place of public entertain ment between such hours as he may prescribe.

Explanation —For the purpose of this rule "Music" shall include the playing of Gramophones, phonographs radios, radio-amplifier, radio-gramophones bands, tom-toms, drums, cimbals and any instrumental music as well as TVS, videos etc.

Rule--14 :

No person keeping a place of public entertainment shall keep, supply or permit to be consumad therein any liquor, country liquor or intoxicating drug as defined in the Bombay Prohoibition Act, 1949.

Rule--15 :

No person keeping a place of public entertainmen shall store or keep in such place eatables or driks exposed to dust nor shall be store or keep therein eatables or drinks otherwise than in closed boxes, cupboards, bottles, cases or other closed recepbnte,s or under fly-proof netting.

Rule--16 :

No person who holds a licence to keep place of public entertainment shall use or attemapt to use any premises other than those described in the licence as the place of public entertaiinment.

Rule--17 :

17.(A) Every person holding a icence shall carry on his business on the premises mentioned in the licence which were in his occupation when the icence was granted and if he desires to carry on business also on premises which are added to the icensed premises or on other premises, he shall obtain previous permission of the licensing authority.

17.(B) Not with standing any permission granted by the village Panchayat or the Municipal authority concerned, a licensee shall not, without the prior permission of the licensing authority, make any extension of or addition to his premises covering any part of the footpath or of the road.

Rule--18 :

Every person holding a licence shall use his premises for the purpose of the entertainment which he is authorised to provide or for serving the type or types of entertainment which he is authorised to serve thereon and if he desires to provide any other kind of entertainment, he shall obtain previous permission of the licensing authority.

Rule --19 :

Every person keeping a place of public entertainment shall, unless specifically exempted in writing by the Commissioner of Police, fix or cause to be fixed in some prominent position outside the same place a wooden board of suitable size on which shall be painted conspicuously (in Hindi and in the

INDEX

Regional language) the name of the keepar of the place and words indicating that he is licensed to keep the particular place of public entertainment in question and the particular purpose of entertainment for which it is used.

Rule--20 :

Every person keeping a place of public entertainment shall take efficient steps to prevent over-crowding in or at such place and in the event of any disturbance or accident involving injury to human life or limb happening therein or of any such threat shall give immediate information of the same to the police.

Rule--21 :

(1) The Commissioner of Police, Vadodara City, may by an order authorise such Health Officers to inspect places of public entertainment in such area and on such dates as may be specified in the order, for ascertaining whether such places are or are not maintained in a clean and hygienic condition.

(2) If on such inspection the Health Officer finds that a place of public entertainment is not maintained in a clean and hygienic condition, he shall direct the keeper of the place of public entertainment to maintain it in a clean and hygienic condition and shall specifiy the steps that such keeper should take for the purpose.

(3) If the keeper of the place of public entertainment fails to comply with the direction of the Health Officer under sub-rule (2) the Health Officer shall make a report of his inspection to the Commissioner of Police within whose jurisdiction such place of public entertainment is situated.

Rule--22 :

(1) No person keeping a place of public entertainment shall employ any person suffering from any contagious or infecting disease. If a person keeping a place of public entertainment is himself suffering from a contagioius or infectious disease, the shall conduct his business through an agent permitted to Act under rule 9, until the Health Officer authorised under rule 21, certifies in writing that he is free from any contagious or infectious disease.

(2) The health Officer authorised under rule 21 may, at any time, examine the keeper of a place of public entertainment or any person employed by such keeper who is engaged in the selling or preparing for sale or in any manner whatsoever handling any article of food or drink intended for sale.

(3) If, on such examination, the Health Officer finds that such keeper is suffereing from or harbouring germs of any contagious or infectious disease, he shall direct the keeper to conduct the business through an agent permitted to Act under rule 9 and where such person is suffereing from such disease, direct the keeper to remove such person from service

Rule--23 :

Every person keeping a place of public entertainment and every person permitted to Act for him under rule 9 shall at all times allow free access to and from such place to any police officer or any Health Officer, authorised under rule 21, attending the same in the execution of his duty.

Rule--24 :

Every person keeping a place of public entertainment shall if so required by the Commissioner of Police or Deputy Commissioner of Police (A) by general or special order, exhibit a list of prices of all articles of food and drink served to customers at such place

Rule--25 :

Every person keeping a place of public entertainment and every person permit ted to Act for him under rule-9 shall conduct his occupation or business in such place in an orderly manner.

Rule--26 :

Every person keeping a hotel or lodging house shall maintain at the hotel or lodging house a register in the proforma at appendix "A" containing particulars of every visitor to the hotel or lodging house He shall also produce for inspection of any Police--Officer such register if so required by him in the discharge of his official duties.

Explanation .— For the purpose of this rule,-- "Visitor" means a person for whom accommodation is provided in a hotel or lodging house.

Rule--27 :

The Commissioner of Police shali have the power, in his discretion, at any time to cancel a licence granted under these rules or to suspend it for such period as he may specify and to direct the keeper of any place of public entertainment to close such place, either permanent y or temporarily, or other ise Act with reference thereto, if the Commissioner of of Police is satisfied after such inquiry as he deems fit that the iecensee is not a suitable person for continuing to ho d the licence or in order to prevent any obstruction, inconvenience, annoyance, risk, danger or damage to the residents or passengers in the vicinity or to prevent disturbance in such place and every person keeping a place of public entertainment sha forthwith comply with such direction,

Rule--28 :

If the Commissioner of Police is satisfied that the keeper of any place of pub ic entertainment knowingly permits prostitute for the purpose of their trade, or persons of notorious y bad character, to meet or remain in such place, the Commissioner of Police may cance the icence granted to such person under these rules, or suspend it for such period as he may

specify ad direct such person to close such place either permanently or for such period as he may specify and such a person shall thereupon forth with comply with such direction.

Rule--29 :

If the Commissioner of Police is satisfied :—

(a) On the report of the Health Officer made under rule 21 that any place of public entertainment is not maintained in a hygienic condition, or

(b) That the keeper of any place of public entertainment has failed to comply with th e direction given by the Health Officer under rule 21, the Commissioner of Police way cancel the licence granted to the keeper of the place of public entertain ment under these rules, or suspend it for such period as he may specify and such person shall thereupon forthwith comply with such direction

Rule--30 :

No licence granted under these rules shall be canceled or suspended until the holder of a licence has been given a reasonable opportunity of showing cause why his licence should not be canceled or suspended as the case may be ;

"

Provided that no such opportunity for showing cause sh l be necessary when the licence is suspended for a temporary period pending on inquiry against the holder of the licence for contravention of any of these rules or any order made there under or of any of the conditions of the licence granted to him.

Rule--31 :

(1) Subject to the provisions of sub-rule (2), any person aggrieved by an order refusing to grant or renew a licence or canceling or suspending a licence or refusing to grant permission for appointment of an agent or rejecting an application for change in the name of an existing agent under rule 9, may within thirty days from the making of such order, appeal :—

(i) If the order is passed by the Commissioner of Police to the State Government.

(ii) If the order is passed by a Deputy Commissioner of Police (Admn.) to the Commissioner of Police.

Rule--32 :

Nothing contained in these rules shall apply to any place of public entertainment which is licensed to sell liquor, today or any intoxicating drug as defined in the Bombay Prohibition Act, 1949.

Rule--33 :

(1) Rules made by the District Magistrate in this behalf and published under his notification No. EC. POL-173-B, dated 28th September, 1959, in so far as they relate to the Vadodara City are hereby repealed.

(2) Not with standing the said repeal, any licence granted under the said rules shall so far as the licence is not inconsistent with the provisions of these rules continue in force and be deemed to have been granted under the corresponding provisions of these rules until the expiry of the term for which the licence was granted or until it is suspended or cancelled in accordance with the provisions of the Bombay Police Act, 1951 or these rules, as the case may be.—

TABLE OF LICENCE FEES

Sr. No	Purpose	For a place having population below 50,000	For a place having population beween 50,000 and 1,00,000	For a place having population over 1,00,000
1	2	3	4	5
(i)	(a) For every licence in respect of residential hotel or a restaurant or an eating house attached there to kept open between 5-00 am to 1--00 a.m.			
	(b) For any other place of pub. entertainment kept open between 5-00 am to 11--30 p.m.			
(ii)	For every additional hour in excess of hours specified in item (i).			

1	2	3	4	5
(iii)	For renewal of licence			
(iv)	For every temporary licence issued under the proviso to sub-rule (2).			
(v)	For temporary licence on special occassions, irrespective of hours the place is open and subject to a maximum of 30 days. Provided that when a temporary licence is required for an "Anand Mela" organised by any of the below mentioned institutions, the licence fee for the entere "Anand Mela" shall be Rs 15 per day, irrespective of the number of stalls and irrespective of the place where it is organised			
(1)	Education and Religious institutions			
(2)	Organisations registered under the Bombay Public Trusts Act, 1950 or the Gujarat Co operative Societies Act, 1961.			
(vi)	For every licence at all weekly bazars (Annual fees)			
(vii)	For transferring premises			
(viii)	For making a change in the purpose for which place of public entertainment is authorised to be used for			

Given under my hand and seal this 15 day of May, 1998.

R. M. S. BRAR,
Commissioner of Police, Vadodara City.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

સને-૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩ની પેટા-કલમ (૧) ના ખંડ (૫) અને (લ) હેઠળના નિયમો.

ક્રમાંક / એફ/હટલ/૧૪૨૬૦-૯૮.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સન-૧૯૫૧ના મુંબઈ ધારા ૨૨ માં) ની કલમ ૩૩ની પેટા-કલમ (૧) ના ખંડો (૫) અને (લ) તથા સને ૧૯૫૯ના મુંબઈ રાજ્ય પોલીસ કમિશનર ધારા હેઠળ મળેલ સત્તાની રૂએ પોલીસ કમિશનર, વડોદરા શહેરે બહાર પાડવા ધારેલા જાહેરનામાનો નીચે મુજબનો મુસદ્દો તેનાથી અસર થતાં લાગતા વળગતા તમામની જાણ માટે પ્રસિદ્ધ કરવામાં આવે છે. સદરહું જાહેરનામાનો મુસદ્દા ગુજરાત સરકારશ્રીના ગેઝેટ (અસાધારણ રાજ્યપત્રમાં) પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ (ત્રીસ) દિવસની અંદર કોઈપણ વ્યકિત તરફથી સૂચનો તેમજ વાંધાઓ પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેર તરફ લેખીત મોકલી આપવામાં આવશે તો તે અંગે યોગ્ય વિચારણા કરી પછી કાયમી જાહેરનામા બહાર પાડવામાં આવશે.

જાહેરનામાનો મુસદ્દો

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સન ૧૯૫૧ના મુંબઈ ધારા ૨૨માં) ની કલમ-૩૩ની પેટા કલમ (૧) ના ખંડો (ય) અને (લ) તથા સને ૧૯૫૯ના મુંબઈ રાજ્ય પોલીસ કમિશનર ધારા (૧૯૫૯ ના મુંબઈ ધારા-૫૬) ના વિભાગ-૪ હેઠળ મળેલ સત્તાની રૂએ વડોદરા શહેર પોલીસ કમિશનરશ્રી, ગુજરાત સરકારશ્રીની પુર્વ મંજુરીથી નીચે દર્શાવ્યા પ્રમાણે સાર્વજનિક મનોરંજન સ્થળ (આહાર ગૃહ સિવાય) ખોલવાના નિયમો ઘડું છું.

નિયમો :—

(૧) કોઈપણ શખ્સ આ નિયમો અન્વયે આપેલ માન્ય લાયસન્સ ધરાવતો હોય તે સિવાય તેણે સાર્વજનિક ખાનપાનની જગ્યા ખોલવી અથવા રાખવી નહી.

(અ) આ નિયમ મુજબ "લાયસન્સ આપનાર અધિકારી" એટલે કે, જે અધિકારી નિયમ-૪, મુજબ લાયસન્સ આપવા માટે સત્તા-અધિકારી છે અને રીન્યુ કરનાર અધિકારી એટલે કે જે અધિકારી નિયમ-૫ મુજબ લાયસન્સ રીન્યુ કરવામા અધિકૃત છે.

(બ) સાર્વજનિક મનોરંજન સ્થળ (સાર્વજનિક ખાનપાનની જગ્યા) આ નિયમો માટે કલમ-૨ (૧૦) મુંબઈ પોલીસ અધિનિયમમાં જણાવેલ આહારગૃહો સિવાય તમામ સ્થળોનો સમાવેશ થશે.

(૨) સાર્વજનિક ખાનપાનની જગ્યા ખોલવાના અથવા રાખવાના લાયસન્સ માટે અરજી કરનાર કોઈપણ શખ્સે નિયમ-૪ અન્વયે લાયસન્સ આપવાને સક્ષમ હોય તેવા અધિકારીને જેમાં આમાં હવે પછી "લાયસન્સ આપનાર પ્રાધિકારી" તરીકે ઉલ્લેખ કર્યો છે તેને નીચે પ્રમાણે ખાતરી આપી હોય તે સિવાય તેને આવું લાયસન્સ આપવું નહીં એટલે કે :—

(૧) તે લાયસન્સ ધરાવવા માટે યોગ્ય શખ્સ છે.

(૨) જે લત્તા અને સ્થળ અથવા જગ્યામાં તે સાર્વજનિક ખાનપાનની જગ્યા ખોલવા અથવા રાખવા ધારતો હોય તે લત્તો અને સ્થળ અથવા જગ્યા તે હેતુ સારૂ યોગ્ય છે.

(૩) સ્થળમાં પ્રવેશ કરવાના અને સ્થળમાંથી બહાર જવાના માર્ગો અનુકુળ સહેલાઈથી પહોંચાય એવા પુરતા અને સંતોષકારક છે.

(૪) ઉકત હેતુ સારું ઉપયોગ કરવા માટે યોજેલ સ્થળે સાર્વજનિક ખાનપાનની જગ્યા રાખવાથી તેની નજીકમાંના રહેવાસીઓ અથવા રાહદારીઓને અડચણ, અગવડ, તકલીફ, જોખમ, ભય અથવા નુકશાન થવાનો સંભવ નથી, અને

(૫) સાર્વજનિક ખાનપાનની જગ્યા કોઈપણ વાડા, મકાન, મંડપ અથવા બીજી કોઈપણ ઈમારતમાં ખોલવાનું યોજ્યું હોય તે પ્રસંગે હવા ઉજાસ સંબંધી વ્યવસ્થા અને આગની સામેના સાવચેતીના પગલાં પુરતા અને યોગ્ય છે.

નિયમ—૩ :

આ નિયમો અન્વયે લાયસન્સ આપવા અથવા તાજુ કરવા માટેની દરેક અરજી લાયસન્સ આપનાર અધિકારી અથવા રીન્યુ કરનાર અધિકારીને જે તે પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર મારફતે આપવાની રહેશે.

નિયમ—૪ :

(૧) પોલીસ કમિશનર, વડોદરા શહેર અથવા તો તેમની સૂચના અનુસાર ના. પો. કમિશનરશ્રી (વહીવટ) નિયમ ૨માં નિર્દિષ્ટ કરેલ બાબતો સબંધી પોતાને ખાતરી થાય તો સાર્વજનિક ખાનપાનની જગ્યા ખોલવા અથવા રાખવા માટે આ નિયમો સાથે જોડેલ નમુનામાં અરજદારને લાયસન્સ આપી શકાશે.

પરંતુ ના. પો. કમિશનરશ્રી, (વ) નિયમ-૨ માં નિર્દિષ્ટ કરેલ બાબતો સબંધી પોતાને ખાતરી થાય તો અરજદારને તેના અધિકારી ક્ષેત્રની અંદર ભરાયેલા બજાર અથવા મેળા અથવા ઉત્સવમાં સાર્વજનિક ખાનપાનની જગ્યા ખોલવા માટે જે ક્ષેત્રમાં સરકસ, ફરતા સીનેમા, પ્રદર્શન, અથવા સંમેલન અથવા તેવા જ આનંદપ્રમોદ રાખવામાં અથવા પૂરા પાડવામાં આવ્યા હોય અથવા કોઈ બનાવ બને તેવા ક્ષેત્રની અંદર તેવી જગ્યા ખોલવા માટે જેટલે સુધી તે લાગુ પાડી શકાય તેટલે સુધી સાથે જોડેલ નમૂનામાં પંદર દિવસથી વધુ ન હોય તેટલી મુદત સુધી કામચલાઉ લાયસન્સ આપી શકશે.

(૨) આવું લાયસન્સ જે મહિનામાં તે લાયસન્સ કાઢી આપવામાં આવ્યું હોય તે મહિના પછી આવતી ૩૧મી ડિસેમ્બર સુધીની મુદત કરતાં વધુ ન હોય તેવી કોઈપણ મુદત માટે આપી શકાશે. પરંતુ રૂ લોઢવાના, ખાંડના અથવા બીજા મોસમી કારખાના નજીક સાર્વજનિક ખાનપાનની જગ્યા રાખવા માટે આવા લાયસન્સ નિર્દિષ્ટ કરવામાં આવે તેવી કાઢી આપ્યાની તારીખથી છ મહિના કરતાં વધુ ન હોય તેટલી મુદત સુધી કામચલાઉ લાયસન્સ આપી શકાશે.

(૩) દરેક લાયસન્સ પર કયા હેતુ માટે સાર્વજનિક ખાનપાનની જગ્યાનો પયોગ કરવા માટે અધિકાર આપ્યો છે તે હેતુ અથવા તે જગ્યા ઉપર આપવા માટે અધિકાર આપેલ ખાનપાનના પ્રકાર અથવા પ્રકારો જણાવવા.

નિયમ ૫ (૧) (એ) :

(એ) અરજદારે આપવાની લાયસન્સ ફીનું પત્રક પેટામાં સામેલ છે. લાગતા ડીવીઝનના મદદનીશ પો. કમીશનરશ્રીએ કામ માટે રીન્યુ કરનાર અધિકારી તરીકે રહેશે. પેટા નિયમ-૨ને આધીન રહીને આ નિયમો અન્વયે આપેલ લાયસન્સ આવી રીતે તાજુ કર્યાની તારીખ પછી આવતી ૩૧મી ડિસેમ્બર, સુધીની મુદત કરતાં વધુ ન હોય તેવી મુદત માટે ૨ વર્ષે તાજુ કરી શકાશે.

(બી) લાયસન્સ ફી સાથેની તાજુ કરવા માટેની અરજી લાયસન્સની મુદત પુરી થયા પછી મોડામાં મોડી એક મહીનામાં રિન્યુ કરનાર અધિકારીને કરવાની રહેશે. અરજી મુદત અંદર કરવામાં આવી ન હોય તો લાયસન્સ રીન્યુ કરનાર અધિકારી લાયસન્સ તાજુ કરવાની ના પાડી શકશે.

(સી) તેમજ લાયસન્સ રીન્યુ કરનાર અધિકારી અરજદારની લાયસન્સ રીન્યુ કરવા અંગેની અરજી ગ્રાહ્ય રાખીને લાયસન્સ તાજુ કરી શકે છે રીન્યુ કરનાર અધિકારીને યોગ્ય લાગે તો લાયસન્સ રીન્યુ કરવાની અરજી જરૂરી નિકાલ અર્થે લાયસન્સ આપનાર અધિકારી એટલે કે પો. કમિશનરશ્રી તથા ના. પો. કમી. શ્રી (વ.) ને આ અરજી રવાના કરી શકે છે.

(ડી) જ્યારે લાયસન્સ ત્રણ વર્ષ માટે રીન્યુ કરવાની અરજી કરવામાં આવશે ત્યારે નિયમ ૪ મુજબ વાર્ષિક રીન્યુઅલ ફી ના ત્રણ ગણી વાર્ષિક રીન્યુઅલ ફી ભરવાની રહેશે.

નિયમ-૫ (૨) :

લાયસન્સ આપનાર અધિકારીને પોતાને યોગ્ય લાગે તેવી ચોકસી કર્યા પછી એમ ખાતરી થાય કે લાયસન્સદાર, લાયસન્સ ધરાવવાનું ચાલુ રાખવા માટે યોગ્ય શખ્સ નથી તો તે લાયસન્સ તાજુ કરવાની ના પાડી શકશે.

નિયમ-૫ (૩) :—

પેટા નિયમ (૧) અનુસાર કોઈ અરજી કરવામાં આવી હોય તે પ્રસંગે જે જગ્યાના સંબંધમાં લાયસન્સ હોય તે જગ્યા આવું લાયસન્સ તાજુ કરવામાં આવ્યું ન હોય અને અરજદારને અથવા તેના અભિકર્તાને સોંપવામાં આવ્યું ન હોય ત્યાં સુધી અથવા લાયસન્સ તાજુ કરવાની ના પાડવામાં આવી છે એવી ખબર આવા શખ્સને આપવામાં આવી ન હોય ત્યાં સુધી યોગ્ય રીતે લાયસન્સ આપેલ જગ્યા છે એમ ગણાશે.

નિયમ-૬ :—

નિયમ (૪) અન્વયે આપેલ લાયસન્સ તબદીલ કરવા જોગ અથવા નામફેર કરવા જોગ થશે નહી. પરંતુ તે શખ્સને આપવામાં આવ્યું તે શખ્સ ના જ હિત માટે અંગત રહેશે.

પરંતુ લાયસન્સદારના મુત્યુંના દાખલામાં તેનો વારસ અથવા વદ્ય પ્રતિનિધિ મુત્યુની તારીખથી એક મહિનાની અંદર લાયસન્સની અવધિનો સમાપ્ત ન થયેલ હોય તેવા ભાગ માટે લાયસન્સનો લાભ લેવાને લાયસન્સ આપનાર પ્રાધિકારીને અરજી કરી શકશે. અને લાયસન્સ આપનાર અધિકારી નિયમ-૨ ના ઉપબંધો લક્ષમાં લઈને અરજીનો નિર્ણય કરી શકાશે. લાયસન્સ આપનાર અધિકારી તરફથી નિર્ણય લેવામાં આવે તે દરમ્યાન આ વારસ આ ખાનપાનની જગ્યા ચાલુ રાખી શકશે. આવી તબદીલ અથવા નામફેર કરવા માટે લાયસન્સદારે, આપવા જોગ ફી રૂા. ૨ રહેશે.

૬ (અ) જ્યારે સાર્વજનિક ખાનપાનની જગ્યા તેના ગુડવીલ સાથે ખરીદવા માટે નવું લાયસન્સ આપવા માટે અરજી કરવામાં આવે ત્યારે જ્યાં સુધી આ જગ્યા માટેનું લાયસન્સ મંજુર કરવામાં

INDEX

ન આવે અને અરજદારને અદા કરવામાં ન આવે અથવા અરજદારને અથવા તેના અભિકર્તાને આ લાયસન્સ નામંજુર કરવા અંગેની જાણ કરવામાં ન આવે ત્યાં સુધી લાયસન્સ આપેલ જગ્યા તરીકે ગણાશે.

નિયમ ૭ :—

જે દરેક શખ્સને આ નિયમો અન્વયે લાયસન્સ આપવામાં આવ્યું હોય તે દરેક શખ્સે સને ૧૯૪૮ ના મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમના ઉપબંધોનું અને તે અન્વયેના કરેલા નિયમોનું જેટલે સુધી તે તેને લાગુ પડે તેટલે સુધી પાલન કરવું.

નિયમ-૮ :—

સાર્વજનિક ખાનપાનની જગ્યા કોઈપણ શખ્સે તેના લાયસન્સમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા કલાકો દરમ્યાન હોય તે સિવાય તે જગ્યા ખાલી રાખવી નહીં. પરંતુ નીચેના પ્રસંગો પૈકી કોઈપણ પ્રસંગે બંધ થવાના સમય સંબંધ સન ૧૯૪૮ ના મુંબઈ દુકાન અને સંસ્થાના અધિનિયમના ઉપબંધો, સાર્વજનિક ખાનપાનની જગ્યાઓ અથવા આવી જગ્યાઓના વર્ગના સંબંધમાં ઉક્ત અધિનિયમની કલમ-૬ અન્વયે મોકુફ રાખવામાં આવ્યા હોય તો આવી જગ્યાનો લાયસન્સદાર તે માટે કોઈપણ ખાસ પરવાનગી મેળવ્યા સિવાય અથવા વધારાની ફી ભર્યા સિવાય આ અર્થે પોલીસ કમિશનર ઉક્ત પ્રસંગે અનુસૂચિત કરે તેવા સમય સુધી પોતાની જગ્યા ખુલ્લી રાખી શકશે.

(૧) પ્રજાસત્તાક દિન (૨) સ્વાતંત્ર્યદિન (૩) રમજાન માસ (૪) નાતાલનો દિવસ (૫) દિવાળી (૬) ગોકળઅષ્ટમી (૭) ગણેશ ચતુર્થી (૮ દશેરા (૯) નવરાત્રી.

નિયમ ૯ :—

(૧) પેટા નિયમ ૨ અન્વયે કામ કરવાની પરવાનગી આપેલ પેટા નિયમ ૨ અન્વયે કામ કરવાની પરવાનગી આપેલ શખ્સ આ નિયમમાં "અભિકર્તા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે હાજર હોય તે સિવાય સાર્વજનિક ખાનપાનની જગ્યા રાખનાર કોઈપણ શખ્સે લાયસન્સ પર લખી જણાવવાની લાયસન્સ આપનાર પ્રાધિકારીની પુર્વ પરવાનગી મેળવ્યા સિવાય તે જગ્યા જે સમય દરમ્યાન તે ખુલ્લી રહે તે દરમ્યાન પોતે ગેરહાજર રહેવું નહીં.

(૨) સાર્વજનિક ખાનપાનની જગ્યા રાખનાર કોઈપણ શખ્સે તેવી રીતે શેરો મારેલી તેવી જ પરવાનગી સિવાય આવી જગ્યાની વ્યવસ્થામાં તેને બદલે કામ કરવાની અભિકર્તાને કોઈપણ સમયે પરવાનગી આપવી નહી. પરંતુ જો કોઈ શખ્સ લાયસન્સદારના કુટુંબની વ્યકિત અથવા તેનો પગારદાર સેવક હોય તે અભિકર્તા તરીકે કામ કરવાની પરવાનગી આપવાની સામાન્ય રીતે ના પાડવી નહી.

(૩) જયારે ખાનપાનની જગ્યાનો પરવાનો ધારકે પરવાનામાં એજન્ટને બદલવા માંગણી કરેલ હોય અને તે અરજી નામંજુર કરવામાં આવે તો અરજદારને સક્ષમ અધિકારીએ નામંજુર કર્યાની જાણ કરવી જરૂરી છે.

નિયમ ૧૦ :—

સાર્વજનિક ખાનપાનની જગ્યા રાખનાર કોઈપણ શખ્સે ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ, જન્મસ્થાન અથવા તે પૈકી કોઈપણ કારણે જ માત્ર કોઈપણ શખ્સને તેવી જગ્યામાં દાખલ થવાની ના પાડવી નહીં.

(એ) નિયમ ૧૦ હેઠળના અપરાધ બદલ લાયસન્સદાર સજા પામે તો તેમને આ નિયમ હેઠળ આપેલ પીવાનો રદ કરવાને પાત્ર ગણાશે.

(બ) હોટલ, રેસ્ટોરન્ટ, લોજીંગ હાઉસ, વગેરે ધરાવનાર પરવાનેદારે પોતાના સ્થળના આગળના ભાગે હિન્દી અથવા ગુજરાતી ભાષામાં વાંચી શકાય તેવુ ' આ સ્થળમાં ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ, જન્મસ્થાન કોઈપણ કારણના ભેદભાવ વગર પ્રવેશવાની છુટ છે. " તેવુ બોર્ડ લગાવવાનુ રહેશે.

નિયમ ૧૧ :—

સાવજનિક ખાનપાનની જગ્યા રાખનાર કોઈપણ શખ્સે આવી જગ્યામાં દાખલ થવાની કોઈપણ અમુક જ્ઞાતિ અથવા કોમની વ્યકિતઓ અથવા શખ્સોના વર્ગ પુરતુ જ મર્યાદત છે એમ દર્શાવતું કોઈપણ પાટીયુ અથવા જાહેરાત પત્ર ખુલ્લુ મુકવુ નહી અથવા મુકાવવુ નહી.

નિયમ ૧૨ :—

સાર્વજનિક ખાનપાનની જગ્યા રાખનાર કોઈપણ શખ્સે સને ૧૯૮૭ના મુંબઈ પ્રિવેન્શન ઓફ ગેમ્બલીંગ એકટ અન્વયે ગુનો થતો હોય તેવું જુગાર રમવા અથવા બીજું કોઈપણ કૃત્ય આવી જગ્યામાં કરવા દેવુ નહીં.

નિયમ-૧૩ :—

(૧) નીચેના ઉપબંધો અનુસાર હોય તે સિવાય સાર્વજનિક ખાનપાનની જગ્યા રાખનાર કોઈપણ શખ્સે આવી જગ્યામાં કોઈપણ વાજિત્ર (સંગીત) વગાડવું નહીં અથવા વગાડવા દેવું નહીં.

(એ) માણસોના ટોળાને આકષે તેવા સુરે સાર્વજનિક ખાનપાનની જગ્યામાં વાજિત્ર વગાડવું નહીં અથવા વગાડવા દેવું નહી. જો આવું વાજિત્ર સાંભળવાના હેતુ સારું સાર્વજનિક ખાનપાનની જગ્યાની સામે ટોળું ભેગું થાય તો વાજિત્ર તરત જ બંધ કરી દેવું.

(બી) સંગીત અથવા વાજિત્રો એવા સ્થળે વાગતા હોવા જોઈએ કે જે કોઈપણ રસ્તા, શેરી અથવા બીજી કોઈપણ સાર્વજનિક ખાનપાનની જગ્યાથી નિદાન ૨૦ ફટ દુર હોય.

(સી) રકમો (અ) અને (બ) માં ગમે તે મજકુર હોય તે છતાં જો કોઈપણ સાર્વજનિક ખાનપાનની જગ્યા નીચે જણાવેલી જગ્યાએથી ૧૦૦ વારના અંતરની અંદર આવેલી હોય તો તે તેવી સાર્વજનિક ખાનપાનની જગ્યામાં કોઈપણ વાજિત્ર વગાડવુ નહીં.

(૧) કોઈપણ સાર્વજનિક પુજાના સ્થાન પાસે, પુજા કરવાનો સામાન્ય રીતે જે સમય રાખવામાં આવ્યો હોય તે સમય દરમ્યાન.

(૨) કોઈ ન્યાયાલય અથવા સરકારી કાર્યાલય પાસે અથવા ન્યાયાલય અથવા કાર્યાલયના કામકાજનો જે સમય હોય તે દરમ્યાન.

(૩) કોઈપણ મહાવિદ્યાલય અથવા શાળા પાસે આવી મહાવિદ્યાલય અથવા શાળાના અભ્યાસના સમય દરમ્યાન.

(૪) કોઈપણ ઈસ્પીતાલ અને સુશ્રુષાગૃહ પાસે કોઈપણ સમય દરમ્યાન.

(૨) પેટા નિયમ (૧) ના ઉપબંધોને બાધ આવ્યા સિવાય પોલીસ કમિશનર અથવા ના. પો. ક. (વ.) આ અર્થે કરેલા સામાન્ય અથવા ખાસ આદેશથી એવો નિર્દેશ કરી શકશે તે વિહિત કરે તે કલાકો દરમ્યાન સાર્વજનિક ખાનપાનની જગ્યા રાખનાર શખ્સે કોઈપણ વાજિત્ર વગાડવા દેવું નહીં.

સ્પષ્ટીકરણ.—આ નિયમોના હેતુ સારૂ વાજિત્રમાં ગ્રામોફોન, ફોનોગ્રાફ રેડીયો, એમ્પલીફાયર, રેડીયો, ગ્રામોફોન. બેન્ડ. ઢોલક. ત્રાસા, નગારા, ઝાંઝ, ટીવી. વીડીયો વગેરે અને કોઈપણ વાદ્ય સંગીત વગાડવાનો સમાવેશ થશે.

INDEX

નિયમ-૧૪ :—

ખાનપાનની જગ્યા રાખનાર કોઈપણ શખ્સ તેમાં સન ૧૯૪૯ ના મુંબઈ પ્રોહીબીશન એકટમાં વ્યાખ્યા કર્યા પ્રમાણે કોઈપણ દારૂ, ગામઠી દારૂ અથવા કોઈપણ કેફી પદાર્થ રાખવો નહી, પુરો પાડવો નહી અથવા પીવાની પરવાનગી આપવી નહી.

નિયમ-૧૫ :—

સાર્વજનિક ખાનપાનની જગ્યા રાખનાર કોઈપણ શખ્સે તેવી જગ્યામાં ધુળ લાગે તેવી રીતે ખુલ્લા રાખેલા ખાદ્ય પદાર્થો અથવા પીણાનો સંગ્રહ કરવો નહી અથવા રાખવા નહી તેમજ તેણે બંધ રાખેલ પેટીઓ, કબાટો, શીશીઓ, કેસો અથવા બીજા બંધ રાખેલા વાસણો અથવા માખી, પ્રવેશી શકે તેવી જાળાની અંદર હોય તે સિવાય બીજી રીતે ખાદ્ય પાદાર્થો અથવા પીણ. તેમાં ભરી રાખવા નહી અથવા તે રાખવા નહી.

નિયમ-૧૬ :—

સાર્વજનિક ખાનપાનની જગ્યા રાખવાને લાયસન્સ ધરાવતો હોય તેવા કોઈપણ શખ્સેં સાર્વજનિક ખાનપાનની જંગ્યા તરીકે લાયસન્સમાં નિર્દિષ્ટ કરેલ જગ્યા સિવાયની કોઈપણ જગ્યા વાપરવી નહી અથવા વાપરવાનો પ્રયત્નો કરવા નહી.

નિયમ-૧૭ :—

(એ) લાયસન્સ ધરાવનાર દરેક શખ્સ લાયસન્સમાં જણાવેલી જે જગ્યાનો જ્યારે લાદસન્સ આપવામાં આવ્યું હોય ત્યારે તે કબજામાં હતી તેવી જગ્યા પણ પોતાનો ધંધો ચલાવવો અને જે જગ્યા એ લાયસન્સ આપેલી જગ્યાઓમાં ઉમેરવામાં આવી હોય તે જગ્યાઓ પણ અથવા બીજી જગ્યાઓ પણ ધંધો ચલાવવાની તે ઈચ્છા રાખતો હોય તો તેને લાયસન્સ આપનાર પ્રાધિકારીની પુર્વ પરવાનગી મેળવવી.

(બી) કોઈપણ લાયસન્સદારે ગ્રામપંચાયત કે કોર્પોરેશન તરફથી મંજુરી મળી હોય તો પણ કોઈપણ જાતનું બાંધકામ લાયસન્સીંગ ઓથોરીટીની પુર્વ પરવાનગી સિવાય કરી શકશે નહીં

નિયમ-૧૮ :—

લાયસન્સ ધરાવનાર દરેક શખ્સ તેને જે ખાનપાન પુરા પાડવાને અધિકૃત કર્યો હોય તે ખાનપાનનો હેતુસારૂ અથવા તેને જે ખાનપાન તે જગ્યા પણ આપવાનેં અધિકૃત કર્યો હોય તે ખાનપાનના પ્રકાર અથવા પ્રકારો આપવા માટે પોતાની જગ્યાનો ઉપયોગ કરવો અને જો તે બીજી કોઈપણ પ્રકારના ખાનપાન પુરા પાડવાની ઈચ્છા રાખતો હોય તો તેણે લાયસન્સ આપનાર અધિકારીની પુર્વ પરવાનગી મેળવવી.

નિયમ-૧૯ :—

સાર્વજનિક ખાનપાનની જગ્યા રાખનાર દરેક શખ્સે પોલીસ કમિશ્નરશ્રીએ લેખિત માફી આપેલ હોય તે સિવાય ઉકત જગ્યાની બહાર કોઈપણ ખુલ્લી જગ્યામાં યોગ્ય કદનું લાકડાનું પાટીયું લગાડવું અથવા લગાડવવું અને તે પાટીયા પર સ્પષ્ટ રીતે (હિન્દીમાં તથા પ્રાદેશિક ભાષામાં) જગ્યા રાખનાર શખ્સનું નામ લખવું. અને તે સબંધ ધરાવતી સાર્વજનિક ખાનપાનના અમુક જગ્યા રાખવાનું લાયસન્સ આપેલ છે તે અને ખાનપાનના જે અમુક હેતુ સારૂં તેનો ઉપયોગ કરવામાં આવતો હોય તે અમુક હેતુ દર્શાવવા શબ્દો લખવા.

નિયમ-૨૦ :—

સાર્વજનિક ખાનપાનની જગ્યા રાખનાર દરેક શખ્સ આવી જગ્યામાં અયવા આવી જગ્યાએ ગિર્દી થતી અટકાવવા માટે કાર્યસાધક પગલાં લેવા અને જે પ્રસંગે તે જગ્યામાં અથવા તે જગ્યાએ મનુષ્યના જાનને અથવા શરીરના અંગને ઈજા પહોંચે તેવું કોઈપણ તોફાન અથવા અકસ્માત થાય તે પ્રસંગે તે બાબતની પોલીસને તરત જ ખબર આપવી.

નિયમ ૨૧ :—

(૧) સાર્વજનિક ખાનપાનની જગ્યાએ ચોખ્ખી અને સ્વાસ્થ્યકારી સ્થિતિમાં રાખવામાં આવે છે કે રાખવામાં આવતી નથી તે નક્કી કરવા માટે પોલીસ કમિશનર, વડોદરા શહેરના આદેશ દ્વારા આદેશમાં નિર્દિષ્ટ્ર કરવામાં આવે તેવા ક્ષેત્રમાં અને તેવી અધિકારીખો આવી ખાનપાનની જગ્યાઓનું નિરીક્ષણ કરવાને આદેશમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા સ્વાસ્થ્ય અધિકારીઓને અધિકૃત કરી શકશે.

(૨) આવા નિરીક્ષણ પરથી જો સ્વાસ્થ્ય અધિકારીને એમ લાગે કે સાર્વજનિક ખાનપાનની જગ્યાને ચોખ્ખી અને સ્વાસ્થ્યકાર સ્થિતિમાં રાખવામાં આવતી નથી તો તેણે સાર્વજનિક ખાનપાનની જગ્યા રાખનાર શખ્સને તે જગ્યા ચોખ્ખી અને સ્વાસ્થ્યકારી સ્થિતિમાં રાખવાનો નિર્દેશ કરવો અને આવા રાખનારે તે હેતુ માટે કેવા પગલાં લેવા તે નિર્દિષ્ટ કરવા.

(૩) સાર્વજનિક ખાનપાનની જગ્યા રાખનાર પેટા નિયમ (૨) અન્વયે સ્વાસ્થ્ય અધિકારીના નિર્દેશનું પાલન કરવાને ચુકે તો સ્વાસ્થ્ય અધિકારીએ જે પોલીસ કમિશ્નરના ક્ષેત્રાધિકારમાં આવી સાર્વજનિક ખાનપાનની જગ્યા આવેલી હોય તે પોલીસ કમિશ્નરને પોતાના નિરીક્ષણ બાબત નિવેદન કરવું.

નિયમ-૨૨ :—

(૧) સાર્વજનિક ખાનપાનની જગ્યા રાખનાર કોઈપણ શખ્સે સ્પર્શજન્ય અથવા ચેપીરોગથી પીડાતા કોઈપણ શખ્સને નોકરીએ રાખવો નહીં. જો સાર્વજનિક ખાનપાનની જગ્યા રાખનાર પોતે સ્પર્શજન્ય અથવા ચેપીરોગથી પીડાતો હોય તો તેણે નિયમ-૨૧ અન્વયે અધિકૃત કરેલ સ્વાસ્થ્ય અધિકારી જયાં સુધી લેખિત પ્રમાણપત્ર ન કરે તે કોઈપણ સ્પર્શજન્ય અથવા ચેપીરોગથી મુકત છે. તંયાં સુધી તેણે નિયમ-૯ અન્વયે કામ કરવાની પરવાનગી આપેલ અભિકર્તા મારફત પોતાનો ધંધો ચલાવવો.

(૨) નિયમ-૨૧ અન્વયે અધિકૃત કરેલ સ્વાસ્થ્ય અધિકારી કોઈપણ સાથે સાર્વજનિક ખાનપાનની જગ્યા રાખનાર શખ્સને અથવા આવા શખ્સે નોકરીએ રાખેલ જે કોઈપણ શખ્સને કોઈપણ ખાદ્ય પદાર્થ અથવા પીણાં વેચવાના કામમાં અથવા તે વેચવા માટે તૈયાર કરવાના કામમાં અથવા વેચવા ધારેલા ખાદ્ય પદાર્થ અથવા પીણાની વ્યવસ્થા કરવાના કામમાં કોઈપણ રીતે રોકવામાં આવ્યો હોય તે કોઈપણ શખ્સને તપાસી શકશે.

(૩) આવી તપાસ પરથી જો સ્વાસ્થ્ય અધિકારીને એમ લાગે કે આવો માલિક કોઈપણ સ્પર્શજન્ય અથવા ચેપીરોગથી પીડાઈ રહયો છે અથવા તેના જંતુઓ ફેલાવે છે તો તેણે નિયમ-૯ અન્વયે કામ કરવાની પરવાનગી આપેલ અભિકર્તા મારફત ધંધો ચલાવવાનો માલિકને નિર્દેશ કરવો. અને આવો શખ્સ આવા રોગથી પીડાતો હોય તે પ્રસંગે માલિકને આવા શખ્સને નોકરી પરથી દુર કરવાનો નિર્દેશ કરવો.

નિયમ-૨૩ :—

સાર્વજનિક ખાનપાનની જગ્યા રાખનાર દરેક શખ્સે અને નિયમ-૯ અન્વયે તેને બદલે કામ કરવાની પરવાનગી આપેલ દરેક શખ્સે કોઈપણ પોલીસ અધિકારીને અથવા નિયમ-૨૧ અન્વયે અધિકૃત કરેલ કોઈપણ સ્વાસ્થ્ય અધિકારીને તેની ફરજ બજાવતી વખતે, આવી જગ્યામાં કોઈપણ સમયે છુટથી દાખલ થવા દેવો અથવા તેની જગ્યામાંથી બહાર જવા દેવો.

INDEX

નિયમ ૨૪ :—

સાર્વજનિક ખાનપાનની જગ્યા રાખનાર દરેક શખ્સે આવી જગ્યાએ ઘરાકોને આપવાની સઘળી ખાવાની વસ્તુઓ અને પીણાના ભાવોની યાદી પ્રદર્શિત કરવાનું પોલીસ કમિશનરે અથવા ના. પો. ક. (વ.) તરફથી સામાન્ય અથવા ખાસ આદેશ દ્વારા ફરમાવ્યું હોય તો તેમ કરવું.

નિયમ-૨૫ :—

સાર્વજનિક ખાનપાનની જગ્યા રાખનાર દરેક શખ્સે અને નિયમ-૯ અન્વયે તેને બદલે કામ કરવાની પરવાનગી આપેલ દરેક શખ્સે આવી જગ્યામાં તેનો વ્યવસાય અથવા ધંધો વ્યવસ્થિત રીતે ચલાવો.

નિયમ-૨૬ :—

હોટલ અથવા વીશી રાખનાર શખ્સે હોટલ અથવા વીશી પર સામેલ પરિશિષ્ટ-અ. નિર્દિષ્ટ કર્યા મુજબ હોટલ અથવા વીશીના દરેક ગ્રાહકની વિગતોવાર નોંધ પત્રક રાખવું. કોઈપણ પોલીસ અધિકારી તેની સત્તાવાર ફરજો બજાવતી વખતે આવું નોંધપત્રક તપાસ માટે રજુ કરવાનું ફરમાવે તો તેણે નોંધપત્રક રજુ કરવું.

સ્પષ્ટીકરણ.—આ નિયમના હેતુ સારૂ "ગ્રાહક" એટલે જે શખ્સ માટે હોટલ અથવા વીશીમાં સગવડની જોગવાઈ કરવામાં આવી હોય તે શખ્સ.

નિયમ-૨૭ :—

પોલીસ કમિશનરને નિયમો અન્વયે આપેલું લાયસન્સ પોતાની મનસુફી પ્રમાણે કોઈપણ વખતે રદ્દ કરવાનો અથવા તો નિર્દિષ્ટ કરે તેવી મુદત માટે મોકુફ રાખવાનો અને કોઈપણ સાર્વજનિક જગ્યા રાખનાર શખ્સને તેવી જગ્યા કાયમને માટે અથવા થોડી વખતને માટે બંધ કરવાનો નિર્દેશ કરવાનો અધિકાર રહેશે. અથવા બીજી રીતે પોલીસ કમિશનર પોતાને યોગ્ય જણાય તેવી ચોકસી કર્યા પછી ખાતરી થઈ હોય કે લાયસન્સદાર લાયસન્સ ધરાવવાનું ચાલુ રાખવા માટે અથવા તેની પડોશમાં રહેનારાઓને અથવા ત્યાંથી પસાર થતા રાહદારીઓને કોઈપણ અડચણ, તકલીફ, જોખમ, ભય અથવા નુકશાનીમાં મુકાતા અટકાવવા માટે આવી જગ્યામાં તોફાન થતું અટકાવવા માટે યોગ્ય શખ્સ નથી તો તે સંબંધમાં પોતાની મનસુફી પ્રમાણે પગલાં લેવાને પોલીસ કમિશનરને અધિકાર રહેશે અને સાર્વજનિક ખાનપાનની જગ્યા રાખનાર દરેક શખ્સે આવા નિર્દેશકનું તાબડતોડ પાલન કરવું.

નિયમ-૨૮ :—

પોલીસ કમિશનરને એમ ખાતરી થાય કે કોઈપણ સાર્વજનિક ખાનપાનની જગ્યા રાખનાર શખ્સ જોણી જોઈને વેશ્યાઓને તેમના ધંધામાં હેતુસારૂ અથવા ખરાબ ચારીત્ર માટે જાણીતા શખ્સોને આવી જગ્યામાં મળવા અથવા રહેવાને પરવાનગી આપે છે તો પોલીસ કમિશનર આ નિયમો અન્વયે આવા શખ્સને આપેલ લાયસન્સ રદ કરી શકશે અથવા તે નિર્દિષ્ટ કરે તેટલી મુદત માટે તે મોકુફ રાખી શકશે. અને આવા શખ્સને આવી જગ્યા કાં તો કાયમને માટે અથવા નિર્દિષ્ટ કરે તેટતી મુદત માટે બંધ કરવાનો નિર્દેશ કરી શકશે અને તેમ થયે આવા નિર્દેશનું તાબડતોડ પાલન કરવું.

નિયમ-૨૯ :—

જો પોલીસ કમિશનરને :—

(અ) નિયમ-૨૧ અન્વયે સ્વાસ્થ્ય અધિકારીએ કરેલા નિવેદન પરથી એવી ખાતરી થાય કે કોઈપણ સાર્વજનિક ખાનપાનની જગ્યા સ્વાસ્થ્યકારી સ્થિતિમાં રાખવામાં આવી નથી, અથવા.

(બ) કોઈપણ સાર્વજનિક ખાનપાનની જગ્યા રાખનાર શખ્સ નિયમ-૨૧ અન્વયે સ્વાસ્થ્ય અધિકારીએ આપેલ નિર્દેશનું પાલન કરવાને ચુકયા છે તો પોલીસ કમિશનર આ નિયમો અન્વયે સાર્વજનિક ખાનપાનની જગ્યા રાખનાર શખ્સને આપેલ લાયસન્સ રદ કરી શકશે અથવા નિર્દિષ્ટ કરે તેવી મુદત માટે તે મોકુફ રાખી શકશે અને આવા શખ્સને આવી જગ્યા કાયમ માટે અથવા તે નિર્દિષ્ટ કરે તેટલી મુદત સુધી બંધ કરવાનો નિર્દેશ કરી શકશે અને તે સમયે આવા શખ્સે આવા નિર્દેશનું તાબડતોડ પાલન કરવું.

નિયમ-૩૦ :—

જ્યાંસુધી લાયસન્સ ધારણ કરનારને પોતાનું લાયસન્સ પ્રસંગ પ્રમાણે શા માટે રદ કે મોકુફ કરવું ન જોઈએ એનું કારણ દર્શાવવાની વ્યાજબી તક આપવામાં આવી ન હોય ત્યાં સુધી આ નિયમો અન્વયે આપેલું કોઈપણ લાયસન્સ રદ કરવું કે મોકુફ કરવું નહી.

પરંતુ આ નિયમો પેકી કોઈપણ નિયમને અથવા તે અન્યને કરેલા કોઈપણ આદેશનો અથવા તેને આપવામાં આવેલ લાયસન્સની કોઈપણ શરતનો ભંગ કરવા બદલ લાયસન્સ ધારણ કરનાર શખ્સની સામે ચોકસી અનિર્ણિત હોય ત્યાં સુધી કામચલાઉ મુદત માટે લાયસન્સ મોકુફ રાખવામાં આવ્યું હોય ત્યારે કારણ દર્શાવવા માટે કોઈપણ તેવી તક આપવાની જરૂર નથી.

નિયમ-૩૧ :—

(૧) પેટા-નિયમ (૨) ના ઉપપ્રબંધોને આધીન રહીને લાયસન્સ આપવાની અથવા તાજુ કરવાની ના પાડતો અથવા લાયસન્સ રદ કરવો અથવા મોકુફ કરતો અથવા અભિકર્તાની નિમણુંક માટે પરવાનગી આપવામાં ન આવે અથવા ચાલુ અભિ કર્તાના નામમાં ફેર બદલી કરવાની અરજી નામંજુર કરવામાં આવે તો આદેશ કર્યાની ત્રીસ દિવસની અંદર કોઈપણ શખ્સ :—

(૧) જો આદેશ પોલીસ કમિશનરે પસાર કર્યો હોય તો રાજ્ય સરકારશ્રીને અપીલ કરી શકશે.

(૨) જો આદેશ ના. પો. કમી. (વ.) એ પસાર કર્યો હોય તો તે પોલીસ કમિશનરશ્રીને અપીલ કરી શકશે.

નિયમ-૩૨ :—

આ નિયમોનો કોઈપણ મજકુર સને ૧૯૪૯ ના મુંબઈ પ્રોહીબીશન એકટમાં વ્યાખ્યા કર્યા પ્રમાણેના દારૂ, તાડી અથવા કેફી ઔષધ વેચવાનું લાયસન્સ આપવામાં આવ્યું હોય તેવી સાર્વજનિક ખાન પાનની કોઈપણ જગ્યાને લાગુ પડશે નહી.

નિયમ-૩૩ :—

જિલ્લા મેજિસ્ટ્રેટે આ અર્થે કરેલા અને સને ૧૯૫૯ના સપ્ટેમ્બર મહિનાની ૨૮ તારીખે પોતાની અધિસુચના ક્રમાંક: ઈસી/પોલ/૨૭૩/બી. માં પ્રસિધ્ધ કરેલ નિયમો રદ કરવા છત ઉક્ત નિયમો અન્વયે આપેલ કોઈપણ લાયસન્સ જેટલે સુધી લાયસન્સ નિયમોના તટસ્થાની ઉપબંધો સાથે અસંગત ન હોય તેટલે સુધી અમલમાં ચાલુ રહેશે અને જે મુદત સુધી લાયસન્સ આપવામાં આવ્યું હતું તે મુદત પુરી થાય ત્યાં સુધી અથવા પ્રસંગ પ્રમાણે સન-૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમના અથવા આ નિયમોના ઉપબંધો અનુસાર તે મોકુફ રાખવામાં અથવા રદ કરવામાં આવ્યું હોય ત્યાં સુધી આ નિયમોના તટસ્થાના પ્રબંધો અન્વયે રાખવામાં આવ્યું છે એમ ગણાશે.

(૧) આ અંગે જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી તરફથી જાહેરનામા ક્રમાંક: ઈસી-પોલ-૧૭૩-બી તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૧૯૫૯ થી પ્રસિધ્ધ કરેલા નિયમો વડોદરા શહેર પુરતા આથી રદ કરવામાં આવે છે.

લાયસન્સ ફી નું પત્રક

અનું નંબર	હેતુ	૫૦,૦૦૦ થી ઓછી વસ્તી ધરાવતા સ્થળ માટે	૫૦,૦૦૦ થી ૧,૦૦,૦૦૦ સુધીની વસ્તી ધરાવતા સ્થળ માટે	૧,૦૦,૦૦૦ થી વધુ વસ્તી ધરાવતા સ્થળ માટે
૧	૨	૩	૪	૫
૧	(એ) તમામ રેસીડેન્સીઅલ હોટલ અથવા રેસ્ટોરન્ટ અથવા તેને સંલગ્ન ખાનપાનની જગ્યા માટે સવારના કલાક ૦૫-૦૦ થી રાતના કલાક ૦૧-૦૦ સુધી ખુલ્લુ રાખવા માટેના લાયસન્સ માટે.			
	(બી) બીજી કોઈપણ સ્થળે સાર્વજનિક ખાનપાનની જગ્યા સવારના કલાક ૦૫-૦૦ થી રાતના કલાક ૨૩-૩૦ સુધી ખુલ્લી રાખવા માટે			
૨	આઈટમ (૧) મા જણાવેલ કલાકો કરતાં દરેક વધારાના કલાક માટે			
૩	લાયસન્સ રીન્યુઅલ માટે. ...			
૪	પેટા (નિયમ (૨) ની જોગવાઈ મુજબ આપવામાં આવતાં દરેક હંગામી લાયસન્સ માટે.			
૫	કોઈ ખાસ પ્રસંગ અર્થે વધારેમાં વધારે ૩૦ દિવસ માટે, તે કેટલા સમય માટે ખુલ્લુ રાખવુ તેમાં સમય બંધનરૂપ ન હોય એવા આપવામાં આવતા હંગામી લાયસન્સ માટે. જ્યારે પણ નીચે જણાવેલી સંસ્થાઓ તરફથી "આનંદમેળા" નું આયોજન કરવા માટે આવે જ્યારે સ્થળ અને ટાઈમને ધ્યાનમાં લીધા વગર ગમે તેટલા સ્ટોલ માટે હંગામી લાયસન્સ આપવામાં આવે જ્યારે આનંદમેળામાં પ્રવેશ ફી તરીકે રૂા. ૧૫ લેખે એક દિવસની ફી આકારવાની રહેશે. (૧) શૈક્ષણિક / ધાર્મિક સંસ્થાઓ. (૨) બોમ્બે પોલીસ એક્ટ ૧૯૫૦ અથવા ધી ગુજરાત કો-ઓપરેટીવ સોસાયટી એક્ટ, ૧૯૬૧ હેઠળ રજિસ્ટર થયેલ સંસ્થાઓ.			
૬	તમામ અઠવાડિક ભરાતા બજાર અંગેના પરવાના માટે (વાર્ષિક ફી)			
૭	સ્થળ બદલી કરવા અંગે			
૮	જે હેતુ માટે જાહેર ખાનપાનની જગ્યા ચલાવવામાં તે અધિકૃત છે. તે હેતુમાં ફેરફાર (બદલી કરવા અંગે)			

આજ તારીખ ૧૫ માહે મે, સને ૧૯૯૮ ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો.

આર. એમ. એસ. બ્રાર,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર, વડોદરા.

જાહેરનામું

સને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ની પેટા કલમ (૧) બી હેઠળનો નિયમ.

ક્રમાંક જાહેરનામા-ઉગપક-૨૧૦૧-૯૮.—મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ નાં મુંબઈનાં રસ્તાની કલમ-૩૩ ની પેટા કલમ (૧) બી હેઠળ મળેલ સત્તાની રૂએ વડોદરા મ્યુ. કોર્પો. હદ વિસ્તારમાં આવેલ કાળાઘોડા વિશ્વામિત્રી પુલ, બરોડા ઓટોમોબાઈલ્સ વિસ્તારનાં ટ્રાફિકનો પ્રશ્ન હલ કરવા સારું બરોડા ઓટોમોબાઈલ્સથી કોઠી ચાર રસ્તા સુધીનો રાવપુરા રોડ તથા રેલ્વે હેડક્વાર્ટરથી કોઠી બરોડા ઓટોમોબાઈલ્સથી કોઠી ચાર રસ્તા સુધીનો જેલ રોડ નિયત કલાકો દરમ્યાન એકમાર્ગી કરવા અંગે બહાર પાડવામાં આવેલ જાહેરનામા મુસદ્દો નં. જાહેરનામા-ઉગપક-૨૦૪૭૮/૯૮ તારીખ ૧લી ઓક્ટોબર, ૧૯૯૮ ગુજરાત સરકારનાં ગેઝેટ અંક નં. ૪૦ માં પ્રસિધ્ધ થયેલ જે જાહેરનામા સામે નજીવા વાંધા સુચનો અવેલ જે અન્વયે નીચે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

INDEX

આખરી જાહેરનામાનો મુસદ્દો :

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ નાં મુબઈનાં રસ્તાની કલમ-૩૩ ની પેટા કલમ (૧) બી હેઠળ મળેલ સત્તાની રૂએ વડોદરા મ્યુ. કોર્પો. વડોદરાની હદ વિસ્તારમાં આવેલ કાલાઘોડા, વિશ્વામિત્રી પુલ, બરોડા ઓટોમોબાઈલ્સ વિસ્તારનાં ટ્રાફિક જામનો પ્રશ્ન હલ થાય તથા વાહન વ્યવહાર સરળતાથી પસાર થાય તે હેતુસર બરોડા ઓટોમોબાઈલ્સથી કોઠી ચાર રસ્તા સુધીનો રાવપુરા રોડ તથા બરોડા ઓટોમોબાઈલ્સથી રેલ્વે હેડ ક્વાર્ટસ સુધીનો જેલરોડ તમામ પ્રકારનાં વાહનો માટે નક્કી કરેલ કલાકો દરમ્યાન જવા આવવા માટે એકમાર્ગી કરવા અંગેનો નીચે મુજબનો નિયમ કરું છું.

(૧) સવાર કલાક ૦૯-૩૦ થી ૧૨-૦૦ તેમજ સાંજના કલાક ૧૭-૦૦ થી ૧૯-૩૦ સુધી કાલાઘોડાથી વિશ્વામિત્રી પુલ ઉપર થઈને આવતા વાહનો બરોડા ઓટોમોબાઈલ્સ થઈ એસ.એસ.જી. હોસ્પીટલ થઈ કોઠી ચાર રસ્તાથી જમણી બાજુ વળાંક લઈ પશ્ચિમ રેલ્વે હેડ ક્વાર્ટર થઈ જઈ શકશે. તેમજ કોઠી ચાર રસ્તાથી સીધા રાવપુરા થઈ જઈ શકશે. પરંતુ રાવપુરા રોડ થઈ આવતા વાહનો સીધા નહીં જતા કોઠી ચાર રસ્તાથી ડાબી બાજુ વળાંક લઈ રેલ્વે હેડક્વાર્ટર થઈ જેલરોડ થઈ સ્ટેશન તરફ જઈ શકશે. તેમજ આજ સમય દરમ્યાન રેલ્વે હેડક્વાર્ટર તથા નર્સીંગ હોમ પોઈન્ટ તરફથી આવતા વાહનો જેલરોડ થઈ બરોડા ઓટોમોબાઈલ્સ કાલાઘોડા જઈ શકશે.

(૨) આ સમય દરમ્યાન ફતેગંજથી કોઠી તરફ આવતો ટ્રાફીક.

(૩) આ સમય દરમ્યાન કોઠી ચાર રસ્તા ખાતે હાલ અમલમાં રહેલ "નો રાઈટ ટર્ન" અંગેનું જાહેરનામું ક્રમાંક : ઉગપક/૧૧૫૩/૮૯ તારીખ ૨૩મી મે, ૧૯૮૯ મુજબનાં જાહેરનામાનો અમલ મુલત્વી રાખવામાં આવે છે.

(૪) આ સમય દરમ્યાન તમામ વાહનો બરોડા ઓટોમોબાઈલ્સથી વિશ્વામિત્રી પોઈન્ટથી જેલ રોડ તરફ આગળ જઈ શકશે નહી.

(૫) આ સમય દરમ્યાન ફુલબારી નાકાથી સ્ટેશન તરફ જતા તમામ વાહનો ફુલબારી નાકાથી ડાબી બાજુ વળાંક લઈ કોઠી ચાર રસ્તા થઈ ટેલીફોન એક્ષચેન્જથી જમણી બાજ વળાંક લઈ કાલાઘોડા તરફ જઈ શકશે.

(૬) આ સમય દરમ્યાન રાવપુરા રોડ તથા જેલરોડ ઉંપર રસ્તો ક્રોસ કરવા માટે બરોડા ઓટોમોબાઈલ્સ પાસે ફતેસિંહરાવ ગાયકવાડ એસ.એસ.જી. હોસ્પિટલનાં મેઈનગેટ સામે કોઠી બીલ્ડીંગનાં પ્રથમ ગેટ સામે જેલરોડ ઉંપર એસ.એસ.જી. હોસ્પીટલ નાં ઈમરજન્સી સારવાર કેન્દ્રનાં ગેટ સામે ટેલીફોન એક્ષચેન્જ સામે બનાવેલ ઝીબ્રા ક્રોસીંગથી રાહદારીઓ રસ્તો ક્રોસ કરશે.

(૭) આ સમય દરમ્યાન કિર્તીમંદિર રોડ પરથી એસ.એસ.જી. હોસ્પીટલમાં દાખલ થવાનાં રસ્તા ઉંપર એમ્બ્યુલન્સ સિવાય કોઈપણ વાહન જઈ શકશે નહીં.

(૮) એમ્બ્યુલન્સ તથા ફાયર બ્રિગેડ સેવા ઈમરજન્સી સંજોગો દરમ્યાન ઉંપરોકત જાહેરનામા અમલમાંથી મુકિતને પાત્ર રહેશે.

(૯) આ સમય દરમ્યાન જેલરોડ તથા રાવપુરા રોડ ઉંપર પડતા નાની ગલી માર્ગોમાંથી આવતાં વાહનો માત્ર ટ્રાફીક વાહનો દિશામાંજ વળી શકશે.

મેં આજરોજ તારીખ ૩ માહે ડિસેમ્બર ૧૯૯૮ નાં રોજ મારી સહી કરી સિક્કો કરેલ છે.

કે. એન. શર્મા,
પોલીસ કમિશ્નર,
વડોદરા શહેર.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ના ૨૨ માં અધિનિયમની કલમ-૩૭ (૩) મુજબનો હુકમ.

નંબર ઉ/ગપક/૪૧૩/વિ. શા. / ૧૯૯૮.—અમદાવાદ શહેર પોલીસ કમિશનર, હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું હીરાલાલ પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ના ૨૨ માં અધિનિયમની કલમ-૩૭ (૩) થી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨જી ડિસેમ્બર, ૧૯૯૮ કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી ડિસેમ્બર, ૧૯૯૮ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં. અગર સભા ભરવી કે બોલાવવી નહી તેમજ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર.—અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમતનો સમગ્ર વિસ્તા વિસ્તાર.

અપવાદ.—આ હુકમ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ ઉપર હોય તેઓ તથા સ્મશાનયાત્રાઓ અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટાકલમ (૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ, સને ૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૦ માહે નવેમ્બર, સને ૧૯૯૮ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપ્યા.

હીરાલાલ,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

નાયબ પોલીસ કમિશનર દ્વારા
જાહેરનામું

નંબર / ઉં/ગપક/મુમ /ફા. પ્રે./૯૮ આઈ ૧-વશી ૧૧૧. —સને ૧૯૫૧ના મંબઈ પોલાસ અધિનિયમ કલમ-૩૭ (૪) મુજબનું જાહેરનામું સુરત શહેર પોલીસ ખાતા હસ્તકના ઉંમરા ગામના નજીકના ફાયરીંગ બટ સર્વે નં. ૯૪, ૯૫, ૯૬ અને સર્વે નં. ૮ ની વચ્ચે આવેલ જમીન પર તારીખ ૧લી ડિસેમ્બર, ૧૯૯૮ થી તારીખ ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૮ સુધી રોજ સવારના કલાક ૭-૦૦ થી ૧૮-૦૦ વાગ્યા સુધી સુરત શહેરના પોલીસ અધિકારી સુરત પો. કો. તથા આર્મ અનાર્મ પોલીસ માણસોનું વાર્ષિક ફાયરીંગ પેકટીશ થનાર હોવાથી આ વિસ્તારની હદમાં રહેતા પ્રજાજનોની સલામતી જાળવવા મા સને ૧૯૫૧ ના મુબઈ અધિનિયમની કલમ-૩૭ (૪) પ્રતિબંધિત હુકમ પ્રસિધ્ધ કરવો જરૂરી છે.

આથી હુ. પી. આઈ. બુનેત, નાયબ પોલીસ કમિશ્નરશ્રી, સુરત શહેરના હકમ નં. કે.એમ.સી.વી. ૧/૧૯૯૮/૨૯૦૬૫ તારીખ ૧૪મી ઓકટોબર, ૧૯૮૮ મુજબ સને ૧૯૫૧ના મુબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) મુજબ મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સુરત શહેર જિલ્લામાં ચોર્યાસી તાલુકાના ઉંમરા ગામની નજીક આવેલ સ. નં. ૯૪, ૯૫, ૯૬ અને સર્વે નં. ૮ વચ્ચે આવેલ પોલીસ ફાયરીંગ બટના જમીન ઉંપર તારીખ ૧લી ડિસેમ્બર, ૧૯૯૮ થી તારીખ ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૮ સુધી સવારના ક. ૦૭-૦૦

INDEX

થી ૧૮-૦૦ દરમ્યાન સુરત શહેરના પોલીસ અધિકારી / રીક્રુટ પો. કો. તથા આર્મ અનાર્મ પોલીસ માણસોનુ વાર્ષિક ફાયરીંગ પ્રેકટીશ થનાર હોવાથી તે જમીનના આજુબાજુના રહીશો તથા બહારની કોઈપણ અનઅધિકૃત વ્યકિતઓએ ઉપરોકત સમય દરમ્યાન આ જમીનની હદમાં પ્રવેશ કરવો નહી તેમજ તે હદમાં આવેલ તાપી નદીના વિસ્તારમાં હોડી ફેરવવી નહીં કે માછલા પકડવા નહી તેમજ હોડી ઉભી રાખવી નહી.

આ હુકમનો ભંગ કરનાર ઈસમે ઈન્ડીયન પીનલ કોડની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ ૩૦મી નવેમ્બર, ૧૯૯૮ ના રોજ મારા સહી સિક્કા કરી આપેલ છે.

પી. આઈ. બુનેત,
નાયબ પોલીસ કમિશનર (વહીવટ),
સુરત શહેર.

સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક દ્વારા.

અધિસૂચના.

22	Guru Nanak' Birthday	23rd November, 1999	Tuesday
23	Christmas	25th December, 1999	Saturday

Note :

(1) The Following Days have not been Notified as Public Holidays as they fall on Sunday :-

1	Maha Shivratri	14th February, 1999
2	Bhagvan Shri Parshuram Jayanti	18th April, 1999
3	Id-e-Milad-Un-Nabi (Prophet Mohamed's Birthday)	27th June, 1999
4	Independence Day	15th August, 1999
5	Parsi New Year Day (Parsi Sahenshahi)	22nd August, 1999
6	Sardar Vallabhbhai Patel's Birthday	31st October, 1999
7	Diwali	7th November, 1999

INDEX

Note :

(2) In addition to the Holidays notified above Government Servants may avail of maximum of any two of the holidays on the festival occasions at their option and irrespective of their religious denomination. Out of the list of Optional Holidays declared *vide*, Government Notification No. GAD/ No. GS/98-45/PHD/1098/2720/GH, dated 13th November, 1998. Permission for availment of those Optional Holidays should heowever, be applied for in writting in advance and will normally be granted by the officer competent to grant casual leave with the due regard to exigencies of the Court work which should not be affected in any way what so ver. This leave of two days taken by Government Servants at their option on the festival of their choice which is not be debited to their Casual Leave Account—

Note :

(3) If any of the Muslim festival notified above, does not fall on the day notified, the Muslim servants of Government who choose the particular holidays may be granted an optional holiday on the day on which the festival actually falls, in lieu of a holiday on the day notified.

Mahesana, 21st November, 1998.

H. H. MEHTA,
District Judge, Mahesana.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નંબર બી/૮/૧/વહીવટ/૨૪ સને ૧૯૯૮.—સીવીલ મેન્યુઅલ ભાગ-૧ સને ૧૯૬૦ ના ફકરા ૬૨૫ અન્વયે સને ૧૯૯૯ના વર્ષ માટે મહેસાણા ડીસ્ટ્રીક્ટ જજશ્રી, નીચે જણાવેલ જાહેર રજાઓ પાળવાનું જાહેર કરે છે. તે દિવસોએ મહેસાણા જિલ્લાની ડીસ્ટ્રીક્ટ કોર્ટ અને તેના તાબાની બધી કોર્ટ બંધ રહેશે.

અનુ. નંબર	રજાનું નામ	ગ્રેસીરીયન કેલેન્ડર પ્રમાણેની તારીખ	દિવસ
૧	મકર સંક્રાતિ. ...	૧૪મી જાન્યુઆરી ૧૯૯૯	ગુરૂવાર
૨	રમઝાન ઈદ (ઈદુલફીત્ર)	૨૦મી જાન્યુઆરી ૧૯૯૯	બુધવાર
૩	પ્રજાસત્તાક દિન	૨૬મી જાન્યુઆરી ૧૯૯૯	મંગળવાર
૪	હોળી બીજો દિવસ (ધુળેટી)	૨જી માર્ચ ૧૯૯૯	મંગળવાર
૫	ચેટીચાંદ	૧૯મી માર્ચ, ૧૯૯૯	શુક્રવાર
૬	રામનવમી	૨૫મી માર્ચ ૧૯૯૯	ગુરૂવાર
૭	(૧) મહાવીર જયંતી (જન કલ્યાણ) (૨) બકરી ઈદ (ઈદ-ઉલ-અઝા)	૨૯મી માર્ચ, ૧૯૯૯	સોમવાર
૮	ગુડ ફ્રાઈડે	૨જી એપ્રિલ, ૧૯૯૯	શુક્રવાર
૯	ડૉ. બાબાસાહેબ આંબેડકરનો જન્મ દિવસ	૧૪મી એપ્રિલ ૧૯૯૯	બુધવાર
૧૦	મહોરમ	૨૭મી એપ્રિલ, ૧૯૯૯	મંગળવાર
૧૧	રક્ષાબંધન	૨૬મી ઓગસ્ટ, ૧૯૯૯	ગુરૂવાર
૧૨	જન્માષ્ટમી (કૃષ્ણ જયંતિ)	૩જી સપ્ટેમ્બર, ૧૯૯૯	શુક્રવાર
	સંવત્સરી (ચતુર્થ પક્ષ)	૧૩મી સપ્ટેમ્બર, ૧૯૯૯	સોમવાર
૧૪	મહાત્મા ગાંધીનો જન્મ દિવસ	૨જી ઓકટોબર, ૧૯૯૯	શનિવાર
૧૫	દશેરા	૧૯મી ઓકટોબર, ૧૯૯૯	મંગળવાર
૧૬	દિવાળી (વધારાની)	૬ઠ્ઠી નવેમ્બર, ૧૯૯૯	શનિવાર
૧૭	દિવાળી (વધારાની)	૮મી નવેમ્બર, ૧૯૯૯	સોમવાર
૧૮	દિવાળી નૂતન વર્ષ	૯મી નવેમ્બર, ૧૯૯૯	મંગળવાર
૧૯	ભાઈબીજ	૧૦મી નવેમ્બર, ૧૯૯૯	બુધવાર.
૨૦	દિવાળી (વધારાની)	૧૧મી નવેમ્બર, ૧૯૯૯	ગુરૂવાર
૨૧	દિવાળી (વધારાની)	૧૨મી નવેમ્બર, ૧૯૯૯	શુક્રવાર
૨૨	ગુરૂનાનકનો જન્મ દિવસ	૨૩મી નવેમ્બર, ૧૯૯૯	મંગળવાર
૨૩	નાતાલ	૨૫મી ડિસેમ્બર, ૧૯૯૮	શનિવાર

INDEX

નોંધ :—નીચેની રજાઓ રવિવારે આવતી હોવાથી તે જાહેર રજાના દિવસ તરીકે જાહેર કરેલ નથી.

૧	મહા શિવરાત્રી	૧૪મી ફેબ્રુઆરી ૧૯૯૯	રવિવાર.
૨	ભગવાન શ્રી પરશુરામ જયંતિ	૧૮મી એપ્રિલ ૧૯૯૯	,,
૩	ઈદે-મિલાદ-ઉન-નબી (મોહંમદ પેગમ્બરનો જન્મ દિવસ	૨૭મી જુન ૧૯૯૯	,,
૪	સ્વાતંત્ર દિવસ	૧૫મી ઓગષ્ટ, ૧૯૯૯	,,
૫	પારસી નવું વર્ષ (પારસી શહેનશાહી)	૨૨મી ઓગસ્ટ ૧૯૯૯	,,
૬	સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મ દિવસ	૩૧મી ઓક્ટોબર ૧૯૯૯	,,
૭	દિવાળી	૭મી નવેમ્બર ૧૯૯૯	,,

નોંધ : (૨) ઉપર જાહેર કરેલ રજાઓ ઉપરાંત સરકારી કર્મચારીઓ પોતાની પસંદગી પ્રમાણે ધાર્મિક સાંપ્રદાયના બંધન વિના સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તારીખ ૧૩મી નવેમ્બર ૧૯૯૮ ના જાહેરનામાં નંબર ક્રમાંક જી.એસ/૯૮/૪૫/પી. એચ. ડી./૧૦૯૮/૨૭૨૦/જી. એચ. માં જણાવેલ મરજીયાત રજાઓ પૈકી વધુમાં વધુ કોઈપણ બે રજાઓ તેમની પસંદગીના તહેવાર નિમિત્તે ભોગવી શકશે મરજીયાત રજાઓ ભોગવવા અંગેની પરવાનગી માટે અગાઉથી લેખિત અરજી કરવી જોઈએ અને સામાન્ય રીતે પરચુરણ રજા મંજુર કરનાર યોગ્ય અધિકારી કોર્ટના કામકાજના અગત્યના તથા કોર્ટના કામકાજને કોઈ અસર ન થાય તે જોઈને પરવાનગી આપશે સરકારી કર્મચારીઓને તેમની પસંદગી પ્રમાણે બે તહેવારોની લીધેલ રજા પરચુરણ રજા તરીકે ગણવામાં આવશે નહી અને તેમના પરચુરણ રજાઓના હિસાબમાં ઉધારવામાં આવશે નહી.

નોંધ :—(૩) ઉપર જાહેર કરેલ મુસ્લીમોની કોઈપણ રજાઓ જાહેર કરેલ દિવસે આવતી ન હોય તો તે તહેવાર જે દિવસે ઉજવાય તે દિવસે સરકારના મુસ્લીમ કર્મચારીઓ ને મરજીયાત રજા આપી શકાશે.

મહેસાણા, તારીખ ૨૧મી નવેમ્બર ૧૯૯૮.

એચ. એચ. મહેતા,
જિલ્લા ન્યાયાધિશ,
મહેસાણા.

Notification

No. 2969 of 1998.— In accordance with the provision contained in Para-625 of Civil Manual, Vil. I, 1960, the District Judge, Panchmahals, at Godhra is pleased to notify the following Holidays to be observed in the Year, 1999.

The District Court and all the Subordinate Courts in the Panch Mahals District shall remain closed on those days.

Sr. No. 1	Name of the Holidays 2	Date according to Gregorian Calendar 3	Day 4
1	Makar Sankranti	14th January, 1999	Thursday
2	Ramzan-Id (Id-Ul-Fitra)	20th January, 1999	Wednesday
3	Republic Day	26th January, 1999	Tuesday
4	Holi 2nd Day (Dhuleti)	2nd March, 1999	Tuesday
5	Chetichand	19th March, 1999	Friday
6	Ram Navmi	25th March, 1999	Thursday
7	(1) Mahavir Jayanti	29th March, 1999	Monday
	(2) Bakri-Id (Id-Ul-Aza)	29th March, 1999	Monday
8	Good Friday	2nd April, 1999	Friday
9	Dr. Baba Saheb Ambedkar's Birthday	14th April, 1999	Wednesday
10	Muharram	27th April, 1999	Tuesday
11	Raksha Bandhan	26th August, 1999	Thursday
12	Janmashtami (Krishna Jayanti)	3rd September, 1999	Friday
13	Samvantsari (Chaturthi Paksha)	13th September, 1999	Monday
14	Mahatma Gandhi's Birthday	2nd October, 1999	Saturday
15	Dussehra	19th October, 1999	Tuesday
16	Diwali (Extra)	6th November, 1999	Saturday
17	Diwali (Extra)	8th November, 1999	Monday
18	Diwali New Year Day	9th November, 1999	Tuesday
19	Bhai Bij	10th November, 1999	Wednesday
20	Diwali (Extra)	11th November, 1999	Thursday
21	Diwali (Extra)	12th November, 1999	Friday
22	Guru Nanak's Birthday	23rd November, 1999	Tuesday
23	Christmas Day	25th December, 1999	Saturday

INDEX

Note :—

(1)	Maha Shivratri	14th February, 1999
(2)	Bhagvan Shri Parshuram Jayanti	18th April, 1999
(3)	Id-e-Milad-un-Nabi (Prophet Mohammad's Birthday)	27th June, 1999
(4)	Independence Day	15th August, 1999
(5)	Parsi New Year Day	22th August, 1999
(6)	Sardar Vallabhbhai Patel's Birthday	31st October, 1999
(7)	Diwali	7th November, 1999

have not been notified as they fall on Sunday.

2. If any of the Muslim Holidays notified above does not fall on the day notified, the muslim Government Servants may be granted Optional Holidays on that day.

3. In addition to the Holidays notified above, Government Servants may avail of Maximum of any two holidays on the festival occassions mentioned in Government of Gujarat, GAD, Notification No. GS/98-45-PHD/1098/2720/G :, dated 13th November, 1998, at their option and irrespective of their religious denomination. Permission for availment of those Optional Holidays should however be applied for in advance and will normally be granted by the Officer Competent to grant Casual Leave with the due regard to exigencies of Government work. This leave of two days taken by Government Servant at their option on the Festival of their choice will not be debited to their Casual Leave Account.

Godhra, 8th November, 1998.

V. S. BHATT,
District Judge,
Panch-Mahals, at Godhra.

જિલ્લા ન્યાયાધિશ દ્વારા

જાહેરનામું

ક્રમાંક ૨૯૬૯ સને ૧૯૯૮.—સીવીલ મેન્યુઅલ વોલ્યુમ નં. ૧—૧૯૬૦ના ફકરા નંબર ૬૨૫ અન્વયે પંચમહાલ જિલ્લાની તમામ અદાલતોમાં સને ૧૯૯૯ માં નીચેના દિવસો જાહેર રજા તરીકે પાળવામાં આવશે અને તે તમામ દિવસોએ તમામ અદાલતો બંધ રહેશે.

	જાહેર રજાનું નામ	અંગ્રેજી કેલેન્ડર મુજબ તારીખ	વાર
૧	મકર સંક્રાન્તિ	૧૪મી જાન્યુઆરી ૧૯૯૯	ગુરૂવાર
૨	રમઝાન ઈદ (ઈદ-ઉલ.ફિત્ર)	૨૦મી જાન્યુઆરી ૧૯૯૯	બુધવાર
૩	પ્રજાસત્તાક દિન	૨૬મી જાન્યુઆરી ૧૯૯૯	મંગળવાર
૪	હોળી બીજો દિવસ (ધુળેટી)	૨જી માર્ચ ૧૯૯૯	મંગળવાર
૫	ચેટીચંદ	૧૯મી માર્ચ ૧૯૯૯	શુક્રવાર
૬	રામનવમી	૨૫મી માર્ચ ૧૯૯૯	ગુરૂવાર
૭	(૧) મહાવીર જયંતિ	૨૯મી માર્ચ ૧૯૯૯	સોમવાર
	(૨) બકરી ઈદ (ઈદ-ઉલ-અઝા)	૨૯મી માર્ચ ૧૯૯૯	સોમવાર
૮	ગુડ ફ્રાઈડે	૨જી એપ્રિલ ૧૯૯૯	શુક્રવાર
૯	ડૉ. બાબા સાહેબ આંબેડકરની જન્મ જયંતી	૧૪મી એપ્રિલ ૧૯૯૯	બુધવાર
૧૦	મોહરમ	૨૭મી એપ્રિલ ૧૯૯૯	મંગળવાર
૧૧	રક્ષાબંધન	૨૬મી ઓગષ્ટ ૧૯૯૯	ગુરૂવાર
૧૨	જન્માષ્ટમી (કૃષ્ણ જયંતિ)	૩જી સપ્ટેમ્બર ૧૯૯૯	શુક્રવાર
૧૩	સંવત્સરી (ચતુર્થી પક્ષ)	૧૩મી સપ્ટેમ્બર ૧૯૯૯	સોમવાર
૧૪	મહાત્મા ગાંધીનો જન્મ દિન	૨જી ઓક્ટોબર ૧૯૯૯	શુક્રવાર
૧૫	દશેરા	૧૯મી ઓક્ટોબર ૧૯૯૯	મંગળવાર
૧૯	દિવાળીની રજાઓ (વધારાની)—૨	૬ઠ્ઠી નવેમ્બર ૧૯૯૯	શનિવાર
૧૭	દિવાળીની રજાઓ (વધારાની)	૮મી નવેમ્બર ૧૯૯૯	સોમવાર
૧૮	દિવાળી નૂતન વર્ષ દિન	૯મી નવેમ્બર ૧૯૯૯	મંગળવાર
૧૯	ભાઈબીજ	૧૦મી નવેમ્બર ૧૯૯૯	બુધવાર
૨૦	દિવાળીની રજા (વધારાની)	૧૧મી નવેમ્બર ૧૯૯૯	ગુરૂવાર
૨૧	દિવાળીની રજા (વધારાની)	૧૨મી નવેમ્બર ૧૯૯૯	શુક્રવાર
૨૨	ગુરૂ નાનકનો જન્મદિન	૨૩મી નવેમ્બર ૧૯૯૯	મંગળવાર
૨૩	નાતાલ	૨૫મી નવેમ્બર ૧૯૯૯	શનિવાર

INDEX

નોધ—૧ (૧) મહાશિવરાત્રી તારીખ ૧૪મી ફેબ્રુઆરી ૧૯૯૯ (૨) ભગવાન શ્રી પરશુરામ જયંતિ તારીખ ૧૮મી એપ્રિલ ૧૯૯૯ (૩) ઈદ-એ-મિલાદ ઉન્નબી તારીખ ૨૭મી જૂન ૧૯૯૯ (મોહંમદ પયગંબરનો જન્મદિન) (૪) સ્વાતંત્ર્ય દિન તારીખ ૧૫મી ઓગસ્ટ ૧૯૯૯. (૫) પારસી નૂતન વર્ષ દિન તારીખ ૨૨મી ઓગસ્ટ ૧૯૯૯, (૬) સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મદિન તારીખ ૩૧મી ઓકટોબર ૧૯૯૯, (૭) દિવાળી તારીખ ૭મી નવેમ્બર ૧૯૯૯ ના દિવસો રવિવારે આવતા હોવાથી તહેવારોને રજા તરીકે જાહેર કરેલા નથી.

૨. ઉપર જાહેર કરેલી મુસ્લીમોની કોઈપણ રજાઓ જાહેર કરેલા દિવસે આવતી ન હોય તો તે તહેવાર જે દિવસે ખરેખર ઉજવાય તે દિવસે સરકારના મુસ્લીમ કર્મચારીઓને મરજીયાત રજા આપી શકાશે.

૩. ઉપર જાહેર કરેલ રજાઓ ઉપરાંત ગુજરાત સરકાર સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક નં. ગસ/૯૮-૪૫/પીએચડી-૧૦૯૮/૨૭૨૦-૧૦૯૮-૨૭૨૦.જી-એચ, તારીખ ૧૩મી નવેમ્બર ૧૯૯૮માં જણાવ્યા પ્રમાણે સરકારી કર્મચારીઓ પોતાની પસંદગી પ્રમાણે ધાર્મિક સંપ્રદાયના બાધ વિના ઉપર જણાવેલ તહેવારના પ્રસંગોએ વધુમાં વધુ બે મરજીયાત રજાઓ ભોગવી શકશે. આવી મરજીયાત રજા ભોગવવા અંગેની પરવાનગી માટે અગાઉથી લેખિત અરજી કરવી જોઈશે અને સામાન્ય રીતે પરચુરણ રજા મંજુર કરનાર યોગ્ય અધિકારી સરકારી કામકાજની અગત્યતા જોઈને પરવાનગી આપશે. સરકારના કર્મચારીઓએ તેમની પસંદગી પ્રમાણેના આ બે તહેવારોની લીધેલી રજા તેમના પરચુરણ રજાઓના હિસાબમાં ઉધારવામાં આવશે નહી.

ગોધરા, તારીખ ૮મી નવેમ્બર ૧૯૯૮.

વિ. એસ. ભટ્ટ,
જિલ્લા ન્યાયાધિશ,
પંચમહાલ, ગોધરા.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે બહાર પાડવામાં આવેલ.

નંબર ડીસી/એમએજી/બીપીએ/૩૩(૧)(બી) એસ.આર/૪૮/૯૮.—સરખેજ પોલીસ સ્ટેશનની હદમાં આવેલ સરખેજ સાણંદ ચાર રસ્તાની આજુબાજુ આવેલ હોટલો, ગેસ્ટ હાઉસો મોટર વાહનોને લગતી દુકાનો તથા ટ્રાન્સપોર્ટના ગોડાઉનોને કારણે વાહન ચાલકો પોતાના વાહનો ગમે ત્યાં પાર્ક કરી અવિરતપણે ચાલુ રહેતા ટ્રાફીકને અડચણ પેદા કરી, ટ્રાફીક જામના પ્રશ્નો ઉપસ્થિત કરે છે. જેથી ટ્રાફીકની સરળતા અને નિયમન માટે હુકમ કરવો જરૂરી છે. આથી મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમ)ની કલમ-૩૩ (૧) (બી) થી મને મળેલ સત્તાની રૂએ હું. વી. એસ. ગઢવી જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ ટ્રાફીકની સરળતા અને નિયમન માટે નીચે મુજબ હુકમ કરૂ છું.

સરખેજ પોલીસ સ્ટેશનની હદમાં આવેલ સરખેજ સાણંદ ચાર રસ્તાના ચારે તરફના ૧૦૦ મીટરના સુધીના વિસ્તારને તમામ પ્રકારના વાહનો માટેનો "નો પાર્કીંગ ઝોન" તરીકે જાહેર કરવામાં આવે છે જેની જાહેર જનતાએ નોંધ લેવી.

આ જાહેરનામાનો ભંગ અથવા ઉલંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ (ખ) (૪) તથા ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૩જી ડિસેમ્બર ૧૯૯૮ ના રોજ મારી સહી સિક્કો કરી આપેલ છે.

વી. એસ. ગઢવી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

વાંચ્યું :—

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, નવસારી (માર્ગ અને મકાન) વિભાગનો પત્ર ક્રમાંક : પીબી/૧/૧૭૩૧/જા.નં. ૭૨૦૭, તારીખ ૧૮મી નવેમ્બર, ૧૯૯૮.

(૨) એજન પત્ર ક્રમાંક : પીબી-૧-૧૭૭૦ જા. નં. ૭૫૨૮, તારીખ ૧લી ડિસેમ્બર, ૧૯૯૮.

(૩) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, નવસારીના પત્ર ક્રમાંક : સીબી-૪/જાહેરનામુ-વશી-૨૮૬/૯૮, તારીખ ૨જી ડિસેમ્બર, ૧૯૯૮.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ખ) અન્વયેનો હુકમ.

નંબર ડીસીબી/એમએજી/વશી-૨૮૮૫/૯૮.—તારીખ ૫મી ડિસેમ્બર, ૧૯૯૮થી તારીખ ૧૫મી જાન્યુઆરી, ૧૯૯૯ સુધી એસ. આર. ટુ ખડસુપા સાતેમ નાગધરા રોડ કિ. મી. ૦/૦ થી ૧૦/૮ ને કાર્પેટ કરવાની કામગીરી કરવાની હોય, મુખ્ય રસ્તા ઉપર કાર્પેટીંગની કામગીરી કરવામાં આવશે. આ રસ્તો એક માર્ગીય હોય, તેમજ બાજુના પડખા ઉપરથી મોટા વાહનો પસાર થઈ શકે તેમ ન હોય, આ રસ્તા પરનો ટ્રાફિક કામના સમય દરમ્યાન અનિવાર્ય રીતે બંધ રાખવો પડે તેમ છે. આ કામગીરી દરમ્યાન સવારે ૮-૦૦ થી સાંજે ૧૯-૦૦ કલાક દરમ્યાન કોઈપણ પ્રકારના વાહનો અવર-જવર કરી શકશે નહી. જેથી આ અંગે ઉપરોકત તારીખ અને સમય દરમ્યાન તમામ વાહનો નવા તળાવ પાટીયાથી અંબાડા થઈ સીસોદ્રા મહુવા રસ્તો, સદલાવ બસ સ્ટેન્ડ પાસેથી મહુવા રસ્તો, ભુલા ફળીયા રસ્તો, સાતેમ નહેર થઈ અંબાડા થઈ નવસારી તરફનો રસ્તો સાતેમ ગામમાંથી પસાર થતો રસ્તો, ગોપીવાડ થઈ સાતેમ જતો રસ્તો, થઈ વાહનો લઈ જવાના રહેશે.

ઉપરોકત જાહેરનામું મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨ માં) ની કલમ-૩૩ ની પેટા કલમ (૧) ના કલોઝ (ખ) થી મને મળેલ સત્તાની રૂએ હું આર. સી. ગોહિલ, જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી આ જાહેરનામું બહાર પાડું છું. આ

INDEX

હુકમનો અનાદર કરનાર કે ભંગ કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની (૨૨ મો) કલમ-૧૩૧ માં ઠરાવ્યા મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

નવસારી, તારીખ ૪થી ડિસેમ્બર, ૧૯૯૮.

આર. સી. ગોહિલ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (ફ) અન્વયે.

નંબર પીઓએલ/વશી/બી-૨૦૬૩. —જિલ્લા પોલીસ વડાશ્રી, આણંદે તેમના તારીખ ૨૪મી નવેમ્બર ૧૯૯૮ ના પત્રથી ખેડા દક્ષિણ આણંદ વિભાગના પોલીસ અધિકારીઓ તથા પોલીસ માણસોની સને ૧૯૯૮ની વાર્ષિક ગોળીબાર પ્રેકટીસ અહિમા ગામે પ્રતિવર્ષની માફક ચાલુ વર્ષે રાખવામાં આવેલ હોઇ અહિમા બટ ઉપર તારીબ ૧૦મી ડિસેમ્બર ૧૯૯૮ થી તારીખ ૫મી જાન્યુઆરી ૧૯૯૯ સુધી લેવાની હોઇ આ અંગે ૧ કિલોમીટરના વિસ્તારમાં પશુઓ તથા માણસોની હેરફેર અટકાવવા તેમજ પ્રતિબંધીત જાહેર કરવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે.

સબબ હું, કે. એન. ભટ્ટ, જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમનીં કલમ-૩૩ (૧) (ફ) થી મને મળેલ સત્તાની રૂએ મોજે. અહિમા તાલુકા જિલ્લા આણંદ ખાતે ફાયરીંગ બટના (૧ કિલોમીટર વિસ્તાર) માં તારીખ ૧૦મી ડીસેમ્બર૧૯૯૮ થી તારીખ ૫મી જાન્યુઆરી ૧૯૯૯ (૨૭ દિવસો સુધ્ધાંત) દરમ્યાન પશુઓ તથા માણસોની હેરાફેરી તથા જાહેર ઉપયોગ માટે બંધ કરાવવા હુકમ ફરમાવું છું.

સદરહું કેમ્પ દરમ્યાન જાહેર જનતાને ફાયરીંગ બટના સમગ્ર વિસ્તારમાં વગર પરવાનગીએ પ્રવેશ કરવો નહી તથા પોતાના આશ્રિત પશુઓ વગેરેને આ સ્થળેથી દુર રાખવા તથા સદરહુ જગામાં પશુઓ અવર જવર કરે નહી તેની તકેદારી રાખવી.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૮મી ડીસેમ્બર ૧૯૯૮ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

કે. એન. ભટ્ટ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

હુકમ

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪) અન્વયેનો.

નંબર પીઓએલ/ફાયરીંગ/વશી-૩૧૯૪-૩૧૯૫ / ૯૮.—સાબરકાંઠા જિલ્લાના હેડ કવાર્ટરના ફાયરીંગ બટ ખાતે ફાયરીંગ બટ તરીકે ઓળખાતો વિસ્તાર આવેલો છે. ભીલોડા તાલુકાના માંકરોડા ગામના સ. નં. ૪૮/બ/૨ માં ફાયરીંગ બટ વિસ્તાર આવેલ છે. આ બંને બટ ઉપર સાબરકાંઠા જિલ્લાના પોલીસ અધિકારીઓનો તથા પોલીસના જવાનોનો ફાયરીંગ પ્રેકટીસ કાર્યક્રમ યોજવાનો હોવાથી આ બંને બટ વિસ્તારની હદમાં રહેતા આજુબાજુના પ્રજાજનોની સલામતી જાળવવા માટે સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) અન્વયે પ્રતિબંધિત હુકમ કરવો જરૂરી છે.

આથી હું, વિરાટ એમ. વોરા, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો હિંમતનગર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના ૨૨ મા) ની કલમ-૩૭ (૪) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે સાબરકાંઠા જિલ્લાના પોલીસ હેડ કવાર્ટર ખાતેના બટ વિસ્તાર નામે ઓળખાતી જમીન નજીક આવેલ ફાયરીંગ બટ ઉપર તારીખ ૧લી ડિસેમ્બર, ૧૯૯૮ થી તારીખ ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૮ ના દિવસોએ તથા ભીલોડા ખાતે માંકરોડા ગામના સ. નં. ૪૮/બ/૨ નામે ઓળખાતા બટ વિસ્તારમાં આવેલ ફાયરીંગ બટ ઉપર તારીખ ૧લી ડિસેમ્બર, ૧૯૯૮ થી તારીખ ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૮ ના દિવસોએ સાબરકાંઠા જિલ્લાના પોલીસ કર્મચારી / અધિકારીશ્રીઓનો ફાયરીંગ પ્રેકટીસ કાર્યક્રમ યોજવાનો હોવાથી ઉકત બંને બટ વિસ્તારની જમીનની આજુબાજુની વ્યકિતઓએ ફકત જમીનની આજુબાજુના ૧.૬ કી. મી. ની ત્રિજયાના વિસ્તારમાં હિંમતનગર બટ માટે તારીખ ૧લી ડિસેમ્બર, ૧૯૯૮ થી તારીખ ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૮ તથા ભીલોડા બટ માટે તારીખ ૧લી ડિસેમ્બર, ૧૯૯૮ થી તારીખ ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૮ ના રોજ સવારના ૭-૦૦ કલાકથી સાંજના ૧૮-૦૦ કલાક સુધી પ્રવેશ કરવો નહીં, તથા ઉકત વિસ્તારમાં દર્શાવેલ દિવસોએ અને સમયે કોઈએ ઢોર-ઢાંખર લઈને પ્રવેશ કરવો નહીં કે કરાવવો નહીં.

આ હુકમનો ભંગ કરનાર ઈસમ સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ સને ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે, અને બિન અધિકૃત પ્રવેશથી કોઈ નુકસાન થશે તો તે કોઈપણ પ્રકારના વળતરને પાત્ર થશે નહીં.

આજ તારીખ ૨૫મી નવેમ્બર, ૧૯૯૮ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

હિંમતનગર, તારીખ ૨૫મી નવેમ્બર, ૧૯૯૮.

વિરાટ એમ. વોરા,
જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા.
હિંમતનગર.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ખ) મુજબનુ.

ક્રમાંક ડીસી / બીપીએ / ૩૩ (૧) (ખ)/જા.નામું/વ/૭૦૦૦/૯૮.—ગુજરાત સ્ટેડીયમ મોટેરા ખાતે તારીખ ૧૩મી ડિસેમ્બર, ૧૯૯૮ નાં રોજ ભારત 'એ' તથા વેસ્ટ ઈન્ડીઝ 'એ' ટીમો વચ્ચે વન-ડે ક્રિકેટ મેચ રમાનાર છે. સદર મેચ વખતે ગુજરાત સ્ટેડીયમ મોટેરા ખાતે વાહનોનો ધસારો ચારેય બાજુથી મોટા પ્રમાણમાં થવાની શકયતા છે.

આ સમયે ટ્રાફિકના પ્રશ્નો પણ ઉભા થવાની શકયતા રહેલી છે. તેથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની જરૂરીયાત છે. જેથી કાદદો અને વ્યવસ્થાનો ભંગ ન થાય જાહેર સુલેહ શાંતી જળવાઈ રહે તે હેતુથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ખ) તેમજ મોટર વાહન નિયમન નિયમો ૧૯૮૯ નાં નિયમ-૧૮૪થી મળેલ સત્તાની રૂએ તથા મોટર વાહન

અધિનિયમ-૧૯૮૮ની કલમ-૧૬૨ ૫(૨) માં થયેલ જોગવાઈ મુજબ હું કે. એલ. બચાણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર નીચે દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૧૩મી ડિસેમ્બર, ૧૯૯૮ કલાક ૮-૦૦ થી તારીખ ૧૩મી ડિસેમ્બર, ૧૯૯૮ કલાક ૧૯-૦૦ સુધી નીચે જણાવ્યા મુજબ વાહનોની અવર-જવર કરવા ફરમાવું છું.

(૧) અડાલજ તરફથી ક્રિકેટ મેચ જોવા સરદાર પટેલ ગુજરાત સ્ટેડિયમ, મોટેરા તરફ આવતાં વાહનો સિવાયનાં તમામ વાહનો વિસત પેટ્રોલ પંપ તરફ આવે નહિ પરંતુ તે વાહનો અડાલજ થી સરખેજ તરફ વાળવામાં આવે.

(૨) કોબા સર્કલથી ક્રિકેટ મેચ જોવા આવતા વાહનો સિવાયના અન્ય વાહનો સ્ટેડિયમ તરફ આવે નહીં

(૩) કોટેશ્વર ટી-જંકશન તરફથી ક્રિકેટ મેચ જોવા આવતા વાહનો સિવાયનાં વાહનો સ્ટેડિયમ તરફ આવે નહિ.

(૪) મેચ જોવા આવનાર કોઈપણ વ્યકિત કોઈપણ પ્રકારનું ભારે વાહન કે પશુદ્વારા ખેંચાતા કે મનુષ્ય દ્વારા ધકેલાતાં (ધીમી ગતિનાં) વાહનો સાથે આવે નહિ.

સદરહુ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર કોઈપણ શખ્સને મુંબઈ પોલીસ અધિનિયમની, ૧૯૫૧ની કલમ-૧૩૧ (૪) માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરશે તેમજ મોટર વાહન અધિનિયમ-૧૯૮૮ ની કલમ-૧૮૩ (૧) તથા (૨) માં થયેલ જોગવાઈ અનુસાર દંડને પાત્ર ઠરશે.

અપવાદ :—

(૧) સરકારી ફરજ સાથે સંકળાયેલ કર્મચારીઓ / અધિકારીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, સંસદસભ્યશ્રીઓ, પદાધિકારીશ્રીઓ તથા આમંત્રિતોને લઈ જતા વાહનોને સદર જાહેરનામું લાગુ પડશે નહી.

૨. એસ. ટી. વાહનોને, તાત્કાલિક સારવાર માટે દર્દીને લઈ જતાં એમ્બ્યુલન્સ વાહનને, તથા અગ્નિશામક વાહનોને સદર જાહેરનામું લાગુ પડશે નહીં.

આજ તારીખ ૧૦મી ડિસેમ્બર, ૧૯૯૮ ના રોજ મારી સહી-સિક્કા કર્યા.

કે. એલ. બચાણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૧) અન્વયે.

નંબર ડીસીબી/એમએજી/વીપીએ/રજી. નં. ૫૨/૧૯૯૮.— મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, ડી. બી. રહેવર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ આગામી વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને જિલ્લામાં જાહેર શાંતી અને સલામતી તેમજ કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ તારીખ ૫મી ડીસેમ્બર ૧૯૯૮ થી તારીખ ૧૯મી ડીસેમ્બર ૧૯૯૮ સુધી (બંન્ને દિવસો સુધીના) સમય માટે નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું

કૃત્યો :

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, સોટા, બંદૂક, ચપ્પુ, છરી, લાકડી લાઠી અથવા શારીરીક ઇજા પહોંચાડવામાં ઉપયોગ થઇ શકે તેવી બીજી ચીજો લઇ જવાની મનાઇ.

(ખ) કોઇપણ સ્ફોટક પદાર્થ લઇ જવાની.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઇ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ગ) કોઇ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઇ જવાની

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(ચ) લોકોને બુમ પાડવાની, ગીતો ગાવાની, તથા વાદ્ય વગાડવાની અપમાન કરવાની ઇરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની.

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવા તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ઠા કરવાની તથા સુત્રો પત્રિકા પ્લેબોર્ડ, અથવા બીજા કોઇપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવી, બતાવવા તથા ફેલાવો કરવાની, આ હુકમ ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(ગ) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિત કે જેને ઉપરી અધિકારીઓ આવું કોઇપણ હથિયાર લઇ જવાની હોય, અથવા તેવું કોઇપણ હથિયાર લઇ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, વલસાડ અથવા તેણે અધિકૃત કરેલ કોઇ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે અથવા લાઠી લઇ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યકિતને.

આ જાહેરનામાના કોઇ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમને (સને ૧૯૫૧ના ૨૨માં કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે.

આજ રોજ તારીખ ૫મી ડીસેમ્બર ૧૯૯૮ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧)(૨૨)માં) ની કલમ-૩૭ (૩) અન્વયે કાઢેલો.

નંબર ડીસીબી/એમએજી/વશી/બીપીએ/રજી. નં. ૫૧/૧૯૯૮.— જિલ્લામાં આગામી પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને જાહેર શાંતિ અને સલામતી સારૂ સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઇ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, વલસાડ મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ના અધિનિયમ ૨૨મો) ની કલમ-૩૭ ની પેટા કલમ (૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, વલસાડ જિલ્લામાં તારીખ ૫મી ડીસેમ્બર ૧૯૯૮ થી તારીખ ૧૯મી ડીસેમ્બર ૧૯૯૮ સુધી (બન્ને દિવસો સહીત) ચાર કરતાં વધુ માણસોની કોઇ સભા ભરવી નહી કે બોલાવવી નહી કે સરઘસ કાઢવું નહીં. તેમજ ચારથી વધુ વ્યકિતઓએ(એકત્ર) ભેગા થવું નહી.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રા કે એસ.ટી. બસમાં રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના માટે જતી બોનાફાઇડ વ્યકિતઓને લાગુ પડશે નહી.

આ હુકમનો ઉલ્લંઘન કરનારને મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ-૧૩૫ (૩) મુજબ અથવા ભારતના

INDEX

ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ ૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૪થી ડિસેમ્બર ૧૯૯૮ ના રોજ મારી સહી સિકકા કરી આપવામાં આવ્યા છે.

ડી. બી. રહેવર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ (૧) અને (૨) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમ.એ.જી./૧૪૪/વશી/૩૫૬૬૦/થી ૩૫૯૮.—સરકારશ્રીના ગૃહ વિભાગ દ્વારા ૬ઠ્ઠી ડીસેમ્બરના દિવસે બાબરી મસ્જીદ ધ્વંશ બાબતે ચાંપતી તકેદારી રાખવા તથા જાહેર સુલેહશાંતિ જળવાઈ રહે તેવી વ્યવસ્થા કરવા સુચના મળેલ છે. સમાજમાં કોમી એખલાસ જળવાઈ રહે તથા કોઈ અનિચ્છનીય બનાવ બને નહી સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને વિપરીત અસર ન પહોંચે તથા સુલેહ શાંતિ જળવાઈ રહે તે હેતુથી નીચે મુજબ હુકમ કરવો જરૂરી છે.

આથી હું કે. કે. વાગડીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા, રાજપીપળા ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૧૪૪ (૧) અને (૨) હેઠળ મને મળેલ સત્તાની રૂએ સમગ્ર નર્મદા જિલ્લામાં ૪ (ચાર) થી વધુ વ્યકિતઓએ એક સાથે એકત્રિત થવા સામે પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટેના ફરજ ઉપરના પોલીસ/હોમગાર્ડસ ગ્રામ રક્ષક દળના કર્મચારી તથા અધિકારી.

(૨) લગ્ન વરઘોડો, સ્મશાનયાત્રામાં જોડાયેલ વ્યકિત.

ઉપરોકત હુકમ તારીખ ૫મી ડીસેમ્બર ૧૯૯૮ થી તારીખ ૭મી ડીસેમ્બર ૧૯૯૮ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ/ઉલ્લંઘન કરનાર વ્યકિત ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ (સને ૧૮૬૦ ના નામાં) ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આ આદેશની નિયમાનુસાર પ્રસિધ્ધિ કરવી.

આજ તારીખ ૪થી ડિસેમ્બર ૧૯૯૮ રોજ મારી સહી કરી સિકકો કરી આપ્યો.

કે. કે. વાગડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપળા.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) હેઠળનું.

નંબર પલસ/ફાયરીંગ/સેરૂલા વશી/૬૩૪૮/૯૮—સુરત જિલ્લાના ઉકાઇ ખાતે જિલ્લા પોલીસ અધિકારી ડાંગ આહવાના પોલીસ અધિકારીઓ કર્મચારીઓનું વાર્ષિક ફાયરીંગ કાર્યક્રમ તારીખ ૩જી ડિસેમ્બર ૧૯૯૮ થી તારીખ ૮મી ડીસેમ્બર ૧૯૯૮ સુધી શેરૂલા ખાતેના ફાયરીંગ બટ ખાતે રાખવામાં આવેલ છે. સબબ આ વિસ્તારની હદમાં તથા આજુબાજુ રહેતી પ્રજાજનોની સલામતી સારૂ હું વી. ડી. આસારી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) મુજબ મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે સોનગઢ તાલુકાના ઉકાઈ શેરૂલા ફાયરીંગ બટ ઉપર તારીખ ૩જી ડીસેમ્બર ૧૯૯૮થી તારીખ ૮મી ડીસેમ્બર ૧૯૯૮ સુધી ગોળીબાર પ્રેકટીસ કાર્યક્રમ હોઇ સદરહું વિસ્તારના આજુબાજુ રહેતા તથા બહારની કોઈપણ અનઅધિકૃત વ્યકિતઓ તેમજ ચરાવવામાં આવતા ઢોર ઢાંખર વિગેરેએ સદરહું ફાયરીંગ બટ વિસ્તારોની આજુબાજુ ૧૦૦ મીટર વિસ્તારમાં તારીખ ૩જી ડિસેમ્બર ૧૯૯૮ થી તારીખ ૮મી ડિસેમ્બર ૧૯૯૮ સુધી પ્રવેશ કરવો નહી તથા તે વિસ્તારમાં હરવું ફરવું નહી.

આ હુકમનો ભંગ કરનાર ઇન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તારીખ ૨૭મી નવેમ્બર ૧૯૯૮ ના રોજ મારી સહી-સિકકો કરી આપ્યો.

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) હેઠળનું.

નંબર પલસ/ફાયરીંગ /શેરૂલા/વશી/૬૪૨૮/૯૮.—સુરત જિલ્લાના ઉકાઈ ખાતે સુરત રૂરલ જિલ્લાના પોલીસ નામાણસો તથા પોલીસ ઓફીસર્સનો વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ કાર્યક્રમ તારીખ ૯મી ડિસેમ્બર ૧૯૯૮ થી ૩૧મી ડીસેમ્બર ૧૯૯૮ સુધી શેરૂલા ખાતેના ફાયરીંગ બટ ખાતે રાખવામાં આવેલ છે. સબબ આ વિસ્તારની હદમાં તથા આજુબાજુ રહેતી પ્રજાજનોની સલામતી સારૂ હું. વી. ડી. અંસારી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ સુરત સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) મુજબ મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, સોનગઢ તાલુકાના ઉકાઇ શેરૂલા ફારયરીંગ બટ ઉપર તારીખ ૯મી ડીસેમ્બર ૧૯૯૮ થી તારીખ ૩૧મી ડીસેમ્બર ૧૯૯૮ સુધી ગોળીબાર પ્રેકટીસનો કાર્યક્રમ હોઇ સદરહું વિસ્તારના આજુબાજુ રહેતા તથા બહારની કોઇ પણ અનઅધિકૃત વ્યકિતઓ તેમજ ચરાવવામાં આવતા ઢોર ઢાંખર વિગેરેએ સદરહું ફાયરીંગ બટ વિસ્તારોની આજુબાજુ ૧૦૦ મીટર વિસ્તારમાં તારીખ ૯મી ડીસેમ્બર ૧૯૯૮ થી તારીખ ૩૧મી ડીસેમ્બર ૧૯૯૮ સુધી પ્રવેશ કરવો નહી તથા તે વિસ્તારમાં હરવું ફરવું નહી.

આ હુકમનો ભંગ કરનાર ઈન્ડિયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૭મી નવેમ્બર ૧૯૯૮ ના રોજ મારી સહી-સિકકો કરી આપ્યો.

જાહેરનામું.

સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨,માં અધિનિયમની કલમ-૩૭ (૧) અને (૨) મુજબ.

નંબર પલસ/વશી/જાહેરનામું/વ.-૬૪૭૭/૯૮.—હાલમાં અત્રેના જિલ્લામાં ૨૩ ભરૂચ લેકસભાની પેટા ચુંટણી પૂર્ણ થયેલ હોય પર્ટીઓના ટેકેદારો વચ્ચે કોઇ સંઘર્ષ ન થાય તેમજ જિલ્લાના પલસાણા તાલુકામાં ગંગાધરી એના ગામે રોડ રીકારપેટ કરવા બાબતે

INDEX

તારીખ ૬ઠ્ઠી ડિસેમ્બર ૧૯૯૮ ના રોજ ચક્કાજામ કાર્યક્રમ રાખવામાં આવેલ હોવાથી સુરત જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા, જાહેર સુલેહ શાંતી અને સલામતી જાળવવાની જરૂર છે. તેવુ મને જણાયુ છે

જે અર્થે મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ ની પેટા કલમ (૧) અને (૨) અન્વયે મળેલ અધિકારની રૂએ હં શ્રી વી. ડી. અંસારી અધિક જિલ્લા મેજિસ્ટેટ, સુરત આથી ફરમાવું છુ કે નીચેના પરિશિષ્ટમાં જણાવેલ વિસ્તારમાં તારીખ ૧લી ડિસેમ્બર ૧૯૯૮ થી તારીખ ૧૫મી ડીસેમ્બર ૧૯૯૮ (બંને દિવસો સુધ્ધા) સુધી કોઇ પણ વ્યકિત

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ઘોકા, બંદૂક, છરા, લાકડી કે લાઠી શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઇપણ સાધન સાથે લઈ જવું નહી.

(ખ) કોઇપણ ક્ષયધર્મી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહી.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓને ફેંકવામાં કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહી એકઠા કરવા નહી તથા તૈયાર કરેવા નહી.

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી.

(ચ) જેનાથી સુરૂચિનો અથવા નીતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી તેવા હાવભાવ કરવા નહી તેવી ચેષ્ટા કરવી નહી તેમજ તેવા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડો અથવા બીજી કોઇ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવી નહી અથવા તેની ફેલાવો કરવો નહી.

આ હુકમ નીચેની વ્યકિતઅને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઇ પણ વ્યકિત કે જેને ઉપરી અધિકારીએ આવું કોઇપણ પ્રકારનું હથિયાર લઇ જવાનુ ફરમાવ્યું હોય અથવા આવુ હથિયાર લઇ જવાની જેની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ કે જિલ્લા પોલીસ વડાએ તેમના અધિકૃત કરેલા અધિકારી કે કર્મચારી કે કોઇ પોલીસ અધકારીએ જેને શારીરીક અશકિતને કારણે લાકડી લાઠી લઇ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિતઓ.

સુરત જિલ્લાનો સમગ્ર વિસ્તાર.
(પોલીસ કમિશનરશ્રી, વિસ્તાર સિવાય)

૧ આ જાહેરનામાં કોઇ પણ ખંડનો ભંગ થતો અથવા ઉલ્લંઘન થતો જણાશે તો તેવી વ્યકિતઓ મુંબઇ પોલીસ અધિનેયમ ૧૯૫૧ ની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧લી ડિસેમ્બર ૧૯૯૮ ના રોજ મારી સહી અને સિકકો કરી આપ્યો છે.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨માં) ની કલમ ૩૭ (૩) અન્વયે.

નંબર પલસ/વશી/જાહેરનામું/વશી/૬૪૭૭/૧૯૯૮.—હાલમાં અત્રેના જિલ્લામાં ૨૩-ભરૂચ, લોકસભાની પેટા ચુંટણી પુર્ણ થયેલ હોય પાર્ટીઓના હોદ્દેદારો વચ્ચે કોઈ સંઘર્ષ ન થાય તેમજ જિલ્લાના પલસાણા તાલુકાના ગંગાધરા એના ગામે રોડ રીકારપેટ કરવા બાબતે તારીખ ૬ઠ્ઠી ડિસેમ્બર ૧૯૯૮ ના રોજ ચક્કાજામ કાર્યક્રમ રાખવામાં આવેલ છે હોવાથી સુરત જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે હેતુથી જિલ્લા મેજિસ્ટ્રેટ સુરતની હકુમત હેઠળના સુરત (રૂરલ જિલ્લામાં જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂ માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઇ ફરમાવવાનું જરૂર જણાયું છે.

વાસ્તે હું વી. ડી. અસારી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત મુંબઇ પોલીસ અધિનિયમ૧૯૫૧ (સને ૧૯૫૧ ની ૨૨) માંથી કલમ-૩૭ની પેટા કલમ ૪થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સુરત રૂરલ જિલ્લામાં તારીખ ૧લી ડિસેમ્બર ૧૯૯૮ ના રોજ થી તારીખ ૧૫મી ડીસેમ્બર ૧૯૯૮ ના રોજ ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સુધ્ધા) ચાર કરતા વધુ માણસોની કોઇ સભા ભરવી કે બોલાવવી નહી કે સરઘસ કાઢવું નહી તેમજ ચારથી વધુ વ્યકિતઓએ ભેગા થવુ નહી. અથવા સરઘસ કાઢવુ નહી.

અપવાદ :

૧. આ હુકમ લગ્નના વરઘોડા, સીનેમા, ટાઉન હોલ, સ્મશાન યાત્રા કે એસ. ટી બસમાં મુસાફરી કરવા માંગતા મસ્જિદ દેવળમાં પ્રાર્થના માટે જતા બોનાફાઇડ વ્યકિતઓએ લાગુ પડશે નહી.

૨. એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીની. પરવાનગી મેળવીને ભરાતી સભાને લાગુ પડશે નહી.

૩. આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨માં) ની કલમ-૧૩૫ (૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧લી ડીસેમ્બર ૧૯૯૮ ના રોજ મારી સહી કરી સિકકો કરી આપ્યો છે.

વી. ડી. અસારી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

BY COMPETENT AUTHORITY AND DEPUTY COLLECTOR

Notification

THE URBAN LAND (CEILING AND REGLATION) ACT, 1976.
[Under section 10 (1) *read* with Rule (6)]

No. ULC-1076-1115-D.No./4781/3552/Tarsali.—It is hereby notified that such vacant land as is described in the schedule below is to be acquired by the Government of Gujarat. The claims of all person interested in such vacant land may be made by them personally or by their agent giving particulars of the nature of their interest. The claims will be received by the Competent Authority upto thirty days after the date of publication of this notification in the gazette.

INDEX

SCHEDULE

Name of the Holder : (1) Shri Manibhai Hargovindas Patel
(2) Natavar bhai Hargovindas Patel

Details of vacant land to be acquired :

District	Taluka	Village	Description of the land		Remarks
			Sr. No.	Area Sq. mtrs.	
Vadodara	Vadodara	Tarsali	392 Paiki	21.78,60	

Vadodara, 21 September, 1998.

K. D. KAPADIA,
Competent Authority and
Deputy Collector,
U.L.C. Vadodara, Unit No. 5

સક્ષમ અધિકારી અને નાયબ કલેકટર દ્વારા

જાહેરનામું

શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) આધિનિયમ, ૧૯૭૬.

[કલમ ૧૦ (૧) તથા નિયમ ૬ અનુસાર].

નંબર યુ. એલ. સી. ૧૦૭૬/૧૧૧૫/૪૭૮૧/તરસાલી.—આથી જાહેર કરવામાં આવે છે કે, આ સાથે સામેલ રાખેલ પરિશિષ્ટમાં જણાવેલી વિગતવાળી ખુલ્લી જમીન ગુજરાત સરકાર સંપાદન કરનાર છે. સદરહું જમીન ઉપર જે કોઈ ઈસમનો હકક દાવો હશે તેઓએ જાતે અગર અધિકૃત એજન્ટ મારફતે તેઓએ હકક અંગેનો હકક સંબંધિતની સંપૂર્ણ વિગતસહ રજૂ કરશે.

હકક સંબંધીનો દાવો સક્ષમ અધિકારીશ્રી સદરહુ જાહેરનામું સરકારી રાજ્યપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની મુદત સુધીમાં સ્વીકારાશે.

સિડ્યુઅલ

પત્રક ફાઈલ કરનારનું નામ.—શ્રી મણીભાઇ હરગોવીદદાસ પટેલના નટવરભાઇ હરગોવીદદાસ પટેલ
સંપાદન કરવાની ખુલ્લી જમીનની વિગત.

જિલ્લો	તાલુકો	ગામ	જમીનની વિગત સ. નં.		શેરો
			સ. નં.	વિસ્તાર	
૧	૨	૩	૪-અ	૪-બ	૫
વડોદરા	વડોદરા	તરસાલી	૩૯૨ પૈકી	૨૧૭૮.૬૦ ચો.મી.	

વડોદરા, તારીખ ૨૧મી સપ્ટેમ્બર ૧૯૯૮.

કે. ડી. કાપડીયા,
સક્ષમ અધિકારી અને નાયબ કલેકટર,
શહેરી જમીન ટોચ મર્યાદા, વડોદરા, યુનિટ નં. ૫

BY COMPETENT AUTHORITY AND ADDITIONAL COLLECTOR

Notification

THE URBAN LAND (CEILING AND REGULATION) ACT, 1976.

[Section 10 (*1*) *read* with Rule 6] .

No. ULC-6(i) 1 /824/ Singanpore Unit-6. —Whereas draft statement dated 1st September, 1982 was served on Shri Ratanjibhai Durlabhbhai Patel under sub-section (*3*) of section 8 of the Urban Land(Ceiling and Regulation) Act,1976, In Form III appended to rule 5 of the Urban Land(Ceiling and Regulation) Rules, 1976, in respect of the vacant land held by him with a notice inviting the objection to the draft statement and whereas the objections to the draft statement were received from him and after hearing the party and considering the objections, a final statement dated 27th July, 1998 under section 9 was served on him in the manner referred to in the said sub-section 3 of section-8.

INDEX

Now, therefore, in exercise of the power conferred on me under sub-section (*1*) of section 10 of the said Act I he hereby notify that :—

(i) The vacant land as specified in the schedule appended herewith is to be acquired by the Government of Gujarat ; and

(ii) All the persons interested in the vacant land, specified in the schedule may file their claims in respect of the said land, personally or through their agents giving particulars of the nature of their interest in said land before the undersigned within 30 days from the date of publication of this notification in the Gujarat Government Gazette.

SCHEDULE

Details of the vacant land held by the person in excess of the ceiling limit.

Sr. No	Name of the holder	Village	Taluka	Details of land		Remarks
				Survey No./	Area in Sq. Mts.	
1	2	3	4	5(a)	5(b)	6
1.	Shri Ratanjibhbhai Durlabhai Patel	Tunki	Chorasi	55	20032-00	

Surat, 30th November, 1998.

સક્ષમ અધિકારી અને અધિક કલેકટર દ્વારા

જાહેરનામું

શહેરી જમીન (ટોચ-મર્યાદા અને નિયમન), અધિનિયમ, ૧૯૭૬.

[કલમ-૧૦ (૧) તથા નિયમ- ૬ અનુસાર]

નંબર યુ.એલ.સી. / ૬ (૧) ૧/૮૨૪/સીગણપોર/ યુનિટ-૬ .– જે અર્થે શ્રી રતનજીભાઈ દુર્લભભાઈ પટેલ એ ધારણ કરેલ ખુલ્લી જમીન સંબંધમાં શહેરી જમીન (ટોચ-મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૮ (૩) મુજબ શહેરી જમીન (ટોચ-મર્યાદા અને નિયમન) બાબતના નિયમો, ૧૯૭૬ના નિયમ (૫) હેઠળ નિયત કરેલ નમૂના નંબર ૩ પ્રમાણેનું તારીખ ૧લી ઓગસ્ટ, ૧૯૮૨નું મુસદ્દા પત્રક વાંધા રજુ કરવાની નોટીસ સહિત તેઓને બજાવવામાં આવેલ અને તે સામે તેઓ તરફથી વાંધા રજૂ કરવામાં આવેલ હતા. અને સદરહુ વાંધાઓ અંગે રૂબરૂ સુનાવણી આપ્યા બાદ તથા તે વિચારણામાં લીધા બાદ કલમ-૯ હેઠળ તારીખ ૨૭મી જૂલાઈ ૧૯૯૮નું આખરી પત્રક-૮ (૩)માં ઠરાવ્યા અનુસાર બજાવવામાં આવેલ છે.

વાસ્તે ઉપરોકત ધારાની કલમ-૧૦ (૧) અન્વયે મળેલ અધિકારની રૂએ, હું આથી જાહેર કરૂં છું કે :—

(૧) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીન ગુજરાત રાજ્ય સરકાર સંપાદન કરનાર છે, અને

(૨) આ સાથેની પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીનમાં હિત ધરાવતા ઈસમો તેમના હકક દાવા જાતે અગર તેમના પ્રતિનિધિ મારફત જમીનમાંના તેમના હિતના પ્રકાર અને વિગતો સાથે નીચે સહી કરનાર સમક્ષ આ જાહેરનામું ગુજરાત સરકારના રાજ્યપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી દિન-૩૦માં કરી શકશે.

પરિશિષ્ટ

અનુ. નંબર	જમીન ધારકનું નામ	ગામ	તાલુકો	સર્વે નંબર	જમીનની વિગત	શેરો
					ક્ષેત્રફળ (ચોરસ મીટરમાં)	
૧	૨	૩	૪	૫-અ	૫-બ	૬
૧	રતનજીભાઈ દુર્લભભાઈ પટેલ	ટુંકી	ચોર્યાસી	૫૫	૨૦,૦૩૨૦૦ ચો. મી.	

સુરત, તારીખ ૩૦મી નવેમ્બર, ૧૯૯૮.

INDEX

Notification

THE URBAN LAND (CEILING AND REGULATION) ACT, 1976.

[section 10 *(1)* *read* with Rule 6].

No. ULC 6 (i) / 1 / 2493 / Singanpore / Unit-6.—Whereas draft statement dated 3rd September, 1982 was served on Shri Nandiben W/O Narottambhai Jivanbhai under sub section *(3)* of section 8 of the Urban Land (Ceiling and Regulation) Act, 1976, in Form III appended to rule 5 of the Urban Land (Ceiling and Regulation) Rules, 1976 in respect of the vacant land held by her with a notice inviting the objection to the draft statement and whereas the objections to the draft statement were received from her and after hearing the party and considering the objections a final statement dated 30th November, 1998 under section 9 was served on her in the manner referred to in the said sub-section *(3)* of section 8.

Now therefore in exercise of the power conferred on me under sub-section *(1)* of section 10 of the said Act, I / he hereby notify that :—

(i) The vacant land as specified in the Schedule appended herewith is to be acquired by the Government of Gujarat ; and

(ii) All the persons interested in the vacant land specified in the Schedule may file their claims in respect of the said land, personally or through their agents giving particulars of the nature of their interest in said land before the undersigned within 30 days from the date of publication of this notification in the *Gujarat Government Gazette*.

SCHEDULE

Details of the vacant land held by the person in excess of the ceiling limit :—

Sr. No.	Name of the holder	Village	Taluka	Details of lands		Remarks
				Survey No.	Area in (Sq. Mts.)	
1	2	3	4	5-(a)	5-(b)	6
1	Smt. Nandiben W/O Narottmbhai Jivanbhai	Singanpore	Chorasi	79/1 Paiki	7207,00	
			,,	87/1	9207,00	
			,,	78	5463,00	
					21,871.00	

Surat, 14th December, 1998.

જાહેરનામું

શહેરી જમીન (ટોચ-મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬.

[કલમ-૧૦ (૧) તથા નિયમ-૬ અનુસાર].

નંબર યુ. એલ. સી./૬ (૧) ૧/૨૪૯૩ / સીગણપોર—યુનિટ ૬.—જે અર્થે, શ્રી નંદીબેન તે નરોત્તમભાઈ જીવણની વિધવા એ ધારણ કરેલ ખુલ્લી જમીન સંબંધમાં શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૮(૩) મુજબ શહેરી જમીન (ટોચ-મર્યાદા અને નિયમન) બાબતના નિયમો ૧૯૭૬નાં નિયમ-૫ હેઠળ નિયત કરેલ નમૂના નં. ૩ પ્રમાણેનું તારીખ ૩જી સપ્ટેમ્બર ૧૯૮૨નું મુસદ્દા પત્ર વાંધા રજુ કરવાની નોટીસ સહિત તેઓને બજાવવામાં આવેલ અને તે સામે તેઓ તરફથી વાંધા રજુ કરવામાં આવેલ હતા અને સદરહુ વાંધાઓ અંગે રૂબરૂ સુનાવણી આપ્યા બાદ તથા તે વિચારમાં લીધા બાદ કલમ-૯ હેઠળ તારીખ ૩૦મી નવેમ્બર, ૧૯૯૮નું આખરી પત્રક કલમ-૮ (૩) માં ઠરાવ્યા અનુસાર બજાવવામાં આવેલ છે.

વાસ્તે, ઉપરોકત ધારાની કલમ-૧૦ (૧) અન્વયે મળેલ અધિકારની રૂએ, હું આથી જાહેર કરું છું કે— (૧) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીન ગુજરાત રાજ્ય સરકાર સંપાદન કરનાર છે, અને (૨) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીનમાં હિત ધરાવતા ઈસમો તેમના હક્ક, દાવા જાતે અગર તેમના પ્રતિનિધિ મારફત જમીનમાંના તેમના હિતના પ્રકાર અને વિગતો સાથે નીચે સહી કરનાર સમક્ષ આ જાહેરનામું ગુજરાત સરકારના રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૩૦માં કરી શકશે.

INDEX

પરિશિષ્ટ

અનુ. નંબર	જમીન ધારકનું નામ	ગામ	તાલુકો	જમીનની વિગત		શેરો
				સર્વે નંબર	ક્ષેત્રફળ ચોરસ મીટરમાં	
૧	૨	૩	૪	૫-અ	૫-બ	૬
૧	શ્રીમતી નંદીબેન તે નરોત્તમભાઈ જીવણભાઈની વિધવા	સીંગણપોર	ચોર્યાસી	૭૯/૧ પૈકી	૭૨૦૧-૦૦	
				૮૭/૧	૯૨૦૭-૦૦	
				૭૮	૫૪૬૩-૦૦	
					૨૧,૮૭૧-૦૦	

સુરત, તારીખ ૧૪મી ડીસેમ્બર ૧૯૯૮.

Notification

THE URBAN LAND (CEILING AND REGULATION) ACT, 1976.

[Section 10 (*1*) *read* with Rule 6].

No. ULC/6(i)/1/2541 / Singanpore / Unit 6. — Whereas draft statement dated 25th February, 1982 was served on Shri Shankarbhai Bavjibhai Patel under sub-section (*3*) of section-8 of the Urban Land (Ceiling and Regulation) Act, 1976, in Form III appended to rule 5 of the Urban Land (Ceiling and Regulation) Rules, 1976 in respect of the vacant land held by him with a notice inviting the objection to the draft statement and whereas the objections to the draft statement were received from him and after hearing the party and considering the objections a final statement dated 30th November 1998 under section 9 was served on him in the manner referred to in the said sub-section (*3*) of section 8.

Now, therefore, in exercise of the power conferred on me under sub-section (*1*) of section 10 of the said Act, I/he hereby notify that:—

(i) the vacant land as specified in the schedule appended herewith is to be acquired by the Government of Gujarat ; and

(ii) All the persons interested in the vacant land specified in the schedule may file their claims in respect of the said land personally or through their agents giving particulars of the nature of their interest in the said land before the undersigned within 30 days from the date of publication of this notification in the Gujarat Government Gazette.

SCHEDULE

Details of the vacant land held by the person in excess of the ceiling limit.

Sr. No.	Name of the holder	Village	Taluka	Details of land		Remarks
				Survey No./ Final plot No.	Area in Sq. Mts.	
1	2	3	4	5(a)	5(b)	6
1	Shri Shankarbhai Bavjibhai Patel	Singanpore	Chorasi	27/2 Paiki	4486.00	
		,,	,,	28	5362.00	
					9848-00	

Surat, 14th December, 1998.

M. S. THAKKAR,
Competent Authority
and Additional Collector,
Urban Land Ceiling,
Surat.

INDEX

જાહેરનામું

શહેરી જમીન (ટોચ-મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬.

[કલમ-૧૦ (૧) તથા નિયમ-૬ અનુસાર].

નંબર યુ.એલ.સી. ૬ (૧) ૧/૨૫૪૧ / સીગણપોર યુનિટ ૬.— જે અથે, શ્રી શંકરભાઈ બાવજીભાઈ પટેલઅ ધારણ કરેલ ખુલ્લી જમીન સંબંધમાં શહેરી જમીન (ટોચ—મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૮ (૩) મુજબ શહેરી જમીન (ટોચ-મર્યાદા અને નિયમન) બાબતના નિયમો, ૧૯૭૬નાં નિયમ-૫ હેઠળ નિયત કરેલ નમૂના નં. ૩ પ્રમાણેનું તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૮૨નુ મુસદ્દા પત્ર વાંધા રજૂ કરવાની નોટીસ સહીત તેઓને બજાવવામાં આવેલ અને તે સામે તેઓ તરફથી વાંધા રજુ કરવામાં આવેલ હતા અને સદરહુ વાંધાઓ અંગે રૂબરૂ સુનાવણી આપ્યા બાદ તથા તે વિચારણામાં લીધા બાદ કલમ-૯ હેઠળ તારીખ ૩૦મી નવેમ્બર, ૧૯૯૮નું આખરી પત્રક કલમ-૮ (૩) માં ઠરાવ્યા અનુસાર બજાવવામાં આવેલ છે.

વાસ્તે, ઉપરોક્ત ધારાની કલમ-૧૦ (૧) અન્વયે મળેલ અધિકારની રૂએ, હું, આથી જાહેર કરૂં છું કે :— (૧) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીન ગુજરાત રાજ્ય સરકાર સંપાદન કરનાર છે, અને (૨) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ ખુલ્લી જમીનમાં હિત ધરાવતા ઈસમો તેમના હક્ક, દાવા જાતે અગર તેમના પ્રતિનિધિ મારફત જમીનમાંના તેમના હિતના પ્રકાર અને વિગતો સાથે નીચે સહી કરનાર સમક્ષ આ જાહેરનામું ગુજરાત સરકારના રાજ્યપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી દિન-૩૦માં કરી શકશે.

પરિશિષ્ટ

અનુ. નંબર	જમીન ધારકનું નામ	ગામ	તાલુકો	જમીનની વિગત		શેરો
				સર્વે નંબર/ફાઈનલ પ્લોટ નંબર	ક્ષેત્રફળ (ચો. મીટરમાં)	
૧	૨	૩	૪	૫-અ	૫-બ	૬
૧	શંકરભાઈ બાવજીભાઈ પટેલ	સીંગણપોર	ચોર્યાસી	૨૭/૨ પૈકી	૪૪૮૬.૦૦	
		”	”	૨૮	૫૩૬૨.૦૦	
					૯૮૪૮.૦૦	

સુરત, તારીખ ૧૪મી ડિસેમ્બર, ૧૯૯૮

એમ. એસ. ઠક્કર,
સક્ષમ અધિકારી અને અધિક કલેક્ટર,
શહેરી જમીન ટોચ-મર્યાદા, સુરત.

INDEX

ભાગ-૧

અસાધારણ રાજ્યપત્રની યાદી

(ઉદ્યોગ ખાણ અને ઉર્જા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખ ૩૦મી જુન ૧૯૮૭ના ઠરાવ ક્રમાંક મદન/૧૦૮૫/૫૨૯૫/ડના આધારે)

તારીખ ૩, ૧૦, ૧૭, ૨૪, ૩૧, ડિસેમ્બર સન ૧૯૯૮ ના રોજ પુરા થયેલા અઠવાડીયામાં નીચે જણાવેલ ગુજરાત સરકારના અસાધારણ રાજ્યપત્રો પ્રસિધ્ધ થયેલા છે.

અનુ. નંબર	અસાધારણ રાજ્યપત્રનો ક્રમાંક અને તારીખ	હોદ્દો
૧	૨	૩
૧	૨૩૬/૩જી નવેમ્બર ૧૯૯૮	જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ, (ઉત્તર ગુજરાત)
૨	૨૩૯/૫મી નવેમ્બર ૧૯૯૮	અધિક જિલ્લા, મેજિસ્ટ્રેટ, વડોદરા.
૩	૨૪૦/૬ઠ્ઠી નવેમ્બર ૧૯૯૮	કલેકટર, સાબરકાંઠા, હિંમતનગર.
૪	૨૪૧/૬ઠ્ઠી નવેમ્બર ૧૯૯૮	કલેકટર, સાબરકાંઠા, હિંમતનગર.
૫	૨૪૩/૭મી નવેમ્બર ૧૯૯૮	જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા, હિંમતનગર.
૬	૨૪૪/૭મી નવેમ્બર ૧૯૯૮	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, હિંમતનગર.
૭	૨૪૫/૧૦મી નવેમ્બર ૧૯૯૮	એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, હિંમતનગર.
૮	૨૪૬/૧૨મી નવેમ્બર ૧૯૯૮	જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા.
૯	૨૪૭/૧૩મી નવેમ્બર ૧૯૯૮	જિલ્લા મેજિસ્ટ્રેટ પાટણ (ઉત્તર ગુજરાત)
૧૦	૨૪૮/૧૬મી નવેમ્બર ૧૯૯૮	એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, હિંમતનગર.
૧૧	૨૪૯/૧૭મી નવેમ્બર ૧૯૯૮	જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા.
૧૨	૨૫૦/૨૧મી નવેમ્બર ૧૯૯૮	પોલીસ કમિશનર, વડોદરા શહેર.
૧૩	૨૫૧/૨૫મી નવેમ્બર ૧૯૯૮	જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, નડીઆદ.
૧૪	૨૫૨/૨૭મી નવેમ્બર ૧૯૯૮	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, નડીઆદ.
૧૫	૨૫૩/૩૦મી નવેમ્બર ૧૯૯૮	પોલીસ કમિશનર, વડોદરા શહેર.
૧૬	૨૫૬/૨જી ડીસેમ્બર ૧૯૯૮	કલેકટર, પંચમહાલ, ગોધરા.
૧૭	૨૫૭/૩જી ડીસેમ્બર ૧૯૯૮	જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, નડીઆદ.

PRINTED AT HET GOVERNMENT PRESS, VADODARA.

INDEX